આગમિક ગચ્છીય શ્રીમાન્ જયતિલક સૂરિ કૃત

# મલયાસુંદરી.

સંસ્કૃત ઉપરથી લખનાર

પંન્યાસજી શ્રી કેશરવિજયજી ગણિ.

પ્રગટ કર્ત્તા,

શ્રી શ્વેતામ્બર બોર્ડીંગ તરફથી

શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ—અમદાવાદ.


પ્રથમાઆવૃત્તિ.

પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૬૬. સને ૧૯૧૦.


મૂલ્ય રૂ. ૦-૧૦-૦.

બુદ્ધિપ્રભાના ગ્રાહકો માટે રૂ. ૦—૬—૦.


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**અમદાવાદ.**—શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ. સાંકલચંદ હરિલાલે છાપી.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

# ગ્રન્થપ્રકાશઅર્થે બે બોલ.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વિરચિત શ્રી **યોગશાસ્ત્ર**ના ભાષાંતરકર્તા પંન્યાસજી શ્રી **કેશર**વિજયજી ગણિની ઉત્તમ કૃતિ વિષે, તે પુસ્તકની બે આવૃત્તિઓ ઘણીજ ટુંક વખતમાં ખપી જવા બાદ ત્રીજી આવૃત્તિ નીકળવાનો સમય પ્રાપ્ત થયો છે તેને લઇ સમાજ જાણીતી થઈ છે. ઉપરાંત આ પુસ્તક પોતેજ વધુ સાબીતી આપે તેમ છે. એટલે તે વિષે વધુ વિવેચન કરવા જરૂર ધારી નથી. પણ એટલું તો હમારે કહેવું જોઇશે કે જૈન યા જૈનેતર કોઇ પણ વાચક આ પુસ્તકને હાથમાં લીધા પછી અથથી ઇતિ સુધી વાંચ્યા વિના પડતું મૂકે તેમ નથી. બલકે ફરી ફરી વાંચવાને આ લલચાવનાર છે. કેમકે વિષય, રસ તથા શૈલી એ ત્રણે એકત્વરૂપ ધારણ કરીને રહેલ છે, અને છેવટ સુધી તેમાં કોઇ પ્રકારની સ્ખલના થવા પામી નથી.

ગ્રન્થની રસિકતા, બોધકતા, સરળતા, આદિ વિષે વિવેચન કરી વાચકોનો રસ લુંટી લેવા, તેમજ તે માટે વખત લેવા જરૂર ન ધારતાં વિવેચનકારની પ્રસ્તાવના તરફ અને પુસ્તકમાં રહેલ બીનાતરફ લક્ષ ખેંચી, આખો ગ્રન્થ વાંચી, વિચારી, શુભવિચારોને ગ્રહણ કરવા ભલામણ કરી ગ્રન્થ વિષે વધુ વિવેચન કરવાથી વીરમીએ છીએ.

પૂર્વાચાર્યોએ પોતાની અગાધશક્તિનો-તે સમયની પરિચિત ભાષામાં ગ્રન્થ રચના કરીને ઉપગાર કીધો છે, તે લક્ષમાં લેતાં તેઓના પગલે સ્વશક્તિ ફોરવી હાલ વિદ્યમાન મુનિવર્યો પૈકી જેઓ પોતાના કીમતિ સમયનો આ રીતે સદુપયોગ કરે છે, તેઓ કંઇ જેવા તેવા ઉપગારી નથી.

હમો બીજા મુનિવરોને ગેરઈનસાફ આપવાના હેતુએ નહીં પણ તે માર્ગે તેઓ પ્રેરાય તે ખાતર, આ બોર્ડીંગની હયાતી માટે અત્યંત ઉપગારી શ્રીમદ્ બુદ્ધિસાગરજી અને આ ગ્રન્થરચિતા પંન્યાસજી **કેશરવિજયજી** ગણીએ સમયને અનુકૂળ શૈલીએ ગ્રન્થો બહાર પાડી જે ઉપગાર કીધો છે, તે અનહદ છે. એટલુંજ નહી પણ પૂર્વાચાર્યોના રચેલા ગ્રન્થોને નહીં ઉપયોગમાં આવતા જોઇ, સંસ્કૃત, માગધી અને જુની ગુજરાતી ભાષાના અજાણ એવા મનુષ્યોના ઉપકાર અર્થે ચાલુ સમયની સરળ ભાષામાં વિવેચન કરી પ્રગટ કરવામાં-પૂર્વાચાર્યો તરફના બહુ માનને પ્રગટકર્તા હોઇ તેઓશ્રી ડબલ ઉપગારી છે.

ચરિત્રો જે કંઇ અસર કરી શકે છે, તે અપૂર્વ છે. અમારૂં તો માનવું છે કે તત્ત્વમાર્ગમાં રસીક થવામાં સત્સંગરૂપી ખરી ચાવી જો કોઇ હોય તો સતચરિત્રોજ છે અને તેને લઇ હરેક ગ્રન્થોમાં ચરિત્રો મુકાએલાં છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને તે કૃત્રિમ નહિ પણ સત્ય બનેલાંજ લખાયાં છે, અને તે જૈનાચાર્યોના અગાધ જ્ઞાનનો પુરાવો છે.

હાલમાં કૃત્રિમ નાવેલો એટલાં બધાં ઉભરાઇ જાય છે કે તેના ખરા-ખોટાપણા કે ગુણદોષ તરફ દૃષ્ટિ કર્યાવિના, માત્ર શૃંગારરસના લોલુપીયો ચાંથરેહાલ પુસ્તકને ગેરવાજતી કીંમત ખર્ચી વાંચે છે. તેઓ જો એક-વાર આ પુસ્તક વાંચશે તો હમો હીંમતથી કહીએ છીએ કે ફરી નૉવેલો વાંચતાં ભુલી જશે, અને જૈનરાસાએ જે ઉપર જણાવ્યું તેવી ભાષામાં રચાયેલા છે તે આ શૈલીએ વિશેષ પ્રકારે બહાર પાડવાને કારણભૂત બનશે.

ઉપરની તમામ બીનાને લક્ષમાં લઈ આ બોધક, અને કથાનક ગ્રન્થને **"શ્રી બુદ્ધિપ્રભા"** માસીકમાં નિયમિત એક એક ફોર્મો પ્રગટ કરી વાંચકોને તે વિષયમાં મગ્ન કરવાના હેતુએ શરૂ કરેલ, પણ ૨૪ પૃષ્ટ પ્રગટ થયાં તેટલામાં તેના વાંચકોની અધીરાઇ વધી પડી અને વાંચકોનો રસ સ્ખલિત થતો જોઇ ( આ ગ્રન્થ ત્રણ વર્ષના અંકો સુધી ચાલે તેવડો હોઈ, ) માસીકમાં પ્રગટ થતો બંધ કરી આ રીતે ગ્રન્થરૂપે પ્રગટ કરવા સાહસ કર્યું. જેમાં વિવેચનકારશ્રીના ઉપદેશથી રૂ. ૧૦૦) તળેગામ નિવાસી શેઠ **હેમચંદ પુરૂષોત્તમદાસે** તથા રૂ. ૨૫) પેથાપુરવાળા શેઠ **હાથીભાઇ ઝવેરચંદના** માતુશ્રી બાઇ ફુલકોરબાઇના પુન્યાર્થે તેમના સુપુત્ર મેહેતા હાથીભાઇએ ઉત્તેજનાર્થે આપી આ ગ્રન્થને બહાર પાડવામાં જે સહાય કરી છે તેને લઇ પોતાના દ્રવ્યના જ્ઞાનમાર્ગે સદુપયોગ અર્થે ધન્યવાદને પાત્ર બન્યા છે. ઇચ્છીશું કે તે માર્ગે બીજા ગૃહસ્થો પ્રેરાય કીંમત રૂ ૦-૧૦-૦, રાખવામાં આવી છે તે પુરતી મદદના અભાવે વ્યાજબી જણાશે. કેમકે ૩૫ ફોર્માનું દલદાર પુસ્તક, પાકું બાઇન્ડીંગ તથા ઉત્તમ છપાઇ છે. તે છતાં"બુદ્ધિપ્રભા"ના વાંચકોને રસ ચખાડી અધુરો મુકવાના દોષના નિરૂપણ અર્થે તેના ગ્રાહકોને એક કોપી માત્ર રૂ ૦-૬-૦ માં આપવાનો ઠરાવ રાખેલ છે, જે આશા છે કે સંતોષકારક જણાશે.

આ પુસ્તકના પ્રુફ સુધારવામાં મણિલાલ નથુભાઇ દોસી. બી. એ. એ જે શ્રમ લીધો છે, તે વાસ્તે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

હેન્ડબીલ બહાર પડતાની સાથે જે માગણી આવી છે તે જોતાં બીજી આવૃત્તિ ટુંક સમયમાં બહાર પાડવી પડશે, એમ સંભવે છે, અને તેમ તાકીદે બનો એમ ઇચ્છી અત્રે વિરમીશું.

| | |
|---|---|
| વિજયાદશમી. | લી૦ પ્રગટકર્ત્તા, |
| વિરસંવત ૨૪૩૬. | **શ્રી જૈન શ્વે૦ બોર્ડીંગ,** |
| વિક્રમ સંવત ૧૯૬૬ | **અમદાવાદ.** |

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

# ॐ अर्हं नमः

## प्रस्तावना.

**જીવનચરિત્રો** લખવાનો રીવાજ ઘણા લાંબા વર્ષોથી ચાલ્યો આવે છે. જેના પ્રતાપથી આજે અસંખ્ય સમયઉપર થઇ ગયેલા અનેક પ્રાતઃસ્મરણીય મહાત્મા-સ્ત્રી-પુરૂષોનાં ચરિત્રો ઉપલબ્ધ થઇ શકે છે, ( હૈયાતી ભોગવે છે. ) લાભાલાભ, હેયોપાદેય, કે ગુણદોષની પ્રબળ છાપ હૃદય પટપર પાડવામાં અને તેના દઢીકરણમાં સામાન્ય ઉપદેશ અને યુક્તિઓ જે કામ કરે છે તેના કરતાં શુભાશુભ કર્મવિપાકને પ્રગટ કરનારાં દૃષ્ટાંતો કે, ચરિત્રો હજારો ગણું કામ કરે છે, તે નિર્વિવાદ છે. એટલું જ નહિ પણ આવાં દૃષ્ટાંતો કે ચરિત્રોની અસર ઘણી ઝડપથી અને વિશેષ વખત ટકી શકે તેવી મજબુત થાય છે.

પૂર્વાચાર્ય પ્રણીત અનેક ચરિત્રોમાં આ **મલયાસુંદરી**નું ચરિત્ર પણ ખરેખર એક ઉત્તમ જીવનચરિત્રનો આરિસો છે. આ ચરિત્ર લખવાનો ઉદ્દેશ-હેતુ-કે પ્રયોજન, મનુષ્યોને શુભાશુભ કર્મનાં સુખ, દુઃખરૂપ વિપાકો બતાવી, પાપીઓને મલીનવૃત્તિ અને નઠારાં આચરણોથી નિવૃત્તિ કરાવી ( પાછા હઠાવી-રોકાવી ) ઉત્તમ વૃત્તિ અને પવિત્ર આચરણો તરફ પ્રવૃત્તિ કરાવવાનો છે, તેમજ કથાઓ વાંચવાના કે સાંભળવાના વ્યસનીઓને ( રસીકોને ) ઉત્તમ કથાનાં રસમાં આસક્ત બનાવી, સત્કર્મના વ્યવહારમાં પ્રવૃત્તિ કરાવવાનો માર્ગ બતાવવાનો છે. વળી આપત્તિમાં આવી પડે અથવા પરાધીન સ્થીતિ પ્રાપ્ત થાય ત્યારેજ સન્માર્ગે ચાલે, તેવી પ્રકૃત્તિવાળા ( સ્વભાવવાળા ) જીવોને, ઉત્તમ ચરિત્રવાળી સન્મૂર્તિઓના ( ઉત્તમ જીવન ગાળનાર જીવોના ) શ્રેષ્ટ સુખ વૈભવના મોહમાં લલચાવીને સન્માર્ગે ગતિ કરાવવાને અવકાશ આપવાનો પણ હેતુ ( આ જીવનચરિત્ર લખવાનો ) છે.

તેમજ અવકાશવાળા જીવોના અવકાશના વખતમાં વગર પ્રયોજને આમતેમ આડાંઅવળાં અથડાતાં મન, વચન, શરીરને અમુક વખત પર્યંત પણ નિયમમાં રાખવાનો હેતુ પણ ( આ ચરિત્ર લખવાનો ) છે.

આવી સતકથાઓ સન્મિત્ર, વ્હાલી માતા, પરોપકારી મહાત્મા કે સદ્ગુરૂઓની માફક હિતોપદેશ આપી મનુષ્યોને સન્માર્ગે દોરવે છે. આ કારણને લઇને પૂર્વાચાર્યો પોતાના અમૂલ્ય વખતનો સદુપયોગ આવા પરોપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારનો માર્ગે કર્ત્તા આવ્યા છે. આ ચરિત્ર તેમના પરોપકારની નિશાની છે.

આ ચરિત્રમાં ચાલતી કથાથી વધારે પ્રક્ષેપક કથા આવી ન હોવાથી વાર્ત્તાની સંકલનાનું ઐક્ય બરોબર સચવાઈ રહ્યું છે.

ઉન્નત સ્થીતિએ ચઢવાનો ક્રમ આ ચરિત્રના નાયક નાયિકાએ (**મહા**બળ, **મ**લયાસુંદરીએ) સ્વીકારેલ હોવાથી તેનું અનુકરણ હરકોઈ મુમુક્ષુ જીવ કરી શકે તેમ છે.

આ ચરિત્રનો વિષય, જ્ઞાનરત્નને સમર્થન કરવાનો છે. **મ**હાબળે, **મ**લયાસુંદરીને એક શ્લોક રત્ન આપ્યો હતો, તે શ્લોકનું તેણીએ ઘણીવાર વિચાર પૂર્વક મનન અને નિદિધ્યાસન કર્યું હતું. તે શ્લોક રત્નના સત્યનો સાક્ષાત્કાર અનેક વિપત્તિઓના પ્રસંગમાં તેણીએ પગલે પગલે અનુભવ્યો છે. અને મહાન્ વિપત્તિઓના વિકરાળ પંજામાં અનેકવાર સપડાવા છતાં તે શ્લોક રત્નની મદદથી ધીરતા પૂર્વક તે તેનો પાર પામી છે.

જ્ઞાનરત્નના સમર્થન સાથે કર્મના સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ પણ અનેક સ્થળે આ ચરિત્રમાં જોવામાં આવશે. એટલે આ બન્ને વિષયો આ ચરિત્રમાં છે, એમ કહીએ તો પણ અડચણ જેવું નથી.

આ ચરિત્રમાં લોભસાર, લોભનંદિ, તપસ્વી, કનકવતી, લોહખુરો, બળસાર અને કંદર્પ રાજા ઇત્યાદિ પાત્રોનાં અશુદ્ધિ ભરેલાં ચરિત્રોનું અવલોકન કરવાથી; ગુણવર્મા, વિજયચંદ્ર, વેગવતી, ચંદ્રયશા, મહાબળ, મલયાસુંદરી, શતબળ અને સહસ્રબળાદિની વિશુદ્ધિના ગૌરવનું માપ સ્પષ્ટરીતે થઇ શકે તેમ છે.

તેમજ વિશ્વાસઘાતથી થતા ગેરફાયદા, પિતૃભક્તિ, પરોપકાર, ઉપકારનો બદલો, પ્રજાપ્રેમ, ધર્મશ્રદ્ધાન, નિર્દોષ પ્રેમ, સત્ય પ્રતિજ્ઞા, કરુણા, પ્રાર્થના–અભંગ, અવિચારિત કર્ત્તવ્યનાં માઠાં પરિણામ, એક પતિપત્નિવ્રત, સત્યપ્રેમ, ધર્મદેશના, હું કોણ ? આ વિચિત્રતા શાની ? તેનું કારણ શું ? નિર્વૃત્તિનો માર્ગ, પૂર્વભવ વિગેરે વિષયો આ ચરિત્રમાં દર્શાવવામાં આવ્યા છે.

આ ચરિત્રમાંથી ચરિત્ર વાંચનારને, પોતાના ચારિત્રને સુધારવામાટે, અનુકરણ કરવામાં ઘણાં ઉપમાનો મળી શકે તેમ છે.

ગુણાનુરાગી, સત્યશોધક, જીવો આ ગ્રંથના અધિકારી છે. તેઓનેજ આ ગ્રંથમાંથી અનુકરણ કરવા લાયક કે, સમજવાલાયક ઘણું મળી શકે તેમ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ ચરિત્ર બનાવટી (નોવેલ) તરિકે લખાયું નથી એમ સંસ્કૃત ચરિત્ર લખનાર શ્રીમાન્ જયતિલક સૂરિશ્રીના લેખપરથી સિદ્ધ થાય છે. તે ઓશ્રી જણાવે છે કે, " શ્રીમાન્ તીર્થાધીશ **પાર્શ્વ**નાથ પ્રભુના નિર્વાણ પછી સો વર્ષે આ **મલયાસુંદરી**ની હયાતી આ ભારતવર્ષ ઉપર હતી. આ ચરિત્ર શ્રીમાન્ **કેશીગણધરે** જેમ **શંખ** રાજા આગળ કહ્યું હતું તેવી રીતે અહીં પણ કહેવામાં આવ્યું છે. " આ ચરિત્ર શ્રીમાન્ જયતિલક સૂરિએ માગધી ચરિત્ર ઉપરથી રચ્યું છે એમ તેઓ શ્રીએ એક સ્થળે ઉલ્લેખ કર્યો છે.

આ ચરિત્ર, કર્મની વિચિત્રતા અને કરૂણારસ પ્રધાનતાવાળું હોવાથી મનુષ્યોનાં હૃદય જલદી પોતા તરફ આકર્ષે છે.

આ ચરિત્ર સંસ્કૃત ભાષામાં જ્યાં જ્યાં વાંચવામાં આવ્યું છે, ત્યાં ત્યાં તેટલુંજ આવકારદાયક અને માનનીય થઈ પડ્યું છે.

આ ચરિત્ર ઉપર પૂર્વે ઢાળબંધ ગુર્જર ભાષામાં એક રાસ પણ રચાયેલો છે, જે રા. ભીમસીંહ માણેકે છપાવેલો છે, મૂળ સંસ્કૃત ચરિત્ર પણ પં. હીરાલાલે છાપી બહાર પાડેલ છે.

આ ચરિત્રઉપર ઘણાં મનુષ્યોનાં મન આકર્ષયેલાં હોવાથી હાલની પ્રચલિત ભાષામાં એટલે ગુજરાતી ભાષામાં મૂકી તેઓની ઇચ્છા પૂર્ણ કરવી એવી મારી મનોવૃત્તિ થઇ, અને તે પ્રમાણે વિક્રમ સંવત ૧૯૬૪ના ઉનાળાના વખતમાં દક્ષિણ—પૂનાની આજુબાજુના પ્રદેશોમાં વિચરતાં આ ચરિત્ર, મેં ગુજરાતી ભાષામાં લખવું શરૂ કર્યું, અને પૂનામાં રા. ઝવેરી મોતીચંદ ભગવાનની ધર્મશાળામાં ચાતુર્માસ રહી પૂર્ણ કર્યું હતું.

આ ચરિત્ર પ્રથમ તો મેં અક્ષરાર્થે લખવા ધાર્યું હતું, અને તે પ્રમાણે લખ્યું પણ હતું. તથાપિ ચાલતા જમાનાના છવોને અનુસરીને લખાતાં નોવેલ પ્રમુખમાં જે સુધારો લખવામાં, કરવામાં આવે છે, તે સુધારો અત્યારના વાચક વર્ગને સન્માર્ગે દોરવાને મને યોગ્ય લાગ્યો, અને તેમ કરવા માટે સંવત. ૧૯૬૬ નું આ ચતુર્માસ ગુજરાત–પેથાપુરમાં રહી પૂર્વે લખેલ લેખ ઉપરથી અક્ષરાર્થને નહિં વળગી રહેતાં જ્યાં યોગ્ય સુધારો વધારો કરવો મને ઠીક લાગ્યો ત્યાં તેવી રીતે તદ્દન છૂટ લઇને આ ચરિત્ર ફરીથી લખવામાં આવ્યું છે, તેને લઇને મારે આ ઠેકાણે સ્પષ્ટ કહેવું જોઇએ કે આ ચરિત્ર મૂળ સંસ્કૃત ચરિત્રને આધારે લખવામાં આવ્યું છે, તથાપિ તે ચરિત્રમાં છે તેટલું જ અને અક્ષર અક્ષર લખવામાં નથી આવ્યું, તેમ કર્તાના મૂળ આશયથી હું બીલકુલ વેગળો પણ ગયો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આમ કર્ત્તાના આશયને વળગીને છૂટથી સુધારો વધારો કરવાનો મૂળ આશય ચાલતા જમાનાના મનુષ્યોને તે વાંચવામાં વિશેષ પ્રીતિ થવા સાથે જૈન દર્શન સંબંધી જ્ઞાન પ્રાપ્ત થાય અને સહેલાઈથી ગ્રહણ કરવાનું બની શકે તેજ છે.

ગુણગ્રાહી મારા માનવબંધુઓને આ પુસ્તક હું સમર્પણ કરૂંછું. તેઓ આ ચરિત્રમાંથી યથાયોગ્ય ગ્રહણ કરી લેખક અને પોતાના આત્માને સંતોષ આપશે, એ લેખકની પરમ ઇચ્છા છે.

**પેથાપુર.**
વિ. સં ૧૯૬૬ આશો સુદ.

**લ. મુનિ કેશરવિજય.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# મલયાસુંદરી.

## પ્રકરણ ૧ લું.

### ધર્મનું માહાત્મ્ય તથા સ્વરૂપ.

चतुरंगो जयत्यर्हन् दिशन् धर्मं चतुर्विधम् ॥
चतुष्काष्टासु प्रसृतां जेतुं मोहचमूमिव ॥ १ ॥

ચારે દિશાઓમાં પ્રસરેલી મોહરાજાની સેનાને જીતવાને માટેજ જાણે ચાર શરીરને ધારણ કરી, ચાર પ્રકારના ધર્મઉપદેશને આપતા અરિહંત જયવંત વર્તે છે.

ધર્મ સર્વોત્કૃષ્ટ મંગલ છે. સર્વ સમૃદ્ધિને દેવાવાળો ધર્મ છે. નાના પ્રકારનાં સુખની પ્રાપ્તિ ધર્મથીજ થાય છે. સંતાનને તારનાર, પૂર્વજોને પવિત્ર કરનાર, અપકીર્તિને હરનાર, અને કીર્તિની વૃદ્ધિ કરનાર પણ ધર્મજ છે. ધનની ઇચ્છાવાળાઓને ધન આપનાર, કામના અર્થિઓને કામ આપનાર, સૌભાગ્યના અર્થિઓને સૌભાગ્ય આપનાર, પુત્રાર્થિઓને પુત્ર આપનાર, રાજ્યાર્થિઓને રાજ્ય આપનાર પણ ધર્મજ છે. વધારે શું કહેવું ? દુનિયામાં એવી એક પણ વસ્તુ કે, એવો એક પણ પદાર્થ નથી કે ધર્મ કરનારને તે પ્રાપ્ત ન થાય. ટુંકમાં કહીએ તો સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ પણ ધર્મથીજ થાય છે.

આ ધર્મમાહાત્મ્યનું કથન કાંઈ શ્રદ્ધા માત્રથીજ છે એમ નથી. વિચારશીલ મનુષ્યો વિચાર કરશે, તો તરતજ તેઓને નિર્ણય થશે કે, દુનિયામાં એક માણસ સુખી અને બીજો દુઃખી, એક જ્ઞાની બીજો મૂર્ખ, એક નિરોગી બીજો રોગી, એક ધનવાન્ બીજો નિર્ધન એક દાતા બીજો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભિક્ષા લેનાર, લાખો મનુષ્યોને પૂજ્ય એક મનુષ્ય, લાખો મનુષ્યોને તિરસ્કાર-ને પાત્ર બીજો મનુષ્ય, ઇત્યાદિ વિવિધ પ્રકારની વિચિત્રતાનો અનુભવ શા માટે થાય છે? મનુષ્યપણું સરખું છતાં આવો તફાવત શા કારણને લઇને?

એકજ કાર્યને માટે સર્વ જાતનાં સાધનો એકઠાં કરી, સરખી રીતે પ્રયત્ન કરવા છતાં એકનો તે કાર્યમાં વિજય અને બીજાની નિષ્ફળતા જ-ણાય છે આ વિજય અને નિષ્ફળતાનું કારણ શું?

આ વિષમતાના કારણની શોધ માટે ગમે તેટલા વિતર્કો વિચારવંતો ઉઠાવે પણ છેવટે તેના મુખ્ય કારણ રૂપ ધર્મનો સ્વીકાર કર્યા સિવાય ચાલ-વાનું નથીજ.

ધર્મ વિષય ઘણો ગહન છે. તેનાં કાર્ય કારણનાં નિયમોનો અભ્યાસ ઘણી બારિકતાથી કરવાનો છે. તેમ કર્યા સિવાય ધર્મના ઉપરચોટીયા જ્ઞા-નથી ઘણી વખત મનુષ્યો ગંભીર ભૂલ કરી દે છે, અને ધર્મ શ્રદ્ધાને શિ-થિલ કરી દે છે.

દાખલા તરિકે ઘણીવાર ધર્મશ્રદ્ધાન શિથિળ થવાનું કારણ એ બને છે કે, પાપવૃત્તિથી આજીવિકા કરનારાઓ, છળ પ્રપંચ કરનારાઓ, અને પાપમાં વિશેષ પ્રવૃત્તિ કરનારાઓ કેટલાએક સુખી દેખાય છે. વ્યવહારિક કાર્ય પ્રપંચમાં પણ કદાચ તેમનો વિજય થતો જોવામાં આવે છે. ઇત્યાદિ પ્રત્યક્ષ કારણોને જોઇ કેટલાંએક મનુષ્યો " ધર્મ છે કે નહિ? ધર્મનું ફળ મળતું હશે કે કેમ? પાપીઓ સુખી શા માટે? ધર્મીઓ દુઃખી કેમ થાય?" વગેરે શંકાની નજરે ધર્મ તથા તેના ફળોને જુવે છે. ખરૂં પુછોતો આવી શંકા કરનારા મનુષ્યો ધર્મની અને કાર્ય કારણના નિયમની ઉંડી શોધમાં ઉતરેલા નથી હોતા. તેઓએ વિચારવું જોઇએ કે, કારણ પહેલું અને કાર્ય પછી, આ વ્યવહાર દુનિયાના મોટા ભાગનાં કર્ત્તાઓને લાગુ પડે છે.

એક બીજ, જમીનમાં વાવ્યા પછી તેને જમીન, હવા પાણી, ખાતર, વિગેરે નિમિત્તો તદ્દન અનુકૂળ હોયતો, તે બીજ ઘણા થોડા વખતમાં અંકુરા, ડાળાં, પાંખડાં, વિગેરેને ઉત્પન્ન કરી એક વૃક્ષના રૂપમાં દેખાવ દેશે, અને ફળ પણ આપશે. છતાં આ બીજને ગમે તેટલાં અનુકૂળ સાધનો હોય, તથાપિ એકજ દિવસમાં કે એકાદ કલાકમાં મહાન્ વૃક્ષ રૂપે થઇ ઉત્તમ ફળો આપનાર તમે નહિજ જોઇ શકો. કારણ કે, કારણને કાર્યના રૂપમાં આવ-વાને કાંઇપણ અંતર (આંતરૂં કે વ્યવધાન) ની જરૂર છે. આ વૃક્ષનું બીજ સ્વાદુ ફળ આપનાર હોવાથી તેમજ તેને જોઇતાં સાધનો ઘણી ઝડપથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપવામાં આવેલાં હોવાથી તે વૃક્ષને બીજાં થોડાં સાધનવાળાં વૃક્ષોની અપેક્ષાએ વહેલાં અને સ્વાદિષ્ટ ફળો આવશે, આવીજ રીતે કડવા ફળ વાળાં વૃક્ષને બધાં સાધનો અનુકૂળ મેળવી આપ્યાં હશે તો તે વૃક્ષને બીજાં સાધનવિનાનાં વૃક્ષોની અપેક્ષાએ વહેલાં અને કડવાં ફળો આવશે.

આજ દૃષ્ટાંતની મીઠાં વૃક્ષ વાળાં ધર્મના મીઠાં ફળો, અને કડવાં વૃક્ષવાળાં પાપનાં કડવાં ફળોની સાથે સરખામણી કરી લેવી જોઇએ.

ઉગ્ર પુણ્ય પાપવાળાં કર્ત્તવ્યોનું ફળ ઘણાજ થોડા વખતમાં અને તીવ્ર મળે છે, ત્યારે મંદ પરિણામે કરાયેલાં પુણ્ય પાપવાળાં કર્ત્તવ્યોનું ફળ કાળાંતરે અને મંદપણે ( થોડાં સુખ, દુઃખ રૂપે ) મળે છે.

આટલું જણાવ્યાથી એ પરિસ્ફુટ થયું કે, જે પાપ વૃત્તિ વાળા છળ પ્રપંચીઓ અત્યારે સુખી દેખાય છે, અને વ્યવહારિક કાર્યમાં વિજય પામે છે, તે તેમનાં પૂર્વ કર્ત્તવ્યનું ફળ છે. આ પૂર્વ કર્ત્તવ્ય શુભ ( સારૂં ) છે તેથી તેઓ સુખી અને વિજયી છે, અત્યારના અશુભ કર્ત્તવ્યોનાં ફળો આડું પૂર્વના શુભ કર્ત્તવ્યનું વ્યવધાન ( આંતરૂં ) પડેલું છે. તે અંતર નીકળી જતાં અર્થાત્ તે શુભ કર્ત્તવ્યનું ફળ સમાપ્ત થતાં અને વર્ત્તમાન કાળનું કે પૂર્વ કાળનું અશુભ કર્મ ઉદય થતાં અત્યારે સુખી દેખાતાં, તે તેમના તીવ્ર કે મંદ પાપી પરિણામના પ્રમાણમાં વધારે કે ઓછા, દુઃખી થવાનાજ.

ક્રિયાનું ફળ-પછી તે સારી હોય કે ખરાબ હો—અવશ્ય છે. સારી ક્રિયા ( કર્ત્તવ્ય ) નું ફળ સારૂં અને ખરાબ ક્રિયાનું ફળ ખરાબ. આ દાખલા જોઇએ તેટલા પ્રત્યક્ષ પણ અનુભવાય છે. માટે ધર્મ સત્ય છે. તેનું ફળ અવશ્ય મળેછે જ. ધર્મની મનુષ્યોને મહાન્ જરૂરીયાત છે અને તે આ માનવ જીંદગીમાંથીજ મેળવી શકાય છે. છાશમાંથીજ માંખણ, કાદવમાંથી કમળ, અને વાંસમાંથી મુક્તામણિ, જેમ સારભૂત હોઈ ગ્રહણ કરવા લાયક છે તેમ મનુષ્ય જન્મમાંથી સારભૂત ધર્મજ ગ્રહણ કરવા યોગ્ય છે.

દુર્ગતિમાં પડતાં પ્રાણિઓને ધારણ કરી રાખનાર હોય, અટકાવનાર હોય અને સદ્ગતિમાં લઈ જનાર હોય, અર્થાત્ જન્મ, મરણના ક્લિષ્ટ દુઃખથી મુક્ત કરનાર હોય તે જ ધર્મ કહેવાય છે. જ્ઞાન, દર્શન, અને ચારિત્ર; આ ત્રણમાં પૂર્વોક્ત સામર્થ્ય હોવાથી તેજ ધર્મ છે.

જીવાજીવાદિ તત્ત્વોનો અવબોધ જેનાથી થાય છે તેને મહાપુરૂષો સમ્યગ્જ્ઞાન કહે છે, આત્મા અને તેનાથી વ્યતિરિક્ત અજીવ; આ બે વસ્તુ જગ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમાં છે. તેમાં દુનિયાનાં સર્વ દશ્ય અને અદશ્ય પદાર્થોનો સમાવેશ થાયછે. જડ પદાર્થની સાથે આત્માની જે આસક્તિ છે તેનાથીજ આ સર્વ પ્રપંચનો દેખાવ છે. આત્મા અને પુદ્‌ગલની ( જડ પદાર્થની ) મિશ્રતા તેજ આ સર્વ દેહ ધારણ કરવાનું કારણ છે. ઈષ્ટાનિષ્ટ જડ પદાર્થોની પ્રાપ્તિથી થતો હર્ષશોક તેજ આ મિશ્રતાનું કારણ છે, જડ પદાર્થો માટે ઉત્પન્ન થતા રાગદ્વેષથી કર્મનું આગમન થાય છે; આ કર્મો અનેકરૂપે વેહેંચાઇ જઈ, આત્માના શુદ્ધ ગુણોને આવરે ( દબાવે ) છે. તે કર્મ આવરણોની મદદથી આ આત્મા ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં નાના પ્રકારની યાતનાઓ ( પીડાઓ ) અનુભવે છે. દુનિયાની અનેક પ્રકારની યાતનાઓની શાન્તિનું મુખ્ય કારણ જ્ઞાન છે. જ્ઞાનથી સત્યાસત્યનો, હિતાહિતનો, સ્વરૂપનો કે નિત્યાનિત્યનો બોધ થાય છે. વસ્તુનો વસ્તુરૂપે બોધ થતાં, સત્ય અને હિતકારી વસ્તુ તરફ પ્રીતિ થાય છે; તે જ સુખદાઇ છે એમ શ્રદ્ધાન થાય છે, આ શ્રદ્ધાન થવા પછી તે પ્રમાણે વર્ત્તન કરવાની ઇચ્છા થાય છે, અને તે પ્રમાણે વર્ત્તન કરાતાં આત્મા પોતાના વિશુદ્ધ સ્વરૂપને પામી શકે છે. આથી એટલો કૃતિતાર્થ થયો કે જ્ઞાનથી સત્ય વસ્તુ જણાય છે, દર્શનથી તેમાં શ્રદ્ધાન કરાય છે, અને ચારિત્રથી તે માફક વર્ત્તન કરાય છે. અથવા સત્ય વસ્તુને જાણવી તે જ્ઞાન, તેનો નિશ્ચય તે દર્શન; અને જેવું જાણ્યું તથા સદ્દહ્યું છે તેવુંજ અનુભવવું તે ચારિત્ર; આ ત્રણ ધર્મ છે; તેમાં જ્ઞાન મુખ્ય છે. તે સિવાયનાં પાછલાં બે અંગો હોતાં નથી. વ્યવહાર રૂપમાં હોય છે. તો તેથી સંસારની વૃદ્ધિ થવાનાં કારણરૂપ શુભાશુભ કર્મોની જ પ્રાપ્તિ થાય છે.

અદષ્ટાર્થનું પ્રકાશક જ્ઞાન ત્રીજું નેત્ર છે. ગાઢ અજ્ઞાન અંધકારને દૂર કરનાર જ્ઞાન બીજું સૂર્યબિંબ છે. તે સૂર્યથી પણ ચઢે છે. જ્ઞાન નિષ્કારણ બંધુ છે. જ્ઞાન સંસાર સમુદ્રમાં પ્રવહણ ( જાહાજ ) તુલ્ય છે. સ્ખલના પામતા અશક્ત મનુષ્યોને પણ જ્ઞાન સહાયક યષ્ટિ ( લાકડી ) સમાન છે. વધારે શું કહીએ ? હૃદય ગુફામાં પણ પ્રકાશ કરનાર જ્ઞાન નહિ બુઝાય તેવો દીપક છે.

કર્મનાં સિદ્ધાંતોનું જ્ઞાન બહુજ મનન કરવું જોઇએ, અને તે દરેક પ્રસંગે ક્રિયામાં મૂકવું જોઇએ. દુઃખદાઇ સંયોગમાં તેને મુખ્ય ( આગળ ) કરવું જોઇએ, અને ધૈર્યતાથી તેવા પ્રસંગો ઓલંઘવા જોઇએ. એક શ્લોકના અર્થની વિચારણાથી મલયાસુંદરી મહાન્ દુઃખ સમુદ્રનો પાર પામી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨ જું.

### ચંદ્રવતીનો મહારાજા વીરધવલ.

વિશાળ ભારતભૂમિ આર્યદેશના નામથી પ્રાયઃ પ્રસિદ્ધ છે. તેના દક્ષિણ દેશમાં આવેલી **ચંદ્રાવતી** નગરી ભરતની શોભામાં વધારો કરી રહી હતી. રાજાના મહેલો, ધનાઢ્યોની હવેલીઓ, જીનેશ્વરનાં મંદિરો, અને ધર્મ સાધન કરવાનાં પવિત્ર સ્થાનો, તે આ નગરીની મુખ્ય શોભા હતી. શહેરની ચારે બાજુ સુંદર કિલ્લો આવી રહ્યો હતો. શેહેરની દક્ષિણ બાજુએ મહાન્ વિસ્તારમાં વહન થતી **ગોળા** નદી પોતાનાં શીતળ અને ચમત્કારિક તરંગોથી પ્રેક્ષકોને આલ્હાદિત કરતી હતી. નદીના કિનારાપર આવેલો હરિયાળો પ્રદેશ, શેહેરની ચારે બાજુએ આવેલાં ઉપવનો અને સુંદર નાની નાની ટેકરીઓ પર આવેલાં વૃક્ષનાં નિકુંજો, આ સર્વ ગ્રીષ્મ ઋતુમાં પડતા પ્રચંડ તાપથી મનુષ્યોને શાંતિ આપવા માટે પુરતાં હતાં.

નગરીનાં લોકો સમૃધિવાન્, બળવાન્, નિરોગી, રૂપવાન્, વિચારશીળ, અને ધાર્મિક હોવાથી, મોટે ભાગે સુખી અને શાંત હતાં.

આ નગરીનો પાલક ક્ષત્રિયવંશી મહારાજા **વીર**ધવળ હતો. **વીર**ધવળ ઘણો ગુણવાન્ અને વિચારવાન્ હતો; છતાં કાંઇક સાહસ કામ કરવામાં તત્પર તેમજ સહજ લોભના અંશવાન્ હતો, તથાપિ પોતાની પ્રજાને સુખી કરવાને અને સુખી જોવાને તે નિરંતર ઉત્સુકજ રહેતો હતો. તેણે પ્રજાને કેળવી જાણી હતી, તેથી તેના તરફ પ્રજાની પ્રીતિ એક વ્હાલા પિતા કરતાં પણ અધિક હતી.

**વીર**ધવળને **ચંપકમાળા**, તથા **કનકવતી** નામની બે રાણીઓ હતી. **ચંપકમાળા** મુખ્ય પટ્ટરાણી હતી. **કનકવતી** પણ રાજાના પ્રેમ પાત્ર તરીકે ગણાતી.

**વીર**ધવળની ઉમ્મર લગભગ પચાસ વર્ષની થવા આવી હતી; તથાપિ સંસાર વૃક્ષના ફળ સમાન પુત્ર, પુત્રી રૂપ કાંઇ પણ સંતતિની પ્રાપ્તિ થઈ ન હતી. એક દિવસ મહારાજા **વીર**ધવળ સભા વિસર્જન કરી સાંજના વખતે વિશ્રાંતિ લેવા માટે, મહેલના ઝરૂખામાં આમ તેમ ફરતો હતો. અસ્ત થતા પણ શાંત, ગ્લાની પામેલા છતાં ચળકતા, સૂર્યનાં સોનેરી કિરણો તેના શરીરની શોભામાં વધારો કરતાં હતાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મલયાચળને સ્પર્શીને આવતો મંદમંદ પવન તેના વિચારોમાં શીતળતા પ્રસરાવી રહ્યો હતો. તેના શરીરનું વય પ્રૌઢ છતાં યુવાનની માફક ઉત્સાહી જણાતું હતું. એ સૃષ્ટિ સૌદર્યતાનું અવલોકન કરતાં તે પરમાનંદમાં મગ્ન થયેલો હોય તેમ જણાતો હતો.

આવા આનંદી વખતમાં એક યુવાન પુરુષદ્વાર આગળ આવી ઉભો રહ્યો. દ્વારપાળે તેને અટકાવ્યો, એ વખતે ઝરૂખામાં રહેલા રાજાની દૃષ્ટિ તેના ઉપર પડી. રાજા વિચાર કરવા લાગ્યો કે " અત્યારે સંધ્યાવેળાએ, મારી મુલાકાતે આવનારને અવશ્ય મહાન્ પ્રયોજન હોવું જોઇએ. રાજાએ દરેક માણસનાં દુઃખ ગમે તેવે પ્રસંગે પણ સાંભળવાં જોઇએ; અને ગમે તેવે પ્રયત્ને પ્રજાને દુઃખથી મુક્ત કરવી જોઇએ ઘણા ખરા અધિકારીઓ પ્રજાના દુઃખની ઉપેક્ષા કરે છે. નિયમિત વખત સિવાય તેઓની મુલાકાતો લેતા નથી કે તેના દુઃખો સાંભળતા નથી, અને પ્રજાને નુકસાનીમાં ઉતરવા દે છે. આ પ્રમાણે પ્રજાની તત્કાળ દાદ નહિ સાંભળનારા રાજા કે અધિકારીઓ રાજા કે અધિકારને લાયક જ નથી. માટે મારી પ્રજાની ફરીયાદ ગમે તે વખતે સાંભળવી જ જોઇએ, અને બનતે પ્રયત્ને સુખી કરવી જ જોઇએ. પ્રજા સુખી તો રાજા સુખી થાય છે. નહિતર પ્રજાના કળકળતા શ્રાપ રાજાને નિર્વંશ કરી નરકની અસહ્ય યાતનામાં નાખે છે. " ઇત્યાદિ વિચાર કરી રાજાએ તત્કાળ તે માણસને પોતાની પાસે બોલાવવા દ્વારપાળને આજ્ઞા કરી. દ્વારપાળ તેને અંદર તેડી લાવ્યો. તે યુવાન્ પુરૂષે અંદર આવી રાજાને નમસ્કાર કરી, ચરણ આગળ ભેટણું મુકયું. કેટલીક વાર એકાંતમાં વાતચીત કરી શાંત ચિત્તે તે પાછો ફર્યો.

તે યુવાન પુરૂષના ગયા પછી મહારાજા વીરધવળના મુખ ઉપર અકસ્માત્ ગ્લાનિ આવી ગઇ. હસતું વદન શોકમાં ડુબી ગયું. મુખપર ચળકતું રાજતેજ નિસ્તેજ થઇ ગયું. તેના દરેક રોમમાં ચિંતા વ્યાપી ગઇ; ઉંડા અને ઉષ્ણ નિઃશ્વાસ મુખમાંથી નીકળવા લાગ્યા. ટુંકાણમાં કહીએ તો રાજા નિશ્ચેષ્ટની માફક સ્તબ્ધ થઇ ગયો.

એ અવસરે રાણી ચંપકમાળા અને કનકવતી રાજાની પાસે આવી ઉભી, પણ ધ્યાનમગ્ન યોગીની માફક, ચિંતામાં એકાગ્ર થયેલા રાજાએ તેમને બીલકુલ બોલાવી નહિ. પોતાના પ્રિય પતિ તરફથી આજે નિત્યની માફક કાંઇ પણ આદર માન ન મળવાથી તેઓ ગભરાઇ ગઇ. તેઓનું ચિત્ત વ્યગ્ર થયું. વિચારવા લાગી કે, આજે સ્વામીની અમારા

ઉપર આવી અકૃપા શા માટે ? અજાણતાં પણ શું અમારાથી પતિનો કાંઈ અપરાધ થયો છે ? આજે નિત્યની માફક પતિ તરફથી બીલકુલ માન ન મળવાનું કારણ શું ? વિગેરે સંકલ્પ વિકલ્પથી ઘેરાયેલી વલ્લભાઓ નજીક આવી અને સાર્દ્ર હૃદયે તથા નમ્ર વચને પતિને પ્રાર્થના કરવા લાગી.

" સ્વામીનાથ ! શું આજે અમે કાંઇ આપના અપરાધમાં આવેલ છીએ ? આપ આટલા બધા ઉદાસ શા માટે ? થોડા વખત ઉપર આપ આ મહેલના ઝરૂખામાં આનંદમાં ફરતા હતા અને **ચં**દ્રાવતીની શોભા અવલોકતા હતા. આટલા ટુંકા વખતમાં આપ આમ ઉદાસ શા માટે ? જો તે વાત આ સહચારિણીઓને જણાવવા લાયક હોય તો કૃપા કરી જણાવશો. "

પોતાની પ્રિય વલ્લભાઓનો અવાજ કાને પડતાંજ તે જાગૃત થયો, અને પ્રેમનાં વચનોથી બોલવા લાગ્યો કે, "પ્રિય વલ્લભાઓ ! આજે હું એક મોટી ચિંતામાં નિમગ્ન થયો છું અને તેથીજ તમારા આગમનને હું જાણી શક્યો નથી. પણ મને આજે જે ચિંતા થઈ છે તેનું કારણ જુદું જ છે, અને તે ચિંતામાં તમારે પણ ભાગ લેવાનો છે.

આપણા આ શેહેરના નિવાસી વણિક પુત્ર ગુણવર્માએ હમણાં મારી પાસે આવી, પોતાનો ઇતિહાસ સંભળાવ્યો છે, અને તેજ ચિંતાનું કારણ છે. " આ પ્રમાણે જણાવી મહારાજા **વીર**ધવળ પાછો શાંત થઈ ગયો.

મહારાણી **ચં**પકમાલા હાથ જોડી નમ્રતાથી રાજાને વિનંતિ કરવા લાગી. " મહારાજ ! આપની ચિંતાનું કારણ આ સહચારિણીઓને અવશ્ય જણાવવું જોઇએ. અમે આપના સુખે સુખી અને દુઃખે દુઃખી થનારી છીએ. આપના કહેવા મુજબ આ ચિંતામાં અમો ઘણી ખુશી થઇને ભાગ લઇશું અને અમારાથી બનતું કરીશુ. "

પ્રિયાનો અત્યાગ્રહ જોઇ મહારાજા **વીર**ધવળે પોતાની ઉદાસીનતાના કારણરૂપ ગુણવર્માએ કહેલો વૃતાંત જણાવવો શરૂ કર્યો.

## પ્રકરણ ૩ જું.

### વીરધવળની ઉદાસીતાનું કારણ.

" વલ્લભાઓ ! આપણી આ **ચં**દ્રાવતીમાં **લોભનંદી** અને **લોભાકર** નામના બે વણીકો રહે છે. **યથા નામ તથા ગુણાઃ** આ ન્યાયને અનુસ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રીને નામ પ્રમાણે તેમનામાં ગુણો છે, તે છતાં સહોદર હોવાથી આપસમાં પ્રીતિવાળા છે. લોહ વિગેરે વ્યાપારના વ્યવસાયથી ધન ઉપાર્જન કરતાં સુખમાં દિવસો પસાર કરે છે. કાળક્રમે લોભાકરને ગુણવર્મા નામનો પુત્ર થયો; પણ અનેક સ્ત્રીઓનું પાણિ ગ્રહણ કરવા છતાં લોભનંદીને કાંઇ પણ સંતતિ થઈ નહિ. ખરેખર પુત્ર, પુત્રીઆદિ સંતતિરૂપ ફળો પણ પૂર્વોપાર્જિત શુભાશુભ કર્મબીજાનુસારજ મળી શકે છે.

એક દિવસ બંને ભાઇ દુકાન ઉપર બેઠા હતા, તે અરસામાં કોઇ દિવસ નહિ દેખાયેલો, સુંદર આકૃતિવાળો, એક યુવાન્ પુરૂષ ફરતો ફરતો ત્યાં આવ્યો. સંસાર વ્યવહારમાં તેમજ વિશેષે વણિકકળામાં પ્રવીણ આ વણિકોએ, આકૃતિ ઉપરથી તેને શ્રીમંત જાણીને આસનાદિ પ્રદાનવડે તેની સારી ભક્તિ કરી. ' ખરી વાત છે, કે નિઃસ્વાર્થ પ્રીતિ કે ભક્તિ કરનાર વીર પુરૂષો આ પૃથ્વી ઉપર વીરલાજ હોય છે. '

કેટલેક દિવસે તે વણિકોની કૃત્રિમ પ્રીતિ, ભક્તિથી વિશ્વાસ પામેલા આ યુવાન્ પુરૂષે પોતાની પાસે રહેલું એક તુંબડું થોડા દિવસ રક્ષણ કરવા માટે તેમને સોંપ્યું અને પોતે બહાર ગામ ગયો. તેઓએ તુંબડાને દુકાનની અંદર ઉંચે બાંધી મૂક્યું. તાપની ગરમીથી પીગળેલાં રસનાં ટીપાંઓ, તે તુંબડામાંથી ગળી ગળીને નીચે પડેલા લોઢાના ઢગલા ઉપર પડ્યાં. તે લોહવેધક રસ હોવાથી, તમામ લોઢાનો ઢગલો સુવર્ણમય થઇ ગયો. તે જોતાંજ આ સિદ્ધરસ છે એમ નિશ્ચય કરી તે લોભાંધ વણિકોએ રસ સહિત તુંબડાંને કોઇ ગુપ્ત સ્થળે ગોપવી રાખ્યું.

કેટલાએક દિવસ પછી તે યુવાન્ પુરૂષ પાછો ચંદ્રાવતીમાં આવ્યો અને તે વણિકો પાસે પોતાનું તુંબડું પાછું માંગ્યું.

માયાવી વણિકોએ જવાબ આપ્યો કે ઉંદરોએ દોરી કાપી નાખવાથી તુંબડું નીચે પડી ફુટી ગયું ને રસ ઢોળાઇ ગયો! આ પ્રમાણે જવાબ આપી અન્ય તુંબડાના કટકા તેને દેખાડ્યા.

અન્ય તુંબડાના કટકા જોઇ યુવાન્ પુરૂષ વિચારમાં પડ્યો. તુંબડામાં લોહવેધક રસ છે એ વાત કોઇપણ પ્રકારે આ વણિકોએ જાણી છે અને તેથી લોભાંધ થઈ મારા તુંબડાને છુપાવે છે.

યુવાન્ પુરૂષે વણિકોને જણાવ્યું " શેઠ મારૂં તુંબડું મને પાછું આપો, આ કટકા તે તુંબડાના નથીજ. કપટથી જુદો ઉત્તર ન આપો. તમે ન્યાયવાન્ છો. મેં વિશ્વાસી થઇને તમને તુંબડું સોંપ્યું છે. જો પાછું નહિં આપો તો મહાન્ અનર્થ થશે. હું કોઇ પણ રીતે તેનો બદલો લીધા વિના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેવાનો નથી. " ઇત્યાદિ અનેક પ્રકારે તે બન્નેને સમજાવ્યા, પણ તે અજ્ઞાની વણિકોએ તેના કહેવાની બીલકુલ દરકાર ન કરી. યુવાન્ પુરૂષ વિચારવા લાગ્યો કે, " જો આ વાત હું રાજાને જણાવીશ તો રાજા લોભથી તે તુંબડું લઇ લેશે, કારણ કે લક્ષ્મી દેખી કોનું મન લલચાતું નથી. ? બીજી બાજુ આ વણિકો સહેલાઇથી મને તે પાછું આપે તેમ પણ જણાતું નથી. હજી મારે ઘણું દૂર જવાનું છે, માટે વખત ગુમાવવો તે પણ અનુકુળ નથી. ત્યારે હવે છેલ્લો ઉપાયજ આ વણિકો ઉપર અજમાવવો. ' **शठं प्रति शाठ्यं कुर्यात्** ' શઠની સાથે શઠપણુંજ કરવું, ધૂર્તોની સાથે ધૂર્ત થવું, અને સરલની સાથે સરલ થવું યોગ્ય છે. " આ પ્રમાણે વિચાર કરી પોતાની પાસે **સ્થંભિની** વિદ્યા હતી, તે વિદ્યાની પ્રબળતાથી બન્ને ભાઇને સ્થંભી તે પુરૂષ ત્યાંથી કોઇ ઠેકાણે ચાલતો થયો.

તે વિદ્યાના યોગથી તેઓ એવી રીતે સ્થંભાઈ ગયા કે, તેમના અંગોપાંગો આમ તેમ બીલકુલ હરી ફરી ન શક્યાં, પણ એક સ્થંભની માફક સ્થિર થઇ ઉભાંજ રહ્યાં. થોડા વખતમાં તો તે બન્નેની સંધિઓ (સાંધાઓ) તુટવા લાગી, અને જોરથી બૂમો પાડવા લાગ્યા કે ' અમે મરી જઇએ છીએ કોઈ અમારૂં રક્ષણ કરો ! રક્ષણ કરો. ! !

આ દુનિયાના પામર જીવો કર્મ કરતી વખતે બીલકુલ આગામી દુઃખની દરકાર કરતા નથી, પણ વર્તમાન કાળનેજ દેખે છે. આવાં દુષ્ટ કર્મોનાં ફળો ભોગવવાં પડશે કે કેમ ? તેની આગાહી પણ બીલકુલ કરતા નથી; પણ જ્યારે તે વિપાકો ઉદય આવે છે, ત્યારે તેમાંથી છુટવા માટે આમ તેમ ફાંફાં મારે છે, ઉપાયો કરે છે, અને આર્ત્ત સ્વરે રૂદન કરે છે. પણ તેમ કરવાથી તેઓનો છુટકારો થવાનો નથી. જેવા પરિણામે જે કર્મ બાંધ્યું છે તેવાજ તીવ્ર યા મંદ વિપાક તેનાં ફળો ભોગવવાંજ પડે છે, માટે દુઃખથી ઉદ્વિગ્ન થનારા જીવોએ કર્મ કરતી વખતેજ સાવધાન રહેવાની જરૂર છે, કે જેથી તેના કટુક વિપાકો ભોગવવાનો અવસરજ ન આવે.

વિશ્વાસઘાત મહાન્ પાપ છે. વિશ્વાસઘાત કરનારાઓ અધોગતિમાં જાય છે, અને રૈરવ જેવી હાલતમાં પોતાની જીંદગી ગુજારે છે.

આ વણિકોને પોતાના પાપનો-વિશ્વાસઘાત કરવાનો, અત્યારે પશ્ચાત્તાપ થયો, પણ અવસર વિનાનો પશ્ચાત્તાપ નકામો છે. તે પશ્ચાત્તાપથી અત્યારે તેઓ છુટી શકે તેમ નહોતા. કારણ કે ' **તીવ્ર કર્મનો વિપાક પણ તીવ્ર જ હોય છે.** ' તે યુવાન્ પુરૂષ તો નિસ્પૃહની માફક ત્યાંથી દૂર ચા-

લ્યો ગયો હતો, એટલે તેમના દુઃખનો અંત ત્યાંજ આવે તેમ નહોતુંજ. આ વાર્તા શહેરના મોટા ભાગમાં પ્રસરી ગઇ. ઠેકાણે ઠેકાણે બન્ને વણિકોને લોકો ફીટકાર આપવા લાગ્યા. અને ઉગ્ર કર્મનાં ફળો આ ભવમાંજ મળે છે, એમ નિશ્ચય કરી હળવા કર્મી જીવો તેવાં ઘોર અકાર્યોથી અત્યારથીજ પાછા ફરવા લાગ્યાં.

આ અવસરે **લોભાકરનો** પુત્ર **ગુણવર્મા** કોઇ કાર્યપ્રસંગે કેટલાક દિવસથી અન્ય ગામ ગયો હતો, તે આ વાત સાંભળી ઘેર આવ્યો. પોતાના પિતાની તથા કાકાની આવી અધમ દશા જોઇ તેને ઘણું લાગી આવ્યું. ગુણવર્મા ઉદાર દીલનો, નિર્લોભી, અને વિચારશીળ હતો. લોકોમાં થતા આ અપવાદો તેનાથી સહન ન થયા. બીજી બાજુ પોતાના વડીલોને દુઃખી થતા જોવું તે પણ યોગ્ય ન લાગ્યું. તેણે તત્કાળ અનેક મંત્ર તંત્ર વાદિઓને તેડાવ્યા, અને પાણીની માફક પૈસાનો વ્યય કર્યો, અનેક ઉપાય કર્યાં. અનેક મંત્ર તંત્ર વાદિઓ આવ્યા, પણ જે તીવ્ર કર્મોથી ડસાયેલો હોય તેનો તે વિપાકો ભોગવ્યા સિવાય છુટકો કેવી રીતે થાય ? પાણી ઉપર થતા પ્રહારની માફક તેઓના કરેલા સર્વ ઉપાયો નિષ્ફળ નીવડયા. એટલુંજ નહિ પણ હળવે હળવે તેમની પીડામાં વધારો થતો રહ્યો. ગુણવર્મા નિરાશ થયો, કોઇ ઉપાય લાગુ ન પડવાથી સર્વ મંત્ર, તંત્ર વાદિઓને વિસર્જન કર્યાં.

## પ્રકરણ ૪ થું.

## યુવાન પુરૂષની શોધ.

રિદ્ધિથી પૂર્ણ છતાં, મનુષ્યોથી શૂન્ય એક શહેરની આગળ ઉભો ઉભો યુવાન પુરૂષ વિચાર કરે છે કે "હવે હું કયાં જાઉં ? તે અજાણ પુરૂષની શોધ કેવી રીતે કરૂં ? હું પોતે તો તેને ઓળખતો નથી, તેને ઓળખનાર સાથે આવેલ માણસ તો બીમાર થવાથી રસ્તામાંથીજ પાછો ફર્યો. તેનું નામ, ઠામ કે આકૃતિ વિગેરે હું કાંઈ જાણતો નથી. ફરી ફરીને થાક્યો. અનેક શેહરો, ગામો, આશ્રમો, વિગેરે શોધી વળ્યો. પણ તેનો તો પત્તો લાગતોજ નથી. અથવા તે આટલામાંજ હોય છતાં હું તેને કેવી રીતે ઓળખી શકું ?" વિગેરે વિચારોથી અને રસ્તાના પરિશ્રમથી ખિન્ન થયેલ તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુરૂષ, આ શૂન્ય શહેરમાં વિશ્રાંતિ માટે પ્રવેશ કરે છે, તેવામાં સુંદરાકૃતિવાળો એક પુરૂષ ત્યાં તેના જોવામાં આવ્યો.

તે પુરૂષને, આ શહેરમાં દાખલ થતા પુરૂષની કાંઈ અપેક્ષા (જરૂરીયાત) હોય તેમ તેના ચહેરા ઉપરથી જણાતું હતું. શહેરમાં દાખલ થતા પુરૂષને જોઈ તે પુરૂષ બોલી ઉઠયો.

"હે વીર પુરૂષ! તું કોણ છે? અને ક્યાંથી આવ્યો છે?" તે સાંભળી શહેરમાં પ્રવેશ કરનાર પુરૂષે જણાવ્યું કે "ભાઈ, હું વટેમાર્ગુ છું; દેશાટન કરતાં રસ્તાના પરિશ્રમથી ખેદ પામી, વિશ્રાંતિ માટે આ શહેરમાં પ્રવેશ કરૂં છું."

"તમે પોતે કોણ છો? એકલા કેમ દેખાઓ છો? આ શહેર રિદ્ધિથી પૂર્ણ છતાં મનુષ્યોથી શૂન્ય શા માટે? આ નગરીનું નામ શું? વિગેરે તમે મને જણાવશો?" શહેરમાં પ્રવેશ કરનાર પુરૂષે આ સર્વ પ્રશ્ન તેને પૂછ્યા.

વટેમાર્ગુનાં આવાં વિનય ભરેલાં વચનો સાંભળી ઘણો ખુશી થઈ તે પુરૂષ કહેવા લાગ્યો.

"હે ભદ્ર! આ કુશવર્ધન નામનું શહેર છે. વીરપુરૂષોમાં અગ્રેસરી સૂર નામનો રાજા આંહી રાજ્ય કરતો હતો. તેને જયચંદ્ર અને વિજયચંદ્ર નામના અમે બે પુત્રો હતા. આયુષ્ય પૂર્ણ થતાં મારા પિતા આ ફાની દુનિયાનો ત્યાગ કરી દેવભૂમિમાં જઈ વસ્યા. ખરેખર નામ તેનો નાશ છે. દેહધારી જીવોનાં આયુષ્યો ગમે તેટલાં મોટાં હોય તથાપિ અવશ્ય તેનો અંત આવે છે.

મારા પિતાના મૃત્યુ બાદ મારો જ્યેષ્ઠબંધુ જયચંદ્ર રાજ્યાસનપર આવ્યો. મારા વડિલ બંધુએ મને રાજ્યનો ભાગ ન આપ્યો, તેથી મારૂં અપમાન થયેલું સમજી આ રાજધાની મૂકી હું બીજે સ્થળે ચાલ્યો ગયો. રસ્તે ચાલતાં ચંદ્રાવતી નગરી આવી; તે નગરીના બહારના ઉદ્યાનમાં એક વિદ્યાસિદ્ધ સિદ્ધપુરૂષને મેં જોયો. પણ તે સિદ્ધ પુરૂષ અતિસારના રોગથી એવી રીતે પીડાતો હતો કે તેનાથી જરા માત્ર ચલાતું કે, બોલાતું નહોતું. તેની આવી અવસ્થા જોઈ મને નિઃસ્વાર્થપણે દયા આવી.

દુઃખી મનુષ્યોને જોતાં નિઃસ્વાર્થપણે જેને દયા નથી આવતી તે મનુષ્યો મનુષ્ય નામ ધરાવવાને લાયક નથી. જ્યારે પોતે દુઃખી હોય છે ત્યારે તે દુઃખમાંથી મુકાવા માટે પોતે ઇચ્છા કરે છે, બીજા મનુષ્યોની મદદ માંગે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે, એવી દુઃખી અવસ્થામાં કોઇ થોડી પણ મદદ આપે તો પોતે ઘણો ખુશી થાય છે. આ પ્રમાણે જાતિ અનુભવ છતાં તે મનુષ્ય, બીજાને દુઃખી અવસ્થામાં સાહાય્ય ન આપે તો તે વિચારશૂન્ય મનુષ્ય ખરેખર નરપશુજ સમજવો. આવા કૃતઘ્ન મનુષ્યો દુનિયાને ભારભૂત છે. જ્યાં મારાપણાની અને સ્વાર્થપણાથી વૃત્તિઓ હોય છે, ત્યાં પરમાર્થ વૃત્તિઓ કે ધાર્મિક લાગણીઓ ટકી રહેતી નથી. મહાત્માઓ તો પોકાર કરીને કહે છે કે " તમારે સુખી થવું હોય તો બીજાને નિઃસ્વાર્થ બુદ્ધિએ સુખી કરો. " જ્યાં સ્વાર્થ સિદ્ધ થવાની આશા હોય છે, ત્યાં તો મદદ કરનાર અધમ પ્રાણીઓની આ દુનિયામાં કાંઈ ખોટ નથી. પણ સ્વાર્થ શિવાય અન્યને ( જ્યાં ઓળખાણ પણ ન હોય તેને ) મદદ કરી, શાંતિ આપનાર વીરપુરૂષો વિરલાજ હોય છે.

કોઈ પણ વસ્તુની ઇચ્છા સિવાય, કેવળ કરૂણામય દૃષ્ટિથી મેં તે સિદ્ધ પુરૂષને એવી રીતે ઔષધ ઉપચારની મદદ કરી કે તે થોડાજ દિવસમાં શરીરે તદ્દન નિરોગી થયો.

નિરોગી થયેલા તે સિદ્ધ પુરૂષે મારૂં નામ, ઠામ વિગેરે પૃછયું. ટુંકમાં મારા ઉપર ગુજરેલી હકીકત મેં તેને જણાવી.

" સામો માણસ ( જેને મદદ કરી છે તે ) સમર્થ હો કે અસમર્થ હો, તથાપિ નિઃસ્વાર્થપણે, દયાથી, આર્દ્ર પરિણામે, જે મદદ કરી છે, તેનો બદલો પ્રગટ કે ગુપ્ત રીતે તેને મળ્યા સિવાય રહેતો નથી. સ્વાર્થી જીવો વર્તમાનકાળને જુવે છે, અને તેથી તત્કાળ લાભ દેખાય તોજ બીજાને મદદ કરે છે. પણ ઉત્તમ મનુષ્યોની દૃષ્ટિ ભવિષ્યકાળ સુધી લંબાય છે, અને સર્વ જીવોને તે પોતાની માફક ગણે છે, અને તેથીજ તેઓ કાંઇ પણ ઇચ્છા સિવાય પણ બીજાને મદદ કરે છે. "

પ્રસન્ન થયેલા તે સિદ્ધ પુરૂષે પાદસિદ્ધ ( બોલવા માત્રથી તે વિદ્યાના ગુણને આપનાર ) સ્થંભિનિ ( બીજાને સ્થંભી લેવાની ) અને વશીકરણની ( બીજાને વશ કરવાની ) એ વિદ્યાઓ મને આપી, અને એક રસનું ભરેલું તુંબડું આપી મને તેણે જણાવ્યું કે " આ તુંબડાનું તારે સારી રીતે રક્ષણ કરવું. આ રસ મેં ઘણી મહેનતે મેળવ્યો છે. આ રસ લોહ વેધી છે. જેના એક બિંદુ માત્રના સ્પર્શથીજ લોહનું સુવર્ણ ( લોઢાનું સોનું ) થઈ શકે છે. મારી દુઃખી અવસ્થામાં તેં મને ઘણી મદદ કરી છે. તું મને બીલકુલ ઓળખતો નથી, તેમ મારા તરફથી તને કાંઈ મળે તેવી આશા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ નહોતી. કારણ કે ધનાઢ્યોની માફક મારી પાસે તેવો બાહ્ય આડંબર કાંઇ નહોતો. તથાપિ કેવળ કરૂણાદષ્ટિથી તેં મદદ કરી છે એજ તારી ઉ-ત્તમતા સૂચવી આપે છે. આ વિદ્યા અને તુંબડાથી એક મહાન્ રાજ્ય સં-પદા તું મેળવી શકીશ. પરમાત્મા તારા ભલા કર્તવ્યનો બદલો તને આપો, અને તારા મનોરથો સિદ્ધ કરો." ઇત્યાદિ શિક્ષા અને આશીર્વાદ આપી તે સિદ્ધ પુરૂષ શ્રી ગિરિના પાહાડ તરફ ચાલ્યો ગયો.

"સિદ્ધ પુરૂષે પોતાના ઉપર ઉપકાર કરનારને તેનો બદલો શક્તિ અ-નુસારે વાળી આપ્યો. કરેલા ઉપકારને ભૂલી જનારા, શક્તિ છતાં અને અ-વસર મળ્યા છતાં પ્રત્યુપકાર ( સામો ઉપકાર ) નહિ કરનારા મનુષ્યો ધિ-ક્કારને પાત્ર છે. ભલે તેવા કૃતઘ્નો કરેલા ઉપકારને ભૂલી જાય-બદલો ન આપે, છતાં પરિણામની વિશુદ્ધિપૂર્વક ઉપકાર બુદ્ધિથી કરેલો પરોપકાર તેને તેનાં મીઠાં ફળો અવસ્ય આપે છે. કારણ કે પરિણામની વિશુદ્ધિ કે શુભ-મયતા થતાંજ કર્મ નિર્જરા કે, શુભકર્મ ( પુણ્યની પ્રાપ્તિ ) અવસ્ય તેને પ્રાપ્ત થાય છે. આ સ્થળે **વિજયકુમારની** નિઃસ્વાર્થી પરોપકારની લાગણી અને સિદ્ધ પુરૂષે વાળેલો ઉપકારનો બદલો આ બે વાત વાંચનારાઓએ અવસ્ય ધ્યાનમાં રાખવી, અને અવસર મળ્યે તેમ કરવા ભુલવું નહિ."

સિદ્ધ પુરૂષની શિક્ષાનો સ્વીકાર કરી હું **ચંદ્રાવતી**નગરીમાં ફરવા લા-ગ્યો. ફરતાં ફરતાં **લોભનંદી** અને **લોભાકર** નામના વણિકોની દુકાને ગયો. વ્યવહારમાં નિપુણ તેમજ કપટ કળામાં પણ નિપુણ તે વણિકોએ મારો ઘણો આદર સત્કાર કર્યો, અને એવી રીતે મારી ભક્તિ કરી મને સ્વાધીન કરી લીધો કે વિશ્વાસ પામી, તે રસનું તુંબડું થોડો વખત સાચવવા માટે તે-ઓને સોંપી હું બીજે ગામ ગયો.

**લક્ષ્મીપુરી**માં કેટલાક દિવસ રહી, માતાને મળવાને ઉત્કંઠિત થયેલો હું સ્વદેશ જવાને પાછો ફર્યો. રસ્તોમાં તે રસનું તુંબડું લેવાને **ચંદ્રાવતી**માં શેઠની દુકાને ગયો. પણ કોઇ કારણથી 'ત લોહવેધક રસ છે' એ ખબર શેઠને પડવાથી મને જુઠો ઉત્તર આપી, તે લોભાંધ વણિકોએ રસનું તુંબડું પાછું ન આપ્યું. ત્યારે છેવટે તેમના કર્તવ્ય પ્રમાણે શિક્ષા આપી હું ત્યાંથી ચાલ્યો ગયો. ફરતો ફરતો આંહી આવ્યો, તેવામાં આ મારા પિતાની રાજ-ધાની સર્વથા ઉજડ વેરાન જેવી થયેલી મેં જોઇ.

વાચકોને યાદ હશે કે પોતાના પિતા તથા કાકાને મુક્ત કરવા માટે, ગુણવર્માએ કરેલા અનેક ઉપાયો નિરર્થક ગયા. ત્યારે નિરાશ થઇ તે મહાન્

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિંતામાં પડયો હતો. છેવટે વિચાર કરતાં તેણે એવો નિર્ણય કર્યો કે, જે-નાથી આ દુઃખ અગ્નિ પ્રકટી છે તેનાથીજ તે શાંત થશે, તેનુંજ શરણ લીધા સિવાય છુટકો નથી. એમ નિશ્ચય કરી તે માણસને ઓળખનાર એક સહા-યકને સાથે લઈ આ યુવાનની શોધમાં તે નીકળી પડયો હતો. રસ્તામાં સ-હાયક બીમાર પડવાથી તેને મૂકી દઇ ગુણવર્મા જાતેજ તે યુવાનની શોધ કરતો કરતો આંહી શૂન્યનગરમાં આવી ચઢયો છે. અને વહાલાના દુઃખે દુઃખી થઇ ગુણવર્મા જેની શોધ કરતો હતો તેજ આ શૂન્ય નગરમાંથી મળી આવ્યો. તે આ કુશવર્ધનપુરના સૂરચંદ્ર રાજાનો વિજયચંદ્ર ના-મનો કુમાર છે.

## પ્રકરણ ૫ મું.

### કુશવર્ધન, ઉજડ થવાનું કારણ શું ?

મારા પિતા તથા કાકાને સ્થંભન કરનાર આ પોતેજ છે એમ જાણી ગુણવર્માને હિમ્મત આવી. 'જ્યાં સુધી વિજયચંદ્રના સંપૂર્ણ ઇતિહાસથી હું માહિતગાર ન થાઉં ત્યાં સુધી મારી વાત મારે પ્રકટ નજ કરવી' એમ નિર્ણય કરી ગુણવર્માએ જણાવ્યું. 'ભાઇ ! આગળ કહો. આ નગરી શૂ-ન્ય કેમ થઇ ?'

વિજયચંદ્રે જણાવ્યું. " આ નગરી મનુષ્યોથી શૂન્ય જોઇ, મને બહુ લાગી આવ્યું. દેવનાઈ શહેર આજે સ્મશાન સરખું જોઇ મન આકુળવ્યા-કુળ થવા લાગ્યું. અનેક સંકલ્પ, વિકલ્પો ઉઠ્યા. પણ મનનું સમાધાન નજ થયું. છેવટે ઉત્સાહ અને હિમ્મતથી આ નગરી ઉજડ થવાનું કારણ શોધવા મેં નિર્ણય કર્યો. નગરીમાં ચારે બાજું હું ફરવા લાગ્યો, પણ મારા સિવાય બીજું કાંઇ પણ માણસ નગરીમાં જોવામાં ન આવ્યું. છેવટે મેં રાજમંદિ-રમાં પ્રવેશ કર્યો. ત્યાં મારા જ્યેષ્ઠબંધુની વિજયા નામની પત્ની એકલી મારા જોવામાં આવી. મને જોતાંજ તે સંમુખ ચાલી આવી. બેસવાને આસન આપી અશ્રુપૂર્ણનેત્રોથી તે રડવા લાગી. મેં તેને ધીરજ આપી, આ નગ-રી શૂન્ય થવાનું કારણ પૂછ્યું.

વિજયાએ જણાવ્યું. થોડા વખત ઉપર લાલ વસ્ત્ર ધારક માસ, મા-સના ઉપવાસ કરવાવાળો એક તપસ્વી આંહી આવ્યો હતો. તેના તરફ આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શહેરની પ્રજાની વિશેષ ભક્તિ હતી. તમારા વડીલબંધુએ માસ ઉપવાસનું પારણું કરવા માટે એક વખત નિમંત્રણા કરી. રાજાના નિમંત્રણને માન આપી તે મહેલમાં જમવા આવ્યો. તેના પારણા માટે સર્વસામગ્રી તૈયાર કરાવી જમવા બેસાડયો, અને વિશેષમાં જમતી વખતે તેને પવન ઢોળવા મને આજ્ઞા કરી. સ્વામીની આજ્ઞાને માન આપી તે કામ મારે બજાવવું પડયું, અહા ! ભક્તિની પણ મર્યાદા હોવીજ જોઇએ. નવીન યૌવન, સુંદર રૂપ, અને શૃંગારથી ભરપુર મારા શરીરને જોઇ તે પાખંડીનું મન વિક્ષિપ્ત થયું.

ખરેખર તપસ્વીઓનું પણ મન સુરૂપા સ્ત્રીઓને જોઈ ચલિત થઇ જાય છે. અને આજ કારણથી વીતરાગદેવે યોગીઓને સ્ત્રીઓના સહવાસથી દૂર રહેવાનું ફરમાન કર્યું છે. જુઓ કે દરેક યોગીઓ માટે કે તપસ્વીઓ માટે આમ બનતું નથી કે તેમનું મન ચલિત થઇજ જાય. છતાં તત્ત્વજ્ઞાનમાં પૂર્ણ પ્રવેશ નહિ કરનાર, અજ્ઞાન કષ્ટ કરનાર, સ્વ-પરના વિવેકને નહિ જાણનાર, કે પ્રથમ અભ્યાસીઓના સંબંધમાં આવા પ્રસંગો બનવાનું સુલભ છે. સત્તામાં રહેલાં કેટલાંક કર્મોનો એવો સ્વભાવ છે કે નિમિત્ત પામી તે કર્મોનો ઉદય થાય છે. તે અવસરે આત્મ જ્ઞાનમાં પ્રમાદી અને સ્વરવરૂપ ભૂલેલા અભ્યાસીઓ પ્રબળ કર્મોદય ને રોકવા અસમર્થ થઈ, તન, મન, ઉપરથી પોતાનો કાબુ (સત્તા) ખોઇ દેઇ અકાર્યમાં પ્રવૃત્ત થાય છે. માટે આત્મદશા પ્રગટ કરનાર જીવોએ તેવાં નિમિત્તોથી વારંવાર દૂર રહેવું એજ ફાયદાજનક છે.

" તે તપસ્વી જમતાં જમતાં પોતાનું ભાન ભૂલી ગયો. તપસ્યાથી ગ્લાનિ પામેલા શરીરમાં કામે કોઇ પ્રબળ જુસ્સો ઉશ્કેરી મૂકયો કે જેથી દુર્બળ શરીર પણ પ્રબળ થઇ આવ્યું. તે અવસરે તો તે જમીને પાછો ગયો, પણ રાત્રીએ તે મોહાધીન, કામાંધ, તપસ્વી ગોખાના પ્રયોગથી મારા મહેલમાં દાખલ થયો, અને મારી પાસે વિષયની યાચના કરવા લાગ્યો. જ્યારે તેનું કહેવું મેં માન્ય ન કર્યું ત્યારે મને સામ, દામ, દંડ અને ભેદનાં વચનોથી દમ ભરાવી હરેક રીતે કનડવા લાગ્યો.

આ તપસ્વી હોવાથી તેનો વધ ન થાય તો સારૂ, એમ ધારી મેં પણ સામ, દામ દંડ અને ભેદનાં વચનોથી ઘણું સમજાવ્યો. છતાં તેનો વિષયાંધતાનો રાગ જરામાત્ર ઓછો ન થયો. આમ અમારા બન્નેની રકઝક ચાલતી હતી તેવામાં શયન કરવાનો વખત થતાં તમારા વડીલ બંધુ મહારાજા જયચંદ્ર દ્વાર આગળ આવી પહોંચ્યા. અને અમારા આપસમાં થતા આલાપો છુપી

રીતે તેમણે સાંભળ્યા. સાંભળતાંજ તત્કાળ ક્રોધાતુર થયેલા રાજાએ તે અપ-રાધી તપસ્વીને પોતાના માણસો પાસે બંધાવી લીધો. પ્રભાત થતાંજ તેના કુકર્મો સાંભળી લોકોથી હાંસી કરાતા, રાજાથી નિંદા કરાતા, અને પગલે પગલે અપમાન પામતા, તે તપસ્વીને, ચોરની માફક રાજાએ ગરદન મરાવ્યો.

મરતી વખતનાં કાંઇક શુભાશુભ પરિણામથી, તથા અજ્ઞાન તપસ્યાના કાંઇક પુણ્યથી, મરણ પામ્યા બાદ રાક્ષસ જાતિના દેવોમાં તે રાક્ષસપણે ઉ-ત્પન્ન થયો.

તાપસના ભવમાં થયેલ પોતાના અપમાનને યાદ કરી, રાજા અને પ્રજા ઉપર વૈર ધારણ કરતો તે આંહી આવ્યો.

'હું તેજ તપસ્વી છું કે જેને રાજાએ મારી નંખાવ્યો હતો. મારૂં વૈર હું વાળવાનો છુ !' આ પ્રમાણે રાજા, અને પ્રજાને જણાવી રાજાને તેણે તત્કાળ મારી નાંખ્યો, અને પ્રજાનો સંહાર કરવા લાગ્યો. મરણના ભયથી ત્રાસ પામેલી પ્રજા, પોતાનો જાન બચાવવા માટે જેમ નસાયું તેમ આ રાક્ષસના પંજામાંથી નાસી છુટી, અને કેટલાકને તેણે મારી નાંખ્યા. આજ કારણથી રિદ્ધિથી ભરપુર છતાં મનુષ્યોથી શૂન્ય આ નગરી થઇ છે.

હું પણ ભયથી નાસી જતી હતી, તેવામાં આ રાક્ષસે મને પકડી લીધી, અને જણાવ્યું કે 'ભદ્રે ! તારા માટે તો આ સર્વ મારો પ્રયાસ છે. જો તું આંહીથી નાસી જઇશ તો, ગમે તે સ્થળેથી પણ તને પાછી પકડી લાવીશ. માટે તારે આ રાજમહેલ મૂકી કોઈ પણ સ્થળે જવું નહિં. તેમ ભય, પણ ન રાખવો. હું તારૂં રક્ષણ કરીશ. અને તારી સર્વ ચિંતા પણ હુંજ કરીશ.' આ પ્રમાણે જણાવી તે રાક્ષસે મને આંહી રોકી છે. દિવસે તે કોઇક સ્થળે જાય છે. રાત્રીએ પાછો આવે છે. આ પ્રમાણે મારા દિવસો આંહી નિર્ગમન થાય છે."

વિજયચંદ્ર કહે છે. "હે વટેમાર્ગુ ! આ ઇતિહાસ સાંભળી મેં વિજ-યા રાણીને કહ્યું કે, હે ભોજાઇ ! જો તું આ રાક્ષસનું કાંઇપણ મર્મસ્થાન (ગુહ્યવાત) જાણતી હોય તો તે કહી બતાવ કે જેથી તે રાક્ષસને જીતી, રાજ્ય અને મારા ભાઈનું વેર હું વાળું !"

વિજયા રાણીએ જણાવ્યું કે "જ્યારે આ રાક્ષસ સૂએ છે, ત્યારે જો તેના પગનાં તલિયાં ઘીથી મર્દન ( ઘસવામાં ) કરવામાં આવે, તો તે ઘણા વખત પર્યંત અચેતનની માફક મહા નિદ્રામાં પડી રહે છે. એ અવસરે ત-મારામાં જે શક્તિ હોય તે ફેરવવી જોઇએ. તોજ રાક્ષસને સ્વાધીન કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શકશો. પણ તેમાં વિશેષ એટલો છે કે, સ્ત્રીના હાથવતી મર્દન કરવાથી તેને નિદ્રા આવતી નથી, પણ પુરૂષના હાથવતી મસલવામાં આવે તોજ નિદ્રા આવે છે. તેમજ પગને અભ્યંગન કર્યા પહેલાં જો તેને માલમ પડે કે 'આ પુરૂષ છે' તો તે પાદપ્રક્ષણ ન આપે, એટલુંજ નહિ પણ પાદપ્રક્ષણ કરનારને મારી પણ નાંખે."

આ પ્રમાણે મારા બંધુની પત્નીનું કહેલું શહેર ઉજ્જડ થવા વિગેરેનું વૃત્તાંત સાંભળી કોઈ પણ તેવા ઉત્તમ સહાયકની શોધમાં હું ફરતો હતો. એટલામાં હે ભાઈ! અકસ્માત્ મને તારૂં દર્શન થયું છે, તો "હે ઉત્તમ નર! તું મને સાહાય્ય કર, જેથી હું તે રાક્ષસને મારે સ્વાધીન કરૂં. તારા જેવા ઉત્તમ નરો, અન્યને ઉપકાર કરવા માટે જ પૃથ્વીપર જન્મ પામે છે.

સજ્જનો સ્વકાર્યમાં પરાઙ્મુખ રહી પરકાર્ય કરવામાં ઉદ્યમવંત રહે છે. આ ચંદ્ર ચાંદનીથી પોતાનું કલંક (કાળાશ) દૂર ન કરતાં વિશ્વને ધવલ (ઉજ્વળ) કરે છે.

દુઃખી જીવોને જોઇ, તેનાં દુઃખો દૂર કરવાના સંબંધમાં શોચ કરતાં સંતપુરૂષોને જે દુઃખ થાય છે તેટલું દુઃખ પોતાનાં દુઃખો દૂર કરવા માટે તેઓ સહન નથી કરતા.

અન્ય જીવોનું ટાઢ, તાપથી રક્ષણ કરવાને માટે પીલાવું, પીંજાવું, રેંટીયાથી કંતાવું અને કુર્ચથી તાડિત થવું, વગેરે કેટલું બધું દુઃખ આ **કપાસે** અંગીકાર કર્યું છે?

આ **વૃક્ષો** સૂર્યના તાપને સહન કરી જીવોને છાયા આપે છે. **સૂર્ય** આકાશમાં પર્યટન કરવાનો (ફરવાનો) શ્રમ કરે છે. **સમુદ્ર** નાવ, જાહાજ વિગેરેના ક્ષોભને સહન કરે છે. [1]**કાચબો** પૃથ્વીના ભારને સહન કરે છે. **વરસાદ** વરસવાનો કલેશ સહે છે. **પૃથ્વી** સર્વ જીવોને આશ્રય આપે છે. શું આ સર્વને પર ઉપકાર કરવા સિવાય બીજું કાંઇપણ કારણ છે? નદીઓ શું પાણી પીએ છે? વૃક્ષો શું ફળ ખાય છે? વરસાદ શું ધાન્ય ભક્ષણ કરે છે? કેવળ આ સર્વનો પરિશ્રમ પરોપકાર માટે જ છે.

હે નરોત્તમ! તારી મદદથી શહેર પાછું પૂર્વની સ્થિતિમાં આવશે, પ્રજાને જીવિતવ્ય મળશે, મને રાજ્ય પ્રાપ્ત થશે, અને દુનિયામાં યશ વિસ્ત-

---

૧ કાચબા ઉપર આ સર્વ પૃથ્વી રહી છે; એવી અન્ય દર્શનકારોની માન્યતાનો પરોપકારની પુષ્ટિ માટે ઉલ્લેખ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રશે; આ સર્વનું કારણ તું પોતે થઈશ. માટે આ અવસરે તું મને મદદ કર ".

આ પ્રમાણે વિજયચંદ્રે કહેલ સર્વ વૃત્તાંત, અને મદદ માટેની પ્રાર્થના ગુણવર્માએ શાંતચિત્તે શ્રવણ કરી.

## પ્રકરણ ૬ ઠું.

## અપકારી ઉપર ઉપકાર.

રાત્રિદેવીએ પોતાનો કાળો પછેડો આ પૃથ્વીપટપર બીછાવી દીધો છે. અંધકારનું સામ્રાજ્ય વર્તી રહ્યું છે. શૂન્ય નગરમાં મનુષ્યોનો તો શું પણ જનાવરો સુદ્ધાંનો શબ્દ સંભળાતો નથી. શહેરના સર્વભાગમાં શાંતિ પ્રસરી રહી છે. આવે વખતે જયચંદ્ર રાજાના મહેલમાં બે યુવાન્ પુરૂષો દરેક જાતની સામગ્રીનો સંગ્રહ કરી ગુપ્તરીતે ભરાઇ રહેલા છે. કાંતો કાર્ય સિદ્ધ થાય છે અને કાંતો શરીરનો નાશ થાય છે, એજ ભાવના બેઉના અંતઃકરણમાં રમી રહી છે.

આ બેઉ પુરૂષો ચાલતા પ્રકરણના નાયક વિજયચંદ્ર અને ગુણવર્મા છે. પરોપકાર કરવામાં તત્પર ગુણવર્મા વિચાર કરે છે કે " દેહના નાશથી પણ પરને ઉપકાર કરવો; તેમજ મારા ઉપકારથી વશ થયેલો વિજયચંદ્ર, પોતાના ક્રોધને શાંત કરી મારા પિતા તથા કાકાને મુક્ત કરશે. કારણ કે તેણેજ તેમને સ્થંભિત કર્યા છે."

અહા! કેવું પુત્રનું પિતૃવાત્સલ્ય! કેવી ભક્તિ! કેવો પ્રેમ! પિતાને દુઃખથી મુક્ત કરવા માટે આવા દુષ્ટ રાક્ષસના પંજામાં સપડાવાનું પણ તેણે સ્વીકાર્યું છે. કેમકે અત્યારે રાક્ષસના ચરણ ઘીથી મર્દન કરવાનું કામ તેને સોંપવામાં આવ્યું છે.

વિજયચંદ્ર કહે છે. " ગુણવર્મા તમે જ્યારે રાક્ષસના ચરણનું ઘીથી મર્દન કરશો, એ અવસરે, સ્થંભિની વિદ્યાના એક હજાર જાપ કરી અંતર્ મુહુર્તમાં હું તેને સ્થંભીને સ્વાધીન કરી લઇશ. " આ પ્રમાણે પરસ્પર સંકેત કરી શાંતપણે તે બન્ને યુવકો રહ્યા છે. એ અવસરે જાણે બીજોજ અંધકાર હોય નહિ, તેમ ભય આપતો રાક્ષસ તે મહેલમાં દાખલ થયો. દાખલ

થતાંજ તે બોલવા લાગ્યો. અરે ? આજે આ મહેલમાં મનુષ્યની ગંધ કયાંથી આવે છે ? ભદ્રે વિજ્યા ! શું મહેલમાં આજે કોઇ મનુષ્યો આવ્યા છે ? તેની ખબર હોય તો તું કહે હું તેઓને હમણાંજ પ્રાણથી મુક્ત કરૂં."

વિજયાએ જવાબ આપ્યો. "હા હું પોતેજ માનુષી છું. આંહી તમારા ભયથી બીજા મનુષ્યોનો પ્રવેશ કયાંથી હોય ?" આ પ્રત્યુત્તર સાંભળી વિશ્વસ્તપણે રાક્ષસ એક પલંગ ઉપર સુતો. વિજયા તત્કાળ ત્યાંથી એક બાજુ ખસી ગઇ, તેને બદલે રાણીનો વેશ પહેરેલ ગુણવર્મા ત્યાં બેસી ગયો, અને સાહસ કરી ધીમેથી રાક્ષસના પગના તળીઆં મર્દન કરવા લાગ્યો. આ બાજુ વિજયચંદ્રે પણ સ્થંભિની અને વશકરણી વિદ્યાનો જાપ શરૂ કર્યો. મનુષ્યનો ગંધ આવવાથી રાક્ષસ વારંવાર પલંગમાંથી બેઠો થાય છે, ત્યારે ગુણવર્મા પણ ઘણી ઝડપથી તેના પગ મર્દન કરે છે. પગમર્દનથી વિશેષ સુખ થતાં થોડાજ વખતમાં રાક્ષસ નિદ્રાળુની માફક શય્યામાં આળોટવા લાગ્યો. આ બાજુ મંત્રજાપ પુરો થયો કે, ગુણવર્માએ પગ મર્દન કરવાનું બંધ કર્યું, અને બન્ને જણ રાક્ષસની સંમુખ આવી ઉભા રહ્યા. પોતાની સામે ઉભેલા મનુષ્યોને જોઇ રાક્ષસ તેને મારવા ઉઠયો; પણ મંત્રના પ્રભાવથી સ્થંભાયેલો રાક્ષસ, દાંત વિનાના સર્પની માફક, તેઓને કાંઇ પણ દુઃખ આપી ન શકયો. છેવટે વિષાદ કરતો, દિશાઓને જોતો, સ્તબ્ધપણે શય્યામાંજ પડયો રહ્યો. જ્યારે પોતાનું કાંઇ પણ જોર તેઓ પ્રત્યે ન ચાલ્યું ત્યારે શાંત થઈ રાક્ષસ બોલ્યો. "મંત્ર બળે યંત્રિત કરવાથી આજે હું તમારો દાસ થયો છું. માટે મને આદેશ આપો કે મારે અત્યારે તમારૂં શું પ્રિય કરવું ?"

રાક્ષસને સ્વાધીન થયેલો જાણી વિજયચંદ્રે જણાવ્યું કે, "હે રાક્ષસેંદ્ર ! તું અત્યારથી આ નગરી પ્રત્યેનું વેર મૂકી દે, પૂર્વની માફક શોભાથી ભરપુર નગરી બનાવ, ભંડારો ધન, ધાન્યથી ભરપુર કર."

વિજયચંદ્રના કહેવા મુજબ રાક્ષસે તેમ કરવા હા કહી. દિવ્યશક્તિથી થોડાજ વખતમાં પૂર્વની માફક નગરીની શોભા થઇ આવી. વિજયચંદ્રે પ્રજાને પાછી બોલાવી. મૂળ અમાત્યને પ્રધાનપદપર સ્થાપન કર્યો. પ્રધાનાદિ પ્રજા સમુદાયે રાજ્યાસનપર વિજયચંદ્રને અભિષિકત કર્યો. વિજયચંદ્ર પણ પુત્રની માફક પ્રજાનું પાલન કરવા લાગ્યો. તે પ્રતાપ સૂર્યથી અન્યાય અંધકાર દૂર કરી વિપક્ષ (શત્રુરૂપ) કૌશિકોને (ઘુવડોને) વિશેષે દુઃસહ થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૭ મું.

## પરોપકારનો બદલો.

ગુણવર્માને અર્ધાસન પર બેસારી કૃતજ્ઞ રાજા **વિજયચંદ્રે** નમ્રતાથી જણાવ્યું "ગુણવર્મા! આ સર્વ રાજ્ય તમારી સાહાય્યથીજ મળ્યું છે, તો આ રાજ્યમાંથી તમારી ઇચ્છાનુસાર ગ્રહણ કરી તમારા કરેલા ઉપકારમાંથી મને ઋણ રહિત કરો.

ધન્ય છે કૃતજ્ઞ સ્વભાવવાળા ઉત્તમ પુરૂષોને? તેઓ કદાપિ પોતાના ઉપકારીને ભૂલી જતા નથી, પણ ગમે તે ભોગે પોતાના ઉપકારીને તેનો બદલો આપેજ છે.

ઘણીજ નમ્રતાથી ગુણવર્માએ જવાબ આપ્યો. મહારાજા **વિજયચંદ્ર**! મને આ રાજ્યની કાંઇ જરૂર નથી, પણ જો તમે ઉપકારનો બદલો આપવાને ઇચ્છતાજ હો તો, **ચંદ્રા**વતી નગરીમાં **લોભાકર** અને **લોભનંદીને** તમે સ્થંભાને આવ્યા છો, તેઓ હાલ મારા પૂજ્ય પિતા તથા કાકા થાય છે, તેમનો આ એક અપરાધ સહન કરી તેઓને બંધનથી મુક્ત કરો.

આ શબ્દો સાંભળતાંજ **વિજયચંદ્ર** ચમકી ઉઠયો. અહા! શું કાળકુટ ઝેરમાંથી અમૃતની ઉત્પત્તિ! ગુણવર્મા તમે શું સત્ય કહો છો? શું તે તમારા પૂજ્ય પિતા તથા કાકા થાય? અરે! તેઓનાં આવા કર્ત્તવ્યો અને તમારો આવો પરોપકારી સ્વભાવ! શું વાત કરો છો? ખરેખર તે તમારા પિતાજ લાગે! શું વિધાત્રાએ આવી વિચિત્ર સૃષ્ટિની રચના કરી છે?

ગુણવર્માએ જવાબ આપ્યો. "હા, મહારાજા! તે મારા પિતાશ્રી છે. કર્મોની વિચિત્ર ગતિ છે. આપ કૃપા કરો, અને તેઓને જલદી મુક્ત કરો.

**વિજયચંદ્રે** જણાવ્યું. "ગુણવર્મા! શું કહો છો? તમારા ઉપકાર આગળ આ કાર્ય કાંઇપણ બીસાતમાં નથી. તેથી અધિક કાર્ય હોય તે પણ કરી આપવાને હું તૈયાર છું. વિશેષ એટલો છે કે તે કાર્ય તમારા પોતાને સ્વાધીન છે. તે કારણ હું બતાવું છું.

આ શહેરના નજીકના ભાગમાં **એક**શ્રૃંગ નામનો પર્વત છે. તે પાહાડની ગુફામાં દેવતા અધિષ્ટિત સુગુપ્ત એક કુપિકા છે. જેનાં દ્વારો નેત્રપુટની માફક વારંવાર વિકસ્વર થઈ બંધ થાય છે. તે કુપિકામાંથી સ્થંભિત થયેલ મનુષ્યનો પુત્ર પાણી લઇ, તેના પિતાને ત્રણવાર છાંટે તો તે તત્કાળ બંધનથી મુક્ત થઇ શકે. પણ જો તે પાણી ગ્રહણ કરતાં ભય પામે તો પાણી લેના-

રેનું મરણ થાય છે. ગુણવર્મા! પિતાને બંધનથી મુક્ત કરવાનો આ સિવાય બીજો કોઇ ઉપાય નથી."

પિતૃભક્ત, સાહસિક ગુણવર્માએ જણાવ્યું. "વિજયચંદ્રજી! તે કામ હું જાતે કરીને પણ પિતાને બંધનમુક્ત કરીશ."

ગુણવર્માની અલૌકિક પિતૃભક્તિ જોઇ વિજયચંદ્ર ઘણો ખુશી થયો. ઉપકારીને ઉપકાર કરવા, ત્યાં લઇ જવાનાં સર્વ સાહિત્યો તૈયાર કરી બન્ને જણ તે કુપિકા પાસે ગયા. વિકસ્વર થયેલી તે કુપિકામાં વિજયચંદ્રની મદદથી, મંચિકા ઉપર બેસી ગુણવર્મા અંદર ઉતર્યો. નિર્ભયપણે તેમાંથી જલ ભરી દોર હલાવ્યો, એટલે વિજયચંદ્રે માંચી સહિત તે કુપિકામાંથી ગુણવર્માને ઉપર ખેંચી લીધો. સાહસથી સેવકરૂપ થયેલા રાક્ષસે અશ્વનું રૂપ ધારણ કર્યું; તેના ઉપર સ્વાર થઈ બન્ને જણ ચંદ્રાવતીમાં આવ્યા. લાવેલ પાણી, ગુણવર્માએ, લોભાકરને ત્રણવાર છાંટયું. પાણી છાંટતાંજ તે બંધનથી મુક્ત થયો. પણ બીજો લોભનંદી તો પૂર્વની માફક બંધન સહિત દુઃખીયોજ રહ્યો. કારણ કે તે મંત્રના કલ્પ પ્રમાણે પોતાના પુત્રસિવાય બીજા કોઈથી તેનો છુટકારો થઇ શકે તેમ નહોતો.

પોતાના પરમઉપકારી મિત્ર ગુણવર્માને, વિજયચંદ્રે પ્રધાન મુદ્રા અને દેશાદિ આપવા માટે ઘણો આગ્રહ કર્યો, છતાં નિર્લોભી ગુણવર્માએ તેનો બીલકુલ સ્વીકાર ન કર્યો. પણ ઉલટો વિજયચંદ્રનો વિશેષ સત્કાર કરી, રસતું તુંબડું પાછું આપ્યું. કૃતજ્ઞ વિજયચંદ્રે, તે રસનું તુંબડું ઘણા આગ્રહપૂર્વક ગુણવર્માને પાછું આપ્યું. તેના વિશેષ આગ્રહથી ગુણવર્માએ તે ગ્રહણ કર્યું. બન્નેની મૈત્રીમાં ઘણો વધારો થયો. આવા પરોપકારી નરરત્નનો વિયોગ સહન કરવો દુઃશક્ય હતો, છતાં રાજ્યાદિ કાર્યપ્રસંગથી વિજયચંદ્ર પાછો સ્વદેશ ગયો.

મહારાજા વીરધવળ કહે છે. "દેવી ચંપકમાલા? આ સર્વ વૃતાંત આજે સંધ્યાવેળાએ, મારી પાસે આવી, ગુણવર્માએ મને સંભળાવ્યો છે. મારા રાજ્યમાં તેના પિતા, તથા કાકાએ કરેલા ન્યાસાપહારના (થાપણ ઓળવવાના) મહાન્ અપરાધની તેણે વારંવાર માફી માગી.

ગુણવર્માની પિતૃભક્તિ, પરોપકારતા, નિર્લોભતા, ઉદારતા અને ગંભીરતાદિ ગુણોથી મને ઘણો સંતોષ થયો. તેથી તેના પિતા, તથા કાકાએ કરેલા અપરાધની મેં તેને ક્ષમા આપી. એટલે ગુણવર્મા મને નમસ્કાર કરી પોતાને ઘેર ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૮ મું.

## રાજાની અધીરજ-રાણીનો દિલાસો.

હે પ્રિયે! આ ગુણવર્મા અને વિજયચંદ્રનો ઇતિહાસ મેં જ્યારથી સાંભળ્યો છે, ત્યારથી મારા મનમાં અનેક વિતર્કો ઉછળ્યા કરે છે. મારી શાંત મનોવૃત્તિઓ અશાંત થઇ છે. મને બીલકુલ ચેન પડતું નથી.

વ્હાલી! આ ચિંતાનું કારણ હવે તને સ્પષ્ટ સમજાયું હશે કે, સૂર-રાજાના પુત્રે ગયું રાજ્ય પાછું મેળવ્યું અને ભાઇનું વેર વાળ્યું.

ગુણવર્માએ મરણનો સ્વીકાર કરી, આપદારૂપ સમુદ્રમાં પડેલા પોતાના પિતાનો ઉદ્ધાર કર્યો.

હે દેવી! જેઓને પુત્રો છે તે મનુષ્યો કૃતાર્થ છે. આજ પર્યંત આ-પણે ઘેર એક પણ પુત્ર, પુત્રીનો જન્મ નથી થયો એજ મારી ચિંતાનું મૂળ કારણ છે.

હે સુલોચના! મારી પછાડી દેવ, ગુરૂની કોણ પૂજા કરશે? ધર્મસ્થાનોનો ઉદ્ધાર કોણ કરશે? અને મારા વંશને કોણ ધારણ કરશે? પુત્ર વિના તે કાંઈ બનવાનું નથી.

તીવ્ર ધારવાળા પરશુ તુલ્ય મારાથીજ આ વંશ વૃક્ષનો ઉચ્છેદ થશે. આ ચિંતાઅગ્નિ મારા હૃદયકોટરમાં પ્રજ્વલિત થઇ રહ્યો છે, અને આ મહાન શોકનું કારણ પણ તેજ છે.

પતિના દુઃખે દુઃખીતી ચંપકમાલાએ નમ્રપણે જણાવ્યું. "સ્વામિનાથ! આ દુઃસહ દુઃખ તમને અને મને સરખુંજ છે. કોઇ કોઇ ભાગ્યવાન્ જી-વોના ખોળામાં ઉત્તમ બાળકો સુએ છે, ક્રીડા કરે છે, મુગ્ધ વચનો બોલે છે અને પગલે પગલે સ્ખલના પામતાં માબાપોને ભેટી પડે છે. ખરેખર ઘર તેજ કહેવાય છે, કે જ્યાં પગમાં ઘુઘરાના રણઝણાટ શબ્દ કરતા, અને પ-વનના ઝપાટાથી જેના મસ્તક ઉપરની શિખા (ચોટલી) સ્ફુરાયમાન થઇ રહી છે તેવા બે, ચાર અપત્યો (બાળકો) ગૃહના આંગણામાં લીલાપૂર્વક ક્રીડા કરતા હોય. તેઓનો જન્મ કૃતાર્થ છે કે ઉત્તમ સદ્‌ગુણસંપન્ન પુત્ર-દીપક જેમણે પ્રકટ કર્યો છે. આ પ્રમાણે બોલતાં બોલતાં અપત્ય મોહથી મોહિત થયેલી રાણી ચંપકમાલાના નેત્રપુટમાંથી અશ્રુધારા વહન થવા લાગી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અહા ! શું મોહનું જોર ! શી અજ્ઞાન દશા ! આર્હત ધર્મને સમજનારાં પણ, તાત્ત્વિકજ્ઞાન સિવાયનાં મનુષ્યો મોહાંધકારમાં લડથડીયાં ખાયાંજ કરે છે. ”

કાર્ય, કારણ ભાવને સમજનારી દેવી **ચંપકમાલા**, થોડા વખતમાં જાગૃત થઈ, પોતે ધીરજ રાખી, પુત્રમોહમાં વિશેષ મોહિત થયેલા પતિને દિલાસો આપવા લાગી.

“ સ્વામિનાથ ! પુત્રાદિ સંતતિ પુણ્ય પ્રબળતાથીજ મળી શકે છે. તો કેવળ મનોરથો કરી બેસી રહેતાં અને પુણ્યકાર્યમાં ઉદ્યમ ન કરતાં કાર્યસિદ્ધિ કેવી રીતે થશે? માટે આપણે અત્યારથીજ પુણ્યવૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જે કાર્ય સામર્થ્યવડે કે ધનવડે સિદ્ધ નથી થતું, તે કાર્ય માટે વિવેકી મનુષ્યોએ શોચ નહિ કરવો જોઇએ. પણ તે કાર્ય સિદ્ધિમાં આડે આવતાં વિઘ્નો શોધી કહાડી તેને દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ. માટે હે નાથ ! શાંત થાઓ; ચિંતાનો ત્યાગ કરો. ચિંતાથી વિક્ષિપ્ત ચિત્તવાળાં મનુષ્યો ધારેલ કાર્યનો પાર પામી શકતાં નથી. વળી આ વખતે મને એક વિચાર સ્ફુરે છે કે, પુત્ર પ્રાપ્તિ નિમિત્તે આપણે બન્નેએ દેવની આરાધના કરવી, કેમકે પુત્ર પ્રાપ્તિ માટે દેવ સિવાય સામાન્ય મનુષ્યોની શક્તિ નિરુપયોગી છે.

સમયસૂચક રાણીનાં વચનોથી રાજાને ઘણો હર્ષ થયો. રાજાએ જણાવ્યું; ‘ દેવી **ચંપકમાલા** ! તમારા જેવી ઉત્તમ સહચારિણીઓ પતિના દુઃખમાં ભાગ લેનારી હોય છે, એ મને ખાત્રી છે. એટલુંજ નહિ પણ કોઇ કાર્ય પ્રસંગને લઇને પતિની બુદ્ધિ કુંઠિત થઈ (મુંઝાઇ) ગઈ હોય, એ અવસરે ધીરજ તથા ઉત્તમ બોધ આપી શોક યા ચિંતા દૂર કરાવે છે, ઉત્સાહમાં વૃદ્ધિ કરે છે, અને સન્માર્ગમાં પણ દોરે છે. તેજ ખરેખર ધર્મપત્નીઓ છે. અને તેવી સદ્‌ગુણસંપન્ન, બુદ્ધિમાન્ પત્નીને પામી આજે હું અહોભાગ્ય હોઈ આત્માને કૃતાર્થ માનું છું.

દેવી ! આજે તમે જે પુત્ર પ્રાપ્તિ નિમિત્તે પુણ્ય વૃદ્ધિ કરવાનો ઉત્તમ રસ્તો જણાવ્યો છે, તે ખરેખર પ્રશંસનીય છે. ‘ **કારણ સિવાય કાર્યની નિષ્પત્તિ નથી.** ’ એ દુનિયાના દરેક પ્રસંગમાં અનુભવાય છે. તો આ પણ દુનિયાંનોજ પ્રસંગ છે. માટે પુણ્યોપાર્જન કરવાની મુખ્ય આવશ્યકતા છે. પુણ્યોપાર્જન નિમિત્તે સુપાત્રોને ( ઉત્તમ જ્ઞાની જીવોને ) તેમજ દુઃખી જીવોને દાન આપવું, ત્રિકરણ શુદ્ધ શિયળ પાળવું, દેવનું પૂજન કરવું, જાપ

કરવો, તપશ્ચર્યા કરવી વિગેરે ઉપાયો મહાપુરૂષોએ બતાવ્યા છે. માટે હે દેવી ! પુણ્યોપાર્જન નિમિત્તે આપણે અસારથીજ સાવધાન થવું. પુણ્યની પ્રબળતાથી, તેમજ દેવારાધન કરવાથી અંતરાય કર્મ દૂર થતાં આપણને સંતાનની પ્રાપ્તિ થશે. એ વાત મને ચોક્કસ ખાત્રીવાળી અને નિઃસંશય લાગે છે. ત્યારે આપણે કયા દેવની આરાધના કરીશું ?"

ચંપકમાલાએ જણાવ્યું, "સ્વામિનાથ ! આ પ્રશ્ન આપને કેમ ઉદ્‌ભવ્યો ? દેવાધિદેવ, પરમપૂજ્ય, ઋષભદેવ પ્રભુ આપણા ઇષ્ટદેવ છે, તેને શું આપ નથી જાણતા કે, કયા દેવની આરાધના કરવા વિષે આપે પ્રશ્ન કર્યો?

રાજાએ જણાવ્યું. પ્રિયા ! આપણા પરમપૂજ્ય, દેવાધિદેવ, ઋષભદેવ પ્રભુને હું જાણું છું, તથાપિ તે લોકોત્તર દેવ હોઇ, વીતરાગદેવ છે. સંસાર કાર્યના નિમિતે લોકોત્તર દેવને આરાધવાથી સમ્યક્ત્વની મલીનતા થાય છે, એ વાત આપણે સદ્‌ગુરૂના મુખથી સાંભળી હતી. વળી તેઓ વીતરાગ હોવાથી આપણને સંતતિનું સુખ કેવી રીતે આપશે ? આજ કારણ આ પ્રશ્ન ઉત્પન્ન થવાનું છે.

ચંપકમાલાએ જવાબ આપ્યો. સ્વામિનાથ ! આ શંકા ઉત્પન્ન થવા યોગ્ય છે, તથાપિ સંતતિ પ્રાપ્તિ નિમિત્તે દેવારાધનતા ગૌણ કરી, મુખ્યત્વે અંતરાય કર્મ ક્ષય થવા નિમિત્તે દેવનું આરાધન કરવામાં આવે તો મિથ્યાત્વ પ્રાપ્તિનો કે, સમ્યક્ત્વ દૂષિત થવાનો સંભવ નથી.

તેમજ 'વીતરાગદેવ સંતતિ સુખ કેવી રીતે આપી શકે ?' તેનું સમાધાન મેં ગુરૂમુખથી સાંભળ્યું છે કે, પ્રત્યક્ષપણે વીતરાગદેવ કાંઇ નથી આપતા, તથાપિ જે વસ્તુ મળે છે તે પુણ્યોદયથી યા અંતરાય ક્ષયથી–અથવા ઉભયથી મળે છે. આ પુણ્યોદય કરવામાં કે, અંતરાય કર્મક્ષય થવામાં, વીતરાગદેવનું પૂજન, સ્મરણ કે આરાધન કારણરૂપ થાયછે.

શુભાશુભ કર્મબંધનમાં, શુભાશુભ પરિણામો પરમ કારણ છે. શુભ પરિણામ થવામાં ઉત્તમ આલંબનો નિમિત્ત કારણ છે. આ કારણથી કાર્યની ઉત્પત્તિ થાય છે. કદાચ કારણમાં કાર્યનો ઉપચાર માનવામાં આવે તો હરકત જેવું નથી. અને આ અપેક્ષાએજ કહેવામાં આવે છે કે, વીતરાગદેવના આરાધનથી અમને અમુક વસ્તુની પ્રાપ્તિ થઇ.

વીતરાગદેવના આરાધનથી વસ્તુ પ્રાપ્તિ થવામાં બીજું કારણ એમ પણ માનવામાં આવે છે કે, વીતરાગ દેવ તરફ અતિશય ભક્તિ જોઇ, પુણ્યથી પ્રેરાયેલા, શાસનાધિષ્ટિત સમ્યકત્વ ધારી દેવ–દેવીઓ, તુષ્ટમાન થઇ સાહાય્ય-

કારી થાય છે. અથવા પ્રત્યક્ષ થઇ, દુઃખ દૂર કરી, ઈચ્છિત મનોરથો પૂરણ કરે છે. માટે હે સ્વામિનાથ ! શુભ ભાવથી દેવાધિદેવના આરાધન વિગેરે શુભ કાર્યો કરવાથી અવશ્ય આપણા મનોરથો સિદ્ધ થશે; કેમકે નિમિત્ત બલવાન અને ઉત્તમ છે.

રાણી **ચં**પકમાલાનાં આવાં ગંભીર વિચારવાળાં વાકયો સાંભળી મહારાજા **વી**રધવળ ઘણો હર્ષિત થયો. સંસાર રથમાં આવું સુંદર અને અતિ ઉપયોગી ચક્ર જોઇ પોતાને કૃતાર્થ માનવા લાગ્યો, તેજ દિવસથી તે દંપતીએ દેવાધિદેવની આરાધના કરવી શરૂ કરી અને આનંદમાં દિવસો પસાર કરવા લાગ્યા.

## પ્રકરણ ૯ મું.

### ચંપકમાલાનું હરણ.

અંતેઉરના ( રાણીના ) શયન ગૃહમાં, રાણી **ચં**પકમાલા, અને રાજા **વી**રધવળ બેઠા બેઠા સુખ આનંદની વિનોદી વાર્તા કરી રહ્યા હતા. એવામાં અકસ્માત્ દીન મુખ કરી રાણી **ચં**પકમાલાએ જણાવ્યું.

"સ્વામિનાથ આજે મારૂં જમણું નેત્ર ફરકે છે. હું નથી જાણતી કે, આ અશુભ સૂચક નિમિત્તથી મને કાંઇ ભૂત ગ્રહ નડશે ? મારા ઉપર વિદ્યુત્પાત થશે ? સર્વસ્વનું અપ હરણ થશે ? કોઈ રોગ, આતંક ઉત્પન્ન થશે ? કે પ્રાણનો સંશય થશે ? આજે મને જરા માત્ર ચેન પડતું નથી. "

**વી**રધવળે જણાવ્યું. " પ્રિયા સ્ત્રીઓનું જમણું નેત્ર ફરકે તે, અશુભ સૂચક છે, છતાં તું બીલકુલ ભય ન રાખીશ, હૃદયમાં અધૃતિ ન કરીશ, કાંઇ વિરૂપ થવાની શંકાપણ ન કરીશ. સૂર્યોદયથી અંધકારનો લેશ પણ ભાગ રહેતો નથી, તેમ જ્યાં સુધી હું રાજ્યનું પાલન કરનાર છું, ત્યાં સુધી તારે જરા પણ ભય રાખવા જેવું નથી; તેમ છતાં કદાચ કાંઇ પણ તને વિરૂપ થશે, તો પતંગની માફક તારી સાથેજ મને પણ અગ્નિનુંજ શરણ થશે" ઈત્યાદિ શબ્દોથી રાણીને ધીરજ આપી રાજા રાજસભામાં આવી રાજ્ય કાર્યમાં પ્રવૃત્ત થયો.

આ તરફ જેમ જેમ રાણીનું જમણું નેત્ર વિશેષ ફરકવા લાગ્યું, તેમ તેમ તેને મહેલમાં, ઉદ્યાનમાં, ઉપવનમાં, કે નગરમાં કોઈ પણ સ્થળે શાંતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન મળી. ચિત્તની ઉદાસીન વૃત્તિવાળી રાણી, ઉદ્યાનાદિકમાં ફરી ફરી થાકી. છેવટે મધ્યાન્હ વેળાએ મહેલમાં પાછી આવી પોતાના પલંગ ઉપર શયન કર્યું અને ધીમે ધીમે કાંઇ નિદ્રા પામતી હોય તેમ નેત્રો મીચાયાં. થોડાજ વખત પછી વેગવતી દાસી હાથથી મસ્તક કુટતી પગલે પગલે સ્ખલના પામતી, અશ્રુધારાથી હૃદયને ભીંજાવતી, રાજ સભામાં આવી રાજાને કહેવા લાગી.

" મહારાજા **વી**રધવળ મહારાણી **ચ**ંપકમાલાનું " આ અર્ધ વાક્ય સાંભળતાં જ શોકાર્તદાસીને જોઈ ભયભ્રાંત થયેલો રાજા બોલી ઉઠયો " હા દેવી ! દૈવ વશથી શું તારૂં અમંગળ થયું ? શું તારૂં જમણું નેત્ર ફરકતું હતું તે સફળ થયું ? અરે વેગવતી ! જવાબ આપ. રાણી **ચ**ંપકમાલાનું શું થયું ? આ સ્નેહી હૃદય વિલંબ નથી સહન કરી શકતું. "

રૂદન કરતી વેગવતીએ ઘણી મહેનતે જવાબ આપ્યો " ઓ ધીર, વીર શિરોમણિ મહારાજ ! તારા બે કાન અને હૃદયને વજ્રની માફક કઠીણ કર. હું તેમના સંબંધી વૃતાંત જણાવું છું. જ્યારે મહારાણીનું જમણું નેત્ર વિશેષ ફરકવા લાગ્યું ત્યારે તેમને મહેલમાં બીલકુલ આનંદ ન આવ્યો; તેથી અમે સર્વે શહેર બહાર ઉદ્યાનમાં ગયાં, ત્યાં પણ તેમનું ચિત્ત શાંત ન થયું, ત્યારે ઉપવનમા ગયાં, એમ અનેક વિશ્રાંતિના સ્થળે ફરવા છતાં જ્યારે તેમને કોઈ સ્થળે શાંતિ ન વળી, ત્યારે અમે સર્વે થાકીને પાછાં મહેલમાં આવ્યાં. તેઓ પલંગમાં સુતાં, અને મને જંગલમાં કેટલાંક પાંદડાંઓ લાવવા માટે મોકલી. મહારાણી નિદ્રાધીન થયાં જાણી સર્વ પરિવાર, ખાવા પીવા વિગેરે કાર્યમાં રોકાયો. હું જંગલમાંથી કેટલાંક તેમને ઉપયોગી પાંદડાંઓ લઇ તત્કાળ તેમની પાસે આવી, તેવામાં તો પલંગની અંદર લાકડાની માફક ચેષ્ટારહિત મેં તેમને જોયાં. હું નથી જાણતી કે મહારાણીનાં પ્રાણ શું કોઈ રોગના કારણથી, વિષથી કે મહાન્ દુઃખથી ગયાં હશે ? "

દાસીના મુખથી વજ્રપાત સરખાં યા હાલાહલ ઝેર સરખાં વચનો સાંભળતાંજ રાજા, એકદમ મૂર્ચ્છા પામી ધરણીપર ઢળી પડયો.

નજીકમાં રહેલા પ્રધાન મંડળે શીતળવાયુ વિંજવાથી, અને ચંદનદ્રવના સિંચન કરવાથી, કેટલીકવારે રાજા મૂર્ચ્છા રહિત થયો. જાગૃતિમાં આવતાં રાજા નીચે પ્રમાણે વિલાપ કરવા લાગ્યોઃ—

" અરે નિર્દય દેવ ! તેં મને પ્રથમ કેમ ન માર્યો ? જેથી રાણીના અમંગલની વાત સાંભળવાનો મને પ્રસંગજ ન પ્રાપ્ત થાત. અરે દુર્દૈવ તેં

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ગરોળીની પુંછડીની માફક તરફડતો મારો અર્ધઆત્મા છેદી નાંખ્યો, તો હવે પાછળ રહેલ અર્ધનો પણ જલદી નાશ કર.

હે દક્ષદેવી ! દક્ષિણ નેત્રસ્ફુરવાના બ્હાનાથી તારૂં મૃત્યુ તેં મને પ્રથમ થીજ જણાવ્યું હતું છતાં, હું તારૂં રક્ષણ કરી ન શક્યો; તારે માથે વિપદા આવેલી જાણવા છતાં, પ્રતિકાર કર્યા સિવાયજ બેસી રહ્યો. માટેજ હું અજ્ઞાની, મહા પાપી, અને બુદ્ધિના લેશથી રહિતજ છું. જો તેમ ન હોત તો પ્રથમથીજ કાંઇ ઉપાય યોજત. આ પ્રમાણે પોતાની નિંદા કરતા, નેત્રવારિથી પૃથ્વી પીઠ સિંચતા, અને વિલાપ કરતા રાજાએ સમગ્ર પરિવારને રડાવ્યો.

ફરી રાજા પૃથ્વીપર પડી ગયો. વળી ઉઠયો, થોડીવાર બેઠો, થોડીવારમાં ચાલવા લાગ્યો, આ જગતને શૂન્યરૂપ જોવા લાગ્યો, વળી ક્ષણવારમાં વિલાપ કરવા લાગ્યો.

રાજાની આવી સ્થિતિ જોઇ, સ્વામિને દુઃખે દુઃખી થયેલ પ્રધાન વર્ગ, ગદ્‌ગદ્ કંઠે રાજાને વિજ્ઞપ્તિ કરવા લાગ્યો.

" મહારાજા ? આમ વિલાપ શા માટે કરો છો ? આપ શિઘ્ર ચાલો, મહેલમાં જઇને તપાસ કરીએ કે દેવી ચંપક માલાના શરીરની અવસ્થા હાલ કેવી છે. ઝેરના પ્રયોગથી કદાચ મનુષ્યો શ્વાસોશ્વાસ રહિત થાય છે, ત્યારે તેમનો જીવ નાભિમાં હોય છે. તેવું આ મહારાણીના સંબંધમાં તો નથી બન્યું ? આ પ્રમાણે પ્રધાનોની પ્રેરણાથી સ્ખલના પામતા પગે, પરિવાર સહિત રાજા, રાણીના મહેલમાં આવ્યો. ત્યાં આવીને જુવે છે તો, કાષ્ટની માફક નહિ બોલતી કે નહિ ક્રિયા કરતી રાણીને દીઠી. રાણીને આવી સ્થિતિમાં જોતાંજ, સ્નેહી રાજા નેત્રો ભમાવીને અકસ્માત્ મૂર્ચ્છાર્દિત થઇ પૃથ્વીપર પડી ગયો. શીતળ પાણીના છંટકાવથી નેત્રો ઉઘાડી કેટલીકવાર રાજા બેઠો થયો. પણ રાણીની તેવી અવસ્થા જોઇ, રાજા ફરી મૂર્ચ્છા ખાઇ નીચે પડયો. આમ વારંવાર મૂર્ચ્છામાંથી ઉઠવું અને પાછું મૂર્ચ્છામાં પડવું, આવી ભયંકર દશા રાજા અનુભવવા લાગ્યો.

પ્રધાનોએ રાણીના શરીરને સર્વ બાજુએ તપાસ્યું. પણ કોઈ સ્થળે સર્પની દાઢાનો ઘાત, કે છિદ્રાદિ કાંઇ પણ જોવામાં ન આવ્યું. તેમ વિષનો પ્રયોગ પણ ન જણાયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૦ મું.

## પ્રધાન મંડળ ચિંતામાં.

મિત્રો! રાણીનું શરીર અક્ષત ( આખું ) છે. ઝેરનો પ્રયોગ પણ જણાતો નથી. તો શું આ રાણીના પ્રાણ કોઇ હૃદયના દુઃખથી, કે દુષ્ટ દૈવના કોપથી ચાલ્યાં ગયાં હશે? જો તેમ ન હોય તો અક્ષત શરીર હોવું ન જોઇએ. રાણીના મોહથી મોહિત થયેલ રાજા અવશ્ય મરણ પામશે. રાજાના મરણથી રાજ્યનો નાશ થશે. કારણ કે રાજ્ય ધારણ કરનાર એક પણ કુમાર નથી.

સુબુદ્ધિ પ્રધાને જણાવ્યું. "મહા અમાત્ય! કોઈ પણ પ્રયોગ કરી અત્યારે કાળલંઘન ( વખત લંબાવવાની ) કરવાની જરૂર છે, કારણ કે વખત જતાં આપણને રાજાનો બચાવ કરવાનો કોઇ પણ ઉપાય સ્ફુરી આવશે.

બીજા મંત્રિએ જણાવ્યું. "મહાનુભાવ કાળક્ષેપ કેવી રીતે કરી શકાય?"

સુબુદ્ધિએ જણાવ્યું "રાજાને આપણે જણાવીએ કે રાણીને વિષ ચડેલું છે, રાણી હજી જીવે છે, તેનો જીવ નાભિમાં છે, માટે મણિ, મંત્ર ઔષધ્યાદિકે કરી તેનું ઝેર ઉતારવાનો પ્રયોગ અજમાવો." આ વાત સર્વને અનુમત થવાથી મુખ્ય પ્રધાન રાજા પાસે આવી કહેવા લાગ્યો.

"મહારાજા! રાણી હજી જીવે છે. તેમને ઝેર ચડ્યું છે. હજી તેમનો જીવ નાભિમાં રહેલો છે."

આ વાક્ય સાંભળતાંજ રાજા જાણે અમૃતથી સિંચાયો હોય તેમ ઉશ્વાસ પામી જાગૃત થઇ કહેવા લાગ્યો.

"અરે સેવકો! દોડો, દોડો, વિષ ઉતારનાર જડી બુટ્ટી ભંડારમાંથી લાવો. વિષ દૂર કરનાર મણિ લાવો. શેહેરમાં જેટલા મંત્રવાદિઓ હોય તે સર્વને બોલાવો. અને રાણીને જલદી વિષરહિત કરો."

રાજાનો આદેશ થતાં જ, જડીબુટ્ટી, મણિ, અને મંત્રવાદી સર્વ વસ્તુ હાજર થયાં. સુબુદ્ધિ પ્રધાનના કહેવા મુજબ રાણીને એકાંતમાં સ્થાપન કરી, તરતજ મંત્ર વાદિઓએ મંત્ર ક્રિયાદિ પ્રયોગો શરૂ કર્યા.

રાજા વિચાર કરે છે. "હમણાં રાણી શ્વાસ લેશે, હમણાં દૃષ્ટિ વિકસિત ( ઉઘાડી ) કરશે, હમણાં બોલશે, હમણાં બેઠી થશે; આ પ્રમાણે રાજાને વિ-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ચારમાં ને વિચારમાંજ અરધો દિવસ અને ઘણી મહેનતે રાત્રિ પણ પસાર થઈ ગઈ. બુદ્ધિમાન્ પ્રધાનો આટલો વખતતો પસાર કરાવી શકયા. પણ રાણીનાં શરીરમાં કરેલા પ્રયોગોની કાંઇ પણ અસર ન થઈ. પ્રાતઃકાળ થતાંજ સર્વ પ્રધાનો નિરૂપાય થઇ વિચાર કરવા લાગ્યા કે હવે આજે આપણે રાજાને મરણથી કેવી રીતે બચાવી શું ?

રાણીના સ્નેહ પાશથી બંધાયેલો રાજા અવશ્ય મરણ પામશે. અકૃત્રિમ સ્નેહવાળાની મરણ સિવાય બીજી કોઇ ગતિ નથી. હા ! હા ! રાજાના મરણથી આ રાજ્ય, રાષ્ટ્ર, કોશ, ચતુરંગ સેના, અમે, અને સર્વ પ્રજાઓજ અનાથ થઇશું.

આ પ્રમાણે ચિંતા સમુદ્રમાં ડુબેલા સર્વ પ્રધાનો, શાખાથી ભ્રષ્ટ થયેલા વાનરની માફક વિલખા થયા.

પૂર્વની માફક પોતાની વલ્લભાને ચેષ્ટા રહિત જોઇ, રાજાનો કંઠ રૂંધાઇ ગયો, છતાં ઘણી મહેનતે ગદ્ગદ્ કંઠે વિલાપ કરવા લાગ્યો. " હે દેવી ! તને સજીવન કરવા માટેના આ સર્વ પ્રયોગો નિષ્ફલ નિવડયા છે. હવે તું કયા ઉપાયે કરી સજીવન થઇશ ? હે વલ્લભા ! આટલા વખતથી આટલા બધા ઉપાયો કરવા છતાં તું કેમ બોલતી નથી ? હું તો ધારૂં છું કે મને અહીં મૂકીને તું પરલોકમાં ચાલી ગઇ છે. પ્રિયા ! તારા સિવાય મારી એક ઘડી તે માસ સમાન જાય છે. અને દિવસ તે વર્ષ સમાન જાય છે, તો બાકીનું આયુષ્ય મારૂં કેવી રીતે નિર્ગમન થશે ? વ્હાલી ! આ મારી કૌશલતા અને શક્તિ ધિક્કારને પાત્ર છે કે તારી આપદા જાણવા છતાં તારૂં રક્ષણ મારાથી ન શકયું. અરે દેવી ! મને મૂકીને તું કયાં ગઇ ? એક વાર આવીને તારૂં સ્થળ મને જણાવ. ત્યાં આવી તારૂં મુખ જોઇ હું તૃપ્ત થાઉં." આ પ્રમાણે વિલાપ કરતા દુઃખી રાજાને મહાન્ મૂર્ચ્છા આવી ગઇ. શીતોપચાર કરતાં જાગૃતિમાં આવેલો રાજા પ્રધાનોને કહેવા લાગ્યો.

" હે મંત્રીશ્વરો ! તમે સર્વે મારૂં એક વચન સાંભળો. આટલો લાંબો વખત જવા છતાં પણ તમે કોઈ દેવીને સજીવન કરી ન શકયા. મારે નિશ્ચે દેવીની સાથે મરવું છે. નહિતર દેવીના વિરહથી મારા પ્રાણ પોતાની મેળેજ ઉડી જશે. પ્રધાનો ! હવે વિલંબ ન કરો. ગોળા નદીના કિનારાઉપર કાષ્ટની ચિતા જલદી તૈયાર કરો. રાણીના વિયોગથી દગ્ધ થતા મારા આત્માને, ચિતામાં પ્રવેશ કરાવી શાન્તિ આપું.

અશ્રુજળથી પૃથ્વી તળને ભીંજાવતા પ્રધાનો કહેવા લાગ્યા. હા ! હા !

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

હા! મહારાજ! આજે અમો સર્વે જીવતા જ રસાતળમાં પેઠા સૂર્ય અસ્ત થયા પછી શું કમળાકર વિકસિત હોય! પિતાના મરણ પછી નિરાધાર બાળકોની શી દશા! કોણ આધાર! પાણીવિના જેમ માછલાંઓ ઝુરી ઝુરી તડફડી તરફડી, પ્રાણ ખુવે છે તેમ હે નાથ! તમારા સિવાય પુણ્યવિનાના, અનાથ અને પૃથ્વીપીઠપર આળોટતા અમારી શી સ્થિતિ થશે? અમારા પર પ્રસન્ન થાઓ. આ મોહ મુકી દ્યો. ધૈર્યતા ધારણ કરો. મરણના પરિણામ મૂકી ચિરકાળ રાજ્ય કરો. તમારા સિવાય શત્રુઓ રાજ્ય ગ્રહણ કરશે. રૈરની માફક પ્રજા રોળાશે, પૃથ્વી નિરાધાર થશે, અને અમે અનાથ થઇશું. હે રાજન્! તમારા જેવા વીર પુરૂષો પણ જ્યારે ધીરતાનો ત્યાગ કરશે તો, નિરાધાર આ 'ધૈર્યતા' કોને શરણે જશે? કોનો આશ્રય કરશે?

વળી મહારાણી પ્રાણ રહિત થયાં તેમાં કર્મ પરિણામ જ કારણ છે. આથી સંસારની અસારતા પ્રકટપણે જણાઇ આવે છે. દુનિયાનો કોઇ પદાર્થ, ચિરકાળ એકજ સ્વરૂપે રહી શકતોજ નથી. તેના સંબંધમાં મહાત્માઓ કહે છે કેઃ—

**राजानः खेचरेंद्राश्च केशवाश्च चक्रवर्त्तिनः ॥**
**देवेंद्रा वीतरागाश्च मुच्यंते नैव कर्मणा ?**

રાજાઓ, વિદ્યાધરો, વાસુદેવો, ચક્રવર્ત્તિઓ, દેવેન્દ્રો, અને વીતરાગોને પણ કર્મ છોડતું નથી. અહા! આવા મહાન્ સામર્થ્યવાળા મહાપુરૂષોને પણ કરેલ કર્મ ભોગવવાં પડે છે, તો આપણને ભોગવવાં પડે તેમાં આશ્ચર્ય શું?

હે નાથ! તમે કર્મનું માહાત્મ્ય જાણનારા વિવેકી છો, છતાં આ પ્રમાણે પતંગ મરણ કરવું તમને કોઇ પણ રીતે યોગ્ય નથીજ.

પ્રધાનનાં વચનો સાંભળી, શોકથી દુંહિત હૃદયવાળા પ્રજનાથે, ઉત્તર આપ્યો. "હિતસ્વી મંત્રીશ્વરો તમે મને જે બોધ આપો છો, કર્મની પરિણતી, સંસારની અસારતા, અને અનિત્યતા, જણાવો છો, તે સર્વ હું જાણું છું. પણ મોહની સ્થિતિ કોઈ અજાયબ જેવી વિચિત્ર છે. રાણીના મોહથી મોહિતાત્મા, 'હું' અત્યારે યુક્તાયુક્ત કંઇ પણ વિચાર કરી શકતો નથી. તેમજ જ્યારે રાણીએ પોતાનું દક્ષિણ નેત્ર ફરકવાનું મને જણાવ્યું, ત્યારે 'તેને કાંઇ પણ અશુભ થાય તો તેની સાથે મરણ પામવાનું' મેં વચન આપ્યું છે. તો પોતાની જીહ્વાથી બોલાયેલું આવું સુખાળું, સુ-

લભ, કાર્ય પણ મારાથી ન બની શકે તો અસત્યવાદી મનુષ્યોમાં હું પ્રથમ પંક્તિ ધરાવનારજ કહેવાઉં.

આ જન્મથી લઈ અત્યાર સુધી મારૂં વચન કોઈ પણ વખત અન્યથા થયું નથી. આજ પર્યંત હું અસત્ય બોલ્યો નથી. અને અત્યારે જો હું મરણ ન પામું તો મારૂં સત્યવ્રત કેવી રીતે રહે ?

'ખરેખર ઉત્તમ પુરૂષો ત્યાં સુધી દુનિયાપર જીવતા છે કે, જ્યાં સુધી તેઓ બોલેલું વચન પાળે છે, સત્યનેજ પોતાનું જીવન સમજનારા સંતપુરૂષો સત્ય સિવાય પોતાને મરેલાજ માને છે.'

માટે હે પ્રધાનો! મારા માટે તથા રાણીના શબ (મૃતક) માટે ચિતા તૈયાર કરાવો, કે હું સર્વ દુઃખોને જલાંજલી આપું.

આ પ્રમાણે પ્રત્યુત્તર આપનાર રાજાને, પ્રધાનોએ અનેક પ્રકારે સમજાવ્યો છતાં, રાણી ઉપરના સ્નેહને લઇ કોઈ પણ પ્રકારે રાજા મરણના નિશ્ચયથી પાછો ન હટ્યો. ત્યારે સર્વ પ્રધાનો મૌન ધારણ કરી, શૂન્ય ચિત્તે અને ઉદાસીનપણે એક બાજુ ઉભા રહ્યા.

## પ્રકરણ ૧૧ મું.

### રાજાની હઠ. અને પ્રજાનો વિલાપ.

"રાજાએ કહ્યું અરે પ્રધાનો! ઉદાસ થઇને કેમ ઉભા ? તમે પણ આમ નિષ્ઠુર શા માટે થાઓ છો ? હું કોઇ પણ રીતે જીવતો રહેવાનો નથી. વિલંબ કરી મને વિશેષ શામાટે રીબાવો છો ?"

રાજાના આ પ્રશ્નનો કાંઇ પણ ઉત્તર ન વાળતાં શ્યામ મુખ કરી, જમીન ઉપર દૃષ્ટિ સ્થાપી, પ્રધાન મંડળ ઉભું ઉભું ઝુરતું હતું.

ચિતા રચવા માટે પ્રધાનોને નિરાદર જોઇ, રાજાએ પોતાના બીજા માણસોને તે કામ માટે પ્રેરણા કરી. તે મનુષ્યોએ વિના ઉપાયે રાણીના મૃતકને સ્નાન કરાવી, પુષ્પાદિકથી પૂજન, અર્ચન કરી, શીબિકામાં સ્થાપન કર્યું. એટલે પરિવાર સહિત રાજા તે શીબિકાની સાથે ગોળા નદીના કિનારા તરફ ચાલતો થયો.

'લોક પ્રિય અને પ્રજાનો પિતા આંતર દુઃખથી દુઃખિત થઇ, આજે

ચિતાનળમાં બળી મરવા જાય છે,' આ વાર્ત્તા શહેરમાં ફેલાતાંજ આબાળ-વૃદ્ધ સર્વ મનુષ્યો, દરેક સ્થળે કરૂણ સ્વરે વિલાપ કરવા લાગ્યાં. તે દિવસે શહેરનાં સર્વ મનુષ્યોએ અનાજ તો શું પણ પાણી સરખુ પણ પીધું નહિ અને કેવળ અશ્રુ જળથી ભૂમિનું સિંચન જ કર્યું. તે દિવસે શેહેરમાં કોઇ હસતું નહિં. લોકો આપસમાં આલાપ સંલાપ કરતા નહિ, પણ સર્વ લોકો રાજાના શોકથી શ્યામ મુખવાળા જણાતા હતા. આખા શહેરમાં શોકનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. વજ્રથી હણાયેલાની માફક, ઝેર ચડવાથી ઘૂર્ણાયમાન થતાની માફક, અથવા સર્વસ્વ ચોરાઇ ગયેલું હોય તેની માફક, આખા શહેરનાં મનુષ્યો શૂન્ય હૃદયવાળાં જણાતાં હતાં.

શોકની છાયા એટલી બધી છવાઇ રહી હતી કે, પંખીઓએ ચૂર્ણી ખાવી બંધ કરી દીધી. જનાવરોએ ચાર ખાવાનો ત્યાગ કર્યો. ત્યારે વિચારવાન્ મનુષ્યોએ સર્વ ત્યાગ કર્યો હોય, તેમાં આશ્ચર્ય શાનું? "હે કુલદીપક પુત્ર! દૈવરૂપ વાયુએ તને તત્કાળ બુઝાવી નાંખ્યો. તારા સિવાય અમે દુઃખરૂપ અંધકારમાં ગોથાં ખાતાં, આપદાઓના ખાડામાં પડીશું. હા! હા! આજે અમારા વંશનો ઉચ્છેદ થયો. અરે! અમારી ચિંતા કોણ કરશે?" આ પ્રમાણે કુળ વૃદ્ધા સ્ત્રીઓ વારંવાર વિલાપ કરતી હતી.

"રાજ્યરથની ધુરા વહન કરનારા અને બુદ્ધિમાનોમાં ખપતા અમને ધિક્કાર થાઓ. અરે! આજે અમારી બુદ્ધિ કુંઠિત થઇ ગઇ. કોઇ પણ બુદ્ધિપ્રયોગથી અમે રાજાનું રક્ષણ કરી ન શકયા" આ પ્રમાણે વિચાર કરતું અમાત્યમંડળ ઉભું ઉભું ઝુરતું હતું.

"હે પ્રજાપાળ! હે કામની માફક મનોહર મહારાજા! હવે અમે તને કયાં જોઇશું?" આ પ્રમાણે કહી નગરની નારીઓ વારંવાર રૂદન કરતી હતી.

"હે દેવ! પુત્રની માફક પાલન કરેલી આ પ્રજા હવે રૈરની માફક રોળાશે." રાજ માર્ગે ચાલનાર લોકો આ પ્રમાણે રાજાને સંભારી રહ્યા છે.

"હે રાજા! માળી જેમ વૃક્ષોને પાણી સિંચી સિંચીને વૃદ્ધિ પમાડે છે તેમ તમારા પ્રસાદ જળે કરી આ જન્મથી વૃદ્ધિ પામેલાં અમારો, તારા સિવાય કોણ ઉદ્ધાર કરશે?" યાચક લોકો રાજા આગળ બોલી રહ્યા છે.

"હે નરેન્દ્ર!! ધૈર્યતા, શુરતા, ગંભીરતા, ઉદારતા, સત્યતા, દાક્ષિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણ્યતા, ઉપકારબુદ્ધિ, અને કરૂણાદિ ઉત્તમ ગુણો આજે અમારી સાથેજ નિરાધાર થયા." આ પ્રમાણે બોલતા પંડિતપુરૂષો શોચ કરે છે.

"હે દેવ! આમ કરવું તને બીલકુલ ઉચિત નથી." એ પ્રમાણે સર્વ પ્રજાના મુખથી શબ્દો નીકળી રહ્યા છે, છતાં રાજા એક પીડી બે ન થયો. અર્થાત્ તેણે પોતાનો વિચાર ન જ બદલ્યો. પોતાનું ધારેલ કાર્ય પાર પાડવા, પ્રજાના બોલવા તરફ લક્ષ ન આપતાં ગોળા નદીના કિનારા ઉપર રાણીના મૃતક સહિત તે આવી પહોંચ્યો.

રાણીના મૃતકની પાલખી એક બાજુ મૂકી મનુષ્યો ચિતા ખડકવા લાગ્યા. આ બાજુ સ્નાન કરવા નિમિત્તે રાજા નદીમાં ઉતર્યો. મનુષ્યોનાં ઉષ્ણ અશ્રુજળથી ગોળાનદીનું પાણી પણ કાંઇક ઉષ્ણ થયું હોય એમ જણાતું હતું.

રાજા પૂર્ણ ઉત્સાહમાં જણાતો હતો. તેના મનમાં એજ વિચારો ચાલતા હતા કે, 'જલદી ચિતા સળગાવાય તો ઠીક. જેથી રાણીના મૃતક સાથે બળી મરી, અન્ય જન્મમાં તેના સમાગમનો હું ભાગી થાઉં.'

રાજા સ્નાન કરી બહાર આવ્યો કે, તે નદીના પ્રવાહમાં ઉપરના ભાગથી એક લાંબુ, સ્થૂળ કાષ્ટ તરતું નજીક આવતું જણાયું. તે કાષ્ટને જોઈ પ્રધાને નદીમાં તરવાવાળાઓને હુકમ કર્યો કે, આ તરતા આવતા, લાકડાને બહાર કાઢો. કેમકે ચિતાને લાયક કાષ્ટો ઘણાં થોડાં આવ્યાં છે.

પ્રધાનનો આદેશ થતાં જ તરવાવાળાઓએ નદીના ઉંડા જળમાં પ્રવેશ કર્યો, અને થોડીજવારમાં તે કાષ્ટ નદીના પ્રવાહથી બહાર કિનારાપર લાવી મૂક્યું. રાજા પણ તે કાષ્ટની સમીપ આવ્યો. તપાસ કરતાં તે કાષ્ટ ઘણુંજ મજબુત બંધનોથી બંધાયેલું જણાયું.

## પ્રકરણ ૧૨ મું.

## શોકમાં હર્ષ.

આ કાષ્ટને આવી મજબૂતીથી બાંધવાનું કારણ શું? આ કાષ્ટ પોલું તો નહિ હોય? આ નદીમાં કોણે તેને વહેતું મુક્યું હશે? પોતાની મેળે શું તણાઈ આવ્યું હશે? વિગેરે અનેક વિતર્કો કરતા રાજાએ, તેનાં બંધનો તોડી નાખવાનો સેવકોને આદેશ આપ્યો. બંધનો તોડતાંજ તે કાષ્ટના

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

બે ભાગ થઈ ગયા. ઉપરથી એક ભાગ દૂર કરતાંજ તેના પોલાણમાં રહેલી રાણી ચંપકમાળા અકસ્માત્ સર્વના જોવામાં આવી. તેનું શરીર બાવના ચંદનથી વિલેપન કરાયેલું હતું. કસ્તુરી આદિ ઉત્તમ સુગંધી દ્રવ્યોનો પરિમળ તેના શરીર ઉપરથી છુટતો હતો. તેના ગળામાં સુંદર મોતીનો અમૂલ્ય હાર શોભી રહ્યો હતો, અને નેત્રો કાંઇક નિદ્રાળુ હોય એમ જણાતાં હતાં.

અહા ! શું અકસ્માત્ અમૃતની વૃષ્ટિ ! કાષ્ટના પોલાણમાં રાણીને જોતાંજ રાજા પ્રમુખ સર્વ લોકો મોટા હર્ષનાદની ઉદ્દઘોષણાપૂર્વક બોલવા લાગ્યા. અહો આશ્ચર્ય ! આશ્ચર્ય ! શું પુણ્યનો પ્રાગ્ભાર ! કચરાના ઉકરડામાંથી રત્નાવળી હાર મળી આવે તેમ, કાષ્ટમાંથી જીવતી મહાદેવી આપણને મળી આવી.

આ હર્ષ સાથેજ રાજા વિચારમાં પડ્યો કે, જે રાણીના મૃતકને શિબિકામાં નાખીને આંહી લાવ્યા છીએ, તે ખરી રાણી કે આ ? અથવા શું તે પણ નહિ અને આ પણ નહિ. આ વાતમાં શું કાંઇ છળ, પ્રપંચ જણાય છે ? અથવા તેજ જીવતી રાણી ભય પામીને આ કાષ્ટમાં પેસી ગઇ છે ? પણ તે સંભવ થતો નથી. ત્યારે આમાં સત્ય શું છે તે જાણવા માટે રાજાએ સેવકોને આદેશ કર્યો.

અરે સેવકો ! શિબિકામાં તપાસ કરો કે રાણીનું મૃતક ( મડદું ) છે કે નહિ ?

રાજાનો હુકમ થતાંજ રાજપુરૂષો, શિબિકા તપાસવા દોડયા. એટલામાં તો શિબિકામાં રહેલું મૃતક, હાથથી હાથ ઘસતું, દાંતથી દાત પીસતું, અરે 'હું ઠગાયો છું,' આ પ્રમાણે બોલતું, સર્વ લોકોનાં જોતાં જ આકાશમાં ઉડી ગયું.

આ બનાવ જોતાંજ લોકો ભયથી કંપવા લાગ્યા. સ્ખલિત વાણીએ, અને ઉત્સુકચિત્તે રાજાને તેઓએ આ બનાવ નિવેદિત કર્યો.

વિસ્મય અને આનંદથી પૂર્ણ હૃદયવાળો રાજા લોકોને કહેવા લાગ્યો. આ વૃત્તાંતના ખરા પરમાર્થને આપણામાંથી કોઇ જાણતું નથી પણ કાષ્ટમાં રહેલી રાણી આપણને ખરી હકીકતથી માહીતગાર કરશે. આમ નિશ્ચય કરી રાજા, રાણીને કહેવા લાગ્યો. 'પ્રિયા ! ખરી હકીકત શું બની છે તે અમને જણાવી અમારા સર્વનો સંશય દૂર કર.

રાજાનાં આ વાક્યો, કાને આવતાંજ રાણી નિદ્રામાંથી જાગૃત થઇ, અને સન્મુખ ઉભેલા રાજાના મુખ ઉપર એકીનજરે જોઈ રહી. દષ્ટિસાથે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દષ્ટિ મગનાં નેત્રમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. એ અવસરે બન્ને દંપતીને જે આનંદ, સુખ, કે હર્ષ થયો હતો તે કહેવાને કવિ અસમર્થ છે.

દેવ, દેવીની માફક નિમેષોન્મિષ રહિત કેટલોક વખત રહી, હર્ષાશ્રુથી વિરહાનળ બુઝાતાંજ, રાણી રાજાને પૂછવા લાગી.

"સ્વામિનાથ ! આ નદીના કિનારા ઉપર આપ ક્યાંથી ? પાણીથી ઝરતાં ભિનાં વસ્ત્રો આપે શા માટે પહેર્યાં છે. ? આ સર્વ લોકો આંહી શા કારણથી એકઠા મળ્યાં છે ? આ નજીક ચિતા કોને માટે રચી છે ? આ મૃતક વહન કરવાની શિબિકા દેખાય છે તો શું કોઇ મરણ પામ્યું છે ? આ પ્રશ્નોના ઉત્તર મને આપો."

રાજા અધીરો થઇ બોલવા લાગ્યો. "દેવી ! આ સર્વવાત હું પછી જણાવીશ. પણ પ્રથમ તમે તમારૂં સર્વ વૃત્તાંત અમને જણાવો.

"દેવી ! તું ક્યાં ગઇ હતી ? ક્યાં રહી હતી ? ધુણની માફક કાષ્ટમાં કેવી રીતે પેઠી ? કંઠમાં રહેલ હાર કોણે આપ્યો ? અને નદીના પ્રવાહમાં કેવી રીતે વહન થઇ ? આ સર્વ વૃત્તાંત અમને આશ્ચર્ય પમાડનાર છે."

રાણીએ મંદસ્વરે ઉત્તર આપ્યો. " આપને પ્રથમ મારૂંજ વૃત્તાંત સાંભળવું છે તો આ નજીક દેખાય તે વડવૃક્ષની શીતળ છાયા નીચે ચાલો કે, ત્યાં જરા વિશ્રાંતિ લઇ, શાંતચિત્તે તે સર્વ હકીકત હું આપને જણાવું."

રાણીના આ ઉત્તરથી સર્વ લોકોને હર્ષ થયો, રાજાદિસર્વે તે વડની છાયા નીચે પોતપોતાને યોગ્ય સ્થાને તે વૃત્તાંત સાંભળવાને ઉત્સુક થઇને બેઠા.

## પ્રકરણ ૧૩ મું.

## મલયાચળનો પાહાડ ઋષભદેવ પ્રભુનું મંદિર.

સ્વામિનાથ ! આ વાતનીતો આપને ખબર હતી કે મારૂં જમણું નેત્ર ફરકતું હતું. આ અશુભ નિમિત્તથી મને કોઈ પણ સ્થળે રતિ થતી ન હોતી. વનાદિકમાં ભમી ભમીને હું પાછી મેહેલમાં આવી. અને વેગવ-

તીને ઝાડનાં પાંદડાં લાવવા માટે વનમાં મોકલી. એ અવસરે નિદ્રાથી મારી આંખો ઘેરાવા લાગી, ત્યારે શયન કરવા માટે મેં પલંગનો આશ્રય લીધો. અને નિદ્રા આવી કે તરતજ કોઇ દુરાત્માએ મને ઉપાડી લીધી. અહીંથી ઉઠાવી એક પાહાડના શિખરપર મૂકી તે દુષ્ટ, નિષ્ઠુર ત્યાંથી કોઇ અન્ય સ્થળે નાસી ગયો.

એ અવસરે ભયથી મારૂં શરીર કંપવા લાગ્યું. પાહાડનો પ્રદેશ ઘણો રમણીય જણાતો હતો. તથાપિ મનેતો એ અવસરે ખાવા ધાતો હોય તેમ જણાતો હતો. બાવના ચંદનનો સુગંધી પરિમળ જોરથી મારા શરીર સાથે અફળાતો હતો, તથાપિ મનેતો દુઃખરૂપજ લાગતો હતો. વૃક્ષની ઘાડી ઘટાઓ ચારેબાજુ આવી રહી હતી, તથાપિ નિર્જન પ્રદેશ ભયંકર લાગતો હતો. ચારે દિશાઓમાં દષ્ટિ ફેંકતી હું શિલાતળ પરથી બેઠી થઇ. આગળ પાછળ નજર કરૂં પણ ત્યાં કોઈ મનુષ્ય જણાતું નહોતું. કેવળ સિંહ, વ્યાઘ્ર, રીંછ, અને તેવાંજ વિકરાળ પ્રાણિઓનાં શબ્દો સંભળાતા હતા. આવી દુઃખદ સ્થિતિમાં સાહસ અવલંબી એક દિશા તરફ મેં ચાલવા માંડયું. ચાલતાં ચાલતાં વિચાર કરતી હતી કે, તે મારી રમણીય નગરી ક્યાં અને આ નિર્જનપ્રદેશ ક્યાં! મારો પ્રાણવલ્લભ ક્યાં રહ્યો અને તેનો મેળાપ મને કેવી રીતે થશે? નિષ્કારણ વૈરીએ મારૂં અપહરણ શા માટે કર્યું હશે? આ આપત્તિનો નિસ્તાર મારે કેવી રીતે પામવો? આ જંગલમાં હું એકલી શું કરીશ? મારા પ્રાણવલ્લભનું શું થશે? વગેરે વિચાર કરતી, અને પગલે પગલે સ્ખલના પામતી હું કેટલીક ભૂમિ પાહાડ ઉપરજ ચાલી ગઇ, તેવામાં એક વિશાળ, ભવ્ય મંદિર મારી નજરે પડયું.

તે મંદિરનાં દ્વારો ખુલ્લાં હતાં. હિમ્મતથી મેં તેમાં પ્રવેશ કર્યો, તો તે મંદિરમાં ઋષભદેવ પ્રભુની સુંદર, અને શાંત મૂર્તિ મારા જોવામાં આવી. તે પ્રભુનાં દર્શન થતાંજ, મને મારા દુઃખમાંથી કાંઇક વિશ્રાંતિ મળી. મારી અનેક આશાઓ સજ્જીવન થઇ. સર્વ દુઃખને ભૂલી ગઇ હોઉં તેમ મારા મનમાં શાંતિ અને હિમ્મત આવી. આવા નિર્જન પ્રદેશમાં અને આપત્તિના સમયમાં આમહાન્ પ્રભુનું દર્શન થવું એજ મારા ભવિષ્યના શુભ સૂચકની નિશાની હતી. હું તે કૃપાળુ દેવની એકાગ્રચિત્તે સ્તુતિ કરવા લાગી.

"હે અનાથના નાથ! પર દુઃખ ભંજન! કૃપા સમુદ્ર! વીતરાગદેવ! હું તારે શરણે આવી છું. મહાન્ આપત્તિઓમાંથી ઉદ્ધાર કરનાર તુંજ 'શરણાગતવત્સલ' બીરૂદ ધારણ કરનાર છે. જન્મ મરણનાં દુઃખોથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુક્ત કરનાર પણ તુંજ છે. તુંજ પૂર્ણ જ્ઞાની છે. તારા હિતોપદેશથી અ-નાદિ કર્મબંધનથી જીવો મુક્ત થાય છે. અંધકારમાં દીપકની પ્રાપ્તિ, મરૂ ભૂમીમાં સરોવરની પ્રાપ્તિ, વૃક્ષવિનાના પાહાડઉપર કલ્પવૃક્ષોની ઘટા, અને સમુદ્રમાં વહાણનો મેળાપ થવો જેટલો આનંદદાયક છે; તેથી વિશેષ પ્રકારે તારૂં દર્શન સુખરૂપ છે. આવી આપત્તિમાં તારૂં દર્શન મહાન પુણ્યોદય-થીજ પ્રાપ્ત થયું છે, તો હે પ્રભુ! તું મારાં બાહ્યાંતર દુઃખનો ઉચ્છેદ કરી, અખંડ સુખ આપ. "

## પ્રકરણ ૧૪ મું.

### મલયા દેવી.

" હે સુંદરી! તારે માથે આવું દુઃખનું વાદળ આવેલું છતાં, જીનેશ્વર ભગવાન ઉપર તારી આવી દૃઢભક્તિ, અને ધર્મપરાયણપણું જોઇ, ઋષ-ભદેવ પ્રભુની શાસનાધિષ્ટાતૃદેવી હું તને મદદ કરવાને માટે તારી આગળ પ્રગટ થઇ છું. આ આદિજીનેંદ્રના ભુવનના નજીકમાંજ રહેતી અને આ ભુવનનું રક્ષણ કરતી, મને 'તું' ચક્રેશ્વરી દેવી સમજ જે.

આ મલયાચળના પાહાડ ઉપર મારૂં ભુવન હોવાથી, મારૂં બીજું નામ મલયાદેવી પણ લોકો કહે છે, મારી સ્વધર્મી ( એક ધર્મ પાળનારી ) બેહેન! તું ધૈર્ય રાખ. ભય મૂકી દે. હું તારૂં રક્ષણ કરવા માટેજ આવી છું." આ પ્રમાણે કહી આદરપૂર્વક તેણીએ મારા હાથમાં કેટલુંક ચંદન આપ્યું.

મલયાદેવીનું મારા ઉપર આવું વાત્સલ્ય જોઈ, મને ઘણી ધીરજ આવી. મેં દેવીને પુછ્યું " હે દેવી! મારૂં કોણે, અને શા હેતુથી હરણ કર્યું છે? મારા સ્વામિનો હવે મને મેળાપ થશે કે કેમ?" દેવીએ જણા-વ્યું. " ધર્મ બેહેન! તારા સ્વામી **વી**રધવળનો, **વી**રપાળ નામનો એક નાનો ભાઇ હતો. રાજ્યની ઇચ્છાથી રાજાને મારવા માટે તેણે વિવિધ ઉ-પાયો કર્યા, પણ તે નિરર્થક ગયા. એક દિવસે ઘાતકી થઇ, રાજાને મારવા માટે તેણે મેહેલમાં પ્રવેશ કર્યો અને રાજા ઉપર હથીઆરનો ઘા કર્યો. રા-જાએ ચાલાકીથી ઘા ચૂકાવી એક સખ્ત પ્રહારથીજ તેને નીચો પાડયો. સખ્ત રીતે ઘાયલ થયેલ **વી**રપાળ પોતાના પાપનો પશ્ચાત્તાપ કરતો, શુભ ભાવે મરણ પામી, આ પર્વત ઉપર મારા પરિવારમાં, પ્રચંડ શક્તિવાળો, ભૂતજાતિમાં દેવપણે ઉત્પન્ન થયો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનથી તેણે પોતાનો પાછલો ભવ જોયો. પોતાનું વૈર યાદ કરી, વેર લેવા રાજાનાં છિદ્રો જોતો તેની પછાડી ફરવા લાગ્યો.

રાજાનું પુણ્ય પ્રબળ હોવાથી તેનું કાંઈપણ બુરૂં કરવાને તે સમર્થ ન થયો, ત્યારે તેણે વિચાર કર્યો કે, રાણી ચંપકમાલા ઉપર, રાજાનો ગાઢ પ્રેમ છે. તેના જેવો સ્વાભાવિક પ્રેમ બીજા કોઇ ઉપર જોવામાં નથી આવતો. જો આ રાણીને મારવામાં આવે તો, પ્રેમપાશથી બંધાયેલો રાજા પોતાની મેળેજ મરણ પામે, અને મારૂં વેર પણ શાંત થાય.

હે સુંદરી ! આ વિચારથી તે ભૂત તારી પછાડી ફરવા લાગ્યો. આજે તને એકાકી અને નિદ્રામાં પડેલી જોઇ આ પર્વત ઉપર ઉપાડી લાવ્યો છે. પુણ્યની પ્રબળતા અને આયુષ્ય કર્મની અધિકતા હોવાથી તે તને મારી શક્યો નથી. ' ખરીવાત છે. સુખ અને દુઃખ, જન્મ અને મરણ, હર્ષ અને શોક, વિયોગ અને સંયોગ, આ સર્વ પોતાનાં શુભાશુભ કર્મનેજ આધીન છે. '

હે ધર્મ સહોદરી ! તું ફરતી ફરતી અહીં આવી અને મને મળી. હું તારા શુભકર્મની પ્રેરણાથીજ અહીં આવી છું. તારાં શુભકર્મોજ તારૂં રક્ષણ કરવા અને ઇષ્ટ પ્રાપ્ત કરાવવા સમર્થ છે. બીજાઓ તે પુણ્યની પ્રેરણાથી ઇષ્ટપ્રાપ્તિમાં માત્ર નિમિત્ત થાય છે. માટે તારે જે જોઇએ તે મને જણાવ. મારો સમાગમ કોઈ પણ રીતે નિરર્થક થવો ન જોઇએ. "

સ્વામિનાથ ! મેં મલયાદેવીને જણાવ્યું. " જો એમજ છે. તો હે મહા દેવી મને પુત્રાદિ કાંઇ પણ સંતતિ નથી. તે સિવાય આવું વિશાળ રાજ્ય નિરાધાર જેવું છે. ગૃહસ્થોનો ગૃહસંસાર પુત્રાદિ સિવાય શોભારૂપ નથી. તો પ્રસન્ન થઇ પુત્ર, પુત્ર્યાદિ સંતતિ આપો. "

આ શબ્દો સાંભળતાંજ રાજા ઉત્સુક થઈ વચમાંજ બોલી ઉઠ્યો. હે વલ્લભા ! તે પરોપકારી દેવીએ શું ઉત્તર આપ્યો ?

ચંપકમાલાએ જવાબ આપ્યો—સ્વામિનાથ ! તે દેવીએ મને હર્ષથી જણાવ્યું કે, તને પુત્ર, પુત્રીનું એક યુગલ ( જોડલું ) થોડાજ દિવસમાં પ્રાપ્ત થશે. આટલા દિવસ સુધી આ ભૂતેજ તમને સંતતિનો નિરોધ કર્યો છે. અર્થાત્ સંતતિ થવામાં વિઘ્ન કરનાર મારો આ અનુચરજ છે. આ ભૂત મારો સેવક હોવાથી હવેથી તમને નુકશાન કે હેરાન કરતાં હું તેને નિવારીશ. "

આ વચનો સાંભળી રાજાને ઘણો આનંદ થયો. રાણીની તેણે ઘણી પ્રશંસા કરી. હે સાધ્વી ! તને ઘણી સારી બુદ્ધિ સુઝી. તેં ઘણું ઉત્તમ વરદાન માગ્યું. મારા વંશનો તેં ઉદ્ધાર કર્યો. મારા હૃદયની ચિંતા તેં દૂર કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રિયા ! તારા સિવાય મારા દુઃખમાં ભાગ લેનાર બીજું કોણ છે ? પુત્ર સં-બંધમાં આપણે કરેલું ધર્મનું આરાધન ફળીભૂત થયું. ધર્મક્રિયાથી અંતરાય કર્મ દૂર થયું. હવે આપણે ઘેર થોડા વખતમાં પુત્ર, પુત્રીની સંપત્તિ થશે. આવી દુઃખની અવસ્થામાં તને આ વાત યાદ આવી એજ આપણો ભાગ્યો-દય સૂચવે છે.

" મલયાદેવીએ બીજો કાંઇપણ ઉપકાર કર્યો કે ? " રાજાએ પૂછ્યું. આ લક્ષ્મીપુંજ નામનો હાર તે મહાદેવીએ પોતાને હાથેજ મારા ગળામાં નાખ્યો. વિશેષમાં જણાવ્યું કે, આ હાર ઘણો દુર્લભ છે. મહાપ્રભાવવાળો છે. કંઠમાં સ્થાપન કરવાથી નિરંતર શુભ ફળ દેવાવાળો છે, આ હારના પ્ર-ભાવથી તને પ્રભાવિક સંતતિ થશે, અને તમારા મનોરથો નિત્ય પૂરણ થશે.

હે નરનાથ ! ત્યાર પછી મેં મલયાદેવીને પૂછ્યું કે, જે દેવે મને લા-વીને અહિં મૂકી હતી, તે દેવ મને મૂકીને પાછો કયાં ગયો ?

દેવીએ જણાવ્યું, શુભે ! તને આ પર્વતપર મૂકી તે દેવ પાછો ચંદ્રા-વતી નગરીમાં ગયો છે. તારે ઠેકાણે, બીજું તારા જેવુંજ, એક મૃતક શ-રીર બનાવી ગુપ્તપણે ત્યાં રહ્યો છે. તારો સ્વામી તારા સજીવન શરીરને અ-કસ્માત્ નિર્જીવ જોઇને જે દુઃખ અનુભવે છે, તે દેવ જાણે છે. ભૂતની માયાને તે જાણી શકયો નથી. તેથી તે કૃત્રિમ મડદાને રાણી માનીને મહાન્ વિલાપ કરે છે.

આ પ્રકારનું તમારૂં દુઃખ સાંભળી મેં દેવીને પ્રશ્ન કર્યો કે મારો સ્વામિ મારા વિરહે જીવતો રહેશે ? અને તે મને કયારે મળશે ? દેવીએ જણાવ્યું, હે ભદ્રે ! સાત પહોરને આંતરે દુઃસહ દુઃખથી પીડાયલો રાજા તને જીવતો મળશે.

'રાજા મને કયે સ્થળે મળશે. ' એમ હું દેવીને પૂછતી હતી, તેવામાં દાસી સહિત એક વિદ્યાધરી આકાશમાર્ગથી ત્યાં આવી, તેને જોઇને મ-લયાદેવી અકસ્માત્ મારી પાસેથી અદશ થઇ ગઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૫ મું.

## જે થાય તે સારાને માટે.

મને ત્યાં એકાકી જોઇ, વિદ્યાધરી મારી પાસે આવી. વિસ્મય પામેલી વિદ્યાધરી મને પૂછવા લાગી કે " હે ભદ્રે ! આ નિર્જન પાહાડ ઉપર, સુંદરરૂપ ધારી એકાકી તું કોણ છે ? " તેના ઉત્તરમાં મેં મારો સર્વ વૃત્તાંત નિવેદિત કર્યો. તે સાંભળી ખેદપૂર્વક વિદ્યાધરી બોલવા લાગી. અહો ! વિધિનું વિલસિત ! આવી સ્વરૂપવાન, ઉત્તમ કુળમાં પેદા થએલી, રાજાની રાણી છતાં આવા નિર્જન પાહાડ ઉપર આવી આફતમાં આવી પડી છે.

" હે શુભે ! હું તને હમણાંજ તારી ચંદ્રાવતીમાં પહોંચાડી આપત, પણ મારે આ પાહાડ ઉપર વિદ્યા સિદ્ધ કરવાની છે. જો હું હમણાં તે વિદ્યાનું આરાધન ન કરૂં તો પછી તે વિદ્યા સિદ્ધ ન થાય આમ ઉભય રીતે હું સંકટમાં આવી છું. એટલે હું તને તારી નગરીમાં પહોંચાડી શકતી નથી. વળી હમણાં મારો પતિ મારી પાછળ આવવાનો છે. તારૂં આવું સુંદર સ્વરૂપ જોઇ તારૂં શીયળ ખંડિત કરશે. અથવા તો તને પત્ની કરીને રાખશે. કારણ કે તે મહા સ્ત્રીલંપટ છે. જો તને તે પત્ની બનાવશે તો સપત્ની ( શોક ) તરીકેનું મને પણ મહાન્ સંકટ પડશે. માટે હે બ્હેન ! ચાલ તું મારી સાથે. હું તને સારી રીતે છુપાવી રાખું. "

આ પ્રમાણે જણાવી તે મને, એક મહાન્ પ્રવાહમાં વહન થતી નદીના કિનારા પાસે લઇ ગઇ. એ અવસરે મને તો ભય લાગ્યો. હું વિચારવા લાગી કે, આ વિદ્યાધરી શું મને મારી નાખશે ? વૃક્ષ ઉપર લટકાવશે ? ગુફામાં પુરશે ? કે નદીના પ્રવાહમાં વહન કરાવશે ? અથવા આ ચિંતા કરવાનું મને કાંઇ પ્રયોજન નથી. ' બહુ દુઃખીઆને દુઃખ નહિ. ' આ ન્યાયને અનુસરીને જે દુઃખ આવે તે સહન કરવું.

નદીના કિનારાપર એક સુકું જાડું લાકડું પડયું હતું. વિદ્યાશક્તિથી તેણીએ તેના બે ઉભા વિભાગ કર્યા. એક મનુષ્ય સારી રીતે સમાઇ શકે તેટલું તે લાકડામાં પોલાણ કરી, ગોશીર્ષ ચંદનવડે મારા સર્વ શરીરને વિલેપન કર્યું. વળી કર્પુર, અગુરૂ, કસ્તુરી પ્રમુખ સુગંધી વસ્તુ વડે મારા શરીરને અલંકૃત કરી તે વિદ્યાધરીએ મને જણાવ્યું કે " હે શુભે ! અહીં આવ. હું તારા શીયળનું રક્ષણ કરૂં " આ પ્રમાણે જણાવી તે લાકડાના

પોલાણમાં મને સુવાડી મારા ઉપર તે લાકડાની બીજી ફાડ ઢાંકી દીધી. ત્યાર પછી શું બનાવ બન્યો તે, ગર્ભાવાસમાં રહેલાની માફક મને બીલકુલ ખબર નથી.

પૂર્વ પુણ્યોદયથી, આ કાષ્ટ આંહીજ આવ્યું, અને હું તેમાંથી નીકળી. આ પ્રમાણે મારૂં બનેલું સર્વ વૃત્તાંત આપને જણાવ્યું."

રાજાએ જણાવ્યું. "હે પ્રિયા! તું મોટી આપત્તિમાં આવી પડી હતી. તારૂં મરણ થયેલું જાણી, તારા વિરહથી મેં પ્રાણત્યાગ કરવાનો નિશ્ચય કર્યો હતો. તૈયાર કરેલી આ ચિતા તેનીજ છે. આ શિબિકામાં જે મૃતક લઈ આવ્યા હતા, તે પેલા ભૂતની માયાથી બનાવેલું તારૂં મૃતક શરીર હતું. તે હમણાંજ લોકોનાં દેખતા આકાશમાં ઉડી ગયું છે. 'તે શું હશે' તેનો સંશય તારા કરેલા ખુલાસાથીજ નિવૃત્ત થયો છે. મને ચિતામાં બળી મરતો જાણી, મારા દુઃખે દુઃખિત થયેલા આ સર્વ લોકો ગોળાનદીના કિનારાપર એકઠા થયેલા છે." ઇત્યાદિ સર્વ વૃત્તાંત રાજાએ રાણીને કહી બતાવ્યો.

રાજાએ **સુબુદ્ધિ** પ્રધાન સામી નજર કરી જણાવ્યું. "**સુબુદ્ધિ**, રાણીને વિદ્યાધરીએ કાષ્ટના પોલાણમાં શામાટે નાખી હશે? એનું સત્ય કારણ શું સમજાય છે? અને આ લાકડું આંહી કેવી રીતે આવ્યું?

સુબુદ્ધિએ જણાવ્યું. મહારાજા! મારૂં માનવું એમ થાય છે કે સપત્ની થવાની શંકાથી વિદ્યાધરીએ, ચંપકમાલા રાણીને કાષ્ટમાં નાંખ્યાં હોવાં જોઇએ. અને તે કાષ્ટ મજબૂત બંધનોથી બાંધીને, પાહાડથી વહન થતી આ ગોળાનદીના પ્રવાહમાં વહેતું મૂક્યું હશે. તે કાષ્ટ મજબૂત પ્રવાહમાં જલદી વહન થતું, આપણા પુણ્યોદયથી અહીં આવી પહોંચ્યું છે. ગમે તે કારણ હો, પણ મહારાજા! '**જે થાય તે સારા માટે**' આ સિદ્ધાંત પુણ્યવાન્ જીવોના સંબંધમાં ખરેખર સત્ય જણાય છે. વિદ્યાધરીનો ગમેતેવો આશય હો–તથાપિ આપણા સંબંધમાં તો તે સુખરૂપજ નિવડ્યો છે.

આજે પહેલા પોહોરના અંતે મહારાણીનો સમાગમ થયો તેથી દેવીનું વાક્ય સત્ય થયું કે, 'સાત પોહોરને અંતે રાજાનો સમાગમ થશે.'

રાજાએ જણાવ્યું, "પ્રધાન! શું દેવીનું વાક્ય અન્યથા હોઇ શકે? નહિજ. પણ પેલા માયાવી ભૂતની માયાની આપણને કાંઇ ખબરજ ન પડી કે, જેણે થોડાજ વખતમાં રાજ્ય, અને વંશનો ક્ષય કરવાનો પ્રારંભ કર્યો હતો. મલયદેવીએ આપણાપર મહાન્ ઉપકાર કર્યો છે. કુળને કુશળ થયું,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્ર, પુત્રીનું વરદાન મળ્યું, અને ઉપદ્રવ કરતાં ભૂતને નિવારણ કર્યો. આ સર્વનું મૂલ કારણ રાણીનું અપહરણ થયું તે છે. તીવ્ર દુઃખનું કારણ રાણીનું અપહરણ તે, તાત્કાળિક ઉગ્ર ઔષધથી વ્યાધિ જવાની માફક પુણ્યોદયથી આપણને સુખરૂપ થયું. માટે પ્રધાન! તમારૂં કહેવું સત્ય છે કે **'જે થાય તે સારા માટે.'**

આ પ્રમાણે મલયદેવીની, રાણીની અને પુણ્યની પ્રશંસા કરી, તે કાષ્ટની બેઉ ફાળીઓ ગોળાનદીના વિભૂષણરૂપ, **ભટ્ટારિકાદેવી** ના મંદિર આગળ રાજાએ મૂકાવી.

આ અવસરે રાજાને વખત જણાવવા નિમિત્તે બંદીજને ગંભીર સ્વરે જણાવ્યું કે.

**हेलोत्तीर्णविपद्ववार्णवजलः प्राप्तोल्लसद्वाः प्रियः**
**स्वैरं विश्रमयन्निलाधरशिरश्चक्रे प्रतापं निजं**
**तन्वानः सुपथो विकाशकमलामोदैर्जगत्प्रीणयन्**
**सर्वस्योपरि वर्तते रविरयं देवाधुना त्वं यथा** १

હે રાજન્! થોડાજ વખતમાં વિપત્તિનો (સમુદ્રનો) પાર પામી, વિકસ્વર મુખવાળી પ્રિયાને (કાંતિને) મેળવીને, ઇચ્છાનુસાર રાજાઓના (પાહાડોના) મસ્તકપર વિશ્રાંતિ લેતા, અને પોતાના પ્રતાપને (તેજને) સ્થાપન કરતા, સન્માર્ગને (રસ્તાઓને) પ્રકાશિત કરતા, લક્ષ્મીવડે (કમળોની સુગંધીવડે) જગતને તૃપ્ત કરતા, સૂર્યની માફક હે દેવ! તમે અત્યારે સર્વના ઉપર (મધ્યાન્હવેળામાં) વર્તો છો.

આ કાવ્યનો વ્યંગ્યાર્થ સાંભળી, સુબુદ્ધિપ્રધાને રાજાને જણાવ્યું, કૃપાનાથ! મધ્યાન્હ વખત થઇ ચૂક્યો છે. આપણે હવે કૃતાર્થ થયા છીએ. જમવાનો વખત વીતી ગયો છે. ક્ષુધાથી ક્ષામ કુક્ષીવાળી મહારાણી પુરૂં બોલી પણ શકતાં નથી. આપ પણ કાલના ભુખ્યાજ છો. તો હવે જલદી નગરમાં પધારો. અને સ્નાન, ભોજન કરી દુઃખને જલાંજલી આપો!

પ્રધાનનાં વચનો સાંભળી, રાજા શહેરમાં જવાને તત્પર થયો. પ્રજાએ શેહેરના રસ્તાઓ અને બજારો શણગારી મૂક્યાં. સ્નેહનાં તરંગોમાં ઝીલતો અને મોહથી વારંવાર રાણીના મુખપર દષ્ટિ આપતો રાજા, હાથી ઉપર બેસી રાણી સાથે પોતાના મેહેલ તરફ જવા નીકળ્યો.

એ અવસરે વાજીંત્રના શબ્દોથી આકાશ પૂરાઇ રહ્યું હતું-છત્રોથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છવાઈ રહ્યું હતું. 'જય' 'જીવ' આદિ માંગલિક શબ્દો બંદીજનો બોલી રહ્યાં હતાં. રાજાપણ યાચકોને અઢળક દાન આપી રહ્યો હતો. લોકોની આશિષો સાંભળતો, રાજા અનુક્રમે મેહેલમાં આવ્યો.

સામંત, અમાત્ય, અને નગર લોકાદિ સર્વને સંતોષી વિસર્જન કર્યાં. તેઓ પણ નમસ્કાર કરી હર્ષ પામતા પોતાના મુકામે આવ્યા.

રાજા, તથા રાણીએ સ્નાનપૂર્વક ઋષભદેવ પ્રભુની પૂજા કરી, ભોજન કર્યું. તે દિવસે આખા શહેરમાં રાજાના પુનર્જન્મનો મહોત્સવ શરૂ થયો.

## પ્રકરણ ૧૬ મું.

### મલયાસુંદરી અને મલયકુમારનો જન્મ.

થોડા વખતની પણ દુઃસહ વિરહવેદના શાંત થઈ, રાજા, રાણી મલ્યાં, આખા શહેરમાં આનંદ છવાઇ રહ્યો. અને લોકો આનંદથી ગાનતાન કરવા લાગ્યાં.

નિત્ય કરતાં આજે સભા ઘણી વહેલી વિસર્જન કરી, મહારાજા **વી**રધવળ, **ચં**પકમાલાના મેહેલમાં આવી વસ્યો હતો. ભુવલય પર ચંદ્રની ચાંદની પ્રસરી રહી હતી. નજીકના બગીચામાંથી સુગંધી પુષ્પોનો બાહાર આવી રહ્યો હતો. સરોવરનાં શીતળ જળને સ્પર્શીને વાયુની મંદમંદ લહરીઓ આવતી હતી. અને આખા મેહેલમાં શાંતિ પ્રસરી રહી હતી. વિરહી દંપતી, આજે કોઇ અપૂર્વ સુખસાગરમાં ડુબ્યાં હોય તેમ આનંદ કરી રહ્યાં હતાં. છેવટે વિશેષ પરિશ્રમથી થાકી ગયેલાં દંપતી નિદ્રાધીન થઇ ગયાં.

મધ્યરાત્રિના અવસરે, શાંતપણે સુતેલી **ચં**પકમાલારાણીના ઉદરમાં કોઈ ઉત્તમ જીવોનું યુગ્મ (જોડલું) આવી ઉત્પન્ન થયું. પુણ્યની પ્રબળતા, અને **મ**લયદેવીની સહાયતાથી; **ચં**પકમાલાએ, આ રાત્રિએજ ગર્ભ ધારણ કર્યો.

જેમ જેમ ગર્ભનાં ચિન્હો પ્રકટ જણાવા લાગ્યાં તેમ તેમ રાજા હર્ષથી, અને રાણી ગર્ભથી, વૃદ્ધિ પામવા લાગ્યાં. ઉત્તમ ગર્ભના પ્રભાવથી દોહદો ( ડોહોળાઓ ) પણ ઉત્તમજ પ્રકટ થયા. રાજાએ તે સર્વ તરતજ પૂર્ણ કર્યા, અને વિશેષ પ્રકારે રાણીના શરીરની રક્ષા કરવા લાગ્યો.

અનુક્રમે પૂર્ણમાસે, શુભલગ્ને, રાણી **ચં**પકમાલાએ, મહાન્ તેજસ્વી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્ર, પુત્રીરૂપ યુગલનો જન્મ આપ્યો. વેગવતી દાસીએ તરતજ રાજાને વધામણી આપી. રાજાના હર્ષનો પાર ન રહ્યો. મુગટ સિવાયનાં સર્વ અલંકારો દાસીને આપી તેનું દાસપણું દૂર કર્યું.

આખા દેશમાં દશ દિવસ સુધી ઓચ્છવ શરૂ કરાવ્યો. યાચકોને દાન આપવું શરૂ કર્યું. બંદીવાનોને તેને છોડી મૂકયા. આરંભના વ્યાપારો બંધ કરાવ્યા. અમારી પડહ વજાવ્યો. સર્વ જીવોને શાંતિ આપી; કર બંધ કર્યો; સંબંધીઓને સંતોષ્યાં. ધ્વજા, પતાકાઓથી શહેર શણગાર્યું. દ્વાર ઉપર તોરણો બંધાયાં. વાજીંત્રોના નાદો શરૂ થયા. વારાંગનાઓનાં નૃત્યો થવા લાગ્યાં. અને અનેક સ્ત્રી, પુરૂષો ઉત્તમ ભેટણાંઓ લઈ, રાજદ્વારમાં પ્રવેશ કરવા લાગ્યાં. જીનમંદિરોમાં આષ્ટાન્હિકા (અટ્ઠાઇ) મહોત્સવ શરૂ કર્યો.

મોટી ઉમરે અને પ્રથમજ રાજાને ઘેર પુત્ર, પુત્રીનો જન્મ થયેલો હોવાથી પ્રજા એટલી બધી આનંદમાં આવી ગઈ હતી કે તેનો આનંદ રાજગૃહમાં તો શું પણ પ્રજાના શરીરમાં પણ સમાતો ન હોતો.

આ પ્રમાણે દશ દિવસ પર્યંત મહોત્સવ કરી, રાજાએ ગોત્રવૃધ્ધોને અને પ્રજાસમુદાયને પ્રીતિ ભોજન આપવા પૂર્વક સન્માન કરી, તેઓની આગળ હર્ષ પૂર્વક જણાવ્યું કે મહાશયો! તુષ્ટમાન થયેલ મલયદેવીએ, દેવોને પણ દુર્લભ એવાં આ બે અપત્યો અમને આપ્યાં છે. તે દેવીનો અમારાપર મહાન્ ઉપકાર છે. આપણે મનુષ્યો તેમના ઉપકારનો બદલો ન જ વાળી શકીએ. તથાપિ તે દયાળુ દેવીનું નામ અમોને ચિર સ્મરણીય રહે તે માટે આ કુમારનું નામ **મલયકુંવર**, અને કુંવરીનું નામ **મલયાસુંદરી** રાખવામાં આવે છે.

રાજાના સંભાષણને સર્વ લોકોએ અનુમોદન આપ્યું. મેળાવડો વિસર્જન થયો. રાજા, રાણી સુખમાં દિવસો પસાર કરવા લાગ્યા.

પાંચ ધાવમાતાએ પાલન કરાતાં, બન્ને સંતાનો ક્રમે વૃદ્ધિ પામ્યાં. જેમ જેમ કુમાર, કુમારી, મન્ મન્ અક્ષરે બોલવા લાગ્યાં, અવ્યક્તપણે હસવા લાગ્યાં, અને અસ્થિરપણે પગ સ્થાપન કરતાં શીખતાં ગયાં, તેમ તેમ ચંદ્રને દેખીને જેવી રીતે સમુદ્રમાં પાણીનાં મોજા ઉછળે છે, તેવી રીતે, માતાપિતાના હૃદયમાં હર્ષનાં તરંગો ઉછળવા લાગ્યાં. એક હાથથી બીજાના હાથમાં ફરતાં આ બાળકો ક્રમે શિશુવય પામ્યાં. વિદ્યા ગ્રહણ કરવાને લાયક થયાં જાણી, શસ્ત્ર, શાસ્ત્રાદિ વ્યવહારકળામાં નિપુણ ઉપાધ્યાયને બન્ને બાળકો સોંપવામાં આવ્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરી વાત છે કે વિદ્યા એજ મનુષ્યોનું પરમ ભૂષણ છે. ખરૂં દૈવતજ વિદ્યા છે. વિદ્યાથીજ મનુષ્યોમાં મનુષ્યપણું આવે છે. વિદ્યા વિનાનાં મનુષ્યો, મનુષ્યરૂપે પશુ સમાન છે. વિદ્યાથી બન્ને ભવ સુખમય થાય છે. સિંહ જેવી હિંસક જાતિને પણ કેળવવાથી હિંસક સ્વભાવનો ત્યાગ કરી, સાત્વિક સ્વભાવ ધારણ કરે છે. તો મનુષ્યને કેળવવાથી તેનો ખરો માનુષીસ્વભાવ પ્રકટ થાય તેમાં આશ્ચર્ય શાનું ?

જે માતા, પિતાઓએ પોતાનાં પુત્ર, પુત્રીઓને વ્યવહારિક, તેમજ આત્મિક ઉન્નતિ થાય તેવું શિક્ષણ નથી આપ્યું, તે માતા, પિતાઓ, 'માતા પિતા' એવા નામને પણ લાયક નથી. તેઓ પોતાના સંતાનના ખરા શત્રુઓ છે.

પુત્ર, પુત્રીઓ અવિવેકી થઈ, વિનયહીન બની, અવળે રસ્તે દોરાય, અકાર્યો કરી અધોગતિમાં જાય, ધાર્મિક તેમજ વ્યવહારિક માર્ગથી વિમુખ થાય, તેનું મૂળ કારણ 'બાળપણામાં વિદ્યાના જે સંસ્કારો, માતા, પિતા તરફથી પડવા જોઇએ તે નથી પડતા' તેજ છે.

આ બાળકોની અજ્ઞાનતાનાં કડવાં ફળો તે નિર્ભાગી માતા, પિતાઓને પણ ચાખવાં પડે છે. કુટુંબમાં અને ઘરમાં નિરંતર કલેશ થાય, બન્ને સગાભાઇઓ જુદા રહે, ધન માટે શત્રુની માફક આપસમાં લડે, માતપિતાઓનું અપમાન થાય, એટલુંજ નહિ પણ ભોજનને માટે માતા, પિતાના વારાઓ પણ કરે અને છેવટની જીંદગી મહાન્ કાષ્ટથી દુઃખમાંજ પૂર્ણ કરે. આનું કોઇ પણ ખરૂં કારણ હોય તો એજ છે કે, તે બાળકોને, બાલ્યાવસ્થામાંજ, માબાપો તરફથી મનુષ્યપણાને લાયકની કેળવણી આપવી જોઇએ તે આપવામાં નથી આવી. માટે દરેક બાળકોને બાલ્યાવસ્થામાંજ વિદ્યા આપી કેળવવા જોઇએ.

આવા ઉત્તમ વિચારોથી, બાળકોના હિતૈષી રાજાએ, ઉત્તમ ગુણ પાત્ર ઉપાધ્યાયને કેળવવાને કુમાર તથા કુમારીને સોંપ્યાં.

બુદ્ધિમાન્ રાજકુમાર, અને રાજકુમારીએ પૂર્વે ભણેલું પાછું યાદ કરતાં હોય નહિં તેમ, ઘણા થોડા વખતમાં સર્વ કળા અને વિદ્યા ગ્રહણ કરી.

રાજકુમાર, કોઇ વખત અશ્વક્રીડા, કોઇ વખત કુંજરક્રીડા તો કોઇ વખત ખડ્ગ ખેલવાની ક્રીડા કરતો હતો. કોઈ કોઈ વખત ધનુષ્ય બાણ લઇ, શીખેલી કળાને ઉત્તેજીત કરવા, નીશાનબાજી પણ ખેલતો હતો. કુમા-

રંગે ક્રીડા કરતો જોઇ, માત પિતાનાં મન પ્રમોદથી પ્રફુલ્લિત થતાં હતાં.

રાજકુમારી મલયાસુંદરી પણ ધાવમાતા વેગવતી અને સરખી વયની દાસીઓને સાથે લઇ યથેચ્છાએ ઉદ્યાનાદિકમાં વિચરતી અને ક્રીડા કરતી હતી.

મલયાસુંદરીનું હૃદય સ્વભાવથીજ કરૂણાથી ભરપૂર હતું. તે ભોળા સ્વભાવની હતી. કોમળતા તેના શરીરમાં વ્યાપીને રહી હતી. ડહાપણ અને સદ્ધર્મ કર્તવ્યમાં નિપુણ હતી, સમગ્ર રાજકુંટુંબને પ્રાણથી પણ અધિક વહાલી હતી. અનુક્રમે બાલ્યાવસ્થાને મૂકી તેણીએ યુવાન અવસ્થામાં પ્રવેશ કર્યો.

યુવાવસ્થામાં રાજકુમારીના શરીરની શોભા કોઈ અપૂર્વ જણાતી હતી. અંગ ઉલ્લાસ પામ્યું હતું. લોચનપ્રિય લાવણ્યતા વૃદ્ધિજ પામતી હતી. ખળ પુરૂષની માફક કેશપાશમાં કુટીલતા (વાંકાશ) જણાતી હતી. કુમૈત્રિની માફક મધ્યભાગ તુચ્છ જણાતો હતો. ઉત્તમ મનુષ્યોના મનોરથોની માફક સ્તનયુગલ હૃદયમાં સમાતું નહોતું. સાધુ પુરૂષો નીચિત્ત વૃત્તિની માફક નાસિકા સરલ દેખાતી હતી. સત્પુરૂષોની મિત્રતાની માફક વેણીદંડ લંબાયેલો હતો. જનનીના મનની માફક લોચન દ્વંદ્વ સ્નિગ્ધતાવાળું હતું. શોકયનાં કર્તવ્યોની માફક કટાક્ષો વક્ર જણાતાં હતાં. વિલાસીનીના આચારની માફક અધર પલ્લવ સરાગી (લાલ) હતો.

શંખની માફક કંઠ રેખાઓથી શોભતો હતો. શરીર, શાલીગ્રામની માફક સુકુમાળ હતું. ગતિ, હાથણીની માફક વિલાસવાળી હતી. ટુંકામાં એટલુંજ કહીશું કે, યૌવનના સમાગમથી મલયાસુંદરીનાં દરેક અવયવો ખીલી નીકળ્યાં હતાં.

## પ્રકરણ ૧૭ મું.

### મહાબલ કુમારનો ચંદ્રાવતીમાં ગુપ્ત પ્રવાસ.

વિશાળ દક્ષિણ દેશમાં પૃથ્વીસ્થાનપુર એક રમણીય શેહેર હતું. હાલ પણ જેને પઇઠ્ઠાણપુર કહે છે. શોભા અને સમૃદ્ધિમાં ચંદ્રાવતીથી કોઈ પણ રીતે તે ઉતરતું નહોતું.

આ શેહેર પણ ગોળાનદીના કિનારાપર હતું. કિનારાપર સુંદર ઘ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ટાદાર વૃક્ષોની ઘટાઓ આવી રહી હતી. નજીકમાં **ધનંજય**નામના યક્ષનું મંદિર હતું. આજુબાજુ કેટલોક પાહાડી પ્રદેશ હતો. નાનાં નાનાં શિખર વાળી સુંદર ટેકરીઓ આવી રહી હતી. તેમાં કેટલીક ગુફાઓ પણ જોવામાં આવતી હતી. તેનો ઉપયોગ કોઇ યોગી મહાત્માઓ કે લપંગાચોર લોકોજ કરતા હતા.

તે શહેરમાં **સુ**રપાલ નામનો ક્ષત્રિયવંશી રાજા રાજ્ય કરતો હતો. **વી**રધવળ, અને **સુ**રપાળ રાજા બન્ને મિત્રો હતા. પોતાની મિત્રાઇ લાંબા વખત સુધી બની રહે તે માટે અવસર પ્રસંગે, આપસમાં તેઓ ઉત્તમ વસ્તુઓનાં ભેટણાં મોકલતા રહેતા. અને કાર્ય પ્રસંગે એક બીજાને મદદ પણ કરતા હતા.

એક દિવસ કેટલીક ઉત્તમ વસ્તુઓનું ભેટણું લઈ, **પૃ**થ્વીસ્થાનપુરથી રાજપુરૂષો, **ચં**દ્રાવતીમાં આવી પહોંચ્યા હતા. મહારાજા **વી**રધવળ સભા વચ્ચે સિંહાસનપર બીરાજ્યો હતો. રાણી **ચં**પકમાલા ડાબી બાજુએ બેઠી હતી. **મ**લયકેતુકુમાર પણ જમણી બાજુએ બેઠો હતો. સામંત, પ્રધાન વિગેરે રાજપુરૂષોથી સભા ભરપુર હતી.

એ અવસરે **સુ**રપાળ રાજાના અમાત્યાદિ રાજપુરૂષો સભામાં આવ્યા અને રાજાને નમસ્કાર કરી, પાસે ભેટણું મૂકી ઉભા રહ્યા.

રાજાએ બહુમાનપૂર્વક ભેટણું સ્વીકારી, પ્રધાન આદિ સર્વને બેસવાને આસન આપ્યાં.

"મારા પરમ મિત્ર **સુ**રપાળ રાજાને, તેના રાજ્યને, અને અંતે ઉર આદિ સર્વ પરિવારને કુશળ છે ?" **વી**રધવળરાજાએ પ્રશ્ન કર્યો. પ્રધાને હાથ જોડી નમ્રતાથી જણાવ્યું, "મહારાજા ! ધર્મના પ્રસાદથી અને આપ જેવા મિત્ર રાજાની મીઠી નજરથી, રાજ્યમાં સર્વત્ર આનંદ છે. મહારાજા **સુ**રપાળે આપના સર્વ પરિવારની કુશળતા ઇચ્છી છે. અને પુછાવી પણ છે"

પ્રધાનની સાથે આવેલા માણસો તરફ રાજાએ નજર કરી, તો પ્રધાનની પાછળ નજીકમાં બેઠેલો મહાતેજસ્વી, સૌમ્યમૂર્ત્તિ, ભાગ્યવાન્ એક યુવાન્ પુરૂષ જોવામાં આવ્યો; તેને જોતાંજ રાજાનું ધ્યાન તે તરફ ખેંચાયું.

રાજાએ પ્રશ્ન કર્યો. "પ્રધાન ! આ તમારી સાથે આવેલ તેજસ્વી પુરૂષ કોણ છે ? મારા ધારવા પ્રમાણે કોઇ રાજકુમાર હોવો જોઇએ."

આ શબ્દો સાંભળતાંજ તે યુવાન પુરૂષે સંકેત કરવાથી એક વિચક્ષણ પુરૂષ વચમાં બોલી ઉઠયો:

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

" મહારાજા વીરધવળ! તે મારો લઘુ બાંધવ છે. દેશાટન કરવાની ઈચ્છાથી તે અમારી સાથે આવેલ છે."

આ પુરૂષને જોઇ રાજાના વિચારો કોઇ જુદાજ પ્રકારના થયા હતા. મલયાસુંદરી યુવાન વયની થઈ હોવાથી રાજાને પોતાની ચિંતા દૂર કરવી હતી. પણ આ રાજકુમાર નથી એમ ઉત્તર મળવાથી પોતાના વિચારોને રાજાએ ત્યાંજ શાંત કરી દીધા.

રાજકાર્ય નિવેદન કર્યા પછી, તેમને સન્માન આપી, રાજાએ નિવાસ સ્થાન અપાવ્યું, તેમાં તે સર્વે જઇ રહ્યા. સભા વિસર્જન થઇ.

સભાથી બહાર આવ્યા બાદ તાત્કાળિક ઉત્તર આપનાર તે પુરૂષની આ યુવાને પ્રશંસા કરી. આવો બનાવટી ઉત્તર અપાવવાનું કારણ તેનો આ ચંદ્રાવતીનો પ્રવાસ ગુપ્ત હતો.

એક સુંદર મહેલમાં ઉતારો લીધાબાદ તે યુવાન રાજકુમાર, સાથે અલ્પ પરિવારને લઈ, ચંદ્રાવતી નગરીની શોભા જોવામાટે નીકળી પડયો. આમતેમ શહેરમાં ફરતાં રાજમહેલના પછાડીના રસ્તા તરફ તેઓ આવી ચડ્યા

તે મહેલના ઝરૂખામાં એક રાજકુમારી બેઠી બેઠી, ચારે બાજુ શહેર ચર્ચા જોતી હતી. જોતાં જોતાં તે રાજમહેલના નજીક ભાગમાંથી પસાર થતા અલ્પ પરિવારવાળા કુમાર ઉપર તેની દૃષ્ટિ પડી.

કામ સરખા સુંદર રૂપવાન્ આ કુમારને જોઇ તે કુમારી ચિંતવવા લાગી. " આ યુવાન્ પુરૂષ કોણુ હશે? સાક્ષાત્ કામદેવતો નહિ હોય! અશોક વૃક્ષના પલ્લવની માફક અરૂણ, અને સુકુમાળ તેના હાથ જણાય છે. હાથીની સુંઢા દંડની માફક મનોહર જંઘાયુગ્મ કેવું શોભે છે? વિશાળ વક્ષસ્થળ. અતિ દીર્ઘ ભુજાદંડ, તેજસ્વી સુંદર મુખાકૃતિ, પ્રવાળદળો સરખાં અધર દળ, સરલ નાસીકા, વિસ્તારવાળાં સ્નિગ્ધ નેત્રો, અને શ્યામ કેશ કલાપ, આ સર્વ કેવાં શોભે છે! આમ સર્વાંગે સુંદર રાજકુમારને જોતી, ઝરૂખામાં રહેલી રાજકુમારી ચિત્રમાં આળેખેલી હોય તેમ સ્તબ્ધ થઇ રહી.

દૈવયોગે આ કુમારની દૃષ્ટિ પણ ઝરૂખામાં રહેલી કુમારી ઉપર પડી. તેને જોતાંજ તે વિચારવા લાગ્યો. અહા! શું આ કોઇ સ્વર્ગમાંથી ઉતરેલી અપ્સરા છે. ગાઢ અનુરક્ત દૃષ્ટિથી તે મારી સન્મુખ જોઇ રહી છે. તે કુમારી હશે કે વિવાહિત હશે?

કુમારી પણ ચિંતવવા લાગી કે, મારા સંમુખ સ્નેહિત દૃષ્ટિથી જોતો આ રાજકુમાર કોણ હશે? તેને જોતાંજ મારૂં મન આટલું બધું વિહ્વળ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

શામાટે થાય છે? તે પૂર્વજન્મનો મારો સ્નેહીતો નહિ હોય? એ કોનો પુત્ર હશે? આવા અનેક વિચારમાં ગુંથાયેલી રાજકુમારીએ પોતે કોણ છે, અને રાજકુમાર કોણ હશે, તે જણાવવા-અને જાણવા નિમિત્તે ભોજપત્ર ઉપર બે શ્લોક લખી, પોતાના મનની સાથે, નીચે ઉભેલા રાજકુમાર તરફ તે પત્ર નાંખ્યો. શરીરપર રોમાંચ ધારણ કરતા રાજકુમારે, નીચે આવતા પત્રને ઝીલી લઈ રાજકુમારીના હર્ષ સાથે મનમાં વાંચ્યો. તે શ્લોકમાં આ પ્રમાણે લખ્યું હતું.

**कोऽसि त्वं तव किं नाम क वास्तव्योऽसि सुंदरः ॥**
**कथय त्वयकाजह्रे मनो मे क्षिपता दृशं १**
**अहं तु वीरधवलभूपतेस्तनया कनी**
**त्वदेकहृदया वर्त्ते नाम्ना मलयसुंदरी २**

હે સુંદર! તું કોણ છે? તારૂં નામ શું? તું ક્યાંનો રહેવાસી છે? આનો મને ઉત્તર આપ. મારાપર દષ્ટિ નાંખીને તેં મારૂં નામ હરણ કર્યું છે. હું **વીર**ધવળ રાજાની કુંવારી પુત્રી છું. તારા હૃદયની સાથે મારૂં હૃદય એક થયેલું છે. મારૂં નામ **મલયાસુંદરી** છે.

આ પત્ર વાંચી તે કુમાર, યોગીની માફક એકાગ્રચિત્તે, અને નિમેષ ઉન્મેષ રહિત દૃષ્ટિએ કુમારીને જોવા લાગ્યો. જોતાં જોતાં બન્નેની દૃષ્ટિ એટલી બધી એકમેક થઈ રહી કે, ત્યાંથી જુદી પાડવી મુસ્કેલ થઇ પડી.

કુમાર ચિંતવવા લાગ્યો. અહા! આ વિદગ્ધાએ (પંડિતાએ) પરિવાર સહિત છતાં પોતાનો વૃત્તાંત મને જણાવી આપ્યો. પણ મારે તેના પુછેલ પ્રશ્નનો ઉત્તર કેવી રીતે આપવો?

કુમાર આ પ્રમાણે વિચાર કરે છે તેવામાં એક પુરૂષ ત્યાં આવી કુમારને કહેવા લાગ્યો.

"રાજકુમાર! નગરીમાં ફરવું બંધ કરી, આપણા મુકામે પાછા ચાલો. આપણી નગરીતરફ આજેજ આપણું પ્રયાણ થશે. કેમકે જે રાજકાર્ય માટે અમારૂં આવવું અહીં થયું હતું તે કાર્ય સંપૂર્ણ થઇ ગયું છે."

રાજકુમારે જણાવ્યું. "અહા! આ ગોપુર સહિત પ્રાસાદો કેવા સુંદર છે? આ વાતાયનોની (ઝરૂખાઓની) કેવી અપૂર્વ શોભા છે? મારૂં મન તો હમણાં અહીંજ ચોટયું છે."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પુરુષે જણાવ્યું. " કુમાર ! આપણે જરૂરીપ્રસંગ છે માટે હમણાં જ અહીંથી ઉપડવું પડશે. માટે જલદી ચાલો. "

ફરી ફરીને વારંવાર ઝરૂખા સામું જોતા કુમારને ઘણી મહેનતે સેવકો પોતાને ઉતારે લાવ્યા.

કુમાર ચિંતવવા લાગ્યો. અહો ! મારી અસમર્થતા ! અને ઉત્સુકતા ! ' હું કોણ છું ' આ પ્રશ્નનો ઉત્તર પણ તે કુમારીને જણાવી ન શક્યો ? ધિક્ મારી કલામાં નિપુણતાને. મારી વિદગ્ધતા બધી નિરર્થક ગઇ. હું મારા દેશથી આટલો બધો દુર આંહી આવ્યો છું છતાં કુમારીને મળી ન શક્યો, તો પાછળથી તેનો મેળાપ મને કેવી રીતે થશે ? હમણાં રાત્રિ છે. અંધકાર ચારે બાજુ ફેલાઇ રહ્યો છે. મારાં માણસો પણ હજી તૈયાર થાય છે. તેઓ તૈયાર થાય તેટલામાં હું એકલોજ જઇને કુમારીને મળી આવું. અને ' હું કોણ છું ' તે પણ કહી આવું.

આ પ્રમાણે વિચાર કરી, પોતાના કોઇપણ માણસો ન જાણે તેવી રીતે ગુપ્તપણે ત્યાંથી નીકળી, ઉતાવળો ઉતાવળો રાત્રિએ રાજકુમારીના મહેલ નીચે આવ્યો. મેહેલના પેલા મજલાની બારી ઉઘાડી હતી અને તે કિલ્લાને લગતીજ હતી.

રસ્તામાં ઉભા ઉભા બે ત્રણ મજલા ઉપર રહેલી કુમારી સાથે વાતચિત કરવી અસંભવિત હતી. તેમજ અંધકાર વિશેષ હોવાથી દૃષ્ટિનો વિષય પણ મુદ્રિત ( આચ્છાદિત ) થયો હતો. એટલે અહીંથી મલયાસુંદરીના મેળાપની આશા વ્યર્થ ગઇ. પણ તે નિરાશ ન થયો. હવે સાહસ કર્યા સિવાય છુટકો નથી એમ ધારી, એક કુદકે તે જમીન ઉપરથી કિલ્લા ઉપર જઇ પડ્યો. ત્યાંથી નજીકમાં પહેલા મજલાની બારી ઉઘાડી હતી તેમાં રાજકુમાર પેઠો.

## પ્રકરણ ૧૮ મું.

## રાણી કનકવતી.

કુમારે જે બારીમાં પ્રવેશ કર્યો હતો તે સ્થળે **વી**રધવળ રાજાની બીજી રાણી **ક**નકવતી રહેતી હતી. આ અવસર કોઇ એવોજ વિષમ હતો કે કર્મ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંયોગે, એ વખતે કનકવતીની પાસે એક પણ દાસ, કે દાસી નહોતી. પણ રાણી કનકવતી એકલીજ તે મહેલમાં હતી.

આવી અંધારી રાત્રિએ પોતાના મહેલમાં પેઠેલા રાજકુમારને જોઈ તે વિચારવા લાગી. અહો! આવો દિવ્યરૂપ ધારી, અને સાહસિક પુરૂષ, આજસુધી કોઈ મારા જોવામાં નથી આવ્યો. તેણે બારીદ્વારા કુમારને પ્રવેશ કરતો જોયો નહોતો. તેથી વિચાર કરવા લાગી કે, આટલા બધા ચોકીદારો છતાં આ પુરૂષે અહીં કેવી રીતે પ્રવેશ કર્યો હશે? નિશ્ચે આ કોઇ વિદ્યાધર છે. અથવા મહાન્ સત્વાધિક પુરૂષ છે. કોઈપણ પ્રયોજન માટે હર્ષ પામતો ચાલ્યો આવે છે. આ પ્રમાણે વિચાર કરતી, રાજવલ્લભા, કુમારના રૂપથી મોહ પામી તેના જવાના રસ્તામાં આડી ઉભી રહી કુમારને કહેવા લાગી. હે નરોત્તમ! અહીં આવ અહીં આવ. આ ઉત્તમ આસનપર બેસ. મને માન આપ, અને નિઃશંકપણે મારા મનોરથો પૂર્ણ કર.

રાણીના આ શબ્દો સાંભળી રાજકુમાર ચિંતવવા લાગ્યો કે, " આ રાજાની રાણી હશે કે તેની બેહેન હશે? આવા ભયવાળા સ્થાનમાં પેસીને જો મનને સ્વાધીન ન રાખતાં સ્વતંત્ર (છુટું) મૂકવામાં આવે, અથવા પરસ્ત્રી, માં આસક્તિ કરવામાં આવે તો, સ્વદાર સંતોષવ્રત કેવી રીતે રહે? તેમજ ઇષ્ટકાર્યની સિદ્ધિ પણ કેમ બને? વળી આ સ્ત્રીના અવયવો પરથી સ્પષ્ટ સમજાય છે કે, આ કોઇની સ્ત્રી છે. માટે મારે તેના તરફ પ્રીતિ ન કરતાં સાવધાન રહેવું જોઇએ. હું અહીં મલયાસુંદરીની પાસે જવા આવ્યો છું. તે પણ તેનું હરણ કરવા માટે નહિ; તેમ તેની સાથે અનાચાર સેવવા માટે પણ નહિ; કેવળ તેના પ્રશ્નનો ઉત્તર આપવા આવ્યો છું. તેમજ તે હજી કુમારી છે તેની સાથે સ્નેહબંધન થાય તોપણ તેનાં માતા, પિતાની સમ્મતિ સિવાય હું કદી તેની સાથે લગ્ન કરનાર નથી. જ્યારે કુમારીસ્ત્રી તરફ પણ મારી આવી દૃઢ લાગણી છે, તો પરણેલી પરસ્ત્રી તરફ તો મારૂં મન બીલકુલ નજ ખેંચાવું જોઇએ. "

ઈત્યાદિ વિચાર કરી કુમારે સમયાનુસાર કાર્ય સિદ્ધ કરી લેવા માટે રાણી **કનકવતીને** જણાવ્યું.

હું **મલયાસુંદરી** માટે કાંઇ વસ્તુ લઇને આવ્યો છું. તો મને **મલયાસુંદરીનું** નિવાસસ્થાન બતાવો. **મલયાસુંદરી** કયાં રહે છે? હું તેની પાસેથી પાછો ફરીશ; એ અવસરે તમે જેમ કહેશો તેમ કરીશ. હમણાં મને તેની પાસે જવાનો રસ્તો બતાવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કનકવતીએ કુમારનું કહેવું માન્ય રાખી, નજીકના દાદર ઉપર થઈ મલયાસુંદરીના મેહેલમાં જવાનો રસ્તો બતાવ્યો. કુમારે માળ ઉપર ચડી ગયો કે, રાજપત્ની કનકવતી હળવે હળવે તેની પાછળ જઈ, દ્વાર આગળ ગુપ્તપણે ઉભી રહી, અને તેઓ આપસમાં શું વાર્તાલાપ કરે છે, તે સાંભળવા લાગી.

## પ્રકરણ ૧૯ મું.

### રાજકુમારીનો મેળાપ.

કુમાર જ્યારે રાજકુમારીના મેહેલમાં દાખલ થયો, ત્યારે પૂર્વે જે ઝરૂખામાં તેને બેઠેલી દીઠી હતી તેજ ઝરૂખામાં અને તેજ સ્થળે અત્યારે પણ તે બેઠેલી હતી. ડાબા હાથમાં પોતાનું મુખ સ્થાપન કર્યું હતું. તે દિશા તરફ વારંવાર ઉભી થઇને દષ્ટિ ફેરવતી હતી. કુમારના સમાગમની આશા તેણે હવે મુકી હતી. મુખમાંથી ઉષ્ણશ્વાસ નિશ્વાસ નીકળતા હતા. મુખ મ્લાનિને પામેલું જણાતું હતું. અને વિચારમાં લીન થઇ ગઇ હતી તેથી આજુબાજુ શું થાય છે તેનું તેને ભાન નહોતું.

કુમાર થોડો વખત તેની સંમુખ ઉભો રહ્યો પણ તેતો ખરેખર ધ્યાન નિમગ્ન થઇ રહી હતી, તેથી કુમાર આવ્યાને પણ તે જાણી શકી નહોતી.

કુમા જણાવ્યું “ મૃગાક્ષી ! આ તરફ નજર કર. તારા હૃદયમાંથી નીકળી હું તારી સંમુખ ઉભો છું.”

અમૃતસમાન આ વચનો સાંભળતાંજ પોતાની ડોક પાછી વાળી જોયું તો પોતાની પાસે રાજકુમારને ઉભેલો જોયો. તેને જોતાંજ તત્કાળ મલયાસુંદરી ઉભી થઇ, લજ્જાથી નમ્ર મુખ કરી સંમુખ ઉભી રહી.

રાજકુમારે જણાવ્યું. "રાજકુમારી ! તારા પ્રશ્નનો ઉત્તર આપવા માટેજ હું અત્યારે આવા વિષમસ્થાનમાં આવી ઉભો છું. પૃથ્વીસ્થાનપુરના મહારાજા, સુરપાળ અને મહારાણી પદ્માવતી તે મારા પિતાશ્રી અને માતુશ્રી છે. મારૂં નામ **મહાબળ કુમાર** છે. દેશ જોવા નિમિત્તે ગુપ્તપણે હું મારા પરિવારની સાથે આવ્યો છું. આ દેશમાં મારૂં ગમન ગુપ્તજ છે. મારા પિતાશ્રીની આજ્ઞાથી મારા પ્રધાન સાથે હું આવ્યો છું, તથાપિ અહીંના લોકોને અને વિશેષ પ્રકારે તમારા પિતાશ્રી વીરધવળને કોઇ પણ રીતે મારૂં આવવું જાહેર થયું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ આશ્ચર્યથી ભરપુર નગરીને જોતાં, ફરતાં ફરતાં તમારા પ્રાસાદ ( મેહેલ ) નીચે આવ્યો, તેવામાં જન્માંતરના સ્નેહને પ્રગટ કરનાર અરસપરસ આપણો દૃષ્ટિમેળાપ થયો. ત્યાર પછી જે થયું તે આપણ બન્નેને પ્રકટજ છે. મહાન્ સંકટમાં પ્રવેશ કરીને પણ અત્યારે હું તમને મળવા આવ્યો છું.

હવે હું જાઉં છું. મારાં માણસોને તૈયારી કરતાંજ મૂકીને હું આવ્યો છું. અમારૂં પ્રયાણ હમણાંજ મારા શહેર તરફ થશે."

કુમાર હમણાંજ મારી પાસેથી જવા માગે છે એમ ધારી, લજ્જા અને મૌનપણું મૂકી, મલયાસુંદરીએ નમ્રતાથી બોલવું શરૂ કર્યું.

" રાજકુમાર ! તમારે અહીંથી બીલકુલ જવું નહિ. હું તમને અહીંથી જવા નહિ દઉં. તમારા દર્શનવિના હું પ્રાણ ધારણ કરવાને અસમર્થ છું. જો તમે અતિ નિષ્ઠુર થઇ મારી અવજ્ઞા કરી ચાલ્યા જશો તો હું મારા પ્રાણને જલાંજલિ આપીશ, માટે મારાપર કરૂણા લાવીને અહીં જ રહો. મારા મનોરથો પૂરણ કરો. જ્યાં સુધી હું તમને જોઇશ ત્યાં સુધી જ મને નિર્વૃત્તિ રહેશે.

રાજકુમાર ! હું તમારી શી ભક્તિ કરૂં. આ જન્મપર્યંત આ આત્મા તમને અર્પણ કરૂં છું. વિશેષમાં આ લક્ષ્મી પુંજહાર તમે ગ્રહણ કરો."

આ પ્રમાણે કહી પોતાને હાથે તે હાર કુમારના કંઠમાં નાંખ્યો. હાર નાખીને જણાવ્યું કે, આ હાર મેં આપના ગળામાં નથી નાખ્યો પણ આ, હારના બાનાથી મેં તમને વરમાળા આરોપી છે. માટે અત્યારે ગાંધર્વવિવાહ કરી મને ગ્રહણ કરો, અને પછી હું અત્યારેજ તમારી સાથે આવીશ. અન્યોઅન્ય વિયોગ જનિત દુઃખ ન થાઓ; એજ મારી પ્રબળ ઇચ્છા છે."

મહાબળે ઉત્તર આપ્યો " રાજકુમારી ! તમારૂં કહેવું સત્ય છે. તમારા મનોરથો ઉત્તમ છે. મનનો ખરો સંકલ્પ તમે જણાવી આપ્યો છે. તથાપિ મનુષ્યોની સાક્ષીએ જ્યાંસુધી માતા, પિતા કન્યા ન આપે ત્યાંસુધી પોતાની ઇચ્છાએ વિવાહ કરવો તે કુલીન મનુષ્યોને ઉચિત નથી.

અત્યારે તમારૂં પાણી ગ્રહણ કરવાની અને સાથે લઇ જવાની હું ના પાડું છું તેથી તમો ખેદ ન કરશો. ઝુરશો નહિ. ઉતાવળ ન કરો. આંહી કેટલાક દિવસ સુધી શાંત ચિત્ત કરીને રહો. હું તમને વચન આપું છું કે અહીંથી જઇને જ એવી રીતે પ્રયત્ન કરીશ કે, તમારાં માતા, પિતા, તમારૂં લગ્ન મારી સાથેજ કરશે. હવે શાંત થાઓ. મને રજા આપો."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૦ મું.

## ઓરમાન માતા, રંગમાં ભંગ.

ભવિષ્યનાં દંપતી આ પ્રમાણે આનંદમગ્ન થઇ આખરે છુટાં પડવાની તૈયારી કરે છે, તેટલામાં અકસ્માત્ ઝપાઝપ મેહેલનાં દ્વાર બંધ થયાં. દ્વાર બંધ થતાંજ તેઓ જાગૃતિમાં આવ્યાં. દ્વાર કોણે બંધ કર્યાં? બંધ કરવાનું કારણ શું? એમ બન્ને જણ વિચાર કરે છે; એટલામાં કનકવતીનો શબ્દ સંભળાયો. તે ખુશી થઇ. તાળોટા પાડતી બોલવા લાગી. અરે! લુચ્ચા મહાબળ! તું મને ઠગીને કુમારીને જઇ મળ્યો. તો યાદ રાખજે, મને છેતરવાનું ફળ હું તમને હમણાંજ અપાવું છું. મલયાસુંદરીએ મહાબળને જણાવ્યું. આ મારી ઓરમાન માતા છે તે મેહેલને પેહેલે માળે રહે છે. તે કોપાયમાન થઇ હોય તેમ જણાય છે. અરે! મારી કેટલી ગફલત! તે આંહી આવેલી છતાં તેને મેં ન જાણી. તેણે આપણી સર્વ બીના દેખી અને સાંભળી જણાય છે. રખેને તે કાંઈ ઉત્પાત પેદા કરે.

મહાબળે જણાવ્યું. સુંદરિ! જ્યારે હું તારી પાસે આવતો હતો તે અવસરે તેણે મને રસ્તામાં રોક્યો હતો. કામાતુર થઈ વિષય યાચના કરી હતી. મેં તેને આડું અવળું સમજાવી, જુઠો ઉત્તર આપી શાંત કરી હતી. છતાં છુપા દૂતની માફક મારી પાછળ આવી તેણે આપણો વ્યતિકર સાંભળ્યો છે. અને તેથી ક્રોધાતુર થઇ દ્વાર બંધ કર્યાં જણાય છે.

આ પ્રમાણે બન્ને જણ પોતાની ગફલતનો પશ્ચાત્તાપ કરતાં હતાં તે અવસરે, કનકવતી દ્વારે તાળું મારી રાજા પાસે ગઇ અને બન્ને જણનો દેખેલો, તથા સાંભળેલો વૃત્તાંત, વિશેષ પ્રકારે મીઠું, મરચું ભભરાવી કહી બતાવ્યો.

પોતાની પુત્રીનું સ્વચ્છંદી, અને અનાચારી વર્તન, રાણીના મુખથી સાંભળતાંજ રાજાનાં નેત્રો ક્રોધથી લાલ થઈ આવ્યાં—અનેક સુભટોને સાથે લઇને, "મારો, મારો, પકડો, પકડો," વિગેરે શબ્દ કરતો વીરધવળ રાજા, તત્કાળ મલયાસુંદરીના મેહેલ આગળ આવ્યો. સુભટોએ તે મેહેલ ચારે બાજુથી ઘેરી લીધો.

રાજાના શબ્દો સાંભળતાંજ, રાજકુમારી ગભરાઇ ગઇ. હિમ્મત હારીગઇ. દુઃખસમુદ્રમાં ડુબી ગઇ. "અરે! આ સુંદર આકૃતિવાળા રાજકુમારનું શું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થશે ? હું તેનો બચાવ કેવી રીતે કરીશ ? ધિક્કાર થાઓ મને વિષકન્યાને કે, હજી તો મારો સંમેલનજ (દૃષ્ટિ મેળાપજ) થયો છે,તેટલામાં તો આ કુમારનો હું ઘાત કરાવનારી થઇ. મારે નિમિત્તે આ પુરૂષ રત્નનો હમણાંજ વધ થશે." ઈત્યાદિ ચિંતાજાળમાં ગુંથાયેલી અને આકુળવ્યાકુળ થતી રાજકુમારીને જોઇ, મહાબળે તેને ધીરજ આપી. "હે સુંદરી ! તું બીલકુલ ભય ન રાખીશ, અને મારા અનિષ્ટ થવાની ચિંતા પણ ન કરીશ. જે પુરૂષ આવા ભયવાળા સ્થાનમાં સાહસ કરીને આવ્યો છે, તેની પાસે પોતાના રક્ષણનો પણ ઉપાય હશે."

આ પ્રમાણે જણાવી પોતાના કેશમાં ગુપ્ત રાખેલી એક ગુટીકા બહાર કાઢી. અને મલયાસુંદરીના જોતાંજ પોતાના મુખમાં નાખી. સભામાં બેઠેલી ચંપકમાલા રાણીનું રૂપ તેણે સવારમાંજ દેખ્યું હતું. તેવુંજ રૂપ ગુટીકાના પ્રભાવથી કરી, મહાબળ મલયસુંદરી પાસે બેઠો. સાક્ષાત્ પોતાની માતાનું રૂપ જોઇ મલયાસુંદરી વિસ્મય પામી, અને નિર્ભય થઇ શાંત ચિત્ત બેઠી.

રાજા પણ તાળું તોડી દ્વાર ઉઘાડી કુમારીના મેહેલમાં દાખલ થયો. તપાસ કરતાં ચંપકમાલા સહિત મલયાસુંદરીને ત્યાં બેઠેલી દીઠી.

રાજા કનકવતીના સન્મુખ જોઈ બોલ્યો. પ્રિયા ! તપાસ કર. તેં મને શું કહ્યું હતું. આંહીતો તે માંહીલું કાંઈપણ જણાતું નથી.

કનકવતી અંદર આવી. ચારેબાજુ તપાસ કરી, તો માતા સહિત મલયાસુંદરી સિવાય કોઇપણ બીજું ન જણાયું.

કનકવતીને જોઇ ચંપકમાલાનું રૂપ ધારણ કરનાર મહાબળ બોલ્યો. "આવો બેન ! આજે અકસ્માત્ આ મેહેલમાં તમે ક્યાંથી ? શું રાજા મારાપર કોપાયમાન થયો છે ?"

ચંપકમાલા રાણીને બોલતી જોઇ ત્યાં આવેલા સર્વ લોકો કનકવતીને આક્રોશ કરવા લાગ્યા કે, ખરેખર શોક્યોની આપસની ઇર્ષ્યા તેનાં બાળકો ઉપર ઉતરે છે અને કનકવતીના સંબંધમાં પણ તેમજ બન્યું છે. કનકવતીએ જણાવેલી વાત સત્ય નથી, વિગેરે.

કનકવતીએ જણાવ્યું 'સ્વામીનાથ ! અહીં આવેલા એક પુરૂષને કુમારીએ લક્ષ્મીપુંજહાર આપ્યો છે. આપ તેની તપાસ કરો,"

આ વાક્યો સાંભળતાંજ સ્ત્રીરૂપ ધારક કુમારે પોતાના કંઠમાંથી હાર કાઢી રાજાને દેખાડ્યો. તે હાર સર્વ લોકોએ પણ જોયો. રાજાની શંકા નિ-

વૃત્ત થઇ. કનકવતીએ ઇર્ષ્યાથી જ આ પ્રમાણે અસત્ય વાત ઉભી કરી છે. વિગેરે બોલતા રાજાદિ પોત પોતાને સ્થાને ગયા.

ચંપકમાલા રાણી એ વખતે એક જુદા મેહેલમાં હતી. તેને આ વાતની ખબર પડી. પણ શોકયોની આપસની ઇર્ષ્યાથી તેમજ પોતાની પુત્રીની લઘુતા થશે એમ ધારી આ વાતમાં તેણે બીલકુલ લક્ષ ન આપ્યું. તેમજ તે સંબંધમાં કોઇની સાથે વાતચિત પણ ન કરી.

પોતાની આ પ્રમાણે લઘુતા થયેલી જાણી કનકવતી, વિષવાદ પામી ચિંતવવા લાગી. એ રીતે કુમાર કયાં ગયો ? આ શું થયું ? મેં તેને બરોબર જોયો હતો. શું મને ભ્રમ તો નહિ થયો હોય ! હા ! હા બધાં માણસો મારી નિંદા કરે છે. ચોર કોટવાળને દંડે તેવી મારી સ્થીતિ થઇ. અસત્ય બોલનાર તરીકે મારી પ્રખ્યાતિ થઇ. આ કુમારીએજ મારી આટલી લઘુતા કરાવી છે. મલયાસુંદરી, મારી પૂર્વજન્મની ખરેખર વેરણ છે. તેને હાલતી, ચાલતી, કે બોલતી જોતાં પણ મને ઉદ્વેગ થાય છે. આ કુમારી કયારે અનર્થમાં પડશે; અથવા કયારે મરી જશે; ઇત્યાદિ ચિંતવન કરતી કનકવતી પોતાના મેહેલમાં આવી.

કોળાહળ સર્વ શાંત થતાં, ઘણી બારીકતાથી તપાસ કરી, મલયાસુંદરીએ, મેહેલનાં દ્વારો બંધ કર્યાં, એટલે મહાબળે મુખમાંથી ગુટીકા બહાર કાઢી પોતાનું સ્વાભાવિક રૂપ પ્રકટ કર્યું.

મહાબળ—રાજકુમારી ! આ સર્વ મહિમા, મારી પાસે રહેલી ગુટીકાનો છે.

મલયાસુંદરી—આ ગુટીકા આપને કયાંથી મળી ?

મહાબળ—એક દિવસ મારા શહેરમાં એક વિદ્યાસિદ્ધ પુરૂષ આવ્યો હતો. તેની મેં સારી રીતે સેવા કરી હતી. તુષ્ટમાન થઇ તે સિદ્ધપુરૂષે રૂપપરાવર્તન કરવા વિગેરેના અનેક પ્રયોગો બતાવ્યા છે. તે સર્વે મેં સિદ્ધ કરી રાખ્યા છે. તે માંહીલી આ ગુટીકા છે. જેના પ્રભાવથી આજે આ આફત સમુદ્રનો હું પાર પામ્યો છું.

મલયાસુંદરી—આવાજ ચમત્કારિક પ્રયોગવાળી બીજી પણ ગુટીકા આપની પાસે છે ?

મહાબળ—હા, છે. તેનો પ્રભાવ એવો છે કે આંબાના રસ સાથે ઘસી, તિલક કરવાથી સ્ત્રી, પુરૂષનું રૂપ ધારણ કરી શકે છે, પણ તે ગુટીકા અત્યારે અહીં મારી પાસે નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ હવે મને અહીંથી જવા દો. અહીં વિશેષ રહેવાથી વળી કોઈ બીજો ઉત્પાત ન થાય. સુંદરિ! આપણો વિધિ ( પૂર્વ કર્મ ) અત્યારે અનુકૂળ છે. નહિતર આપણો દુર્લભ સંયોગ અકસ્માત્ કેવી રીતે બની શકે? તે વિધિજ આપણી નિરંતર ચિંતા કરશે. આપણે ચિંતા કરવાની કાંઈ જરૂર નથી. લ્યો હું તમને એક શ્લોક આપુંછું. મનની શાંતિ માટે તેનું નિરંતર સ્મરણ કરજો. અને સંકટ સમયે તો વારંવાર તેનો ભાવાર્થ યાદ કરશો. આ પ્રમાણે કહી મહાબળ એક શ્લોક આપે છે.

**विधत्ते यद्विधिस्तत्स्यान्न स्यात् हृदयचिंतितं ॥**
**एवमेवोत्सुकं चित्तमुपायांश्चिंतयेद्बहून् ॥ १ ॥**

(આખરે તો) પૂર્વ કર્મ જેમ કરે છે, તે પ્રમાણે થાય છે. પણ હૃદયમાં ચિંતવ્યા પ્રમાણે થતું નથી. આ ચિત્ત ઉત્સુક થઇને ફોગટ અનેક ઉપાય ચિંતવ્યા કરે છે.

રાજકુમારી! પૂર્વ કર્મની પ્રબળતા હોય તે પ્રમાણે કાર્ય બની આવે છે. જે કાર્ય પ્રબળ કર્માધીન છે તેને માટે કરાયેલો પ્રયત્ન નિષ્ફળ જાય છે. વાવેલ બીજ અવશ્ય ઉગશેજ. આ કારણથી ઉદ્યમ ન કરશો એમ મારૂં કહેવું નથી. પણ મહાન આપત્તિ પ્રસંગે મતિ મુંઝાઇ જતાં 'આ' વિચારો હૃદયને ધીરજ આપે છે, વિશેષ સંતાપ કરવા દેતાં નથી, નવીન કર્મબંધ થતો અટકાવે છે, સમભાવે કર્મ વેદાવે છે, અને ઉત્સાહિત રાખે છે કે, આ કર્મ ભોગવાઈ જતાંજ હું આ વિપત્તિમાંથી મુક્ત થઈશ. વળી આ મારૂં કથન પ્રબળ કર્મોદય યા નિકાચીત (અવસ્ય ભોગવવા લાયક) કર્મોદય આશ્રિનેજ છે. માટે હે રાજકુમારી! આ શ્લોકનો તેવા પ્રસંગમાં અવસ્ય સદુપયોગ કરજો.

ટાંકણાથી કોતરેલા અક્ષરોની માફક આ શ્લોક મલયાસુંદરીનાં હૃદયપટ્માં કોતરાઇ રહ્યો. શ્લોકનો ભાવાર્થ વિચારી તે મસ્તક ધુણાવા લાગી. અહા! કુમારનો શો વિવેક! કેવી ઉત્તમ બુદ્ધિ! ધર્મશાસ્ત્રમાં કેટલી નિપુણતા! મારા ભાગ્યોદયથીજ આ સમાગમ થયો છે.

મહાબળ—હવે મને રાજી ખુશી થઈ રજા આપો. વખત ઘણો થઇ ગયો છે. મારાં માણસો મારી રાહ જોતાં ચિંતામાં પડ્યાં હશે.

મલયાસુંદરી–'જાઓ' એ શબ્દ નિઃસ્નેહતા સૂચક છે. માટે તેવી રજા હું મારા મુખથી નજ આપું. છતાં આપનું મન જવાને વિશેષ ઉત્સુક છે, અને આપ મારી સાથે વિવાહિત થવાને મને કબુલાત આપોછો, તો હું અ-

ત્યારે એટલાથીજ સંતોષ પામી જણાવું છું કે, 'તમારો માર્ગ નિર્વિઘ્ન થાઓ. અને શાંતિથી આપ નિર્ણય કરેલ સ્થળે પહોંચો'. આ શબ્દો બોલતાંજ આંખમાં અશ્રુ ભરાઇ આવ્યાં, કંઠ રૂંધાઇ ગયો, એટલે આગળ મલયાસુંદરીથી વિશેષ ન બોલાયું, એટલે નિર્નિમેષદૃષ્ટિથી મહાબળને જોતી ઉભી રહી.

મહાબળકુમાર પણ છેવટની સ્નેહ લાગણી દર્શાવી, કોઇ ન જાણે તેમ જે રસ્તેથી આવ્યો હતો, તેજ રસ્તે થઇ પાછો નીકળી પડ્યો અને તૈયાર થઇ રહેલા પરિવારને આવી મળ્યો.

પ્રયાણ કરતાં રસ્તામાં રાજકુમારીને પરણવાના અનેક ઉપાયો ચિંતવવા લાગ્યો. તે વિચારમાં ને:વિચારમાં અવિચ્છિન્ન પ્રયાણે થોડાજ વખતમાં મહાબલ કુમાર પૃથ્વીસ્થાન પુરમાં આવી પહોંચ્યો.

માતા, પિતાને નમસ્કાર કરી, મલયાસુંદરી પાસેથી લાવેલ લક્ષ્મીપુંજહાર પિતાને સોંપ્યો. પિતાએ જ્યારે હારપ્રાપ્તિનું કારણ પૂછ્યું ત્યારે શરમથી અસત્ય ઉત્તર આપ્યો કે, ચંદ્રાવતીના રાજપુત્ર મલયકેતુકુમારે મિત્રાઇના સંબંધે આ હાર મને આપ્યો છે.

રાજાએ કુમારની ઘણી પ્રશંસા કરી, પુત્ર! તારી કળા કોઇ અલૌકિક છે. ઘણા થોડાજ વખતમાં તે કુમાર સાથે તારી આવી ગાઢ મિત્રાઇ થઇ. ઇત્યાદિ પ્રશંસા કરી રાજાએ તે હાર કુમારની માતા પદ્માવતીને સોંપ્યો. માતાએ પણ પુત્રની પ્રશંસા કરી તે દિવ્યહાર પોતાના કંઠમાં નાંખ્યો.

રાજકુમાર અહોનિશ મનમાં વિચાર કર્યા કરે છે. તેના પિતાએ નહિ અર્પણ કરેલી તે કન્યાનું હું કેવી રીતે પાણિગ્રહણ કરીશ? તે કુમારી સમક્ષ આ પ્રતિજ્ઞા ખરેખર દુષ્કર કરી છે. આ પ્રતિજ્ઞાનો નિર્વાહ મારે કેવી રીતે કરવો? આ ગુપ્ત વાત માતા, પિતાને કેમ કહેવાય? ઇત્યાદિ વિચાર કરતો રાજકુમાર ચિંતાતુર થઇ રહ્યો છે.

## પ્રકરણ ૨૧ મું.

### સ્વયંવર મંડપ મહાબળને આમંત્રણ.

ચંદ્રાવતીના મહારાજા વીરધવળે મોકલાવેલ દૂત રાજસભામાં આવી પહોંચ્યો. ખરે અવસરે મિત્રતા ભૂલાઇ જવાતી નથી. સુરપાળ રાજા, મહાબળ કુમાર, અને સામંત, પ્રધાનાદિ સભામાં બીરાજેલા છે. પ્રતિહારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રવેશ કરાવેલો દૂત, રાજાને નમસ્કાર કરી, ક્ષેમવાર્તા કહેવાપૂર્વક, પોતાના સ્વામિનો આદેશ નિવેદન કરવા લાગ્યો.

"મહારાજા **સુરપાળ** ! **ચંદ્રા**વતી પતિના પરમ મિત્ર ! મારું આગમન **ચં**દ્રાવતીથી થયું છે. અમારા મહારાજાએ આપના સર્વ કુટુંબને પ્રણામ પૂર્વક શાન્તિ ઇચ્છી છે. વિશેષ વિજ્ઞપ્તિ કરવાની એજ છે કે, મહારાજા **વી**રધવળને રતિથી પણ અધિક રૂપવાન્ અને ગુણવાન્ **મ**લયાસુંદરી નામની કન્યા છે. અમારા મહારાજાએ તેમનો સ્વયંવર મંડપ રચ્યો છે. વંશપરંપરા થી આવેલ વજ્રસાર નામનું ધનુષ્ય તે મંડપમાં મૂકવામાં આવશે. પોતાના પરાક્રમથી જે કુમાર ધનુષ્યપર પ્રત્યંચા ચડાવશે, તેને તે રાજકુમારી વરમાળ આરોપશે.

આ સ્વયંવર ઉપર અનેક રાજકુમારોને આમંત્રણ કરવાને દૂતો મોકલાવવામાં આવ્યો છે. મહાન્ ગુણવાન, રૂપવાન્ **મ**હાબળકુમારને બોલાવવા નિમિત્તે મને મોકલવામાં આવ્યો છે. આજે જેઠ માસની અંધારી એકાદશી છે. સ્વયંવરનું મુહૂર્ત જેઠ વદ ચતુર્દશીનું છે. મને મોકલ્યાને ઘણા દિવસો થયા છે. પણ રસ્તામાં બીમાર થવાથી હું વખતસર આવી શક્યો નથી. માટે હે મહારાજા ! હવે વખત ઘણો થોડો છે તો **મ**હાબળકુમારને તરત **ચં**દ્રાવતી તરફ આવવાને આપ આજ્ઞા કરો. વિલંબ કરવાનો હવે વખત નથી."

મહારાજા **વી**રધવળના આમંત્રણથી રાજા ઘણો ખુશી થયો. આમંત્રણ ઘણા માનપૂર્વક સ્વીકારી, દૂતને વસ્ત્રાદિકથી સત્કાર કરી વિસર્જન કર્યો.

**મ**હાબળકુમાર આ વખતે રાજાની નજીક બેઠેલો હતો. દૂતનાં વચનો સાંભળી તેનું હૃદય પ્રમોદથી પ્રફુલ્લિત થયું. તે ચિંતવવા લાગ્યો. અહા ! પુણ્યની કેવી પ્રબળતા ! જે ધાર્યું હતું તે થયું. કકડીને ભૂખ લાગી હતી તેવામાં થાળમાં પકવાનો આવી પડ્યાં તેમજ થયું. જે કાર્ય સામર્થ્યથી કે ધનથી થવું સંશયયુક્ત હતું, તેજ કાર્ય દૈવયોગથી મુઠીમાં આવી પડ્યું. મારી ચિંતાનો મોટો ભાગ આજે દૂર થયો. દુઃખનો સંચાર નષ્ટ થયો. મન હર્ષથી પૂર્ણ થયું. અહા ! શું પુણ્યનું માહાત્મ્ય ? વિધાતા પણ અનુકૂળજ ને ! ઓગણીશવશા કામ સિદ્ધ થયું હોય તે વીશવશા સિદ્ધ થયું એમ કહી શકાય. પિતાના આદેશથી હું જલદી **ચં**દ્રાવતીમાં જઇશ. બીજા રાજકુમારોનું માન મર્દન કરી **મ**લયાસુંદરીનું પાણિ ગ્રહણ કરી કૃતાર્થ થઇશ. ઇત્યાદિ અનેક વિચાર લહરીઓથી હર્ષાકુળ થયેલા રાજકુમાર તરફ રાજાએ દૃષ્ટિ કરી જણાવ્યું.

"બેટા મહાબળ! તું આજજ સ્વયંવર ઉપર ચંદ્રાવતી પુરીમાં જવાની તૈયારી કર. સાથે મોટું સૈન્ય લઈ જજે. ચંદ્રાવતી પતિ મોટો રાજા છે. તેમજ મારો મિત્ર હોવાથી વિશેષ પ્રકારે માનનીય છે."

મહાબળકુમાર હાથજોડી, મસ્તક નમાવી, વિનયથી બોલ્યો, "પિતાજી! આપની આજ્ઞા પ્રમાણે છે. આપ કહો તે અવસરે જવાને તૈયાર છું."

રાજાએ પ્રધાન તરફ નજર કરી જણાવ્યું. ચંદ્રાવતી તરફ રવાના થવા સૈન્ય તૈયાર કરો. રાજાનો હુકમ થતાંજ સૈન્યમાં તૈયારી થવા લાગી.

રાજા—મહાબળ! ચંદ્રાવતીથી લાવેલ લક્ષ્મીપુંજ હાર તું સાથે લેઇ જજે.

મહાબળ—પિતાજી! હું જ્યારે નિદ્રામાં હોઉં છું,–તે વેળાએ અદૃશ્યરૂપે, મને નિરંતર, કોઇ ઉપદ્રવ કરે છે. કોઇ વખત વસ્ત્ર, તો કોઈ વખત શસ્ત્ર, કોઇ વખત આભૂષણ કે બીજી કાંઇ ઉત્તમ વસ્તુ મારી પાસે હોય તે લઈ જાય છે. કોઇ વખત ભયંકર હાસ્ય કરી મને ખીવરાવે છે. મારી માતા પાસેથી કાલ રાત્રેજ તે હાર મેં લીધો હતો. પણ તેજ રાત્રિએ મારા ગળામાંથી તે કોઇ કાઢી ગયું છે. તે હાર ગયો જાણી મારી માતા એટલું બધું કલ્પાંત કરે છે કે, તેના દુઃખથી હું આજે અત્યંત વ્યાકુળ થઇ રહ્યો છું.

પિતાજી! મારી માતાને શાંત કરવા મેં તેમની પાસે એવી પ્રતિજ્ઞા કરી છે કે, જો પાંચ દિવસમાં તે હાર લાવી ન આપું તો અગ્નિમાં પ્રવેશ કરૂં.

મારી માતાએ પણ એવીજ પ્રતિજ્ઞા કરી છે કે તે હાર ન મળે તો મારે પણ મરવું,

અદૃશ્યપણે આ સર્વ વસ્તુઓનું હરણ કરનાર કોઇ જન્માંતરનો વૈરી ભૂત કે રાક્ષસ હોય એમ મારૂં માનવું છે.

પિતાજી! મારો એવો વિચાર છે કે, આજ રાત્રીએ બે કે ત્રણ પ્રહર પર્યંત મારા શયનગૃહમાં હથીઆર સહિત મારે જાગૃત રહેવું. એ અવસરે જો તે દુષ્ટ આવે તો તેને જીતી હાર પ્રમુખ સર્વ વસ્તુઓ તેની પાસેથી લઇ, તેમાંથી હાર મારી માતાને સોંપી, પાછલી રાત્રિએ મારે ચંદ્રાવતી તરફ પ્રયાણ કરવું. આ પ્રમાણે કહી મહાબળ ઉભો રહ્યો.

રાજાએ તેમ કરવાને રજા આપી. મહાબળ પિતાને નમસ્કાર કરી પોતાના મહેલમાં ગયો.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨૨ મું.

### લગ્નમાં વિઘ્ન-મહાબળનું અપહરણ.

જેઠ વદ એકાદશીની અંધારી રાત્રી પૃથ્વીપર છાઈ રહી હતી. અંધકાર ચારે દિશામાં વ્યાપી રહ્યો હતો. છુટક, છુટક તારાઓ કાંઇક પ્રકાશ આપતા હતા પણ અંધકાર વિશેષ હોવાથી તેનો પ્રકાશ સ્પષ્ટ જણાતો નહોતો. આખા શહેરમાં શાંતિ પથરાઇ હતી. મહેલના સર્વ વિભાગોમાં કોઈપણ મનુષ્યનો સંચાર થતો નહોતો.

આ વખતે પોતાના વાસભુવનમાં, હાથમાં ખડ્ગ લઈ, દીપકના અંધારા પાછળ ગુપ્તપણે, સાવધાન થઇ, મહાબળ કુમાર ઉભો હતો. પોતાની શય્યામાં એક વસ્ત્ર પાથરી, તેની મનુષ્ય સરખી આકૃતિ કરી, તેના ઉપર વસ્ત્ર આચ્છાદિત કર્યું હતું. વાસભુવનની એક બારી સિવાય સર્વ દ્વારો બંધ કર્યાં હતાં. ગમે તે હોય, શરીરનાં જોખમે પણ આજે તેને સખ્ત શિક્ષા આપવી છે. એજ વિચાર કરતો રાજકુમાર ઉભો છે.

મધ્ય રાત્રિનો સમય થયો હશે. તે અરસામાં ખુલ્લા ઝરૂખામાંથી એક હાથ અંદર પ્રવેશ કરતો કુમારને જણાયો. તે જોતાંજ તે વિશેષ પ્રકારે સાવધાન થયો. તે હાથ તે વાસભુવનમાં ફરવા લાગ્યો. તેને જોઇ કુમાર આશ્ચર્ય સહિત ચિંતવવા લાગ્યો. અરે! શરીર સિવાય એકલો હાથ કેમ દેખાય છે? વળી કંકણપ્રમુખ ભૂષણોથી ભૂષિત, તેમજ સરલ હોવાથી તે હાથ કોઈ સ્ત્રીનો હોય તેમ જણાય છે. આજ સ્ત્રી, મને નિરંતર ઉપદ્રવ કરે છે. તે ઘણા દિવસે આજેજ દેખાણી છે; માટે મારે તેને હમણાંજ પૂર્ણ શિક્ષા આપવી.

દૈવીમાયાના કારણથી તેનું શરીર ગુપ્ત જણાય છે. ખડ્ગના ઘાથી જો હું તેનો હાથ છેદી નાખું તો તે ફરી મારે હાથ નહિ આવે. અને એમ થશે તો લક્ષ્મીપુંજહાર કેવી રીતે મળશે? માટે તેનો હાથ તો ન કાપવો. પણ તેને સર્વથા પકડી લેવી. આ ઇરાદાથી સહસા કુદીને કુમાર તેના હાથપર ચડી બેઠો. અને પોતાના બેઉ હાથથી તે હાથ દૃઢપણે પકડી રાખ્યો.

કુમારનાં આવાં સાહસથી તે હાથ મહેલમાં વધારે વખત ન રોકાતાં આકાશમાં ઉંચે ઉડવા લાગ્યો. કુમાર તે હાથપર બેસીજ રહ્યો. આકાશમાં જતાં વાયુના જોરથી ચાલતી ધ્વજાની માફક તે હાથ કંપવા લાગ્યો. હાથ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરથી કુમારને ફેંકી દેવા માટે તેણે ઘણો પ્રયત્ન કર્યો. વારંવાર હાથ જમીન તરફ તરછોડ્યો, પણ તેનો પ્રયાસ નિષ્ફળ ગયો. કેમકે કુમારપણ નીચે પડવાના ભયથી તેને મજબૂત પકડી રાખતો હતો. હાથ ઉંચે જઇ નીચો પડતો હોય તેમ ડોલવા લાગ્યો. થોડા વખતમાં તો તે દેવીનું સંપૂર્ણ શરીર પ્રહાશ્વલના જોવામાં આવ્યું.

કુમાર વિચારવા લાગ્યો કે, આ કોઇ **દેવી,** દેખાય છે. તેને વધારે વખત હેરાન કરવાથી, કદાચ કોપાયમાન થઈ સમુદ્રમાં કે પર્વતની ખીણમાં મને ફેંકી દેશે, માટે હવે વધારે વખત આ હાથઉપર રહેવું તે મારા માટે સલામતી ભરેલું નથી. એમ વિચાર કરી, જોરથી એક મુષ્ટિનો પ્રહાર દેવીના મસ્તક ઉપર કર્યો. આ પ્રહાર પડતાંજ તે દેવી કરૂણસ્વરે રૂદન કરતી બોલવા લાગી. 'હે સાહસિક ! કરૂણા કરી મને મૂકી દે. હવેથી હું તને હેરાન નહિં કરૂં.' કુમારે કરૂણાથી તેનો હાથ મૂકી દીધો. હાથ મૂકતાંજ તે દેવી જીવ લઇને નાસી ગઇ. તેનો જવાનો માર્ગ પણ કુમારને ન દેખાયો.

દેવીનો હાથ મૂકતાંજ, કુમાર નિરાધારપણે આકાશથી નીચો પડ્યો. નીચે પડતાંજ મૂર્છા આવી ગઈ. વનના શીતળ વાયુવડે આશ્વાસન કરાતાં કુમાર કેટલાક વખત પછી શુદ્ધિમાં આવ્યો. પડવાથી તેને વિશેષ વ્યથા ( પીડા ) થઇ નહોતી. કુમાર ચિંતવવા લાગ્યો. હું કયાં પડયો છું ? વસ્તીમાં ? પાહાડ ઉપર ? વૃક્ષ ઉપર ? કે જમીન ઉપર ? એ અવસરે ગાઢ અંધકાર હોવાથી દષ્ટિથી કાંઇ દેખાઇ શકાય તેમ નહોતું. હાથથી નીચેના ભાગનો સ્પર્શ કરતાં તેને જણાયું કે, હું આંબાની ટોચ ઉપર રહેલો છું. આંબાનાં ફ્ળો પાકેલાં જણાય છે. અને તેથી આંબો નીચો નમી રહ્યો છે. કુમાર તરતજ ત્યાંથી બેઠો થયો, અને શરીરનો ભાર સહન કરી શકે તેવી મજબુત શાખાનો આશ્રય લીધો.

થોડા વખત પછી આંબાથી નીચો ઉતર્યો. અને તેના થડ પાસે ઉભો રહી વિચાર કરવા લાગ્યો.

અહો ! દેવીએ કરેલા અપહરણથી હું આજે કેવી અવસ્થા પામ્યો છું ? લક્ષ્મીપુંજહાર, હવે મને કેવી રીતે અને કયાંથી મળશે ? હાર મેળવ્યા સિવાય, માતા આગળ કરેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ હું કેવી રીતે કરી શકીશ ? હાર સિવાય માતા કેમ જીવશે ? માતાના મરણથી પિતા કેમ પ્રાણધારી શકશે ? હા ! હા ! અત્યારે મારા વંશનો સંહાર થવાનો વખત આવી પહોચ્યો છે. ઓ વિધિ ! તારી અકળ કળા છે. ઘડીકમાં તું રમાડે છે, હસાવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે, આંશા બંધાવે છે, અને ઉંચા શિખરપર ચડાવે છે થોડાજ વખતમાં તેજ મનુષ્યોને તું બંધાવે છે, રોવરાવે છે, નિરાશ કરે છે, અને ઉંચા શિખરથી નીચો પછાડે છે. તારૂં આવું વિલસિત મહાત્માઓજ જાણી શકે છે. આ પ્રમાણે ચિંતામાં મગ્ન થઇ રહ્યો છે.

## પ્રકરણ ૨૩ મું.

### મલયાસુંદરી અજગરના મુખમાં.

રાત્રિનો ત્રીજો પ્રહર શરૂ થઇ ગયો હતો. આકાશમાં તારાઓ ચમકતાં હતા. તારાના પ્રકાશથી અંધકાર કાંઇક ઓછો થયો હતો. ચંદ્રોદય થવાની પણ તૈયારી હતી. રાત્રિ હોવાથી વિશેષ પ્રકારે મનુષ્યોનો સંચાર બંધ હતો. આ અવસરે આંબાના ઝાડ ઉપર બેઠો બેઠો મહાબળ અનેક પ્રકારનાં માનસિક તરંગો ઉછાળી રહ્યો હતો.

આ અવસરે તેજ આમ્રવૃક્ષના મૂળ નજીક જોરથી ધસડાટ થતો તેના સાંભળવામાં આવ્યો. સાવધાન થઇ કુમાર વૃક્ષના મૂળ તરફ દષ્ટિ કરે છે તો નજીકમાં એક મ્હોટો અજગર આવતો જણાયો. તેના મુખમાં અરધું ગળેલું માણસ જણાતું હતું.

કુમાર ચિંતવવા લાગ્યો. આ ક્રૂર પ્રાણી માણસને ગળીને આ ઝાડ સાથે આંટો મારી (ભરડો દઇ ) મારી નાખવા માટે આવે છે. આ અજગરના મુખમાં પડેલા પ્રાણીને જો હું જીવિતદાન આપું તો, આ વિપત્તિમાં મારૂં આવી પડવું પણ સફળ થયું ગણાય. કાળચક્ર દરેક મનુષ્યને માથે ફરી રહ્યું છે. જન્મ્યો તો મરવું અવસ્ય છેજ. નાશવંત આ શરીરથી પરને ઉપકાર થાય તેજ સફ[illegible] હું પોતેજ હમણાં મરણના મુખમાંથી બચ્યો છું. તો આ ક્ષણભંગુર [illegible]થી અવસ્ય પરનો ઉપકાર કરવોજ એમ નિશ્ચય કરી, કરૂણાથી પૂર્ણ હૃદયવાળો કુમાર સાહસ અવલંબી વૃક્ષથી નીચો ઉતર્યો.

અજગર આંબાની નજીક આવી, જેવામાં તેને આંટો ફરી વળી અર્ધ ગળેલ માણસને ભચરડી ( મારી ) નાખવા પ્રયત્ન કરે છે તેવામાં કુમારે તેના બે હોઠ, બે હાથથી પકડી લીધા. અને જીર્ણવસ્ત્રની માફક તેના ઉભા બે વિભાગ કરી નાખ્યા. અજગરના મુખના બે વિભાગ થતાંજ, તેના મુખ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંથી મંદ ચૈતન્યવાળી એક યુવાન સ્ત્રી નીકળી પડી.

તે સ્ત્રી જીવતી હતી. છતાં અત્યારે તેનામાં જોઈએ તેટલી સાવધાનતા નહોતી. તથાપિ ઘણા વખતના પરિચયવાળું હોય તેમ-"મને મહાબળ કુમારનું શરણ થજો" આટલા શબ્દો નીચા પડતાં પડતાં તેના મુખમાંથી નીકળી ગયા.

પોતાના નામને યાદ કરતી તે સ્ત્રીને જોઇ કુમારને ઘણો વિસ્મય થયો. હાથમાંથી અજગરની બે ફાળો દૂર ફેંકી દઇ, નજીક આવી, નીહાળી નીહાળીને તે સ્ત્રીનું મુખ જોવા લાગ્યો. જોતાં પૂર્વે ચંદાવતીના રાજમહેલમાં જોયેલી મલયાસુંદરીના સરખી આકૃતિ જણાવા લાગી. તેથી કુમારને વિશેષ આશ્ચર્ય થયું. પરોપકારની લાગણી તો હતીજ, તેમાં વળી આ તો પ્રેમપાત્ર, એટલે સોનું અને સુગંધ. કુમાર તેની નજીક આવી બેઠો. પાસે બેસી પોતાના વસ્ત્રવડે શીતળ પવન નાખવા લાગ્યો. એ અવસરે, મૂર્છામાં પરવશ થયેલી બાળાના મુખમાંથી હૃદયમાં કોતરાઇ રહેલો, અને વિશેષ પ્રકારે મનન થયેલો, શબ્દ ધ્વનિ નીકળ્યો.

**विधत्ते यद्विधिस्तत्स्यान्न स्यात् हृदयचिंतितं।**
**एवमेवोत्सुकं चित्तमुपायांश्चिंतयेद्बहून् १**

આ શ્લોક સાંભળતાંજ મહાબળે નિર્ણય કર્યો કે, આ મલયાસુંદરીજ છે. તેથી વિશેષ તેનું શરીર સંવાહન કરવા (દબાવવા) લાગ્યો. વનના શીતળ પવનથી, અને મહાબળની મદદથી થોડા વખતમાં કુમારીએ પોતાની દૃષ્ટિ ખોલી.

મહાબળે જણાવ્યું, "મૃગાક્ષી! નિદ્રાનો ત્યાગ કર. સ્વસ્થ થા. તારી આ અવસ્થા જોઇ મારું હૃદય આકુળવ્યાકુળ [illegible] છે.

આ શબ્દો કાનપર અથડાતાંજ નેત્ર [illegible]અને તે રાજબાળા બેઠી થઇ. પોતાની પાસે બેઠેલા, અને શરીરને સંવાહન[illegible] રાજકુમાર મહાબળને જોઈ, તેના હર્ષનો પાર ન રહ્યો. તેના રોમેરોમમાં આનંદ ઉછળી આવ્યો. પોતાને માથે પડેલું દુઃખ ભૂલી ગઇ. શરીર સંકોચી, વસ્ત્ર બરાબર પહેરી, સ્નિગ્ધદૃષ્ટિએ કુમારના સંમુખ જોઇ રહી.

**મલયાસુંદરી**—રાજકુમાર! હું કેવી રીતે જીવતી રહી? અને તમારો મેળાપ, આંહી અકસ્માત કેવી રીતે થયો?

**મહાબળ**—રાજકુમારી! તે વાત આપણે પછી કરીશું. આ નજીકમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ાદી જણાય છે, ત્યાં જઇ પ્રથમ તારૂં શરીર, મળ, અને કાદવથી ખરડાયેલું છે તે સાફ કરીએ.

મલયાસુંદરી—જેવી આપની આજ્ઞા.

બન્ને જણ નદીના કિનારાપર ગયા. શરીર સાફ કરી, વસ્ત્ર ધોઇ, પાણી પી, પાછાં ફરી તેજ આમ્રવૃક્ષની નીચે આવી બેઠાં.

મલયાસુંદરી જરા સ્વસ્થ થઇ—રાજકુમાર ! તમે આંહી કયાંથી ? મહાબળે પોતાનો સર્વ વૃત્તાંત, વ્યંતરીએ હરણ કર્યાથી તે અજગરનું વિદારણ કર્યું ત્યાં સુધી કહી બતાવ્યો. તે વૃત્તાંત સાંભળતાં મલયાસુંદરી કુમારના ધૈર્ય, અને સાહસથી ચમત્કાર પામી વારંવાર પોતાનું મસ્તક ધુણાવવા લાગી. કુમાર ઉપર સ્નેહવાળી દૃષ્ટિ ફેંકતાં તેણે જણાવ્યું. સુંદર ! તમે ઘણું કષ્ટ સહન કર્યું.

મહાબળ—સુંદરી ! તું તારી વાર્તા મને મૂળથી જણાવ. મારા જવા પછી શું શું બનાવ બન્યા. ? આ ભયંકર અજગરના ઉદરમાં તું કેવી રીતે આવી પડી ? અનેક સુભટોથી વિંટાએલ રાજમેહેલમાં રહેનારી, તને, આ પાપી અજગરે ગળીને આંહી કેવી રીતે આણી ?

મલયાસુંદરી—વ્હાલા ! અજગરના મુખમાં કેવી રીતે પડી તે હું જાણતી નથી. તે સિવાયનો સર્વ વૃત્તાંત હું આપને કહું છું. આપ વજ્રસમાન હૃદય કરીને સાંભળશો.

મલયાસુંદરી પોતાનો વૃત્તાંત શરૂ કરે છે. તેવામાં કોઈ માણસનાં પગલાંનો અવાજ મહાબળને કાને આવ્યો. મહાબળ તરત સાવધાન થયો, અને વિચાર કરવા લાગ્યો કે, રાત્રિની અંદર આવા પ્રદેશમાં ફરનાર કોણ હશે ? આવી અંધારી રાત્રીમાં ફરનાર ચોર, જાર, જુગારી કે ઘાતક હોવો જોઇએ. જો તેવોજ પુરૂષ હોય તો સ્ત્રી પાસે છતાં તેને શિક્ષા આપવાનું કામ મને અશકય થઇ પડશે.

અથવા કોઇ રાજકુમારી સંબંધી હશે તો, કુમારીને મારી પાસે જોઇ તે ઉપદ્રવ કરશે. એમ ધારી કેશપાશમાંથી ગુટીકા કાઢી, તેજ આંબાના રસમાં ઘસી, કુમારીના ભાળે (કપાળમાં) તિલક કર્યું. તે ગુટીકાના પ્રભાવથી મલયાસુંદરી પુરૂષરૂપે થઈ ગઈ. પુરૂષરૂપ થયેલું જોઇ કુમારે જણાવ્યું. રાજકુમારી ! જ્યાંસુધી મારા થુંકથી આ તિલક બગાડવામાં નહિ આવે ત્યાંસુધી આ તારૂં પુરૂષનું રૂપ કાયમ રહેશે. હજી રાત્રિ વધારે છે. ઉન્માર્ગે કોઇ ચાલ્યું આવે છે. ' તે કોણ છે ' તેનો જ્યાંસુધી નિર્ણય

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ન થાય ત્યાં સુધી–અને હવે પછીના તેવા પ્રસંગોમાં પણ તારૂં આવું રૂપ કરવાની જરૂર છે.

**મલયાસુંદરી**—આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. આ શરીર જન્મથી પર્યંત આપનેજ સોંપેલું છે ને.

**મહાબળ**—તારૂં કહેવું બરોબર છે. પણ હવે આ માણસ નજીક આવે છે. આપણે મૌન રહેવું જોઇએ. વળી તે માણસ ગમે તે હો. તારે નિર્ભયજ રહેવું. જ્યાંસુધી તું મારી પાસે છે, ત્યાં સુધી તારો વાળ પણ વાંકો થવા નહિ દેઉં. વધારે શું કહું. તારા માથા ઉપર થઇને જતો વાયુ પણ જો તને દુઃખ આપીને જશે તો તેનો પણ અટકાવ કરીશ. આ પ્રમાણે કુમારીને ધીરજ આપી, બન્ને મૌનપણે ઉભા રહ્યા. એટલામાં ઉતાવળી, ઉતાવળી નજીક આવતી એક સ્ત્રી તેમના જોવામાં આવી. કુમારે તેને મૃદુસ્વરે બોલાવી. શુભે! તું કોણ છે? અંધારી રાત્રિએ એકાકી કેમ? તારા શરીરપર આટલો બધો ધ્રુજારો (કંપારો) શા માટે? આંહી નજીકમાં કયું શેહેર છે? ત્યાં કોણ રાજા રાજ્ય કરે છે? અમે પરદેશી છીએ. અહીંજ રાત્રિએ રહ્યા છીએ. તેથી અમે આ પ્રદેશથી અજાણ્યા છીએ. મધુર સ્વરે અને મીઠા વચને કુમારે તેને આશ્વાસન આપ્યું.

કુમાર ઉપર વિશ્વાસ પામેલી તે સ્ત્રીએ જણાવ્યું કે, હે ક્ષત્રિય કુમારો! તમે જે પૂછ્યું તેનો ઉત્તર હું તમને આપું છું.

તમે જે સ્થળે ઉભા છો. તે સ્થળ ગોળાનદીના કિનારાનું છે. આ નજીક ચંદ્રાવતી પુરી છે. ત્યાં વીરધવળ રાજા રાજ્ય કરે છે.

કુમાર મનમાંજ બોલી ઉઠ્યો. અરે! આ તો મોટું આશ્ચર્ય! દેવીએ મને કયાં લાવી મૂકયો? પડતો પડતો હું કયાં પડયો? અહા! મારા પિતા મને જે સ્થળે મોકલવાના હતા, અને મારૂં વાંછિત જે સ્થળે હતું, તેજ સ્થળે આવી પહોંચ્યો છું.

અહો! પુણ્યનો વૈભવ! યમના મુખમાં ગયેલી કુમારી પણ મને અહીં જીવતી મળી. મારો વિધાતા હજી અનુકૂળ છે. વિઘ્નો પણ અનુકૂળ સુખરૂપ થાય છે. ખરેખર વિઘ્નોથી કે સંકટોથી ખેદ કરવો ન જોઇએ, પણ 'જે થાય તે સારા માટે' એમ માનવું જોઇએ.

**મહાબળ**—ભદ્રે! શું આ રાજાને ઘેર હમણાં કાંઇ નવીન જાણવા લાયક બીના બની છે?

આવનાર સ્ત્રી—હા તે રાજાને એક મલયાસુંદરી નામની કુંવરી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેને માટે રાજાએ સ્વયંવર મંડપ માંડયો છે. રાજપુત્રોને બોલાવવા નિમિત્તે અનેક સ્થળે દૂતો મોકલ્યા છે. આજથી ત્રીજે દિવસે અર્થાત્ ચતુર્દશીને દિવસે સ્વયંવર થવાનો હતો. તેને માટે ઘણા હર્ષથી રાજાએ સર્વ સામગ્રી તૈયાર કરી હતી. પણ તે **મલયાસુંદરી**ની ઓરમાન માતા કનકવતીએ રંગમાં ભંગ પાડયો છે. કનકવતીની **સોમા** નામની હું મુખ્ય દાસી છું. તેનાં દરેક રહસ્યોને જાણનારી, તેમજ દરેક કાર્યમાં આગેવાની ભર્યો ભાગ લેનારી જો કોઇ હોય તો હું પોતેજ છું.

કનકવતી **મલયાસુંદરી**પર નિરંતર દ્વેષ ધારણ રાખતી અને તેનાં છિદ્રો જોયા કરતી હતી.

**મલયાસુંદરી—સોમા**! શા માટે કનકવતી તેનાપર દ્વેષ રાખતી હતી!

**મહાબળ—**એમાં શું પૂછવું હતું? સપત્નીઓને આપસમાં તો વેર હોય છે. તે વેર તેના બાળકોમાં વારસા તરીકે ઉતરે છે.

**સોમા—**હશે કાંઇ તેના વેરનું કારણ, તો તે જાણે. આટલા દિવસો તેનાં છિદ્રો જોતાં તેણે કાઢયા. પણ કાંઇ **મલયાસુંદરી**નું છિદ્ર તેના હાથમાં ન આવ્યું.

ગયા દિવસની રાત્રિએ 'હું અને તે' એમ બે જણાંજ મેહેલમાં હતાં, તેવામાં અકસ્માત્ **મલયાસુંદરી**નો લક્ષ્મીપુંજહાર કનકવતીના કંઠમાં આવી પડયો.

અમૃતની માફક આલ્હાદક, 'લક્ષ્મીપુંજહાર' આ શબ્દો સાંભળતાંજ જાણે નવીન ચૈતન્ય આવ્યું હોય તેમ આનંદિત થઇ કુમારે જણાવ્યું, "તે હાર તેના કંઠમાં કયાંથી પડયો?"

**સોમા**એ જણાવ્યું, "તે હાર અકસ્માત્ આકાશમાંથી પડયો. અમે ઉંચે, નીચે, આજુબાજુ ઘણી તપાસ કરી, પણ તે હાર નાખનાર કોઇપણ અમારા જોવામાં ન આવ્યું."

કુમાર મનમાં બોલ્યો. "હા! તેજ વ્યંતરી દેવી પાસેથી પડયો હોવો જોઇએ. કોઇપણ અન્ય જન્મના સ્નેહથી તેણીના કંઠમાં નાખ્યો હશે. અહા! જે હારની અત્યાર સુધી કોઇપણ સ્થળે શોધ લાગી ન હોતી, જેને માટે હું આ સંકટમાં પડયો છું, સ્વપ્નમાં પણ જે હારની (કયાં હશે તેની) આશા રહેતી નહોતી, તે હારની પ્રવૃત્તિ પુણ્યોદયથી હમણાં અનાયાસે મળી. આથી મને હવે વિશેષ નિશ્ચય થાય છે કે, હું મારી કરેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરીશ, મારૂં સર્વ કુટુંબ જીવતું રહેશે, અને મારી માતાને પણ હર્ષ થશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહાબળ—સોમા ! તે હાર લઈને કનકવતીએ શું કર્યું ? હમણાં તે હાર ક્યાં છે ?

સોમા—હાર મળ્યાથી હર્ષ પામતી કનકવતીએ મને જણાવ્યું. હે હલે ! અપૂર્વ આશ્ચર્ય તું જો તો ખરી. મનુષ્યોના સંચાર વિનાના સ્થાનમાં 'આ' કુમારી મલયાસુંદરીનો હાર અકસ્માત્ મારા કંઠમાં આવી પડયો છે. તું તપાસ કર. આ મહેલમાં કોઇ છુપું માણસ તો નથીને, જેણે આ હાર અહીં ફેંકયો હોય. મેં અને વિશેષ પ્રકારે તેણીએ સર્વત્ર તપાસ કરી પણ કોઇ જોવામાં ન આવ્યું.

થોડીવાર મૌન રહી, કાંઇક વિચાર કરી, કનકવતીએ મને જણાવ્યું. 'આ હારના લાભની વાર્તા તારે કોઇને પણ ન કહેવી.' મેં કબુલ કર્યું, એટલે તેણે હારને એક સ્થળે છુપાવ્યો. ત્યાર પછી અમે બન્ને જણ રાજા પાસે ગયાં.

કનકવતી—સ્વામીનાથ ! આપ એકાંતમાં પધારો. મારે કાંઇ આપના હિતની અને લાભની વાત કહેવાની છે.

વીરધવળ—ઘણી સારી વાત. રાજા ઉઠી, એકાંતમાં કનકવતીની સાથે બેઠો.

કનકવતી—સ્વામીનાથ ! પૃથ્વીસ્થાનપુરના સ્વામી સુરપાળ રાજાને, મહાન પરાક્રમી અને તેજસ્વી, મહાબળ નામનો કુમાર છે. તેનું એક માણસ નિરંતર ગુપ્તપણે અહીં, આ તમારી અતિવહાલી કુમારી મલયાસુંદરીની પાસે આવે છે. રાજ્યના ભૂષણતુલ્ય 'લક્ષ્મીપુંજહાર' આજેજ તેની સાથે, મહાબળ માટે, કુમારીએ મોકલાવ્યો છે. સાથે જણાવ્યું પણ છે કે, "સ્વયંવરના મિષથી મોટા સૈન્ય સહિત તમે અહીં આવજો. બીજા રાજકુમારો પણ આવશે, તે પણ તમને મદદ કરે તેવો સંકેત કરી રાખજો. આ રાજ્ય તમે ગ્રહણ કરજો. હું તમારી સાથે લગ્ન કરીશ."

મહારાજા ! ખરેખર કુમારી સરલ સ્વભાવની છે. તેને રાજ્યલોભી, ધૂર્ત, પોતાના બળથી ગર્વિત, મહાબળ કુમારે ભરમાવીને પોતાને સ્વાધીન કરી લીધી છે. તેથીજ તેણે આવો ભયંકર રાજદ્રોહ અને કુળઘાતકપણાનો વિચાર કર્યો છે.

પ્રાણનાથ ! સ્ત્રીઓની બુદ્ધિ તુચ્છ હોય છે. તેઓની વાણી મધુર હોય છે, પણ હૃદય વજ્રથી પણ કઠીણ હોય છે. મુખમાં જુદું અને હૃદયમાં કાંઇ જુદુંજ હોય છે. મૂર્ખ સ્ત્રીઓ, પિતા, ભ્રાતા, અને પતિ પ્રમુખને મહા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનર્થની જાળમાં ફસાવે છે. સ્વામિન્ ! મહા અનર્થ થશે એમ ધારી આ ગુપ્ત રહસ્ય મેં આપને નિવેદિત કર્યું છે. આ સંબંધમાં આપને યોગ્ય લાગે તેમ કરો.

મારા વચનોપર આપને પ્રતીતિ ન આવતી હોય તો, કુમારી પાસે આપ હારની તપાસ કરો." ઇત્યાદિ અનેક અસત્યવચનોવડે, રાજાને એટલો બધો પ્રકોપિત કર્યો કે, રોષાંધ રાજાએ તત્કાળ અમોને વિસર્જન કરી, કુમારીની માતા ચંપકમાલાને એકાંતે બોલાવી, કનકવતીની કહેલી સર્વ વાત નિવેદિત કરી.

**ચં**પકમાલાએ આ વાત માનવાને આનાકાની કરી પણ છેવટે તેણીએ જણાવ્યું કે, રાજન્ ! **મ**લયાસુંદરી તે હાર ન આપે તો તે વાત સત્ય છે એમ માનવામાં કાંઇ હરકત નથી. રાણીનો અભિપ્રાય મેળવી, રાજાએ **મ**લયાસુંદરીને પોતાની પાસે બોલાવી અને તેની પાસે હાર માગ્યો. પ્રથમ તો કુમારી સંભ્રાંત થઇ, પછી ભય પામી અને છેવટે થોડીવાર વિચાર કરી તેણે ઉત્તર આપ્યો કે, " પિતાજી ! તે હાર મારી પાસેથી ચોરાઇ ગયો હોય તેમ જણાય છે. તપાસ કરતાં મને મળતો નથી. "

આ ઉત્તર મળતાંજ ક્રોધથી રાજાનાં નેત્રો લાલ થઇ આવ્યાં, હોઠ ફરકવા લાગ્યા, શરીર કંપવા લાગ્યું. જોરથી રાજા બોલી ઉઠયો. " અરે પાપિણી ! મારી પાસેથી દૂર જા. તારૂં મુખ ન બતાવ. તારાં કર્તવ્યની મને ખબર પડી છે. "

આ તરફ **ચં**પકમાલા પણ તિરસ્કાર કરી ધીટકાર દેવા લાગી. માતા સહિત પિતાને ક્રોધાતુર થયાં જાણી **મ**લયાસુંદરી તત્કાળ ત્યાંથી પાછી ફરી પોતાના મેહેલમાં આવી.

મુખપર શોકની છાયા છવાઇ રહી. અરે ! આ શું ? સ્નેહી માતા, પિતાના સંબંધમાં કાંઇપણ અપ્રિય કર્યું હોય તેમ બીલકુલ મારા ધારવામાં નથી. મારાપર બન્નેનો આવડો કોપ શામાટે ? વહાલામાં વહાલી વસ્તુ ચોરાઇ ગઇ કે નાશ પામી, એમ કોઈ વખત બન્યું હશે, છતાં તેઓએ આવો કોપ કોઇપણ વખત કર્યો નથી. મારાપર પિતાજી જરા માત્ર ગુસ્સે થતા ન હોતા. આજે આવો અસહ્ય કોપ શા::માટે ! આ કારણની મને કાંઈ ખબર પડતી નથી. હવે શું થશે વિગેરે મુખથી બોલતી, હૃદયથી ઝુરતી, દુઃખણી થઇ રાજમેહેલમાં ઉદાસીનપણે આવી બેઠી.

રાજાએ **ચં**પકમાલાને જણાવ્યું, દેવી ! આ દુષ્ટ હૃદયવાળી કુમારી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ હાર મહાબળને સોંપ્યો છે. કનકવતીનું કહેવું અસત્ય નથી. કુમારી પાસે હાર નથી. એકઠા મળેલા અનેક દુષ્ટ રાજકુમારો પાસે તે પાપિણી મને મારી નખાવશે. આ દુષ્ટ કુંવરી આપણને પ્રાણથી પણ વહાલી હતી. ~~જેને~~ માટે મહાન્ ખર્ચથી સ્વયંવર મંડપની તૈયારી કરી છે. પુત્રીને બાને તે આપણી વેરણ નીકળી. ખરેખર રાગી થયેલી સ્ત્રી જીવિતવ્ય આપે છે અને વિરક્ત થયેલી સ્ત્રી જીવથી મારે છે, મિત્રને શત્રુ કરે છે, અને શત્રુને પણ બનાવે છે. માટે હે પ્રિયા ! મારો એવો વિચાર થાય છે કે, જ્યાં સુધી તે દુષ્ટ વૈરી કુમારો આવી નથી પહોંચ્યા, ત્યાંસુધીમાં આ છોકરીનો સુખે નાશ કરી શકાશે" ઇત્યાદિ અનેક વિચારો કરતાં, રાણી સાથે રાજાએ દુઃખે રાત્રિ પસાર કરી. પ્રાતઃકાળ થતાંજ કોટવાળને બોલાવી રાજાએ આદેશ આપ્યો કે, અરે દંડ પાશિક ! મારી પાપિષ્ટ કુમારી મલયાસુંદરીને અહીંથી દૂર લઇ જઈ, તારે જીવથી મારી નાંખવી. આના સંબંધમાં તારે બીલકુલ વિચાર કરવો નહિ તેમજ પૂછવું પણ નહિ.

આ વૃત્તાંતની ખબર પડતાંજ બુદ્ધિનિધાન સુબુદ્ધિપ્રધાન રાજા પાસે આવ્યો. અત્યારે રાજાને ક્રોધ શરીરમાં સમાતો ન હોતો, પણ શરીરથી બહાર આવ્યો હતો. ક્રોધથી ધમધમતા રાજાને જોઇ નજીક આવી પ્રધાને નમસ્કાર કરી જણાવ્યું.

મહારાજા ! આવું અસંમજશ અને દારૂણ કાર્ય શામાટે આદર્યું છે ? શું હમણાં મલયાસુંદરી આપની પુત્રી નથી ? આપનો સ્નેહ તેના ઉપરથી શું ચાલ્યો ગયો ? કન્યાએ કાંઇ મહાન્ અપરાધ કર્યો છે ? મહારાજા ! જે કાર્ય કરવું તે બહુ વિચારપૂર્વક કરવું જોઇએ. અવિચારિત કાર્યનો વિપાક, મરણથી પણ વિશેષ દુઃસહ આવે છે.

રાજા-પ્રધાન ! તમારૂં કહેવું બરોબર છે. પણ હું અવિચારિત કાર્ય કરતો નથી. કુમારીએ ભયંકર ગુનો કર્યો છે. તેણે મારા વંશનો ઉચ્છેદ કરવાનું કાવતરૂં રચ્યું છે. આજે તે પકડાઈ ગયું છે. ઇત્યાદિ કહેવા પૂર્વક કનકવતીએ કહેલો સર્વ વૃત્તાંત એવી રીતે પ્રધાનને સમજાવ્યો કે, પ્રધાન ભયથી મૌન ધારી રહ્યો. વિશેષ તપાસ કરવાની તેની હિમ્મત કે બુદ્ધિ ચાલી નહિ.

રાજાના આદેશથી કોટવાળ કેટલાક માણસોને સાથે લઇ મલયાસુંદરીના મેહેલમાં આવ્યો, અને મંદસ્વરે મલયાસુંદરીને કહેવા લાગ્યો.

રાજકુમારી ! રાજા તમારાપર કોપાયમાન થયા છે. તમારો વધ કર-

વાતી મને આજ્ઞા આપેલી છે. હા ! હતભાગ્ય, પરાધીનવૃત્તિ ! હું શું કરૂં ?

આ અવસરે મલયાસુંદરીનાં નેત્રમાંથી અશ્રુનો પ્રવાહ ચાલી રહ્યો હતો. અશ્રુથી વસ્ત્રો ભીંજાઇ ગયાં હતાં. મુખ દીનતાભરેલું જણાતું હતું, અને હવે શું કરવું એ વિચારમાં મૂઢ થઇ ગઇ હતી. મંદસ્વરે કુમારીએ ઉત્તર આપ્યો.

કોટવાળ ! મારાપર આવડો કોપ થવાનું કારણ તમે કાંઇ જાણો છો ?

કોટવાળે જણાવ્યું. રાજપુત્રી ! હું આ વાતનો કાંઇપણ પરમાર્થ જાણતો નથી.

મલયાસુંદરી બેભાન સ્થિતિમાં બોલવા લાગી, પિતાજી ! નિર્દોષ બાળાપર, નિષ્કારણ આટલો બધો કોપ ! યાદ રાખશો, તમને મહાન્ પશ્ચાત્તાપ થશે. હા ! હા ! એવો તે નિષ્કારણ વૈરી કોણ હશે કે જેણે રાજાના મનપર આવો વિસંવાદ ઠસાવ્યો છે ? પિતાજી ! તમારે હાથે આજપર્યંત આવું અવિચારિતકાર્ય થયું નથી. આજે આ તમને શું સુજ્યું છે ? અપત્યપરનો નિઃસીમ સ્નેહ કયાં ગયો, કે થોડો વખત બહાર ગઇ હોઉં તોપણ અનિષ્ટની શંકા ઉત્પન્ન કરતા ?

અરે માતા ચંપકમાલા ! તું પણ આજે પથ્થરની માફક કઠોર કેમ થઇ ? સ્નેહથી લાલન, પાલન કરી આજે કાંઇ યુક્તાયુક્ત વિચાર પણ કરતી નથી ? મેં અપરાધ કર્યો છે એમ પણ કદાચ તને જણાય તોપણ શું બાળકનો એક અપરાધ પણ માતા સહન ન કરે ?

અરે ! અસીમ સ્નેહવાન્ બાંધવ મલયકેતુ ! તું પણ આજે કેમ મૌન ધારી રહ્યો છે ? આ વિષમતા શાથી ઉત્પન્ન થઇ ? અહીં આવી મને મૂલથી કેમ જણાવતો નથી ?

અરે ! એવો તે મેં શો ગુન્હો કર્યો છે કે આજે સર્વ પરિવારનો સ્નેહ, મારાપરથી મૂલથી ઉડી ગયો ? એવા કયા દોષથી વજ્રની માફક કઠોર હૃદયવાળો, આ સર્વ પરિવાર મારા તરફ થઇ રહ્યો છે ? હા ! નિશ્ચે મારાં પુણ્ય આજે મૂળથી ઉચ્છેદ થયાં છે. નહિતર આ સ્નેહીપરિવાર પણ વૈરીની માફક આજે દ્વેષી કેમ થાય ?

હે ભૂમિ દેવી ! મને તારા હૃદયમાં વિવર કરી આપ, કે તે રસાતળમાં પ્રવેશ કરી હું શાંતિ પામું. આ પ્રમાણે બોલતી, ઝુરતી, ખેદ પામતી મલયાસુંદરી વિશેષ સાવચેતીમાં આવી વિચારવા લાગી કે, એકવાર હું પિતાજીને વિજ્ઞપ્તિ કરૂં કે, 'મારો શું અપરાધ છે', ત્યાર પછી મારા ભાગ્યમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેમ હશે તેમ થશે. એમ ધારી, વેગવતી દાસીને બોલાવી, પોતાનો અભિપ્રાય જણાવી, રાજા પાસે મોકલી.

વેગવતી રાજા પાસે આવી, હાથ જોડી વિજ્ઞપ્તિ કરવા લાગી કે,—

"મહારાજા ? મલયાસુંદરી, મારી મારફત કહેવરાવે છે કે મેં આપનો શું અપરાધ કર્યો છે તે આપ જણાવશો. મારા અપરાધની મને ખાત્રી થશે તો, અવશ્ય મરવા પહેલાં મને સંતોષ થશે કે, પિતાજીએ મારા અપરાધનોજ બદલો આપ્યો છે. વળી આપે મને, મારી નાખવા માટે કોટવાળને હુકમ આપ્યો છે તો, જો આપની આજ્ઞા હોય તો, હું એક વખત આપનાં, અને મારી માતાનાં દર્શન કરવા અને છેલ્લી ભેટ કરવા માટે આવું. આ વાત પણ આપને સંમત ન હોય તો તે ત્યાં રહીનેજ આપને, ચંપકમાલા માતાને, અને ઓરમાન માતા કનકવતી આદિ સર્વને છેલ્લો નમસ્કાર કરે છે."

રાજાએ રોષ કરી જણાવ્યું "અરે ! પાપિણી છોકરી ? નહિ કરવા લાયક કાર્ય કરીને મારી પાસેથી 'અપરાધ' જાણવા માગે છે. અહા ! સ્ત્રીઓનો ગુઢ અભિપ્રાય ! શી કપટ પ્રવીણતા ! પરને પ્રતીતિ કરાવનારાં કેવાં તેનાં મધુર વાક્યો !

અરે દાસી ! મને તેના પ્રણામની કાંઇ જરૂર નથી. હૃદયમાં વિષતુલ્ય પણ મુખે અમૃત સરખાં, તેનાં વચનો પણ સાંભળવાં નથી. તું કહી દેજે કે અહીં આવીને મુખપણ ન દેખાડે, અને કોટવાળ જેમ કહે તેમ મરણ સાધી લે.

રાજાનાં આવાં છેવટનાં વચનો સાંભળી દાસીને ઘણું દુઃખ લાગ્યું. તેનું હૃદય ભરાઇ આવ્યું. આંખમાંથી અશ્રુધારા ચાલવા લાગી. છેવટે ધીરજ ધરી દાસીએ મલયાસુંદરીનો છેલ્લો સંદેશો જણાવ્યો.

મહારાજા ! આપનો આ છેલ્લોજ આદેશ છે તો મલયાસુંદરી, ગોળા નદીના કિનારાપર પાતાળમૂળ નામનો અંધારો અને ઉંડો કુવો છે તેમાં ઝંપાપાત કરી મરણ સાધશે. આટલા શબ્દો કહી રાજા તરફથી ઉત્તર સાંભળવા પણ ખોટી ન થતાં, દાસી તત્કાળ મલયાસુંદરી પાસે આવી, અને બનેલ હકીકત સવિસ્તર જણાવી.

શાણી અને સમજુ મલયાસુંદરીનો અત્યારે ખરી કસોટીનો વખત હતો. અચાનક તેને માથે આ આફત આવી પડી હતી. તે અત્યારે પોતાનાં કિલષ્ટ કર્મોનેજ નિંદતી હતી. બાલ્યાવસ્થામાં તેને જે શિક્ષણ આપવામાં આવ્યું હતું

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

તે શિક્ષણના પ્રભાવથીજ આવી વિપત્તિમાં તેની હિમ્મત બની રહી હતી. તેના મુખમાંથી ઘણીવાર આ શબ્દોજ નીકળતા હતા.

" જે વિધી કરશે તેહી થશે, નહિં થાય હૃદય ચિંતવ્યું તારૂં.
હે ચિત્ત ! આમ ઉત્સુક થઇ, અનેક ઉપાય ચિંતવે શા સારૂ ?"

રાજાનો છેવટનો હુકમ સાંભળી મલયાસુંદરી, મરવાને માટે તૈયાર થઈ પંચપરમેષ્ટિમંત્રનો જાપ કરતી, અંધકુવાનું લક્ષ કરી, નિર્ભયપણે પોતાના રક્ષકની આગળ ચાલવા લાગી.

રાજકુમારીની આ સ્થિતિ જોઇ, તેના સ્નેહી સખીવર્ગની સ્થિતિ બહુ દયાજનક દેખાતી હતી. તે વર્ગ ચોધારાં આંસુએ રડતો અને વિલાપ કરતો હતો. કુમારી ! તારી આ દશા જોઇ અમારૂં હૃદય કાં ફુટી જતું નથી ! દુઃખથી દગ્ધપ્રાણો તમે શામાટે બેસી રહ્યા છો ? અરે ! તારા મધુર આલાપ, સાત્વિક ગોષ્ટી, અને હૃદયની સરલતાથી થતો આનંદ, હવે કોની પાસેથી મેળવીશું ? તારી આ દશા અમને કાં ન પ્રાપ્ત થઇ ? હવે જીવતાં અમે શા કામનાં ? આજેજ ખરેખર અમે નિર્નાથ થયાં. તારાવિના આ શહેર મૂકી હવે અન્યસ્થળે જઇ વસીશું; વગેરે બોલી તેઓ રડતાં અને બીજાને રડાવતાં હતાં.

' રાજકુમારીને, રાજાએ મારી નાંખવાનો હુકમ કર્યો છે. ' આ વાત સાંભળીને શેહેરમાં કોળાહળ મચી રહ્યો. પ્રજાના આગેવાનો તેના બચાવ માટે રાજાની પાસે આવી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા.

" હે નરાધીશ ! આ કોપ કરવાનું ઠેકાણું નથી. ભૂલ આવી, અને અપત્યોએ ( બાળકોએ ) અપરાધ પણ કર્યો હોય છતાં શું તેને દેહાંતદંડ આપવો યોગ્ય છે ? હે વિચક્ષણ મહારાજા ! જો તમે આવો અનર્થ કરવો ધાર્યો હતો તો આ સ્વયંવરમંડપ શા માટે તૈયાર કરાવ્યો ? કન્યાના વિવાહ માટે ઉત્સુક થઇ આવેલા સેંકડોગમે રાજકુમારોને તમે શું ઉત્તર આપશો ?

મહારાણી ચંપકમાલા ! કુમારીની માતા છતાં, આવા દુષ્ટ કાર્યથી રાજાને શા માટે મના નથી કરતાં ? "

ઇત્યાદિ અનેક પ્રકારે પ્રજાના આગેવાનોએ, રાજા, તથા રાણીને સમજાવ્યા છતાં ક્રોધાંધ રાજા એક રીટી બે ન થયો. તેણે પોતાનો નિશ્ચય ન ફેરવ્યો. ત્યારે ઉદાસીન ચહેરે પ્રજાના આગેવાનો પાછા ફર્યા.

અનેક રાજપુરૂષોથી વીંટાએલી રાજકુમારી અંધ કુવાના કાંઠાપર આવી પહોંચી. પંચ પરમેષ્ટિનું શરણ લઇ, મહાબળકુમારને યાદ કરતી, લો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોના હાહાકાર વચ્ચે વીજળીની ઝડપે રાજકુમારીએ તે કુવામાં પડતું મૂક્યું. કુમારીના વિરહથી, ગુણાનુરાગી અને કરૂણાળુ મનુષ્યોના નેત્રોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. કોઇ રાજાની નિંદા કરતા હતા. કોઇ દુષ્ટ દૈવને ઓળંભો આપતા હતા. એવી રીતે કુમારીના દુઃખે દુઃખીઆ લોકો રાત્રિના વખતે પોતપોતાને મુકામે આવ્યા.

રાજકુમારીએ પોતાને હાથે અંધ કુવામાં ઝંપાપાત કર્યો, ઇત્યાદિ સર્વ વૃત્તાંત, રાજપુરૂષોએ રાજાને નિવેદિત કર્યો.

કુમારીના મરણથી રાજા, કુટુંબ સહિત આનંદ પામ્યો. તે વિચારવા લાગ્યો કે, કુંવરીને મારી નખાવી તે ઘણું સારૂં થયું. તે પાપિણીના નાશથી મારા આખા કુટંબને કુશળ થયું.

સ્વયંવર માટે બોલાવેલ રાજકુમારોને હું હમણાંજ જણાવી આપું છું કે, રોગના કારણથી મલયાસુંદરી, અકસ્માત્ મરણ પામી છે, માટે તમારે હવે સ્વયંવરના કાર્ય પ્રસંગે આવવું બંધ રાખવું.

## પ્રકરણ ૨૪ મું.

### ગુપ્ત પડદાનો ઉદ્ભેદ. (ફુટેલો પાપનો ઘડો)

મલયાસુંદરીના મરણથી રાજકુટુંબમાં શોકનાં બીલકુલ ચિન્હો જણાતાં નથી. છુટાંછવાયાં દાસ, દાસીઓનાં ટોળાં મળી, આપસમાં તે સંબંધી વાતો કરતાં હતાં. શહેરના મોટા ભાગમાં પણ આજ પ્રકરણની વાર્તા કરતા લોકો જણાતા હતા. રાજાના મનમાં ખેદ તો નજ હતો. પણ લોકલાજનો થોડો ઘણો ભય હતો. ગઇ કાલનો રાજકુટુંબમાં ઉજાગરો હોવાથી તેમજ આજના પણ આખા દિવસનો થોડો ઘણો ખેદ હોવાથી જેમ જેમ રાત્રિ પડતી ગઇ, તેમ તેમ રાજમેહેલ શાંત સ્થિતિમાં આવતો ગયો. છતાં, આ બનાવ અકસ્માત્ બનેલો હોવાથી, આ બનાવના નજીકના સંબંધીઓમાં શાંતિ કે નિદ્રાદેવીએ પ્રવેશ કર્યો નહોતો.

મધ્યરાત્રિનો વખત થવા આવ્યો. આખા મેહેલમાં શાંતિ પથરાઇ હોય તેમ જણાયું. આ વખતે ગુપ્તપણે બે પુરૂષોએ રાણી કનકવતીના મેહેલમાં પ્રવેશ કર્યો.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

આ અવસરે રાણીનાં દ્વારો બંધ હતાં. ફરતાં ફરતાં તે પુરૂષો તેના રહેવાસના મૂલદ્વારપાસે આવ્યા તે પણ બંધજ હતાં, છતાં અંદર દીપકનો પ્રકાશ જણાતો હતો, તે બેઉ પુરૂષો ત્યાંજ ઉભા રહ્યા. અને કુંચીના વિવરથી દૃષ્ટિ કરી અંદર જોવા લાગ્યા.

કનકવતી એ અવસરે આનંદસમુદ્રમાં ઝીલતી હતી. તેના હર્ષનો એ અવસરે પાર નહોતો. તેણે ઉદ્‌ભટ વેશ પહેર્યો હતો. હાથમાં લક્ષ્મીપુંજ હાર શોભી રહ્યો હતો. હારના સન્મુખ જોઇ, હર્ષના આવેશમાં તે બોલવા લાગી. ( હર્ષનું અજીરણ તેને એટલું બધું થયું હતું કે, અત્યારે હું શું બોલું છું. આ બોલવું ન જોઇએ. આજુબાજુ કોઇ જાગતું હશે. કોઇ સાંભળશે, વગેરેનું તેને ભાન રહ્યું નહોતું ) "હે હાર ! મારા મહદ્ ભાગ્યથીજ તું મારે હાથ ચડ્યો છે. તારા પ્રસાદથી આજે મેં મારૂં મનોવાંછિત સિદ્ધ કર્યું છે. તને અહીં છુપાવી, અનેક વચન પ્રપંચથી રાજાને છેતરી, જન્માંતરની વેરણ મલયાસુંદરીનો આજે મેં ઘાત કરાવ્યો છે, ચિંતામણિની માફક તારી પ્રાપ્તિ દુર્લભ છે. રાજાને મારે સ્વાધીન કરી આપી, મને નિરંતર ઇચ્છિત ફળ આપજે."

આ વચનો સાંભળતાં, અને હારને નજરે જોતાંજ, તે પુરૂષોનું લોહી ઉકળી આવ્યું. શાંત થયેલ કોપાનળ વિશેષ પ્રકારે પ્રદીપ્ત થયો.

તે એકદમ બુમ પાડી ઉઠ્યો. હા ! હા ! પાપિણી તેં મને પ્રપંચ કરી છેતર્યો છે. પુત્રી પાસેથી હાર ચોરી લઇ 'મહાબળ કુમારને મોકલાવ્યો છે' તેમ જણાવી, મારી નિર્દોષ પુત્રીનો તેં ઘાત કરાવ્યો.

હે પાપિણી ! તેં મને આખા કુટુંબ સહિત ઠગ્યો. આ મારી ગરીબ છોકરીએ તારૂં શું બગાડ્યું હતું ? તે નિર્દોષ છોકરીએ આજ પર્યંત એક કીડીને પણ દુભવી નથી. તેને માથે આવું ઘોર કલંક !

આ પ્રમાણે બોલતો, જોરથી કમાડને તાડતો, મોટે સ્વરે પોકાર કરતો, અને દુઃખથી વિહ્‌વળ થતો તે પુરૂષ એકદમ પૃથ્વીપર પડી ગયો, અને ભયંકર મૂર્ચ્છા અનુભવવા લાગ્યો.

મધ્ય રાત્રિએ કનકવતીના મહેલમાં બે પુરૂષજનાર કોણ ? તે વાંચનારને સમજાયુંજ હશે. બીજા કોઇ પુરૂષ નહિ પણ તે મહારાજા **વીર**ધવળ, અને **સુ**બુદ્ધિ પ્રધાન હતા.

તેઓએ, રાત્રિચર્યા જોવા અને સત્ય શું છે તે નિર્ણય કરવાનો પ્રયાસ અત્યારે પણ કાંઇ કર્યો નહોતો. જો તેટલી દીર્ઘ દૃષ્ટિ વાપરી હોતતો **મલ**-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યાસુંદરીને કુવામાં ફેંકી દેવરાવવાનો પ્રસંગ તેમને ન આવત. તેઓએ એમ ધાર્યું હતું કે, રાણી કનકવતીએ આપણાપર મોટો ઉપકાર કર્યો છે. કેમકે તેણે ' રાજ્યહરણ ' કે ' કુળછેદ ' નું કાવતરૂં પકડી આપ્યું છે. માટે તેનો ઉપકાર માનવો જોઇએ; અને તેને વિશેષ પ્રકારે રાજી કરવી જોઇએ. તેમજ તેની પાસેથી બીજી પણ કાંઇ વિશેષ હકીકત મળી આવશે. એ કાર્યને ઉદ્દેશીનેજ મોડી રાત્રિએ રાજા, તથા પ્રધાન બન્ને જણ આવ્યા હતા. પણ કનકવતીના ઉગ્ર પાપનો ઘડો ફુટી ગયો. તેના ગુપ્ત ભેદનો પડદો ચીરાઈ ગયો, કકડે કકડા થઇ ગયા. તેની જોડે પૂર્વાપર વિચાર નહિ કરતાં, રભસવૃત્તિ કરનાર રાજા **વી**રધવળના હૃદયનો પણ પડદો ચીરાવા લાગ્યો.

રાજાનો પોકાર અને જમીન પર પડવાનો શબ્દ સાંભળતાંજ, આખા રાજમેહેલમાં ખળભળાટ અને હાહાકાર થઇ રહ્યો. તત્કાળ સંખ્યાબંધ લોકો એકઠાં થઇ ગયાં અને રાજાના શરીરપર અનેક જાતના શીતળ ઉપચાર કરવા લાગ્યા.

હે ક્ષત્રિય કુમારો ! આ અવસરનો લાગ જોઇ, હું અને મારી સ્વામિની કનકવતી, બન્ને જણીએ, મરણના ભયથી, ગોખદ્વારા, પાછળની બાજુએ, નીચે જમીન ઉપર પડતું મૂક્યું. અમને સહજસાજ વાગ્યું હશે, પણ મરણ આગળ તેની પરવા કરવા અમે રહીએ તેમ નહોતું. ત્યાંથી નાશી એક શૂન્ય ઘરની અંદર ગુપ્તપણે થોડો વખત રહ્યાં. અને ત્યાંથી જતા, આવતા લોકો, જે કાંઇ વાર્તાલાપ કરતા હતા તે ગુપ્તપણે સાંભળવા લાગ્યા.

હે કુમારો ! મેં અત્યાર સુધી જે વૃત્તાંત કહ્યો છે તે સર્વ મારો જોયેલો અને અનુભવેલો પણ છે. હવે હું જે સહેજસાજ કહીશ તે અમે ગુપ્તપણે શૂન્ય ઘરમાં રહ્યાં હતાં ત્યાંથી જતા આવતા લોકોના મુખથી સાંભળેલો વૃત્તાંત છે.

**મ**લયાસુંદરીએ કહ્યું " કાંઇ હરકત નહિ, પછી રાજાની શું સ્થિતિ થઇ તે જણાવ. "

**સો**માએ વૃત્તાંત આગળ ચલાવ્યો. રાજા કેટલીકવારે ઘણી મેહેનતે જાગૃતિમાં આવતાંજ ઉંચે સ્વરે પોકાર કરવા લાગ્યો. ભયથી વ્યાકુળ થયેલી **ચં**પકમાળા પણ ત્યાં આવી. પ્રધાનને કહેવા લાગી. " પ્રધાન ! પ્રાણનો નાશ કરનાર વળી આ બીજો અકસ્માત્ શું બન્યો છે ? "

અશ્રુધાર મૂકતા પ્રધાને, પોતે જોયેલો અને સાંભળેલો, કનકવતી સંબંધી સર્વ વૃત્તાંત રાણી **ચં**પકમાળાને જણાવ્યો.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કનકવતીનું કપટ, અને રાજકુમારીની નિર્દોષતા, પ્રધાનના મુખથી સાંભળી, મલયાસુંદરીના મરણના શોકથી સર્વ લોકો રડવા લાગ્યા.

રાણી ચંપકમાલા, રાજાના કંઠને અવલંબી, પુત્રીના મોહથી, કરૂણ સ્વરે રૂદન કરતી, મનુષ્યોને રડાવવા લાગી.

આ અવસરે આખા મેહેલમાં તો શું પણ આખા શેહેરમાં શોકનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું. રાજમેહેલમાં એટલો બધો કરૂણાજનક વિલાપ થતો હતો કે, તે સાંભળી મનુષ્યોનાં હૃદયો ચીરાઇ જતાં હતાં.

વિલાપ કરતા રાજા, રાણીને શાંત કરી, પ્રધાને જણાવ્યું. મહારાજા! આમ રૂદન કરવાથી શો ફાયદો થશે? ચાલો, પેલા અંધ કુવામાં તપાસ કરીએ, કદાચ પુણ્યોદયથી રાજકુમારી હજી જીવતી મળી આવે.

રૂદન બંધ કરી રાજા પ્રમુખ હજારો મનુષ્યો, મધ્ય રાત્રિએ તે અંધારા કુવા પાસે ગયા. તત્કાળ મોટી મસાલો કરી, તેમાં માણસોને ઉતરાવ્યાં. કુવામાં ચારે બાજુ તપાસ કરાવી છતાં કુમારીનું ચિન્હ માત્ર પણ ત્યાં દેખવામાં ન આવ્યું.

ત્યાંથી નિરાશ થયેલો, ક્રોધથી ધમધમતો રાજા મારી સ્વામિનીના મેહેલમાં આવ્યો. દ્વાર ઉઘાડી અંદર તપાસ કરી પણ કનકવતી જોવામાં ન આવી. ત્યારે રાજા કોપ કરી કહેવા લાગ્યો " અરે! તે વૈરણી ક્યાં નાશીગઇ? જાઓ. ચારે બાજુ તપાસ કરો; તે પાછલા ગોખથી નાશીગઈ જણાય છે. પગલે, પગલે તપાસ કરી તેને પકડી લાવો.

રાજાના આદેશથી તેનું સર્વસ્વ રાજપુત્રોએ લુંટી લીધું. અને તેના સર્વ પરિવારને કેદ કર્યો.

એટલું કર્યાથી કાંઇ રાજાનું મન શાંત થાય તેમ નહોતું. તેને તો કારી ઘા લાગ્યો હતો. નિર્દોષ પુત્રીના નિગ્રહ કરવાના પશ્ચાત્તાપથી રાજા, રાણી સાથે પાછો મૂર્ચ્છામાં પડ્યો છે.

હે ક્ષત્રિય કુમારો! રાજા વીરધવળ, રાત્રિના બે પહોર જીવતો રહે તો મોટું ભાગ્ય સમજવું. પ્રાતઃકાળે તો અવશ્ય ચિતામાં પ્રવેશ કરી મરણ સાધશે.

અમારી શોધમાં ફરતા રાજપુરૂષોને જોઇ, કનકવતીએ મને જણાવ્યું કે, હવે આપણ બન્નેને એક ઠેકાણે રહેવું તે કોઇ પણ રીતે સલામતી ભરેલું નથી. રાજપુરૂષો આપણને દેખશે તો તત્કાળ આપણું મરણ થયું સમજવું. આ પ્રમાણે મને કહી લક્ષ્મીપુંજ હાર ઇત્યાદિ સાર સાર વસ્તુ મારી પાસેથી લઇ, પોતાની વ્હાલી સખી મગધા નામની વૈશ્યાને ત્યાં તે ગઈ. હું એકલી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે સ્થળે રહેવાને અશક્ત હોવાથી, ત્યાંથી કોઇ ન જાણે તેમ નીકળી ઉતા-વળી ઉતાવળી અહીં આવી છું.

હે કુમારી! તમે જે મારા ભયનું કારણ પૂછયું તે સર્વ મેં તમારી આગળ કહ્યું.

**મહાબળે** જણાવ્યું અહો! દુષ્ટ સ્ત્રીઓનાં દુશ્ચરિત્રો! દુઃપ્રાપ્ય કન્યા રત્નનો નાશ કરાવ્યો. રાજાને જીવિતવ્યના સંદેહમાં લાવી મૂક્યો પ્રજાને અનાથ કરી. આખા રાજ્યને ધ્રુજાવ્યું. પોતાના સુખનો નાશ કર્યો, દેશ ત્યાગ સ્વીકાર્યો અને લોકમાં અપકીર્તિ વધારી. ધિક્કાર થાઓ સ્ત્રીઓની તુચ્છ બુદ્ધિને. !

**સોમાએ** જણાવ્યું. રાત્રી પૂર્ણ થવા આવી છે. રખેને કોઇ રાજપુરૂષ મારી શોધ કરતો આવી ચડે માટે હું હવે જાઉં છું. કેમકે મારી પાછળ ભય છે. આ પ્રમાણે કહેતી તે સ્ત્રી ત્યાંથી ચાલી ગઇ.

**મહાબળ, મલયાસુંદરીને** કહે છે. જે દિવસે આપણો પ્રથમ મેળાપ થયો હતો તે દિવસથી કોપાયમાન થયેલી કનકવતીએ આજે લાગ શોધી તેનું વેર વાળ્યું છે.

હે સુલોચના! આ કનકવતીની દાસી પાસેથીજ તારો સમગ્ર વૃતાંત મારા જાણવામાં આવ્યો છે.

અહો! સ્વલ્પ કાળમાં તેં મહાન્ દુઃખનો અનુભવ કર્યો છે. આવા મહાન્ દુઃખમાં પણ તારૂં હૃદય ભેદાયું નથી, એ મોટું આશ્ચર્ય છે.

સુંદરી! અંધ કુવામાં ઝંપાપાત કર્યા પછી અજગરના મુખમાંથી તારૂં નીકળવું થયું તે સંબંધમાં મારૂં એમ ધારવું છે કે, કુવામાં ઝંપાપાત કર્યા પછી જયારે નિઃશ્ચેષ્ટની માફક તું પડી હશે, ત્યારે તે કુવામાં રહેનાર હોય કે આજુબાજુથી આવેલ હોય, તે અજગરે તને ગળી લીધી જણાય છે. તે કુવામાંથી બહાર નીકળવા માટે કોઇપણ ગુપ્ત દ્વાર કુવામાં હોવું જોઇએ. તને ગળીને તે દ્વારે આ અજગર બહાર આવ્યો છે. અને આ આમ્રવૃક્ષ સાથે આંટો દઇ તને મારી નાખવાનો પ્રયત્ન કરતો હતો, તેવામાં મેં તેના હોઠ પકડી વિદારી નાખ્યો. તેના મુખમાંથી તું નીકળી. અહા! પુણ્યના ઉદયથીજ અકસ્માત્ આપણો મેળાપ થયો છે.

તે અજગરને દેખી **મલયાસુંદરી** ભયથી કંપવા લાગી. **મહાબળે** જણાવ્યું. રાજપુત્રી! ભય પામવાનું કાંઇ કારણ નથી. આવી મહાન્ વિપત્તિમાં આવી પડયાં છતાં પણ, આપણો દુર્ઘટ મેળાપ થયો છે તો, નિશ્ચે સમજવું કે આપણો વિધિ હજી અનુકૂળ છે.

P. P. Ac. Gunratnasuriji M.S.                Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે વાર્તાલાપ કરતાં, યોગ્ય મેળાપથી આનંદ અનુભવતાં, પૂર્વના શ્લોકને યાદ કરતાં, ભવિષ્યનાં દંપતી ફરી ગોળા નદી તરફ ગયાં. ત્યાં દંતધાવન, મુખ પ્રક્ષાલનાદિ કર્તવ્ય કરી, તે પાકા આંબાનાં કેટલાં એક ફળોનું તેઓએ ભોજન કર્યું ત્યાર બાદ નદીના કિનારા ઉપર ફરતાં ફરતાં તેઓ ભટ્ટારિકા દેવીના મંદિરમાં ગયાં. ત્યાં ઘણા વખતથી ઉભી કરેલી લાકડાની બે ફાળો ( ફાડો ) મહાબળના જોવામાં આવી. જેમાંથી પૂર્વે ચંપકમાલા રાણી મળી આવી હતી. તેની અંદર પોલાણ જોઇ મસ્તક ધુણાવતા મહાબળે કાંઇક વિચાર કરી રાજકુમારીને જણાવ્યું. રાજબાળા ! હમણાં મારે ત્રણ કાર્ય કરવાનાં છે. પહેલું કાર્ય તો એ છે કે, મરવાને ઉજમાળ થયેલા તારા કુટુંબનું રક્ષણ કરવું. બીજું કાર્ય વીરધવળ રાજાએ અર્પણ કરેલો ( રાજકુમારો સમક્ષ ) તારું પાણિગ્રહણ કરવું. ત્રીજું કાર્ય મારી માતાને હાર આપી, તેના જીવિતવ્યનું રક્ષણ કરી મારી કરેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવી.

આ ત્રણ કાર્યમાં મને તારી મદદની પૂર્ણ જરૂર પડશે. આ પુરૂષનો વેશ હાલતે કાયમ રાખવાનો છે. આજ વેષે સંધ્યા સમયે, શેહેરની અંદર, તારે મગધા વેશ્યાને ઘેર જવું. કેમકે હજી કનકવતી તેને ઘેરજ હશે. તેની સાથે તારે એવી બુદ્ધિ કેળવવી, અને એવી રીતે વર્તન કરવું કે, લક્ષ્મીપુંજહાર આપણે હાથ આવે. આ કાર્ય તારે કરવાનું છે.

હું તો અહીંથી સિદ્ધોજ શ્મસાન તરફ જાઉં છું. કેમકે, તારા વિયોગથી દુઃખી થયેલ તારાં માતા, પિતા, અગ્નિમાં પ્રવેશ કરી બળી મરવાનાં છે; તેઓનો બુદ્ધિબળથી બચાવ કરવાનો છે. કુમારી ! તારૂં મુદ્રા રત્ન (વીંટી) મને આપ કદાચ કોઇ ચોરની ભ્રાંતિથી તને હેરાન ન કરે. કુમારીએ મુદ્રારત્ન ( નામાંકિત વીંટી ) મહાબળને આપી. મહાબળે વિશેષ સૂચના કરી કે, જેમ રાજપુરૂષો તને વિશેષ ન જુવે તેમ શહેરમાં ફરવું આજની આખી રાત્રિ વેશ્યાને ઘેર કનકવતીની અને હારની તપાસમાંજ પૂરણ કરવી. તેમજ કાલનો દિવસ પણ વેશ્યાને ઘેરજ પુરો કરવો. કાલે સાંજે પાછું અહીં આવવું. હું પણ ધારેલ કાર્યો યથાયોગ્ય કરી, આ ભટ્ટારિકાના મંદિરમાં જ કાલે સાંજે તને મળીશ. જેથી આપણો મેળાપ હવે કાલે સાંજે અહીં થશે.

વિનીત રાજકુમારીએ, મહાબળનાં કહેલ દરેક વાક્યો ધ્યાન પૂર્વક સાંભળ્યાં. અને આવી નિરાધાર સ્થિતિમાં, જરા માત્ર જુદા પડવાની મરજી નહિ છતાં, કુમારની આજ્ઞા મસ્તકપર ચડાવી તેમ કરવાને ખુશીથી હા કહી. થોડીવાર ભેગાં રહી, પોતપોતાના કાર્યની સિદ્ધિ માટે બન્ને જણ ત્યાંથી

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જીદાં પડ્યાં. રસ્તે ચાલતાં મહાબળ વિચારવા લાગ્યો કે, આજે અહીં અનેક રાજકુમારો આવશે. તેઓની પાસે મોટા પરિવાર હશે ત્યારે હું તો એક વટેમાર્ગુની માફક એકલોજ છું. રાજદ્વારમાં મને એકલાને પ્રવેશ પણ કેવી રીતે મળશે! જ્યાં પ્રવેશની આશા નથી તો, રાજકુમારીનું પાણિગ્રહણ કરવાનું, અને તે પણ રાજાની આપેલી, તથા અનેક રાજકુમારોની હરીફાઇ વચ્ચે, તે બનવું અસંભવિત જણાય છે. માટે કાંઇ પ્રપંચ તો કરવોજ પડશે. શરીરથી અસાધ્ય કાર્યો બુદ્ધિથી સુસાધ્ય થઇ શકે છે. ઇત્યાદિ વિચાર કરતો મહાબળ આગળ ચાલ્યો જાય છે. તેવામાં વડના ઝાડની નીચે બાંધેલો એક હાથી તેના જોવામાં આવ્યો. તેની પાસે કેટલાએક રાજપુરૂષો, તે હાથીની વિષ્ટા પાણીમાં ગાળતા બેઠેલા હતા.

રાજકુમારે તેઓને પૂછ્યું, ભાઈઓ! તમે આ શું કરો છો? તે પુરૂષોએ જવાબ આપ્યો. મહાશય! ગઇ કાલે કેટલાએક રાજકુમારો, સુવર્ણની સાંકળથી સેલડી બાંધીને, રમતમાં આ હાથીની આગળ ઉછાળતા હતા. તે સેલડી નજીક પડતાં હાથી પોતાના મુખમાં ઉતારી ગયો. સુવર્ણની સાંકળ હાથીના પેટમાં ગઇ. રાજાના આદેશથી આ હાથીની વિષ્ટા અમે ગાળીએ છીએ. તેમાંથી કોઇ વખત, એક, કોઇ વખત બે, એમ સુવર્ણના કકડાઓ મળી આવે છે.

આ વાત સાંભળી મહાબળ કુમારે એક ઘાસનો પૂળો લઇ તેના પોલાણમાં મલયાસુંદરીના નામવાળી વીંટી નાંખી, તે ઘાસનો પુળો હાથીના મુખમાં આપ્યો. હાથી જ્યારે તે ગળે ઉતારી ગયો ત્યારે, રાજકુમાર ત્યાંથી આગળ ચાલતો થયો.

---

## પ્રકરણ ૨૫ મું.

### પરોપકારી નિમિત્તીઓ.

અનુમાન એક પહોર જેટલો સૂર્ય આકાશમાં ઉંચે આવ્યો હતો. આ અવસરે ગોળાનદીના કિનારાપર હજારો લોકોનો કોળાહળ સંભળાતો હતો. નજીકમાં એક ચિતા સળગતી હતી. તેમાંથી ધૂમ્રની શિખા આકાશમાં ઉછળી રહી હતી. ઠેકાણે ઠેકાણે નિરાશાનાં ચિન્હ જણાતાં હતાં.

આ અવસરે હાથ ઉંચો કરી, "હે અપત્યવત્સલ રાજા! સાહસ નહિં કર, સાહસ નહિ કર, તારી પુત્રી મલયાસુંદરી જીવતી છે. જીવતી છે." વિગેરે બૂમો પાડતો, દોડતો, દોડતો, એક નિમિત્તીઓ ત્યાં આવતો જણાયો.

કાનને અમૃતસમાન આ તેના વચનો સાંભળી, અશ્રુધારા મુકતાં સં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખ્યાબંધ લોકો, તેના તરફ દોડતા ગયા. અને કહેવા લાગ્યા. હે ઉત્તમ નર ! તું જલદી આવ—જલદી આવ, તારી સોનાની જીવ્હા, તારી જીભની અમે આર્તિ ઉતારીએ, શું રાજપુત્રી જીવતી છે ? આ નેત્રથી અમે તેને જોઇ શકી શું ? નિમિત્તજ્ઞ ! આનો ઉત્તર તું જલદી આપ.

નિમિત્તજ્ઞે જણાવ્યું. અરે લોકો ! હું તેના જવાબ આપું છું. પણ પ્રથમ આ ચિતા બુઝાવી નાંખો.

માણસોએ ચિતાને બુઝાવી નાંખી. અને બાહ્યાભ્યંતર તાપથી તપ્ત થયેલાં રાજા અને રાણીને ચિતાથી બહાર કાઢ્યાં. નિમિત્તીઓ રાજાની નજીક આવ્યો, અને મધુર શબ્દો બોલ્યો. મહારાજા ! વ્યાકુળ ન થા. નિમિત્તના બળથી હું જાણું છું કે, ક્યાંઇ પણ તારી પુત્રી મલયાસુંદરી જીવતી છે.

અમૃતના સિંચનતુલ્ય વચનોથી શાંત થયેલા રાજાએ જણાવ્યું. " નિમિત્તજ્ઞ ! એવાં મારાં પુણ્ય નથી કે હું રાજકુમારીને જીવતી દેખું. કૃતાંતના ઉદર સરખા અંધ કુવામાં પડ્યા છતાં તે જીવતી રહે એ વાત ન બનવા યોગ્ય છે. તે કુવામાં અમે ઘણી સારી રીતે તપાસ કરાવી, પણ કુમારીના શરીરની નિશાની સરખી મળી નથી, તેથી અમારૂં એમ માનવું છે કે, કોઇ હિંસક પ્રાણીએ અવશ્ય તેનો નાશ કર્યો હશે. તો હવે તું મને શામાટે મરણમાં વિઘ્ન કરે છે ? "

નિમિત્તજ્ઞે ગંભીરતાથી જણાવ્યું. " રાજન્ ! આજે જેઠ માસની કૃષ્ણ દ્વાદશી છે. આજથી ત્રીજે દિવસે અર્થાત્ ચતુર્દશીને દિવસે, જુદા જુદા દેશના રાજકુમારો આવી સ્વયંવર મંડપમાં બીરાજમાન થશે એ અવસરે, હજારો લોકોની મેદની વચ્ચે બે પહોર ગયા પછી, નાના પ્રકારના વસ્ત્રાલંકારોથી વિભૂષિત રાજકુમારીનું તમો સર્વને અકસ્માત્ દર્શન થશે.

રાજન્ ! સ્વયંવર મંડપ તમારે તૈયાર કરાવવો. અને આ પ્રસંગપર આવતા રાજકુમારોને બીલકુલ પાછા ન વાળવા. મારા કહેવા ઉપર જો તમને વિશ્વાસ ન આવતો હોય તો, જ્ઞાનદૃષ્ટિથી તપાસ કરી, મારા કહેલાં વચનોની તમને પ્રતીતિ થાય તેવી કેટલી નિશાનીઓ હું તમને જણાવું. "

રાજાએ તેમ કરવા હા કહી, એટલે થોડો વખત ધ્યાનસ્થ જેવી સ્થીતિમાં રહી, નિમિત્તજ્ઞે જણાવ્યું.

રાજકુમારીનું મુદ્રારત્ન, કોઇ પણ પ્રકારે કાલે તમારા હાથમાં આવવું જોઇએ. ચતુર્દશીને દિવસે પ્રાતઃકાળે પુરની પ્રતોલી ( દરવાજા ) આગળ નગર બહાર, રાજાઓની પરીક્ષા માટે ૭ હાથ પ્રમાણનો, નાના પ્રકારના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિત્રોથી ચિત્રિત, એક સ્થંભ, તમારી ગોત્રદેવી કોઇ પણ સ્થળેથી લાવી મૂકશે. તે સ્થંભ, સ્વયંવર મંડપના વચમાં તમારે સ્થાપન કરવો. તેની આગળ વજ્રસાર નામનું ધનુષ્ય, જે તમારા ઘરમાં છે તે બાણ સહિત, ચાપ યુક્ત કરી, પૂજન કરવા પૂર્વક, સ્થાપન કરવું. તે ધનુષ્ય ઉપર બાણ ચડાવી, જે મનુષ્ય સ્થંભનું ભેદન કરશે તે રાજકુમારીનું પાણિગ્રહણ કરશે. તે સ્થંભની પૂજા કરવાની કેટલીક વિધિ પણ છે.

આ સર્વ વૃત્તાંત મેં મારા નિમિત્ત જ્ઞાનના બળથી જાણ્યો છે. હે રાજન્! આ મારી કહેલી નિશાનીઓ ન મળી આવે, તેમજ રાજકુમારી પણ જીવતી ન મળે તો પછી, કાષ્ટભક્ષણ કરવું અર્થાત્ બળી મરવું તે તમારે સ્વાધીનજ છે.

નિમિત્તજ્ઞનાં આવાં વચનો સાંભળી ત્યાં રહેલાં સર્વ લોકોના આનંદનો પાર ન રહ્યો. લોકો તેની સ્તુતિ કરવા લાગ્યા. હે મહાશય! આ અવસરે તમારૂં આગમન અમારા મહાન્ પુણ્યોદયથીજ થયું છે. એકલા રાજા ઉપરજ નહિ પણ તમે આખા દેશપર ઉપકાર કર્યો છે. લોકો કહે છે કે ફણીંદ્રે અને કુર્મરાજે આ પૃથ્વીને ધારણ કરી છે, પણ ખરેખર તે કહેવા માત્રજ છે. ખરી રીતે જોતાં તમારા જેવા પરોપકારી નરોએજ આ પૃથ્વીને ધારણ કરી રાખી છે. અહો! પરોપકાર કરવામાં ઉપયોગી તારી જ્ઞાન લક્ષ્મી! મહોપકારી નિમિત્તજ્ઞ! તું ઘણો કાળ જીવતો રહે. આ પ્રમાણે બોલતા તે કૃતજ્ઞ લોકોએ હર્ષના આવેશમાં, અને ઉપકારના બદલામાં, પોતાના શરીરપરનાં વસ્ત્રો, અને આભૂષણો ઉતારી ઉતારી, નિમિત્તિઆને આપવા માટે તેની પાસે નાખવા માંડ્યાં. થોડા વખતમાં તો વસ્ત્ર, અને આભૂષણનો એક ઢગલો થઇ પડ્યો.

લોકો હાથ જોડી નિમિત્તિઆને કહેવા લાગ્યા, હે પરોપકારી! અમારાપર પ્રસન્ન થઇ, આ વસ્ત્રાભૂષણો તું ગ્રહણ કર. આ અવસરે તેં અમને જે આનંદ અને જીવિતવ્ય આપ્યું છે તેના બદલામાં અમે અમારૂં સર્વસ્વ આપીએ તોપણ થોડું છે. અર્થાત્ તોપણ તારા ઉપકારનો બદલો વળી શકે તેમ નથી.

નિમિત્તજ્ઞે જણાવ્યું, હે મનુષ્યો! હું તમારૂં તે માંહીલું કાંઈ પણ લઈશ નહિ. કારણ કે ઉપકાર કરીને તેના બદલામાં કાંઇ પણ વસ્તુ લેવામાં આવે તો તે ઉપકાર કેમ કહેવાય? અને પરોપકારનું ફળ પણ પછી કેમ મળે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિમિત્તજ્ઞના નિસ્પૃહપણાથી રાજા, તથા લોકો સર્વે વિસ્મય પામ્યાં. રાજાને વિશેષ પ્રકારે તેના વચન ઉપર આસ્થા બંધાઈ.

રાજાએ જણાવ્યું. નિમિત્તજ્ઞ! સ્થંભના પૂજનની જે કાંઈ વિધિ હોય તે સર્વ કામ તારે પોતેજ કરવું.

રાજાના આ શબ્દોથી, શુકનગ્રંથી બાંધી નિમિત્તજ્ઞે તે કામ કરવાનું પોતાને માથે લીધું.

રાજાએ વિશેષ આશ્ચર્યથી પૂછયું; જ્ઞાની! આશાજનક આ સર્વ નિશાનીઓ તો તેં બતાવી, પણ જ્ઞાનદષ્ટિથી તપાસ કરી આ પણ જણાવ કે, મારી પુત્રી **મ**લયાસુંદરીનો સ્વામી કોણ થશે?

નિમિત્તજ્ઞ જરાવાર ધ્યાનસ્થ થઇ, ગંભીરતાથી બોલ્યો, **પૃ**થ્વીસ્થાનપુરના મહારાજા **સૂ**રપાળનો પુત્ર, **મ**હાબળકુમાર **મ**લયાસુંદરીનો પતિ થશે. વર, કન્યાનો લાયક યોગ થશે, તેમ જાણી સર્વ લોકો પ્રશંસા કરવા લાગ્યા. તેવામાં બંદીવાને જણાવ્યું—

**संत्यक्तपूर्वकाष्टोऽयं दुरालोकस्वतेजसा ।**
**सूरः प्रवर्त्तते देव लोकानां त्वमिवोपरि ॥ १ ॥**

હે દેવ! તમારી માફક સૂર્ય, પૂર્વ કાષ્ટાનો (દિશાનો) ત્યાગ કરી (તમે પણ કાષ્ટભક્ષણ (બળી મરવા) નો ત્યાગ કરી) પોતાના તેજથી દુઃખે દેખી શકાય તેવો થઈ અત્યારે સર્વ લોકોના ઉપર રહ્યો છે. અર્થાત્ મધ્યાન્હ વખત થયો છે.

અવસરજ્ઞ મંત્રીએ વિજ્ઞપ્તિ કરી, મહારાજા! મધ્યાન્હ થયો છે ચાલો નગરીમાં જઇએ.

પ્રધાનના વચનથી, નિમિત્તજ્ઞને સાથે લઈ, યાચકોને દાન આપતાં રાજાએ શહેરમાં પ્રવેશ કર્યો.

પ્રથમ નિમિત્તજ્ઞને ભોજન કરાવી, પછી રાજાએ ભોજન કર્યું. ત્યાર પછી તે જ્ઞાનીની સાથે વાર્તાલાપ કરતાં પાછળના બે પોહોર અને કાંઇક નિંદ્રા લેવા પૂર્વક રાત્રિ પણ પસાર કરી.

પ્રાતઃકાળ થતાંજ હાથીની વિષ્ટા ગાળવા ઉપર રોકાયેલા માણસો રાજાની પાસે આવ્યા અને નીચે પ્રમાણે કહેવા લાગ્યા. હે સ્વામિન્! અમે વિશેષ કાંઇ જાણતા નથી. હાથીની વિષ્ટા ગાળતા હતા, તેમાંથી રાજકુમારીનું નામાંકિત મુદ્રા રત્ન (વીંટી) મળી આવ્યું છે. આ પ્રમાણે કહી તે મુદ્રારત્ન રાજાના હાથમાં મૂક્યું.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા, કુમારીનું મુદ્રારત્ન જોઇ મસ્તક ધુણાવવા લાગ્યો. અને થોડો વખત નિમિત્તીઆના મુખ સ્હામું જોઇ રહ્યો.

નિમિત્તજ્ઞે જરા હિમ્મતથી જણાવ્યું. રાજન્! જ્ઞાનીનું જોયેલું ભવિષ્ય કોઇ વખત અન્યથા નજ થાય.

રાજા જરા નિશાસો મૂકી બોલ્યો, નિમિત્તજ્ઞ! કુમારી પાસેનું મુદ્રારત્ન, આ મદોન્મત્ત હાથીના પેટમાં કેવી રીતે આવ્યું હશે! નિરાશાજનક મને મોટી શંકા થાય છે.

જ્ઞાનીએ જરા મોઢું હાવકું રાખી જણાવ્યું, મહારાજા! તે વિષેનો પ્રગટ ખુલાસો મારા જ્ઞાનમાં જણાતો નથી, તથાપિ આ સર્વ પ્રભાવ કુલદેવીનો હોય એમ મારૂં માનવું છે.

કુળદેવીનું કર્ત્તવ્ય એ સંભવી શકે તેમ હોવાથી રાજા, આ ખુલાસાથી હર્ષ પામ્યો. અને તત્કાલ સ્વયંવર મંડપની સર્વ તૈયારીઓ ઘણા ઉત્સાહથી કરાવવાનો તેણે આદેશ આપ્યો.

પ્રથમ કેટલીક તૈયારીઓ તો થઇજ હતી. વચમાં આ વિઘ્નથી બંધ રહ્યું હતું. પણ એક પ્રતીતિ મળતાંજ, કામ ધમધોકાર ચાલ્યું અને સાંજ થતાંજ વિશાળ મંડપ તૈયાર થયો. બીજી બાજુ રાજા, અને રાજકુમારોને ઉતરવાના આવાસો પણ તૈયાર થયા. સ્વયંવર મંડપાદિક સર્વ તૈયારીઓ થતી જોઇ શહેરના લોકો તરેહવાર વાતોના ગપગોળાઓ ચલાવતા હતા. અરે! જુઓ તો ખરા રાજાની મૂર્ખતા! કન્યાસિવાય સ્વયંવર માંડી બેઠો છે? માનો કે કદાચ નિમિત્તીઆના કહેવા મુજબ રાજકન્યા નહિ મળી આવે તો, આ સર્વ એકઠા થતા રાજકુમારને તે શું ઉત્તર આપશે? રાજાની દેશમાં લઘુતા થશે. કદાચ નિરાશા, અને અપમાનથી કોપાયમાન થઇ, તે સર્વ રાજકુમારો બંડ તો નહિ ઉઠાવે! અથવા આ યુક્ત છે, અને આ અયુક્ત છે, તે અત્યારે આપણે શું કહી શકીએ? અવસરે બધું જણાઇ આવશે.

સંધ્યા વખત થતાંજ અનેક રાજાઓ, અને રાજકુમારો જુદી જુદી દિશાઓ તરફથી પરિવાર સહિત આવવા લાગ્યા. રાજાએ પણ તે સર્વનું સન્માન કરી, જુદા જુદા આવાસ, ઉતરવા માટે આપ્યા.

નિમિત્તીઆએ રાજાને જણાવ્યું. રાજન્! મારે એક મંત્ર સાધવાનો છે, તે અર્ધસિદ્ધ તો થઇ ચુકયો છે. પણ બાકીનો ભાગ હજી હવે સિદ્ધ કરવાનો છે. તે મંત્ર જો આજની રાત્રિએ સિદ્ધ ન થાય તો, મારૂં કાર્ય સિદ્ધ ન થઇ શકે, માટે તે મંત્ર સિદ્ધ કરવા, આજની રાત્રિ માટે, મને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રજા આપવી જોઇએ. પ્રાતઃકાળ થતાંજ પાછો હું આપની પાસે આવીશ.

રાજાએ ખુશી થઇ રજા આપી. વિશેષમાં જણાવ્યું કે મંત્રસાધન માટે કાંઈપણ ઉપયોગી વસ્તુની કે દ્રવ્યની જરૂર જણાય તો સાથે લેતા જાઓ. રાજાના કહેવાથી ઉપયોગ જેટલું દ્રવ્ય લઈ તે ત્યાંથી બહાર નીકળી પડ્યો.

નિમિત્તીઆના જવાપછી નાના પ્રકારની ચિંતા અને વિચારમાં તે રાત્રી રાજાએ ઘણા કષ્ટથી પસાર કરી.

પ્રાતઃકાળમાં શેહેરના દરવાજા ઉઘડ્યા કે, તરતજ નિમિત્તીઓ શેહેરમાં આવી, રાજાને આવી મળ્યો. નિમિત્તીઆને જોતાંજ રાજાના આનંદનો પાર ન રહ્યો. નિમિત્તજ્ઞ ખરેખર સત્યવાદી છે. રાજાએ તેની વિશેષ પ્રશંસા કરી, સન્માનપૂર્વક જણાવ્યું 'કેમ તમારો મંત્ર સિદ્ધ થયો કે?' નિમિત્તજ્ઞે જણાવ્યું. મહારાજા! એ મંત્ર દુઃસાધ્ય છે. હમણાં તેના મોટા ભાગની સિદ્ધિ થઈ ચૂકી છે, હજી કેટલીક સિદ્ધિ થવી બાકી છે. છતાં મેં આપને પ્રાતઃકાલમાં પાછું આવવાનું વચન આપ્યું હતું, તે વચન સંભારીને આપને અધૃતિ ન થાય માટે હું જલદી પાછો આવ્યો છું. અહીં સ્થંભના અર્ચનની વિધિ કરી, ફરી પાછું મારે તે મંત્ર સિદ્ધ કરવા જવું પડશે. ?

રાજા આશ્ચર્યપૂર્વક–અહો! જ્ઞાની. તારી પરોપકાર બુદ્ધિ! મારા માટે અર્ધ સાધિત મંત્રને અધુરો મૂકી કહેલ વખતે તું હાજર થયો. ખરેખર અંગીકાર કરેલ કાર્યનો નિર્વાહ કરનારા તારા જેવા ઉત્તમ પુરૂષો આ દુનિયામાં વિરલા છે. ઇત્યાદિ પ્રશંસા કરી રાજા શાંત ચિત્તે બેઠો છે, તે અવસરે સ્થંભની શોધ કરવામાટે ગામ બહાર મોકલાવેલ પુરૂષો આવી પહોંચ્યા. હાથજોડી રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યા.

" મહારાજા! આપના આદેશથી સ્થંભની શોધ કરવા માટે અમે ગામ બહાર ગયા હતા, અમે આજુ બાજુ ફરતા હતા તેવામાં દરવાજાની ડાબી બાજુએ, કિલ્લાના ખુણામાં, વિચિત્ર ચિત્રોથી ચિત્રિત એક મહાન્ સ્થંભ અમારા જોવામાં આવ્યો છે. ".

સ્થંભની વધામણી સાંભળી, જ્ઞાનીની પ્રશંસા કરતો રાજા તે માણસોને સાથે લઈ, જ્ઞાની સાથે નગરની બહાર આવ્યો.

સ્થંભ જોઇ સર્વને આશ્ચર્ય થયું. રાજા પ્રમુખ સર્વે એકી નજરે તેના સામું જોઇ રહ્યા. તેની પૂજા કરવા માટે હાથ લગાડવા જતા હતા,

તેવામાં તે જ્ઞાની નિમિત્તીઆએ આગળ આવી સર્વને અટકાવ્યાં, અને જ-ણાવ્યું કે આ સ્થંભને કોઈએ હાથ લગાડવો નહિ, નહિતર કુળદેવી કોપાયમાન થશે.

જ્ઞાનીના કહેવાથી, રાજાદિ સર્વલોક પાછા હઠી ગયા. એટલે પુષ્પાદિ પૂજનની સામગ્રી મંગાવી, જ્ઞાનીએ પોતેજ સ્થંભની પૂજાનો પ્રારંભ કર્યો.

પદ્માસન કરી, ધ્યાનસ્થની માફક બેસી હીઁકારાદિ મંત્રનો જાપ શરૂ કર્યો. થોડા વખત પછી ગાયન, અને નૃત્યાદિ સંગીત શરૂ કરાવ્યું.

આ પ્રમાણે દોઢ પોહોર દિવસ ચડ્યો ત્યાં સુંધી પૂજનવિધિ ચાલી. ત્યાર પછી મજબુત બાંધાના બલવાન્ પુરૂષોને સ્નાન કરાવી, કંઠમાં સુગંધી પુષ્પની માળા પહેરાવી, તેઓની પાસે સ્થંભ ઉપડાવી સર્વે નગરની તરફ ચાલ્યા.

રાજા **વી**રધવળ પણ સર્વની સાથે પગે ચાલતો હતો. સ્થંભ આગળ વિવિધ પ્રકારનાં નાટારંભ થઇ રહ્યા હતા. બંદીવાનો જય જય શબ્દો બોલી રહ્યા હતા. એમ આદરપૂર્વક તે સ્થંભ સ્વયંવર મંડપમાં લઇ આવ્યા. ત્યાં ૭ હાથની એક શિલા મંગાવી, તેને બે હાથ જમીનમાં દટાવી. તે શિલાને આધારે જ્ઞાનીના કહેવા મુજબ, સ્થંભ ગોઠવવામાં આવ્યો. શિલાના પશ્ચિમ ભાગે વજ્રસાર ધનુષ્ય, બાણુ સહિત મૂકવામાં આવ્યું.

દક્ષિણ, અને ઉત્તર વિભાગમાં રાજાઓનાં સિંહાસનો ગોઠવ્યાં. ગાંધર્વોએ મધુર સ્વરે ગાયન શરૂ કર્યું. નર્તકીઓએ તાલ, માન, અને લયાનુસાર નૃત્ય શરૂ કર્યું. એ અવસરે ધનુષ્ય, અને બાણનું પૂજન કરી, નિમિત્તીઆએ, સર્વ રાજકુમારાદિને મંડપમાં બોલાવવા માટે **વી**રધવળ રાજાને જણાવ્યું.

રાજાએ, સર્વ રાજકુમારાદિને મંડપમાં પધારવા આમંત્રણ કર્યું. આમંત્રણ થતાંની સાથેજ, પોત પોતાના યોગ્ય પરિવારને સાથે લઈ રાજકુમારો મંડપમાં દાખલ થયા. અને પોતાના દરજ્જાને લાયક સિંહાસનો ઉપર બેઠકો ઉપર ગોઠવાવા લાગ્યા. મંડપમાં આવતા રાજકુમારાદિને યથાયોગ્ય માન આપવા અને લાયક સ્થળે બેસાડવાની ગડબડમાં વ્યગ્ર થયેલા **વી**રધવળ રાજાને જોઈ, નિમિત્તિઓ એકાએક ત્યાંથી ગુમ થઇ ગયો.

થોડા વખત પછી રાજા પાછું વાળી જુવે છે તો નિમિત્તિઓ જોવામાં ન આવ્યો. રાજા બોલી ઉઠ્યો અરે ! તે જ્ઞાની ક્યાં ગયો. હમણાંજ તે અહીં હતો પોતાના માણસો પાસે આખા મંડપમાં શોધ કરાવી પણ તેનો પત્તો લાગ્યો નહિં.

રાજા વિચારમાં પડ્યો. થોડીવારે તેને યાદ આવ્યું કે, તેનો અર્થ સાધિત

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

મંત્ર સિદ્ધ કરવો બાકી હતો, તે સિદ્ધ કરવાને ગયો હશે.

નિમિત્તીઆનાં કહેલાં સર્વ વચનો મળતાં આવ્યાં છે, પણ કન્યાનો સ્વામી, મહાબળકુમાર થશે, તે વાત મળતી આવી નહિં. કોઈ કારણસર આ મહોત્સવ ઉપર તે આવી શક્યો જણાતો નથી. તો મારી કન્યાનું પાણિ ગ્રહણ તે કેવી રીતે કરશે? વિગેરે વિચારોમાં રાજા ગુંથાયો.

આ તરફ સર્વ રાજકુમારો સ્વયંવર મંડપમાં યથાયોગ્ય સ્થાને આવી બેઠા, પણ રાજકુમારી કોઈના જોવામાં ન આવી તેવામાં "રાજકુમારીને અંધ કુવામાં રાજાએ નખાવી દીધી છે વિગેરે" વૃત્તાંત સ્વયંવર ઉપર આવેલા સર્વ રાજકુમારાદિના સાંભળવામાં આવ્યો. તેઓ અન્યોન્ય વાર્ત્તાલાપ કરવા લાગ્યા કે, કેમ? શું જુવો છો? શા માટે બેસી રહ્યા છો? જેને માટે આવ્યા છો તેને તો રાજાએ અંધ કુવામાં ફેંકાવી દીધી છે. ઉઠો કોને પરણશો? રાજાએ આપણી મશ્કરી તો નથી કરી? વિગેરે કહી એક બીજાનાં મન ઉશ્કેરવા લાગ્યા.

એ અવસરે રાજાના આદેશથી બંદીવાને નીચે પ્રમાણે જણાવ્યું.

"દુર્ધર બાહુબળને ધારણ કરનારા રાજા, મહારાજા, અને રાજકુમારો! તમે સાવધાન થઇને સાંભળશો. આ વજ્રસાર ધનુષ્યને લીલાપૂર્વક પ્રત્યંચારૂઢ કરી દૃઢ નારાચના એકજ પ્રહારથી, બે હાથ પ્રમાણ સ્થંભના અગ્ર ભાગને ભેદી, જે બળવાન્ રાજા તે સ્થંભના બે ભાગ કરશે, તે રાજા, હમણાંજ કોઇ પણ સ્થળેથી પ્રગટ થયેલી, રાજકુમારી મલયાસુંદરીને પરણશે. આ પ્રમાણે અમને ગોત્રદેવીએ કહેલું છે. માટે સામર્થ્યવાન્ રાજાઓએ તે સ્થંભ ભેદવાનો પ્રયત્ન કરવો."

બંદીવાનના વાક્યોથી પ્રેરાયેલો મહાન્ ઉત્સાહી લાટ દેશનો રાજા ઉભો થયો, પણ ધનુષ્યની દુર્ધર્ષતા જોઇ હિમ્મત હારી, પાછો આસનપર બેસી ગયો.

બંદીવાનની પ્રેરણાથી ચૌલ દેશના રાજાએ સિંહાસનપરથી ઉભા થઇ જમીનપર પગતો મૂક્યો, પણ ધનુષ્યની ઉત્કટતા જોઇ, તેના મુખપર ગ્લાનિ આવી ગઇ. તેથી હાંસીપૂર્વક તેને પણ પોતાની જગ્યા પાછી લેવી પડી.

આમર્ષથી ઉઠેલો ગૌડ દેશનો રાજા, ધનુષ્ય હાથમા લેતાંજ તેના બોજાથી જમીનપર પડી ગયો, તેને જોઈ રાજકુમારો પરસ્પર તાલીઓ આપવા લાગ્યા, શરમથી નીચું મુખ કરી તે પણ પોતાના આસનપર આવી બેઠો.

કર્ણાટ દેશનો રાજા, ધનુષ્ય લઇ બાણ મુકતાં જ નીચો પડ્યો.

આ પ્રમાણે મોટા રાજાઓને અપમાન પામેલા જોઇ કેટલાએક આસનથી ઉઠયા જ નહિ. કેટલાએક લક્ષ્યથી ચૂકયા. કેટલાએકે સ્થંભ ઉપર બાણુનો પ્રહાર કર્યો પણ ખરો, છતાં સ્થંભના બે વિભાગો ન થયા, એટલે લજ્જાથી પોતાની નિંદા કરતા અહંકારરહિત થઇ આસનપર આવી બેઠા.

રાજા **વીરધવળ** પણ ચિંતા કરવા લાગ્યો કે, હજી સુધી કન્યા પ્રગટ થઇ નથી તેથી ખરેખર લોકોમાં મારી હાંસી થશે.

રાજાને ચિંતા ચક્રપર આરૂઢ થયેલો જોઇ, હાથમાં વીણા લઈ એક વીણાવાદક સ્થંભ આગળ આવી ઉભો રહ્યો. પ્રથમ તેણે વીણા વગાડી વીણાના મધુર, અને મોહક શબ્દવડે લોકોને સ્થંભી લીધા, પછી તરતજ હાથમાં ધનુષ્ય લઇ **વીરધવળ** રાજાને કહેવા લાગ્યો કે, હે રાજા ! તું મારૂં સામર્થ્ય જો.

વીણાવાદકને હાથમાં ધનુષ્ય લેતો જોઇનેજ કોળાહળ મચી રહ્યો. લોકો તેને કહેવા લાગ્યા કે અરે, ગાંધર્વિક ! તું ધનુષ્ય હાથમાં નહિ લે નીચું મૂકી દે. આ મહાન્ બલિષ્ટ રાજાઓ પણ જે સ્થંભને ભેદી શકયા નથી, તેને તું કેવી રીતે ભેદી શકશે ? ઇત્યાદિ લોકોનાં નિષેધક વચનોનો અનાદર કરી, તત્કાળ તેણે ધનુષ્યપર ચાપ ( દોરી ) ચડાવી દીધી. અને શ્રુતિને બેહેરી કરી નાંખે તેવો ટંકારવ કર્યો. બંદીવાનના કહેલા સ્થાનને મૂકી, મર્મજ્ઞ, વીણાવાદકે તીક્ષ્ણ ખીલીનાપર તીક્ષ્ણરીતે જોરથી બાણ માર્યું. બાણ સ્થંભપર વાગતાની સાથેજ, જાણે **વીરધવળ** રાજાનું ભાગ્ય ખુલ્યું હોય નહિ તેમ, તે સ્થંભના બે સંપુટો એકી સાથે જુદાં થઇ ગયાં.

સ્થંભ સંપુટને ભેદનાર વીણાવાદકની આ સ્થળે ઓળખાણ આપવી તે જરૂરની થઇ પડશે. તેમજ પેલો નિમિત્તીઓ કોણ હતો અને હમણાં તે કયાં ગેબ થઇ ગયો, તે પણ અવશ્ય જણાવવું જોઇએ. જેથી વાચકોની અધીરજ શાંત થાય.

નિમિત્તિઓ અને વીણાવાદક, તે આ ચાલતી વાર્તાનો નાયક **મહાબળ** કુમારજ છે. હાથીના મુખમાં ઘાસનો પુળો આપ્યા પછી, આગળ ચાલતાં તેણે પોતાને છુપાવવા માટે, નિમિત્તીઆનો વેશ લીધો હતો. અને તે વેશથીજ રાજાને મરણના મુખમાંથી બચાવ્યો હતો. તે વખત એવોજ હતો કે નિમિત્તીઆ સિવાય '**મલયાસુંદરી** જીવતી છે' આ વિશ્વાસ રાજાને આવવો અશકય હતો. **મલયાસુંદરીને** એકદમ તેના પિતાને સોંપી દેવી તે પણ પોતે એકાકી હોવાથી પોતાના હક્કમાં નુકસાનકર્તા હતું. તેમજ **મલયાસું**-

દરીની પ્રતિષ્ઠામાં, કે ગૌરવતામાં એટલો વિશેષ વધારો કરનાર નહોતું. ઈત્યાદિ અનેક કારણોથી નિમિત્તજ્ઞનો વેશ લીધો હતો. પોતાનો પ્રપંચ ખુલ્લો થાય-યા-તે વેશમાં રહેતાં રાજકન્યા ન મળે, ઈત્યાદિ કારણોથી, સ્વયંવર મંડપમાંથી તેને ગુમ થવું (છુપાઇ જવું) પડયું હતું. ગુમ થયા પછી તરતજ ગુટિકાના પ્રયોગથી રૂપ બદલાવી એક વીણાવાદકનો વેશ લીધો હતો. બીજા રૂપમાં તેને ત્યાં જગ્યા મળવી મુશ્કેલ હતી. **મલયાસુંદરી** સાથે સંકેત પણ કર્યો હતો કે, જ્યારે હું વીણા બજાવું, ત્યારે તારે અંદર યંત્રપ્રયોગથી દાખલ કરેલી ખીલી ખેંચી લેવી એટલે લાકડાની ફાળો આપોઆપ ખુલી જશે, ઇત્યાદિ કારણોથી તેને વીણાવાદકનો વેશ લેવો પડ્યો હતો. વળી પોતાના પરિવારનું ત્યાં કોઇ પણ માણસ ન હોવાથી, પોતાનું રૂપ પ્રગટ કરવું તે માનનીય (વિશ્વાસપાત્ર) અને યોગ્ય નહોતું. **મલયાસુંદરી** આ કાષ્ટમાં કેવી રીતે આવી? વિગેરે હકીકત **મહાબળ** અને **મલયાસુંદરીના** રહસ્ય વાર્તાના પ્રસંગે આપણે પ્રગટ જાણીશું. અહીં આટલો ખુલાસો કરી હવે આપણે પાછા ચાલતા વિષયપર આવીએ.

## પ્રકરણ ૨૬ મું.

## મલયાસુંદરી સ્વયંવર મંડપમાં.

બાણના પ્રહારથી સ્થંભ સંપુટનો ઉદ્ભેદ થતાંજ તે સ્થંભના પોલાણમાં રહેલી **મલયાસુંદરી** સર્વના જેવામાં આવી. તેના શરીર ઉપર કર્પુર, ચંદન, અને કસ્તુરી આદિ સુગંધી દ્રવ્યોનું વિલેપન કરેલું હતું. તેણીએ સુંદર વસ્ત્રો, અને દિવ્ય અલંકાર પહેર્યા હતા. હૃદયપર લક્ષ્મીપુંજહાર શોભી રહ્યો હતો. મુખથી તાંબુલ ચાવતી હતી. ડાબા હાથમાં પાનનું બીડું અને જમણા હાથમાં વરમાળા ધારણ કરી હતી.

આમ અકસ્માત્ **મલયાસુંદરીને** જેતાં, મનુષ્યોને અને વિશેષ પ્રકારે રાજા, રાણીના આનંદનો પાર ન રહ્યો.

હર્ષથી ભેટવાને માટે મહારાજા **વીરધવળ** કુમારીની નજીક આવ્યો અને ઉત્સુકતાથી પૂછવા લાગ્યો, મારી વ્હાલી પુત્રી **મલયા**! તું આ સ્થંભમાં કયારે અને કેવી રીતે પેઠી? તે જણાવ.

શુભાશુભ કર્મ વિપાકને જાણનારી અને તેથીજ પિતાને નહિ પણ પો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાના કર્મને દોષ આપનારી મલયાસુંદરીએ કાંઇક સ્નેહિત દૃષ્ટિએ પિતા સામું જોઈ ઉત્તર આપ્યો.

પિતાજી ! જેના પ્રસાદથી હું જીવતી રહી છું, તે કુળદેવતાજ, આ સ્થંભમાં કયારે અને કેવી રીતે પેઠી તે સંબંધમાં જાણે છે.

કુમારીને સાક્ષાત્ પૂર્વની માફક બોલતી જોઇ, આરતી ઉતારતા હોય નહિ તેમ લોકો વસ્ત્રના છેડાથી ઓવારણાં લેવા લાગ્યા.

રાજકુટુંબ—કુમારી અમે તારૂં સ્મરણજ કરતા હતા કે, શું અમે આ નેત્રોથી કુમારીને જોઇશું, તેવામાં અકસ્માત્ તારૂં દર્શન થયું.

ચંપકમાળા—પુત્રી ! હું તારી માતા છતાં, ખરેખર આ અવસરે વેરણજ થઇશું. બેટા ! તે અપરાધ ક્ષમા કરજે. અરે આટલું બધું દુઃખ તેં કેવી રીતે સહન કર્યું ?

રાજા—પુત્રી ! અંધકૂવામાં પડતાં તને આપણી કુળદેવીએ અધર ઝીલી લઇ પોતાની પાસે રાખી હતી. તને યોગ્ય પતિ પ્રાપ્ત થાય તે હેતુથી, રાજકુમારોના બળની પરીક્ષા કરવા માટે, આ સ્થંભમાં રાખવામાં આવી હોય તેમ જણાય છે. વળી કનકવતીની પાસેથી આ લક્ષ્મીપુંજહાર પાછો લાવી, તારા કંઠમાં આરોપી, દિવ્ય વસ્ત્રોથી શણગારી, હાથમાં વરમાળા આપવાપૂર્વક, તેણેજ વિભૂષિત કરી જણાય છે. આ સ્થંભ, પાણિગ્રહણ મહોત્સવના પ્રસંગે આજેજ અમને કુળદેવીએ સોંપ્યો છે

મલયાસુંદરી પોતાના મનમાં બોલી, આ કર્તવ્ય કુળદેવીનું છે કે કુળદીપકનું છે તે સર્વ વાત હું જાણું છું.

રાજા—આ સર્વ બીના અમને એક જ્ઞાની નિમિત્તીઆએ કહી હતી. પણ કુળદેવીએ આ સંબંધી કાંઇ પણ વાત અમોને સ્વપ્નમાં પણ જણાવી નથી, આનું શું કારણ હશે ? કદાચ તે જ્ઞાની એજ કુળદેવી હોય તો કોણ જાણે.

પ્રધાન ! મારૂં ઇચ્છિત સર્વ સિદ્ધ થયું, ચિંતા દૂર ગઇ, ભાગ્ય ઉઘડયું. પણ એકજ વાત મારા હૃદયમાં ખટકે છે કે, તે જ્ઞાનીએ પુત્રીનો પતિ, મહાબળ કુમાર કહ્યો હતો. તેની કહેલી સર્વ વાત મળતી આવી છે, પણ આજ વાત અન્યથા થઈ કે, પુત્રીનો પતિ મહાબળ નથી પણ કોઈ અન્ય છે. અરે ! આવો મહાન્ સ્થંભ, મહાન્ ઓજસ્વી વીણાવાદકે વિદારિત કર્યો, તો નિશ્ચે પુત્રીનો પતિ પણ તેજ થશેને ?

રાજા વીરધવળનાં વાક્યો ધ્યાન દઇને મહાબળ પાસે ઉભો ઉભો સાં-

ભળે છે. તેમજ પોતાને કૃતાર્થ માનતો મનમાં હસે છે. એ અવસરે સ્થંભ સંપુટમાં રહેલી **મ**લયાસુંદરી પાસે દાસીઓ દોડી આવી. દાસીઓએ ટેકો આપ્યો. **મ**લયાસુંદરી બહાર આવી ઉભી રહી.

**મ**લયાસુંદરી—અરે દાસી ! તે કળાનો નિધાન, વીરપુરૂષ ક્યાં ગયો ? જેણે મારા પિતાના દુઃખની સાથે સ્થંભનું વિદારણ કર્યું છે. હું તેના કંઠમાં વરમાળા આરોપું.

## પ્રકરણ ૨૭ મું.

### વરમાળા આરોપણ અને લગ્ન.

ધાવમાતાએ નજીક આવી, સ્થંભ વિદારણ કરનાર વીર પુરૂષ **મ**લયાસુંદરીને બતાવ્યો.

સ્નેહ રસથી ભરપુર નેત્રે નીહાળતી, અનેક રાજકુમારોના મનોરથની માળાને મૂળથી તોડતી, લોકોના ચિત્તને સંતોષ આપતી, ગાંધર્વીકના વેષમાં રહેલા છતાં કામરૂપને ધારણ કરતા, **મ**હાબળ કુમારના કંઠમાં, પોતાના હાથમાં રહેલી વરમાળા **મ**લયાસુંદરીએ આરોપિત કરી.

**મ**લયાસુંદરીના રૂપથી ચમત્કાર પામેલા, અને ગાંધર્વિક જેવા હલકી જાતના મનુષ્યના કંઠમાં માળા આરોપિત થયાથી પરાભવ પામેલા રાજકુમારો આપસમાં કહેવા લાગ્યા. અરે ! આ વિદગ્ધા રાજકુમારીની આવી અધમ પરીક્ષા ! ઉત્તમ વંશના રાજકુમારોને મૂકી, અજ્ઞાત કુળ, વંશાદિ ગાંધર્વિકનાં કંઠમાં વરમાળા આરોપી. આવો દુઃસહ પરાભવ અમે સહન નહિ કરી શકીએ. ગાંધર્વિકને મારીને, તે સ્વયંવરાને અમે ગ્રહણ કરીશું. આ વિચાર કરી, તે સર્વ રાજકુમારો એકઠા થઇ, તે ગાંધર્વિકના વેશમાં રહેલા **મ**હાબળને મારવાને માટે ઉઠયા.

આ સર્વ વિપરીત તૈયારીઓ થતી જોઈ **વી**રધવલ રાજાએ એકદમ પોતાનું સૈન્ય બોલાવ્યું, અને **મ**હાબળનું રક્ષણ કરવા માટે તેની ચારે બાજુએ મૂકી દીધું.

**મ**હાબળ પણ મંડપમાં મૂકેલું વજ્રસાર ધનુષ્ય લઇ, તે રાજકુમારો ઉપર તુટી પડયો. **મ**હાબળની મહાબાહુનો પ્રહાર પડતાંજ જેમ લાકડીના પ્રહારથી કાગડાઓ દશે દિશામાં નાશી જાય તેમ રાજકુમારો નાશવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાના ખરા રૂપમાં પણ ગાંધર્વિકના વેશમાં રહેલા મહાબળને દેખી એક ભાટના પુત્રે તેને ઓળખ્યો. તે ઉચ્ચ સ્વરે બોલી ઉઠયો.

" સુરપાળ રાજાના પુત્ર, મહાવીર્યવાન્ મહાબળકુમાળ ! પૃથ્વીતળપર ઘણો કાળ વિજય પામો. "

આ શબ્દો સાંભળતાંજ વીરધવળ રાજાના હર્ષનો પાર ન રહ્યો. અહા ! કર્ણને અમૃત તુલ્ય આ વચનો સત્યજ હશે. નહિતર ગાંધર્વિકમાં આવું અસહ્ય પરાક્રમ કયાંથી હોય.

રાજા નજીક આવી બંદીવાન ભાટપુત્રને પૂછવા લાગ્યો. અરે ! શું તું આ કુમારને ઓળખે છે ?

બંદીવાને વિનયથી જણાવ્યું. મહારાજા ! મારા કહેવામાં અંશ માત્ર પણ સંદેહ નથી. તે રાજકુમારના મેહેલમાં બાલ્યાવસ્થાથી ઉછરી વૃદ્ધિ પામ્યો છું. નિશ્ચે તે મહાબળકુમારજ છે,

રાજા હર્ષાવેશમાં બોલી ઉઠયો. અહા ! અકસ્માત વાદળ વિનાની વૃષ્ટિ ! જે કાર્ય મનથી પણ અગમ્ય જણાતું હતું, તે કાર્ય પ્રત્યક્ષપણે ક્રિયામાં આવી ગયું. જ્ઞાનીનું વચન સત્યજ થયું. મહાબળકુમારજ મારી પુત્રીનો પતિ થયો. અરે ! મેરૂચુળા પણ કદાચ ચળિત થાય, પણ જ્ઞાનીનું વચન અન્યથા નજ થાય. પણ આ કુમાર એકાકી અહીં કયાંથી આવી ચડયો હશે ? શું આકાશમાંથી પડયો ? દિક્ચક્રમાંથી કે રસાતાળમાંથી ? આ વાતની ખબર ન પડી.

જરા વિચાર કરી રાજા નિર્ણયપર આવ્યો, કે, અત્યારે આ ચિંતા કરવાની જરૂર નથી. થોડા વખત પછી કુમારના મુખથી તે સર્વ વાત જાણીશ. અત્યારે જે કાર્ય વિનાશ પામે છે તેને પ્રથમ સુધારૂં. રાજા વીરધવળ તરતજ, યુદ્ધને માટે તૈયારી કરતા રાજકુમારો પાસે આવ્યો. અને તે " વીણાવાદક નથી પણ સૂરપાળ રાજાનો કુમાર મહાબળ છે " ઇત્યાદિ વાક્યોથી સમજાવી યુદ્ધના પ્રસંગથી સર્વને નિવારણ કર્યા.

પાછા આવી મહાબળકુમારને મલયાસુંદરી સાથે ભોજન કરાવ્યું. તેમજ અન્ય સ્વજનોને જમાડી, સ્વયંવર ઉપર આવેલા રાજકુમારોને તેમના ઉતારાપર જમવાની ગોઠવણ કરાવી.

આ શુભ પ્રસંગઉપર નિમિત્તીઆને ખુશી કરવા માટે, રાજાએ તેની ઘણી તપાસ કરાવી, પણ તેનો પત્તો નજ લાગ્યો. પરોપકારનો બદલો ન વાળી શકાવાથી રાજાને ઘણો ખેદ થયો. અહા ! પરોપકારી જ્ઞાની ! નિરીહ

હોવાથી મારૂં કાર્ય કરી કાંઇ પણ લીધા સિવાય ચાલ્યો ગયો. ખરેખર પ-રોપકારી પુરૂષો આવા નિસ્પૃહીજ હોય છે. વગેરે વિચારો કરી મન શાંત કર્યું.

રાજાએ વિધિપૂર્વક કુળદેવીની પૂજા કરી. બંધુવર્ગ આદિને વસ્ત્ર, અન્ન, તાંબુલાદિ વડે સંતોષિત કર્યાં. આ માંગલિક પ્રસંગે રાજાએ દાનરૂપ પાણીવડે યશરૂપ વલ્લીનું એવી રીતે સિંચન કર્યું કે તે યશોવલ્લી ફેલાતી ફેલાતી વિશ્વમંડપમાં પણ સમાઇ ન શકી.

આ પ્રસંગે શ્રુતિના મર્મને ભેદે તેવા તૂર્યના રવો ઉછળી રહ્યા હતાં. મધુર સ્વરે ગવાતાં ગાંધર્વનાં ગાયનો, અસ્થિર મનને પણ સ્થિર કરતાં હતાં. નૃત્ય કરતી વારાંગનાઓના ત્રુટિત મૌક્તિકહાર, કુંકુમદ્રવથી સિક્ત ભૂમિપર પડતાં, હર્ષના અંકુરો ઉદ્‌ભવ્યા હોય તેમ શોભતા હતા. સ્ફાર શૃંગારને ધારણ કરતી સધવા સ્ત્રીઓ, કોકિલ કંઠે મધુર ધવળમં-ગળ ગાતી હતી.

અનેક ભૂષણોથી ભૂષિત થયેલું આ વરવધૂનું જોડું, કલ્પવૃક્ષનો આ-શ્રય કરતી કલ્પવલ્લીની માફક શોભતું હતું. ભાટ, ચારણોના જય જયારવ વચ્ચે, વરવધૂએ વેદિકા અલંકૃત કરી. એ અવસરે વેદિકાનાં ચારે અંગો, ચાર પુરૂષાર્થની માફક શોભવા લાગ્યાં. પાણિગ્રહણ કરવાના અવસરે ઉ-જ્જવળને પથ્યને ધારણ કરેલ દંપતી, સાક્ષાત્ લક્ષ્મી અને પુણ્યરાશિ હોય તેમ શોભતાં હતાં.

માતા પિતાએ દંપતીને આશીર્વાદ આપ્યો કે, ચંદ્ર અને તેની ચાં-દનીની માફક તમારો અવ્યવચ્છિન્ન સંયોગ કાયમ રહો. રાજાએ પોતાની સંપત્તિના પ્રમાણમાં, હાથી, ઘોડા, રથ, હીરા, માણેક, મોતી, હથીયાર, અને ગ્રામાદિક આપ્યાં.

વિવાહ પ્રસંગ પૂર્ણ થતાં હર્ષ પામેલાં દંપતી એકાંત નિવાસસ્થાનમાં ગયાં; એ અવસરે રાજા **વીરધવળ**, **મહાબળ** કુમારપાસે જઇ પોતાનો સં-શય પૂછવા લાગ્યો.

રાજકુમાર ! તમે પોતાના શેહેરથી આ પ્રસંગ ઉપર અકસ્માત એકાકી કેવી રીતે આવી પહોચ્યા ?

પોતાની પ્રિયા સન્મુખ દૃષ્ટિ કરી, પૂર્વ ગોઠવી રાખેલા પ્રપંચિત ક-પટાનુસાર કુમારે ઉત્તર આપ્યો. મહારાજા ! મને મારા સ્થાનથી ઉપાડીને કોઇ દેવીએ અકસ્માત્ અહીં લાવી મૂક્યો છે.

રાજા તમારૂં કહેવું બરોબર છે. આ કાર્ય કુળદેવીનું કરેલું હોય એમ સંભવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**મ**હાબળ—મારા વિરહને સહન નહિ કરનાર મારાં માના પિતા, મારા વિરહથી દુઃખી થઇ આમ તેમ મારી રાહ જોયા કરતાં હશે. અતિ સ્નેહિત હૃદયવાળાં માતા, પિતા, જો મને બાર પ્રહરની અંદર નહિ જુવે તો નિશ્ચે મરણ પામશે. માટે, મહારાજા ! મારાપર કૃપાકરી મને જલદી વિસર્જન કરો. જો હું પડવેને દિવસે સૂર્યોદય વેળાએ **પૃ**થ્વીસ્થાનપુર પહોંચીશ તો મને મારા માતા પિતાનો મેળાપ થશે, નહિતર પછી તેમનો મેળાપ થવો મને અસંભવિત જણાય છે.

રાજા–કુમાર ! તમારે જરા પણ અધૃતિ નહિ કરવી. તમારી સર્વ ચિંતા મારા શિરપર છે. **પૃ**થ્વીસ્થાનપુર અહીથી બાસઠ યોજન છે. માટે રાત્રિના પ્રથમ પ્રહર પર્યંત અહીં રહો. ત્યાં સુધીમાં તમારા માટે હું એક ઉત્તમ જાતની અને ઝડપથી ચાલનારી સાંઢણી તૈયાર કરાવુંછું. તેમજ કોપાયમાન થયેલા રાજકુમારોને સત્કાર કરી વિસર્જન કરી આવુંછું. આ પ્રમાણે **મ**હાબળને જણાવી, તે કાર્ય માટે **વી**રધવળ રાજા બહાર ગયો.

**મ**હાબળ—પ્રિયા ! આપણું ઇચ્છિત કાર્ય સિદ્ધ થયું. મારી કરેલી પ્રતિજ્ઞા આજે પૂર્ણ થઇ. તારા પિતા સમક્ષ તારૂં પાણિગ્રહણ થયું. પણ **પૃ**થ્વીસ્થાનપુર જઇ મારી માતાને હાર આપવાની કરેલી પ્રતિજ્ઞા હજી બાકી છે; તે પૂર્ણ થતાં આપણને શાંતિનો વખત સારી રીતે મળશે.

આપણે કાલે ભટ્ટારિકાને મંદિરે મળ્યાં હતાં, પણ પોત પોતાનાં કાર્યમાં ઉત્સુક હોવાથી, બે દિવસમાં કરેલાં કાર્ય સંબંધી વાર્તાલાપ કરવાનો આપણને વિશેષ વખત મળ્યો નથી. અત્યારે એકાંત સારી છે. રાજા પણ આપણા પ્રયાણની તૈયારી કરવા ગયા છે. માટે તે વાર્તા આપણે અત્યારે કરીએ.

આ પ્રમાણે **મ**હાબળ કહે છે, તેવામાં **વે**ગવતી નામની **મ**લયાસુંદરીની ધાવમાતા ત્યાં આવી પહોંચી. તે **મ**લયાસુંદરીને પૂછવા લાગી કે **મ**લયા ! તું સાચેસાચું કહે. આ સર્વ દેવનું કર્તવ્ય છે કે કાંઇ બીજો પ્રપંચ છે ?

**મ**લયાસુંદરી–સ્વામીનાથ ! મારા ગુપ્ત રહસ્યોનું સ્થાન આ મારી ધાવમાતા છે. માટે આપણી બનેલી હકીકત આપ આ **વે**ગવતીને કહો તો કાંઈ હરકત જેવું નથી. તે જાણવા માટે તેનું મન વિશેષ ઉત્સુક થઇ રહ્યું છે.

**મ**લયાસુંદરીના આગ્રહથી **મ**હાબળે **વે**ગવતીને સંભળાવવા માટે પોતાનો વૃત્તાંત શરૂ કર્યો. **ભ**ટ્ટારિકા દેવીના મંદિરથી બન્ને જુદાં પડયાં ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુધી વેગવતીને જણાવી, પાછળનો વૃત્તાંત **મ**લયાસુંદરીને ઉદ્દેશીને **મ**હાબળે કહેવો શરૂ કર્યો.

**મ**હાબળ—પ્રિયા ! તારી પાસેથી જુદા પડયા પછી, ઘાસના પુળામાં મુદ્રા નાખી હાથીના મુખમાં આપી, શ્મશાન તરફ જઇ નિમિત્તિઆને વેષે રાજાનો બચાવ કર્યો. અને બીજા દિવસની સંધ્યાપર્યંત હું રાજા પાસે રહ્યો. સંધ્યા વખતે મંત્રસાધનનું બાહાનું કાઢી, રાજા પાસેથી કેટલુંક દ્રવ્ય લેઇ હું ત્યાંથી જુદો પડયો. બજારમાં આવી તે દ્રવ્યથી કેટલાંક સુતારનાં હથીઆર, કર્પુર, કસ્તુરી, ચંદન, રંગ, અને વસ્ત્રાદિ લઈ ભટ્ટારિકા દેવીને મંદિરે ગયો, ત્યાં અંદર પોલાણવાળી જે લાકડાની બે ફાળો જોઇ હતી, તે છોલીને ઘણીજ રમણીય બનાવી. તેની અંદર ઉર્ધ્વ ભાગમાં યંત્ર પ્રયોગવાળી એક ગૂઢ કીલીકા ( ખીલી ) ગોઠવી.

એ અવસરે એક પેટી લઇ કેટલાક ચોર ત્યાં આવ્યા, તે પેટીને રક્ષણ કરવાવાળા એક ચોર સહિત મંદિરની પાછળ મૂકી, બાકીના ચોર પાછા શેહેર તરફ ગયા.

સુતારનાં હથીઆર અને બીજી વસ્તુઓ એક સ્થળે છુપાવી ચોરની સંજ્ઞાએ તે ચોરને બોલાવતો હું તેની પાસે ગયો.

મને ચોર જાણી, તે લોભી ચોરે મને પ્રાર્થના કરી કે, આ પેટીનું તાળું હું ભાંગી શકતો નથી, માટે તું મને પેટી ઉઘાડી આપ.

મેં તેને તાળું ઉઘાડી આપ્યું, તેણે પેટીમાંથી સાર સાર વસ્તુ એકઠી કરી, એક પોટલું બાંધ્યું. તે હીનસત્ત્વે ફરી મને જણાવ્યું કે, હે મહાભાગ ! જો હું અહીંથી ચાલ્યો જઇશ તો, મારે પગલે પગલે, ચોરો અથવા રાજપુરૂષો આવશે, અને મને પકડી લેશે. માટે મારા બચાવનો કોઇ ઉપાય બતાવ.

તેના બચાવ માટે મેં **ભ**ટ્ટારીકાદેવીના મંદિરના શિખરનો ઉપરનો પથ્થર કાઢી તે પોટલા સહિત તેને અંદર ઉતાર્યો. ઉપર પાછી શિલા મૂકી દીધી, પછી મંદિરના નજીક રહેલા વડના ઝાડપર ચડી ઉભો રહ્યો, અને તારા આગમનની રાહ જોવા લાગ્યો. તેવામાં તે વડ ઉપરના એક પોલાણ તરફ મારી દષ્ટિ પડી; તે પોલાણમાં કેટલાંક વસ્ત્ર, અલંકારાદિ મારા જોવામાં આવ્યાં. તપાસ કરતાં મને માલુમ પડયું કે, તે વસ્ત્રાલંકારાદિ મારાં પોતાનાંજ હતાં. કેટલાંક દિવસ ઉપર રાત્રિએ જે દેવીએ હરણ કરેલાં હતાં, તેણેજ અહીં લાવીને મૂકયાં હશે, એમ ધારી તે સર્વ વસ્તુઓ મેં મારે

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કબજે કરી. તેવામાં મારી દષ્ટિ રસ્તા તરફ ગઇ, તો ઉન્માર્ગે તને આવતાં મેં દીઠી. એટલે તરતજ વડથી નીચે ઉતરી તને આવી મળ્યો. આ પ્રમાણે મેં તને મારું વૃત્તાંત કહી આપ્યું. હે કાંતા! તું પણ તારું વૃત્તાંત મને કહી સંભળાવ.

મલયાસુંદરી—સ્વામીનાથ! આપની શિક્ષા હૃદયમાં ધારી, હું શહેરમાં આવી. મગધાવેશ્યાનો આવાસ પૂછતાં, અને તેને માટે શહેરમાં ફરતાં, તેને મેં એક દેવળમાં દીઠી. એક ધૂર્ત્ત તેને મહાસંકટમાં નાંખી હતી. તેથી ત્યાંથી તે આઘી પાછી જઇ શકતી નહોતી, તો ભોજન કરવાની તો વાતજ શી કરવી? મેં તેને તેના દુઃખનું કારણ પૂછયું. તેણીએ નિઃશ્વાસ નાંખી જણાવ્યું કે, સત્પુરૂષ! મારા દુઃખની હું તમને શું વાત કરૂં? મારી બુદ્ધિ કુંઠિત થઇ ગઇ છે.

હું મારા મંદિરના આંગણામાં બેઠી હતી, તેવામાં આ ધૂર્ત્ત ફરતો ફરતો મારી પાસે આવીને બેઠો. 'આ ધૂર્ત્ત છે' તેની મને ખબર ન પડી. હાસ્યમાં મેં તેને કહ્યું કે, તું મારૂં શરીર સંવાહન કર (દબાવ). હું તને કાંઇક આપીશ. તે માણસ સંવાહન કરવામાં ઘણો કુશળ નીકળ્યો. મારા શરીરને એવી રીતે તેણે સંમર્દિત કર્યું કે મારો થાક બધો દૂર થયો. હું ઘણી ખુશી થઈ, તેને જમવા માટે મેં આગ્રહ કર્યો. તેણે જણાવ્યું કે, મને જમવાની જરૂર નથી. તેં મને કાંઇક આપવાનું કહ્યું છે માટે તે કાંઈક આપ. મેં તેને વસ્ત્ર, ધન ઈત્યાદિ આપવા માંડયું. પણ તે ધૂર્ત્ત, તે માંહીલું કાંઇ લેતો નથી, અને કાંઇક આપ, તેની માગણી કરે છે. કાંઇક તે શું? તેની મને સમજ પડતી નથી. આ કારણથી તેણે મને અહીં પકડી રાખી છે. તે જતો નથી અને મને જવા પણ દેતો નથી.

વ્હાલા! એ અવસરે મેં વિચાર્યું કે, વેશ્યા અત્યારે આપત્તિમાં આવેલી છે. આમાંથી તેનો ઉદ્ધાર કરવામાં આવે તો મારૂં કાર્ય જલદી સિદ્ધ થાય. એમ ધારી મેં મગધાને કાનમાં કાંઇક વાત જણાવી. ત્યાર પછી તે બન્નેને મેં જણાવ્યું કે ' તમે ભોજન કરો. મારી પાસે ત્રીજા પોહોરે આવજો, અવશ્ય હું તમારો વિવાદ દૂર કરી આપીશ.

મહાબળ—પ્રિયા! આ તેમનો વિવાદ મહાન્ વિષમ છે; તેનું સમાધાન તેં કેવી રીતે કરી આપ્યું?

મલયાસુંદરી–સ્વામીનાથ! તે હું આપને જણાવું છું. માર્ગથી ચાલતાં થાકી ગયેલી હું તો ત્યાંજ સૂઇ ગઇ. ત્રીજા પહોરે તે બન્ને જણ મારી

પાસે આવ્યાં. **મગધાએ** મને ઉઠાડી. મેં ગુપ્તરીતે દેવકુળમાં એક ઘડો મૂકાવ્યો. અને લોકોને સાક્ષી રાખી જણાવ્યું કે, હું તેને કાંઇક અપાવું છું. તે પાછો ફરી ન જાય, માટે તમે સાક્ષી રહેજો. તે ધૂર્ત્ત અંગીકાર કર્યું. તેણે જાણ્યું કે, આ **કાંઈક** કેવી રીતે આપશે? તે જે આપશે તેનું હું નામ લઇશ કે, આતો વસ્ત્ર છે, આતો ધન છે, આતો અમુક છે. પણ મને તો કાંઇક જોઇએ. આનું નામ **કાંઈક** ક્યાં છે? આમ કરવાથી વિવાદ ભાંગી નહિ શકાય.

લોકોને પણ વિસ્મય થયો કે આ **કાંઇક** કેવી રીતે આપશે?

મેં **મગધાને** સંજ્ઞા કરી. એટલે **મગધાએ** જણાવ્યું કે, ઓ ધૂર્ત! આ દેવળના એક ખુણામાં ઘડો પડ્યો છે તેમાં કાંઇક છે. તે તું ગ્રહણ કર. ધૂર્ત ત્યાં ગયો. ઘડાનું ઢાંકણું ઉઘાડી, કાંઇક લેવા જેવો ઘડામાં હાથ નાખે છે, તેવોજ સુસાટા નાખતો અને ક્રોધથી ધમધમતો ઘડામાં રહેલો સર્પ, તેને હાથે વળગ્યો. તત્કાળ તેણે હાથ પાછો ખેંચી લીધો અને ચીસ પાડી બોલી ઉઠ્યો. અરે! આમાં કાંઇક છે.

**મગધાએ** હર્ષ પામતાં જણાવ્યું કે, તે **કાંઇક** તારે માટેજ તેમાં મૂકેલું છે, માટે હવે તારે ઘેર લઇ જા. મારે તારે હવે કાંઇ લેણદેણ નથી. તારા દેવામાંથી હું મૂકાણી છું.

લોકો પણ હસતા હસતા બોલવા લાગ્યા, અરે ધૂર્ત! વસ્ત્ર, સોનું, રૂપું, વગેરે આપવા છતાં તેં કાંઇ ન લીધું, તો આ કાંઈક તારા કર્ત્તવ્યને લાયક તને ઠીક મળ્યું છે.

તે ધૂર્ત્તને સર્પે ડસ્યો. તે ઉતરાવવા તોતલાદેવીના મંદિરમાં તેને લઈ ગયા, અને મને **મગધા** પોતાના મંદિરમાં લઈ આવી. તેના ગૃહમાં પ્રવેશ કરતાંજ મેં **મગધાને** કાંઇક આશ્ચર્ય પામવા પૂર્વક જણાવ્યું. **મગધા!** હું તારા ગૃહમાં પ્રવેશ નહિં કરૂં. મને જણાય છે કે, તારા મંદિરમાં રાજદ્રોહી કોઈ માણસ છુપાયેલું છે. મારા શબ્દોથી ભયભ્રાંત થઈ **મગધા** મારા સંબંધમાં અનેક વિતર્ક કરતાં, છેવટે દીન થઇ, મારા પગમાં પડી. અને હાથ જોડી તેણીએ જણાવ્યું કે, મારાપર દયા લાવી આ વાત તમારે કોઈ સ્થળે ન કરવી.

રાજાની **કનકવતી** રાણી કે, જેણીએ કપટ કરી નિર્દોષ રાજબાળાને કાળે પ્રાણ લેવરાવ્યો છે, તેણીનું કપટ પ્રગટ થયું છે. તેને પકડવાને રાજાનાં માણસો ચારે બાજુ ફરે છે. પહેલાના સ્નેહથી પાછલી રાત્રિએ તે મારે ઘેર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવીને રહી છે. તો હે સત્પુરૂષ ! કોઈ પણ ઉપાય કરી, આ બળતી આગને મારા મંદિરમાંથી બહાર કાઢી આપ. હું તારો મોટો ઉપકાર માનીશ.

મેં જણાવ્યું કે, હું તેને હમણાં તારા મંદિરમાંથી બહાર કાઢું તો મારે તેની સાથે મહાન્ વેર બંધાય. વળી તેને બહાર કાઢતાં કોઇ રાજપુરૂષ આવી ચડે તો, આપણ સર્વને મોટો અનર્થ થાય, છતાં તારો વિશેષ આગ્રહ છે તો. હું કોઇ એવો ઉપાય કરીશ કે તે તારા ગૃહમાંથી પોતાની મેળેજ ચાલી જાય. આ કાર્ય માટે આજ રાત્રિએ એકાંતમાં મારો તેની સાથે મેળાપ કરાવજે.

વેશ્યા ઘણી ખુશી થઇ. ઘણી ભક્તિપૂર્વક મને ભોજન કરાવી, રાત્રિએ, કનકવતી સાથે મારો મેળાપ કરાવ્યો.

પુરૂષરૂપે મને જોઇ, તેનું હૃદય કામબાણથી વિંધાઇ ગયું, વારંવાર સન્મુખ જોતી અને નર્મ વાક્યો બોલતી, નિર્લજ્જપણે મને વિષય માટે પ્રાર્થના કરવા લાગી.

મેં તેને જણાવ્યું. મારો એક અતિ વ્હાલો મિત્ર છે, રૂપમાં સાક્ષાત્ કામદેવ સરખો છે, તેમજ તે સ્ત્રીનો અર્થી છે; કોઈ કાર્ય પ્રસંગને લઇ આજે તે ગામ બહાર ગયો છે. તેણે મારી સાથે સંકેત કર્યો છે કે, આવતી રાત્રિએ, ગોળાનદીના કિનારાપર આવેલા ભદ્રારિકાદેવીના મંદિરમાં આપણે મળીશું. માટે જો તારી મરજી હોય તો તું ત્યાં આવજે. તે નિશ્ચે ત્યાં મળશે. તમારા બેઉનો સંયોગ સારો મળી આવશે. કદાચ તે ત્યાં નહિ આવે તો પછી આપણે બન્ને તો છીએજને.

કનકવતીએ મને પૂછ્યું. તમે કોણ છો ? અહીં શા માટે આવ્યા છો ? મેં જણાવ્યું કે અમે ક્ષત્રીય પુત્ર છીએ, અને દેશાંતર જઇએ છીએ. રસ્તામાં આ શહેર આવેલું હોવાથી થોડો વખતે અહીં રોકાયા હતા મારૂં કહેલું સત્ય માની મારા પ્રિયમિત્રને મળવા અને વરવાનું તેણે કબુલ કર્યું.

પોતાનું કરેલ સર્વ કાર્ય, અને આવી પહેલી આફત તે સંબંધી વર્ણન કરતાં, આખી રાત્રિ ચાલી ગઇ. પ્રભાત થતાં મેં તેને પૂછ્યું. સુંદરી ! તારી પાસે વસ્ત્ર, આભરણાદિક કાંઈ છે ?

મારાપર વિશ્વાસ અને પ્રીતિ રાખતી કનકવતીએ, સર્વ વસ્તુ મારી પાસે લાવી હાજર કરી. તપાસ કરતાં તેની અંદર હાર જોવામાં ન આવ્યો. ત્યારે મેં ફરીથી પૂછયું. સુંદરી ! આટલીજ વસ્તુ છે કે હજી કાંઈ બીજી વસ્તુ બાકી છે? તેણીએ જણાવ્યું કે, લક્ષ્મીપુંજહાર છે પણ મેં, કોઇ ગુપ્ત સ્થળે જમીનમાં તે દાટ્યો છે.

ક્યાં દાટયો છે? તેણે જણાવ્યું. અહીંથી કેટલેક દૂર એક શૂન્ય ઘર છે. તેની પાસે એક કીર્તિસ્થંભ છે, તેની ભીંતમાં મેં છુપાવ્યો છે. દિવસે તો હું નજ જઈ શકું, રાત્રિએ પણ રાજપુરૂષોના ભયથી ઘણી મુસ્કેલીએ જઇ શકાય. તે નિશાની પ્રમાણે તમે ત્યાં જઈ તે હાર લાવી શકો તો લઇ આવો. પછી આપણે બેઉ અહીંથી ચાલ્યા જઇશું. જો તમે ન લાવી શકો તો આજ સંધ્યા પછી હું પોતે જઇને લઇ આવીશ. આ પ્રમાણે વાર્તાલાપ કરી હું તેની પાસેથી બહાર આવી.

મગધાએ મને જણાવ્યું, કેમ મહાભાગ ! મારા ઘરમાંથી તેને બહાર કાઢવાનો કાંઇ ઉપાય કર્યો?

મેં જણાવ્યું, ભદ્રે ! તારી પ્રાર્થનાથી મેં એવી ગોઠવણ કરી રાખી છે કે, તું તેને જવાને કદાચ મના કરીશ, તોપણ તે આજની રાત્રિએ અહીંથી ચાલી જશે. હર્ષ પામતી વેશ્યાએ મારા માટે ભોજનની સામગ્રી તૈયાર કરાવી.

કનકવતીએ બતાવેલ નીશાની પ્રમાણે દિવસે મેં ત્યાં જઈ, ઘણી તપાસ કરી પણ હારનો પત્તો ન લાગ્યો. પાછી હું વેશ્યાને ઘેર કનકવતીને જઇ મળી. તેણીને જણાવ્યું કે હારનો પત્તો મને નથી લાગ્યો. માટે રાત્રિએ તે હાર લઈ, તું ગોળાનદીના કિનારાપર ભટ્ટારિકા દેવીના મંદિરે આવી મળજે.

આ પ્રમાણે કનકવતીને જણાવી, મગધાની રજા લઇ હું સાંકેતિત સ્થાને આવવા નીકળી, પણ રસ્તામાં ભૂલી પડી. ભમતી ભમતી ઉન્માર્ગે ચાલી અને વડ નીચે પુણ્યયોગે આપને આવી મળી.

મલયાસુંદરીએ ધાવ માતા તરફ નજર કરી ત્યાર પછીનો વૃત્તાંત કહેવો શરૂ કર્યો. કેમકે, મહાબળ તે વૃત્તાંતને જાણતોજ હતો.

વેગવતી ! મેં મારા સ્વામીને આવીને તરતજ જણાવ્યું કે, આપને પતિપણે સ્વીકાર કરવા માટે કનકવતી તે હાર લઇને હમણાં આવી પહોંચશે.

મારા સ્વામીએ જણાવ્યું અરે ! આ તું શું બોલી? આવી નીચ સ્ત્રી સાથે વાત કરવી તે પણ મને ઉચિત નથી, તો સ્ત્રી કરવાની વાત જ શી? ઇત્યાદિ વાતચિત્ત કરી તેઓ, એક બાજુ છુપી રીતે જઇ ઉભા રહ્યા. એટલામાં કનકવતી પણ આવી પહોંચી. મેં તેને બોલાવી કે અહીં આવ, અને હમણાં બોલ્યા ચાલ્યા સિવાય મૌનપણે ઉભી રહે, કેમકે અહીં ચોર ઉભા છે. તારી પાસે જે કાંઇ વસ્તુ હોય તે મને સોંપી દે. ચોરના ભયથી હું તેનું રક્ષણ કરૂં. મારા કહેવાથી તેની પાસે જે કાંઇ હતું તે સર્વ મને તેણે સોંપી દીધું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેં તે પેટલી તપાસી, તેમાંથી એક લક્ષ્મીપુંજહાર અને એક કંચવો કાઢી લીધો અને બાકીનો સામાન તે ચોરના માલની ખાલી પડેલી મંજુષામાં મૂક્યો. કનકવતીને ફરી જણાવ્યું કે આ ચોર અહીંથી જાય નહિ ત્યાં સુધી તું આ મંજુષામાં પેસી જા. ક્રુર હૃદયની પણ કાયર સ્વભાવ વાળી કનકવતીએ તેમ કરવું કબુલ કર્યું. તે મંજુષામાં પેઠી એટલે મેં બહાર [illegible]ટો બંધ કરી તાળું વાસી દીધું. ત્યાર પછી મારા સ્વામીને બો[illegible] પેટી અમે ઉપાડી, અને નજીકમાં વહન થતી ગોળા નદીમાં પધરાવી દીધી. ત્યાર પછી મારા કપાળમાં રહેલું તિલક મારા સ્વામીએ પોતાના નિષ્ટયુતે (શુંકથી) ભુંશી નાંખ્યું કે તત્કાળ મારૂં મૂળ સ્વરૂપ થઇ ગયું,

મારા સ્વામીની આજ્ઞા થતાં, ચંદનાદિકે વિલેપન કરી, તે ઝાડના પોલાણમાંથી મળેલાં કુંડળ, અને દુકુળાદિ મેં પહેર્યાં. કનકવતી પાસેથી મળેલ હાર અને કંચવો તે પણ પેહેરી લીધો તથા હાથમાં વરમાળા લઈ તે કાષ્ટના દળમાં હું પેઠી. મારા સ્વામીએ મને જણાવ્યું, "તારે ધીરજ રાખવી. આ કામ આ પ્રમાણે થશે. તારે આ પ્રમાણે કરવું. સ્વયંવર મંડપમાં હું વીણા બજાવીશ. વીણા સાંભળ્યા બાદ અંદર સ્થાપન કરેલી ખીલી તારે ખેંચી લેવી." ઇત્યાદિ શિક્ષા આપી, વિશેષ વખત ઠંડક રહે તેવી વસ્તુ પાસે મૂકી તે દળના ઉપર બીજું દળ ચડાવી દીધું, એટલે મેં અંદરથી ખીલી ની ચાંપ ચડાવી દીધી.

ત્યાર પછી શું બન્યું તે વાત, ગર્ભગત જીવની માફક હું જાણતી નથી.

મલયાસુંદરી, મહાબલ તરફ નજર કરી બોલી, નાથ! ત્યાર પછીની બનેલી હકીકત આપ મને જણાવશો.

મહાબળ—પ્રિયા! ત્યાર પછી તે સ્થંભ, સુંદર, રંગ, બેરંગી વર્ણો અને સુંદર ચિત્રોથી મેં એવી રીતે રંગ્યો અને ચિતર્યો કે તેની સાંધ બીલકુલ જણાવા ન લાગી. બાકીની રંગાદિ વસ્તુ ગોળા નદીમાં ફેંકી દીધી.

એ અવસરે મંજુષાને મંદિરની પાછળ મૂકીને ગામમાં ગયેલા ચોરો, કેટલોક ચોરીનો માલ લઇ પાછા ત્યાં આવ્યા. મંજુષાસહિત તે ચોરને શોધતા તેઓ આજુબાજુ ફરવા લાગ્યા. મેં તેમને તેમના સંકેત પ્રમાણે બોલાવ્યા. તે ચોરો મારી પાસે આવ્યા, અને વિશ્વાસ પામેલા હોય તેમ મને પૂછવા લાગ્યા કે, અહીં મંજુષા સહિત એક ચોર હતો તે ક્યાં ગયો? મેં તેમને તાંબુલ આપવા પૂર્વક જણાવ્યું કે, તમે આ સ્થંભ ઉપાડી, પૂર્વ દિશાના દરવાજા આગળ મૂકી આવો તો તે ચોરની ખબર આપું. તેઓએ તે

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

વાત કબુલ કરી ચોરીનો માલ નદી કિનારે રાખી, તે સ્થંભ ઉપાડી પૂર્વ દિશાના દરવાજા આગળ મારા કહેવા મુજબ તે સ્થળે ઉભો કર્યો. મારૂં કાર્ય કર્યા પછી ચોરોએ પેટી તથા ચોરના સંબંધમાં મને ઉત્તર આપવા જણાવ્યું. મેં વિચાર કર્યો કે, ચોર મંદિરના શિખરમાં છે તેમ જો હું કહીશ તો તે લોકો તેને મારી નાખશે; એમ ધારી અસત્ય ઉત્તર આપ્યો કે, તે ચોરે પેટીનું તાળું તોડી, અંદરથી સર્વ વસ્તુ બહાર કાઢી, પેટી નદીમાં તરતી મૂકી, માલનું પોટલું ઉપાડી તે પેટી ઉપર પોતે બેઠો. અને તરતો, તરતો નદીના પ્રવાહમાં આગળ ગયો છે. અહીં રહીને મેં તેને તેમ કરતાં દીઠો છે.

ચોરોએ જણાવ્યું આ વાત સંભવી શકે તેમ છે. રાત્રિ પર્યંત તે પેટી પર બેસીને જશે પ્રભાત થતાંજ તે પોટલું લઇ કોઇ સ્થળે ચાલ્યો જશે. અરે! ગમે ત્યાં જાઓ, કોઇ દિવસ પાછો તે મળશેને; આ પ્રમાણે બોલતા તે ચોરો મારી પાસેથી ચાલ્યા ગયા.

મેં પણ આજુબાજુ ફરતાં પ્રભાત પર્યંત તે સ્થંભનું રક્ષણ કર્યું. રાજપુરૂષો જ્યારે સ્થંભની તપાસ કરવા આવ્યા, ત્યારે તેઓને જોઈ, નિશ્ચિંતપણે અને ગુપ્ત રીતે હું ત્યાંથી નીકળી રાજાને આવી મળ્યો.

ત્યાર પછીનું વૃત્તાંત તને વેગવતી જણાવશે. કેમકે તે સર્વજન પ્રસિદ્ધજ છે.

પ્રિયા! મને પેલા ચોરની વાત યાદ આવી, તેને જો તે દેવળના શિખરમાંથી હમણાં બહાર કાઢવામાં નહિં આવે તો, મારા જવા પછી તેને કોણ કાઢશે? તે બીચારો અંદર મરી જશે, તેની હત્યા મને લાગશે. માટે તું હમણાં અહીં રહે, તે ચોરને બહાર કાઢી હું તરતજ પાછો આવું છું.

**મલયાસુંદરી**—પ્રાણનાથ! આ આજ્ઞા, આપ મને નહિ કરશો. તેમ કદી નહિજ બને. હું હવે આપનાથી જુદી રહેનાર નથી, તેમ પહેલાંની માફક આ વખતે આપનાથી બાહાનું કાઢી શકાય તેમ નથી. હવે તો મારા પિતાએ આપને સોંપીજ છે ને. અરે! માતા વેગવતી! અમારા આવ્યા પહેલાં મારા પિતાશ્રી અહીં આવે તો તું તેમને કહેજે કે, **મલયાસુંદરીએ** ગોળાનદીના કિનારાપર રહેલ દેવીની માનતા માની હતી તેથી ત્યાં નમસ્કાર કરવા બન્ને ગયાં છે, અને હમણાંજ પાછાં આવશે. આ પ્રમાણે વેગવતીને ભલામણ કરી, **મલયાસુંદરી મહાબળના** ના કહેવા છતાં, સાથે ચાલવા લાગી.

આ તરફ **વીરધવળ** રાજાએ તે રાજકુમારોને, સામદામાદિ ભેદે

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘણી રીતે સમજાવ્યા, પણ તેઓએ બીલકુલ તેનું કહેવું માન્યું નહિં, પણ ઉલટું તેઓ તેને કહેવા લાગ્યા કે, પ્રભાતે તમારા જમાઇને મારી, કન્યાને લઇને પછી અહીંથી જઈશું. પણ તે સિવાય અમે અહીંથી બીલકુલ જવાના નથી.

**વીર**ધવળ રાજાએ તેમને સમજાવવું મૂકી દીધું. તરતજ મેહેલમાં આવ્યો અને **મ**હાબળ માટે ઘણીજ વેગવાળી કરભી ( સાંઢણી ) તૈયાર કરાવી.

ઉતાવળ કરાવવા માટે રાજા, **મલ**યાસુંદરીવાળા મેહેલમાં આવ્યો, પણ ત્યાં તેણે **મ**હાબલાદિને દીઠાં નહિં. **વે**ગવતીએ જણાવ્યું કે તેઓ દર્શન કરવા ગયાં છે હમણાં આવશે. રાજા તેઓની રાહ જોતો ત્યાંજ બેઠો. રાહ જોતાં, જોતાં, બીજો પહોર, ત્રીજો પોહોર અને છેવટે પ્રભાત થયું પણ બન્નેમાંથી એકપણ પાછું ન આવ્યું. રાજા, આકુળ વ્યાકુળ થયો. **ગો**ળાનદી, **ભ**ટ્ટારિકાનું મંદિર, ઇત્યાદિ સ્થળે તપાસ કરાવી છતાં તેઓની કોઇ પણ સ્થળેથી ખબર ન આવી.

**મ**હાબળ અને **મલ**યાસુંદરી ક્યાં ગયાં, તેનો પત્તો મળતોજ નથી ઇત્યાદિ સમાચાર સાંભળી, વિલખા થયેલા સર્વ રાજકુમારો, પોતપોતાને દેશ ચાલ્યા ગયા.

## પ્રકરણ ૨૭ મું.

### દુઃખી વીરધવળ.

જે **ચં**દ્રાવતીનો મહારાજા, થોડા વખત પહેલાં આનંદરસમાં ઝીલતો હતો, તેજ મહારાજા અત્યારે શોકસમુદ્રમાં ડુબ્યો છે. જે મહારાજાના મેહેલમાં **કાલે** આનંદનો સૂર્ય ચળકતો હતો, તે મહારાજાના મેહેલમાંજ નહિ પણ, આખા શહેરમાં શોકનું વાદળ **આજે** છાઈ રહ્યું હતું. અહા ! કર્મની કેવી વિચિત્રતા ! કેટલી પદાર્થોની અનિત્યતા ! શી સંયોગની વિયોગશીળતા ! દુનિયાનું આવું ક્ષણિકસુખ જોઇ, વિચારવાન્ મનુષ્યો વિરક્ત થયા હોય તો તે બનવા યોગ્ય છે.

મહારાજા **વીર**ધવળને જમાઇ, તથા પુત્રીના વિયોગથી આ સંસાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુઃખરૂપ થઈ પડ્યો. સંયોગિક સુખ, દુઃખરૂપ કે, વિયોગિક ઝેરથી મિશ્રિત ભાસવા લાગ્યું. સંસાર સુનો જણાતો હતો. દુનિયા ઉજડ વેરાન જેવી દેખાતી હતી. ખાન, પાન ઝેર તુલ્ય લાગતાં હતાં. ટુંકામાં કહીએ તો, આ વખતે કોઇ પણ વિશેષ દુઃખી હોય તો તે મહારાજા **વીર**ધવળ હતો; કારણ કે એક મહાન્ દુઃખનો પાર તે કાલેજ પામ્યો હતો, તેવામાં પાછું બીજું દુઃખ તેની પાસે આવીને ઉભું જ રહ્યું. તે વિચાર કરતો હતો કે, ક્યાં **પૃ**થ્વીસ્થાનપુર અને ક્યાં **ચં**દ્રાવતી! ક્યાં મારી દુઃખી **મ**લયાસુંદરી અને ક્યાં તે ગુણવાન્ **મ**હાબળકુમાર! વિધિયોગથી મને આ પ્રસંગે તેઓનો મેળાપ થયો, પણ અભાગ્યોદયથી ફરી તેઓનો સમાગમ ક્યાંથી હોય! વિદ્યુતના ઝબકારાની માફક અમે તે બન્ને બાળકોને જોયાં અને પાછાં વિલય પણ થઈ ગયાં! અહા શું વિધિસંયોગ! સઘળું ઇંદ્રજાળ જેવું જન! અરે વિધિ! આ કાર્યનો આવોજ વિપાક થવાનો હતો, તો તે આ બાળકોને શા માટે પ્રથમથીજ પ્રગટ કર્યાં. ભોજન ન આપવું તે વધારે સારૂં, પણ આપીને પાછું ખેંચી લેવું તેતો ઠીક નહિજ. જન્માંધપણું હોય તે સારૂં, પણ પાછળથી અંધ થવું તે તો દુઃખનુંજ કારણ. કોઇ વૈરીએ તેઓનું હરણ કર્યું હશે? કે વિષમ પ્રદેશમાં તેમનું મરણ થયું હશે? કે શત્રુ રાજાએ તેમને મારી નાખ્યાં હશે? હા! હા! તેમનો કયાંઇ પત્તો નજ લાગ્યો અથવા કોઇ વીરપુરૂષ, **મ**હાબળનાં બાનાથી કન્યા પરણી, સ્વેચ્છાએ લઇને ચાલતો થયો! અથવા કુમાર, કુમારીની ભ્રાંતિ દેખાડી, કોઇ દયાળુ પુરૂષ, મને મરણથી નિવારી, ક્રીડા કરી ચાલતો થયો. હવે હું શું કરૂં? ક્યાં જાઉં? આ પ્રમાણે ચિંતામાં મગ્ન થયેલો, શૂન્ય ચિત્તપણે રાજા ઉભો ઉભો ઝુરે છે, તે પ્રસંગે, કુમારીની ધાવમાતા **વેગ**વતીએ રાજાને વિનયપૂર્વક જણાવ્યું. મહારાજા! શાંત થાઓ. ધીરજ ધરો. આમ કુવિકલ્પો ન કરો. હું નિશ્ચય પૂર્વક કહું છું કે, તેજ **મ**હાબળ કુમાર હતો અને તેજ આપની પુત્રી **મ**લયાસુંદરી હતી. પણ રાત્રિએ બહાર જતાં, કોઇએ છળ પ્રપંચથી પકડ્યાં હોય કે આડે રસ્તે નીકળી ગયાં હોય તેમ સંભવે છે. તો મહારાજા! દેશાંતરે, અરણ્યમાં, નદી, પર્વત, ઇત્યાદિ સ્થળે હુંશીયાર માણસોને મોકલાવી તેની શોધ કરાવો. કદાચ કોઈ પણ પ્રયોગથી તેઓ **પૃથ્વી**સ્થાનપુરે ગયાં હોય તો ત્યાં પણ તરતજ ખબર કરાવો.

આ સર્વ વૃત્તાંત **સુ**રપાળ રાજાને પણ જણાવો, કેમકે પુત્રવાત્સલ્યતાથી તે પણ આપણા સમાન દુઃખીઓ થઇ, સર્વ સ્થળે તપાસ કરાવશે,

રાજા **વીરધવળ**—વેગવતી ! તારી બુદ્ધિ ઘણીજ ઉત્તમ છે. તેં ઘણો સારો ઉપાય બતાવ્યો.

રાજાએ તેના કહેવા મુજબ તરતજ સર્વ સ્થળે માણસો મોકલાવ્યાં. અને **મલયકેતુ** કુમારને રસ્તામાં શોધ કરતા, મહારાજા **સુરપાળને** વૃત્તાંત જણાવવા માટે મોકલાવ્યો.

## પ્રકરણ ૨૮ મું.

### ભુતોનો આલાપ.

એક તો રાત્રિનો વખત, તેમાં વળી અંધેરી ચૌદશ, એક બાજુ શ્મશાન, બીજી બાજુ ધોધબંધ વહેતી નદીના ઊંડા વ્યાપ્ત ખળખળાટ, અપરિચિત માર્ગ, ચોરોનો ઉપદ્રવ, વૈરી રાજકુમારોનો ભય, શીયાળ, —વરૂ; ઘુવડ વિગેરે જાનવરોના રૌદ્ર શબ્દ, ઇત્યાદિ કારણોથી નદી તરફનો માર્ગ ભયંકર જણાતો હતો.

**મહાબળ**—પ્રિયા ! આવી શ્મસાનભૂમિ અને અંધારી વાર પ્રવાહુમેમાં સ્ત્રી સહિત છુટથી ફરવું એ મને લાભદાયક જણાતું નથી, માટે ગુટિકાના પ્રયોગથી તારૂં પુરૂષનું રૂપ બનાવું તેથી આપણે નિર્ભયપણે ફરી સકીશું.

**મલયાસુંદરી**—પ્રિય ! જેવી આપની ઇચ્છા.

**મહાબળે** તરતજ આમ્રરસમાં ગુટિકા ઘસી **મલયાસુંદરીના** કપાળમાં તિલક કર્યું. ગુટિકાના પ્રભાવથી પૂર્વની માફક પુરૂષનું રૂપ થયું. બન્ને જણ દેવીના મંદિરમાં ગયા. શિખરમાંથી ચોરને બહાર કાઢયો, અને જણાવ્યું કે તારા ગોઠીઆઓ તારી તપાસ કરી કાલે ચાલ્યા ગયા છે. હવે જ્યાં તારી ઇચ્છા હોય ત્યાં ચાલ્યો જા.

મને જીવિતવ્યલાભ અને દ્રવ્યલાભ તમારા પ્રસાદથીજ થયો છે એમ કહી, નમસ્કાર કરી, ઉપકાર માની ચોર ચાલતો થયો. દેવીના મંદીરથી નીચાં ઉતરી, નજીકમાં રહેલા વડ વૃક્ષની નીચે થઇ શેહેર તરફ તેઓ પાછા ફરે છે, તેવામાં તે વડના શિખરપર ભૂતોનો વાર્તાલાપ સંભળાવા લાગ્યો.

**મહાબલ**—પ્રિયા ! થોડો વખત આપણે અહિં ઉભા રહીએ, અને કાન દઈ સાંભળીએ, આ ભૂતો આપસમાં શું વાર્તાલાપ કરે છે.

આ ભૂતોમાંથી રખેને વળી કોઈ હારતું અપહરણ કરે, એ વિચારથી

મહાબળે મલયાસુંદરી પાસેથી હાર લીધો, અને પોતાની કમ્મરમાં બાંધી દીધો. પછી ગુપ્તપણે તે વડના પોલાણમાં બન્ને જણ ઉભાં રહી, સાવધાનપણે સાંભળવા લાગ્યા.

એક ભૂતે પ્રશ્ન કર્યો. "કેમ ? આજે આ પૃથ્વીપર કાંઇ જાણવા યોગ્ય નવીન બનાવ, બનેલો કે બનવાનો, કોઇએ દીઠો કે સાંભળ્યો છે ?"

આગેવાન ભૂતે જણાવ્યું, એક બનાવ બનવાની તૈયારી છે. પણ તે આવતી કાલે બનવાનો છે. છતાં તે સ્થાન અહિંથી દૂર છે.

બીજો ભૂત—તે વાત અમને જણાવશો ?

આગેવાન ભૂત—હા ! તમે સાવધાન થઇ સાંભળો. પૃથ્વીસ્થાનપુરના સુરપાળ રાજાને મહાબળ નામનો કુમાર છે. તેની માતા, રાણી પદ્માવતીનો એક હાર કોઇએ અદશ્યપણે હરી લીધો છે. તેને માટે તેની આગળ મહાબળે એવી પ્રતિજ્ઞા કરી છે કે, જો પાંચ દિવસમાં હાર ન લાવી આપું તો અગ્નિમાં પ્રવેશ કરૂં. તેની માતાએ પણ તેવીજ પ્રતિજ્ઞા કરી છે કે પાંચ દિવસમાં જો હાર ન મળે તો મારે પણ અવસ્ય મરણને શરણ થવું.

હારની તપાસ માટે ગયેલા કુમારની હજી સુધી બીલકુલ ખબર મળી નથી. અને પાંચમો દિવસતો કાલે સવારે જ થશે. તે કુમારની અને હારની શોધ નહિ મળવાથી મરવાને ઉત્સુક થયેલી રાણીને જોઇનેજ હું હમણાં અહીં આવ્યો છું. કોણ જાણે તે રાણી વિષથી, જળથી, શસ્ત્ર વડે, અગ્નિવડે, પડીને કે ગળે ફાંસો ખાઇને મરણ પામશે. પણ મરણ તો પામશે. તેની પાછળ ઘણા લોકો સહિત રાજા પણ મરણ પામશે.

આ શબ્દો સાંભળતાંજ કુમાર ચિંતવવા લાગ્યો. નિશ્ચે આ કોઇ ભૂત જાતિના દેવો આપસમાં વાતો કરી રહ્યા છે. તેઓનું કહેવું સત્ય છે. બનતાં સુધી તેઓ અસત્ય બોલતા નથી.

અરે ! પ્રતિજ્ઞા ભ્રષ્ટ થયેલો હું તો હજી અહીં વિલાસ કરૂં છું અને ત્યાં દુઃખાર્ત્ત મારા કુટુંબનો ક્ષય થાય છે.

એટલામાં ફરી પાછો તેઓનો આલાપ સંભળાયો. ચાલો, આપણે અત્યારે ત્યાં જઇએ. કૌતુક જોઇશું, અને રકતાદિનો આસ્વાદ પણ લઇશું. આ શબ્દો કહેતાંની સાથેજ સર્વેએ હુંકારો કર્યો અને હુંકારા સાથેજ તે વડ, કુમાર, અને મલયાસુંદરી સહિત આકાશમાર્ગે ઉડયો. કારણ કે તેઓ તે વડની પોલાણમાં ઉભાં હતાં.

ઘણી ઝડપથી આકાશમાં ઉડતો તે વડ, થોડાજ વખતમાં એક પાહાડની મેખલા ઉપર આવી સ્થિર થઇ રહ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વડથી નીચા ઉતરી તે દેવો, ગોળા નદીના કિનારાપર આવેલા ધનંજય નામના યક્ષના મંદિર તરફ ગયા.

મહાબળ પણ તે પ્રદેશને જોઇ, ઓળખી, મલયાસુંદરીને કહેવા લાગ્યો. પ્રિયા! હજી આપણાં પુણ્ય જાગૃત છે. આ વડ મારા પૃથ્વીસ્થાન શેહેર પાસે આવ્યો છે. હવે આપણે શીઘ્રપણે આ વડના આશ્રયનો ત્યાગ કરવો જોઇએ. દેવોના આદેશથી કદાચ આ વડ ફરી પાછો પોતાને ઠેકાણે કે અન્ય સ્થળે ચાલ્યો જશે તો પાછા કોઇ વિષમ સ્થાનમાં આપણે જઇ પડીશું. આ પ્રમાણે કહી તરતજ તે વડના પોલાણમાંથી મહાબળ, મલયાસુંદરીને લઇ બહાર નીકળી આવ્યો. અને નજીકમાં રહેલા કદળી વનમાં જઇ સ્વસ્થપણે વિશ્રામ લીધો.

થોડા વખતમાં તે વડ પાછો ત્યાંથી ઉપડતો જોઇ મહાબલે જણાવ્યું. સુંદરિ! જો આ વડ પાછો પોતાને સ્થળે જતો જણાય છે. આપણે જલદી બહાર નીકળી આવ્યાં તે ઠીક થયું.

રાત્રિ હજી બાકી વિશેષ હતી. શાંત અને નિર્ભયપણે આ દંપતી કદળી વનમાં બેઠાં છે. તેવામાં કરૂણ સ્વરે રૂદન કરતી કોઇ સ્ત્રીનો શબ્દ કુમારના કર્ણગોચર થયો. રૂદનનો શબ્દ સાંભળી મહાબળે મલયાસુંદરીને કહ્યું. પ્રિયે! આ કોઈ દુઃખી સ્ત્રીના વિલાપના શબ્દો સંભળાય છે. પુરૂષોનું ભૂષણ એજ છે કે દુઃખીઓને મદદ કરવી. તેનાં દુઃખો દૂર કરવાં. તેમાં વળી રાજ્યના માલીકે તો વિશેષ પ્રકારે કાળજી રાખી, દુઃખીઆનાં દુઃખો દૂર કરવાં જોઇએ.

તું અહીં રહેજે. અધૃતિ કરવાનું કાંઇ કારણ નથી. હું હમણાં પાછો આવું છું. મલયાસુંદરી કાંઇ ઉત્તર ન આપી શકી. મલયાસુંદરીને ત્યાંજ મૂકી, પરદુઃખભંજન માટે, તે રૂદનના શબ્દાનુસારે મહાબળ ચાલી નીકળ્યો.

## પ્રકરણ ૨૯ મું.

### પતિ વિયોગ, અને દુઃખનો બીજો પડદો.

અંધારી રાત્રિ! તારાં કર્ત્તવ્યો પણ તારાં જેવાં મેલાંજ છે. ચંદ્રાવતી માં રાજા વીરધવળને, પુત્રી તથા જમાઇનો વિયોગ કરાવી રડાવ્યો અને મલયાસુંદરીને પણ તરતજ પતિવિયોગ કરાવી દુઃખના પડદા પાછળ ઢાંકી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીધી.ઓ વિધિ ! તું પણ કેટલો બધો નિષ્ઠુર ! મનુષ્ય ચિંતવે છે કાંઇ જુદું, અને તું તેથી કરાવે છે પણ જુદું.

મનુષ્યોના સંચાર વિનાના કદલી વનમાં **મ**લયાસુંદરી એકાકી બેઠી છે. 'વારંવાર હઠ કરી, પતિની ઇચ્છા વિરૂદ્ધ સાથે જવું તે યોગ્ય નહિ' એમ ધારીનેજ આ વખતે તે સાથે ગઇ નથી. પોતે થોડો વખત વિયોગ સહન કરીને પણ સ્વજાતિનું દુઃખ દૂર થયેલું જોવાને ઉત્સુક હતી. તેથીજ મુંગે મોઢે પણ **મ**હાબળને જવાને રજા આપી હતી. મારા સ્વામીનાથ હમણાં આવશે. આ દિશા તરફ ગયા છે, આ ખડખડાટ સંભળાય છે તે તેમના પગરવનો તો નહિ હોયને ? વગેરે વિચારો કરતી, અને તેજ દિશા તરફ એકી નજરે જોતી. પાછલી રાત્રિ પૂર્ણ થઈ પણ **મ**હાબળ નજ આવ્યો, પ્રાતઃકાળ થયો.

આવા અપરિચિત વનમાં મને એકાકી મૂકી તેઓ ક્યાં ગયા ? હજી કેમ ન આવ્યા ? માતા, પિતાને મળવાની ઉત્કંઠાથી તેઓ શહેરમાં તો નહિ ગયા હોય ? વગેરે સંકલ્પ વિકલ્પ કરતી **મ**લયાસુંદરીએ નિર્ણય કર્યો કે તે શેહેરમાંજ ગયા હશે. ચાલ, હું પણ શેહેરમાં જઉં. એમ ધારી શેહેર તરફ ચાલવા લાગી. ચાલતાં જ્યાં દરવાજા પાસે આવી, એટલામાં કોટવાળ સંમુખ મળ્યો. દિવ્યવેશ અને સુંદર રૂપ જોઇ કોટવાળે તેને પૂછ્યું. અરે યુવાન્ ! તું કોણ છે ? આ શેહેરમાં ક્યાંથી આવ્યો ? તું કોઈ વખત મારા જોવામાં નથી આવ્યો માટે સાચી વાત કહે.

પુરૂષવેશધારક **મ**લયાસુંદરીએ કાંઈ ઉત્તર ન આપ્યો, મૈન રહી ગભરાઇ ગયેલાની માફક દિશાઓ તરફ જોવા લાગી.

કોટવાળને તેથી વિશેષ વહેમ આવ્યો, તેની પાસે શું શું વસ્તુ છે વિગેરે તપાસ કરતાં, કાનમાં પહેરેલ કુંડળો, અને શરીરપરનાં વસ્ત્રો **મ**હાબળ કુમારનાં જણાયાં. કોટવાળ વિચારમાં પડ્યો, **મ**હાબળ કુમારનાં વસ્ત્ર અને કુંડળ આની પાસે ક્યાંથી ? કોટવાળ તેને પકડી રાજા પાસે લઇ આવ્યો. તેનું રૂપ, વેશ વિગેરે જોઇ રાજા પ્રમુખ પણ વિસ્મય પામ્યા.

**રાજા**—કોટવાળ ! આ પુરૂષ કોણ છે ? તેણે પેહેરેલ વેશ સર્વ **મ**હાબળ કુમારનો જણાય છે.

**કોટવાળ**—મહારાજા ! દરવાજામાં પ્રવેશ કરતાં આ માણસ મારા જોવામાં આવ્યો છે. તેને પૂછતાં કાંઇ પણ ઉત્તર આપતો નથી.

**રાજા**—**મ**લયાસુંદરી સંમુખ જોઈ, તું કોણ છે ? કોનો પુત્ર છે ?

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

મલયાસુંદરી વિચારમાં પડી. જો હું મારી સત્ય વાત કહીશ તો તે રાજા વગેરે કોઈના માનવામાં નહિ આવે, કારણ કે અમારા બન્નેનો મેળાપ, અને વિવાહ એ સર્વને અસંભવિત લાગે તેમ છે. વળી અત્યારે મારો વેશ પણ પુરૂષનો છે. માટે જ્યાં સુધી મારા સ્વામીનો મને મેળાપ ન થાય, ત્યાં સુધી સત્ય વૃત્તાંત પ્રકાશિત ન કરવો. જે થવાનું હોય તે થાઓ. એમ નિર્ણય કરી કલ્પિત ઉત્તર આપ્યો.

**મલયાસુંદરી**—હું **મહા**બળ કુમારનો પ્રિયમિત્ર છું. તેમણેજ મને આ સર્વ પોતાનો વેશ આપ્યો છે.

**સુ**રપાળ—**મહા**બળકુમાર હમણાં કયાં છે ?

**મ**લયાસુંદરી—આટલામાંજ સ્વઇચ્છાએ અહીં તહીં ફરતા હશે.

**સુ**રપાળ—કુમાર આટલામાંજ હોય તો પોતાના કહેલ વચનાનુસાર આવીને અમને શા માટે ન મળે ? કુમાર આટલામાં છેજ નહિ. અમે તેની ઘણી શોધ કરાવી પણ તે મળી શકયો નથી. વળી જ્યારે તું મારા પુત્રનો પ્રિયમિત્ર છે, તો આ સર્વ મનુષ્યોમાંથી કોઈ પણ તને કેમ ઓળખતા નથી.

**મ**લયાસુંદરી, કાંઈ પણ ઉત્તર આપ્યા સિવાય મૌનપણેજ ઉભી રહી.

**સુ**રપાળ—આ વાત સંભવે છે કે, કેટલાક દિવસ ઉપર, અદૃષ્ટ રીતે કુમારનાં વસ્ત્રાદિ ચોરાયાં હતાં તે સર્વ **અ**લંબાદિની ગુફામાં રહેનાર, પ્રચંડ ચોર લોહખુરાએ ચોર્યા જણાય છે, જેને કાલેજ મારી નાખવામાં આવ્યો છે, તેનો આ બાંધવ હોય કે સ્નેહી હોય અથવા કાંઈ સંબંધી હોય એમ જણાય છે, અને તેના વિયોગથી ઉદાસીન, ખિન્ન, કે સંભ્રાંત થઇ, તેને જોવા માટે આમતેમ ફરતો હોય એમ નિર્ણય કરાય છે. કુમારનો વેશ પણ તે ચોર પાસેથી આને મળ્યો હોય તેમ સંભવે છે. તેમજ ' અલ્પભાષી અને બહુ મૌની ' એ ચોરનું લક્ષણ પણ આ પુરૂષમાં સંભવે છે.

અરે ! આ ચોરોએ મળી મારા કુમારને મારી નાખ્યો હોય એમ મારૂં માનવું છે. માટે આ પણ મારો વૈરી છે. રાજા ભયભ્રાંત થઇ બોલી ઉઠયો, અરે કોટવાળ ! આ પુરૂષને પણ, તે ચોરને જ્યાં બાંધી માર્યો છે ત્યાં લઇ જઇને મારી નાંખો.

રાજાના મુખથી આ શબ્દો સાંભળી **મ**લયાસુંદરી અફશોશમાં પડી. અરે ! ફરી પણ આ વિપત્તિનું વાદળ મારાઉપર ઘેરાઈ આવ્યું. અહો ! અલક્ષિત વિધિનું દુર્વિલસિત ! હવે શું થશે ? આ પણ મરણાંત આફત આવી. આનો નિસ્તાર કેવી રીતે પામીશ ? **મ**હાબળે આપેલ શ્લોક યાદ

આવ્યો. તેનો વિચાર કરતાં હૃદયમાં ધીરજ આવી. પોતેજ પોતાને આશ્વાસન દેવા લાગી. હે ચેતન ! ભાગ્યાધિક મનોરથ શામાટે કરે છે ? અને પૂર્વકૃત કર્મોદયથી શામાટે ડરે છે ? હિમ્મત રાખ. નહિ કરેલ કર્મ, કદી પણ ભોગવવાં નહિજ પડે, અને કરેલ કર્મ ભોગવ્યા સિવાય નહિજ છુટાય. ઇત્યાદિ વિચાર કરતાં તેના ચેહેરા ઉપરથી શોકની છાયા દૂર થઇ અને એક જ્ઞાની મહાત્માં જેમ સમતારસમાં ઝીલતો હોય તેમ તેનું મન શાંતરસમાં નિમગ્ન થયું.

તેની શાંત અને તેજસ્વી આકૃતિ જોઇ, પ્રધાનમંડળ ઉપર ઉંડી અસર થઇ. રાજાના આવા પ્રચંડ આદેશના વચમાં પ્રધાનમંડળ પડયું.

**પ્રધાન**—મહારાજા ! આવી ચેષ્ટા અને સુંદરાકૃતિ ઉપરથી અનુમાન નથી કરી શકાતું કે આ ચોર હશે. આવા દિવ્ય પુરૂષે અપરાધ કર્યો છે એવો જ્યાંસુધી નિર્ણય ન થાય, ત્યાં સુધી તેનો વધ કરવાનો આદેશ ન આપવો એ વધારે યોગ્ય છે. છતાં આ અપરાધી નથી એ ભ્રાંતિ આપની દૂર ન થતી હોય તો તેને **દિવ્ય** ( ધીજ ) આપવું જોઇએ. જો તે દૈવિક દિવ્ય તેનો પરાભવ કરશે તો આપણે તેને ચોર સમજીશું. અને જો તેથી તેનો પરાભવ નહિ થાય તો તે નિર્દોષ ઠરશે. આ પ્રમાણે કરવાથી લોકમાં પણ આપણો અપવાદ નહિ થાય.

**રાજા**—પ્રધાન ! તમારૂં કહેવું યોગ્ય છે. તો આને કઇ જાતનું દિવ્ય આપીશું.

**પ્રધાન**—મહારાજા ! ઘટસર્પનું દિવ્ય ઘણુંજ તીવ્ર ગણાય છે.

**રાજા**—ગારૂડીકોને બોલાવો. **મલ**યાદ્રિ પાહાડની મેખલામાંથી એક ભયંકર સર્પને પકડી લાવવા તેમને કહો.

રાજાનો આદેશ થતાં કેટલાએક ગારૂડીઓ સર્પ લાવવા માટે પાહાડ તરફ ગયા.

રાજાએ, કુમારનાં વસ્ત્ર અને કુંડલાદિ **મ**લયાસુંદરી પાસેથી ઉતરાવી લીધાં, અને કોટવાળની દેખરેખ નીચે તેને સોંપી.

એ અવસરે **પદ્મા**વતી રાણીની દાસી સભામાં આવી, અને ઘણી દીલગીર થઇ રાજાને કહેવા લાગી.

મહારાજા ! રાણી **પદ્મા**વતી આપને વિનંતિ કરે છે કે, ગુણાલય **મહાબળ**કુમારની, અદ્યાપિપર્યંત શોધ લાગી નથી. તેણે કહેલ આજે પાંચમો દિવસ છે. કુમાર જીવતો હોય તો તે આવ્યા સિવાય નજ રહે. લક્ષ્મી-

પુંજ હારના પણ કાંઈ સમાચાર મળ્યા નથી. જ્યાં કુમારની હૈયાતીનોજ અભાવ સમજાતો હોય ત્યાં હાર પ્રાપ્તિની આશા રાખવી તે વ્યર્થજ છે. દુર્લભ કુમારના અભાવે હું સારૂં જીવિતવ્ય ધારી શકવાને અસમર્થ છું. આજ પર્યંત મેં આપનો દુર્વિનય કે અપરાધ કર્યો હોય તે ક્ષમા કરશો. અને મને આજ્ઞા આપો, એટલે અક્ષ્ટાદ્રિના શિખરથી ભૃગુપાત કરી ( ઝંપાપાત કરી ) હું શાંતિ પામું.

**રાજા**—દાસી ! રાણીને હિમ્મત આપ. અને મારા તરફથી જણાવ કે, આ દુઃસહ દુઃખ આપણુ બન્નેને સરખુંજ છે. કુમારની શોધ માટે મેં ચારે બાજુ માણસો મોકલાવ્યાં છે. તપાસ કરીને તેઓને આવવા દ્યો. કુમારના કાંઈપણ સમાચાર મળી આવશે. કેમકે હજી આજે પાંચમો દિવસ છે. કુમારના સમાચાર જો આજે નહિ મળે તો કાલે જેમ યોગ્ય જણાશે તેમ કરીશું, માટે ઉતાવળ નહિ કરો.

દાસી ! આજે આ સુંદર પુરૂષ પાસેથી કુમારનાં કુંડળ અને વસ્ત્રો મળી આવ્યાં છે, તેમ કુમાર અને હાર પણ મળી આવશે. આજે તેને હમણાં દિવ્ય આપવાનું છે. આ સર્વ સમાચાર રાણીને કહેજે. અને કુમારનાં વસ્ત્ર, તથા કુંડળ તું લઇજા. તે રાણીને આપજે. આ પ્રમાણે કહી રાજાએ વસ્ત્ર અને કુંડળ દાસીને આપ્યાં. તે લઇને દાસી રાણી પાસે આવી. દાસીએ કુમારનાં વસ્ત્ર તથા કુંડળ રાણીને આપ્યાં. તે જોઈ રાણીને ઘણો આનંદ થયો.

રાણી—દાસી ! આ વસ્ત્ર તથા કુંડળ કયાંથી મળ્યાં ? તથા મારા કહેલા સમાચારનો રાજાએ શું ઉત્તર આપ્યો ?

દાસીએ રાજાના કહેવા મુજબ સર્વ વૃત્તાંત જણાવ્યો. હર્ષ, શોકથી વ્યાકુલ થયેલી રાણી અનેક સંકલ્પો કરવા લાગી. શું તે મારા પુત્રનો પ્રિય મિત્ર હશે ? તે અહીં શામાટે આવ્યો હશે ? કુમારના સમાચાર દેવાતો નહિ આવ્યો હોય ? અથવા મારા કુમારને મારીને તેનાં આ કુંડલ, વસ્ત્ર આને તો નહિ લીધાં હોય ? તે પુરૂષને જોવાથી મને વિશેષ ખાત્રી થશે એમ મનથી નિર્ણય કરી રાણીએ દાસીને જણાવ્યું. દાસી ! તે પુરૂષને જ્યાં દિવ્ય આપવાના છે તે સ્થળે મારે જવું છે. તે પુરૂષને જોવાથી મને કાંઇક વિશેષ નિર્ણય થશે. માટે ત્યાં જવાની બધી સામગ્રી તૈયાર કર.

રાણીના કહ્યા મુજબ સર્વ સામગ્રી દાસીએ તૈયાર કરી, એટલે પદ્માવતી રાણી પોતાના પરિવાર સાથે ધનંજય યક્ષના મંદિરમાં આવી.

રાણીના આવ્યા પહેલાંજ રાજા પ્રમુખ હજારો લોકો તે દિવ્ય જોવા માટે આવી પહોંચ્યાં હતા.

તે અવસરે સર્પ પકડવા મોકલેલા ગારૂડીઓ પણ ત્યાં આવી પહોંચ્યા. તેઓએ રાજાને નમસ્કાર કરી જણાવ્યું. મહારાજા ! અલબાદ્રિ પાહાડનાં અનેક શિખરો અને છિદ્રો ફરી ફરી આ એક સર્પ, ઘડામાં પુરીને લાવ્યા છીએ. તે કાજળથી પણ શ્યામ, ઘણી લંબાઈવાળો, અને જોતાં પણ ભય આપે તેવો છે.

આ પ્રમાણે કહી ઘટ રાજા પાસે મૂકયો. રાજાએ તે ઘટ ધનંજય યક્ષના મંદિરમાં મૂકાવ્યો અને કોટવાળને આદેશ કર્યો કે તે પુરૂષને અહીં લાવો.

રાજાનો આદેશ થતાંજ, અનેક શાસ્ત્રવાળા રાજપુરૂષોથી ઘેરાયેલા તે પુરૂષને (મલયાસુંદરીને) રાજાની પાસે લાવ્યા. મહાન્ તેજસ્વી આ પુરૂષને જોઇ, રાણી અને સર્વ પ્રજાલોક આપસમાં બોલવા લાગ્યા. અરે ! આવી સુંદર આકૃતિવાળો પુરૂષ ચોર હોય એવો સંભવ થવો પણ અશકય છે. જો જળથી અગ્નિ ઉત્પન્ન થાય, ચંદ્રથી અંગારાનો વરસાદ થાય અને અમૃતથી ઝેર પ્રગટ થાય તો આ પુરૂષથી અકાર્ય થઇ શકે.

**પ્રજાલોક**—મહારાજા ! આવું ભયંકર દિવ્ય આ પુરૂષને આપવું યોગ્ય નથી.

**રાજા**—દિવ્ય આપવામાં કોઈ પણ જાતનો દોષ નથી. જેમ જાતિવાન્ સુવર્ણ અગ્નિમાં નાખવાથી વિશેષ પ્રકારે તેજવાન્ થઈ શુદ્ધ થાય છે, તેમજ જો આ પુરૂષ નિર્દોષ હશે તો તેની કીર્તિમાં વધારો થશે. રાજાના આ ઉત્તરથી લોકો મૌન રહ્યા.

રાજાના આદેશથી પ્રધાને તે પુરૂષને જણાવ્યું: "મહાશય ! તમે કોણ છો તેની અમને કાંઇ ખબર નથી. તમારાપર ચોરીનું તોહોમત મૂકવામાં આવે છે, તે સાથે મહાબળ કુમારના શરીરને નુકસાન પહોંચાડવાનો પણ શક લાવવામાં આવે છે. આ બાબતમાં તમે નિર્દોષ છો તે સાબીત કરવા માટે, તમને વખત આપવામાં આવે છે. તે એવી સરતે કે, આ યક્ષના મંદિરમાં ઘડામાં સર્પ પુરી એક ઘડો મૂકવામાં આવ્યો છે. તે ઘડો તમારે ઉઘાડવો અને તેમાંથી હાથે પકડી સર્પ બહાર કાઢવો. કેટલીકવાર હાથમાં ઝાલી તે સર્પ પાછો ઘડામાં મૂકવો. આટલા વખતમાં તે સર્પ તમને કાંઇ પણ નુકસાન ન પહોંચાડે તો તમે નિર્દોષ છો; એમ આ સર્વ રાજા, તથા પ્રજા

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

માનશે. અને જો તમે સદોષ હશો તો તે સર્પ અવશ્ય નુકસાન પહોંચાડશે. અને તેથીજ તમારા દોષનો દંડ તમને મળી ચુકશે. માટે મહારાજા સુરપાળની આજ્ઞાથી આ દિવ્ય તમારી નિર્દોષતા પ્રગટ કરવા માટે તમારે કરવું. નિર્દોષ મનુષ્યને આ સત્ય પ્રતીતિવાળો યક્ષદેવ અવશ્ય મદદ આપે છે."

પ્રધાને પોતાનું બોલવું પૂર્ણ કર્યું કે તરતજ પુરૂષવેશ ધારક મલયાસુંદરી તે ઘટની પાસે આવી ઉભી. પંચપરમેષ્ટિ મંત્રનું સ્મરણ કરી, મહાબળે આપેલ શ્લોકનો ભાવાર્થ યાદ કરી, પ્રસન્ન ચિત્તે ઉત્સાહથી તે ઘડો ઉઘાડ્યો. અને લોકોના આશ્ચર્ય વચ્ચે તેમાં હાથ નાંખી સર્પ બહાર કાઢ્યો. સર્પ પણ રજ્જુ (દોરડી) સરખો થઇ, સ્નેહી હોય તેમ તેનું મુખ જોવા લાગ્યો. કેટલોક વખત હાથમાં રહેવા છતાં તે સર્પે જ્યારે તેને કાંઇપણ નુકસાન ન પહોંચાડયું ત્યારે તેની સત્યતા વિષે આશ્ચર્ય પામી, લોકો મોટે અવાજે "નિર્દોષ! નિર્દોષ! નિર્દોષ!" એવા કાન ફોડી નાખે તેવા પોકારો કરવા લાગ્યા.

જે સત્યના પ્રભાવથી આવાં હિંસક જીવો પણ શાંત થઇ જાય છે તે સત્યમાં કેટલી બધી પ્રબળતા હશે? આ વર્તમાનકાળના સુખને જોનારાં પામર પ્રાણીઓ સ્હેજસ્હાજ વસ્તુઓમાં પણ મન નાખી પોતાની દાનત બગાડે છે, અર્થાત્ પરવસ્તુ હરણ કરે છે. તેવાઓને દેવો તો શું પણ મનુષ્યો પણ ક્યાંથી મદદ આપે? કેવી રીતે સાહાય્ય આપે? પૂર્વકાળમાં તેવા ઉત્તમ મનુષ્યો આ ભારતવર્ષપર વિશેષ જોવામાં આવતા હતા. અને તેને લઇનેજ આવાં દિવ્યો અપાતાં. તે અવસરે સત્ય પ્રતિષ્ટાવાળા દેવો પણ હતા અને તેવા ઉત્તમ મનુષ્યોને તેઓ તરતજ મદદ કરતા. અત્યારે ભારત વર્ષપર તેવા ઉત્તમ મનુષ્યોનો મોટા પ્રમાણમાં અભાવ છે, ત્યારે તેવા સત્યપ્રતિષ્ઠ દેવો પણ મદદ કરતા અટકયા છે. જેવાં મનુષ્યો તેવાંજ દિવ્યો કે દંડો; એટલે અત્યારના જીવોના સ્વભાવના પ્રમાણમાં અત્યારે તેવાજ કાયદાઓ અને શિક્ષાઓ અપાય છે.

હાથમાં રહેલા સર્પે મુખમાંથી એક દિવ્યહાર કાઢ્યો, અને તે મલયાસુંદરીના ગળામાં હળવે હળવે નાખ્યો. આ આશ્ચર્ય જોઇ લોકો તો વિચારશૂન્ય થઇ ગયા. અહા! આ શું આશ્ચર્ય? રાજાએ તે હાર ઓળખી કાઢ્યો. આજ લક્ષ્મીપુંજહાર. જેની શોધ માટે મહાબળ કુમાર ગયો છે, તેજ આ હાર, લોકો એક બીજાના મુખ સામું જોવા લાગ્યા.

તેવામાં તે સર્પે પોતાની જીહ્વાવડે તે દિવ્ય લેનાર પુરૂષના ભાળમાં

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ચુંબન કરી, તેના કપાળમાં રહેલું તિલક બગાડી નાંખ્યું. તિલક બગડતાંજ તે નવયૌવના સ્ત્રી થઈ રહી. સર્પ તેના મસ્તકપર પોતાની ફણા વિસ્તારી, એક છત્રધરની માફક થઈ રહ્યો.

આ અપૂર્વ આશ્ચર્ય જોઇ લોકો કાંઇપણ બોલ્યા સિવાય સ્તબ્ધ થયા હોય તેમ સ્થિરજ થઇ ગયા.

આ ચમત્કાર જોઇ, ભયથી ધ્રુજતો સુરપાળ રાજા બોલવા લાગ્યો. અરે ! મેં મૂર્ખપણાથી આ અયુક્ત કર્યું. લોકોના વારવા છતાં અને રાણીની મનાઈ છતાં, આ દિવ્ય આપી મોટો અનર્થ ઉત્પન્ન કર્યો. આ સર્પ કાંઇ સામાન્ય નથી. પણ કોઈ દેવ, કે દાનવ સર્પનું રૂપ લઇ આવ્યો જણાય છે. અથવા શેષનાગ પોતે હોય એમ અનુમાન કરાય છે. અથવા વિચિત્ર શક્તિવાળા આ બન્ને પુરૂષો મારા શેહેરની આજુબાજુ સ્વેચ્છાએ ક્રીડા કરતા ફરતા જણાય છે. આમ થવામાં પરમાર્થ કાંઈ સમજાતો નથી. છેવટનો ઉપાય તો એજ છે કે મારે તેનું આરાધન કરવું. કેમકે '**भक्तिग्राह्या हि देवता.**' દેવો ભક્તિથી સ્વાધીન યા અનુકૂળ થાય છે. આમ નિર્ણય કરી, રાજાએ પોતે ધૂપ ઉખેવ્યો, પુષ્પથી તે સર્પની પૂજા કરી, અને નમ્રતાથી જણાવ્યું કે, હે પન્નગાધિરાજ ! મેં તમને અનેક પ્રકારે દુહવ્યા છે. કૃપાળુ થઇ તે મારો દુર્નય સહન કરશો.

રાજા આ પ્રમાણે કહેતો હતો, તેવામાં તે સ્ત્રીએ (**મ**લયાસુંદરીએ) સર્પને નીચો મૂકી દીધો. એટલે રાજાએ દુધ મંગાવી, તેની આગળ પીવા માટે મૂક્યું.

દુધ પીઇને તે સર્પ જ્યારે શાંત થયો, ત્યારે રાજાએ તે સર્પ લાવનાર ગારૂડીકોને બોલાવીને કહ્યું. અરે ગારૂડીકો ! આ સર્પરાજને તમે જે સ્થાનેથી લાવ્યા હો, તેજ સ્થાનકે, તેને જરા માત્ર દુઃખ ન થાય તેવી રીતે પાછો લઇ જઇને મૂકી આવો. જો આ નાગરાજને જરામાત્ર દુઃખ થશે તો હું તમને દેહાંતદંડ આપીશ.

રાજાનો આ દેશ થતાંજ ગારૂડીકોએ તે સર્પને ઉપાડી, જે સ્થળેથી લાવ્યા હતા તેજ સ્થળે પાછો યતનાપૂર્વક મૂકી દીધો, અને પાછા આવી રાજાને તે વાત જણાવી.

રાજા **મ**લયાસુંદરીને પૂછે છે. શુભે ! પ્રથમ તું પુરૂષરૂપે હતી અને હમણાં અમારા સર્વના દેખતાં સ્ત્રીરૂપે થઈ છું. તો આમ થવામાં ખરો પરમાર્થ શું છે? તેમજ આવા સુંદરરૂપને ધારણ કરતી તું પોતે કોણ છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ વૃત્તાંત અમને જણાવ, જેથી અમારા સર્વના મતને શાંતિ થાય.

મલયાસુંદરી વિચારમાં પડી, આગળ પણ મારા સ્વામીના નિશ્ચયુત (ગુંક) થી મારૂં સ્વાભાવિક રૂપ થયું હતું, અને હમણાં આ સર્પના નિશ્ચયુતથી મારૂં સ્વાભાવિકરૂપ થયું, તેમજ હાર પણ આ સર્પના મુખમાંથી નીકળ્યો તો શું મારા સ્વામીનાથેજ સર્પનું રૂપ ધારણ કર્યું હશે ? તત્ત્વ રીતે તે વાત સંભવી શકે તેમ છે. પણ આમ થવાનો ખરો પરમાર્થ હું કાંઇ જાણતી નથી. તો હવે હું મારી સાચી વાત રાજાને જણાવું તો શી હરકત છે ? કાંઈ નહિ. ઇત્યાદિ નિર્ણય કરી મલયાસુંદરીએ જણાવ્યું.

હું ચંદ્રાવતીના રાજા વીરધવળની વ્હાલી પુત્રી મલયાસુંદરી નામની છું. આપે પુછેલ પ્રશ્નના સંબંધમાં આથી વિશેષ વાત હું કાંઇપણ જાણતી નથી.

રાજા—આ તારૂં વચન વિશ્વાસ કરવા લાયક નથી. કેમકે જ્યારે તું, પુરૂષરૂપે હતી ત્યારે તેં કાંઇક જુદુંજ જણાવ્યું હતું. વળી ક્યાં ચંદ્રાવતી અને ક્યાં પૃથ્વીસ્થાપનપુર ! બાસઠ યોજનનું અંતર ! વળી વીરધવળ રાજાની કન્યા આમ અહીં એકાકી ક્યાંથી હોય ?

ખેર ! કદાચ આ કન્યાજ હશે, એ વાતની ખાત્રી થશે. અથવા આની શોધ કરવા માટે તેના કુટુંબીઓ તરફથી કોઇ આવશે, તો તેનો સત્કાર કરી, તેને આ કન્યા પાછી સોંપીશું.

રાણી સંમુખ દષ્ટિ કરી રાજાએ કહ્યું. દેવી ! લક્ષ્મીપુંજહાર સહિત આ કન્યાને હમણાં તું તારી પાસેજ રાખ. પ્રતિજ્ઞા કરેલ હાર નિયમિત દિવસમાં આવી મળ્યો છે, તો સત્ય પ્રતિજ્ઞાવાળો કુમાર, સુખી કે દુ કોઇ પણ સ્થળે હશેજ. માટે મરવાનો અધ્યવસાય તમારે મૂકીજ દેવો. હાર માટે કરેલી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ ચૂકી છે.

પદ્માવતી—સ્વામીનાથ ! પુત્ર રત્ન સિવાય એકલા હાર મને સંતોષ થઇ શકે ખરો ? પુત્ર સિવાય હું જીવિતવ્ય કેમ મારી મૂઢતાને ધિક્કાર છે. કેવી અજ્ઞાનદશા ! એક હાર માટે પુત્ર રત્નને મેં મહાન્ આપદામાં ઉતાર્યો. ખરેખર પાષાણ માટે રત્નને, પાણી માટે અમૃતનો, અને લીંબડા માટે કલ્પ વૃક્ષનો જેમ કોઇ અજ્ઞાની નાશ કરે, તેમ મેં પુત્રનો નાશ કર્યો. હા ! નિર્ભાગ્ય શિરોમણી હું, હવે જીવીને શું કરૂં ? મને રજા આપો. ભૃગુપાત કરી મારા આત્માને શાંતિ આપું.

રાજા—દેવી ! મેં તને પહેલાથીજ ના પાડી છે કે, આ વાત માટે

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કાલે પ્રભાત સુધી કાંઈ વિચાર ન કરવો. લક્ષ્મીપુંજહાર જે પુણ્યોદયથી આવી મળ્યો છે, તો કુમાર પણ આવી મળશે.

આ પ્રમાણે રાણીને ધીરજ આપી, રાજા મેહેલમાં આવ્યો. લોકો પણ વિસ્મય પામતા પોતાને ઠેકાણે ગયા.

મલયાસુંદરી પણ રાણી સાથે મેહેલમાં આવી. ભોજનાદિ કૃત્યો કરી તે દિવસ પૂરણ કર્યો.

કુમારના વિરહથી દુઃખી, રાજા તથા રાણીએ પણ ઘણી મેહેનતે દિવસ અને રાત્રી પણ પસાર કરી.

પ્રાતઃકાળ થતાંજ, કુમારની શોધ માટે મોકલેલા સર્વ પુરૂષો પાછા આવ્યા. અને ઉદાસીન ચેહેરે રાજાને જણાવવા લાગ્યા કે, દેવ ! અમે સર્વ સ્થળે કુમારની તપાસ કરી પણ ક્યાંઇ પત્તો મળતો નથી.

આ સમાચારથી રાજા, રાણી નિરાશ થયાં. રાણીએ ભૃગુપાત કરી મરવા માટે હઠ પકડી. નિરૂપાયે રાજાએ તેમ કરવા હા કહી. નિરૂત્સાહપણે રાજા, રાણી તે પાહાડની તળેટી નજીક આવી પહોંચે છે.

## પ્રકરણ ૩૦ મું.

### મહાકષ્ટમાં મહાબળ.

પૃથ્વીસ્થાનપુરના પરિસરમાં ગોળા નદી, મોટા પ્રવાહમાં વહન થઇ રહી છે. કિનારાપર ધનંજયયક્ષનું મંદિર છે. તે મંદીરથી થોડેજ છેટે એક વિશાળ ઘટાદાર વડવૃક્ષ શોભી રહ્યો છે. શાખા, પ્રશાખાથી વિસ્તાર પામેલા તે વડ વૃક્ષની નીચે સંખ્યાબંધ મનુષ્યો અને જનાવરો વિશ્રાંતિ લે છે. આ વડ વૃક્ષની મજબૂત શાખા સાથે લટકાવીને ત્રીજા દિવસઉપર એક લોહખુરા નામના ચોરને રાજાની આજ્ઞાથી મારી નાખવામાં આવ્યો હતો તે ચોરની નજીકની બે શાખાઓના મધ્યમાં એક યુવાન પુરૂષ ઉંધે માથે લટકતો હતો. તેના બે પગ, બે શાખા સાથે મજબૂત બાંધવામાં આવ્યા હતા. તે પુરૂષને એટલું બધું દુઃખ થતું હતું કે તે એક શબ્દ પણ મુખથી બોલી શકતો નહોતો; તેમ શ્વાસોશ્વાસ પણ ઘણા કષ્ટથી લેતો હતો.

કેટલાક પથિકો આપસમાં વાર્તાલાપ કરતા હતા. મહારાજા સુરપાળ તથા પદ્માવતી રાણી, પુત્રવિયોગથી આજે ભૃગુપાત કરી મરવા માટે પા-

હોડ તરફ હમણાં ગયાં છે. **મહાબળકુમારનો** બીલકુલ પત્તો મળતો નથી. આપણી પ્રજા આજે નિર્નાથ થશે. ઈત્યાદિ વાર્તાલાપ કરતા તેઓ તે વડની નીચે આવ્યા. ત્રીજા દિવસપર લટકાવીને મારી નંખાવેલાં ચોરના શરીર તરફ તેઓએ નજર કરી, એટલામાં તેના નજીક ભાગમાં ઉંધે મસ્તકે લટકતા યુવાન પુરૂષપર તેઓની નજર પડી.

અરે! વળી આ પુરૂષ કોણ? શું તે જીવતો દેખાય છે? જુવો તો ખરા તે ઘણી મેહેનતે શ્વાસોશ્વાસ લઇ શકે છે. નજીકમાં જઇ એક પુરૂષે બારીક દૃષ્ટિથી જોયું, જોતાં જ તે બોલી ઉઠયો. અરે! આતો **મહાબળ** કુમાર છે. જેના વિયોગથી રાજા, રાણી હમણાંજ **અલંબાદિ** તરફ મરવા માટે ગયાં છે. અરે! દોડો! દોડો રાજા રાણીને મરણથી બચાવો! જલદી તેમને ખબર આપો! તે માણસો શ્વાસભેર દોડતાં દોડતાં પાહાડની તળેટીમાં, રાજા, રાણીને જઇ મળ્યાં અને ખબર આપી કે મહારાજા! **મહાબળકુ**-માર વડની ડાળી સાથે બાંધેલ, ઉંધે મસ્તકે લટકે છે. વિશેષ પરમાર્થ અમે કાંઇ જાણતા નથી.

કુમારના સમાચાર સાંભળી, રાજા એકી સાથે હર્ષ, શોકથી વ્યાકુળ થયો. તરતજ રાજા, રાણી **પદ્માવતી**, **મલયાસુંદરી** અને સર્વ લોકો, ઉતાવળે ઉતાવળે તે વડ નીચે આવી પહોંચ્યાં. કુમારને મહાદુઃખી સ્થિતિમાં દેખી, રાજાએ તતકાળ સુતારને આદેશ આપી તે વડની ડાળો કપાવી નાખી અને ધીમે ધીમે કુમારને નીચો ઉતાર્યો. અત્યારે તેને ઘણી પીડા થતી હતી. તેથી બોલાવાને અસમર્થ હતો. તેની આંખો ઘેરાવા લાગી. રાજાએ શીતળ પવન નાખવા માંડયો. સેવકો તેના શરીરને સંવાહન કરવા લાગ્યા. અને મુખઉપર શીતળ પાણી છાંટવામાં આવ્યું.

નેત્રથી અશ્રુધાર મૂકતા રાજાએ જણાવ્યું–વત્સ! તારી આ દશા કેમ થઇ? મારા રાજ્યબળને અને ભુજાબળને ધિક્કાર થાઓ. હું રાજા છતાં પુત્ર તારી આ દશા! કેટલીકવાર થતાં, કાંઇક શાંતિ અનુભવતા **મહાબળકુમારે** નેત્રો ખુલ્લાં કર્યાં.

**પદ્માવતી** રાણી નજીક આવી, **મહાબળ**ને કહેવા લાગી, કુમાર! મારા જેવી નિર્ભાગ્ય માતાઓ આ દુનિયાપર થોડીજ હશે, કે શ્રૃંગારના ક્ષણિક સુખ માટે પુત્રને આવી અસહ્ય વિપત્તિમાં નાખ્યો છે. પુત્ર! તું કયાં ગયો હતો? કયાં રહ્યો હતો? ત્યાં શું શું અનુભવ્યું? અને આવી દુઃસ્થ અવસ્થા કેમ થઈ? રાજા પુત્ર તને શાંતિ હોય તો આ પ્રશ્નોનો ઉત્તર આપ. આ હૃદય

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કાળ વિલંબને નથી સહન કરી શકતું.

કુમારને મારતો લાગ્યો નહોતો કેવળ બંધન અને ઉંધે મસ્તકે લટકવાથી થયેલું દુઃખ તેજ હતું. તે શાંત થતાં કુમારમાં હળવે હળવે સ્વસ્થતા વિશેષ આવવા માંડી. દુઃખથી મુક્ત થયો. બેઠો થઇ ચારે બાજુ દષ્ટિ ફેરવવા લાગ્યો. વિશેષ પ્રકારે નવોઢા સ્ત્રી તરફ દષ્ટિ કરી, કાંઇક નવીન અદ્‌ભૂત શાંતિ અનુભવતો હોય તેમ જણાયો.

રાજા, રાણીના આગ્રહથી કુમારે પોતાનો વૃત્તાંત કહેવો શરૂ કર્યો. મેહેલમાં મધ્યરાત્રિએ એક હાથ જોવામાં આવ્યો, ત્યાંથી લઈ મધ્યરાત્રિએ કદલીવનમાં પ્રયાસહિત આવી રહ્યો અને એક સ્ત્રીના રૂદનનો શબ્દ સાંભળી, મલયાસુંદરીને ત્યાંજ મૂકી, હું તે શબ્દાનુસારે આગળ ગયો; તે સર્વ વૃત્તાંત કહી સંભળાવી આગળ જણાવ્યું કેઃ—

"રૂદન કરતી સ્ત્રીના શબ્દાનુસાર આગળ ચાલતાં, તે વનમાં મંત્રસાધન માટે સર્વ પ્રકારની તૈયારી કરી બેઠેલો એક યોગી મારા જોવામાં આવ્યો. મને દેખી તેણે પોતાનું સર્વ કામ પડતું મૂક્યું. અભ્યુત્થાનાદિ વિનય કરી, મારી પાસે યાચના કરી કે, કુમાર ! તું પરોપકાર કરવામાં પ્રવીણ છે. મારા પુણ્યોદયથીજ તું અહીં અકસ્માત્ આવી ચડયો છે. મેં એક મહામંત્ર સાધવાનો પ્રારંભ કર્યો છે. તે મંત્ર પૂર્ણ થતાં ( સિદ્ધ થતાં ) સુવર્ણપુરૂષ સિદ્ધ થશે. મેં સર્વ સામગ્રી તૈયાર કરી રાખી છે, પણ ઉત્તર સાધકના અભાવે સર્વ અટકી પડયું છે. માટે એક ક્ષણમાત્ર મારી પાસે રહી તું ઉત્તર સાધક થા. તારી સાહાય્યથી મારો મંત્ર તત્કાળ સિદ્ધ થશે.

પિતાજી ! યોગીની પ્રાર્થનાથી મને દયા આવી. તે વાત મેં કબુલ કરી હાથમાં ખડ્ગ લઇ તરતજ ઉત્તર સાધકપણે હું ઉભો રહ્યો.

યોગીએ મને જણાવ્યું, હે વીર ! જે સ્થળે આ સ્ત્રી રૂદન કરે છે તે વડ છે. તે ઉપર શાખામાં બાંધેલું અક્ષતાંગવાળું ( આખું ) એક ચોરનું મૃતક ( મડદું ) છે. તે ચોરનું શરીર ઉત્તમ લક્ષણવાળું છે. તેને તું અહીં લઇ આવ. યોગીના કહેવાથી ખડ્ગ લઇ હું ત્યાં ગયો. ત્યાં ચોરના મૃતકની નીચે, જમીનપર બેસી રૂદન કરતી એક સ્ત્રી મારા જોવામાં આવી.

મેં તેને બોલાવી, બાઇ ! તું કોણ છે ? શા માટે કરૂણસ્વરે રૂદન કરે છે. આવી ભયંકર રાત્રિએ સ્મશાનમાં એકાકી કેમ ?

મારા શબ્દો સાંભળી, તરતજ મુખ ઉઘાડી, નિશ્ચળ દષ્ટિએ મારા સંમુખ જોતી તે બોલવા લાગી. હે સત્પુરૂષ ! હું મંદભાગ્યવાળી, મારા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુઃખની વાત તને શું કહું ? આ વડની શાખામાં ઉંચે બાંધેલો જે પુરૂષ છે તે અલંબાદ્રિની ગુફામાં રહેનાર અને નગરને લુંટનાર લોભસાર ( લોહ ખુર ) નામનો ચોર છે. આજથી બીજા દિવસઉપર રાજપુરૂષોએ, છળ, પ્રપંચથી તેને પકડી લઇ રાજા પાસે ઉભો કર્યો હતો. રાજાએ ક્રોધ કરી સાંજે આ વડ ઉપર લટકાવી મારી નખાવ્યો છે. હું તેની વહાલી સ્ત્રી છું. તે દુઃખથી હું રૂદન કરૂં છું. જે દિવસે તેનું મરણ થયું, તે દિવસે સવારેજ હું તેને મળી છું, અને સ્ત્રી થઇને રહી છું. થોડા વખતમાં પણ તેણે મને જે મહાન્ સ્નેહ દેખાડ્યો છે, તે હજી મારા હૃદયમાં ખટકે છે. હું મોઢે શું કહી બતાવું ?

હે સત્પુરૂષ ! એવો કોઇ ઉપાય કર કે, એકવાર હું તેને આલિંગન આપું, અથવા ચંદનથી તેના મુખઉપર વિલેપન કરૂં.

પિતાજી ! આ સ્ત્રીનાં આવાં કરૂણાજનક વચનો સાંભળી મને દયા આવી. મેં તેને જણાવ્યું. તું મારા સ્કંધઉપર ચડી તને યોગ્ય લાગે તેમ કર. તે સ્ત્રી મારા સ્કંધઉપર ચડી, ઘણીજ ત્વરાથી, ઉત્કંઠાપૂર્વક જેવામાં તે શબના કંઠને આલિંગન આપે છે, તેવામાં તે મૃતકે અકસ્માત્ દાંતથી તેની નાશિકા પકડી લીધી. તે દુઃખથી વીરસ સ્વરે રૂદન કરતી તે કંપવા લાગી. તેણે નાશિકા ઘણી પાછી ખેંચી પણ મજબૂત પકડેલી હોવાથી તે ત્રુટી ગઇ. તેનો થોડો ભાગ તે મૃતકના મુખમાંજ રહ્યો.

આ આશ્ચર્ય જોતાં મને ઘણું હસવું આવ્યું. કેમકે તે સ્ત્રી, જે ચોરના પ્રેમને લઇને રડતી હતી, અને જેને મળવાને વિશેષ ઉત્કંઠિત હતી, તે ચોરના મૃતકેજ તેનું નાક કાપી ખાધું.

મને હસતો જોઇ તે મૃતકના મુખથી અકસ્માત્ એવા શબ્દો નીકળ્યા કે મહાબળ ! આ મારૂં ચરિત્ર જોઇ તું શા માટે હસે છે ! તું પણ થોડા વખત પછી આ વડની ડાળી સાથે બંધાવાનો છે. આવતી રાત્રિએજ ઉંચા પગ અને નીચું લટકતું માથું રહેશે તેવી રીતે તું બંધાઇશ. પિતાજી ! આ તેના શબ્દો સાંભળી મને ભય લાગ્યો.

મહાબળનું કહેવું સાંભળી, ત્યાં એકઠા મળેલા રાજાદિ લોકોએ વિસ્મય પામી જણાવ્યું. કુમાર ! મોટું આશ્ચર્ય. શું મૃતક તે વળી બોલતું હશે ?

મહાબળ–પિતાજી ! આપનું કહેવું બરોબર છે. મૃતક ન જ બોલી શકે, તથાપિ કોઇ દેવ મૃતકના મુખમાં રહી બોલ્યો હોય એમ જણાય છે. જુઓ કે હું ધૈર્યવાન્ હતો, તથાપિ દેવનું વાક્ય મિથ્યા ન હોય એમ જાણી હું ક્ષોભ પામ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કંપતી, કંપતી તે સ્ત્રી મારા સ્કંધપરથી હેઠે ઉતરી તેણે મારું નામ ઠામ પૂછી લીધું. મેં પણ મારું નામ, ઠામાદિ સત્ય જણાવ્યું. તેથી તે મારા પર કાંઈક વિશ્વાસ પામી હોય એમ મને જણાયું.

જતી વખત તે સ્ત્રીએ મને જણાવ્યું કે, કુમાર ! મારી નાસિકાએ જ્યારે રૂજ આવશે, ત્યારે હું તમારી પાસે આવી, ગુફાદિકમાં રહેલું ચોરનું સર્વ ધનાદિ બતાવીશ. આ પ્રમાણે જણાવી તે સ્ત્રી ત્યાંથી ચાલી ગઇ.

મનને દૃઢ કરી હું તે વડપર ચડયો. ગળપાસથી ચોરના મડદાને છોડી જમીનપર પડતું મૂકી, હું નીચો ઉતર્યો. તેવામાં તે મૃતક પાછું ઉછળીને ઝાડ સાથે બંધાઈ ગયું. હું ફરી વડઉપર ચડયો. મેં વિચાર કર્યો કે આ ઠેકાણે દૈવિક ચમત્કાર છે. નહિતર જમીનપર નાંખેલું મૃતક, પોતાની મેળે અહીં કેવી રીતે બંધાઇ શકે ? હવે આ મૃતકને યોગી પાસે કેવી રીતે લઇ જવું ? છેવટે મને ઉપાય મળ્યો. તે પ્રમાણે તે મૃતકને ફરી તે સ્થાનેથી છોડી, કેશથી પકડી, સાથે લઇનેજ નીચો ઉતર્યો અને તેને ઉપાડી યોગી પાસે લાવી મૂકયું.

**મહા**બળકુમારની વાર્તા સાંભળતાં, સાંભળનારને કોઈ વખત કંપ થતો, કદાચ વિસ્મય, ક્યારેક શોક, કયારેક હાસ્ય, કોઇ વખત ભય, કદાચ આનંદ, અને ક્યારેક દુઃખ થઇ આવતું હતું. આમ અનેક રસને અનુભવતા લોકો, હવે આગળ શું થશે તે સાંભળવાને એકાગ્ર થઇ રહ્યા હતા.

**મહા**બળે આગળ બોલતાં જણાવ્યું કે પિતાજી ! તે મડદાને યોગીએ સ્નાન કરાવી, ચંદનાદિ રસથી તેનું વિલેપન કર્યું. પછી એક મોટા કુંડાળાની અંદર કુંડમાં અગ્નિ સળગાવી, તેની પાસે તે મૃતકને મૂકી, મને ઉત્તર સાધકપણે ઉભો રાખ્યો. આ તરફ યોગીએ પદ્માસન કરી, નેત્ર મીંચી એકાગ્ર ચિત્તે જાપ જપવો શરૂ કર્યો. જાપ કરતાં કરતાં પ્રભાત થવા આવ્યું, પણ તે મૃતક મંત્રપ્રભાવથી ઉછળીને કુંડમાં ન પડયું. ત્યારે યોગી, નિરાશ થઇ જાપ જપવામાં શિથિલ::આદરવાળો થયો. એટલામાં તે મૃતક, ભયંકર રીતે અટ્ટ હાસ્ય કરતું આકાશમાં ઉછળી તેજ ન્યગ્રોધની શાખામાં પૂર્વની માફક લટકવા લાગ્યું.

યોગીએ જણાવ્યું. કુમાર ! મંત્ર સાધનામાં કોઇ સ્થળે મારી ભૂલ થઇ હોય તેમ જણાય છે તેથી મંત્ર સિદ્ધ ન થયો અને મૃતક પણ ઉડીને ચાલ્યું ગયું. હવે આવતી રાત્રે ફરીને મંત્ર સાધન કરવું પડશે. માટે મારાપર કૃપા કરીને આવતી કાલ સુધી તારે અહીં જ રહેવું. કુમાર તારી સાહાય્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિના મારો મંત્ર સિદ્ધ થવો અશક્ય છે. તું સદા પરોપકારી છે તો મારી આટલી પ્રાર્થના તારે માન્ય કરવી પડશે.

યોગીના અત્યંત આગ્રહથી અને કાંઇક પરોપકારની લાગણીથી બીજે દિવસે પણ મેં ઉત્તર સાધક થવાને હા કહી, અને હું ત્યાંજ રહ્યો.

યોગીએ કાંઇક મનમાં ભય લાવી મને જણાવ્યું. કુમાર ! તને મારી પાસે રહેલો જોઇ, કોઇ રાજપુરૂષ કે અન્ય પુરૂષ, એવો વેહેમ લાવશે કે, યોગીએ, આ રાજકુમારને કાંઇપણ છળ, પ્રપંચથી પોતાને સ્વાધીન કર્યો હશે, માટે યોગીને મારીને રાજકુમારને છોડાવું નહિતર તે કુમારને લઇને અન્યસ્થળે ચાલ્યો જશે. ઇત્યાદિ કારણથી કાંઇ અનર્થ થવા સંભવ રહે છે માટે કુમાર ! જો તારી મરજી હોય તો સૂર્ય અસ્ત થાય ત્યાં સુધી હું તારૂં કોઇ અન્ય જાતિનું રૂપ બનાવી તને મારી પાસે રાખું !

પિતાજી ! તે યોગીનું કહેવું મેં કબુલ કર્યું. આ લક્ષ્મીપુંજહાર કોઇ લઇ ન જાય માટે મેં તરતજ મુખમાં નાખ્યો. એટલે યોગીએ જંગલમાંથી એક બુટ્ટી લાવી, મંત્રીને તેનું મને તિલક કર્યું, તેના પ્રભાવથી કાજળથી પણ શ્યામ, અને દેખવા માત્રથી પ્રાણીઓને ત્રાસ થાય તેવો હું સર્પ રૂપ થઇ ગયો. મને રહેવા માટે નજીકમાં એક ગુફા બતાવી, અને પોતે કોઈ કાર્ય પ્રસંગે બીજે સ્થળે ગયો. તે ગુફામાં પવનનું પાન કરતો હું રહ્યો હતો, તેવામાં સર્પની શોધ કરતા કેટલાક ગારૂડીકો ત્યાં આવ્યા. તેમણે મંત્રબળથી મને સ્થંભી લઈ, ઘટમાં મૂકી, ઉપાડીને યક્ષના મંદિરમાં આપની પાસે લાવી મૂક્યો.

આપે તે નવીન પુરૂષને દિવ્ય કરવા માટે આદેશ આપ્યો. તેણે પણ નિર્ભયપણે મને ઘડામાંથી ઉચકી બહાર કાઢ્યો. તેને જોતાંજ મેં તેને ઓળખી લીધી. એટલે મારા મુખમાંથી હાર કાઢી મેં તેના કંઠમાં નાખ્યો. પછી તે પુરૂષ સાક્ષાત્ સ્ત્રી થઇ રહી. ભય પામેલા તમે સર્પને ધૂપ ઉત્ક્ષેપ, અને દુધ પાન, ઈત્યાદિ કરાવી પાછો **અલં**બાદિની ગુહામાં મૂકાવ્યો; તે સર્વ વાત આપના જાણવામાં છે.

રાજા-પુત્ર ! તે નવીન પુરૂષ અમારા દેખતાં અકસ્માત્ દિવ્યરૂપ ધારી સ્ત્રી કેમ થઈ ગઈ ?

**મહાબળ**—પિતાજી ! મધ્યરાત્રીએ રૂદન કરતી સ્ત્રીનો શબ્દ સાંભળ્યા પછી, તે શબ્દાનુસાર જતાં પહેલાં 'આ' આપની પુત્રવધૂને, મારાં વસ્ત્રા-ભૂષણસહિત, પુરૂષના રૂપમાં કદલીવનમાં મેં મૂકી હતી. ત્યાર પછી કોઈ-પણ રીતે તે નવીન પુરૂષ ફરતો ફરતો અહીં આવ્યો. અને આપે, તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘટસર્પનું ભયંકર દિવ્ય આપ્યું. આપના મહાન્ પુણ્યોદયથી તે દિવ્યમાં સર્પને ઠેકાણે વિધાત્રાએ મનેજ લાવી મૂકયો હતો. હાથમાં લેતાંજ મેં તેને સારી રીતે ઓળખી લીધી. ગુટિકાના પ્રયોગથી તેના કપાળમાં પુરૂષરૂપને બનાવનાર, જે તિલક મેં કર્યું હતું તે તિલક મારી જીવ્હાથી મેં બગાડી નાખ્યું હતું. તે બગડતાંજ આપ સર્વના દેખતાં તેના સ્વાભાવિક રૂપમાં તે વીરધવળ રાજાની પુત્રી આવી રહી. આ વૃત્તાંતનો ગુપ્ત પરમાર્થ આ પ્રમાણે છે. આજ રાજકુમારની વધૂ (સ્ત્રી) છે. એમ નિશ્ચય થતાંજ, રાજા પ્રમુખ સર્વ લોકો મલયાસુંદરીના સન્મુખ સ્નેહથી આર્દ્રદષ્ટિએ જોવા લાગ્યા.

મહાબળે મલયાસુંદરીની સંમુખ જોઇ સહજ ઈસારો કર્યો કે, તરત જ મલયાસુંદરીએ પોતાના વસ્ત્ર સંકોચી, મર્યાદાપૂર્વક સસરા, સાસુના પગમાં પડી નમસ્કાર કર્યો. તેઓએ પણ પ્રસન્ન થઇ 'અખંડ સૌભાગ્યવંતી રહો' એવો આંતરથી આશિર્વાદ આપ્યો.

એ અવસરે પોતાના કરેલા અપરાધનો પશ્ચાત્તાપ કરતા સુરપાળ રાજાના નેત્રમાંથી અશ્રુધારા વહન થવા લાગી. મસ્તક હલાવી રાજા બોલી ઉઠયો. ઓ! કમનસીબ સુરપાળ! પુત્રવધૂ ઉપર આટલું બધું શત્રુને ઉચિત આચરણ!

પ્રજા લોક--મહારાજા! આમાં ખેદ કરવાનું કાંઇ કારણ નથી. આ સ્થળે ખરેખર અપરાધ અજ્ઞાનતાનોજ છે.

પદ્માવતીરાણીએ પુત્રવધૂને પોતાના ઉત્સંગમાં બેસારીને સ્નેહથી જણાવ્યું. પુત્રી! તેં તારો ખરો વૃત્તાંત તે અવસરે કેમ ન જણાવ્યો? અથવા તેં તે અવસરે મૌન કર્યું તેજ ઠીક કર્યું. કેમકે સાચી વાત કહેવા છતાં પણ તે અઘટમાન વાત કોઈના માનવામાં નજ આવત. કયાં ચંદ્રાવતીપુરી અને કયાં પૃથ્વીસ્થાનપુર! વળી પુરૂષના રૂપમાં, એટલે તે વાત માનવી તે અસંભવિતજ લાગે.

પુત્રી! અજ્ઞાનતાથી અમે તને કેવું અસહ્ય દુઃખ આપ્યું છે? હા! હા! એ અવસરે તારૂં કાંઇ અનિષ્ટ થયું હોત તો અમારી કેવી સ્થિતિ થાત! ખરેખર હજી અમારાં પુણ્ય જાગૃત છે તેથી આવું કષ્ટ પણ અમને શુભોદય અર્થે થયું.

પુત્રી! આ અમારો અપરાધ તારે ક્ષમા કરવા યોગ્ય છે. કેમકે કુળ બાળાઓ પરમાર્થની જાણ હોય છે. તારા જેવી ગુણશાલી રાજકુમારી સાથે વિધિપૂર્વક લગ્ન કરી, સત્યપ્રતિજ્ઞ રાજકુમાર, વધૂસહિત આવેલો દેખી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમે અમારા આત્માને અથવા મનુષ્યજન્મને કૃતાર્થ માનીએ છીએ. અમારા સર્વ મનોરથો આજે સફલ થયા. આ દેહ પંજરમાંથી ઉડી જતો આત્મા આજે સુખસાગરમાં નિમગ્ન થઇ રહ્યો છે.

આ પ્રમાણે કહી રાણી પદ્માવતીએ, પુત્રવધૂ મલયાસુંદરીને કેટલાંક દિવ્ય આભરણો અને વસ્ત્રો આપી તેનો સારી રીતે સત્કાર કર્યો.

રાજા—વત્સ ! અલંબગિરિની ગુહામાં સર્પરૂપે રહ્યા પછી તેં શું શું અનુભવ કર્યા ?

મહાબળ—પિતાજી ! દિવસ તો શાંતિમાં પસાર થયો. સંધ્યાવેળાએ યોગી મારી પાસે આવ્યો. તેણે અર્કક્ષીરથી મારૂં કપાળ ઘસ્યું કે તરતજ પાછું મારૂં સ્વાભાવિકરૂપ થઇ આવ્યું.

યોગીએ જણાવ્યું, કુમાર ! ચાલો, કાલનો મંત્ર પાછો શરૂ કરીએ. હું તેની સાથે ગયો. અગ્નિથી જાજ્વલ્યમાન તે કુંડ પાસે જઇ યોગીએ મને જણાવ્યું. કુમાર ! કાલવાળું મૃતક પાછું અહિં લઇ આવ.

હું તે વડ પાસે ગયો અને પૂર્વની માફક તે મૃતકને હાથથી પકડી, નીચે ઉતારી યોગીપાસે લાવી મૂક્યું. યોગીએ તેને સ્નાન કરાવી, મંડળની અંદર સ્થાપન કર્યું, અને ઉત્તર સાધક તરીકે હું ઉભો રહ્યો.

યોગી જેમ જેમ મંત્ર જપવા લાગ્યો, તેમ તેમ મૃતક ઉભું થઇ થઇ પાછું નીચું પડવા લાગ્યું. આ પ્રમાણે જાપ કરતાં મધરાત્રિ થઇ, તેવામાં આકાશે ડમરૂકનો શબ્દ સંભળાયો, અને પછી પ્રત્યક્ષ ધ્વનિ થયો.

" અરે ! આ મૃતક અશુદ્ધ છે. સુવર્ણ પુરૂષ સિદ્ધ નહિ થાય." આ પ્રમાણે બોલતી કોપાયમાન થયેલી દેવી આકાશથી નીચે ઉતરી, અને તે સાધક યોગીને કેશથી પકડી, ઉંચે ઉછાળી અગ્નિના બળતા કુંડમાં ફેંકી દીધો.

દઢ અંગવાળો છતાં પણ દેવીની આવી ક્રૂર અને ભયંકર આકૃતિ જોઇ હું ક્ષોભ પામ્યો. દેવીએ નાગપાશથી મારા હાથ બાંધી લીધા, અને ' આવી સુંદર આકૃતિવાળા કુમારને કોણ મારી નાંખે ? ' આ પ્રમાણે બોલતી દેવી, મારો પગ પકડી આકાશમાર્ગે લઇ ચાલી. અહીં આવી, આ વડની શાખાના વચમાં મારા બેઉ પગ બાંધી, દેવી આકાશમાં ચાલી ગઇ. અને હું તો લટકતોજ રહ્યો. પેલું ચોરનું મૃતક પણ ત્યાંથી ઉછળી પાછું અહીંજ આવીને રહ્યું.

લોકો પોતાની ડોક પાછી વાળી તે મૃતક સામું જોઇ બોલવા લા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ડ્યા. અરે ! આખું મૃતક છતાં દેવીએ 'અશુદ્ધ છે' એમ કેમ કહ્યું હશે ? રાજાએ થોડા વખત વિચાર કરી, મસ્તક ધુણાવતાં જણાવ્યું. અરે ! પેલી સ્ત્રીનું તુટી ગયેલું નાક, આના મુખમાં હોવું જોઇએ, અને તેથીજ તે 'મૃતક અશુદ્ધ છે,' એ દેવીનું કહેવું સત્યજ છે.

સર્વ લોકો મસ્તક ધુણાવતાં બોલ્યા. રાજન્ ! આપનું કહેવું બરાબર છે. રાજાએ તે મૃતકના મુખમાં તપાસ કરાવી તો નાસિકાનો અગ્રભાગ જોવામાં આવ્યો.

મહાબળે ખેદપૂર્વક જણાવ્યું. અરે ! તેની મને ખબર રહી નહિ. અને તે નાક કપાયા સંબંધી વાત પણ મેં યોગીને કરી નહિ; આ માટેજ યોગીનો નાશ થયો અને કાર્ય સિદ્ધ ન થયું.

રાજા—વત્સ ! ખેદ નહિ કર પણ આગળ જણાવ. હાથે બાંધેલો દૃઢ નાગપાશ કેવી રીતે છુટી ગયો ?

મહાબળ-પિતાજી ! તે સર્પની પુંછડી, આમ તેમ ચાલતી અને લટકતી મારા મુખ આગળ આવી. તે પુંછડી રોષ કરીને મેં મારા દાંતથી એવી રીતે દબાવી કે, હળવે હળવે તે સર્પ મારા હાથથી ઉખડી જઇ, નીચો જઇ પડ્યો. વિષાપહારી મંત્ર અને ઔષધિના પ્રભાવથી મારા શરીરે તેનુ ઝેર ન ચડ્યું. તેવા અસહ્ય દુઃખમાં રાત્રિના બે પહોર મેં નિર્ગમન કર્યાં. અત્યારે હમણાં આપે અહીં આવી મારી આપત્તિ દૂર કરી. આ પ્રમાણે મારો સર્વ વૃત્તાંત મેં તાતપાદની આગળ નિવેદિત કર્યો.

કુંવરના કહેલ સર્વ વૃત્તાંત સાંભળી, લોકોએ જણાવ્યું. વીરશિરોમણિ ! થોડા કાળમાં તમે ઘણું દુઃખ અનુભવ્યું. જે વાત કહેવાને કે સદ્દહવાને પણ વિચારણીય થઇ પડે તેવી છે, તે વાતનો તમે પ્રત્યક્ષ અનુભવ કર્યો છે. આવાં મહાન્ કાર્યને પાર તમેજ પામી શકો. અથવા ખરી વાત છે 'ધોરેયજ ધુરાનો ભાર વહન કરી શકે છે.' અહા ! શું તમારૂં સાહસ ! બુદ્ધિ! નિર્ભયતા ! ધીરતા ! પરોપકારિત્વતા ! કરૂણા ! દક્ષતા ! અને પુણ્યનો પ્રાગભાર કે, આવી ગુણાઢય સ્ત્રી સહિત, થોડાજ વખતમાં પ્રતિજ્ઞાનો નિર્વાહ કરી અહીં આવી મળ્યા. ઇત્યાદિ, લોકો પ્રશંસા કરવા લાગ્યા.

રાજા—કુમાર ! જે સ્થળે યોગી મંત્ર સાધન કરતો હતો, તે સ્થળ અમને બતાવ. ત્યાં જઇ તપાસ કરીએ કે તે યોગીની અત્યારે કેવી સ્થિતિ છે.

કુમાર—પિતાજી ! ચાલો મારી સાથે. આ પ્રમાણે કહી કુમાર તે સ્થાન

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

તરફ આગળ ચાલ્યો. રાજા પ્રમુખ તેની પાછળ ચાલતાં તે સ્થળે જઇ પ્હોંચ્યા. કુમારે મંત્ર સાધનનું મંડળ બતાવ્યું. ત્યાં તપાસ કરતાં તેજ યોગી અગ્નિના કુંડમાં પડી સુવર્ણપુરૂષ થયેલો સર્વના જોવામાં આવ્યો. રાજાએ પોતાના માણસો પાસે તે સુવર્ણ પુરૂષ બહાર કઢાવ્યો, અને તપાસ કરી કોશમાં (ભંડારમાં) મૂકવા માટે વિદાય કર્યો.

તે સુવર્ણ પુરૂષનું માહાત્મ્ય એવું છે કે, સંધ્યાએ તેના મસ્તક સિવાય, હાથ પગ વિગેરે છેદી નાખે તો પ્રભાતે પાછાં તે સર્વ અંગ, ઉપાંગ પૂર્ણ થઇ જાય.

આ સુવર્ણ પુરૂષથી રાજાના કોશની વૃદ્ધિ થઇ. રાજા કુટુંબ સહિત શેહેરમાં આવ્યો. દશ દિવસ પર્યંત નવીન જીવન નિમિત્તે આખા શહેરમાં ઉત્સવ શરૂ કર્યો.

**મલયકેતુ** કુમાર, મહાબળ અને **મલયાસુંદરીની** ઠેકાણે ઠેકાણે તપાસ કરતો અનુક્રમે **પૃથ્વીસ્થાનપુરમાં** આવી પહોંચ્યો.

પોતાના બેન, બનેવીને અહીં આવેલાં સાંભળી તે ઘણો ખુશી થયો. **સુરપાળ** રાજાએ તેની ઘણી સ્વાગત કરી. **મહાબળ** અને **મલયાસુંદરીનો** મેળાપ કરાવ્યો. તેઓએ પણ **વીરધવળ** રાજા અને **ચંપકમાલારાણી** વિગેરેના સુખસમાચાર પૂછ્યા.

**મયલકેતુ**—તમારા વિયોગથી તેઓ મહાન્ દુઃખનો અનુભવ કરે છે.

**મહાબળ**—મારૂં દૈવિકપ્રયોગથી અકસ્માત્ આવવું થયું છે, તેથી દિલગીર છું કે, તેઓની રજા મેળવી શક્યો નથી. વિગેરે જણાવી પોતાનું સર્વ વૃત્તાંત વિસ્તારથી સંભળાવ્યું.

**મલયકેતુ**—અહો ! થોડા વખતમાં તમે ઘણું દુઃખ અનુભવ્યું. વિગેરે કહી પોતાની દિલગીરી જાહેર કરી. ત્યાર પછી પરસ્પર પ્રીતિરસની વાર્તા કરતાં, તે રાજવંશીઓએ આનંદાવેશમાં, કેટલાક વખત પર્યંત તૃષા અને ક્ષુધાને પણ વિસારી મૂકી.

કેટલાક દિવસ આનંદમાં રહી **મલયકેતુએ** જણાવ્યું, મહારાજા ! મને હવે જલદી વિસર્જન કરો. હું મારા શહેર તરફ જાઉં. જમાઇ તથા પુત્રીના અમંગળને ચિંતવતાં અને તેથી મહાન્ દુઃખને અનુભવતાં મારાં માતાપિતાને સાંત્વન કરૂં. વધામણી આપી તેઓના હૃદયને આનંદિત કરૂં; નહિતર થોડાજ વખતમાં તેઓ પ્રાણરહિત થશે. કેમકે તેમને **મલયાસુંદરી** પ્રાણથી પણ અધિક વહાલી છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા—તમને જવા દેવાને મારૂં મન માનતું નથી, છતાં જો આમજ છે તો હું તમને હમણાંજ રજા આપું છું. તમારા પિતાને જણાવશો કે, આગળ પણ આપણે પરસ્પર પ્રીતિવલ્લી રોપેલી હતી અને હમણાં સંબંધરૂપ જળથી સિંચન કર્યું છે, તો હવે વિશેષ વૃદ્ધિ પામશે.

**મ**લયકેતુ—મહારાજા ! તે પ્રમાણે કહીશ, અને તેમજ થશે.

**મ**લયકેતુએ પોતાનાં બેન, બનેવી પાસેથી રજા માગી.

**મ**હાબળ—મારા તરફથી મારાં સાસુ, સસરાને નમસ્કાર પૂર્વક જણાવશો કે, આપની આજ્ઞા લીધા સિવાય, કન્યારત્નને લઇ ચાલ્યા જતાં, ચોરનું આચરણ કરનાર **મ**હાબળે તમને મહાન્ દુઃખ ઉત્પન્ન કર્યું છે. તે અપરાધની વારંવાર ક્ષમા માગે છે, અને તમને આમ દુઃખી કરવામાં મારો અંગતહેતુ કે સ્વાર્થ કાંઈપણ નહોતો, તથાપિ પરાધીનપણે આ કાર્ય થયું છે, એટલે અંતઃકરણથી હું તો નિર્દોષ છું.

**મ**લયાસુંદરી—વડીલબંધુ ! અમારૂં અહીં આવવું અકસ્માત્ અને દૈવાધીનથી થયું છે, તે વાતથી માતા, પિતાને વાકેફ કરશો. મારા તરફની કાંઈ પણ ચિંતા ન કરે તેમ જણાવશો. હું અહીં મહાન્ સુખમાં છું. મારા તરફથી માતા, પિતાને થયેલા અપરાધની ક્ષમા કરવાને યાચના કરશો. તેમને મારા વારંવાર પ્રણામ કહેશો, અને રસ્તામાં ઘણીજ સાવચેતી રાખીને જશો.

**મ**લયકેતુકુમારે તે સર્વ સંદેશાઓનો ઘણા સ્નેહપૂર્વક સ્વીકાર કરી, તેમના વિયોગથી થતા દુઃખને અશ્રુધારાએ શાંત કરી, **ચં**દ્રાવતી તરફ પ્રયાણ કર્યું. થોડાજ દિવસમાં **ચં**દ્રાવતીમાં આવી, જમાઇની તથા પુત્રીની, માતા પિતાને વધામણી આપી, શોક દૂર કરાવી સર્વને આનંદિત કર્યા.

## પ્રકરણ ૩૧ મું.

### વનમાં રૂદન કરનાર સ્ત્રી કોણ હતી.?

સંસારના આનંદથી શાંતિ પામેલાં દંપતી, મેહેલના ઝરૂખામાં બેસી પુણ્યની પ્રબળતા, કર્મોની વિચિત્રતા, અને પાપની વિષમતા વિષે પરસ્પર વાર્તાલાપ કરતાં હતાં. તે અવસરે પોતાના મેહેલની નજીકમાં આવતી એક સ્ત્રી **મ**હાબળના દેખવામાં આવી. તેનું નાક કપાયેલું હતું. તે સ્ત્રી તરફ

દૃષ્ટિ કરી, મહાબળે મલયાસુંદરીને જણાવ્યું. વલ્લભા ! આ સ્ત્રી તરફ નજર કર. જેના રૂદનનો શબ્દ સાંભળી, તને વનમાં એકલી મૂકી, હું જેની મદદે ગયો હતો તેજ આ સ્ત્રી છે. મલયાસુંદરી તેની સામી દૃષ્ટિ કરી, થોડો વખત સ્થિર દૃષ્ટિએ તેના સામું જોઈ રહી. તેને ઓળખી, વિસ્મય પામી, તે બોલી ઉઠી.

સ્વામીનાથ ! અરે ! આતો તેજ કનકવતી છે કે, જેને આપણે પેટીમાં ઘાલી ગોળા નદીમાં વહેતી મૂકી હતી. તે અહીં કયાંથી આવી ચડી હશે ? તે આપની તરફ કાંઇ ગુપ્ત વાત કહેવાને આવતી જણાય છે. મને ઓળખશે તો, તે લજ્જાથી કાંઇ જણાવશે નહિ. માટે જો આપની આજ્ઞા હોય. તો હું જવનિકાંતરે ( પડદા પાછળ) જઇ બેસું. મહાબળે તેમ કરવાને રજા આપી.

પ્રતિહાર નિવેદનથી, મહાબળની આજ્ઞા મંગાવી, તે સ્ત્રી મહાબળની પાસે આવી, અને નમસ્કાર કરી ઉભી રહી. અવસરજ્ઞ મહાબળે પણ ઉચિત પ્રતિપત્તિપૂર્વક બેસવાને આસન અપાવ્યું.

મહાબળ—શુભે ! તમે કોણ છો ? તમારૂં નામ શું ? તમે કયાંથી આવ્યાં છો ? તમારૂં ચરિત્ર મને જણાવશો ? કાંઈક વિશ્વાસ પામી તે છિન્નનાસા બોલી. કુમારેંદ્ર ! ચંદ્રાવતી નગરીના સ્વામી વીરધવળરાજાની હું કનકવતી નામની રાણી છું. એક દિવસ વિના અપરાધે રાજાએ મારાઉપર કોપ કર્યો. મને પણ તેથી વિશેષ કોપ થયો અને ઘણું ઓછું લાગ્યું. આ કારણથી રીસમાંને રીસમાં સર્વ વસ્તુનો અને મારા ખરા સુખનો ત્યાગ કરી હું ત્યાંથી ચાલી નીકળી. રસ્તામાં મને એક વિદેશી યુવાન મળ્યો. તેણે મને મળવા માટે ગોળાનદીપર આવેલા મંદિરમાં સંકેત કર્યો હતો. રાત્રિએ હું તેને ત્યાં જઇ મળી. તે ધૂર્ત્ત મને જણાવ્યું કે, અહીં ચોર આવ્યા છે, માટે હમણાં બોલ્યા વિના ઉભી રહે, અને તારી પાસે કાંઇ માલ હોય તે મને આપ, હું તેનું રક્ષણ કરૂં. મેં મારી પાસેની સર્વવસ્તુ વિશ્વાસથી તેને સોંપી, એટલે તેણે મને એક પેટીમાં થોડો વખત છુપાઈ રહેવા જણાવ્યું. મારાં વસ્ત્રોમાંથી તેણે એક હાર અને કંચવો કાઢી લીધો. બાકીનાં સર્વ વસ્ત્રો પેટીમાં નાંખ્યાં. ચોરના ભયથી અને તેના કહેવાથી હું જ્યારે પેટીમાં પેઠી ત્યારે તે પાપીએ મંજુષાને તાળું મારી દીધું. પછી સંકેત કરી રાખેલ બીજા પુરૂષને બોલાવી, તે પેટી ગોળાનદીના પ્રવાહમાં તરતી મૂકી દીધી. તે પેટી વહાણની માફક નદીમાં તરવા લાગી.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

**મહાબળ**—સુંદરી! શું તેઓએ તે પેટી જાણી જોઇને નદીના પ્રવાહમાં ફેંકી દીધી? તું તેઓને ઓળખે છે? તેમ કરવાનું કારણ તું કાંઇ જાણે છે?

**કનકવતી**—મારા નિષ્કારણ વૈરી તેઓને હું બીલકુલ ઓળખતી નથી. મેં તેઓનો કાંઇ અપરાધ કર્યો નહોતો. તેના કારણની મને કાંઇ ખબર ન પડી.

**મહાબળ**—અરે! વગર પ્રયોજને તેઓએ બહુ અયુક્ત કર્યું. એ કહી મસ્તક હલાવ્યું ઠીક છે, પછી તે પેટી ક્યાં ગઇ? મહાન્

**કનકવતી**—પુર જોસથી વહન થતા તે નદીના પ્રવાહમાં તણ પ્રભાત થતાંજ, અહીં **ધ**નંજયયક્ષના મંદિર પાસે આવી. લેલયાસુંદરીએ મના ચોરે તે બહાર કાઢી. તાળું ભાગી દ્વાર ઉઘાડ્યું. હું વા પૂર્ણ કરે નીકળી. મને જીવિત આપનાર તે ચોરની સાથે, હું **અ**લંગાગ્યું. અને ક્રમે પ્રદેશમાં આવેલા તેના મંદિરમાં ગઇ. આપસમાં અમારી ગ ઇ. મારૂં મન તો સર્વથા તેનામાંજ વશી રહ્યું. અન્યોઅન્ય પણા દેશને ઉ. હોવાથી, નગર લૂંટીને લાવેલી સર્વ લક્ષ્મી તેણે મને બહુ ૧ હોવાથી અ. પૂર્વક બતાવી. મેં પણ મારૂં, નામ, ઠામ વિગેરે તેને જણ બે વખત મોટું પર્યંત મારી પાસે રહી, કોઇ કાર્ય પ્રસંગે તે શેહેરમાં, ... નથા. તેને ઓળખી, છળ, પ્રપંચથી પકડી રાજાને સ્વાધીન ... રાજાએ તેને વડના ઝાડ સાથે લટકાવી મારી નંખાવ્યો. એ અવસરે તેની રાહ જોતી હું પાહાડનાં શિખર ઉપર ઉભી હતી. મારો મેળાપ થતાંજ, થોડા વખતમાં તેની આ દશા થયેલી જોઇ મને ઘણું દુઃખ લાગ્યું. રાત્રિએ હું તેની પાસે આવી, શોકથી રૂદન કરતી હતી. તે અવસરે તમે ત્યાં આવી, મારા દુઃખનું કારણ પૂછ્યું. ત્યાર પછીનો સર્વ વૃત્તાંત આપના જાણવામાં છે. આ પ્રમાણે મેં મારૂં જીવનચરિત્ર તમોને કહી સંભળાવ્યું.

રાજકુમાર! તમે મારી સાથે ચાલો. તે સ્થાન હું તમને બતાવું. ત્યાં ઘણું દ્રવ્ય ભરેલું છે. જેનું હોય તેનું તેને પાછું આપો. મને એકલીને તેટલા દ્રવ્યની કાંઇ જરૂર નથી. વળી ગુપ્ત વૈભવ ભોગવતાં રાજપુરૂષોને ખબર પડે તો જે ચોરની દશા થઇ તે મારી દશા થાય. માટેજ મને તે દ્રવ્યની કાંઇ જરૂરીઆત નથી.

**મહાબળ** તે સ્ત્રીને સુરપાળ રાજાની પાસે લઇ ગયો, અને તેની જરૂર જેટલી બીનાથી રાજાને વાકેફ કર્યો.

રાજા તે સ્ત્રીને આગળ કરી, કેટલાંએક મનુષ્યોને સાથે લઈ તે પા-

હાડમાં ગયો. ત્યાં તે સ્ત્રીએ મોટા મોટા ખજાના બતાવ્યા. રાજાએ તે સર્વ માલ બહાર કઢાવ્યો, અને પ્રજાને બોલાવી, જેની જે જે વસ્તુ ચોરાઇ હતી, તેને તે તે વસ્તુ, તેમાંથી શોધીને પાછી આપી. બાકી પણ ધણી સિવાયનું ઘણું દ્રવ્ય વધી પડયું. તે સર્વ લઇ રાજા પાછો શેહેરમાં આવ્યો.

તે સ્ત્રીની ઉચિતતાને લાયક તે દ્રવ્યમાંથી કેટલુંક દ્રવ્ય રાજાએ તે સ્ત્રીને આપ્યું. તે લઈ કુમારની સાથે, પાછી મેહેલમાં આવી. હૃદયમાં લક્ષ્મીપુંજહારને ધારણ કરતી, અને આનંદ રસમાં નિમગ્ન થએલી મલયાસુંદરી અહીં તેના દેખવામાં આવી. મલયાસુંદરીને જોતાંજ હૃદયમાં મોટો આઘાત થયો હોય તેમ, તે સ્તબ્ધ થઇ ગઇ. આશ્ચર્યમાં પડી તે વિચારવા લાગી કે, અરે ! આ દુષ્ટ છોકરી કેવી રીતે જીવતી રહી ? કુવામાંથી કેવી રીતે નીકળી ? અને આ કુમારની સાથે કયારે અને કેવી રીતે પરણી ?

આ સર્વ પૂછવાની તેની તીવ્ર જીજ્ઞાસા હતી, પણ તે કાંઈ પૂછી ન શકી. તેના મનમાં એમજ આવ્યું કે, જો હું આ વાત તેને પૂછીશ તો તે મારૂં સર્વ ચરિત્ર અહીં પ્રગટ કરશે, અને તેથી મને અહીં રહેવું મુશ્કેલ થઇ પડશે. આ લક્ષ્મીપુંજહાર પણ તે મારા વૈરીએ લાવીને આને આપ્યો જણાય છે. અથવા કોણ જાણે આ બન્નેએ મળીને નદી કિનારે મારી પાસેથી હાર લઈ લીધો હશે. નિશ્ચે આ બન્ને મારા વૈરી છે, ઇત્યાદિ વિચાર કરતી કનકવતીને મલયાસુંદરીએ બોલાવી.

મલયાસુંદરી—અરે અંબા ! આજે અનભ્રા વૃષ્ટિ કયાંથી ? તમે એકલાં કેમ ? આ તમારા નાકની આવી દુઃસ્થ અવસ્થા કયાં થઇ ?

મહાબળ—પ્રિયા ! આ વાત તારે આને બીલકુલ ન પૂછવી. આ સર્વ બીના હું જાણુંછું અને અવસરે તને જણાવીશ. હમણાં તું અંદર જા.

મહાબળનો આદેશ થતાંજ મલયાસુંદરી અંદરના ઓરડામાં ચાલી ગઇ.

મહાબળ—કનકવતી ! આ મેહેલની બહાર નજીકમાં એ ઘર છે તેમાં તમે જઇ રહો.

મુખે મીઠી, પણ ચિત્તમાં દુષ્ટ તે કનકવતી કુમારે બતાવેલા આવાસમાં જઇ રહી. અને હળવે હળવે, નિરંતર મલયાસુંદરી પાસે આવ જા કરવા લાગી.

જ્યાં મનુષ્યોને ભવિષ્ય ભૂલાવે છે, ત્યાં તેઓની તીક્ષ્ણ બુદ્ધિ પણ કામ આવતી નથી. અવિશ્વાસમયી રાજનીતિ શીખવા છતાં વિશ્વાસે દોરાય છે. આ કારણથીજ એક ઘોર મહાન્ અપકાર કરનારને પણ મહાબળે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેવાને સ્થાન આપ્યું, તેનાં કેવા ગંભીર વિપાકો ભોગવવાં પડશે તે આપણે આગળ જતાં જાણીશું. અથવા ખરી વાત એ છે કે કર્મના તીવ્ર વિપાકો આગળ મનુષ્યોનું શાણપણ નકામું થઇ પડે છે.

કનકવતીનું બોલવું, ચાલવું, હસવું, અને વાર્તાલાપાદિ એટલાં બધાં ચિત્તાકર્ષક હતાં કે, તેની ધૂર્તતા સરલ હૃદયનો કુમાર બીલકુલ અટકળી ન શક્યો. હળવે હળવે કનકવતીનો પગપેસારો રાજમંદિરમાં વધતો ગયો.

નિષ્કારણવૈરીણી તે મલયાસુંદરીને મારવાનાં, કે તેવીજ કોઇ મહાન્ વિપત્તિમાં ઉતારવાનાં, છિદ્રો નિરંતર જોવા લાગી.

કેટલોક સમય ગયા પછી, સંસારસુખાનુભવનાં ફળરૂપ, મલયાસુંદરીએ ગર્ભ ધારણ કર્યો. રાજકુમાર મહાબળ પણ તેના સર્વ મનોરથો પૂર્ણ કરે છે. મલયાસુંદરીનું લાવણ્ય અને શરીર પણ વૃદ્ધિ પામવા લાગ્યું. અને ક્રમે કરી ગર્ભપ્રસૂતિનો સમય પણ નજીક આવી લાગ્યો.

સુરપાળરાજા—મહાબળ ! ક્રૂર નામનો પલ્લીપતિ આપણા દેશને ઉપદ્રવ કરે છે. કિલ્લાનું બળ તેની પાસે વિશેષ અને મજબુત હોવાથી અત્યારે તે સર્વથી અસાધ્ય થઈ પડયો છે. આપણો સેનાપતિ બે વખત મોટું લસ્કર લઇ તેને શિક્ષા કરવા ગયો, છતાં તેનો પરાભવ થઈ શકયો નથી, પણ ઉલટું આપણને મોટું નુકસાન થયું છે. તે પલ્લીપતિનો વિજય કરવાને તારા સિવાય બીજો કોઇ સમર્થ થાય એ બીલકુલ સંભવી શકતું નથી.

મહાબળ—પિતાજી ! આપની આજ્ઞા પ્રમાણ છે. હું હમણાંજ સૈન્ય સહિત ત્યાં જાઉં છું. અને આપના પ્રસાદથી તેને આપનો સેવક બનાવીનેજ પાછો ફરીશ.

મહારાજા સુરપાળે કુમારને શાબાસી આપી, અને મસ્તકે ચુંબન કરી યુદ્ધ માટે રજા આપી, સૈન્ય તૈયાર કરાવ્યું.

પિતા પાસેથી રજા લઈ, મહાબળ મલયાસુંદરીના મહેલમાં આવ્યો. મહાબળ—પ્રિયા ! આજે હું પિતાજીના આદેશથી, પલ્લીપતિની સામે યુદ્ધ કરવા જાઉંછું.

મલયાસુંદરી—સ્વામીનાથ ! જેવી આપની મરજી. પણ હું સાથે આવું છું.

મહાબળ—સુંદરિ ! સાથે આવવાનો વખત નથી. તને અત્યારે પૂર્ણ માસ છે. થોડાજ વખતમાં ભવિષ્યના રાજકર્તાનો જન્મ થવા સંભવ છે. આવી સ્થિતિમાં સાથે આવવું તે કોઇ પણ રીતે હું યોગ્ય ધારતો નથી.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

રસ્તાની વિષમતા, પ્રસૂતિનો વખત, અને યુદ્ધનો પ્રસંગ એ તમારા શરીર માટે અત્યારે તદ્દન પ્રતિકૂળ છે. માટે મારા કહેવાથી તમે અહીંજ આનંદમાં રહો. આ પુરૂષરૂપ ધારણ કરવા માટેની ગુટિકા તમને સોંપું છું. કોઇ વિષમ કાર્યપ્રસંગે ઉપયોગી થઇ પડે તેવી છે. આંબાના રસમાં ઘસીને તિલક કરવાથી પુરૂષરૂપ બની શકે છે. જેનો પ્રયોગ એકથી વધારેવાર તેં અનુભવ્યો છે. તે ગુટિકા સાચવીને રાખજે. હું પોતે તારો વિરહ સહન કરવાને અસમર્થ છું. એટલે પિતાજીનો આદેશ સિદ્ધ કરી થોડાજ દિવસમાં હું પાછો આવું છું. માટે પ્રસન્ન ચિત્તે મને રજા આપ. ગમે તેવા વિકટ પ્રસંગમાં પણ કુળ પુત્રોએ પિતાનો આદેશ પ્રમાણ કરવો જોઇએ.

નિશાશા મૂકતી અને અશ્રુધારા છોડતી મલયાસુંદરીએ મંદસ્વરે જણાવ્યું. સ્વામીનાથ ! વેહેલા પધારજો. ઈચ્છા નહિ છતાં, આપના આદેશથીજ હું અહીં રહું છું.

સ્નેહપાશથી બંધાયેલા રાજકુમારને પ્રિયાથી જુદા પડતાં ઘણુંજ દુઃખ લાગ્યું. તેનો કંઠ રૂંધાઈ ગયો. વારંવાર પાછું વાળીને જોતો અને નેત્રથી અશ્રુ ઢાળતો, કુમાર મેહેલથી બહાર નીકળ્યો. કુમારની રાહ જોઇનેજ બહાર સૈન્ય એકઠું થઇ ઉભું હતું. તેની સાથે મહાબળ દુર્જય પલ્લીપતિને શાસન કરવા માટે ચાલી નીકળ્યો.

## પ્રકરણ ૩૨ મું.

## વિપત્તિનો ત્રીજો પડદો--દુર્જનની દુર્જનતા.

કનકવતી પોતાના આવાસમાં બેઠી છે. મલયાસુંદરીને કેવી રીતે કષ્ટમાં પાડું ? કયા ઉપાયથી તે આફતમાં આવી પડે ? વગેરે મલીન વિચારસમુદ્રમાં પડી, નાનાપ્રકારના તરંગોને બાચકા ભરતી હતી. તે પ્રસંગે તેને સમાચાર મળ્યા કે, મહાબળ આજે યુદ્ધના પ્રસંગે પરદેશ ગયો છે અને મલયાસુંદરીને અહીં મુકી ગયો છે. આ વર્તમાન સાંભળી તેને ઘણો હર્ષ થયો. મનમાં બડબડવા લાગી. જ્યાં સુધી મહાબળ પાસે હતો ત્યાં સુધી મારો કાંઇ ઉપાય ચાલતો નહોતો. ઠીક થયું. ભાગ્યોદયથી આજે મલયાસુંદરી એકલી રહી છે. હવે કાંઇ પણ ઉપાય શોધી કાઢી જો મારૂં વેર ન વાળું તો મારૂં

નામ કનકવતીજ શાનું ? ઇત્યાદિ બોલતી પોતાના આવાસથી નીકળી મ-લયાસુંદરીના મેહેલમાં આવી.

આ વખતે મલયાસુંદરી ઉદાસીનતામાં ઘેરાયેલી હતી. કેમકે પતિવિયોગ તેને અસહ્ય હતો. નેત્રમાંથી અશ્રુના બિંદુઓ ટપકતાં હતાં. ડાબો હાથ લ-મણાપર મૂકી વિચારદશામાં ગ્રસ્ત બની હતી. ઉષ્ણ અને ઉંડા નિશાશા ના-ખતી હતી. વખતે વખતે આશાના ઉજ્વળ તરંગોથી મુખપર શાંતિ પણ જણાતી હતી.

કનકવતી નજીક આવી. મલયાસુંદરીએ ઉંચું જોયું. પોતાની ઓરમા-માન મા હોવાથી સહેજ આદર આપ્યો. અવસર જોઇ તેની ઉદાસીનતા દુર કરવા માટે કનકવતીએ કોઈ વાર્તાનો પ્રસંગ ચલાવ્યો. તે વાર્તાના પ્રસંગથી મલયાસુંદરીનો આખો દિવસ સુખમાં પસાર થયો.

સરલ હૃદયની સુંદરીએ જણાવ્યું. અંબા ! રાત્રિએ પણ તું અહીં જ ર-હેજે. તેથી દિવસની માફક મારી રાત્રી પણ સુખે પસાર થાય.

ભાવતું હતું અને વૈદે બતાવ્યું, તેની માફક પોતાને ફાવતું હોવાથી કનકવતીએ તેમ કરવા તરતજ હા કહી. રાત્રિએ પણ કનકવતી ત્યાંજ રહી. વાર્તાલાપમાં દિવસની માફક રાત્રિ પણ પૂર્ણ થઇ. પ્રભાત થતાં જ, મનમાં કાંઇક જાળ રચી, મલયાસુંદરીનો ઘાટ ઘડવા માટે, કનકવતીએ જણાવ્યું. 'પુત્રી ! તને ઉપદ્રવ કરવા માટે રાત્રિએ અહીં રાક્ષસી ફર્યા કરે છે. આજે રાત્રિએ મેં તેને દીઠી હતી. હું જાગતી હોવાથી મેં તેને મારી હઠાવી છે. પણ જો તારી મરજી હોયતો તે રાક્ષસીની સાથે હું પણ રાક્ષસીનો વેશ લઇ, તેને એવી રીતે શિક્ષા કરૂં કે ફરી પાછી અહીં કોઇ પણ દિવસ નજ આવે. કેમકે મંત્ર, તંત્રાદિ પ્રયોગો હું ઘણા જાણુંછું. રાક્ષસીઓને હઠાવવાના તાં-ત્રિક પ્રયોગો અનેક પ્રકારના હોય છે તેની શું તને ખબર નથી ?

વિચારવાન્ છતાં ભાગ્યે ભુલાવેલી મલયાસુંદરીએ તેમ કરવા હા કહી. આવું કાવત્રું રચવાનું કારણ તેને એ મળ્યું હતું કે, તે દિવસોમાં શેહેરમાં મરકીનો રોગ પુર જોસમાં ચાલતો હતો.

મલયાસુંદરીને આ પ્રમાણે સમજાવી, પોતાના મુકામે જવાનું બાનું કાઢી, ત્યાંથી નીકળીને પરભારી રાજા સુરપાળની પાસે આવી. રાજાને એ-કાંતમાં બોલાવી તેણે જણાવ્યું. મહારાજા ! મારાપર આપની જો પૂર્ણ કૃપા હોય તોજ હું આપના હિતની એક વાત આપને કહેવાને ઇચ્છુંછું.

રાજા–હું તને અભય વચન આપું છું. ગેમે તેવી ગુપ્ત વાત હોય તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ તું મને કહી આપ. તે સંબંધમાં તને કોઇ પણ તરફથી ભય હશે તો હું તારૂ રક્ષણ કરીશ યા કરાવીશ.

કનકવતી—મહારાજા ! આપ જાણતાજ હશો કે આપના શેહેરમાં કેટલાક દિવસથી મરકીનો રોગ ચાલી રહ્યો છે. આ ઉપદ્રવ કોઇ રાક્ષસીનો કરેલો છે. સાક્ષાત્ રાક્ષસી ભલે અહીં નહિ આવતી હોય છતાં પણ રાક્ષસીના જેવા ટુચકા કરવાથી ( ચેન—ચાળા—આકૃતિ વિગેરે કરવાથી ) રોગની ઉત્પત્તિ કે વૃદ્ધિ થઈ શકે છે. તો તેમ કરનારને રાક્ષસી કહીએ તો કહી શકાય છે. આવી આ શેહેરમાં કોઇ પણ ક્રિયા કરનાર રાક્ષસી હોય તો તે તમારી પુત્રવધૂ મલયાસુંદરી છે.

મારા વચનપર આપને વિશ્વાસ ન આવતો હોય તો રાત્રિએ દૂર ઉભા રહી આ વાતની ખાત્રી કરશો. મલયાસુંદરી રાત્રિએ રાક્ષસીના રૂપમાં ( વેશમાં ) ઘરના આંગણામાં ( અગાસીમાં ) ભમે છે. કુદકા મારતી ચારે દિશા તરફ જુવે છે, અને મંદ, મંદપણે પણ ભયંકર ફુત્કારા મૂકે છે. તેથી તમારા શેહેરમાં ( મરકી ) વિશેષ પ્રકારે ઉછળે છે. જો આપ, રાત્રિએજ તેને પકડશો તો મહાન્ ઉપદ્રવ કરશે. માટે પ્રભાતે સુભટો પાસે પકડાવી તેનો નિગ્રહ કરાવવો. આ પ્રમાણે રાજાને ભંભેરી કનકવતી મૌન ધરી ઉભી રહી.

રાજા પહેલાં પણ મરકીનું કારણ જાણવાને ઉત્સુક હતો. તેમાં આ પ્રમાણે કનકવતીનું કહેવું સાંભળી તેને મોટું આશ્ચર્ય લાગ્યું. તે વિચારમાં પડ્યો. અહો ! આ કેવી વાત! મારા નિર્મળ કુળમાં પણ આવું કલંક ! શું મલયાસુંદરીજ રાક્ષસી છે ? અને તેજ મરકી ઉત્પન્ન કરે છે ? આ વાતનો સંભવ થવો પણ અશક્ય છે. ત્યારે શું આ સ્ત્રી અસત્ય બોલે છે ? તેમ કરવામાં તેને શું સ્વાર્થ હશે ? અથવા આજ રાત્રિએજ જેમ હશે તેમ જણાઇ આવશે. આ પ્રમાણે વિચાર કરતા, અને ચિંતાથી ગ્લાનિ પામેલા રાજાએ કનકવતીને જણાવ્યું.

શુભે ! આ વાત તારે કોઇને કહેવી નહિ, પણ ગુપ્તજ રાખવી. નહિ તર મારા કુળને મોટું કલંક લાગશે. સત્ય શું છે તે સર્વ હું આજે નિર્ણય કરીશ અને પછી જેમ યોગ્ય જણાશે તેમ કરીશ.

કનકવતી—મહારાજા ! હું તેવી અજ્ઞાન નથી. એકાંતમાં આવી આપને જણાવવાનું કારણજ આ છે કે, કોઇપણ પ્રકારે આપના કુળને કલંક ન લાગે અને કાર્યની સિદ્ધિ પણ થઈ આવે.

રાજાએ સત્કાર કરી તેને વિસર્જન કરી. ઘેર આવી, રાક્ષસીને લાયક,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે જે ઉપયોગી વસ્તુ જોઇએ તે સર્વ તેણે તૈયાર કરીને તે સર્વ વસ્તુ સાથે લઇ, રાત્રિએ મલયાસુંદરીની પાસે આવી.

મલયાસુંદરીને જણાવ્યું. પુત્રી ! તારે તો મેહેલની અંદરજ રહેવું. હું રાક્ષસીને દૂર કરી અંદર ન આવું ત્યાં સુધી તારે બીલકુળ બહાર ન આવવું. નહિતર મોટો અનર્થ થશે. ઇત્યાદિ શિક્ષા આપી, તે બહાર આવી. નગ્ન થઈ રાક્ષસીને લાયક શરીર બનાવ્યું. મુખમાં બળતું ઉંબાડું લીધું, એક હાથમાં ખપ્પર અને બીજા હાથમાં છરી રાખી જે પ્રમાણે તેણે રાજાને સૂચના કરી હતી, તેજ પ્રમાણે ચેષ્ટા કરવા લાગી.

આ અવસરે રાજા સુરપાળ કેટલાક સુભટો સાથે લઇ, દૂર ઘર ઉ-પર ગુપ્તપણે આવી ઉભો હતો. દૂર ઉભાં ઉભાં તેણે આ સર્વ ચેષ્ટાઓ પોતાની નજરે દીઠી, તે જોઇ રાજા વિચાર કરવા લાગ્યો, અરે ! કનકવતીએ કહેલી સર્વ વાત સત્ય થઈ, કોઇના કહેવા ઉપર ભરોસો ન રાખતાં આ સર્વ મેં નજરો નજર દીઠું. મારો નિર્મળ વંશ કલંકિત થયો. હવે મારે આ બાબત જલદી ઉપાય લેવા જોઇએ નહિતર લોકમાં મારી નિંદા થશે. પ્રજાનો પણ સંહાર થશે. આ રાક્ષસીનો નાશ કરવા માટે એક દિવસની પણ રાહ જોવાની જરૂર હું ધારતો નથી. હું અત્યારે સાવધાન છું તે મને શું ઉપદ્રવ કરનાર છે ? આવી નિર્જન અર્થાત્ શાંત રાત્રિમાં તેનો નાશ ક-રતાં લોકોમાં જાહેર પણ ઓછું થશે. તેથી કુળમાં કલંક પણ નહિ લાગે અને લોકોનો બચાવ થશે.

આ પ્રમાણે વિચાર કરી, ક્રોધથી ધમધમતા રાજાએ પોતાના વિ-શ્વાસુ સુભટોને આદેશ કર્યો કે, અરે સુભટો ! તમે અત્યારેજ જાઓ, તેને –દુષ્ટાને છુપ્તીજ પકડીલ્યો. રથપર બેસારી નગરની બહાર કાઢો. અને રૌદ્ર અટવીમાં લઈ જઇ કોઇ ન જાણે તેમ ગુપ્તરીતે મારી નાખો.

રાજાનો આદેશ થતાંજ, હથીઆરબંધ સુભટો તેને પકડવાને દોડ્યા. તેને આવતા જોઇ, તે દુષ્ટા ભયભ્રાંત થઈ મલયાસુંદરીની પાસે આવી, કંપતી કંપતી બોલવા લાગી. પુત્રી ! રાજાએ મોકલાવેલ હથીઆરબંધ કેટલાક સુભટો મને મારવા માટે આવે છે. રાજાની આજ્ઞા સિવાય હું તારી પાસે રાત્રે રહી છું તેથી રાજા કોપાયમાન થયો હોય એમ મને જણાય છે. હું ધારૂં છું કે રાજપુરૂષો મને અવસ્ય મારી નાખશે. માટે તું મને કોઇ એવા સ્થળે છુપાવ કે તેઓ મને બીલકુલ ન જાણી શકે.

દયાની લાગણીથી, તેના કપટને નહિ જાણનારી મલયાસુંદરી-

એ તેવાજ વેશમાં કનકવતીને એક મંજુષામાં છુપાવી અને બહારથી તાળું વાસી દીધું. તેટલામાંતો હાથમાં ખુલ્લાં ખડ્ગોને ધારણ કરતા રાજપુરૂષો ત્યાં આવી પહોચ્યા.

મલયાસુંદરીનું સ્વાભાવિક રૂપ જોઇ તેઓ બોલવા લાગ્યા કે, અરે! આપણા ભયથી આણે રાક્ષસીના રૂપનો ત્યાગ કરી દીધો છે હો. પણ આપણે ક્યાં તેને છોડીએ તેમ છીએ. તરતજ આક્રોશ કરતા મલયાસુંદરીને કહેવા લાગ્યા, અરે પાપિણી! હજી સુધી તું કેટલાક મનુષ્યોનો સંહાર કરીશ.? સુભટો જુવોછો શું? પકડી બાંધો આને. આ પ્રમાણે કહેતાંજ તે રાજપુરૂષોએ મલયાસુંદરીને પકડી મજબુત રીતે બાંધી લીધી અને મેહેલની બહાર કાઢી. રાજાએ રથ મેહલનીચે તૈયાર રખાવ્યો હતો, તેમાં મલયાસુંદરીને બેસારી, ત્યાંથી તે રથ વાયુની માફક અટવી તરફ ચલાવ્યો. આ અકસ્માત્ બનાવથી મલયાસુંદરી તો સ્તબ્ધજ થઇ ગઈ, કે આ શું? આ રાજપુરૂષો મારો આટલો બધો તિરસ્કાર શા માટે કરે છે? મને તેઓ કોઈ સ્થળે મારવા, કે ત્યાગ કરવા લઈ જાય છે. એમ તેમનાં કર્તવ્યોપરથી જણાય છે. અરે! મારી સન્મુખ કોઈ નજર પણ ન કરી શકે, તેને બદલે આવો જુલમ! આમ કરવાનું કારણ શું હશે? મેં કાંઇ રાજાનો અપરાધ કર્યો હશે? કે મારાં પુણ્યજ પૂર્ણ થઈ ગયાં, કે કોઈ પૂર્વજન્મનું અશુભ કર્મ પાછું ઉદય થઈ આવ્યું?

અરે! ક્લિષ્ટ કર્મોદયનાં વિપાકોની ખબરજ પડતી નથી. હે જીવ! હૃદય કઠણ કરી, જે દુઃખ ઉદય થઈ આવે તે ધીરજથી સહન કર. પૂર્વ કર્મવિપાકને ચિંતવતી મલયાસુંદરી મહાબળે આપેલ શ્લોકનું ચિંતન કરવા લાગી.

રાજમેહેલમાં રહેનારી રાણીને, તેનાં અશુભ કર્મોએ થોડાજ વખતમાં મનુષ્યના પ્રચારથી શૂન્ય, છિન્ના નામની અટવીમાં લાવી મૂકી. ખરેખર ક્લિષ્ટ કર્મોદયથી આ દુનિયામાં કોણ દુઃખ પામ્યું નથી?

રથ મલયાસુંદરીને લઇ સુભટોસહિત અટવીમાં આવી પહોંચ્યો. મનુષ્યોનો સંચાર ભાગ્યેજ થઈ શકે, એવી આ અટવીમાં સુભટોએ મલયાસુંદરીને રથથી નીચી ઉતારી.

મલયાસુંદરીનું રાજતેજ, સુંદર અને કરૂણા ઉત્પન્ન થાય તેવી આકૃતિ, શાંત મુદ્રા, અને અશ્રુપાત ઇત્યાદિ દેખી સુભટોનાં કઠોર હૃદયમાં પણ દયાએ પ્રવેશ કર્યો. તેઓનાં હૃદય પીગળ્યાં. ખરેખર આર્યાવર્ત દયાની લાગ-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ણીથી શન્ય કદી બન્યોજ નથી. તેઓ અન્યોઅન્ય વિચારવા લાગ્યા. ભાઇઓ ! રાજાએ ભલે આને રાક્ષસીનું રૂપક આપ્યું. પણ આ સ્ત્રીની શાંતમુદ્રા, શરીરની ચેષ્ટા, અને કરૂણાજનક સ્થિતિ, તે જોતાં આ તદ્દન નિર્દોષ હોય તેમ જણાય છે. આવી નિર્દોષ અબળાને મારી નાખવી, એ મહાન્ નિર્દયતાવાળા કર્મચંડાળતું કામ છે. પૂર્વજન્મના દુષ્ટ કર્મોને લઇને તો, આ સેવકરૂપ અધમ અવસ્થા પામ્યા છીએ. અને વળી આ ભવમાં આવી નિર્દોષ સ્ત્રીનો વધ કરી, આગળ કેવી અધમાધમ ગતિ કે સ્થિતિ મેળવીશું ? અર્થાત્ આથી પણ વિશેષ ખરાબગતિ પામીશું. માટે આ સ્ત્રીને આપણે મારવી તો નહિ. આ તરફ રાજાનો આદેશ પણ ભયંકર છે તે પ્રમાણે ચાલવામાં, કે કરવામાં ન આવે તો તે આપણું સર્વસ્વ લઈ લેશે કે નોકરીમાંથી કાઢી મૂકશે. ત્યારે હવે આપણું શું કરવું ? આ સ્ત્રીને મારી નાખવાનું તો જરામાત્ર પણ મન કબુલ કરતું નથી.

આ પ્રમાણે પરસ્પર વિચાર કરતાં, છેવટે તેઓ એવા નિર્ણયપર આવ્યા કે, આ સ્ત્રીને અહીં જીવતી મૂકીને આપણે ચાલ્યા જવું. આ નિર્જનવનમાં, રવડી રખડી, શ્વાપદોના ભોગરૂપ થઇ પડશે અને સ્વાભાવિક રીતે પોતાની મેળે મરણ પામશે. તેથી તેની હત્યાના ભાગી આપણે નહિ થઇશું. આ પ્રમાણે નિર્ણય કરી, મલયાસુંદરીને વનમાં એકલી મૂકી, રથ લઇ તે સુભટો પાછા ફર્યા, અને રાજાને આવી જણાવ્યું કે તે સ્ત્રીને નિર્જન જંગલમાં લઇ જઇ અમે મારી નાખી છે.

રાજા ઘણો ખુશી થયો. મરકી માટે આજપર્યંત જે કંઈણ ઉપાયો લેવામાં આવતા તે બંધ કર્યા. રાજાને આ નિર્ણય, મનમાં ચોક્સ ઠસ્યો હતો. કે, મરકી આ રાક્ષસીજ પેદા કરતી હતી. તે તો મરણ પામી, માટે હવે સ્વાભાવિક રીતે તે શાંત થઇ જશે.

કનકવતીને ખુશી કરવા માટે રાજાએ તેની ઘણી તપાસ કરાવી પણ બીલકુલ પત્તો ન લાગ્યો.

કુમાર તો યુદ્ધ કરવા ગયો હતો અને મલયાસુંદરીને મારી નંખાવી એટલે મેહેલ શુંનો રહ્યો જાણી રાજાએ તે મેહેલનાં ચારે બાજુથી દ્વાર બંધ કરાવ્યાં અને મુખ્ય દ્વારે તાળાં દેવરાવી, કોઈ ખોલે નહિ માટે સીલ કરાવ્યાં.

# પ્રકરણ ૩૩ મું.

## મહાબળનો પશ્ચાત્તાપ.

મહાબળ શત્રુને જીતવામાટે અખંડ પ્રયાણે આગળ વધ્યો. થોડા જ વખતમાં તે ભીલપલ્લીપતિ સંમુખ આવી લાગ્યો. પરસ્પર તુમુલ યુદ્ધ થયું. ઉત્સાહી અને યુવાન રાજકુમારે પોતાનું સંપૂર્ણ બળ વાપર્યું. કેળવાયેલા રાજકુમાર સામે જંગલી ભીલો ટકી ન શકયાં. કુમારે ચારે દિશામાં તેનું સૈન્ય વિખેરી નાખ્યું. ભીલ રાજાને જીવતો પકડી લીધો. તેની પાસેથી કેટલોક દંડ લઈ પોતાની આજ્ઞા મનાવી, ઉદાર દિલના રાજકુમારે પાછો તેને તેના રાજ્યપર સ્થાપન કર્યો.

ભીલપલ્લીપતિ ઉપર વિજય મેળવી, ત્યાં બીલકુલ ન રોકાતાં, નજીક પ્રસૂતીવાળી પ્રિયાને મળવાને ઉત્કંઠિત થયેલો મહાબળ તત્કાળ પાછો ફર્યો. નિર્વિલંબ પ્રયાણે ચાલતાં થોડાજ વખતમાં પૃથ્વીસ્થાનપુરમાં આવી પહોંચ્યો.

પિતાને નમસ્કાર કરી યુદ્ધ સંબંધી વૃત્તાંત નિવેદિત કર્યું. આટલી ટુંક મુદતમાં પલ્લીપતિ સ્વાધીન થયેલો જાણી રાજા ઘણો ખુશી થયો. તેણે કુમારની ઘણી પ્રશંસા કરી.

મહાબલ, રાજાની આજ્ઞા લઈ, મલયાસુંદરીને મળવા માટે પોતાના મહેલ તરફ જવાને તૈયાર થયો કે, તરતજ તેનો હાથ પકડી, એકાંતમાં લઇ જઇ રાજાએ, 'મલયાસુંદરી રાક્ષસી હતી' વિગેરે સર્વ બીનાથી તેને વાકેફ કર્યો, અને તેનો વધ કરવા માટે પોતે કરેલી બાહાદુરી સવિશેષ જણાવી.

રાજાના મુખથી આ વૃત્તાંત સાંભળતાજ, દીર્ઘ નિઃશ્વાસ મૂકતો, હાથથી હાથને ઘસતો, મુખથી સિત્કાર કરતો, મહાબળ ગદ્ગદિત કંઠે બોલ્યો.

હા ! હા ! પિતાજી તમે મોટો અનર્થ કર્યો. તેના પ્રાણ લેતાં સાથે મારા પણ પ્રાણ લીધા છે. મને અને પુત્રવધૂને શત્રુથી પણ વિશેષ અસહ્ય દંડ અને અન્યાય આપ્યો છે. 'મલયાસુંદરી રાક્ષસી હતી' આ ભ્રમણા આપને કયાંથી થઇ ? આટલી બધી વિચાર બહિર્મુખતા, આટલો બધો ધાતુનો વિપર્યાસ, આપની દીર્ઘવિચારદ્રષ્ટિ કયાં ગઇ ? આપને તેનામાં દોષ માલમ પડયો તથાપિ મારા આવવા પર્યંત ધીરજ તો રાખવી હતીને.

તે છિન્નનાસા સ્ત્રી ( કનકવતી ) કુડ કપટની ભરેલી છે. તેનું મહા-

ત્મ હું મૂળથી જાણું છું. મને તેનો લાંબા વખતનો પરિચય છે. તેનાં વચનોથી ખરેખર આપ ઠગાયા છો. તેના વચનો મુજબ આપે વર્તન કર્યું છે તેનું પરિણામ અવશ્ય વિપરીતજ આવશે.

અરે ! તે મારી નિષ્કારણ વૈરણ ક્યાં છે ? મને જલદી બતાવો. હું આ સર્વ વાતનો નિર્ણય કરૂં.

કુમારના આવાં દુઃખ, શોક અને તિરસ્કાર ભરેલાં વાક્યોથી રાજા સૂરપાળનું મુખ ઝાંખું થઇ ગયું. નીચું જોઇ તેણે જવાપ આપ્યો કે, વત્સ ! અમે તેની ઘણી તપાસ કરી, પણ તે ક્યાંઈ જોવામાં ન આવી. કોણ જાણે, તેજ દિવસે કોઇ રસ્થળે તે નાસી ગઈ જણાય છે.

મહાબળ, નિરાશ થઇ મનમાં બોલવા લાગ્યો. હા ! હા ! પ્રિયા, છળ પામી, તારાપર જુઠું આળ આપી, તે વૈરણી ક્યાંઈપણ નાશી ગઇ.

મહાબળ—પિતાજી ! તે પાપિણીનાં અસત્ય વચનોથી પ્રેરાઇ, તમે ફોગટ પોતાના કુળમાં લાંછન લગાડયું છે, એટલુંજ નહિ પણ, વંશનો વિચ્છેદ પણ કર્યો છે. આ પ્રમાણે બોલતો પ્રિયા વિયોગથી વિધુર થયેલો રાજકુમાર ઉદાસીન ચહેરે પોતાના મેહેલ તરફ ગયો.

પુત્ર વત્સલ રાજા પણ, કુમારની પાછળ તેજ મેહેલમાં આવ્યો. અને તેના દ્વારપર લગાવેલ શીલ તોડી કુમારને તાળાં ઉઘાડી આપ્યાં.

રાજા એક જગ્યા તરફ દૃષ્ટિ કરી–મહાબળ ! જો આ ઠેકાણે તારી પ્રિયા મલયાસુંદરી, રાક્ષસીના વેશે નગ્ન થઇ, નાચતી અને કુદતી, અનેક પ્રકારનાં પુત્કાર અને ચાળા કરતી, મેં પોતે ઘણીવાર સુધી, સામેના મુકામ ઉપર ઉભાં ઉભાં, અનેક સુભટો સાથે દીઠી હતી. માટે તેને આવી શિક્ષા આપવામાં મારો શું અપરાધ છે ? ઈષ્ટ છતાં પણ વિનિષ્ટ ( સડેલી ) ભુજા શું છેદવામાં નથી આવતી ? કુમાર ! તું ફોગટ શામાટે ઝુરે છે ? ચિત્તને સ્વસ્થ કર. બીજી રાજકુમારી સાથે તારૂં લગ્ન કરાવીશું.

કુમાર મનમાં ચિંતવવા લાગ્યો. હે જીવ ! અવસર સિવાય બોલવું ઉચિત નથી. છતાં મારી સ્ત્રી મલયાસુંદરી "રાક્ષસી થઈ સર્વને ઉપદ્રવ કરતી હતી" એ વાત તો તદ્દન અસંભવિતજ છે. તે જીવતી હશે તો સર્વ વાત જણાઈ આવશે. ઇત્યાદિ વિચાર કરતો કુમાર, પોતાની સારસાર વસ્તુ જે મેહેલમાં હતી તે સર્વ તપાસવા લાગ્યો.

તપાસ કરતાં કરતાં તાળું વાસેલી પેલી મંજુષા કુમારે ઉઘાડી. ઉઘાડતાંજ, તેમાં નગ્નપણે પડેલી, રાક્ષસીના રૂપને ધારણ કરેલી, ક્ષુધાથી દુર્બળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયેલી, તે છિન્નનાસા સ્ત્રી ( કનકવતી ) જોવામાં આવી. તેને જોતાંજ રાજા પ્રમુખ સર્વ લોક સ્તબ્ધ થઇ ગયા. મહાબળ જોસથી બોલી ઉઠયો, પિતાજી ! રાક્ષસીરૂપે નૃત્ય કરતી આપે જે સ્ત્રીને જોઇ હતી તે સ્ત્રી આ કે બીજી ? આ પ્રમાણે બોલતાંજ કુમારે તે સ્ત્રીના હાથ ખેંચી, પેટીમાંથી બહાર ઘસડી કાઢી, અને નિષ્ઠુરપણે તાડના કરવા માંડી. વિશેષ તાડના કરવાથી તેણે પોતાના કરેલા પ્રપંચ સંબંધી સાચેસાચી વાત જણાવી દીધી.

અવિચારિત કરેલ કાર્યનો રાજાને મહાન્ પશ્ચાત્તાપ થયો. ખરેખર આવા ગુંચવાડા ભરેલા પ્રસંગોમાંજ બુદ્ધિમાનોની બુદ્ધિનો, ધૈર્યવાનોની ધૈર્યતાનો, વિવેકીના વિવેકનો, શોધકોની શોધનો, દીર્ઘદર્શીની દીર્ઘદર્શીતાનો, અને વિચારવાનની વિચારતાનો નિર્ણય થાય છે. આવાં કાર્યને કાંઈક લાંબી મુદત પર્યંત લંબાવીને પછી તેનો નિવેડો કે નિશ્ચય કરવામાં આવે તો અવશ્ય તેનું સારૂં પરિણામ આવવા સંભવ રહે છે.

રાજા-અત્યારે ભલે ગમે તેટલો પશ્ચાત્તાપ કરે, પણ તે મલયાસુંદરી હવે પાછી આવે તેમ છે ? કાર્ય વિનિષ્ટ થયા પછી તેનો પશ્ચાત્તાપ તે કાર્ય માટે નિરૂપયોગી છે. ભવિષ્યનાં નવાં જોખમો માટે તો આ પશ્ચાત્તાપની ઉંડી અસર કદાચ ઉપયોગી નિવડે છે.

રાજાનો પશ્ચાત્તાપ અને ગુસ્સો હદ પારનાં હતાં. તેથી કનકવતીને તો તરતજ હદપાર કરવામાં આવી. પણ તેથી કાંઇ મહાબળના વિયોગી આત્માને તો શાંતિ નજ મળી.

આસન્નપ્રસવા, અને નિર્દોષ વલ્લભાના આવા અનિષ્ટ ભવિષ્યથી, મહાબળના શોકનો કે દુઃખનો પાર ન રહ્યો. તેનું હૃદય પરાધીન થયું. બોલવું બંધ કર્યું. ભોજનનો ત્યાગ કર્યો. મન મુંઝાવા લાગ્યું. હૃદય ઝુરવા લાગ્યું. શરીર ક્રિયા કરતું અટકી ગયું. નેત્ર અશ્રુધાર વરસાવવા લાગ્યું. દિશાઓ શૂન્ય જણાવા લાગી. ટુંકામાં કહીએ તો ધ્યાનારૂઢ થયેલો યોગી જેમ લય દશા પામે છે, તેમ વલ્લભાના ધ્યાનમાં તે લીન થઇ ગયો. છેવટે તેના વિયોગે મરવા માટે તૈયાર થયો.

અહા ! સ્નેહ દશા કોઇ જુદીજ દશા છે. મોહ, મનુષ્યોના આંતર ચક્ષુઓ આગળ કોઇ અનિર્વચનીય પડદો નાખે છે કે, તે દૂર કરવો અશક્ય થઈ પડે છે.

મરવાને ઉત્સુક થયેલા કુમારને દેખી, રાજા, રાણી પણ તેવીજ દશા અનુભવવા લાગ્યા. રાજ્યસંસ્થા ઉચ્છેદ થવાના ભયથી પ્રધાનમંડળ વ્યાકુળ થયું અને નગરલોક વિહ્વળ થઇ ચિંતા ચક્રપર આરૂઢ થયો.

# પ્રકરણ ૩૪ મું.

## નિરાશામાં આશાના અંકુરા.

રાજસભામાં શોક, ઉદાસીનતા, અને શૂન્યતાનું એક છત્ર સામ્રાન્ય વ્યાપી રહ્યું હતું. કોઇ કોઈના સન્મુખ જોતું કે બોલતું નહોતું. કોઇ નિઃશ્વાસ મૂકતું તો કોઇ નેત્રમાંથી અશ્રુપાત કરતું હતું. કોઇએ લમણાપર હાથ મૂકયા હતા, ત્યારે કેટલાએક જમીનપર નીચી દષ્ટિ કરી બેઠા હતા. કેટલાએકતો ઉંડા વિચારમાં લીન થયા હોય તેમ જણાતા હતા. ટુંકામાં કહીએ તો આનંદનાં સર્વ ચિન્હો લુપ્ત થયેલાં હતાં.

આ અવસરે અષ્ટાંગ નિમિત્તનો જાણ એક નિમિત્તિઓ રાજાની આજ્ઞાથી રાજસભામાં આવ્યો. પ્રધાને તેનો અવસરઉચિત આદરસત્કાર કર્યો. તેના હાથમાં એક પુસ્તક હતું.

પ્રધાન—નિમિત્તજ્ઞ ! મહાબળ કુમારનાં પત્ની મલયાસુંદરી, નિર્દોષ છતાં, એક સ્ત્રીના પ્રપંચથી કલંક પામી ' આ'જ પ્રમાણે આ સમુદાયથી પૃથક્ થયાં છે, તેના દુઃખથી આ રાજકુટુંબ મોટી આફતમાં આવી પડયું છે. તેનું પરિણામ અમને ભયંકર દેખાય છે. તે કારણથી આ સર્વ લોક, ભય, તથા શોકથી દુઃખી થઇ રહ્યાં છે. અત્યારની એક એક ઘડી તે અમારા દુઃખમાં વધારો કરતી જાય છે.

નિમિત્તજ્ઞ ! તમારા નિમિત્તબળથી તમે કાંઇ જાણી શકો છો કે, તે કુમાર પત્ની કોઇપણ સ્થળે જીવતી છે કે મરણ પામી છે ?

પ્રશ્ન ઉપરથી ગણત્રી કરી નિમિત્તજ્ઞે જણાવ્યું. મહાશય ! કુમારપત્ની જીવતાં છે અને એક વર્ષને અંતે કુમારને મળશે.

' મલયાસુંદરી જીવતી છે, ' અમૃત સમાન આ વાકય સાંભળતાંજ જાણે પુનર્જીવન આવ્યું હોય, તેમ વિકસ્વર નેત્ર કરી કુમાર બોલી ઉઠ્યો,

નિમિત્તજ્ઞ ! વિલંબ નહિ કરતાં મને તરતજ ઉત્તર આપ. તે સુંદરી હમણાં કયાં છે ?

નિમિત્તજ્ઞ—કુમાર ! તમારાં પત્ની જંગલમાં છે કે વરતીમાં, સુખી છે કે દુઃખી, ઇત્યાદિ ચોક્કસ વાત હું જાણી શકતો નથી. તથાપિ એટલુંતો ચોક્કસ કહું છું કે તે સુંદરી જીવતી છે.

આ શબ્દોથી રાજાના મનમાં મોટો શક આવ્યો કે, તે સુંદરીને તો

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

મેં નિર્જન પ્રદેશમાં મોકલાવી મારી નખાવી છે, તો તે જીવતી કયાંથી હોય? આવાતનો નિર્ણય કરવા માટે જે સુભટો તેને મારવા માટે મોકલ્યા હતા, તે સુભટોને રાજાએ. પોતાની પાસે તરતજ બોલાવ્યા. સુભટો આવી તરતજ હાજર થયા.

રાજા—સુભટો! હું તમને અભયદાન આપું છું. તમે સાચેસાચું કહેજો. મલયાસુંદરીને મારી નાખવાનો મેં તમને આદેશ આપ્યો હતો, જંગલમાં લઇજઇ તમે તેનું શું કર્યું?

સુભટો—મહારાજા! અમે તેને નિર્જન પ્રદેશવાળા જંગલમાં લઇ જઇ એક ઝાડની નીચે મૂકી. તે વેળાએ ભયથી તેનું શરીર કંપવા લાગ્યું. તેનું મુખ દીન થઇ ગયું. અને અત્યંત રૂદન કરવા લાગી. આવાં તેનાં ચિન્હો ઉપરથી અમે વિચાર કર્યો કે, આવાં લક્ષણોવાળી સ્ત્રી રાક્ષસી હોય જ નહિ. ખોટી ભ્રાંતિથી કોઇ દુષ્ટે રાજાને વ્યામોહ ઉપજાવ્યો જણાય છે. સ્ત્રીહત્યા અને બાળહત્યા કરવાનું મોટું પાપ છે. તો આ સગર્ભા રાણીને મારવાથી આપણને મોટું પાપ થશે. આપણે તેને અહીં મૂકીને ચાલ્યા જવું. તે પોતાની મેળે નિર્જન પ્રદેશમાં રવડી રખડીને મરી જશે. અમે આ પ્રમાણે નિર્ણય કરી, રૂદન કરતી તેને ત્યાંજ જીવતી મૂકી, પાછા ચાલ્યા આવ્યા છીએ. પણ આપના ભયથી અમે અસત્ય બોલ્યા છીએ કે તેને અમે મારી નાખી છે.

દીર્ઘ નિશ્વાસ મૂકી, પશ્ચાત્તાપપૂર્વક રાજા બોલી ઉઠયો, અહો! જે દયા અને બુદ્ધિ આ લોકોમાં છે તેટલી પણ દયા કે બુદ્ધિ મારામાં નથી. આવા દયાળુ અને વિચારશીલ મનુષ્યોને હજારવાર ધન્યવાદ ઘટે છે. અને મારા જેવા વિચાર અને દયાહીન મનુષ્યોને હજારવાર ધિક્કાર ઘટે છે. ઇત્યાદિ આત્મનિંદા અને પરપ્રશંસા કરતા રાજાએ સુભટો અને નિમિત્તજ્ઞને પ્રેમપૂર્વક ઘણું ધન અને વસ્ત્રાદિ પારિતોષિક આપી સારો સત્કાર કર્યો.

કુમાર—જ્ઞાની! તમારૂં કહેવું સત્ય છે. સુભટોએ તેને જીવતીજ મૂકી દીધી છે.

પિતાજી! જે સ્થળે સુભટોએ તેનો ત્યાગ કર્યો હતો તે સ્થળે જઇ આપણે તેની તપાસ કરીએ. માણસો મોકલાવી ચંદ્રાવતીમાં તપાસ કરાવો. વીરધવળરાજાને ખબર આપો. પુણ્યોદયથી કદાચ ત્યાં પણ ગઈ હોય. અથવા આ સમાચારથી વીરધવળરાજા પોતે પણ આજુબાજુ તપાસ કરાવશે.

કુમારના કહેવા મુજબ રાજાએ ઠેકાણે ઠેકાણે માણસો મોકલાવી દીધાં.

અને જે સ્થળે તેનો ત્યાગ કર્યો હતો તે સ્થળે પણ તપાસ કરાવી.

રાજાએ કુમારને સમજાવીને ભોજન કરાવ્યું, અને પોતે પણ ભોજન કર્યું. છતાં કુમારનું મન ચિંતાથી મુક્ત નજ થયું.

મલયાસુંદરીની શોધ માટે મોકલાવેલ સુભટો અને માણસો, તપાસ કરી કેટલાક દિવસે પાછાં ફર્યાં. સર્વ સ્થળે તેઓએ શોધ કરી પણ મલયાસુંદરીનો બીલકુલ પત્તો નજ મળ્યો.

આ સમાચારથી કુમાર નિરાશ થયો. આશાના તરંગોમાંથી નીકળી નિરાશાના વમળમાં ડુબવા લાગ્યો. ખરેખર અત્યારે મારે અશુભ કર્મનોજ ઉદય છે. નહિતર આવી અવસ્થામાં પ્રિયાનો વિયોગ શામાટે થાય ? હા ! શૂન્ય અરણ્યમાં હૃદયસ્ફોટથી તે મરણ પામી હશે. અથવા આમ તેમ ફ્રરતી જોઈ, તેને કોઇ લઈ ગયું હશે. અથવા દુષ્ટ શ્વાપદોનો ભોગ થઈ પડી હશે. અરે સુંદરી ! તું રાજપત્ની થવા છતાં આવી આપદામાં પડી ! યૂથથી ભ્રષ્ટ થયેલ કુરંગીની માફક વનમાં એકાકી રખડતી થઇ. તેં મારી સાથે આવવા માટે ઘણી હઠ કરી, પણ હતભાગ્ય આ મહાબળે તને અહીંજ રહેવાની સલાહ આપી. એજ આપણા વિયોગની શરૂઆતનું પ્રથમ પગલું થયું. દયિતા ! રાજમહેલનાં ઉત્તમ સુખનો અનુભવ કરી તું ગાઢ દુઃખસમુદ્રમાં જઇ પડી ! હા ! જઇ પડીજ. આ દુઃખનો અનુભવ તું કેવી રીતે કરીશ ? અરે ! તેનો પાર તું ક્યારે અને કેવી રીતે પામીશ ? ઇત્યાદિ અનેક પ્રકારે મલયાસુંદરીનું સ્મરણ કરતો રાજકુમાર તીક્ષ્ણ સલ્યથી વિંધાયો હોય તેમ કોઇ પણ સ્થળે આનંદ કે રતિ ન પામ્યો.

મલયાસુંદરીની બેઠક, ક્રીડાગૃહ, રતિગૃહ, તેનાં વસ્ત્રો, અને અલંકારો જોઇ, મહાબળને મલયાસુંદરીનું વારંવાર સ્મરણ થવા લાગ્યું. અને તેથી તેના મનમાં વિશેષ અશાંતિ ઉત્પન્ન થવા લાગી. ગાંધર્વના ગાયનો, વારાંગનાનાં નૃત્યો, સારંગીના ઝણઝણાટ અને મૃદંગના ભાંકારથી જે રાજમહેલ ગાજી રહેતો હતો, તે રાજમહેલ આજે શૂન્ય દેખાય છે, ખાવા ધાય છે. વસ્ત્ર અને અલંકારો જોઇ નેત્રમાંથી અશ્રુ સ્રવે છે. કોઇ પણ સ્થળે ચેન પડતું નથી. જે માણસો શોધ કરવા ગયા હતા, તે સર્વે પાછા આવ્યા. પણ મારા દુઃખની કારી લાગણી કોને હોય કે, તેની ગમે તે સ્થળેથી તપાસ લાવે ? માટે હવે તો મારી જાતે મારે તેની શોધ કરવા જવું. અને જ્યાં સુધી મને તે દયિતાનો મેળાપ ન થાય ત્યાંસુધી આ રાજધાનીમાં પાછું નજ ફરવું. નિમિત્તજ્ઞે પણ જણાવ્યું છે કે એક વર્ષને અંતે તમને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનો મેળાપ થશે. માટે આજજ મારે કોઇને કહ્યા સિવાય ગુપ્તપણે નીકળી જવું. પિતાજીને ખબર પડશે તો તે જવા રજા નહિ આપે. આ પ્રમાણે વિચારમાં ને વિચારમાં રાજકુમારે તે દિવસ પૂર્ણ કર્યો.

રાત્રિનો સમય થયો. પેહેરાદાર જાગૃત, નિદ્રિત એવી મધ્યમ સ્થિતિમાં રહ્યા હતા. એ અવસરે હાથમાં ખડ્ગ લઇ, કોઇને કહ્યા સિવાય તેમજ સાથે કોઇને લીધા સિવાય, પેહેરાદારની નજર ચુકાવી, મલયાસુંદરીની શોધ માટે મહાબળ એકાકી નીકળી પડયો. રસ્તામાં ઠેકાણે ઠેકાણે મલયાસુંદરીની શોધ કરવામાં, ક્ષુધા, તૃષા, અને નિદ્રાને પણ વીસારી દીધી. અને એક ભેખધારકની માફક પૃથ્વીતળપર ફરવા લાગ્યો.

આ બાજુ પ્રાતઃકાળે તપાસ કરતાં જ્યારે મહાબળ ન દેખાયો ત્યારે સુરપાળરાજાને ઘણું દુઃખ થયું. તેણે નિશ્ચય કર્યો કે, પ્રિયાના વિયોગથી તે અહીં રહી શકયો નથી. અને તેની શોધ માટેજ ગુપ્તપણે કોઇ સ્થળે ચાલ્યો ગયો જણાય છે. અત્યાર સુધી સુરપાળરાજાને એક ચિંતા હતી. મહાબળના જવાથી તેને બીજી ચિંતા થઇ. રાજાએ બન્નેની શોધ માટે ચારે બાજુ માણસો દોડાવ્યાં. અને પોતે ઉદાસીનપણે સચિંત થઇ રહ્યો.

## પ્રકરણ ૩૫ મું.

### જંગલમાં મલયાસુંદરી–પુત્ર જન્મ.

સુભટોના ગયા પછી આ જંગલમાં મલયાસુંદરી એકલી બેઠી હતી. તેની ચારે બાજુ હિસંક પ્રાણિઓના ભયંકર શબ્દો થઇ રહ્યા હતા. અંધારી રાત્રિ, અરણ્યનો પ્રદેશ, અબળા જાતિ અને હિંસક પ્રાણિઓના શબ્દો આ સર્વ નિમિત્તો તેના દુઃખમાં વૃદ્ધિ કરનારજ હતાં.

અહા ! આ નિર્દય રાજપુરૂષો, આવા ઘોર જંગલમાં મને એકલી મૂકીને ચાલ્યા ગયા. ખેર ! પણ મારો એવો તે શું અપરાધ હશે કે રાજા તરફથી આવો દંડ આપવાની જરૂર પડી. મારા હૃદયમાં આ વાત વિશેષ પ્રકારે ખટકે છે કે, મારો અપરાધ જણાવ્યા સિવાય મને આવો અસહ્ય દંડ આપ્યો.

સસરા સુરપાળ ! તું આવો બુદ્ધિમાન્ છતાં અત્યારે તારી બુદ્ધિ કયાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાલી ગઈ! અથવા તેતો બહુ ભલા માણસ છે. કોઇએ અસત્ય પ્રપંચથી ખરેખર તેમને ઠગ્યા છે. ગમે તેમ હો તથાપિ, સસરાજી! આટલું બધું અવિચારિત કાર્ય! આને માટે અવશ્ય તમને મોટો પશ્ચાત્તાપ થશે.

હે નાથ! તમે તો મારા સુખને માટેજ મને પછાડી મૂકી ગયા. પણ તમારા ગયા પછી મારી તો ઉલટી આવી અધમ દશા થઇ પડી છે. હા નાથ! મારી આવી વિષમ અવસ્થા સાંભળી, વિરહાનળથી તપ્ત થયેલા આપના શરીરની શું સ્થિતિ થશે; તેની મને વિશેષ ચિંતા થાય છે. હે વલ્લભ! ફરી તમારો સમાગમ થાય એ વાત શું સંભવનીય છે? એવાં મારાં પુણ્યો ક્યાં છે?

અરે! આ દુનિયાપર મારો જન્મજ ન થયો હોત, અથવા જન્મ થયા પછી તરતજ મરણ પામી હોત તો, આવાં ઘોર દુઃખનો અનુભવ કરવો ન પડત.

આ પ્રમાણે વિચાર કરતી અને મોહથી રડતી મલયાસુંદરી કાંઇક જાગૃતિમાં આવી. તેણે પોતેજ પોતાને શિક્ષા આપી કે, હે ચેતન! આ પ્રમાણે બહુ શોચ કરવાથી કે રડવાથી તારૂં કોણ રક્ષણ કરનાર છે? જે પૂર્વકર્મોએ દુઃખ મેળવ્યું છે તે પૂર્વકર્મોજ સુખ મેળવી આપશે. પૂર્વ પુણ્ય વિદ્યમાન હશે તો હજી પણ પૂર્વની સ્થિતિ અને સંયોગો મેળવી શકીશ. માટે જાગૃત થા. દુઃખી અવસ્થામાં પણ જાગૃતી અને વિશ્રાંતિ આપનાર મને સ્વામીએ પૂર્વે શ્લોકરત્ન આપ્યો છે. તેજ આ વખતે મને ધૈર્ય આપશે. એમ ધારી તે શ્લોકનો વિચાર કરવા લાગી.

**जे विधि करशे तेहि थशे नाहि थाय हृदय चिंतव्युं तारुं,**
**चित आम उत्सुक थइ अनेक उपाय चिंतवे शा सारुं. १**

અકસ્માત્ આફત આવી પડવાથી તેમજ ઘણો વિલાપ કરવાથી, ગર્ભપૂર્ણ ઉદરમાં મલયાસુંદરીને શૂળ આવવા લાગ્યું. વેદનાથી વિધુરિત સ્થિતિમાં, પુર્વ દિશા જેમ સૂર્યને પ્રગટ કરે છે, તેમ તેજ સ્થળે મલયાસુંદરીએ પુત્રને જન્મ આપ્યો.

જે રાજબાળાની પાસે અનેક દાસ દાસીઓ હાજર રહેતાં, જેનું સૂતિકર્મ અનેક કેળવાયલી સ્ત્રીઓની દેખરેખ નીચે થવાતું હતું, અને જેને ખાવા પીવા તથા સુવા રહેવાને માટે અનેક પ્રકારની સગવડોની જરૂર હતી, તે રાજબાળા આજે એક પામર સ્ત્રીની માફક નહિ પણ એક જંગલના

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જાનવરની સ્થિતિમાં રહી પુત્રને જન્મ આપે છે. ઓ વિધિ! તારાં કર્તવ્યો મહાન્ ગંભીર છે. તું રાજાઓને રંક બનાવે છે, અને રંકને રાજા બનાવે છે. આ અવસરે આ રાજપત્નીને કેટલું દુ:ખ થયું હશે ? કેટલું ઓછું લાગ્યું હશે ? અને શારીરિક સ્થિતિ સાચવવી કેટલી દુ:ખકર થઇ પડી હશે ? તે ફક્ત જ્ઞાની પુરૂષો જાણી શકે તેમ છે.

આમ થવાનું કારણ શું હશે ? તેમ જો વાચકવર્ગ વિચારશે તો તેને જરૂર પૂર્વકર્મની વિષમતા જણાઇ આવશે. અને તેવાં અસહ્ય તથા અનિષ્ટ દુ:ખથી બચવા માટે અત્યારથીજ સાવચેત રહેશે.

આવી દુ:ખની અવસ્થામાં પણ પુત્ર ઉપરના સ્નેહે તેને આશ્વાસન આપ્યું. એકનાં બે થયાં. વખત જવાનું કાંઇક સાધન મળી આવ્યું. પુત્રને ખોળામાં સ્થાપન કરી, માતા સ્નેહથી એકીનજરે સામું જોઇ રહી. જાણે સૂર્યનું બીજું બિંબજ ન હોય તેવા તેજસ્વી કુમારને જોઇ, માતાના નેત્રમાંથી હર્ષનાં અશ્રુ વહેવા લાગ્યાં. પુત્ર સન્મુખ દેખી, તે બોલવા લાગી, પુત્ર ! સેંકડો ગમે મનોરથોની સાથે આજે તારો જન્મ થયો છે. પણ આ નિર્ભાગી માતા આવા ભયંકર અરણ્યમાં તારો જન્મોત્સવ કેવી રીતે કરી શકે ? જો આજે આપણે રાજ્યમાં હોત, અથવા તારા પિતા પાસે હોત તો આજનો દિવસ આખા રાજ્યમાં સુવર્ણના સૂર્યોદય સરખો મનાત. ઘેર ઘેર મંગળ ગવાત, અને મોટા દમદમા સાથે વધામણાં થાત. મારા સર્વ મનોરથો મનમાંજ રહ્યાં. કર્મ જેમ નચાવે તેમ કર્માધીન જીવોએ નાચવુંજ. આ પ્રમાણે બોલતાં બોલતાં હૃદય પાછું ભરાઇ આવ્યું. નેત્રમાંથી વિશેષ પ્રકારે અશ્રુપાત થયો.

પોતાની મેળેજ પોતાનું સૂતિકર્મ તેણે કર્યું. અનેક પ્રકારની ગર્ભથી થયેલી પીડા અને અરણ્યવાસી જીવોના ભયથી કંપતા શરીરે રાત્રિ નિર્ગમન કરી.

દુ:ખી અવસ્થામાં શરીરની સુકુમાળ સ્થિતિ પણ કઠોર થઇ આવે છે. તેમજ પોતે ક્ષત્રિયણીજ હોવાથી, સાહસ ધરી ત્યાંથી આગળ ચાલી. નજીકમાં એક નદી વહન થતી હતી, ત્યાં જઇ સર્વ અશુચિ દૂર કરી, નજીકમાં રહેલાં વૃક્ષોમાંથી કેટલાંએક ફળો લાવી ક્ષુધા શાંત કરી.

નદીના કિનારાપર વૃક્ષોની ઘાડી ઝાડી આવી રહેલી હતી, તે વૃક્ષોના નિકુંજમાં જઇ, પુત્રનું પાલન કરતી, હર્ષ શોકથી સંકીર્ણ હૃદયવાળી મલયાસુંદરીએ કેટલાક દિવસો પસાર કર્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩૬ મું.

## આશાના કિરણ આડું વાદળ-પુત્રહરણ.

એક દિવસે કેટલાએક મનુષ્યોના પરિવાર સહિત, **બલસાર** નામનો સાર્થવાહ તે રસ્તે થઇ આગળ જતો હતો. વખત વિશેષ થઇ જવાથી તેમજ નજીકમાં નદી વહન થતી હોવાથી, આજનો પડાવ ત્યાંજ નાખવાનો તેણે નિર્ણય કર્યો.

સાર્થનો પડાવ થયા પછી, તેનાં કેટલાંએક મનુષ્યો ઇંધણ, છાણાં, પાણી, વગેરે લેવા માટે જંગલમાં નીકળી પડ્યાં. સાર્થવાહ પોતેપણ કાયચિંતા માટે (જંગલ જવા માટે) નજીકમાં રહેલી વૃક્ષની ઘટા તરફ ગયો.

જે વૃક્ષની ઘટામાં **મલયાસુંદરી** પોતાના બાળક સહિત રહેલી હતી, તે ઘટાપાસે થઇ સાર્થવાહ પાછો ફરતો હતો. તેવામાં બાળકના રૂદનનો શબ્દ તેણે સાંભળ્યો. તે શબ્દ સાંભળવાથી તેને આશ્ચર્ય થયું કે, આવા ભયંકર જંગલમાં બાળકનો શબ્દ ક્યાંથી ? તરતજ સાર્થવાહ તે તરફ વળ્યો. અને શબ્દાનુસાર પુત્ર સહિત **મલયાસુંદરી** જ્યાં બેઠી હતી ત્યાં જઇ ઉભો રહ્યો.

રૂપ અને લાવણ્યની અપૂર્વ શોભા દેખી, સાર્થવાહે **મલયાસુંદરીને** પૂછ્યું. સુંદરી ! તું કોણ છે ? આવા જંગલમાં એકાકી કેમ ? તારી આકૃતિ ઉપરથી જણાઇ આવે છે કે, તારો જન્મ કોઇ ઉત્તમ કુળમાં થવો જોઇએ. કોઇએ અપહરણ કરવાથી, રોષથી, કે ઇષ્ટ મનુષ્યના વિયોગથી આ અરણ્યમાં તારૂં આવવું થયું હોય એમ મારૂં માનવું છે. અને પુત્ર પ્રસવ પણ અહીંજ થયો હોય તેમ સંભવે છે.

હું **બલસાર** નામનો સાર્થવાહ છું. મોટો વેપારી તેમજ મહર્ધિક છું. મારૂં રહેવાનું સ્થાન **સાગરતિલક** શેહેર છે. વ્યાપારાર્થે દેશાંતરમાં મારૂં ફરવું વિશેષ થાય છે. ઘણું સારૂં થયું કે, મારી સાથે તારો મેળાપ થયો. અહીં નજીકમાંજ મારા સાર્થનો પડાવ પડેલો છે. ત્યાં મારા પટાવાસમાં (તંબુમાં) ચાલ, અને સુખી થા.

**મલયાસુંદરી** સાર્થવાહનાં વચનો સાંભળી વિચારમાં પડી, કે આ સાર્થવાહ યુવાન, ધનાઢય, અને ગર્વિત છે. તો ત્યાં લઇ જઇ નિશ્ચે મારૂં શિયળ ખંડિત કરશે. માટે હું તેને જુદો ઉત્તર આપું.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

મલયાસુંદરી—શ્રીમન્ ! હું ચંડાળની પુત્રી છું. માતા પિતા સાથે કલેશ થવાથી, ક્રોધાવેશમાં તેમની પાસેથી નીકળી અહીં આવી રહી છું. તું તારે ઠેકાણે ચાલ્યો જા. હું તારી સાથે આવીશ નહિ. પણ મારા અહીં આવવાથી દુઃખી થઇ રહેલાં મારાં માતા પિતાને પાછી જઈ મળીશ. સાર્થવાહ વિચારમાં પડયો, કે આ સ્ત્રીની આકૃતિ અને ચેષ્ટાઉપરથી જણાઇ આવે છે કે, તે ચંડાળની પુત્રી નથી, પણ કોઇ કારણથી તે આમ કપટવાળો અસત્ય ઉત્તર આપે છે.

સાર્થવાહ-સુંદરી ! તારૂં ચંડાળપણું હું કોઇપણ ઠેકાણે પ્રગટ નહિ કરૂં; માટે મારા આવાસમાં ચાલ. ત્યાં તું તારી ઇચ્છાનુસાર વર્તન કરજે, અને હું પણ તું જેમ કહીશ તે પ્રમાણે ચાલીશ.

આ પ્રમાણે બોલતો સાર્થવાહ મલયાસુંદરીની નજીક આવ્યો અને તેના ખોળામાં રહેલા બાળકને લઇ, ચોર જેમ નિધાન લઇ ચાલ્યો જાય તેમ તે ચાલ્યો ગયો.

મલયાસુંદરી અત્યારે વળી આ નવીન આફતમાં આવી પડી. તેણે વિચાર કર્યો કે, આ પાપી મારૂં શીયળ ખંડન કરશે. આતો વ્યાઘ્રતટીન્યાય થયો. એક બાજુ જઉં તો વાઘના મોઢામાં જઇ પડું, બીજી બાજુ જઉં તો નદીમાં જઇ પડું, અર્થાત્ એક તરફ શીયળખંડન બીજી બાજુ પુત્ર વિયોગ; હવે હું શું કરૂં ! તેને કાંઇ સમજ ન પડી. છેવટે એવો નિર્ણય કર્યો કે પુત્રને પાછો લાવી, પાછું અહીંજ રહેવું. તેમ કરતાં પુત્ર પાછો ન મળે તો, શીયળવ્રત તો અવશ્ય સાચવવું. અત્યારે મારા મન ઉપર મારા સિવાય બીજા કોઇનું જોર નથી. શીયળ સાચવવું એ મારા દૃઢ મનનું કામ છે; ઇત્યાદિ નિર્ણય અને વિચાર કરતી મલયાસુંદરી, પુત્રમોહથી મોહિત થઇ તેને પાછો લેવા માટે સાર્થવાહની પાછળ દોડી. ખરી વાત છે જીવ ગયા પછી ચેતના કાંઇ પાછળ રહેતી નથી.

મલયાસુંદરીને પાછળ આવતી જોઇ, સાર્થવાહ ઘણો ખુશી થયો. મૃદુ વચનોથી તેને બોલાવા લાગ્યો અને પુત્રને વસ્ત્રમાં ગોપવી તે પોતાના પટાવાસમાં પેઠો.

મલયાસુંદરીએ ઘણી આજીજી કરી, પણ તેણે પુત્ર પાછો ન આપ્યો. તેમ તેને આ પટાવાસમાંથી પાછું જવું પણ મુશ્કેલ થઇ પડયું. તેણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો કે, પ્રસૂતી થયાને હજી અઠવાડીઉં પણ પુરૂં થયું નથી. પુત્રને મૂકીને હું ચાલી જઇશ તો પુત્રનું મરણ થવા સંભવ છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમજ મારા શરીરની સ્થિતિ પણ જંગલમાં અનુકૂળ રહેવી મુશ્કેલ છે. માટે મારા શરીરના તેમજ પુત્રના રક્ષણાર્થે ઇચ્છા નહિ છતાં પણ આ સાર્થવાહ સાથે અત્યારે જવું અનુકૂળ છે—યોગ્ય છે. આગળ ઉપર હું અવસર જોઈ લઇશ. અને મારા શીયળનું જેમ રક્ષણ થશે તેમ કરવા પ્રયત્ન કરીશ. વળી આ સાર્થવાહ પણ મને અત્યારે જવાદે તેમ નથી. માટે ભાવી કર્મને આધીન થઇ, અત્યારે સાર્થવાહ સાથે જવું ઠીક છે. ઇત્યાદિ નિર્ણય કરી મલયાસુંદરી ત્યાંજ ઉભી રહી.

ખેદ પામતી મલયાસુંદરીને સાર્થવાહે ગુપ્તસ્થાનમાં, સાર્થ સાથે રાખી અને પુત્ર પાછો આપી કાંઇક આશ્વાસના દીધી.

'આ સુંદરી જે કાંઈ કહે, તે સર્વ કામ તારે તત્કાળ કરી આપવું.' ઇત્યાદિ શિખામણ આપી, મલયાસુંદરીની સેવામાં એક દાસી સોંપી.

મલયાસુંદરીનું મન શાંત કરવા અને વિશ્વાસ પમાડવા માટે, તેને જરા પણ અપ્રીતિ થાય તેવું એક પણ વચન કહેવું સાર્થવાહે બંધ કર્યું, અને ઉત્તમ વસ્ત્ર, ભોજન આદિ જે જોઇએ તે નિરંતર આપવા લાગ્યો.

અખંડ પ્રયાણે સાર્થવાહ આગળ વધ્યો. કેટલેક દિવસે કાંઇક સ્વસ્થ થયેલી, તેમજ વિશ્વાસ પામેલી મલયાસુંદરીને જોઇ સાર્થવાહે તેને પૂછ્યું કે, તમારૂં નામ શું છે?

મંદસ્વરે મલયાસુંદરીએ જણાવ્યું કે મારૂં નામ મલયાસુંદરી છે. નામ સાંભળી બલસાર વિચારવા લાગ્યો કે, ભલે આ સ્ત્રી પોતાનું કુળાદિ છુપાવે, છતાં આ નામઉપરથીજ નિર્ણય થાય છે કે તે કોઇ ઉત્તમ કુળમાં પેદા થયેલી સ્ત્રી છે.

તે દિવસથી અખંડ પ્રયાણે ચાલતાં સાર્થવાહ થોડાજ દિવસમાં પોતાની નિવાસ ભૂમિ, સાગરતિલક શેહેરમાં આવી પહોંચ્યો. શેહેરમાં આવી, કોઇ એક ગુપ્તઘરમાં જુદેજ ઠેકાણે પુત્રસહિત મલયાસુંદરીને રાખી. આ વાતની ખબર તેની વિશ્વાસુ એક દાસી સિવાય બીજાને ન પડવા દીધી. એક દિવસે સાર્થવાહ મલયાસુંદરી પાસે આવી આ પ્રમાણે કહેવા લાગ્યો. સુંદરી તું મને તારા સ્વામી તરીકે અંગીકાર કર, અને આ મારી અખુટ લક્ષ્મીની તુંજ સ્વામીની થા. તેમ કરવાથી આ જન્મપર્યંત સર્વ પરિવાર સહિત હું તારો સેવક થઇને રહીશ. વળી હું પુત્રરહિત છું. તેથી આ તારો પુત્ર તે મારા પુત્ર તરીકે થશે. કામાંધ સાર્થવાહ આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યો.

મલયાસુંદરી—સાર્થવાહ! પરસ્ત્રીગમન મહાન્ પાપ છે. તેમાં પણ તીસ

સ્ત્રીના શીયળનું ખંડન કરવું તે ઘોરપાપ ગણાય છે. તારા જેવા કુલીન પુરૂષને ઉભય લોક વિરૂદ્ધ, આવું કાર્ય કરવું તે બીલકુલ યોગ્ય નથી.

**अपि नश्यतु सर्वस्वं भवत्वंऽगं च खंडशः ॥**
**कलंकयामि शीलं स्वं न तथापींदुनिर्मलं ॥ १ ॥**

સાર્થવાહ! મારા સર્વસ્વનો નાશ થાય અને આ શરીરના ટુકડે ટુકડા થાય, તોપણ ચંદ્રની માફક નિર્મળ, મારા શીયળને હું બીલકુલ કલંકિત નહિ જ કરૂં. ઇત્યાદિ અનેક પ્રકારે પોતાની શીયળની દૃઢતા જણાવી, આ અકાર્યથી પાછો હઠવા સાર્થવાહને જણાવ્યું. સાર્થવાહ, મલયાસુંદરીના આવા દૃઢ નિશ્ચયથી સ્તબ્ધ થયો. મૌન ધારી ઉભો રહ્યો. તેના મનમાં નિર્ણય હતો કે ગમે તે પ્રકારે મલયાસુંદરીને હું મારા સ્વાધીન કરીશ. પણ અત્યારે આ શબ્દોથી તેના સર્વ મનોરથો નિરર્થક થયા. તેના હૃદયમાં ક્રોધાગ્નિ પ્રગટ થયો. હિતકારી શબ્દો અહિતપણે પરિણમ્યા. યુવાન સાર્થવાહ યુવાનીના આવેશમાં આવી ગયો. તરતજ મલયાસુંદરી પાસેથી પુત્રને ખેંચી લીધો. અને એક ધરતી અંદર તેને પુરી, દ્વારે તાળું લગાવી, પુત્રને સાથે લઇ, પોતાની પ્રિયસુંદરી નામની સ્ત્રી પાસે આવ્યો.

પ્રિયા! આજે હું અશોકવનીકામાં ગયો હતો, ત્યાંથી આ લક્ષણવાન્, રૂપવાન્ અને તેજસ્વી પુત્ર મને મળી આવ્યો છે. કોઈ સ્વૈરિણી (વ્યભિચારિણી) સ્ત્રીએ આ પુત્રનો ત્યાગ કર્યો હોય એમ મારૂં ધારવું છે. આપણે પુત્ર વિનાનાં છીએ. તો, પુત્રને સ્થાને આ બાળકને ઉછેરીને મોટો કરવો. આ પ્રમાણે જણાવી, પોતાના નામના એક ભાગનું નામ તે પુત્રના નામ સાથે જોડી બળ એવું નામ આપ્યું, અને તેને સ્તનપાન કરવા માટે એક ધાવને રાખી આપી.

## પ્રકરણ ૩૭ મું.

### દુઃખનું વાદળ–શીયળની કસોટી–કારૂને ઘેર વેચાણી.

સાગરતિલકમાં વધારે વખત ન રોકાતાં, મોહાંધ સાર્થવાહ મલયાસુંદરીને બળાત્કારથી સાથે લઈ ફરી પાછો પરદેશ જવા માટે નીકળ્યો. સાગરતિલક મોટું બંદર હતું. સાર્થવાહની આ વખતની સફર જળમાર્ગે થવાની હતી. સમુદ્રમાં વહાણો તૈયાર કરાવી, ક્રિયાણાઓથી ભરી લીધાં.

અને વિલંબ ન કરતાં, વહાણો બર્બર કુળ તરફ ચલાવ્યાં. બાણના વેગની માફક જહાજ સમુદ્રમાં ચાલવા માંડયાં.

દુઃખિત મલયાસુંદરી મનમાં ઝુરવા લાગી. અરે ! આ દુરાશય સાર્થવાહ શું મને સમુદ્રમાં ફેંકી દેશે ? અથવા પરદેશમાં લઇ જઇ વેચી દેશે ? કે કોઇપણ પ્રકારે મને મારી નાખશે ? ખેર ! જે થવાનું હોય તે થાઓ. પણ મારા પુત્રની શું ગતિ થશે ? પુત્ર દુઃખથી દુઃખણી મલયાસુંદરી આ વખતે જીવતાં પણ મરવા જેવી સ્થિતિમાં આવી પડી હતી. અશ્રુ મુકતાં ગદ્દગદ્દ કંઠે તેણે સાર્થવાહને જણાવ્યું. સાર્થવાહ ! તેં મારા પુત્રનું શું કર્યું ? તેને ક્યાં રાખ્યો છે ?

ઘણો ખુશી થઈ સાર્થવાહે જણાવ્યું. જો મારૂં કહેવું તું માન્ય કરતી હો તો હું તને તારા પુત્ર સાથે મેળાપ કરાવી આપું. એટલુંજ નહિ પણ તારા સર્વ મનોરથો પણ પૂરણ કરાવી આપું.

સાર્થવાહનો ઉત્તર સાંભળી, 'વ્યાઘ્રતટી ન્યાયે' સંકટમાં આવી પડેલી મલયાસુંદરીએ પુત્ર કરતાં પણ શીયળને અધિક ગણી કાંઇ પણ ઉત્તર આપ્યા સિવાય મૌનપણું ધારણ કર્યું.

પવન અનુકૂળ હોવાથી વહાણ થોડાજ વખતમાં બર્બરકુળમાં આવી પહોંચ્યાં. જકાત ચુકાવી, માલ નીચો ઉતારી, પીઠબજાર વેચવા માંડયો. માલ વેચાઇ રહેતાં, તે દુષ્ટ શ્રેષ્ઠિએ, પોતાનો આદર નહિ કરનાર મલયાસુંદરીને, કૃમિરાગ કરવાવાળાં, નિર્દય કારૂના કુળમાં, ઘણું ધન લઇ વેચી દીધી.

ત્યાં પણ કામાંધ પુરૂષોએ પોતાની સ્ત્રી કરવા અને વિષય માટે, શામ, દામ, દંડાદિકથી પ્રાર્થના કરી, છતાં તેણીનું મન લગાર માત્ર પણ ચલાયમાન ન થયું.

ખરેખર સતી સ્ત્રીઓ આવી દૃઢતાવાળીજ હોય છે. મરણાંત દુઃખ સહન કરે છે, તથાપિ સ્વધર્મથી ચલાયમાન થતી નથી. આવી ઉત્તમ અબળાઓથી આ ભારતભૂમિ ગર્વિત છે. તેમજ બીજા દેશો કરતાં આ દેશની સ્ત્રીઓ, પોતાના શીયળ રક્ષણ અને એકજ પતિ માટે મગરૂરી ધરાવે છે.

મલયાસુંદરીએ જ્યારે તે કારૂઓનું કહેવું માન્ય ન કર્યું ત્યારે તે નિર્દય યુવાન કારૂલોકોએ તેના શરીરઉપર છેદ કરી, આખા શરીરમાંથી રૂધિર કાઢયું, આથી મલયાસુંદરીને મહાવેદના સાથે મૂર્ચ્છા આવી ગઇ. થોડા દિવસ રૂધિર કાઢવું બંધ કરી, પાછું શરીરમાં રૂધિર ભરાયું કે ફરી

પણ પૂર્વની માફક રૂધિર કાઢી, તે મહા સતીને વિડંબના કરી. આ પ્રમાણે **મ**લયાસુંદરીએ ત્યાં અનેક દુઃખનો અનુભવ કર્યો.

તે વિચાર કરવા લાગી કે, અહો ! મેં પૂર્વે મહાન્ પાપ ઉપાર્જન કર્યું છે. નહિતર એક પછી એક દુઃખની શ્રેણિ મારાઉપર કેમ આવી પડે ? અરે ! હું કયાં ઉત્પન્ન થઈ ? કયાં પરણી ? અને અત્યારે કયાં આવી પડીછું ? અને હજી પણ કોણ જાણે મારાપર કેવી આફતો આવી પડશે ? આ સર્વ વિપત્તિ, મારે તો કઠોર હૃદય કરી સહન કરવીજ. કરેલ કર્મ ભોગવ્યા સિવાય છુટકો નથીજ.

એક દિવસે તે લોકોએ ફરી પાછું આખા શરીરમાંથી રૂધિર કાઢી લીધું. **મ**લયાસુંદરી આ દુઃખથી મૂર્છા પામી, અચેતનની માફક ભૂમિપર પડી ગઇ. તેનું આખું શરીર રૂધિરથી ખરડાયેલું હતું. અત્યારે તે ગાઢ મૂર્છામાં હતી. કારૂલોકો પોતાના ઘરની અંદર કાર્યપ્રસંગમાં રોકાયા હતા. તે અવસરે આકાશમાર્ગથી અકસ્માત્ એક ભારંડપક્ષી ત્યાં આવી પહોચ્યું. આમિષનો ખંડ ( કકડો ) જાણી, તેમજ ત્યાં કોઇ ન હોવાથી, મૂર્છિત સ્થિતિમાં પડેલી **મ**લયાસુંદરીને ઉપાડીને તે ચાલતું થયું.

## પ્રકરણ ૩૮ મું.

### બેની લડાઇમાં મલયાસુંદરી સમુદ્રમાં.

ભારંડપક્ષી ઘણું મોટું જનાવર ( પક્ષી ) હોય છે. હાથીને પણ ઉપાડીને આકાશમાં ઉડી શકે તેટલું તેનામાં સામર્થ્ય હોય છે. આમિષ ( માંસ ) નો કકડો જાણી તે **મ**લયાસુંદરીને ઉપાડી ગયું. તે સમુદ્રઉપર થઇ આગળ કોઈ બેટ તરફ જતું હતું. રસ્તામાં એક બીજું ભારંડપક્ષી તેને સંમુખ મળ્યું. પેલા ભારંડની ચાંચમાં રહેલું આમિષ લેવા માટે બીજું ભારંડ તેની સાથે યુદ્ધ કરવા લાગ્યું. આ બન્નેની લડાઇ પ્રસંગમાં પેલા ભારંડના મુખમાંથી **મ**લયાસુંદરી નીચી પડી. પડતાં, પડતાં તે પંચપરમેષ્ટિ મંત્રનું સ્મરણ કરવા લાગી. સ્મરણ કરતાં કરતાં તે સમુદ્રમાં આવી પડી. આયુષ્યકર્મ પ્રબળ હોવાથી, એ અવસરે એક મોટો મચ્છ પાણી ઉપર તરતો હતો. **મ**લયાસુંદરી બરોબર તેની પીઠઉપર આવી પડી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અત્યારે તેની મૂર્છા ચાલી ગઇ હતી. દુઃખ શૃંખલાના અનેક વિભાગોનો અનુભવ કરવા માટેજ આવી સ્થિતિમાં પણ પણ તે જીવતી રહી હતી. તે વિચાર કરવા લાગી. હું ભર સમુદ્રમાં આ મચ્છની પીઠપર રહી છું. ચારે દિશાએ જળ જળાકાર સિવાય બીજું કાંઇ દેખાતું નથી. હવે આપણી તો તૈયારી છે. આ મચ્છ પાણીમાં તળીએ ચાલ્યો જાય તેટલીવારજ મારે માટે જીવિતવ્ય શેષ જણાય છે. થોડા વખત પછી નિરાધાર સ્થિતિમાં મરવું પડશે. તે પેહેલાં મારે જાગૃત થવું જોઇએ. મરવું અવશ્યે છે અને તે પણ નજીકમાંજ, તો નિરાધારના આધારરૂપ પરમાત્માનું શરણું, સ્મરણ, અને અનશન વ્રત એ મારે અવશ્ય કરી લેવાં કે, જેથી આત્મ અને પરમાત્મ આરાધનાપૂર્વક થયેલું મરણ, આગામી જન્મમાં સુલભબોધિતા, ધર્મિષ્ટ અને ઉચ્ચકુળમાં જન્મ, તથા અનેક અનુકૂળ સંયોગોને મેળવી આપનાર થાય.

આ પ્રમાણે વિચાર કરી તે ધર્માત્મા સતીએ પંચપરમેષ્ટી મંત્રના સ્મરણ કરવા પૂર્વક અરિહંત, સિદ્ધ, સાધુ, અને ધર્મનું શરણ અંગીકાર કર્યું. આ જન્મમાં કરાયેલાં પાપોને યાદ કરી, આત્મ અને પરમાત્મ સાક્ષીએ તેની માફી માગી. અનેક જન્મોમાં પર્યટન કરતાં જાણથી કે અજાણથી થયેલાં વેર, વિરોધો સર્વ જીવોની સાથે માનસિક કલ્પનાએ ખમાવી દીધાં. અને સાગારિક અનશન અંગીકાર કર્યું કે, આ આફતમાંથી મુક્ત થાઉં ત્યારેજ મારે ભોજન પાણીનો ઉપભોગ લેવો. નહિતર યાવત્ જીવિતપર્યંત ચાર પ્રકારના આહારનો ત્યાગ છે. આ પ્રમાણે ટુંકામાં અંત વખતની આરાધના કરી, તે સતીએ પંચપરમેષ્ટિ મહામંત્રનો જાપ ઉચ્ચ સ્વરે જપવો શરૂ કર્યો.

મલયાસુંદરી પંચપરમેષ્ટિ મંત્રનો જાપ કરી રહી છે, તે સાંભળી મચ્છને કાંઇ આશ્ચર્ય લાગ્યું હોય તેમ પોતાની કંધરા ( ડોક ) વાંકી વાળી વાળીને વારંવાર મલયાસુંદરીના સન્મુખ જોવા લાગ્યો. મચ્છ, થોડીવાર પાણીમાં સ્થિર રહ્યો. ત્યાર પછી પાણીપર તરતો તરતો એક દિશાના સંન્મુખ ઘણી ઝડપથી ચાલવા લાગ્યો.

મચ્છની આ પ્રવૃત્તિથી મલયાસુંદરી વિસ્મય પામી વિચારવા લાગી કે, અહો ! આ મચ્છ આમ સુખે સુખે મને ક્યાં લઈ જશે ! ખરેખર કોઈ હિતસ્વી મનુષ્યની માફક આ મચ્છ વારંવાર મારા સંમુખ જોઇ રહ્યો છે. રૂધિરથી ખરડાયેલું શરીર, સમુદ્રનાં પાણીનાં મોજાંથી ધોવાઇ ગયું. મચ્છપર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બેઠેલી મલયાસુંદરી આગળ જવા લાગી તેને કાંઇ પણ ઇજા ન થાય તેવી રીતે મચ્છ પાણીમાં ઝડપથી ચાલવા લાગ્યો. ઘણા થોડાજ વખતમાં ઉત્તમ વહાણની માફક તે સાગરતિલક નામના બંદર પાસે આવી પહોંચ્યો.

એ અવસરે તે બંદરનો સ્વામી કંદર્પરાજા, અશ્વાદિ ક્રીડા નિમિત્તે, કેટલાએક સુભટો સાથે બંદરપર આમતેમ ફરતો હતો. તેવામાં સમુદ્રની સપાટીપર પુરજોસમાં ચાલ્યા આવતા મચ્છઉપર તેઓની દૃષ્ટિ પડી.

મચ્છપર આરૂઢ થયેલા મનુષ્યને દેખીને તે સર્વે વિસ્મય પામ્યા. આપસમાં બોલવા લાગ્યા. અરે ! આતો અપૂર્વ આશ્ચર્ય ! ગરૂડપર ચઢેલા શ્રીકૃષ્ણની માફક, આ જલહસ્તી પર ચડીને કોણ આવે છે ?

રાજા—સુભટો ! આ કિનારા તરફ આવતા મચ્છને કે મનુષ્યને તમારે કોઇએ કાંઇ પણ ઇજા ન કરવી.

લોકોપણ કૌતુહલથી આકર્ષાઇ, મૌનપણે ઉભા રહ્યા અને આવતા મચ્છને એકી નજરે જોવા લાગ્યા.

જે બાજુ લોકો એકઠા થયા હતા. તે બાજુને મૂકી બીજી તરફ કિનારા પાસે જઇ મચ્છ ઉભો રહ્યો. અને પીઠઉપર રહેલી મલયાસુંદરીને પોતાની મૃદુ શુંઢવડે હળવે હળવે ઉતારી, શુદ્ધ ભૂમિપર લાવી મૂકી અને છેવટે નમસ્કાર કરી, વારંવાર મલયાસુંદરી સંમુખ જોતો તે મચ્છ પાછો સમુદ્રની અંદર ચાલ્યો ગયો.

## પ્રકરણ ૩૯ મું.

## કામી કંદર્પના હાથમાં મલયાસુંદરી.

મલયાસુંદરીનું શરીર અત્યારે અનેક વ્રણોથી (છિદ્રોથી) ભરપુર હતું વેદના, ક્ષુધા, તૃષા અને પરિશ્રમથી ઘણુંજ અશકત થઈ ગયું હતું, પુરૂં બોલવાની પણ તેનામાં શક્તિ નહોતી.

મચ્છ પાણીમાં ચાલ્યો ગયો, ત્યાર પછી કંદર્પ રાજા, મલયાસુંદરી પાસે આવ્યો. આવું અશક્ત શરીર છતાં તેની લાવણ્યતા કાંઈ તદ્દન નાશ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પામી નહોતી. મલયાસુંદરી સન્મુખ જોઇ રાજા પોતાના મનુષ્યોને કહેવા લાગ્યો. આ કોઇ સુંદર સ્ત્રી જણાય છે, પણ આ મચ્છનો અને આનો સંબંધ શો ? આવા પ્રયત્નપૂર્વક સમુદ્રમાંથી બહાર લાવી તેણે આને અહીં કેમ મૂકી ? વળી તે મચ્છ, વારંવાર પાછું વાળી વાળી જોતો કેમ ચાલ્યો ગયો ?

આ વાતની આપણને કાંઇ સમજ પડતી નથી. આ સ્ત્રી આપણને તે સર્વ વાત જણાવશે. આના શરીરપર, નક્ર, ચક્રાદિ સમુદ્ર મચ્છોનાં કરેલાં અનેક ક્ષતો ( છિદ્રો ) જણાય છે. તેથી એ અનુમાન થાય છે કે આ સ્ત્રી સમુદ્રમાં ઘણા વખતથી પરિભ્રમણ કરતી હશે. કોઇ વૈરીએ આને સમુદ્રમાં ફેંકી દીધી હશે ? કે વહાણ ભાગવાથી સમુદ્રમાં પડી હશે ? કે કોઇ અન્ય કારણથી આ મચ્છની પીઠપર આવી પડી હશે ? વગેરે વાતચિત કરતા રાજાએ આ સર્વ વાતના ખુલાસા પૂછવાની ઇચ્છાથી મલયાસુંદરીને જણાવ્યું કે,

સુંદરિ ! હું સાગરતિલકબંદરનો કંદર્પ નામનો રાજા છું. તું બીલકુલ ભય ન રાખીશ. મને જવાબ આપ. તું કોની પુત્રી છે ? આવા દુઃખમાં કેમ આવી પડી ? ને આ મચ્છે, તને અહીં આવી રીતે કયાંથી લાવી મૂકી ?

રાજાના આ શબ્દો સાંભળી મલયાસુંદરીને કાંઇક આનંદ અને કાંઇક ખેદ થયો. તે વિચાર કરવા લાગી કે અહા ! હજી સ્વલ્પ પણ મારાં ભાગ્ય જાગૃત છે. આશાનાં કિરણો કાંઇક પ્રકાશ પડવા અહીં સંભવ છે. પેલા દુષ્ટ સાર્થવાહે પેહેલાં મને અહીંજ પુત્રસહિત લાવી મૂકી હતી. તેજ આ શેહેર છે. મારો પુત્ર આ શેહેરમાંજ છે. મારાં કર્મોએ પણ મને પાછી અહીં લાવી મૂકી છે. જો મારા પુત્રની અહીં કોઇ પ્રકારે મને ખબર મળે તો હું તેને મળું, નેત્રોથી જોઉં, અને અંકમાં રાખી તેનું પાલન કરૂં.

બીજી તરફ વિચાર કરતાં, અહીં મને ભયનું મોટું કારણ છે. આ કંદર્પરાજા મારા પિતા તથા મારા સસરાનો વૈરી રાજા છે. તેની આગળ મારે ઘણું ગુપ્ત રહેવાનું છે. મારૂં જરા પણ વૃતાંત તેને જણાવવું તે ? લાભમાં મોટું નુકસાનકર્ત્તા છે. મારા કુલવંશાદિકની તેને ખબર ? તે મને હેરાન કરશે. બળાત્કારથી શીયળ ખંડન કરશે, અને પુત્ર? નાખશે. માટે આની આગળ મૌન રહેવું તે વધારે ઉચિત ?વું તે યોગ્ય ચાર કરી, ઉંડો નિઃશ્વાસ મૂકી મલયાસુંદરીએ જણાવ્યું ?લ વ્રતવાળા મ-

રાજન્! આ નિર્ભાગ્ય મનુષ્યનું વૃત્તાંત સાંભળવાની તમને કંઈપણ જરૂર નથી, તેમ લાભદાયક પણ નથી. હું પરદેશની રહેનારી, પુણ્યના નાશથી દુ:ખી થઇ, રાંકની માફક દુ:ખમાં રોળાઉંછું.

દુ:ખ અને દયાની લાગણી ઉત્પન્ન કરે તેવાં મલયાસુંદરીનાં વચનો સાંભળી, સેવકોએ રાજાને જણાવ્યું કે, મહારાજા! આ સ્ત્રી દુ:ખના ભારથી અત્યારે દુ:ખી થઈ રહી છે. અને ઇષ્ટ મનુષ્યના સયોગથી ભ્રષ્ટ થયેલી જણાય છે. માટે તે બીલકુલ બોલી શકતી નથી. તો અત્યારે આ સ્ત્રીને આપે કાંઈ પણ ન પૂછવું. પણ અનુકંપા કરવા લાયક આ સ્ત્રીઉપર કોઇ પણ જાતનો ઉપકાર કરવો તે જ યોગ્ય છે.

રાજા—ભદ્રે! તું અત્યારે અત્યંત દુ:ખમાં છે. તેમજ બોલીપણ શકતી નથી, તથાપિ તારૂં નામતો કહી આપ.

મલયાસુંદરીએ મંદ સ્વરે ઉત્તર આપ્યો. મારૂં નામ મલયાસુંદરી છે.

રાજાએ સેવકો પાસે તત્કાળ પાલખી મંગાવી. પાલખીમાં મલયાસુંદરીને બેસારી, તે પોતાના મ્હેલમાં લઇ ગયો, અને સંરોહણી ઔષધિ મંગાવી તેના સર્વ વ્રણોઉપર લગાવી દીધી. ઔષધિના પ્રભાવથી તેના સર્વ વ્રણો થોડાજ વખતમાં રૂઝાઇ ગયા અનુક્રમે મલયાસુંદરીનું શરીર પૂર્વની માફક કાંતિ અને શક્તિથી ભરપુર થઇ આવ્યું.

મલયાસુંદરીનું શરીર સારૂં થતાં, રાજાએ તેને એક જુદા મ્હેલમાં રાખી. તેની સેવામાં અનેક દાસ દાસીઓ મૂક્યાં, અને સુંદર વસ્ત્રાલંકારોથી નિરંતર સત્કાર કરવા લાગ્યો.

ચતુર મલયાસુંદરી ચેતી ગઈ. આ સન્માન ભવિષ્યમાં મને દુ:ખરૂપ નિવડશે, એ તેણે નિશ્ચય કર્યો. ધર્મપરાયણ, પરોપકારી, મહાત્માઓ અને માતા પિતા, ભાઇ, ઇત્યાદિ સંબંધીઓ સિવાય, વિના પ્રયોજને જે સ્ત્રીનો આદર, સત્કાર થતો હોય તો સમજવું કે અવશ્ય તેમાં કાંઇ ગૂઢ સ્વાર્થ રહેલો છે. અને તે વખત જતાં કાળાંતરે પ્રગટ થાય છે. આ સર્વ સમજવા છતાં, અત્યારે નિરૂપાય હોવાથી ભવિષ્યની રાહ જોતી, મલયાસુંદરી ધર્મધ્યાનમાં તત્પર રહી દિવસો ગુજારવા લાગી.

અનુમાન કરેલું ભવિષ્ય સત્ય થયું. રૂપ અને લાવણ્યતાની અદ્દ્ભૂતતા જોઇ કામી કંદર્પ રાજા ચમત્કાર પામ્યો. દાસીદ્વારા મલયાસુંદરીને તેણે જણાવ્યું કે 'તું મારી સ્ત્રી થવાને કબુલ થા. પટરાણીનો પટાભિષેક તનેજ કરવાનો મેં નિર્ણય કર્યો છે. તારા મોહક, રૂપ અને ગુણો આગળ તારાં

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

આદેશમાં તત્પર રહેવાનું મને કાંઇ કઠીણ નથી.' ઇત્યાદિ શામ દા-માદિ ભેદથી દાસીએ મલયાસુંદરીને રાજાનો સંદેશો કહી બતાવ્યો. ઉત્તરમાં મલયાસુંદરીએ ગુસ્સે થઇ તેને બહાર કાઢી. થોડા વખત પછી રાજા પોતે મલયાસુદરી પાસે આવ્યો અને સ્નેહની લાગણીથી બોલવા લાગ્યો. " સુંદરી ! મારૂં વચન પ્રેમપૂર્વક તારે માન્ય કરવું જોઇએ. ઉભય-પક્ષી પ્રેમથી સંસાર સુખરૂપ નિવડે છે. છતાં જો મારૂં વચન પ્રીતિથી માન્ય નહિ કરીશ તો બલાત્કારથી પણ હું તને ભોગવીશ. મારૂં મન તારા સુદર રૂપઉપર મોહી રહ્યું છે."

મલયાસુંદરી વિચારમાં પડી હું પહેલેથીજ જાણતી હતી કે આ આશયથીજ તે મને અહીં લાવ્યો છે, અને આજપર્યંત મારો સત્કાર પણ આ આશયથીજ તે કરતો રહ્યો છે. આજે તે ગુપ્ત આશય તેણે મારી આ-ગળ પ્રગટ કર્યો છે. અરે ! આ મારા સુંદર રૂપને ધિક્કાર થાઓ. આ મ-નોહર યૌવન પાતાળમાં જઇ પડો. આ રૂપ અને યૌવનથીજ હું આટલી કદર્થના પામી છું. હું સમુદ્રમાંજ કેમ ન ડુબી ગઇ ? અથવા તે મચ્છે મને શા માટે સમુદ્રમાંથી પાર ઉતારી કે, આ નરક સરખી માનસિક યાતના ( પીડા )માં પાછી હું આવી પડી

ખરી વાત છે કે ધર્મિષ્ટ મનુષ્યને જ્યારે પોતાનો ધર્મ જતો હોય, અથવા જ્યાં ધર્મનો નાશ થતો હોય, ત્યારે તે સ્થળ કે, તે તરફનાં ગમે તેવાં શારીરિક સુખ હોય, પણ તે નરકસમાન અનિષ્ટજ લાગે છે. બાકી જેને ધર્મની પરવાજ નથી, ભવભ્રમણથી ખિન્નતા આવી નથી, તેવાં મનુ-ષ્યો માટે તો કાંઇ બોલવાનું નથી. તેવાઓને તો આવા પ્રસંગો આનંદની લહરીઓ સમાન થઇ પડે છે.

અરે ! આ કામાંધ રાજા બળાત્કારથી પણ મારૂં શીયળ ખંડિત કરશે, તો શીયળ ખંડિત થયા પહેલાંજ મારે કોઈ પણ ઉપાયથી પ્રાણ ત્યાગ કર-વો તે શ્રેષ્ટ છે. મારા આ વિચારને અનેક મહા પુરૂષોએ સહાનુભૂતિ આપી છે. તેઓ કહે છે કે,

वरं मृत्युर्न शीलस्य भंगो येनाक्षतव्रतः
देवत्वं लभते याति नरकं तु क्षतव्रतः ॥ १

મરણ પામવું તે ઉત્તમ છે, પણ શીયળનું ખંડન કરવું તે યોગ્ય નથી. પૂર્ણ વ્રતવાળા મનુષ્યો દેવપણું પામે છે, ત્યારે ખંડિત વ્રતવાળા મ-નુષ્યો નરકમાં જાય છે.

P. P. Ac. Gunratnasuriji M.S.                Jin Gun Aaradhak Trust

આ દૃઢ નિશ્ચય કરી મલયાસુંદરીએ રાજાને જણાવ્યું. મહારાજા ! ન્યાયનિષ્ટ અને હિતસ્વી રાજાઓ નિરંતર પ્રજાનું પુત્રની માફક પાલન કરે છે. તમારા જેવા ન્યાયી રાજાઓ જ્યારે ન્યાયનો ત્યાગ કરી આવા અકાર્યમાં પ્રવૃત્તિ કરશે તો આ સર્વ પ્રજાનો અનાયાસેજ નાશ થયો સમજો. શું જેનું શરણુ તેનાથીજ ભય ? સતીના શીયળનો વિધ્વંસ કરનારા પાપી જીવો આ દુનિયામાં પોતાની અપકીર્તિ ફેલાવે છે, અને પુનર્જન્મમાં નરકાદિકની તીવ્ર યાતનાઓ ભોગવે છે. સતીના શીયળનું ખંડન કરવું એજ પ્રથમ, કેસરીસિંહની કેશવાળી લેવાની માફક કે, દષ્ટિવિષ સર્પના મસ્તકપરથી મણી લેવાની માફક દુર્ઘટ છે. તથાપિ કોઇ પાપી જીવ તેવો પ્રયત્ન કરે તો સ્ત્રીઓ શ્રાપ આપી, પોતાના શીયળના પ્રભાવથી બાળીને ભસ્મ કરી નાખે છે. માટે હે રાજા ! તારે ચેતવાની જરૂર છે. તારા નિર્મળ કુળને કલંક નહિ લગાડ. તારો વંશ વિશાળ છે. કુળ વિમળ છે. તું ગુણવાન છે માટે આવું અકાર્ય કરવું તે તને કોઇ પણ રીતે યોગ્ય નથી. આ પ્રમાણે શામ અને ભેદના પ્રયોગથી તે સતીએ રાજાને ઘણો બોધ આપ્યો. પણ પથ્થરઉપર પાણી. કામાંધ રાજા પોતાના અભિપ્રાયથી પાછો ન હઠયો.

આ સ્ત્રીનું શીયળ, મારે બળાત્કારે પણ ખંડિત કરવું. તેના શીયળની શક્તિથી ભલે તે મને બાળીને ભસ્મીભૂત કરી નાંખે.

આ પ્રમાણે વિચાર કરતો કંદર્પ રાજા તે અવસરે તો મલયાસુંદરી પાસેથી નીકળી, પોતાના મહેલમાં આવ્યો. અને રાજકાર્યમાં કામે લાગ્યો. પણ તે સ્ત્રીનું રૂપ, તેની લાવણ્યતા, અને તેના હૃદયવેધક કઠોર શબ્દો તે રાજાના હૃદયમાં શલ્યની માફક સાલવા લાગ્યા.

રાજાના જવા પછી મલયાસુંદરી પાછી ધર્મધ્યાન કરવામાં સાવધાન થઈ, તેનું મુખકમળ મ્લાન થઈ આવ્યું, તથાપિ શીયળ રક્ષણાર્થે મરવાને પણ તત્પર થઇ રહી.

રાજા વિચારમાં પડયો કે, સ્ત્રીઓને સ્વાધીન કરવામાં બળનું કામ નથી. કોઇ પણ સ્ત્રી તેના ખરા અંતઃકરણપૂર્વક બળથી સ્વાધીન થઇ નથી. પણ પ્રેમ, વિશ્વાસ, વિનય, આશા, અને લાગણીથી સ્વાધીન થઇ શકે છે. માટે તેને સ્વાધીન કરવા માટે મારે કળાકૌશલ્ય વાપરવું જોઇએ. એમ ધારી, તેને મીઠાં વચનોથી સમજાવવા માટે ફરી કેટલીક દાસીઓને મોકલી અને પોતે જાતે પણ અનુકૂળ વચનોથી સમજાવી છતાં. આ મહાસતીના એક રોમમાં પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિકાર ન થયો. તેમજ તેના વિચારમાં જરા પણ ફેરફાર ન થયો. આનું નામ તે સતી સ્ત્રી. અને આજ ખરેખર શીયળવંત કહેવાય.

રાજા થોડો વખત શાંત રહ્યો. મલયાસુંદરીને છંછેડવાનું તેણે મૂકી દીધું. પ્રેમથી સ્વાધીન કરવા માટે, દેશાંતરથી જે ઉત્તમ વસ્તુઓ પોતાની પાસે ભેટ તરીકે આવતી હતી, તે તે વસ્તુઓ મલયાસુંદરીને ભેટ તરીકે મોકલવા લાગ્યો.

એક દિવસે એક પોપટ આકાશમાર્ગે ચાલ્યો જતો હતો. તેની ચાંચમાં એક સુંદર અને પાકું આમ્રફળ (કેરી) હતું. ઘણા ભારથી તે ફળ ઉપાડવાને શુક અસમર્થ થયો. રાજા આ અવસરે મહેલની ખુલ્લી અગાસીમાં બેઠો હતો. પોપટ ઉડતો ઉડતો, તે અગાસીઉપર આવ્યો એટલામાં તેની ચાંચમાંથી તે ફળ છુટી ગયું અને રાજાના ખોળામાં આવી પડયું.

રાજા તે ફળ પોતાના હાથમાં લઇ વિચારવા લાગ્યો કે, આ ફાલ્ગુન માસમાં આ પકવ આમ્રફળ કયાંથી ? વિચાર કરતાં તેને યાદ આવ્યું કે, આ નગરની નજીકમાં છિન્નટંક નામનો પાહાડ છે. તેના અતિ વિષમ અને અર્ધ ઉંચા શિખરપર, સદા ફળ આપનાર એક આમ્રવૃક્ષ છે. તે આમ્રપરથી ફળ લઇ આ શુક ઉડયો જણાય છે અને ફળના વિશેષ ભારથી તેની ચાંચમાંથી આ ફળ અહીં પડયું છે.

આ ફળ હું પોતે ખાઉં કે, આ નવીન આવેલી સ્ત્રીને આપું ? અથવા આ અપૂર્વ ફળથી તે સ્ત્રીની મારાપર અપૂર્વ પ્રીતિ જાગૃત થશે; માટે તેને જ ખાવા માટે મોકલાવું. આ પ્રમાણે વિચાર કરતા રાજાએ, નજીકમાં ઉભેલા પોતાના સેવકને આદેશ આપ્યો કે, અરે સેવક ! આ આમ્રફળ લઇ તમે તે નવીન સ્ત્રી પાસે જાઓ, તેને આ ફળ આપો, અને તે મુકામમાંથી તેને લઈ મારા અંતેઉરમાં લાવી મૂકો. બળાત્કારથી પણ આજે હું મારા મનોરથ પૂરણ કરીશ.

સેવકો આમ્રફળ લઈ મલયાસુંદરી પાસે આવ્યા. આ અમૃતફળ, રાજાએ પોતે ન ખાતાં આપને પરમ પ્રીતિથી ભેટ મોકલાવ્યું છે. આ પ્રમાણે કહી તે ફળ મલયાસુંદરીના હાથમાં મૂકયું.

વિસ્મય પામી મલયાસુંદરીએ તે ફળ તત્કાળ ગ્રહણ કર્યું. અહા ! મારો પુણ્યોદય જાગૃત થયો. અકાળે પણ આ આમ્રફળ મને મળ્યું. હવે સર્વ સારૂં થશે. મારા શીયળનું અવશ્ય રક્ષણ થશે. આ પ્રમાણે વિચાર કરતી મલયાસુંદરીને તે સેવકોએ રાજાના મુખ્ય અંતેઉરમાં લાવી મૂકી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા પાસે આવી તે સેવકોએ તે સુંદરીને અંતેઉરમાં લાવી મૂક્યા-ના સમાચાર આપ્યા. રાજા પણ રાત્રિની રાહ જોતો ઘણા કષ્ટે દિવસ પુરો કરવા લાગ્યો.

મલયાસુંદરી ચિંતવવા લાગી. આ કંદર્પરાજા વિષયાંધ થઇ મને અનેક પ્રકારે કદર્થના કરશે. પોતાના દુષ્ટ અભિપ્રાય પૂર્ણ કરવા માટે આજે મને અંતેઉરમાં લાવવામાં આવી જણાય છે. શીયળ રક્ષણ માટે મારા સ્વામીએ આપેલી ગુટિકા મારી પાસે છે. આજપર્યંત આમ્રફળના અભાવે તેનો ઉપયોગ મારાથી બની શકયો નથી. આજે અનાયાસે તે ફળ મળી ગયું છે. માટે હમણાંજ તે પ્રયોગ અજમાવું. એમ વિચાર કરી પોતાના ધમ્મીલમાંથી (ચોટલામાંથી) ગુટિકા કાઢી, આમ્રરસમાં ઘસી કોઇ ન જાણે તેમ પોતાના ભાળમાં તિલક કર્યું.

ગુટિકાના પ્રયોગથી તે સુંદરી તત્કાળ દિવ્યરૂપ ધારી પુરૂષ થઈ ગયો. પુરૂષરૂપ થવાથી તેને ઘણો આનંદ થયો. નિર્ભય થઈ અંતેઉરના મુખ્યદ્વાર-ઉપર શાંત ચિત્તે બેઠો.

પોતાના મેહેલમાં અતિ અદ્ભુતરૂપવાળા પુરૂષને અકસ્માત્ પ્રગટ થયેલો કે આવેલો જાણી, રાજાની રાણીઓ ત્યાં આવી. વિસ્મયપૂર્વક વિકસિત નેત્રે નિહાળી નિહાળીને તેને જોવા લાગી. અને આપસમાં બોલવા લાગી કે, અહા! આ દિવ્ય પુરૂષ અહીં ક્યાંથી? શું તે પાતાળમાંથી નીકળી આવ્યો કે આકાશમાંથી ઉતરી આવ્યો? આતે કોઇ દેવ છે: કે વિદ્યાધર છે? આ પ્રમાણે બોલતાં બોલતાં અને તે પુરૂષને જોતાં જોતાં, જેમ ચંદ્રોદયથી સમુદ્રમાં પાણી ઉછળે છે તેમ તે રાણીઓના શરીરમાં કામ ઉછળવા લાગ્યો. તેઓનાં નેત્ર, મન, અને શરીર કામથી વ્યાકુળ થયાં. ફળવાળાં વૃક્ષને જોઈ ક્ષુધાતુર થયેલું વાનરાઓનું ટોળું જેમ ફળ ખાવા માટે ઉત્સુક થાય છે, તેમ રાણીઓનાં મન તે પુરૂષસાથે ક્રીડા કરવા માટે ઉત્સુક થયાં. પ્રસરતી સુગંધવાળી આમ્રમંજરીઉપર જેમ ભ્રમરો આવી પડે છે, તેમ તેના શરીરઉપર, તે સ્ત્રીઓના કટાક્ષોનો સમુદાય એકી સાથે પડવા લાગ્યો.

આ દિવ્ય પુરૂષને દેખી, આખું અંતેઉર આ પ્રમાણે વિસંસ્થુળ થયેલું જાણી, વિસ્મય પામેલા પહેરેદારોએ રાજા પાસે જઇ તે વાત જણાવી.

રાજા ઉતાવળો ઉતાવળો અંતેઉરમાં આવ્યો. આવીને જુવે છે તો ધીર, સૌમ્ય, સુખાસીન અને સાક્ષાત્ કંદર્પ હોય તેવો રૂપવાન્ એક નવીન પુરૂષ દીઠો. તેને જોતાં જ રાજા બોલી ઉઠ્યો. અરે! આ પુરૂષ કોણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે! મેહેલમાં તેણે કેવી રીતે પ્રવેશ કર્યો? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં રાજાને કાંઇ જવાબ ન મળ્યો.

રાજાએ **મલયાસુંદરી**ની તપાસ કરાવી પણ કોઇ ઠેકાણે તેનો પત્તો ન લાગ્યો. ભ્રકુટી ચઢાવી રાજાએ પ્રતિહારોને પૂછયું. અરે! પેલા આવાસમાંથી લાવીને હમણાં આંહી એક સુંદરીને મૂકી હતી તે ક્યાં ગઇ? પ્રતિહારોએ નમ્રતાથી જણાવ્યું. દેવ! તે હમણાંજ આ દ્વારપર બેઠી હતી. બહાર ગઇ જ નથી. કેમકે અમે સર્વે આ મુખ્યદ્વારપર પેહેરો ભરતા બેઠા છીએ.

દ્વારપાળનાં વચનો સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો કે કોઇ પણ પ્રયોગથી તે સુંદરીએજ આ પુરૂષનું રૂપ ધારણ કર્યું હોય એમ સંભવે છે. વિશેષ નિર્ણય માટે રાજા તેને પૂછવા લાગ્યો કે, અરે! તું કોણ છે તે અમને કહી બતાવ.

**મલયાસુંદરી**એ જવાબ આપ્યો કે, જેવો હું છું તેવો તું શું નજરે જોઇ શકતો નથી.

રાજા ફરી વિચારમાં પડયો. આનું સ્વરૂપ વિદ્યાધરથી કે સિદ્ધ પુરૂષથી વિલક્ષણ છે. શરીરપરનાં ચિહ્નો કોઇ સામાન્ય પુરૂષનાં જેવાં જણાય છે. ત્યારે વેશ તો **મલયાસુંદરી**ના જેવો જણાય છે. ત્યારે આજ નિર્ણિત થાય છે કે **મલયાસુંદરી**એજ કોઇ પણ પ્રકારે આવું રૂપ ધારણ કર્યું જણાય છે.

રાજા—**મલયાસુંદરી**! મારા મનોવાંચ્છિત ભાવને કોઈ પણ પ્રકારે નહિ ઇચ્છતાં તેંજ કોઇ પ્રયોગથી આ રૂપ ધારણ કર્યું છે.

અરે! સુભટો! શું જુવોછો. આને આ મેહેલમાંથી બહાર કાઢી બીજા આવાસમાં રાખી નજરકેદ કરો. આ અંતેઉરમાં વધારે વખત રહેશે, તો મહાન્ અનર્થ પેદા કરશે.

રાજાનો હુકમ થતાંજ રાજપુરૂષોએ તેને બહાર કાઢી નજીકના આવાસમાં પોતાની દેખરેખ નીચે નજરકેદ કર્યો.

**મલયાસુંદરી**ને ઘણો હર્ષ થયો. પોતાના શીયળનું રક્ષણ થયેલું જાણી તેના આનંદનો પાર ન રહ્યો. તે વિશેષ પ્રકારે ધર્મધ્યાનમાં સાવધાન થઇ રહી.

આટલાથીજ તેના દુઃખનો પાર આવે તેમ નહોતો, કે કંદર્પ રાજા તેને છોડી મૂકે તેમ નહોતું. થોડીવાર થતાંજ રાજા તેની પાસે આવ્યો, અને અનેક પ્રકારના અનુકૂળ ઉપચારથી પૂછવા લાગ્યો.

અરે સુંદરી! તેં પુરૂષનું રૂપ શા માટે અને કયા પ્રયોગથી બનાવ્યું? અને હવે ફરી પાછું સ્ત્રીરૂપ કેવા પ્રયોગથી બનશે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રશ્નને ઉત્તર મલયાસુંદરીએ, મૈનપણારૂપજ આપ્યો. અર્થાત્ કાંઇ ઉત્તર નજ આપ્યો. ખરેખર એવો કોણ મૂર્ખ મનુષ્ય હોય કે પોતાનો થયેલો વિજય તેને મૂકી દઇ, પોતાનો પરાજય થાય તેવો રસ્તો શત્રુને બતાવી આપે.

જ્યારે મલયાસુંદરી તરફથી કાંઇ પણ ઉત્તર ન મળ્યો, ત્યારે ક્રોધાતુર થઇ રાજાએ તેને ઘણો માર માર્યો. પરાધીન સુંદરીએ તે સર્વ મુંગે મોઢે સહન કર્યું. આ પ્રમાણે રાજાએ માર મારવાનું કામ ચાલુજ રાખ્યું. નિરંતરના પ્રહારથી દુઃખી થઇ તેણે વિચાર કર્યો કે, મારે આ સ્થળથી કોઇ પણ પ્રકારે હવે ચાલ્યા જવું એજ શ્રેયસ્કર છે. તોજ આ નરક સરખા દુઃખનો અંત આવશે. તેમજ પુરૂષનું રૂપ હોવાથી બીજે ઠેકાણે તેવી રીતનો પરાભવ થવાનું કારણ પણ નહિજ બને. આ ઇરાદાથી અહીંથી નીકળી જવા માટે તેણે પ્રસંગ શોધવા માંડ્યો.

એક વખત રાત્રિએ સર્વે પેહેરેદારોને નિદ્રામાં પડેલા તેણે દીઠા. આ અવસર જોઇ, કોઇ ન જાણે તેવી રીતે તે ત્યાંથી નીકળી નગરની બહાર આવી. સ્ત્રીજાતિ હોવાથી, તેમજ અનુભવ અને ધૈર્યના અભાવે ત્યાંથી દૂર નાશી છૂટવાની તેની હિમ્મત ન ચાલી. આ દુઃખમાંથી છુટવા માટે છેલ્લો ઉપાય મરણનેજ શરણ થવું, એમ નિર્ણય કરી તે એક જીર્ણ ઘરની ભીંત પાસે જઇ ઉભી રહી.

મરવાથી કે આપઘાત કરવાથી કોઇ પણ વખત દુઃખનો નાશ થતો નથી. પણ ઉલટું આર્ત્ત કે રૌદ્ર ધ્યાન થવાથી વિશેષ પ્રકારે કર્મબંધ થાય છે. અને તેથી ભવિષ્યમાં તે દુઃખમાં વધારો થતો રહે છે.

કર્મબંધનાં કારણને જાણનાર વિવેકી મલયાસુંદરીએ મરવાનો વિચાર કરતાં ઘણી મોટી ભુલ કરી છે. પણ ખરી વાત છે કે જ્યારે મનુષ્યો અનેક પ્રકારની મહાન્ વિપત્તિમાં આવી પડે છે, ત્યારે વિવેક કે વિચારણા ગુમ થઇ જાય છે, ભાન ભૂલાઇ જાય છે, અને તેથીજ આ વિવેકી મલયાસુંદરીએ દુઃખથી કંટાળી મરણને શરણ થવું યોગ્ય ધાર્યું હશે.

આવાં મહાન્ દુઃખમાં કે રોગાદિ ઉપદ્રવોમાં મનુષ્યો આત્મભાન ભૂલી જાય છે. તેનું કારણ એમ જણાય છે કે, તેમનો ધર્મ અભ્યાસ, વિવેક કે વૈરાગ્ય એ લાંબા વખતનો કે દૃઢતાવાળો હોતો નથી. જો લાંબા વખતનો અનુભવ અને તે પણ દૃઢતા પામેલો હોય તો ગમે તેવી આફતમાં પણ તે પોતાનું ભાન કે કર્તવ્ય ભૂલી જતો નથી. આ માટેજ જ્ઞાની પુરૂષો પોકાર કરી આપણને ચેતાવે છે કે, તમે નિરંતર સાવધાન થાઓ. ક્ષણે ક્ષણે આત્મ ઉપ-

યોગની જાગૃતિ રાખો. આખી જીંદગીપર્યંત તમારા લક્ષને, તમારા કર્તવ્યને, અને તમને પોતાને ભૂલો નહિ. આવો દઢ અભ્યાસજ તમારૂં ખરેખર હિત કે રક્ષણ કરનાર છે.

આ જીર્ણ દીવાલની નજીકમાંજ એક મોટો અંધ કુપ નામનો ગહન પણ પાણી વિનાનો કુવો હતો. આજુ બાજુ ફરતાં ફરતાં તે મલયાસુંદરીના જોવામાં આવ્યો. તે કુવાના કિનારાપર ઉભી ઉભી તે વિચાર કરવા લાગી.

હમણાં કે પ્રભાતે, રાજાને ખબર પડશે કે તરતજ, તે મારી પાછળ અવશ્ય આવશે. મને નાશી ગયેલી જાણી રોષાંધરાજા વિવિધ પ્રકારે માર મારી મને મારી નાખશે. તેને હાથે મરવા કરતાં આ કુવામાં ઝંપાપાત કરી આરાધના કે જાગૃતિપૂર્વક પોતાને હાથે મરવું તે મને પોતાને શ્રેષ્ટ જણાય છે. આમ નિર્ણય કરી, પંચપરમેષ્ટિ મંત્રનું સ્મરણ કરવાપૂર્વક, ( સમુદ્રમાં પડયા પછી પેહેલાં જેવીરીતે આરાધના કરી હતી તેવીરીતે ) અંત્ય-આરાધના કરી.

મરવાનો અભિપ્રાય પૂર્ણ થયો છે, તથાપિ પોતાના સ્વામી મહાબળ તરફનો પ્રેમ કે ભક્તિભાવ બીલકુલ ઓછો થયો નહોતો. છેવટમાં દૈવને ઓળંભો આપતાં તેણે જણાવ્યું કે,

ઓ વેરી દૈવ ! મારા સ્નેહી બંધુવર્ગ તરફથી વિયોગણ બનાવી તેંજ મને દુઃખના ભાજનરૂપ કરી છે. નિઃસીમ સ્નેહવાળા પ્રિયતમ મહાબળ ની સાથે પણ તેંજ વિયોગણ કરી છે. દૈવ ! તારામાંજ સુખ, દુઃખ આપ-વાની કોઇ અપૂર્વ ગુપ્તશક્તિ રહેલી છે. તો તુંજ મારાપર પ્રસન્ન થઇને અન્ય જન્મને વિષે પણ મને મારા પ્રિયતમનો મેળાપ કરાવી આપજે.

હે વનદેવીઓ ! અને વનવાસી પશુ, પંખીઓ ! મારો સ્વામી મહા-બળ કોઇપણ સ્થળે તમારા જોવામાં આવે તો તેને મારા છેવટના નમસ્કાર-પૂર્વક જણાવશો કે, વિયોગણ અને દુઃખ સહન કરવાને અસમર્થ, કાયર, મલયાસુંદરીએ આ કુવામાં ઝંપાપાત કરીને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો છે, અને અન્ય જન્મમાં પણ તમને મળવાની રાહ જોતી રહી છે.

આ પ્રમાણે દૈવને ઓલંભો અને વનદેવી આદિને ભલામણ કરી તે અંધ કુવામાં ઝંપાપાત કરવાને મલયાસુંદરી તૈયાર થઇ રહી છે અને છેવ-ટનું પંચપરમેષ્ટિમંત્રનું સ્મરણ કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૪૦ મું.

## અંધકુવામાં વિયોગીના મેળાપ.

અકૃત્રિમ પ્રેમના તંતુ, વિયોગીની શોધમાં છેવટે મરણપર્યંત લંબાય છે, ખરા પ્રેમીઓ પોતાના પ્રેમપાત્રની પાછળ પ્રાણાર્પણ કરે છે. સુખે સુખી અને દુઃખે દુઃખી. સુખમાં આગળ અને દુઃખમાં પાછળ ચાલનાર ખરા પ્રેમીઓ છે. આપ્રત, વિપત્તિ, વિયોગ, કે દુઃખના અવસરેજ પ્રેમીઓના પ્રેમની, સ્નેહીઓના સ્નેહની, અને રાગીઓના રાગની ખબર પડે છે. સંકટ આવ્યે નાશી જનારાઓ, સ્વાર્થ સર્યે પલાયન થનારાઓ, અને દુઃખ આવ્યે દગો દેનારાઓ પ્રેમી નથી, સ્નેહી નથી, રાગી નથી. પણ પ્રેમ, સ્નેહ, કે રાગને બાને પડદા પાછળ રહી ફોલી ખાનારાં ગીધડાં, શ્વાન, કે શીયાળીઆં છે.

**મહાબળ**નો પ્રેમ અકૃત્રિમ હતો. **મલયાસુંદરી**ની આપ્રત દૂર કરવા, તેની શોધ માટે રાજ્યવૈભવનો ત્યાગ કરી એકલો નીકળી પડયો હતો. તે ધારત તો બીજી અનેક રાજકુમારીઓનું પાણિગ્રહણ કરી શકત. તેનો પ્રેમ અત્યારના પામર જીવોના જેવો નહોતો કે એક હૈયાત સ્ત્રીને રોવરાવીને બીજી સ્ત્રી કરી બેસે. સ્ત્રીનું મડદું હજી સ્મશાને પણ પહોંચ્યું ન હોય તે પેહેલાંતો રાતી પાઘડી બાંધી બીજી સ્ત્રીની સાથે સંબંધ નિર્ણય કરી બેસે. ખરેખર આવા વિષયાંધ અને સ્વાર્થસાધક [1]સાધુઓના કરતાં, સ્ત્રીઓને તેમના પ્રેમ માટે હજારવાર ધન્યવાદ આપવો ઘટે છે, કે ગમે તેવી સ્ત્રી, તેના ધણીની પાછળ, છ કે બાર માસપર્યંત તેના પ્રેમને સંભારે છે, ઉદાસીન રહે છે. ઉદ્‌ભટ વેશનો ત્યાગ કરે છે, સરસ આહાર ત્યજે છે, તપશ્ચર્યા કરે છે. અને ઘણી કુલીન સ્ત્રીઓ યાવત્ જીવનપર્યંત અન્ય પુરૂષનો સ્વીકાર નહિ કરતાં બ્રહ્મચર્ય પાળે છે. અને તપ, જપ, આદિ ક્રિયાઓ કરી આખી જીંદગી ધર્મધ્યાનમાં પસાર કરે છે.

**મલયાસુંદરી**ની શોધમાં, **મહાબળ**ને લગભગ એક વર્ષ થવા આવ્યું હતું. છતાં કોઇ ઠેકાણે તેના સમાચાર પણ મળ્યા નહિ આજે તે નિરાશ થઇ ગયો હતો. રસ્તાનો પરિશ્રમ, ક્ષુધા, અને તૃષાથી તે કંટાળી ગયો હતો.

૧. પામરો–અથવા વિષયના ભિખારીઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને હવે જો તેની કાંઇ પણ ખબર ન મળે તો, તેની પાછળ પ્રાણ અર્પણ કરવો, એ છેવટના નિર્ણયપર આવ્યો હતો.

સંધ્યા વખતે આજેજ તે સાગરતિલકબંદરપર આવી રહ્યો હતો. રસ્તાના વિશેષ પરિશ્રમથી આગળ ન જતાં થોડીવાર પહેલાં, જે દીવાલની ઓથે મલયાસુંદરી થોડીવાર ઉભી હતી, તેજ દીવાલના પાછલાભાગ તરફ મહાબળ સુઇ રહ્યો હતો.

પરિશ્રમથી તે થાકી ગયો હતો છતાં પ્રિયાનો વિયોગાગ્નિ એટલો બધો તેને સંતપ્ત કરતો હતો કે, તેથી જરામાત્ર પણ નિદ્રા આવતી નહોતી. તે સુતો સુતો એજ વિચાર કરતો હતો કે હવે મારે તે સુંદરીની શોધ કયાં કરવી ? કેમકે મોટાં મોટાં શેહેરો, જંગલો, પહાડો, ગુફાઓ, અને રાનો વગેરે અનેક સ્થળે હું ફરી વળ્યો. છું. તે સર્વ સ્થળે ઘણી બારીકાઇથી મેં તેની શોધ કરી છે તથાપિ તેનો કાંઇ પણ પત્તો મળ્યો નથી. હવે શોધ કર્યા વગરનું આ શેહેરજ બાકી છે. પ્રભાતે અહીં તેની તપાસ કરીશ. આવા વિચારમાં મહાબળ ગુંથાયો હતો. ત્યાં દૈવઉપાલંભના છેવટના મલયાસુંદરીના શબ્દો તેના કર્ણગોચર થયા. તે વિચારમાં પડયો. અહા ! આ અપૂર્વ શબ્દો મારી પ્રિયાના સરખા કોઇ દુઃખીની સુંદરીના છેલ્લા મરણસૂચક સંભળાય છે. હું ત્યાં જાઉં, અને તેને મળું, તેને દિલાસો આપું અને બની શકે તો તેનું દુઃખ દૂર કરૂં; ઇત્યાદિ વિચાર કરતો મહાબળ તરતજ ઉભો થયો, અને જે દિશા તરફથી તે શબ્દો આવતા હતા તે દિશા તરફ દોડયો. દોડતાં દોડતાં તેણે મોટે અવાજે જણાવ્યું. સુંદરી ! સાહસ નહિ કર. તું મરીશ નહિ. થોડો વખત વિલંબ કર, વિલંબ કર.

મહાબળના આ શબ્દો કાનપર પડે તે પહેલાંતો અંધકુવામાં મલયાસુંદરીએ યાહોમ કરીને ઝીપલાવી દીધું.

મહાબળ પણ કાંઇ કાયર નહોતો. તેમ તેનો સ્નેહ પણ કાંઇ ઓછો નહતો. જેને માટે રાજ્યવૈભવ મૂકી, આવી પાંથિકવૃત્તિ સ્વીકારી હતી, તે પ્રિયા હવે કાંઇ છેટી નહતી. અર્થાત્ થોડાજ હાથને આંતરે હતી. તેને માટે તે કાંઇ વાર લગાડે તેમ ન હતું. મલયાસુંદરીની પાછળ મહાબળે પણ તેજ કુવામાં પડતું મૂકયું.

કુવામાં પડયા પછી મહાબળે હાથના સ્પર્શથી તપાસ કરી તો, પોતાની પેહેલાં પડેલો પુરૂષ ગાઢ મૂર્ચ્છામાં પડયો હતો. તેને કાંઇક વિશેષ વેદના થતી હતી. છતાં મંદમંદ સ્વરે તે એટલું બોલતો હતો કે, મને મહાબળનો મેળાપ થજો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહાબળને વિસ્મય થયો. પોતાના હાથથી તેનું શરીર દબાવવા લાગ્યો; થોડીવારે મૂર્છા વળતાં તેને ચૈતન્ય આવ્યું.

મહાબળ વિચારમાં પડ્યો કે, આ પુરૂષ મને સંભારે છે કે મારા નામવાળા કોઇ બીજા પુરૂષને યાદ કરે છે. તેનો નિર્ણય કરવા માટે મહાબળે તેને જણાવ્યું કે, સાહસિક ! તું કોણ છે ? અને કુવામાં તેં શા માટે ઝંપાપાત કર્યો ?

મલયાસુંદરીએ મહાબળનો શબ્દ ઓળખ્યો, તેને જણાવ્યું કે, તમે કોણ છો ? મારી પછાડી કુવામાં પડવાનું તમને શું કારણ હતું. વિગેરે મારે પણ પુછવાનું છે. પણ તે સર્વ વાત આપણે પાછળથી કરીશું. પ્રથમતો મારા કપાળમાં રહેલું તિલક, તમે તમારા થુંકથી બગાડી નાખો, એટલે મારા પુણ્યોદયથી પ્રાપ્ત થયેલા પુરૂષ આગળ મારૂં સર્વ વૃત્તાંત હું નિવેદિત કરૂં.

મહાબળ આ વાતનો મર્મ સમજી ગયો. પોતાના નિષ્ઠ્યુતથી તેનું ભાળ મર્દિત કર્યું કે, તરતજ તે પુરૂષ સ્ત્રીરૂપે થઇ ગયો. અર્થાત્ મલયાસુંદરીનું સ્વાભાવિક રૂપ પ્રગટ થયું.

આ અવસરે કુવાની ભીંતના એક પોલાણમાં રહેલા સર્પે પોતાની ફેણા બહાર કાઢી. તેની ફણાઉપર તેજસ્વી મણિ હોવાથી તેના તેજથી કુવામાં પ્રકાશ થયો. વિયોગી દંપતીના તારામેલન માટે પ્રકાશ કરી, સર્પે ભવિષ્યમાં થનાર ઉદયની આગાહી બતાવી. પ્રિયાને નિરખવા માટે ઉત્કંઠિત થયેલા મહાબળે, મણિના પ્રકાશની મદદથી પોતાની પાસે ઉભેલી મલયાસુંદરીને દીઠી. તેને જોઇ મહાબળ બોલી ઉઠ્યો. અહા ! શું આજે વાદળ વિનાની વૃષ્ટિ ! જેની શોધ માટે ભમી ભમીને થાકી ગયો, છતાં કોઇ ઠેકાણે નહિ જણાયેલી સુંદરી આજે વિધિયોગે અંધકુપમાં મળી આવી.

મલયાસુંદરી—ઓ વિધિ ! જેના વિયોગથી માથે દુઃખના ડુંગરો ઉગ્યા, જેના મેળાપની આશા મૂકી આજે મરણનું શરણ લીધું છે, તે સ્વામીનો આમ અકસ્માત મેળાપ થયો તે મારાં અહોભાગ્યની નિશાની છે. આ પ્રમાણે બોલતાં દંપતી પરસ્પર ભેટી પડ્યાં. નેત્રમાંથી હર્ષાશ્રુનો પ્રવાહ છુટ્યો.

મહાબળ—પ્રિયા ! આજપર્યંતનો તારો સર્વ વૃત્તાંત મને જણાવ.

મહાબળના આદેશથી મલયાસુંદરીએ કંપતા શરીરે, દુઃખિત હૃદયે અને ઝરતા અશ્રુપ્રવાહે, અનુભવેલો સર્વ વૃત્તાંત નિવેદિત કર્યો.

આ વૃત્તાંત સાંભળી મહાબળને ઘણું દુઃખ થયું, તેનાં નેત્રમાંથી આં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુનો પ્રવાહ વહેવા લાગ્યો. હા ! હા ! દેવી ! શું આવાં દુઃખનો અનુભવ કરવા માટેજ તારો જન્મ થયો છે ! તું આવા અસહ્ય દુઃખાર્ણવમાં પડી ! સુકુમાર અને ભોગને યોગ્ય આ શરીરે તેં આ દુઃખ કેવી રીતે સહન કર્યાં. અથવા ખરી વાત છે, કે કરેલ કર્મ અનુભવનો ન્યાય કોઈથી પણ ઉલંઘન કરી શકાતો નથી.

સુંદરી ! સાર્થવાહે તારી પાસેથી લઇ લીધેલ આપણો પુત્ર હાલ ક્યાંછે?

**મલયાસુંદરી**—સ્વામીનાથ ! તે સાર્થવાહે આજ નગરમાં કોઇ પણ સ્થળે પુત્રને મૂકયો છે. પણ ચોકસ ઠેકાણાસિવાય તે બાળક આપણને કેવી રીતે મળી શકશે?

**મહાબળ**—આ કુવામાંથી કોઇ પણ પ્રકારે બહાર નીકળ્યા પછી તે કુમારની તપાસ કરીશું.

**મલયાસુંદરી**—મારા વિયોગ પછીથી આપે કેવી રીતે દિવસો પસાર કર્યાં. **મહાબળે** ભાલ્લરાજાને છતી આવ્યા પછીથી આજપર્યંતનો પોતાનો અનુભવેલો સર્વ વૃત્તાંત જણાવ્યો.

આ પ્રમાણે અન્યોઅન્ય વાર્તાલાપરૂપ અમૃતથી શ્રુતિપુટને તૃપ્ત કરતાં રાત્રી પૂર્ણ થઇ પ્રભાત થયું.

કેટલાક વખત પછી પેહેરેગીરો જાગૃત થયા. તપાસ કરતાં રાજાએ સોંપેલ નવીન પુરૂષ જોવામાં ન આવ્યો. તરતજ રાજાને ખબર આપી. અનેક પુરૂષોને સાથે લઇ, પગલે, પગલે, તપાસ કરતાં રાજા છેવટે કુવા ઉપર આવી પહોંચ્યો. કુવામાં તપાસ કરતાં સ્ત્રી, પુરૂષ બન્ને જોવામાં આવ્યાં. રાજાને ઘણો વિસ્મય થયો. તે વિચારવા લાગ્યો કે, આ પુરૂષ તેનો કોઇ પ્રિયસબંધી જણાય છે. **મલયાસુંદરી** તેની સાથે વાર્તાલાપ કરી રહી છે. તેમજ તેનું સ્વાભાવિક સ્વરૂપ પણ અહીં પ્રગટ થયું જણાય છે.

અહા ! શું આ પુરૂષનું અદ્દભૂત રૂપ છે ! તેનું સૌભાગ્ય ! તેનું યૌવન ! આ બન્નેનો સંયોગ પણ યોગ્ય જ છે. વિધિપણ ખરેખર વિદ્વાન્ જ છે કે, આ બન્નેનો અનુકૂળ સંયોગ મેળવી આપ્યો છે. સ્વર્ગમાં રહેલ દેવ દેવીની માફક, કે રતિ અને કામની માફક આ જોડું શોભે છે. આ લોકમાં પણ આ બન્નેનો જન્મ સફળ છે. વિગેરે વિચાર કરતાં તે કંદર્પાધ કંદર્પ રાજાએ, કુવામાં રહેલાં દંપતીને જણાવ્યું કે, " હું તમને અભય આપું છું. તમે બન્ને જણ કુવામાંથી બહાર આવો, આ રજ્જુ સાથે બાંધેલી માચીઓ કુવામાં

મૂકવામાં આવે છે. તેના ઉપર તમે ચઢી બેસો. એટલે હું તમને બહાર કઢાવું છું."

**મ**લયાસુંદરીએ **મ**હાબળને જણાવ્યું. પ્રિય ! આજ કંદર્પરાજા વિષયાંધ થઇ, મારે પગલે પગલે અહીં આવ્યો જણાય છે. આ કામાંધરાજાએ મને ઘણા દિવસ સુધી કદર્થના કરી દુઃખ આપ્યું છે. મને મોટો ભય રહે છે કે, તે મારાપર આસક્ત હોવાથી આપને મારી નાખશે.

**મ**હાબળ—કાંતા ! જો આ કુવામાંથી કોઇપણ પ્રકારે હું બહાર નીકળીશ તો પછી તેનો ઘાટ ઘડવાના સર્વ ઉપાયો શોધી કાઢીશ, અને પછી નિર્ભય થઇ આપણે સ્વદેશ જઇશું; માટે ભય નહિ કર. એક માચીપર તું ચઢી બેસ, અને બીજીપર હું ચઢી બેસુંછું.

**મ**લયાસુંદરીએ આજ્ઞા માન્ય કરી. બન્ને જણ એક એક માચીપર ચઢી બેઠાં. રાજાએ પણ તે માચીઓ ઉપર ખેંચવા માટે સેવકને આજ્ઞા આપી. રાજાના ઉચ્છેદ માટે જ જાણે પાતાળમાંથી સર્પ કરંડીઆ બહાર કાઢતા હોય તેમ ઉંચે ખેંચતાં બન્ને માચીઓ કુવાના કાંઠા નજીક આવી એટલે **મ**લયાસુંદરીની માચી રાજાએ પહેલી બહાર કઢાવી.

**મ**હાબળની માચી કુવાના કાંઠા નજીક આવલી દેખી **મ**હાબળને જોતાંજ રાજા વિચારમાં પડયો. અહા ! આવા નિઃસીમ રૂપ, લાવણ્યતાવાળો યુવાન પતિ જેણે સ્વીકાર્યો છે તે સ્ત્રી, ઘણી તાડના કરવા છતાં પણ બળેલા અંગારા સરખા રૂપવાન્ મારા સન્મુખ પણ જુએ ખરી કે ? જ્યાં સુધી આ પુરૂષ જીવતો છે ત્યાંસુધી આ સ્ત્રી મારી ઇચ્છા કરેજ શાની ? ખરીવાત છે. મણિની ઇચ્છા પથ્થરનો સમાગમ કરવાની હોયજ નહિ. ત્યારે શું કરવું ! અરે, શું કરવાનો વિચારજ શા માટે કરવો ! છેલ્લો ઉપાય અજમાવી દેવો. આમ નિર્ણય કરવાની સાથેજ **મ**હાબળની માચીના દોર પોતાના હાથમાં રહેલી તલવારથી તરતજ કાપી નાખ્યા. દોર કપાતાની સાથે જ **મ**હાબળ પાછો કુવામાં જઈ પડયો. **મ**હાબળને કુવામાં પાછો નાખ્યો જાણીને તેની પછાડી **મ**લયાસુંદરી પણ ઝંપાપાત કરવા દોડી. પણ રાજાએ તેને જોરથી પકડી રાખી અને ઘણી મેહેનતે તેને બાંધીને રાજા પોતાના મહેલમાં લઇ ગયો.

મેહેલમાં લાવી રાજાએ તેને પૂછયું. સુંદરી ! તે કોણ હતો ! તેનું નામ શું છે ! તે તને કેવી રીતે મળ્યો ! કયા ગામનો રહેનાર છે ! ઇત્યાદિ અનેક ખુલાસા **મ**લયાસુંદરીને પૂછ્યા. પણ તેણે તે સંબંધી કાંઇ પણ ઉત્તર ન આપતાં કેવળ રૂદનજ કર્યા કર્યું. ભોજન પણ બીલકુલ ન લીધું, અને કેવળ દુઃખથી મરવાનેજ ઉત્કંઠિત થઇ રહી. કેટલીકવારે તેણે રાજાને જણાવ્યું કે,

જો હું તે પુરૂષને દેખીશ તોજ ભોજન કરીશ.

રાજાએ વિચાર કર્યો કે તે પુરૂષને બહાર કાઢવાથી મને ફાયદો શું ? ભલે બેચાર દિવસ ભૂખી રહે. છેવટે મારૂં કહેવું માન્ય કરશે. તે પુરૂષ અહીં હશે તો આ મારા સામું પણ જોનાર નથી. તેમ આ અંતઃપુરમાં આને રાખવી તે પણ યોગ્ય નથી. કદાચ પૂર્વની માફક પુરૂષ થઇ જશે તો આખા અંતઃપુરને બગાડશે. ઇત્યાદિ વિચારથી ચારે બાજુથી મજબુત, જુના, અવાવરૂ એક મેહેલમાં મલયાસુંદરીને રાખવામાં આવી, અને તેના ફરતો પોલીસનો મજબુત પેહેરો મૂકી દીધો. રાજ્યકાર્યાર્થે રાજા રાજસભામાં ગયો.

મારા પ્રિયપતિ, કુવામાં શું કરતા હશે ? તેમાંથી બહાર કેવી રીતે નીકળશે ! ઇત્યાદિ વિચાર અને રૂદન કરતાં મલયાસુંદરીએ તે દિવસ પૂરણ કર્યો.

## પ્રકરણ ૪૧ મું.

### કારાગૃહમાં સર્પદંશ.

મલયાસુંદરીને જે મુકામમાં રાખવામાં આવી હતી તે રાજકેદીને પુરવાનું એક કારાગૃહ ( બંધીખાનું ) હતું. તેની પાસે કોઈ પણ દાસ દાસી ન હતું. કેવળ તે મેહેલબહાર આજુબાજુ સીપાઇઓ ફરતા હતા. રાત્રિ થઇ, અંધકાર ચારે તરફ ફેલાયો. પાણી વિના જેમ માછલી તરફડે, તેમ પતિવિયોગથી દુઃખિણી મલયાસુંદરી જમીનપર આમ તેમ આળોટવા લાગી. તેને કોઈ પણ રીતે તે સ્થળે રતિ ન પડી. કાંતો પ્રિય આવી મળે, અને કાંતો કોઇ પ્રકારે જીવિતવ્ય ઉડી જાય. આજ વિચાર કરતી આમ તેમ આળોટતી હતી. તેવામાં તે અવાવર સ્થાનમાંથી એક ભયંકર ઝેરી સર્પે આવી મલયાસુંદરીને દંશ દીધો,

મરણ બુરી ચીજ છે. મલયાસુંદરી એકદમ બુમ પાડી ઉઠી. અરે ! આ મારા પગે દુષ્ટ સર્પ વળગ્યો છે. આ પ્રમાણે બોલતી દેવ, ગુરૂનું સ્મરણ કરવા લાગી.

મલયાસુંદરીની ચીસ સાંભળી યામિકો દોડી આવ્યા. તેમણે એક ભયંકર સર્પ મલયાસુંદરીને પગે વળગેલો દીઠો. હથીઆરથી તે સર્પને તેઓએ મારી નાખ્યો અને તતકાળ રાજાને ખબર આપી કે મલયાસુંદરીને

સર્પદંશ થયો છે. વિષયસ્નેહી રાજા, આકુળવ્યાકુળ થતો; ઉતાવળો ઉતાવળો ત્યાં આવી ઉભો.

રાજાએ તરત શેહેરમાંથી મંત્રવાદીઓને બોલાવ્યા. ભંડારમાંથી જડી બુટ્ટી અને મણિ આદિ સર્પનું ઝેર ઉતારવાનાં સાધનો મંગાવ્યાં. તે સર્વનો પ્રયોગ પણ તત્કાળ કરવામાં આવ્યો. છતાં જરામાત્ર પણ ઝેર ઉતર્યું નહિં. પણ ઉલટું ઝેર વૃદ્ધિ પામ્યું. અને થોડા વખતમાં આખા શરીરમાં ઝેર વ્યાપી ગયું. હળવે હળવે ઇંદ્રિઓની ચેષ્ટા બંધ પડી, અને કેવળ મંદ-મંદ શ્વાસોશ્વાસ શરીરમાં વહેવા લાગ્યો. મંત્રવાદીઓ મંત્ર ભણીને થાક્યા. મણિ અને જડી બુટ્ટીઓ પલાળી પલાળી, પાણી છાંટી છાંટી સર્વ થાક્યા પણ ઝેર નજ ઉતર્યું.

આવા સંકટમાં આવી પડેલી મલયાસુંદરીને નહિ જોઈ શકવાથી રાત્રિ પણ ત્યાંથી ચાલી ગઈ. છતાં તેને સજીવન સ્થિતિમાં આવેલી જોવા માટે સૂર્ય ઉદયાચળ પર આવી બેઠો.

રાજાના કરેલા સર્વ ઉપાય નિરર્થક ગયા. તે નિરાશ થયો. છેવટમાં કાંઇક સારી આશાથી, ઉદ્‌ઘોષણા કરવાપૂર્વક શેહેરમાં પડહ વજાવ્યો કે, " સર્પના વિષથી મૂર્ચ્છા પામેલી મલયાસુંદરીને જે કોઇ સજીવન કરશે તેને હું મારો રણરંગ નામનો હાથી, રાજકન્યા, અને એક દેશ ઇનામ તરીકે આપીશ. "

આ પડહ આખા શહેરમાં ફર્યો, પણ કોઇએ તેનો સ્પર્શ ન કર્યો. ત્યારે કંદર્પ રાજા વિશેષ નિરાશ થયો. એટલામાં એક વિદેશી પુરૂષે આવી તે પડહ સ્પર્શ્યો અને ઉદ્‌ઘોષણા બંધ રખાવી, સર્પનું ઝેર ઉતારવાનું ઘણા ઉત્સાહથી કબુલ કર્યું. રાજપુરૂષો તેને સાથે લઈ રાજા પાસે આવ્યા.

રાજપુરૂષોએ જણાવ્યું. મહારાજા! આ પુરૂષ વિષ પ્રતિકાર કરવાને તૈયાર છે. રાજાએ જરા વિશેષ નીહાળીને તેના સન્મુખ જોયું. જોતાંજ તે પુરૂષને ઓળખી લીધો. હા! આતો તેજ પુરૂષ છે કે, જે કુવાની અંદર મલયાસુંદરી સાથે મેં દીઠો હતો. અરે! તેવા અંધકુપમાંથી તે કેવી રીતે નીકળ્યો હશે? દૈવથી હણાયેલો એવો કોણ મનુષ્ય છે કે મારી આજ્ઞા સિ-વાય તેને બહાર કાઢે! તે અંધકુપમાંથી પોતાની મેળે નીકળવું તેતો અ-શક્યજ છે. ઇત્યાદિ વિચાર કરતા રાજાએ, પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે, ક્રોધના આકારને ગોપવી, કાંઇક હસતા ચેહેરે જણાવ્યું. સત્પુરૂષ! તું મલ-યાસુંદરીને સજીવન કર. તે સજીવન થતાં રણરંગ હાથી, રાજકન્યા, અને એક દેશ હું તને આપીશ.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પુરૂષે જણાવ્યું. રાજન્! મને તે વતુઓની કાંઇ જરૂર નથી. ફક્ત તે મલયાસુંદરી સ્ત્રી જો મને આપો તો હું હમણાંજ તેને સજીવન કરૂં.

આ શબ્દો સાંભળી રાજા વિચારમાં પડયો. અરે! જેને માટે આટલા દિવસથી હેરાન થાઉં છું, જેને માટે રાત્રિ દિવસ સુખે નિંદ્રા આવતી નથી, અને જેને માટે આ પુરૂષને મેં કુવામાં ફેંકી દીધો હતો, તે સ્ત્રીને સજીવન થયા પછી આ પુરૂષ લઇ જાય તો પછી આ સ્ત્રી સજીવન થાય તોપણ ઠીક અને ન થાય તોપણ ઠીક. કેમકે તે સ્ત્રી મારા ઉપયોગમાં તો કાંઇ નજ આવેને. આ ઇરાદાથી રાજા થોડો વખત તો મૌન રહ્યો. પણ થોડીવારે કાંઇક વિચાર કરી, જવાબ આપ્યો કે, હે સત્પુરૂષ! આ સ્ત્રીને સજીવન કર્યાં પછી મારૂં બતાવેલું કાર્ય, જો તું કરી આપીશ તો આ સ્ત્રી તને આપી દઇશ.

મહાબળે વિચાર કર્યો કે, સત્વવાન્ મનુષ્યોને અશકય શું છે! રાજા જે કહેશે તે કાર્ય કરી આપીને પણ હું મારી સ્ત્રીને લઈ ચાલતો થઇશ. ઇત્યાદિ દઢ નિર્ણય કરી તેણે રાજાને જણાવ્યું. રાજન્! તમે જે કાર્ય બતાવશો તે કાર્ય કરી આપીશ.

રાજાએ તે સ્ત્રીને સજીવન કરવાનો આદેશ આપ્યો. મહાબળ, રાજા સાથે મલયાસુંદરી પાસે આવ્યો, આ અવસરે મલયાસુંદરીના આખા શરીરમાં ઝેર વ્યાપી ગયું હતું, અને ગાઢ મૂર્ચ્છામાં પડી હતી, પોતાની વલ્લભાની આ અવસ્થા દેખી તેનું હૃદય ભરાઇ આવ્યું–ઘણી મેહેનતે અશ્રુ પ્રવાહ રોકી રાખ્યો.

મહાબળ—નરેંદ્ર! આ સ્ત્રી સર્વથા પ્રાણરહિત થઇ હોય તેમ જણાય છે. તેના શરીરની ચેષ્ટા તદ્દન બંધ પડી ગઇ છે. શ્વાશોશ્વાસનું હલનચલન પણ જણાતું નથી. છતાં હું મારો પ્રયત્ન કરી જોઉં. તમે અહીં પવિત્ર જળના છંટકાવવાળું એક માંડલું બનાવો, અને સર્વ માણસોને અહીંથી બહાર જવાની આજ્ઞા કરો.

રાજાના આદેશથી રાજપુરૂષોએ તરતજ જળછંટકાવ કરી એક પવિત્ર માંડલું બનાવ્યું. એટલે મહાબળે રાજા પ્રમુખ સર્વ મનુષ્યોને તે મુકામ બહાર બેસવાની ફરજ પાડી.

એકાકી મહાબળે વિષવાળન કરવાનો પ્રયોગ શરૂ કર્યો. મંડળ આલેખી મંત્રાર્ચનાદિ વિધિ કરી. થોડો વખત ધ્યાન ધરી, મહામંત્રનું સ્મરણ કરી, પોતાની કમ્મરમાં રહેલી મણિ બહાર કાઢી નિર્મળ પાણીથી તેનું

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રક્ષાલન કર્યું, અને પછી તે પાણી મલયાસુંદરીના નેત્રોપર છાંટયું. તેની અસરથી હળવે હળવે તેનાં નેત્રો કાંઇક ખુલવા લાગ્યાં. થોડીવારે મુખપર પાણી મૂક્યું, તેથી ધીમે ધીમે શ્વાશ પાછો વળ્યો. અનુક્રમે આખા શરીર પર પાણી છાંટયું. અને થોડું પાણી પીવરાવ્યું. આ મણિના પાણીની એ-ટલી બધી તાત્કાળિક અસર થઈ કે, થોડા જ વખતમાં કુમારના આનંદ સાથે મલયાસુંદરી બેઠી થઇ.

પોતાની પાસે મહાબળને બેઠેલો જોઇ, મલયાસુંદરીના આનંદનો પાર ન રહ્યો. તે કુમારની કોટે વળગી પડી. અને હર્ષના આંસુ વરસાવતી બોલવા લાગી. પ્રિયતમ ! તે અંધ કુપમાંથી તમે કેવી રીતે નીકળ્યા ! અને મને કેવી રીતે સજીવન કરી ?

મહાબળ—પ્રિયા ! રાજાએ માચીનું રજ્જુ છેદી નાંખવાથી હું માંચી-સહિત કુવામાં પડ્યો. માંચી સાથે હોવાથી મને વિશેષ પીડા ન થઇ. હું જ્યારે કુવામાં પડયો, ત્યારે પેલો સર્પ પણ ત્યાંજ હતો. મણિના પ્રકાશથી કુવાની સર્વ ભીંતો મેં તપાસી લીધી, તો જે ઠેકાણે તે સર્પ બેઠો હતો તેજ ઠેકાણે એક દ્વાર મારા જોવામાં આવ્યું. ત્યાં આડી શિલા લગાવેલી હતી. ત્યાં ગુપ્ત દ્વાર હોવાની શંકાથી, મુષ્ટિના પ્રહારથી તે શિલા મેં નીચી પાડી. એટલે સર્પ અવળું મુખ કરી તે ગુહામાં આગળ ચાલવા લાગ્યો. મેં પણ સાહસ કરી તે દ્વારમાં પ્રવેશ કર્યો. સર્પ પણ મસાલ પકડનારની માફક આગળ ચાલતોજ રહ્યો. મણિના પ્રકાશમાં હું પણ આગળ વધ્યો. મેં નિર્ણય કર્યો કે આ સુરંગ, કોઇ પણ ચોરના ગુપ્તસ્થાન તરિકે છે. તો આનું મુખ્ય દ્વાર પણ આગળ અવસ્ય હોવું જોઇએ. વળી આ સર્પ પણ મસાલ પકડનાર સેવકની માફક આગળ ચાલે છે તો અવસ્ય મારાં પુણ્ય હજી જાગ્રત છે. આ પ્રમાણે વિચાર કરતો હું આગળ કેટલીક ભૂમિ ગયો, તેટલામાં સર્પ, અકસ્માત્ કોઈ સ્થળે નાશી ગયો. તેથી ગુફામાં અંધકાર વ્યાપી રહ્યો. અંધકારમાં પણ આગળ ચાલતાં સામે એક પથ્થર સાથે હું અફળાયો—ભટકાયો એટલે તે પથ્થરઉપર જોરથી પાટુનો પ્રહાર કર્યો. તેથી તે સુરંગનું દ્વાર ખુલી ગયું. દ્વાર ખુલતાં જેમ ગર્ભાશયમાંથી જીવ બ-હાર આવે છે તેમ હું તે દ્વારથી બહાર આવ્યો, અને પુનર્જન્મ થયો હોય તેમ હું પોતાને માનવા લાગ્યો. ફરી જીવનનો મને વિશ્વાસ આવ્યો. સર્પના લીસોટાને જોતો હું સાવધાનપણે ત્યાંથી આગળ ચાલ્યો. થોડેક દૂર જતાં એક શિલાઉપર કુંડાળું કરી બેઠેલા તે સર્પને મેં દીઠો. નાગદમની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિદ્યાવડે તે સર્પને વશ કર્યો અને તેના મસ્તકપરની મણિ, ઉપયોગી જાણી લઈ લીધી.

પાહાડથી ઉતરતી નદીના નજીકમાં રહેલા સ્મશાનમાં, આ ગુફા હોવાથી મને ખાત્રી થાય છે કે તે ચોરનીજ ગુહા હોવી જોઇએ. પણ તે બંધ અને અવાવર હોવાથી ચોર મરણ પામ્યો હશે એમ ધારી તેજ શિલાવડે તે ગુહાનું દ્વાર પાછું મેં બંધ કર્યું.

આ રાજાતરફથી મને અન્યાય અને અનર્થ થશે એમ જાણવા છતાં પણ તારા વિરહને નહિ સહન કરી શકવાથી હું ત્યાંથી સિધ્ધો શેહેરતરફ વળ્યો. શેહેરમાં આવતાંજ જાણે તને સજીવન કરવાનું મને નિમંત્રણ થતું હોય તેમ પડહ વાજતો સંભળાયો. લોકોને મેં પડહ વજાવવાનું કારણ પૂછ્યું. તેઓએ તારો સર્પદંશ થવાનો વૃત્તાંત મને જણાવ્યો. એટલે મેં પણ તરતજ તે પડહનો સ્વીકાર કર્યો, અને સર્પ પાસેથી લીધેલા મણિવડે મેં તને સજીવન કરી.

પ્રિયા ! આ રાજા પાસેથી મેં વચન લીધું છે કે મલયાસુંદરી મને આપવી. માટે હવે તારે જરાપણ અધૃતિ ન કરવી. મને નિશ્ચય ખાત્રી છે કે તને રાજા મારે સ્વાધીન કરશે.

આ સમાચારથી, અમૃતથી સીંચાયેલી હોય તેમ મલયાસુંદરી અત્યંત શાંતિ પામી.

મહાબળે રાજાને અંદર બોલાવ્યો કે, મેં આ સ્ત્રીને સજીવન કરી છે, તમે આવીને જુઓ. રાજા અંદર આવ્યો. તો સ્વસ્થપણે બેઠેલી અને મહાબળ સાથે વાતચિત્ત કરતી મલયાસુંદરીને દીઠી. મલયાસુંદરીને જોતાંજ રાજા, પ્રેમાવેશથી પરાધીન થયો. અને મસ્તક ધુણાવી બોલવા લાગ્યો. અહા ! શું આ પુરૂષનું સામર્થ્ય ! જેના જીવિતની બીલકુલ આશા ન હતી, તેને અમારા સુખની સાથે આણે જીવિતદાન આપ્યું.

રાજા—હે ! સત્પુરૂષ તમારૂં નામ શું છે ?

મહાબળ—મારૂં નામ સિદ્ધપુરૂષ છે.

રાજા—સિદ્ધપુરૂષ ! આ સ્ત્રીએ કાલે બીલકુલ ભોજન કર્યું નથી; તો તેને જે યોગ્ય હોય તે તમે ભોજન કરાવો.

સિદ્ધપુરૂષ—શર્કરામિશ્રિત ઉકાળેલું દુધ લાવો.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાનો હુકમ થતાં સેવકો સર્વ સામગ્રી તૈયાર કરી લાવ્યા. મહાબળે પોતાને હાથે મલયાસુંદરીને ભોજન કરાવ્યું.

સિદ્ધપુરૂષ—હવે મને રજા આપો. તમારૂં બોલેલું વચન પાળો. હું મારી સ્ત્રીને લઇ મારા દેશતરફ જાઉં. સૂર્ય, મેઘ, અને સમુદ્રની માફક ઉત્તમ પુરૂષો બીલકુલ મર્યાદા ઓલંઘતા નથી. પોતાનું બોલેલું વચન નહિ પાળી જે રાજાઓ મર્યાદાનું ઉલંઘન કરે છે, તે અવસ્ય પોતાનો અને તેના આશ્રિતોનો નાશ કરે છે.

સત્યતાને ખાતર પ્રજાએ પણ રાજાને સમજાવ્યો. રાજન્! આ સ્ત્રી સિદ્ધને સોંપવી જોઇએ, આપે બોલેલું આપનું વચન સત્ય કરવું જોઇએ, અને દુઃખી દંપતીને સુખી કરવાં જોઇએ.

આ વાત રાજાને બીલકુલ રૂચતી નહોતી. તે સમીવૃક્ષની માફક અંતરમાં ગૂઢ કોપાનળથી પ્રજ્વલિત થઇ રહ્યો. થોડો વખત મૌન રહી અન્ય અન્ય વાતોમાં તે વાત ભુલાવવા લાગ્યો.

રાજા—સિદ્ધપુરૂષ! આ સ્ત્રી સાથે તમારે કાંઈ સંબંધ છે?

સિદ્ધપુરૂષ—હા, તે મારી પ્રિય પત્ની છે. દૈવયોગે તે મારાથી વિખુટી પડી હતી.

રાજા—તમે તમારા કહ્યા મુજબ મારૂં એક કાર્ય કરી આપો. મારૂં મસ્તક નિરંતર દુખ્યા કરે છે, પીડા શાંત થતી નથી. ઇષ્ટ વૈદે જણાવ્યું છે કે, કોઇ ઉત્તમ લક્ષણવાન્ પુરૂષ મળી આવે, તેને ચિતામાં જીવતો બાળવામાં આવે, તે ચિતાની રાખ મસ્તિષ્ક ઉપર લગાડવામાં આવે, તો મસ્તકની પીડા શાંત થાય આ ઔષધ મને લાવી આપો.

મહાબળ, આ શબ્દો સાંભળી વિચારમાં પડ્યો. ખરેખર આ રાજા મલયાસુંદરીમાં આસક્ત થયો છે, અને તેથી તેને લેવા બદલે મને મારવાને ઇચ્છે છે. પોતાના આ દુષ્ટ આશયથી પહેલાંજ તેણે કોઈ પણ કાર્ય કરી આપવાનું વચન મારી પાસેથી માંગી લીધું છે. જો હું આ તેનું કાર્ય નહિં કરી આપું તો તે મારી સ્ત્રી મને આપશે નહિ. આ કાર્ય પણ મરણ પામ્યા સિવાય કરી શકવું અશક્ય જણાય છે. કેટલીકવાર વિચાર કરી સાહસ અવલંબી તેણે જણાવ્યું.

રાજન્! આ ઔષધ સંબંધી તમારે કાંઇ પણ ચિંતા ન કરવી,

આવું દુર્લભ ઔષધ પણ હું તમને મેળવી આપીશ. કાર્ય થયાથી મને મારી સ્ત્રી પાછી સોંપી દેજો, અને સુખે રાજ્ય કરજો.

દુષ્ટ પરિણામવાળો રાજા કાંઈક હસીને બોલ્યો. મહોપકારી સિદ્ધ ! તમે શું કહો છો ? મારો વિશ્વાસ તમને નથી આવતો ? આ કાર્ય સિદ્ધ કરી આવ્યા, એટલે તરતજ તમારી સ્ત્રી તમને સોંપી દઇશ.

આ પ્રમાણે કહી, બન્નેને જુદા જુદા મુકામમાં રાખી, ફરતો મજબુત ચોકી પહેરો મૂકી, હર્ષ પામતો રાજા પોતાના મંદિરમાં ગયો.

## પ્રકરણ ૪૨ મું.

### બળતી ચિતામાં મહાબળ.

પ્રેમીઓને પ્રેમથી જે આનંદ મળે છે, તે આનંદ કરતાં વખતે શોક પણ હજારગણો થાય છે. દુઃખની સંખ્યા ગણનાતીત છે. મનનો દાહ અસહ્ય છે. વચન તે બોલવાને અસમર્થ છે. ત્યારે બીચારૂં પરાધીન શરીર, વિરહથી દુર્બળ થઇ, તેના મેળાપ માટે અગ્નિમાં પણ યાહોમ કરી ઝીપલાવે છે.

મહાબળે. રાજાને કહેવરાવ્યું કે, સ્મશાનભૂમિમાં લાકડાંનો એક મોટો ઢગલો કરાવો તમારા અલૈકિક ઔષધ માટે, બીજા ઉત્તમ લક્ષણવાન્ મનુષ્યના બદલે હુંજ ચિતામાં પ્રવેશ કરી, મૃતકની રક્ષા લાવી આપીશ.

રાજાના આનંદનો તો પારજ ન રહ્યો. જોઈતું હતું ને વૈદે બતાવ્યું. ટાઢા પાણીએ ખસ ગઇ. મહાબળનો આદેશ મળતાંજ રાજાએ અનેક ગાડાંઓ ભરી લાકડાં સ્મશાનમાં મોકલાવ્યાં. આ વાત આખા શહેરમાં ફેલાઇ લોકો હા–હા–રવ કરવા લાગ્યા. અરે ! આવા નિર્દોષ પુરૂષરત્નનો વિનાપરાધે રાજા નાશ કરે છે. શું જીવતાં બળી મુવેલા મૃતકની રાખથી તે માથાનો વ્યાધિ જતો હશે ! રાજાને કોઈ બીજોજ ગૂઢ વ્યાધિ છે.

મહાબળ કુમાર અંતિમ અવસ્થાનો વેશ પહેરી સંધ્યાસમયે સ્મશાનમાં આવ્યો. અનેક રાજસુભટો તેની આજુબાજુ ઉભા હતા. ખેદ, દયા, અને આશ્ચર્યથી, હજારો લોકોની મેદની ભરાઇ હતી.

આ વૃત્તાંતની મલયાસુંદરીને ખબર મળતાંજ તેને ઘણું દુઃખ થયું. તે પોતાને ધિક્કારવા લાગી કે અમારા જન્મને અને શરીરની સૌંદર્ય-

તોને ધિક્કાર થાઓ. આવા પરાક્રમી નરરત્નને અનર્થથી આફતમાં પ- ડવામાં હું અનેકવાર નિમિત્તભૂત થઇ છું. ! હે નાથ ! તમે હમણાંજ એક મહાન્ વિપત્તિનો પાર પામ્યો છો. તેટલામાં વળી આ બીજી, તેનાથી પણ અધિક આપત્તિમાં કયાં આવી પડયા. મારા એક પામર જીવના બચાવ ખાતર, અનેક જીવોને ઉપકારી તમારા પવિત્ર આત્માને, તમે શાસારૂ જો- ખમમાં નાખો છો ?

રાજપુરૂષો તમને પકડીને અગ્નિમાં પ્રવેશ કરાવશે, તે દુઃસહ અ- ગ્નિમાંથી તમે કેવી રીતે નીકળી શકશો ? પ્રિય ! જીવતાં જ અગ્નિ જ્વા- ળામાં પડેલું તમારૂં શરીર, અગ્નિદાહની પીડાને કેવી રીતે સહન કરશે ? તમે અહીં આવીને મને શા માંટે મળ્યા ? અને સર્પદંશથી ડસાયેલી આ પાપિણીને શામાટે સજીવન કરી. તમે અહીંથી બીજે ઠેકાણે ચાલ્યા જાઓ તમારા શરીરને બચાવો. હું આ પાપી રાજાના હાથમાં કદી ફસાવાની નથી. પણ તમે અહીંથી દૂર જતાંજ, આ દેહથી જુદો કરી મારા આત્માને પરલોકમાં મોકલી આપીશ; ઇત્યાદિ અનેક પ્રકારે ધિક્કાર, ઓળંભા, પશ્ચાત્તાપ, શિક્ષા અને વિલાપ કરતાં તથા નેત્રે વારિથી પ્રિયને જલાંજલી દેતાં મલયા- સુંદરીએ પ્રતિજ્ઞા કરી કે, હું જ્યારે મારા સ્વામીને નજરે દેખીશ, ત્યારે જ ભોજન કરીશ. સ્મશાનમાં આમતેમ ફરી, એક સ્થળે ચિતા રચવા માટે, મહાબળકુમારે રાજપુરૂષોને આજ્ઞા કરી.

કુમારનું શૌર્ય, સૌંદર્ય અને સાહસ જોઇ, રંજીત થયેલા, પ્રજાના અનેક આગેવાન મનુષ્યો, કાંઇક દુઃખિત અને કાંઇક ક્રોધિત થઈ રાજા પાસે આવી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા. રાજન્ ! આ મહાન્ અન્યાય થાય છે. રાખના બાનાથી, પરોપકારી સિદ્ધ પુરૂષને આમ પશુની માફક મારવો કોઇપણ રીતે યોગ્ય નથી. આમ કરવા કરતાં, તેની સ્ત્રી પાછી ન આપતાં, તેને જીવતોજ જવા દેવો એ વધારે યોગ્ય છે.

રાજા—પ્રજાજનો ! આ સિદ્ધપુરૂષના જીવતાં, તે સ્ત્રી મારા સન્મુખ તો જોતી નથી પણ, મારૂં નામ સુધાં લેતી નથી. તેમ તે સ્ત્રીવિના મને બીલકુલ ચેન પડતું નથી; એટલુંજ નહિં પણ, તે સ્ત્રીવિના મારો આત્મા આ શરીરમાં ટકી શકશે કે કેમ, તેની પણ મને શંકા છે. ' હા ! વિષયાં- ધતા. હા ! નિર્લજ્જતા. હા ! નિર્બળતા ' પ્રજાજનોએ દીર્ઘ નિઃશ્વાસ મૂકયો.

રાજા—હું આવી રીતે સંકટમાં પડ્યો છું. માટે મારો કોઇપણ ઉપા-

ય નથી. જીવો પ્રધાન—પ્રજા ગણો ! આ વાતમાં તમારે વચ્ચે પડવાની જરૂર નથી. આ સંબંધમાં તમારે કાંઇ પણ ન બોલવું. સિદ્ધ, મરતો હોય તો મરવા દો. શું તેને માટે આપણા રાજાને આપણે આવા સંકટમાં પડેલો જોઇશું ?

પ્રધાનનાં આ વચનો સાંભળી, પ્રજાગણ ઉદાસ થયો. તેઓ આપસમાં બોલવા લાગ્યા. અહો ! જ્યાં રાજા પોતે પાપમાં પ્રવૃત્તિ કરવાવાળો હોય, અને પ્રધાન દુર્બુદ્ધિ આપનાર હોય, ત્યાં ન્યાયની આશા શાની ! ત્યાંની પ્રજાને સુખ ક્યાંથી હોય ! જે રાજાઓનો પોતાના મનપર આટલો પણ અંકુશ નથી, અનેક સ્ત્રીઓ છતાં, વિષયવાસનાની શાંતિ નથી, અને પુત્ર પુત્રીની માફક માનેલી પ્રજાની પાયમાલી કરવાને ઇચ્છે છે, તે રાજાઓ રાજ્ય કરવાને લાયકજ નથી. તેઓમાં રાજાપણાની યોગ્યતાજ નથી. તેઓને પ્રજાએ પદ-ભ્રષ્ટ કરવા જોઇએ.

અહો ! એક સ્ત્રી માત્રને માટે, ક્ષારના દંભથી ( રાખના બાંનાથી ) આવા પુરૂષરત્નનો જે વિનાશ કરે છે, તે દુર્બુદ્ધિઓના મસ્તકપર નિશ્ચે ક્ષારજ પડશે. આ પ્રમાણે અન્યોઅન્ય બોલતા, મનથી કળકળતા લોકો, પાછા ફરી પોતાને ઠેકાણે આવ્યા.

મહાબળકુમાર લોકોના હાહારવ વચ્ચે, સુભટોથી વિંટાયેલો, ચિતા પાસે આવ્યો.

ચિતા ઘણીજ ઉંચી અને પહોળી રચવામાં આવી હતી. લાકડાંની કાંઇ ખોટ નહોતી. કદાચ ચિતામાંથી નજર ચુકાવી આ ચાલ્યો ન જાય એ આશયથી ચિતાની ચારે બાજુ રાજાના સુભટો ફરી વળ્યા હતા.

મહાબળ ચિતા પાસે આવ્યો, ત્યારે લોકોના હૃદયમાં શોકાગ્નિ પ્રગટ થયો; પણ જ્યારે તેણે ચિતામાં પ્રવેશ કર્યો ત્યારે તે શોકાગ્નિ ઉષ્ણ અશ્રુ-રૂપે બહાર આવ્યો, અર્થાત્ લોકો રડવા લાગ્યા. રાજપુરૂષોએ ચિતાની બાજુ લોકોના શરીરમાં દુઃખાગ્નિ સાથે અગ્નિ સળગાવ્યો. ભડભડાટ શબ્દ કરી ચિતા સળગવા લાગી તેની જ્વાળા આકાશમાં લંબાવા લાગી. આટલી અગ્નિ છતા ચિતામાં પ્રવેશ કરેલા રાજકુમારના મુખથી નીકળતો સિત્કાર જેટલો પણ શબ્દ જ્યારે ન સંભળાયો ત્યારે લોકો તેના ધીરત્વની પ્રશંસા કરવા લાગ્યા.

જ્યારે ચિતા સંપૂર્ણ બળી રહી, ત્યારે રાજ પુરૂષો ત્યાંથી પાછા ફરી રાજાપાસે આવ્યા અને સર્વ વૃત્તાંત નિવેદિત કર્યો. આજની રાત્રિએ, રાજા, તથા જીવા પ્રધાનને મૂકીને, આખા શહેરના લોકોને પ્રાયે સુખે નિદ્રા ન

આવી. લોકોએ સિદ્ધનું મરણ અને રાજાનો અન્યાય, આ બે વાતનો વિચાર કરતાં કષ્ટથી રાત્રિ પસાર કરી.

પ્રભાત થતાં જ, માથે રાખનો મોટો પોટલો લઈ બજાર વચ્ચે થઇ, રાજમંદિર તરફ જતો, તે સિદ્ધપુરૂષ લોકોના જોવામાં આવ્યો, સિદ્ધને દેખી લોકો વિસ્મય પામ્યા, લોકોના આનંદનો પાર ન રહ્યો, તેઓએ જણાવ્યું. સિદ્ધપુરૂષ? આ તમારે માથે શું છે? તમે અહીં કેવી રીતે આવી શક્યા?

**મહાબળ**—રાજામાટે તે ચિતાની રાખ લેઇને આવ્યો છું. આ પ્રમાણે ઉત્તર આપતો **મહાબળ** રાજમંદિરમાં આવ્યો. રાજાની પાસે રાખનો પોટલો મૂકી, સિદ્ધે જણાવ્યું. રાજન્! તે ચિતાની આ રાખ છે, દુર્લભમાં દુર્લભ ઔષધ આ છે. હવે તમારી ઇચ્છાનુસાર જોઇએ તેટલી તમારા માથાઉપર નાખો, જેથી તમારા મસ્તકનો વ્યાધિ શાંત થાય.

રાજા—સિદ્ધપુરૂષ! તું ચિતાગ્નિમાં કેમ દગ્ધ ન થયો? આ ઠેકાણે સરલ થવાનું કામ નથી, શઠં પ્રતિ શાઠયં કુર્યાત્' આ ન્યાયને યાદ કરી **મહાબળે** જણાવ્યું.

સિદ્ધપુરૂષ—રાજન્! હું ચિતાની અંદર બળીને ભસ્મભૂત થયો હતો. મારા આવા દૃઢ સત્વથી ખેંચાઇ દેવો મારી પાસે આવ્યા. તેઓએ એ ચિતાને અમૃતનું સિંચન કર્યું. તેથી હું ફરી સજીવન થયો. સજીવન થઇ તમારે માટે આ રાખનું પોટલું બાંધી હું અહીં આવ્યો છું. રાજન્! આ રાખ ગ્રહણ કરો. તમારૂં બોલેલું વચન પાળો, અને મારી સ્ત્રી મને પાછી સોંપી દ્યો.

રાજા વિચારમાં પડ્યો કે, ખરેખર આ કોઇ ધૂર્ત છે. સુભટોની નજર ચૂકાવી ચિતાબહાર રહ્યો જણાય છે. અને સુભટોએ ખાલી ચિતા સળગાવી દીધી છે. દેવતા કેવા અને વાત શી? આ સર્વ તેનો પ્રપંચ છે. ચિતામાં બાળેલો મનુષ્ય ફરી પાછો સજીવન થાયજ શાનો! કેટલાક ગુણાનુરાગી મનુષ્યોએ કહો કે, રાજદ્રોહી મનુષ્યોએ કહો, **મલયાસુંદરીને** ખબર આપી કે, સિદ્ધપુરૂષ રાખનું પોટલું લઈ જીવતો પાછો આવ્યો છે.

આ ખબરથી **મલયાસુંદરીના** હર્ષનો પાર ન રહ્યો. **મહાબળને** મળવાને અતિ ઉત્કંઠિત થયેલી **મલયાસુંદરી** રાજપુરૂષોની સાથે રાજસભામાં આવી. હર્ષ ઘેલી સુંદરી **મહાબળને** મળી સભામાંજ એકાંત મેળવી તેણે **મહાબળને** પૂછ્યું. હે નાથ! ચિતામાં પ્રવેશ કર્યા છતાં પણ આપ કેવી રીતે પાછા આવ્યા?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહાબળે મંદ મંદ સ્વરે જણાવ્યું. કાંતા ! હું પેલા અંધ કુવામાંથી, જે સુરંગને રસ્તે થઇ બહાર નીકળ્યો હતો, તેજ સુરંગના દ્વાર ઉપર મેં આજુ બાજુ મોટી ચિતા ખડકાવી હતી, અને વચમાં પોલાણુ રખાવ્યું હતું. ચિતામાં પ્રવેશ કર્યા પછી, જ્યારે ચિતા સળગાવવામાં આવી ત્યારે તે સુરંગનું દ્વાર ઉઘાડી (શિલા દૂર કરી) હું અંદર ગયો; અને અંદરથી દ્વાર પાછું બંધ કર્યું. જ્યારે ચિતા પૂર્ણ સળગી રહી, અગ્નિ શાંત થયો, ત્યારે હળવે હળવે તે દ્વાર પાછું મેં ખોલ્યું. આજુબાજુ કોઇ મારા દેખવામાં ન આવ્યું ત્યારે હું સુરંગથી બહાર નીકળ્યો, અને રક્ષાનું પોટલું બાંધી અહીં આવ્યો.

આ ગુપ્તવાત તારે બીલકુલ પ્રકાશિત ન કરવી. કેમકે આ દુષ્ટ રાજા મારાં છિદ્રો જોયાંજ કરે છે.

આ દંપતીને વાતચિત કરતાં જોઇ, રાજા તેમની પાસે આવ્યો, અને મહાબળને કહેવા લાગ્યો.

સિદ્ધ ! આ તમારી સ્ત્રીને તમે ભોજન કરાવો. કાલે તેણીએ બીલકુલ ખાધું નથી. સિદ્ધે મલયાસુંદરીને ભોજન કરાવ્યું. ભોજન કર્યા બાદ મહાબળે રાજાને જણાવ્યું. રાજન્ ! મેં તમારૂં કાર્ય કરી આપ્યું છે. હવે તમે તમારૂં વચન પાળો. મને રજા આપો કે, મારી સ્ત્રીને લઇ હું મારા દેશ તરફ ચાલતો થાઉં.

રાજા ગભરાયો, હવે શું ઉત્તર આપવો તે તેને સુઝયું નહિ. મલયાસુંદરીને સોંપવી તો નહિજ. ત્યારે ના પણ ન પડાય. તેથી તો પ્રજાની પણ ઇતરાજી ઉત્પન્ન થાય. ઇત્યાદિ કારણોથી નજીકમાં બેઠેલા જીવા પ્રધાનના સંમુખ જોઇ સહજ ઇસારો કર્યો.

મંત્રીએ થોડો વખત વિચાર કરી, રાજાની મરજી અનુસાર મહાબળને જણાવ્યું. સિદ્ધ પુરૂષ ! તમે રાજાનું એક કાર્ય કરી આપ્યું. ખરેખર તમે ધૈર્યવાન્ અને સાહસિક છો. તો એક બીજું પણ રાજાનું કાર્ય કરી આપો.

આ શેહેરના નજીકમાં એક **છિન્નટંક** નામનો પાહાડ છે. તેના એક વિષમ શિખરની પછાડીની બાજુમાં (ઉપરતું શિખર અને જમીનનો નીચો ભાગ, તેના વચલા ભાગમાં,) નિરંતર ફળ આપનાર એક આમ્રવૃક્ષ રહેલું છે. પૂર્વ દિશા તરફથી તે શિખરની ટોચઉપર ચડાય છે. કારણ કે પશ્ચિમની કે બીજી કોઇ પણ બાજુથી તે ઉપર ચડવાનો માર્ગ નથી. તે શિખરપરથી આંબાને લક્ષ કરી, તેના ઉપર પડતું મૂકવું. તે આંબાનાં ફળો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લઈ ત્યાંથી નીચે જમીન ઊપર પાછું પડતું મૂકવું. અને તે ફળો રાજાને લાવી આપવાં. સિદ્ધ ! આ કામ ઘણું વિષમ છે, છતાં તમારા જેવા સાહસિક પુરૂષથી તે બનવા યોગ્ય છે. અમારા મહારાજાને નિરંતર પિત્તની પીડા રહ્યા કરે છે, અને આ આમ્રફળ ખાવાથી તે પિત્તની પીડા શાંત થશે એમ વૈદ્યોનું કહેવું છે.

પ્રધાનના આ શબ્દો સાંભળી, કુમાર વિચારમાં પડયો કે, આ આદેશ અતિ દુષ્કર અને ક્ષુદ્ર છે. આ ઠેકાણે મારી કાંઈપણ મતિ પહોંચતી નથી. આ કાર્યમાં મારૂં મરણ થવાનો સંભવ છે. તથાપિ કોઇ વિધિના યોગથી આ ક્ષુદ્ર આદેશ મારાથી બની આવે તો, જીવિતવ્ય અને સ્ત્રી બન્નેની પ્રાપ્તિ થશે. માટે આ કાર્ય પણ કરી આપવું. અહીંની પ્રજાનો ચાહ (પ્રેમ) મારા તરફ વિશેષ છે. રાજાની નિચ વૃત્તિથી, તેના તરફની પ્રજાની પ્રીતિ ઉઠતી જાય છે અને મારા સાહસથી તે પ્રીતિ મારા તરફ ઢળતી આવે છે. આ પણ એક મારા વિજયની નિશાની છે. ઈત્યાદિ વિચાર કરી, સાહસ ધરી, **મ**હાબળે જણાવ્યું. મંત્રી ! આ રાજાનું કાર્ય હું કરી આપીશ. પણ વારંવાર તમારા વચનોને ફેરવતાં, હવેથી તમે અવશ્ય વિચાર કરશો. નહિતર આનું પરિણામ વિચારવા જેવુંજ આવશે. આ પ્રમાણે પ્રધાનને તથા રાજાને જણાવી **મ**હાબળ તરતજ આસનથી ઉભો થયો.

## પ્રકરણ ૪૩ મું.

### છિન્નટંકના શિખરપર.

સાહસથી ગમે તેવાં કાર્યો સિદ્ધ થાય છે. સાહસમાં પ્રબળ પ્રયત્ન છે. સાહસમાં ઉત્સાહ છે. સાહસમાં વીર્ય છે. સાહસિકોને ચારે બાજુથી મદદ મળે છે. સાહસિકોનો અનેક મનુષ્યો આશ્રય કરે છે. ટુંકામાં કહીએ તો સાહસમાં સર્વ સિદ્ધિ છે.

દુઃખના પુરથી દયિતાના નેત્રમાંથી અશ્રુધાર પડવા છતાં, **મ**હાબળ છિન્નટંક નામના પાહાડ સંમુખ ચાલવા લાગ્યો. ' સાહસિકો સ્વાર્થ સાધવામાં વિલંબ કરતા નથી ! આ વેળાએ પણ **મ**હાબળની પછાડી, સંખ્યાબંધ મનુષ્યો પાહાડ તરફ જતાં જણાતાં હતાં. ખરેખર ' સ્વામીના પ્રેમ કરતાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ ગુણાનુરાગનો પ્રેમ મનુષ્યોમાં અધિક હોય છે! હજારો લોકોના આ- શ્ચર્ય અને ખેદ વચ્ચે **મહાબળે** પાહાડપર ચડવું શરૂ કર્યું. જેમ જેમ **મ-** હાબળ પાહાડપર ચડતો ગયો, તેમ તેમ લોકોના હૃદયમાં શોક પ્રગટ થયો. પણ રાજા તથા પ્રધાનના હૃદયમાં આનંદની ઉર્મિઓ ઉછળતી હતી.

ઉદયાચળપર સૂર્ય જેમ આરૂઢ થાય છે, તેમ પાહાડના શિખરપર **મહા-** બળ આરૂઢ થયો. રાજાના સેવકો પણ તેની પાછળ ચડ્યા. શિખરની ટોચ- પર કુમાર ચડી રહ્યો એટલે રાજપુરૂષે, **મહાબળની** નજીક જઇ, નીચે, દૂર દેખાતો આમ્રવૃક્ષ, તેને બતાવ્યો.

'આ જીંદગીમાં ન્યાયપૂર્વક મેં કાંઇ પણ શુભકર્મ ઉપાર્જન કર્યું હોય તો, તેના પ્રભાવથી આ મારૂં સાહસ સફળ થજો' આ પ્રમાણે બો- લતા રાજકુમારે, તે આમ્ર વૃક્ષને લક્ષમાં રાખી, લોકોના હા,–હા,–રવવચ્ચે, વીજળીની માફક, પર્વતના પછાડીના ભાગ તરફ ઝંપાપાત કર્યો.

પાહાડના શિખર પરથી વેગમાં પડતાં જ **મહાબળ**, તેનું અહિત ચિં- તવનારના પુણ્યરાશીની માફક, અદૃશ્ય થઇ ગયો.

અરે! આવો અન્યાય! આવું રાજાનું ઘોર પાપ! આવું પરસ્ત્રી લં- પટપણું! નિર્દોષ મનુષ્યને આવા ઘાતકી મારથી મારવામાં આવે છે! તે બિચારા સિદ્ધના હાડકાનાં પૃથક્ પૃથક્ ચુરે ચુરા થઈ ગયા હશે! હવે આ રાજાનું અને રાજ્યનું આથી બન્યું. વિનાશકાળે વિપરીત બુદ્ધિ. ભાઈઓ! આપણે પણ કદાચ આ પાપી રાજાના પાપથી આફતમાં આવી પડીશું. વિગેરે અમંગળિક ચિંતવતા, અને રાજાની નિંદા કરતા, લોકો પોત પો- તાને ઘેર આવ્યા.

રાજપુરૂષોએ બનેલી હકીકત રાજાને જણાવી. તે સાંભળી રાજા તથા પ્રધાન ઘણા ખુશી થયા, અને અનેક મનોરથો કરતાં રાત્રી પૂરણ કરી.

પ્રાતઃકાળ થતાંજ તે સિદ્ધ પુરૂષ, માથે આંબાનો ભરેલો કરંડીઓ લઈ, પાછો શહેરમાં આવ્યો.

સિદ્ધપુરૂષને જોતાંજ 'આ મહાત્મા પુરૂષ કોઇ દેવના પ્રભાવથીજ જી- વતો રહે છે. તેમજ રાજાનું કાર્ય કરી જલદી પાછો આવે છે,' ઇત્યાદિ બો- લતા, હર્ષિત વદનવાળા આશ્ચર્ય પામતા અનેક મનુષ્યો, રસ્તામાંજ એકઠાં થઇ ગયાં. તેઓ રસ્તામાં એકઠા થઇ પૂછવા લાગ્યા કે, સિદ્ધ પુરૂષ! તમે અહીં કેવી રીતે આવ્યા? તમને કાંઇ શરીરે ઇજા તો થઇ નથીને? વિગેરે.

સિદ્ધપુરૂષ—મહાનુભાવો! તે વાત તમારે હમણાં કાંઇ પણ પૂછવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહિં. અવસરે બધું જણાઈ આવશે. આ પ્રમાણે ઉત્તર આપતાં, હજારોં મનુષ્યોની સાથે **મ**હાબળે રાજસભામાં પ્રવેશ કર્યો.

**મ**હાબળને આવતો દેખી, રાજાનું મુખ શ્યામ થઈગયું. તેમજ આનું આવું અગાધ સામર્થ્ય જોઈ ભય પણ લાગ્યો. **મ**હાબળ સભામાં આવ્યો છતાં રાજાએ બીલકુલ આવકાર પણ ન આપ્યો.

રાજાને ચિંતાથી વ્યગ્ર જોઇ, પ્રધાને **મ**હાબળને આવકાર આપ્યો. સિદ્ધ પુરૂષ ! આવું દુષ્કર કાર્ય કરી તમે ઘણાજ વેહેલા પાછા ફર્યો. તમારે શરીરે તો કુશળ છે ને?

**મ**હાબળે જવાબ આપ્યો. હાજી, મારા શરીરે કુશળ છે. આ પ્રમાણે બોલતાં મસ્તકપરથી આમ્રનો કરંડીયો નીચે ઉતાર્યો, અને રાજા તથા પ્રધાન બેઠા હતા, તેની નજીકમાં લાવી મૂક્યો. **મ**હાબળે જણાવ્યું રાજન્! આ આમ્રફળો. તમે તમારા કુટુંબ સહિત ખાઓ, અને પિત્તના રોગની સર્વથા શાંતિ કરો.

તેના ગંભીર શબ્દો, અને કાર્ય કરવાનું સામર્થ્ય જોઇ, સભાસદો સર્વે ભય પામ્યા. આખી સભામાં શાંતિ વ્યાપી રહી. અર્થાત્ સર્વે મૌનધારણ કરી રહ્યા; ત્યારે **મ**હાબળે કરંડીયા નજીક જઇ તેનું ઢાંકણું ઉઘાડી, માંહીથી બેચાર સુંદર ફળો લીધાં અને રાજાને પૂછી, દુઃખિત થઇ રહેલી, રાજકુમારી **મ**લયાસુંદરી પાસે **મ**હાબળ આવ્યો.

**મ**હાબળને આવતો દેખી, વર્ષાગમે મયૂરીની માફક, હર્ષ પામતી **મ**લયાસુંદરી **મ**હાબળને ભેટી પડી; અને આવા દુષ્કર કાર્યને પાર કેવી રીતે પામ્યા, તે સંબંધી પ્રશ્ન કરવા લાગી.

**મ**હાબળ—વલ્લભા ! પૂર્વે અગ્નિના કુંડમાં જે યોગી પડીને મરણ પામ્યો હતો, જે મારા પરિચયવાળો હતો, તે મરણ પામીને વ્યંતરદેવ થયો હતો. આપણા સદ્દભાગ્યથી તે આમ્રવૃક્ષપર રહેલો હતો. છેવટની વખતનું મારૂં બોલવું અને શિખરપરથી પડવું તેણે સાંભળ્યું, અને દીઠું. મને તેણે તરતજ ઓળખી લીધો.

જેવો હું શિખરપરથી આમ્રતરફ નીચો પડયો કે, તેવોજ તે દેવે મને અધર ઝીલી લીધો. અને જણાવ્યું કે, પરોપકારી રાજકુમાર ! તું ભયભ્રાંત ન થઇશ. પૃથ્વીસ્થાન પુરના સ્મશાનમાં ઉત્તર સાધક થઇ તેં મને ઉપકાર કર્યો છે. મારા નિર્ભાગ્યપણાથી સુવર્ણ પુરૂષ સિદ્ધ ન થયો, અને હું મરણ પામી અહીં વ્યંતર દેવપણે ઉત્પન્ન થયો છું. અત્યારે ઉપકારનો બદલો

વાળવાનો મારો અવસર છે. ઇત્યાદિ પોતાનું સર્વ વૃત્તાંત તેણે મને જણાવ્યું. હું નિર્ભય થઇ ત્યાં રહ્યો. ખરેખર કરેલો ઉપકાર નિરર્થક જતો નથી! વાર્ત્તાલાપ કરતાં અમારી રાત્રિ વ્યતીત થઇ.

વ્યંતરદેવે પ્રભાતે જણાવ્યું. રાજકુમાર! તું મારો અતિથિ છે. અતિથિનું સન્માન કરવુંજ જોઇએ. મારા લાયક ઇષ્ટ કાર્ય તું બતાવ, જે કરી આપી, અતિથિનું સન્માન અને પરોપકારનો બદલો હું કાંઇક વાળી આપું.

મેં જણાવ્યું. કંદર્પ રાજા મને જે કાર્ય બતાવે, તે કાર્ય કરવાને હું સમર્થ થાઉં, તે પ્રકારે મને મદદ આપો.

વ્યંતર–કંદર્પ રાજા તને મારવાને ઇચ્છે છે, માટે જો તારી સમ્મતિ હોય તો હું તેને શિક્ષા આપું.

મેં જણાવ્યું. તમારી મદદથી તેનું આ કાર્યતો હું તેને કરી આપુંછું. છતાં પણ તે રાજા પોતાના દુષ્ટ અધ્યવસાયથી પાછો નહિ હઠે તો પછી તમને જેમ યોગ્ય લાગે તેમ શિક્ષા આપશો.

વ્યંતરદેવે તેમ કરવા કબુલ કર્યું. વળી વિશેષમાં એમપણ જણાવ્યું કે, બીજું પણ કોઇ અસાધ્ય કાર્ય કોઇ વખત આવી પડે તો મને તરતજ યાદ કરજે. યાદ કરવા માત્રથીજ હું હાજર થઇ તેવાં અસાધ્ય કાર્યમાં પણ મારાથી બનતી મદદ આપીશ.

આ પ્રમાણે મને કહ્યા પછી, તરતજ તે કોઇ સ્થળેથી એક કરંડીયો લઇ આવ્યો. તે આંબાઉપરથી પાકાં સુંદર ફળો તેમાં ભરી, કરંડીયા સહિત મને ત્યાંથી ઉપાડી આ શેહેરના ઉદ્યાનમાં લાવી મૂકયો.

ઉદ્યાનમાં આવી દેવે મને કહ્યું કે, કુમાર! આ કરંડીયો લઇ જઇ, તું રાજાને સોંપજે. હું તારી સાથેજ ગુપ્તપણે આવુંછું. ત્યાં આવ્યા પછી જેમ મને ઉચિત લાગશે તેમ ગુપ્તપણે રહી કાર્ય કરીશ.

દેવી! તે કરંડીયો લાવી મેં રાજાને સોંપ્યો છે. અને તેની અનુમતિ લઇ હું અહીં તારી પાસે આવ્યો છું. મને ચોકશ ખાત્રી છે કે, આ દેવની મદદથી હવે તારો છુટકારો ઘણા થોડાજ વખતમાં થશે. વિયોગ દૂર થશે, અને નિરંતરને માટે આપણે સુખી થઇશું. દુઃખનું વાદળ હવે વિખરાવા લાગ્યું છે. આ પ્રમાણે **મ**લયાસુંદરીને દિલાસો આપતો **મ**હાબળ ત્યાં ઉભો છે.

આ બાજુ **મ**હાબળે, જે આમ્રફળનો કરંડીયો રાજાપાસે રાજસભામાં મૂકયો હતો, તેમાંથી અકસ્માત્ એવા શબ્દો નીકળવા લાગ્યા કે, 'રાજાને ખાઉં કે પ્રધાનને ખાઉં?' વારંવાર નીકળતા આ શબ્દો સાંભળી રાજા ભય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભ્રાંત થયો. તે બોલવા લાગ્યો કે, ગુપ્તપણે પૃથ્વીપર વિચરનાર આ કોઈ ખરેખર સિદ્ધ પુરૂષજ છે. નહિતર આવાં દુષ્કર કાર્યો પણ એક લીલામાત્રમાં કેમ કરી આપે! હું ધારૂંછું કે, આપણો નાશ કરવા માટેજ આમ્રફળના દંભથી આ કરંડીયામાં તેણે કોઇ પણ જાતની બીભેષિકા (ભય ઉત્પન્ન થાય તેવી વસ્તુ) વાળી મૂકી છે.

આ પ્રમાણે ભયથી કંપતા અને બોલતા રાજાને દેખી, કાંઇક હસતો હસતો પ્રધાન બોલી ઉઠયો. અરે! બીભેષિકાના મુખમાં ધૂળ પડો. એમાં તે વળી ભય શો રાખી મૂકયો છે? એવાતો કંઇક ધૂર્તો આવે છે. શું તેનાથી અમે ડરી જવાના? જો એમ ડરી જઇએ તો રાજ્યનો કારભાર કેમ ચલાવી શકીશું? વગેરે બોલતો પ્રધાન આસનથી બેઠો થયો.

રાજાએ તેને ઘણી મના કરી કે, પ્રધાનજી! શાંત થાઓ, આ ઠેકાણે બળ અજમાવવાનું મને યોગ્ય નથી લાગતું. તમે તે કરંડીયાની પાસે ન જાઓ, પણ 'વિનાશ કાળે વિપરિત બુદ્ધિ.' રાજાદિકનું કહેવું ન માનતાં પ્રધાન કરંડીયાપાસે આવ્યો. એટલે જેમ મૃત્યુની દુંદભિ વાગતી હોય તેમ ફરી શબ્દ નીકળ્યો કે, રાજાને ખાઉં કે પ્રધાનને ખાઉં? તેનો પણ અનાદર કરી, કરંડીયો ઉઘાડી, આમ્રફળ લેવાની ઇચ્છાથી પ્રધાને જ્યાં અંદર હાથ નાખ્યો કે, તરતજ યમરાજાની ધાડની માફક ત્રાસ આપતી. કરંડીયામાંથી ભયંકર અગ્નિની જ્વાળા પ્રકટ થઇ. આ જ્વાળાની પ્રબળ અગ્નિમાં, જીવો પ્રધાન તરતજ પતંગની માફક રામશરણ થયો, અર્થાત્ મરણ પામ્યો. અગ્નિ એટલાથીજ શાંત ન થયો. તેની વિકરાળ જ્વાળાઓ ફડફડાટ, થડથડાટ, કરતી કરંડીયામાંથી બહાર આવી, અને શિખાની માફક એટલી ઉંચી વધી કે, તે રાજસભાનો મંડપ વગેરે થોડાજ વખતમાં બળીને ભસ્મીભૂત થયાં. નાશાનાશ અને ભાગાભાગ થઇ પડી. રાજાને ઘણો ભય થયો. હવે આવી બન્યું. પ્રધાનની ગતિ તે આપણી ગતિ, વગેરે બોલતા રાજાએ, મરણના ભયથી બચવા ખાતર તત્કાળ સિદ્ધને ત્યાં બોલાવ્યો. આખા શેહેરમાં કોળાહળ મચી રહ્યો.

લોકોનો કોળાહળ સાંભળી સિધ્ધે વિચાર કર્યો કે, હં, ઠીક થયું. કાંઇક ઉપદ્રવ થયો જણાય છે. ગધેડાઓને તો ડફણાનો માર જોઇએ જ. ભાઇ—આપુનું ત્યાં કામ નથી, વગેરે વિચાર કરતો હતો. તેટલામાં દોડતા રાજપુરૂષો તેને બોલાવા આવ્યા. મહામહ તેઓ સાથે રાજા પાસે આવ્યો.

જીવામંત્રીનું મરણ અને માંહીથી નીકળતાં શબ્દો, તથા અગ્નિનો

ત્રાસ વિગેરે, મહાબળને જણાવીં, રાજાએ નમ્રતાથી જણાવ્યું કે, સત્પુરૂષ ! અમારાપર કૃપા કરી આ ઉપદ્રવ તું જલદી શાંતકર.

રાજાની આવી નમ્રતાથી, તેમજ આ અગ્નિથી બિચારાં નિરપરાધી જીવોના જાન માલની ખુવારી થશે, એમ ધારી, સિધ્ધે થોડું પાણી મંગાવી તે અગ્નિપર છાંટયું કે તરતજ અગ્નિ સર્વથા શાંત થયો. અર્થાત્ મહાબળની ઇચ્છાને આધીન થયેલા દેવે અગ્નિ બુઝાવી નાખ્યો.

મહાબળે તે કરંડીયાનું ઢાંકણું બંધ કર્યું કે તરતજ સભામાં, અને શેહેરમાં પાછી શાંતિ ફેલાઇ. પણ તે કરંડીયાની નજીક જવાની કોઇની હિમ્મત ન ચાલી. સર્વના મનમાં એમજ આવ્યું કે આ કરંડીયો અહીંથી ઉપાડી જાય તો ઠીક થાય.

મહાબળ ફરી કરંડીયા પાસે ગયો, અને ઢાંકણું ઉઘાડી, તેમાંથી-કેટલાંક આમ્રફળો લઇ રાજાને આપવા લાગ્યો, પણં ભયથી રાજાએ તે લેવા માટે ના પાડી. મહાબળે તે ફળો બીજા માણસના હાથમાં આપી રાજાને નિશ્ચય કરાવી આપ્યો કે આમાં હવે ભય નથી. અન્ય પુરૂષદ્વારા રાજાએ તે ફળ લીધાં.

અમાત્યના મરણથી રાજાને ખેદ થયો. પણ આ પોતાનાજ અન્યાય હોવાથી, અને તેમાં પ્રધાનની સલાહ હોવાથી, આ શોકને અન્ય તરફથી ટેકો ન મળ્યો. રાજાએ પ્રધાનપદે તે જીવા પ્રધાનના પુત્રને સ્થાપન કર્યો.

રાજા—સિદ્ધ ! તું આ કરંડીયામાં એવો તે શો ભય લાવ્યો હતો કે, મારો મહા અમાત્ય થોડાજ વખતમાં આવી રીતે અચાનક મરણને શરણ થયો.

સિદ્ધ--નરાધીશ ! તમારા અન્યાયવૃક્ષનો આતો એક અંકુરોજ હજી ઉત્પન્ન થયો છે. પણ હવે પછી ઉત્પન્ન થતાં પુષ્પ અને ફળોનો ખરો અનુભવ તો તમારે પોતાનેજ કરવાનો છે.

જે રાજાઓ ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરે છે તેઓ લેશ માત્રપણ દુઃખી થતા નથી, પણ ઉલટી દુનિયામાં કીર્તિ અને નાના પ્રકારની સંપત્તિ પામે છે. રાજન્ ! હજી પણ મને મારી સ્ત્રીસહિત અહીંથી વિસર્જન કર, નહિંતર તેનું પરિણામ ભયંકરજ આવશે.

સામંતાદિકે રાજાને આગ્રહપૂર્વક જણાવ્યું કે, સ્વામી ! આ સિદ્ધનું વચન અંગીકાર કરો, અને તેની સ્ત્રી તેને પાછી સોંપો. આવા સમર્થ પુરૂષને અન્યાય આપી, પ્રકોપિત કરવો તે કોઇ પણ રીતે રાજ્યની સલામતી માટે નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મલયાસુંદરી પર અત્યંત આસક્તિવાળો કંદર્પરાજા વિચાર કરવા લા- ગ્યો કે આ સિદ્ધ શક્તિમાન્ છે, તેમજ મંત્ર, તંત્રાદિકનો પણ જાણકાર છે. તેથી હું જે જે બહારનાં કાર્ય બતાવું છું તે લીલા માત્રમાં સાધી આપે છે. તો મારા શરીરના સંબંધમાં કાંઇ દુષ્કર કાર્ય બતાવું કે જે કાર્ય તે સિદ્ધ નજ કરી શકે, અને કાર્ય સિદ્ધ નહિ કરી શકે તો હું તેને તેની સ્ત્રી આપીશ નહિ. તેમ તેપણ કાર્ય સિદ્ધ નહિ થઈ શકવાથી, મારી પાસે તે સ્ત્રીની માગણી કરી શકશે નહિ, અને બીજે સ્થળે ચાલ્યો જશે. આમ કરવાથી લોકમાં મારી નિંદા થશે નહિ, અને તે સ્ત્રી મારી પાસે રહેશે.

આ પ્રમાણે વિચાર કરી રાજાએ સિદ્ધને જણાવ્યું. સિદ્ધ ! તું ચિંતા નહિકર. હું તારી સ્ત્રી તને પાછી આપીશ. તું બહુ સામર્થ્યવાળો છે. તને કાંઇપણ કાર્ય અસાધ્ય નથી. માટે મારું ત્રીજું કાર્ય પણ તું કરી આપ.

## પ્રકરણ ૪૪ મું.

### હું પીઠનો ભાગ જોઈ શકું.

હું આ નેત્રોથી આગળનો ભાગતો જોઈ શકું છું, અર્થાત્ દુનિયાનાં સર્વ પ્રાણીઓ, મનુષ્યો આગળનો ભાગતો જોઇ શકેજ છે. તથાપિ તમારા જેવા સિદ્ધપુરૂષનો સમાગમ થયો અને મારામાં કાંઇ વિશેષતા ન થાય ત્યારે તે સમાગમમાં વિશેષતા શાની ? માટે શરીરનો પછાડીનો ભાગ પણ હું જોઇ શકું, તેવો કોઇપણ ઉપાય તમે કરો.

હદ ઉપરાંત અન્યાય કે દુઃખ, ઉપસર્ગ કે ત્રાસ, અન્ય તરફથી થતો જોઇ, નિર્બળ કે અનાથ, દીન કે અશરણ, મૂર્ખ કે ગાંડો માણસ હોય તો- પણ તે કકળી ઉઠે છે અને ગમે તેવા બળવાનની સામે પણ એકવાર પો- તાનાં દુઃખો દૂર કરવાને ટક્કર ઝીલે છે. જનાવરો પણ અસહ્ય દુઃખ પડતાં સામાં શીંગડાં માંડે છે. મહાત્મા પુરૂષોની સહનશીળતા પણ એક વખત અન્યાયીના તરફ વિકરાલરૂપ ધારણ કરે છે, તો પછી આ રાજકુમાર અ- ત્યાર સુધી જેણે પોતાનું સમતોલપણું જાળવી રાખ્યું હતું, તે આવા અ- સહ્ય અન્યાયીના સન્મુખ શક્તિમાન્ છતાં કયાં સુધી જાળવી રાખે ?

રાજાનાં વચનો સાંભળી કુમારને ઘણો ક્રોધ ચઢયો, અને દુષ્ટ રાજા વારંવાર આવા ક્ષુદ્ર આદેશો આપ્યા જ કરે છે, અશકય કાર્ય કરી આપવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છતાં, એક પછી એક કાર્ય બતાવ્યાંજ કરે છે. કાંઈક આક્ષેપ કરી મહાબળે રાજાને જણાવ્યું. રાજા ! કોઇપણ માણસ પોતાની પુંઠના ભાગને જોઇ શકે જ નહિ, તો આવો ખોટો કદાગ્રહ તું શામાટે કરે છે ? તેમજ તારી પુંઠ જોવાથી તને શું ફાયદો થવાનો છે ?

સિદ્ધના સમજાવવા છતાં જ્યારે રાજાએ પોતાનો આગ્રહ ન મૂક્યો,, ત્યારે રોષથી દાંતની સાથે દાંત પીસતા મહાબળે, રાજાની ગરદન પકડી, જોર-પૂર્વક એવી રીતે ગરદનની નસ ખેંચી કે, રાજાનું મુખ આગળ હતું તે ફરીને પાછળ આવ્યું. અર્થાત્ ડોકને ઠેકાણે ગરદન આવી અને ગરદનને ઠેકાણે ડોક આવી.

સિદ્ધ—રાજા ! લે હવે, તારી પુંઠ જોયા કર, અને તારૂં ઇષ્ટ કાર્ય સિદ્ધ કર.

સિદ્ધના આ કર્ત્તવ્યથી નારાજ થઇ, નવો પ્રધાન રોષથી બોલવા લાગ્યો. અરે ! અન્યાયી, કપટી, ધૂર્તશિરોમણી ! મારા પિતા જીવા મંત્રીને તેં મારી નાખ્યો, અને અમારા સર્વના જોતાં જોતાં, રાજાને આવી દુર અવ-સ્થામાં લાવી મૂક્યો ? તારાથી અહીં બીજા કેટલા અનર્થ થશે ? તું હમ-ણાં હતો ન હતો થઈ જઇશ.

પ્રધાન, બોલે તેટલુંજ હતું. સિદ્ધના સામર્થ્ય, સાહસ, અને તેજ આ-ગળ તે તદ્દન નિર્માલ્ય અને અશક્ત હતો.

રાજાની આ દુર્દશા થવાના સમાચાર, અંતેઉરમાં રહેલી તેની રાણી-ઓને થતાંજ, ભયભ્રાંત થઇ, તે સર્વે ઉતાવળી ઉતાવળી ત્યાં આવી. બેડોળ આકૃતિવાળા, અને દુઃખી અવસ્થામાં રહેલા રાજાને જોઇ, મુખમાં આંગ-ળીઓ નાખી તે સર્વે રૂદન કરવા લાગી, અને અતિ દીન સ્વરે હાથ જોડી સિદ્ધને વિનવવા લાગી કે, હે ઉત્તમ પુરૂષ ! તું કોપ મૂકીદે, અને અમારા –અબળાઓ–ઉપર કરૂણાલાવી અમને પતિભિક્ષા આપ. રાજા, પૂર્વે જે અવ-સ્થામાં હતો, તે અવસ્થામાં પાછો લાવી મૂક. આ અબળાઓ ઉપર આટલી કૃપા કર. તારો આ ઉપકાર અમે કોઇ પણ વખત ભુલશું નહિ.

રાજાને તેના અન્યાયનું ફળ મળ્યું છે, એમ જ્યારે હજારો લોકોના સંમુખ જાહેર થશે ત્યારેજ આ રાજા તેના દુષ્ટ અધ્યવસાયથી પાછો ફરશે, એમ નિશ્ચય કરી સિધ્ધે તે રાણીઓને ઉત્તર આપ્યો કે, હે અબળાઓ ! આ તમારો પતિ, શેહેરની બહાર આવેલા અજીતનાથ ભગવાનના મંદિરમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દર્શન કરી, પોતાને પગે ચાલીને પાછો અહીં આવે, તોજ તે પાછો પૂર્વની સ્થીતિમાં આવી શકશે, તે સિવાય બીજો કોઇ ઉપાય નથી.

સિદ્ધનાં આ વચનો સાંભળી, રાજા અશક્ત છતાં પણ તે કરવાને તૈયાર થયો.

આ કુતુહળ જોવા માટે હજારો લોકો રસ્તામાં એકઠા થયા. કોઈ બારીઉપરથી તો કોઇ અગાશીપર ચઢી રાજાને જોવા લાગ્યા. રાજાને ઘણી શરમ લાગી. પણ તેમ કર્યા સિવાય બીજો કોઇ ઉપાય નહોતો. મુખ પાછળ રાખી અને પગ આગળ રાખી, સિધ્ધે પગે રાજા ચાલવા લાગ્યો. પણ આંખો પાછળ હોવાથી પગલે પગલે સ્ખલના પામતો હાતો. કોઇ વખત પડી પણ જતો હતો. તેને દેખી કેટલાક લોકોને કુતુહળ થતું હતું ત્યારે કેટલાક જીવોને દયા ઉત્પન્ન થતી હતી. આવી રીતે ઘણા કષ્ટે રાજા શેહેરની બહાર આવ્યો. મંદિરમાં જઈ, અજીતનાથ પ્રભુનાં દર્શન કરી, પૂર્વની માફક ચાલતો રાજા શેહેરમાં આવ્યો.

હજારો લોકોની વચમાં તિરસ્કાર પામેલો, અને 'અન્યાયી, પાપી' એવાં ઉપનામને પામેલો રાજા, હવે પોતાના દુષ્ટ અધ્યવસાયને અવસ્ય તજી દેશે, એમ ધારી સિધ્ધે, પૂર્વની માફક જોર કરી, પાછી ડોકની નસ ખેંચી કે, પૂર્વે હતું તેમ મસ્તક ઠેકાણાપર આવ્યું, અને પૂર્વની માફક જોવા લાગ્યો.

આવી અપૂર્વ શક્તિ અને દયા જોઇ, તેની રાણીઓ ઘણી ખુશી થઈ, સિદ્ધની પ્રશંસા કરવા લાગી. અને ઉદાર દીલથી કહેવા લાગી કે, સિદ્ધ પુરૂપ ! તારે જોઇએ તે માગીલે.

સિદ્ધ—જો તમારી, મારા તરફ એવી લાગણી છે, તો મને મારી સ્ત્રી મલયાસુંદરી રાજા પાસેથી પાછી અપાવો. તે સિવાય મને બીજું કાંઈ જોઇતું નથી. સિદ્ધના વચનોથી, રાણીઓએ રાજાને ઘણો સમજાવ્યો કે, તેની સ્ત્રી તમે પાછી સોંપો. તમારી મરજી હોય તો બીજી અનેક રૂપવાન્, ગુણવાન્ કન્યાઓનું પાણિગ્રહણ કરો, પણ આવા સમર્થ પુરૂપની સાથે વિરોધ નહિ કરો. ઇત્યાદિ ઘણું કહ્યું, પણ પથ્થર પર પાણી રેડવાની માફક રાજાના અંતઃકરણમાં તેની કાંઇ અસર થઇ નહિ. ઉલટો રાજા વિચાર કરતો હતો કે, આ મલયાસુંદરીને હવે કેવી રીતે મેળવવી?

રાજા, પોતાના કિલષ્ટ અધ્યવસાયથી પાછો ન ફર્યો કે, આ બાજુ અકસ્માત્ અશ્વશાળામાં આગ લાગી. આગ એટલા બધા જોરમાં ફેલાઇ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે, તેની ભયંકર જ્વાળાઓ આકાશપર્યંત લંબાઇ. રાજાના ઘોડાઓ તેની અંદર બળવા લાગ્યા. તે દેખી રાજાએ સિદ્ધને પ્રાર્થના કરી કે, સિદ્ધ પુરૂષ મારો અશ્વરત્ન આ અગ્નિમાં બળીને મરી જશે, માટે તું મારૂં ચોથું કામ કર. તે અશ્વને અગ્નિમાંથી બહાર કાઢી લાવ. અશ્વને બહાર કાઢી લાવ્યા પછી તરતજ હું તારી સ્ત્રી તને પાછી સોંપીશ, અને પછી આજને આજ તારી ઈચ્છા આવે તે સ્થળે તું ચાલ્યો જજે. હવે હું તને રોકીશ નહિ.

લોકો બોલવા લાગ્યા. અરે ! હજી પણ રાજા, પોતાનો ખરાબ વિચાર છોડતો નથી. આવી ગંભીર શિક્ષા મળી છતાં હજી લજ્જા ન આવી. કુમારે વિચાર કર્યો કે, આ રાજાને માથે આટલું થયું, છતાં હજી પોતાના અધ્યવસાયને મૂકતો નથી. આ રાજા ખરેખર પાપીજ છે. હવે મારે પણ તેને યોગ્ય શિક્ષા આપવીજ. મારી સહનશીળતાની હદ આવી રહી છે. તે સહનશીળતાનો આણે દુરૂપયોગ કર્યો છે.

કુમાર મોટા ઉત્સાહ પૂર્વક બળતી લાયમાં જવાને તૈયાર થયો. ઘણા લોકો તેમ કરતાં તેને અટકાવવા લાગ્યા. મનથી રાજાને નિંદવા લાગ્યા. અને કેટલાક તો રાજાને પ્રત્યક્ષ આક્રોશ કરવા લાગ્યા. છતાં લોકોના દેખતાંજ સિદ્ધ પુરૂષે, વ્યંતર દેવને યાદ કરી, અગ્નિમાં પ્રવેશ કર્યો.

આ વખતે રાજાને ઘણો સંતોષ થયો, પણ પ્રજાને અતિ શોક થયો છતાં, આ હર્ષ શોક લાંબો વખત ટકી ન રહ્યાં. એક ક્ષણવારમાં તો સિદ્ધ-પુરૂષ અગ્નિમાંથી બહાર નીકળી આવ્યો.

તેના રૂપમાં ઘણો વધારો થયો હતો. ઇંદ્રના અશ્વ સરખા અશ્વપર તે બેઠો હતો. દિવ્ય વસ્ત્ર અને સુંદર અલંકારોથી તેનું શરીર સુશોભિત થઇ રહ્યું હતું. લોકોના આશ્ચર્ય વચ્ચે તેણે પોતાનું બોલવું શરૂ કર્યું.

મહારાજા, પ્રધાન, અને પ્રજાગણ ! આ વખતે જે આ અગ્નિ પ્રજ્વલિત થઇ રહ્યો છે, તે ઘણોજ પવિત્ર છે. તેમજ, જે ઠેકાણે આ અગ્નિ ઉત્પન્ન થયો છે, તે ભૂમિ પણ સર્વ મનોવાંછિત આપવાવાળી છે. તે સ્થળે જમીનપર આળોટવાથી આ અશ્વ અને હું પણ આવી દિવ્ય સ્થિતિ પામ્યા છીએ. અમને બન્નેને કોઈ પણ વખત હવે રોગ, જરા, કે મૃત્યુ પરાભવ કરી નહિજ શકે. જો આ વખતે કોઇ પણ મનુષ્ય, પોતાનું ઇચ્છિત કાર્ય મનમાં ધારી, આ અગ્નિમાં પ્રવેશ કરશે તો, તે મારી અને આ અશ્વની માફક થોડાજ વખતમાં દિવ્યરૂપધારી થઈ શકશે, અને તેના મનોરથો સિદ્ધ થશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આાં પ્રત્યક્ષ બનેલો સિદ્ધપુરૂષનો અને અશ્વનો દાખલો જોઇ દિવ્ય- રૂપના અને મનોઇચ્છિત સુખના ઇચ્છક, રાજાદિ અનેક પુરૂષો અગ્નિમાં પડવાને તૈયાર થયા.

સિદ્ધપુરૂષે જણાવ્યું કે,—અરે લોકો! તમે હમણાં થોડીવાર ધીરજ રાખો. આ અગ્નિ ખરેખર તીર્થ ભૂમિ સરખો છે. તો હું તેની પ્રથમ પૂજા કરી લઉં. આ પ્રમાણે કહી ઘી પ્રમુખ અનેક હવ્ય પદાર્થો મંગાવી, કપટ મંત્રોચ્ચારપૂર્વક, મંદ પડી ગયેલા તે અગ્નિમાં, તે પદાર્થ હોમી અગ્નિ વિશેષ પ્રદીપ્ત કર્યો.

## પ્રકરણ ૪૫ મું

### પાપીનો ક્ષય-અગ્નિપ્રવેશ. રાજ્યપ્રાપ્તિ.

અગ્નિપૂજન થઈ રહ્યું. મંદ અગ્નિ પ્રદીપ્ત થયો. 'હું પ્રથમ પ્રવેશ કરીશ. નહિ, નહિ, હું પ્રથમ પ્રવેશ કરીશ.' ઇત્યાદિ બોલવા પૂર્વક સિદ્ધની માયાજાળમાં ભરમાયેલા, રાજા અને પ્રધાને, ઇચ્છિત સુખ મેળવવાના સંકલ્પ કરવાપૂર્વક, અગ્નિમાં પ્રવેશ કર્યો. રાજાના જેવી પ્રબળ ઇચ્છાવાળા અનેક રાજપુરૂષો, રાજાની પાછળ અગ્નિમાં પ્રવેશ કરવા લાગ્યા. દયાળુ દીલના રાજકુમારે તે સર્વને મના કરી કે, હે લોકો! તમે ઉતાવળ નહિ કરો. થોડો વખત વિલંબ કરો. રાજા તથા પ્રધાનને બહાર આવવા દ્યો. પછી તમે પ્રવેશ કરજો.

મહાબળનું કથન સર્વ લોકોએ માન્ય કર્યું. કેમકે, અત્યારે તેના ઉપર સર્વ પ્રજાનો પૂર્ણ પ્રેમ હતો. રાજા તથા પ્રધાનને અગ્નિમાં પ્રવેશ કર્યાં ઘણો વખત થયો છતાં, બન્નેમાંથી એક પણ બહાર ન આવ્યો. ત્યારે પ્રજાલોક સિદ્ધને પ્રશ્ન કરવા લાગ્યા કે, આટલો બધો વખત થયો છતાં હજી રાજા, તથા પ્રધાન બહાર કેમ ન આવ્યા! તમે તો થોડાજ વખતમાં બહાર આવ્યા હતા.

મહાબળ—પ્રજાગણ! તમે વિચાર કરો, કે, અગ્નિમાં પ્રવેશ કરેલ કોઇ માણસ કોઇપણ વખત બહાર આવ્યો છે? હું, અગ્નિમાંથી બહાર આવ્યો, તેનું કારણ મને વ્યંતર દેવની મદદ છે. તેણે મને ઘણે ઠેકાણે મદદ કરી છે.

પ્રજાગણુ—હા !,હા ! અમને ખબર પડી. તમે રાજાઉપરનું તમારૂં વેર વાળ્યું છે. ખરેખર, રાજા, તથા પુત્રસહિત પ્રધાનને, તેનો અન્યાયવૃક્ષ ફળીભૂત થયો.

રાજા મરણુ પામવાથી, સામંતાદિ સર્વ રાજપુરૂષો એકઠા થઇ વિચાવા લાગ્યા કે, હવે રાજ્ય કોને આપવું ? કેમકે રાજાની પાછળ રાજ્ય ધારણ કરે તેવો કોઇ લાયક પુત્ર નથી.

પ્રજા સમુદાયે બહુમતે જણાવ્યું કે, આ સિદ્ધપુરૂષ રાજ્યને લાયક છે. તેમજ ગુણવાન્ સાથે અપૂર્વ સામર્થ્યવાન્ છે. દેવ પણ જેને મદદ કરનાર છે, આવા સામર્થ્યવાન્‌ને રાજ્યારૂઢ કરવો તે સર્વરીતે યોગ્યજ છે. પ્રજા પક્ષના મતને સર્વ તરફથી ટેકો મળતાં, સર્વ પ્રજાએ અને રાજપુરૂષોએ મળી સિદ્ધને ( **મ**હાબળને ) રાજ્યાસનપર સ્થાપન કરી, રાજ્યનો સર્વ અધિકાર સોંપ્યો.

સિદ્ધ, ન્યાય પૂર્વક રાજ્યનું પાલન કરવા લાગ્યો. પોતાના પ્રચંડ બાહુબળથી પ્રબળ શત્રુઓને પણ સ્વાધીન કર્યા. ક્રમે **મ**હાબળ સિદ્ધરાજના નામથી પ્રખ્યાતિ પામ્યો.

**મ**હાબળે વ્યંતરદેવનો મોટો ઉપકાર માન્યો, નમસ્કાર કરી નમ્રતાપૂર્વક તે બોલ્યો. અત્યારે તમે તમારા સ્થાનપર પધારો. કોઈ વિષમ કાર્ય આવી પડયે હું આપને સંભારીશ, તો તે અવસરે આપ મને સાહાય્ય કરશો. વ્યંતરદેવ 'તથાસ્તુ !' એમ કહી ત્યાંથી અદ્રશ્ય થઇ ચાલ્યો ગયો.

**મ**લયાસુંદરીના મનોરથો પૂરણુ થયા. સ્વામીનો નિરંતરને માટે મેળાપ થયો. મહાન્ દ્દઢતાથી શ્રદ્ધાપૂર્વક પાલન કરેલું શીયળવૃક્ષ ફળીભૂત થયું અને તે મહારાણીના પદ પર આરૂઢ થઈ, છતાં પણ પુત્રનો મેળાપ હજી થયો ન હતો અને તેથી તે મહારાણીપદ પણ, શલ્યની માફક શોકિત હૃદયમાં સાલતું હતું.

## પ્રકરણુ ૪૬ મું.

### બળસાર્થવાહ કારાગૃહમાં.

ક્રિયાણાનાં વહાણો ભરી **બ**ળ સાર્થવાહ દેશાંતર ગયો હતો અને ત્યાં તેણે **મ**લયાસુંદરીને દ્રવ્ય લઇ કારૂના કુળમાં વેચી દીધી હતી. તે સા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ર્થવાહ, દેશાંતરથી પાછો ફરી, ઘણી રિદ્ધિ સહિત **સાગરતિલક** બંદરે આવી પહોંચ્યો. કેમકે તે અહીંનોજ રહેવાસી હતો. માલનાં ભરેલાં વહાણો બંદરપર રાખી, કેટલીક ઉત્તમ ચીજોનું ભેટણું લઇ, તે મહારાજા **સિદ્ધરાજને** મળવામાટે સભામાં આવ્યો. સાર્થવાહ ભેટણું મૂકી રાજાને નમસ્કાર કરી ઉભો રહ્યો.

આ અવસરે રાજસભામાં રાજાની પાસેજ **મલયાસુંદરી** બેઠેલી હતી. તેને જોતાંજ સાર્થવાહને ઘણો ભય લાગ્યો, કેમકે તેણે **મલયાસુંદરીને** કદર્થના કરવામાં કાંઇ કચાશ રાખી ન હતી. ભયથી વ્યાકુળ થયેલો સાર્થવાહ કોઇ કાર્યના મિષથી તત્કાળ સભામાંથી બહાર નીકળી ઘેર આવ્યો. ઘેર આવી વિચાર કરવા લાગ્યો કે, અરે! આ સુંદરી દ્વીપાંતરમાંથી અહીં કેવી રીતે આવી? અને રાજાની સ્ત્રીપણે કેવી રીતે સંબંધ પામી? મેં આ સ્ત્રીને કદર્થના કરી જે જે દુઃખ આપ્યાં છે, તે સર્વ વાત જો આ સ્ત્રી રાજાને કહેશે તો, રાજા મને જીવથી મારી નાખશે. હવે મારે શું ઉપાય કરવો વગેરે વિચારમાં સાર્થવાહ દુઃખીયો થઇ રહ્યો છે.

**મલયાસુંદરી** પુત્રવિયોગે અત્યંત દુઃખણી થઇ રહી હતી અને તેથી આવા સુખમાં પણ **બળસાર્થવાહને** વિસરી જાય તેમ નહોતીજ. **બળ**સાર બહાર ગયો કે તરતજ **મહાબળને** તેણીએ જણાવ્યું કે, સ્વામિનાથ! આજ **બલસાર્થવાહે** મને અત્યંત દુઃખ આપ્યું હતું અને પુત્રને લઇ લીધો છે.

**મલયાસુંદરીનાં** વચનો સાંભળતાંજ, રાજાને પગથી તે મસ્તકપર્યંત ક્રોધની જ્વાળા વ્યાપી ગઇ. દુષ્ટ સાર્થવાહે મારી સ્ત્રીને વગર પ્રયોજને આવી રીતે કદર્થના કરી. અરે સુભટો! જુવો છો શું? બલસાર્થવાહને કુટુંબસહિત બાંધીને અહીં લાવો અને તેનો સર્વમાલ જપ્ત કરી મુદ્રિત કરો.

રાજાનો હુકમ થતાંજ સાર્થવાહને કુટુંબસહિત પકડવામાં આવ્યો. અને તેનો સર્વમાલ જપ્ત કર્યો. રાજાએ, સાર્થવાહને તેનો ગુનો જણાવી કુટુંબસહિત કેદ કર્યો. સાર્થવાહ વિચારવા લાગ્યો કે કરેલ કર્મો ઉદય આવ્યાં. આ રાજા પાસેથી મારો છુટકારો થાય તેવો બીલકુલ સંભવ નથી. છતાં એક ઉપાય છે. તે ઉપાય જો પુણ્યોદયથી પાંસરો પડે તો મારા જાનમાલની કુશળતાનો સંભવ છે.

તે ઉપાય એજ છે કે, આ રાજાનો પ્રબળ વૈરી, **ચંદ્રાવતીનો** મહારાજા **વીરધવળ** છે. તેમજ તે, મારો વિશેષ પ્રકારે પરિચયવાળો પણ છે. તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા આ રાજાનો પરાજય કરી મને છોડાવશે.

આ રાજાએ મારી મીલકત જપ્ત કરી છે, છતાં હજી મારી ગુપ્ત મીલકત તેના જાણવામાં આવી નથી, તે બચી ગઇ છે. તો તે મીલકતમાંથી આઠ લાખ સોના મોહોર, અને દ્વીપાંતરથી લાવેલ લક્ષણવાન્ આઠ હાથી, તે **વીર**ધવળ રાજાને મારો છુટકારો કરવા નિમિત્તે મોકલાવું. આ પ્રમાણે સંકલ્પ કરી, બંદીખાનામાં રહ્યાં છતાં, પોતાના વિશ્વાસપાત્ર **સોમ**ચંદ્ર નામના વણિકને, ગુપ્તસંકેતથી તે વાત જણાવી. અને ગુપ્ત ખજાનામાંથી આઠ લાખ સોનામોહોર લઇ, **સોમ**ચંદ્રને **વીર**ધવળ રાજા પાસે પોતાની મદદે બોલાવવા માટે, જવા આજ્ઞા કરી.

**સોમ**ચંદ્ર, આઠ લાખ સોના મોહોર લઇ, **વીર**ધવળ રાજાને બોલાવવા માટે આગળ વધ્યો. તે રૌદ્રઅટવીમાં જઈ પહોંચ્યો, તેટલામાં **ચ**ંદ્રાવતીનો રાજા **વીર**ધવળ અને **પૃ**થ્વીસ્થાનપુરનો રાજા **સુ**રપાળ મોટા સૈન્ય સહિત તેને સંમુખ મળ્યા.

આ બન્ને રાજાને એવી ખબર મળી હતી કે, રૌદ્રઅટવીમાં આવેલા **દુ**ર્ગતિલક નામના પાહાડ ઉપર, **ભીમ** નામનો પલ્લીપતિ રહે છે, તેની પાસે **મ**લયાસુંદરી છે. આ ખબર સાંભળતાં જ, પુત્ર. પુત્રીના વિયોગી બન્ને રાજાઓ, પોતપોતાના રાજ્યમાંથી પ્રબળ સૈન્ય લઈ, **ભી**મ પલ્લીપતિને જીતીને **મ**લયાસુંદરીને છોડાવવા માટે આવ્યા હતા. દુર્જય પલ્લીપતિને, તેઓએ સૈન્યબળથી એક લીલામાત્રમાં જીતી લીધો, અને ત્યાં સર્વ સ્થળે **મ**લયાસુંદરીની તપાસ કરી, પણ તે દુર્લભસુંદરીના સ્નેહેજપણ સમાચાર ત્યાંથી ન મળ્યા, ત્યારે નિરાશ થઇ બન્ને રાજાઓ પાછા પોતાના નગર તરફ જતા હતા, તે અવસરે **સોમ**ચંદ્ર તેમને ત્યાં જઇ મળ્યો.

**બ**ળસારનો કહેલો સર્વ વૃત્તાંત, **સોમ**ચંદ્રે સવિસ્તર **વીર**ધવળને નિવેદિત કર્યો. અને આઠ લાખ સોના મોહોર ભેટ તરીકે તેની આગળ મૂકી.

રાજા **વીર**ધવળે, **સોમ**ચંદ્રનું કથન ધીરજથી સાંભળ્યું અને પૂર્વાપર વિચાર કરી, **સિ**દ્ધરાજ સાથે યુદ્ધ કરી, **બ**લસારને છોડવવાનું કબુલ કર્યું.

રાજા **વીર**ધવળે, આઠ લાખ સુવર્ણમાંથી અરધો અરધ સુવર્ણ **સુ**રપાળ રાજાને આપ્યું અને **સિ**દ્ધરાજનો પરાભવ કરી, **બ**લસારને મુક્ત કરવા માટે સાથે આવવા જણાવ્યું.

રાજા **સુ**રપાળે પણ ઉંડા લોભ સમુદ્રને પૂર્ણ કરવામાટે, રાજા **વીર**ધવળના વિચારને ટેકો આપ્યો. અર્થાત સાથે આવવામાટે હા કહી. અને જણા-

વ્યું કે, તે રાજા સાથે આપણે વંશપરંપરાથી વૈર ચાલ્યું આવે છે, તો આ પ્રસંગે તે રાજાને મારીને આપણા વેર સાથે તેનું સર્વસ્વ ગ્રહણ કરીશું.

**સિદ્ધરાજ** કોણ છે? અને તેણે **બલસારને** શા માટે કેદ કર્યો છે? આ બાબતથી તે બન્ને રાજા અજાણ છે. તેમજ આ **સિદ્ધરાજ** કોણ છે, અને **મલયાસુંદરીને વીરધવળ** સાથે શું સંબંધ છે તે વિષે **બલસાર** પણ અજાણ છે. આમ હોવાથી ત્રણે જણાએ અજાણપણાથી એક મોટું સાહસ કર્યું છે. પણ એ ઠેકાણે તેઓનો શો દોષ? વિષયવાસનાજ તેવી છે. લોભનો તો થોભજ નથી. ભાવીપણ તેવુંજ. એ નિમિત્તેજ આ સર્વનો મેળાપ થવાનો છે.

આ પ્રમાણે વૈર વાળવાનો અને લોભ સમુદ્રને પુરવાનો વિચાર કરી, અસંખ્ય દળ સાથે, બન્નેરાજાએ **સિદ્ધરાજ**પર ચડાઇ કરી. સૈન્યભારથી કાયર પુરૂષોના હૃદયની માફક પૃથ્વીને કંપાવતા, બન્ને રાજાઓ **સાગરતિલક** શેહેરની નજીકમાં આવી પ્હોંચ્યા.

## પ્રકરણ ૪૭ મું.

### દૂતપ્રેષણ.

શેહેરની નજીકમાં ઉંચી ટેકરીઓ વિગેરેની સગવડતાવાળી જમીન ઉપર સૈન્યનો પડાવ નાખ્યો.

આવું મોટું સૈન્ય પોતાના રાજ્યપર ચડી આવ્યું છે, છતાં આ રાજા નિર્ભય કેમ જણાય છે? યુદ્ધ વગેરેની સામગ્રી કેમ તૈયાર કરતો નથી? વિગેરે વિતર્કો કરતા, બન્ને રાજાઓએ દૂતને શિક્ષા આપી **સિદ્ધરાજ** પાસે મોકલ્યો.

દૂત રાજસભામાં આવી રાજાને નમસ્કાર કરી કહેવા લાગ્યો. રાજન્! **પૃથ્વીસ્થાનપુર**નો મહારાજા **સુરપાળ**, તથા **ચંદ્રાવતી**નો મહારાજા **વીરધવળ**, બન્ને મોટું સૈન્ય લઈ અહીં આવ્યા છે. તેઓ આપને જણાવે છે કે, જે **બળસાર** સાર્થવાહને તમે કેદ કરી બંધીખાને નાંખ્યો છે, તે અમારો મિત્ર છે.

ખરેખર ઉદાર દીલના દાનેશ્વરી મનુષ્યો સર્વ જીવોની સાથે બાંધવોની માફક આચરણ કરે છે. મધુર પાણી વરસતો પર્જન્ય, (વરસાદ) કોને તૃપ્ત નથી કરતો? તે વ્યાપારી વારંવાર અમારા રાજ્યમાં વ્યાપાર નિમિત્તે

જવે આવવે કરી, અમારા મહારાજા સાથે વિશેષ પ્રકારે સ્નેહસંબંધથી સંબંધિત થયો છે. તે ઉત્તમ કુળનો અને પ્રમાણીક માણસ છે, માટે તેને તમારે છોડી મુકવો જોઇએ.

મિત્રનીમાફક, બંધુનીમાફક, કે પુત્રીની માફક, વ્યસનમાં આવી પડેલાં, આ સાર્થવાહની, અમારો સ્વામી બીલકુલ ઉપેક્ષા નહિ કરે.

અમારા બન્ને મહારાજા આપને એમજ કહેવરાવે છે કે, તે સાર્થવાહનો સત્કાર કરી તમે તેને છોડી મૂકો, અને તમે તમારૂં રાજ્ય સુખશાંતિથી પાલન કરો.

કદાચ આ સાર્થવાહે તમારો અપરાધ કર્યો હોય, તથાપિ તેનો એક અપરાધ સહન કરો. એક પાંદડામાં બગાડ થતાં કાંઇ ફુળેલું વૃક્ષ કાપી નાખવામાં નથી આવતું.

અમારા સ્વામીએ આ સાર્થવાહને પોતાના માણસપણે સ્વીકાર્યો છે. તો આ ધનાઢ્યનો નિગ્રહ કરવો, તે હવે તમને અશક્ય થઇ પડશે. કેમકે જે વનમાં સિંહ ગર્જના કરી રહ્યો છે, તે વનને જોવાને પણ શું હાથી સમર્થ થશે ?

રાજન્! તમે શૂરવીર છો, તથાપિ અલ્પબળવાળા છો. અને અમારા રાજા મહાન્ સૈન્ય સમુદાયવાળા છે. તો સમુદ્રની અંદર સાર્થવાહની મુઠીની માફક તમારૂં સૈન્ય, તેના સૈન્યમાં વિલય થઇ જશે.

પૂર્વાપર વિચાર કરી, સાર્થવાહને છોડી દેવો તે યોગ્ય છે. નહિતર અમારા મહારાજાઓ, સાર્થવાહનો બળાત્કારે પણ છુટકારો કરાવશે, અને તમને પણ શિક્ષા કરશે. સિંહે પોતાના પંજા સજ્જ કર્યે, હાથીનું કાંઇ પણ જોર ચાલનાર નથી. માટે હે રાજન ! આ છેવટનો પેગામ છે, કાંતો સાર્થ-વાહને છોડી દો, નહિંતર યુદ્ધ માટે તૈયાર થાઓ.

રાજન્! મારા વિચાર પ્રમાણે કાર્યનો દીર્ઘ વિચાર કરો, રાવણની માફક મોહ નહિ પામો, ઉપાર્જન કરેલું રાજ્ય ચિરકાળપર્યંત ભોગવો, અને અમારા મહારાજાનું વચન માન્ય કરો.

**સિદ્ધરાજે**, દૂતનાં કહેલાં વચનો શાંતપણે સાંભળ્યાં, પોતાનો પિતા, તથા સસરો, સન્મુખ આવ્યા જાણી તેને ઘણો હર્ષ થયો. હર્ષથી તેનાં રોમેરોમ ઉલ્લાસ પામ્યાં, છતાં કૃત્રિમ કોપના આવેશમાં તે રોમ ઉલ્લાસને ફેરવી નાખી અર્થાત્ કોપનો આડંબર કરી, રાજા દૂતને કહેવા લાગ્યો

અરે દૂત ! તું બહુ વાચાળ જણાય છે. તારા બન્ને સ્વામી ઘણું મોટું

સૈન્ય લઇને આવ્યા છે, તો શું મારે ભુજા નથી ? દેહ નથી ? કે હું મનુષ્ય નથી ? એકજ સૂર્ય કરોડો તારાનું તેજ શું નથી ગ્રહણ કરતો ? એકજ કેસરી અનેક હાથીના મદ શું નથી ગાળતો ? વ્હાલો અને એકનો એકજ પુત્ર હોય છતાં, દુષ્ટાચરણવાળા તે કુપુત્રને ન્યાયી રાજાઓ શું શિક્ષા નથી આપતા ? આ સાર્થવાહ તારા રાજાને વલ્લભ હોય તો તેમાં મારે શું ? તે અન્યાયીને શું હું શિક્ષા ન આપું ? શરીરે વળીયાં પડયાં અને માથે પળીયાં ચડયાં છે, ન્યાય માર્ગે ચાલવાનું બીરૂદ ધરાવે છે, છતાં આ અપરાધીને છોડાવતાં તારા સ્વામીને શું લજ્જાનથી આવતી ? અન્યાયપક્ષને પુષ્ટિ આપનારાઓ યુદ્ધમાં મારી આગળ બીલકુલ ટકી શકવાના નથી. તને યાદ હશે, ઘૂવડને આશ્રય આપનાર, રાત્રિના અંધકારની, સૂર્યઆગળ કેવી સ્થિતિ થઇ પડે છે ! તેવી સ્થિતિ અન્યાયીને આશ્રય આપનારની થશે.

સિંહ જ્યારે પોતે ચડાઈ કરે, ત્યારે હરિણનાં બાળકોને કોનું શરણ ! વિદ્યુત્પાતની આગળ, વૃક્ષ કે ઘર. શું મનુષ્યનું રક્ષણ કરી શકે છે ? નહિજ.

રાજા હો કે રંક હો, અપરાધીને તો શિક્ષા આપવીજ. જો તેમ કરવામાં ન આવે તો અમારો રાજ્યધર્મ કયાં રહે ? અન્યાયી સાર્થવાહનો પક્ષ કરનાર તારા સ્વામીને, રણસંગ્રામમાં, મારા ખડ્ગ અને બાણની સાક્ષીએ હું પ્રાયશ્ચિત આપીશ. માટે, દૂત જા જલદી તારા સ્વામીને ચેતાવ. સંગ્રામને માટે તૈયાર થાય. હું પણ તારી પાછળજ યુદ્ધઅર્થે બહાર આવું છું. આ પ્રમાણે બોલતાંજ સિંહાસનપરથી **સિદ્ધરાજ** ઊભો થયો અને રણસંગ્રામના પ્રયાણને સૂચક રણશીંગુ ( ભેરી ) વગડાવ્યું.

**સિદ્ધરાજ**ની વાકૃચાતુરી અને ઉત્સાહ દેખી દૂતતો સ્તબ્ધજ થઇ ગયો, તરતજ ત્યાંથી રવાના થઇ, રાજા **સુ**રપાળ તથા **વીર**ધવળને આવી મળ્યો. અને **સિદ્ધરાજે** જણાવેલ વાકયોથી યુદ્ધ માટે સજ્જ થવા જણાવ્યું.

**મ**હાબળ સભા બરખાસ્ત કરી, પોતાના મેહેલમાં **મ**લયાસુંદરીને આવી મળ્યો, અને **બ**ળસારને છોડવવા માટે આવેલા પિતાશ્રી તથા સસરાના શુભ સમાચાર નિવેદિત કર્યા. અનાયાસે પિતાશ્રી તથા સસરાને અહીં આવેલા સાંભળી **મ**લયાસુંદરીના આનંદનો પાર ન રહ્યો.

**મ**હાબળ—કાંતા ! સંગ્રામ કર્યા સિવાય એકદમ પિતાજી તથા સસરાને જઈ મળવું તે મને ઉચિત લાગતું નથી. યદ્યપિ, પિતાજી અથવા સસરાજી સન્મુખ યુદ્ધ કરવું તે અનુચિત છે, છતાં સંગ્રામાર્થે આવેલ હોવાથી તેમ કર્યા સિવાય ' હું તમારો જમાઇ છું ' કે, 'આપનો પુત્ર છું,' એમ કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીનતાથી મળવું એ ક્ષત્રિયોને મોટું અપમાન કરનાર છે, કે માનભંગ કરનાર છે. તો એકવાર થોડો પણ સંગ્રામ કરી, મારા હાથ દેખાડી પછી હું તેમને ભેટી પડીશ. માટે તું અહીં રહેજે. આ મેહેલના ઝરૂખામાં બેસી, દૂરથી થતા સંગ્રામને જોયા કરજે. આ પ્રમાણે મલયાસુંદરીને જણાવી મહાબળ ત્યાંથી બહાર નીકળ્યો.

## પ્રકરણ ૪૮ મું.

### યુદ્ધ પ્રારંભ.

રણશીંગાં ફુંકાવા લાગ્યાં. ચતુરંગ સૈન્ય આવી મળ્યું. રણરંગ હસ્તી પર બેસી મોટા ઉત્સાહથી **સિદ્ધરાજ** શેહેર બહાર આવ્યો.

બન્ને સૈન્યમાં રણસંગ્રામનાં વાજીંત્રો એટલા જોરથી વાજતાં હતાં કે જાણે બ્રહ્માંડને પણ ફોડીનાખશે. રણાંગણમાં પ્રવેશ કરવા માટે સુભટો તૈયાર થઈ ગયા. ભાટ લોકો સુભટોનાં પરાક્રમોનું વર્ણન કરવા લાગ્યા. ભયંકર સિંહનાદ ચારે બાજુ થવા લાગ્યા. જયશ્રીના ઇચ્છક સુભટો નૃત્ય કરવા લાગ્યા. બન્નેસૈન્ય સંમુખ આવી લાગ્યાં. યુદ્ધનો પ્રારંભ થયો. રથવાળા રથ વાળા સામે, હાથીપર ચડેલા હાથીવાળા સામે, અશ્વવાળા અશ્વવાળા સામે, અને પદાતિઓ પદાતિ સામે ધસ્યા. રણાવેશમાં વીરપુરૂષોના મસ્તકના કેશ, મનની અંદર રહેલા ક્રોધાનળના ધુમાડાની માફક ઉછળવા લાગ્યા. પરસ્પર છોડેલા બાણના સમુદાયથી સૂર્ય ઢંકાવા લાગ્યો અને જાણે કાળરાત્રિની શરૂઆત થઇ હોય તેમ અંધકાર ફેલાવા લાગ્યો. અન્યોઅન્યનાં શસ્ત્ર સંઘર્ષણથી ઉત્પન્ન થતો અગ્નિ, વચમાં વીજળી માફક પ્રકાશના ઝબકારા આપતો હતો. પ્રસરતાં બાણનાં સૂત્કાર, ભયંકર ભાલાઓના રણત્કાર, ધૂધૂયમાન થતા શિલાના સમુદાય, ખડ્ગના ખાટ્કાર. છુરીના છણત્કાર, અને દંડના ભાત્કારથી સંગ્રામભૂમિ ભયંકર દેખાવા લાગી.

શરીરપર ધારણ કરેલ બખ્તરોના ત્રુટત્ ત્રુટત્ શબ્દો થવા લાગ્યા. કાયર પુરૂષો કંપવા લાગ્યા, અને શૂરવીરોનાં રોમાંચો વિકસિત થવા લાગ્યાં. ખડ્ગાખડ્ગી, દંડાદંડી, શરાશરિ, કુંતાકુંતિ ગદાગદિ, દંતાદંતિ, લાતાલાતિ, મુષ્ટામુષ્ટિ, અને મુદ્ગરામુદ્ગરિ પ્રમાણે ભયંકર યુદ્ધ આપસમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયું. ક્ષય કાળને સૂચવનાર આ યુદ્ધના પ્રસંગમાં થોડાજ વખતમાં **સિદ્ધરાજ**નું સૈન્ય ભાગ્યું. કેમકે તે ઘણુંજ થોડું હતું. તેમજ તેને અ-ચાનક તૈયાર થવું પડ્યું હતું. યુદ્ધમાંથી પાછું ફરી સૈન્ય શેહેર ત-રફ વળવા લાગ્યું.

પોતાના સૈન્યને પાછું ફરતું દેખી, રણરંગ હાથીપર બેસી **સિદ્ધ**-રાજ પોતાના સૈનિકોને સ્થિર કરતો, સિંહનાદથી સામા પક્ષના સૈન્યને ત્રાસ આપતો, રણ સંગ્રામના મોખરાપર આવી યુદ્ધ કરવા લાગ્યો.

**સિદ્ધરાજ**ને સંમુખ આવેલો દેખી, **વિશ્વાલંકાર** હાથીઉપર બેસી **સુ**રપાળ રાજા, અને **સં**ગ્રામ તિલક હાથી ઉપર બેસી **વી**રધવળ રાજા તેના સંમુખ યુદ્ધ કરવા આવી પહોંચ્યા. પોતાના સર્વ બળને વાપરતા, તે સર્વે રાજાઓ જીવપર આવીને લડવા લાગ્યા.

પોતાના બાહુ બળથી સામો પક્ષ અજેય જણાતાં, **સિદ્ધરાજે** વ્યંતર-દેવનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ તે વ્યંતરદેવ હાજર થયો, ' હું આવી પહોંચ્યો છું ' એમ જણાવી તે દેવ **સિદ્ધરાજ**ને મદદ કરવા લાગ્યો. તે સામા પક્ષ તરફથી આવતાં બાણોને, અર્ધમાર્ગમાંથીજ પકડી લઇ સિદ્ધ-રાજને આપવા લાગ્યો. **સિદ્ધરાજ**ના સૈન્યનાં બાણ સામા પક્ષને વાગવા લાગ્યાં અને તે તરફનાં બાણ વચમાંજ દેવ ઉપાડી લેવા લાગ્યો આ કારણથી મેઘધારાથી જેમ હંસો દિશાઓમાં ઉડી જાય છે, તેમ **સિધ્ધરાજ**ની બાણધારાએ, રણાંગણમાંથી રાજહંસો સહજ વારમાં ઉડવા લાગ્યા. એક તો બળવાન અને યુવાન **સિધ્ધરાજ**, તેમાં વળી દેવની મદદ, આ બન્ને કારણથી **સિધ્ધરાજ**નું જોર વધ્યું. તેણે કૌતુકથી રાજાના ચામર, ધ્વજા અને છત્ર છેદી નાખ્યાં તેમજ તે બન્ને રાજાના શરીરનું રક્ષણ કરતાં, તે-મણે હાથમાં લીધેલાં શસ્ત્રો વારંવાર પાડી નાખવા લાગ્યો.

તેજવાન્ ગુરૂ શુક્રને પણ ચંદ્રમા જેમ નિસ્તેજ કરી નાખે છે, તેમ બન્ને રાજાને નિસ્તેજ કરી ચિંતાસમુદ્રમાં નાખ્યા. ચિંતાથી અધોમુખ અને લજ્જાથી શ્યામ મુખ ધારણ કરતા પિતા તથા સસરાને દેખી, **સિધ્ધ**-રાજે વ્યંતરદેવને બોલાવી, કેટલીક અગત્યની ભલામણ કરી પૂર્વે લખી રાખેલ એક લેખ, બાણના અગ્ર ભાગમાં રાખી, તે બાણ રાજાના સંમુખ ફેંક્યું.

દેવ પ્રભાવથી **સિદ્ધરાજે** મુકેલું બાણ રાજાને નમસ્કાર કરતું અને મ-નુષ્યોને મોહ પમાડતું રાજા પાસે આવ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે આવતા બાણને દેખી તે બન્ને રાજાઓ ચિત્તમાં ચમત્કાર પામ્યા. બાણ આકાશથી નીચું ઉતર્યું. સુરપાળ રાજાને ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કાર કર્યો, અને તેના ચરણાર્વિંદમાં તે પત્ર મૂકી પાછું તે સિંહરાજની પાસે ચાલ્યું ગયું.

બાણનું આવું કર્ત્તવ્ય જોઇ, સર્વ સૈનિકોને આશ્ચર્ય થયું. તેઓ પરસ્પર બોલવા લાગ્યા. ભાઇઓ ! આમાં કાંઇ ગૂઢ પરમાર્થ જણાય છે, પણ આપણે તે સમજી શકતા નથી.

એટલામાંતો સુરપાળ રાજાએ તે લેખ હાથમાં લીધો, અને તેને ખોલી ઘણીવાર સુધી તે અક્ષરની પંક્તિ નિહાળી વાંચવા માંડ્યો.

લેખ સાંભળવાની ઇચ્છાથી, રાજાની ચારે બાજુ હજારો મનુષ્યો વીંટાઇ વળ્યા. કોળાહળ બંધ થયો. એટલે રાજાએ મોટાસ્વરે તે લેખ વાંચવો શરૂ કર્યો.

શ્રીમાન્ વીર પુરૂષોથી સુશોભિત, રણાંગણ ભૂમિમાં સ્થિત, પૂજ્ય પિતાશ્રી સુરપાળ નરેંદ્રના ચરણાર્વિંદમાં, તથા શ્રીમાન્ ચંદ્રાવતી નરેશ, શ્વશુરશ્રી વીરધવળના ચરણસરોજમાં, આપ શ્રીના સંમુખ સૈન્યમાં સ્થિત મહાબળ કુમાર આપ સર્વને નમસ્કાર કરવા પૂર્વક વિજ્ઞપ્તિ કરે છે કે, આપશ્રીના પવિત્ર પ્રસાદથી મને આ રાજ્યનો પૂર્ણ પરિગ્રહ પ્રાપ્ત થયો છે, તેમજ પૂજ્ય પિતાશ્રીના પ્રમોદાર્થે, મારા ભુજબળનો વિનોદ આપશ્રી સમક્ષ મેં કર્યો છે. તેમાં પૂજ્યોનો કરેલો પરાભવ કે અવજ્ઞા, યા અવિનય તે કૃપાકટાક્ષથી ક્ષમા કરવા યોગ્ય છે.

પૂજ્ય પિતાશ્રીના પાદાર્વિંદની પ્રાપ્ત્યર્થે પ્રબળ ઉત્કંઠિત થઇ રહ્યો હતો, તેમાં પ્રબળ પુણ્યોદયથી અકસ્માત્ પૂજ્યોનાં પવિત્ર દર્શન પ્રાપ્ત થયાં છે, તો આ અદ્વિતીય હર્ષસ્થાને આપશ્રી શોકસંકલિત શામાટે ?

આ લેખનો ભાવાર્થ વાંચવાની સાથેજ આખા સૈન્યમાં હર્ષનાદની ગર્જનાઓ થવા લાગી.

સુરપાળ રાજા આનંદાવેશમાં બોલવા લાગ્યો. અહો ! વિધિની પ્રસન્નતા ! અહો ભાગ્યોદય ! હમણાંજ પુત્રવધૂસહિત મહાબળ અહીં આવી મળશે. આજે નારકીસરખા અસહ્ય વિયોગ દુઃખથીઃ અમારો ઉદ્ધાર થયો. આજેજ જીવન પામ્યા. આજેજ ચૈતન્ય સુપ્રગટ થયું, અને નેત્રો પણ આજેજ વિકસ્વર થયાં, આ પ્રમાણે બોલતો સુરપાળરાજા વીરધવળરાજાની સાથે, મહાબળકુમારના સૈન્ય સંમુખ ચાલવા લાગ્યો.

# પ્રકરણ ૪૯ મું.

## સ્વજનમેળાપ.

સ્નેહ એવી ચીજ છે કે, ત્યાં માન, અપમાન, કે મોટાનાનાની ગણના કે તુલના રહેતી નથી. અવિવેક કે અવિનય તે અખંડ રસના પ્રવાહમાં લીન થઇ જાય છે, અને ઉલટા તે આંતર્‌ની કારી લાગણીને સૂચવી સ્નેહનું પોષણ કરે છે.

પિતાશ્રી તથા સસરાને સંમુખ આવતા દેખી, **મ**હાબળ પણ તરતજ આસન છોડી સંમુખ દોડી ગયો, અને પિતાજીના ચરણમાં નમી પડ્યો. નેત્રોમાંથી ઝરતા અશ્રુપ્રવાહે વિયોગવ્યથા ખાલી કરી, આંતર્‌સ્નેહ પ્રકટ કર્યો, તે સ્નેહ કેટલો હશે તેનું માપ કરવું અશક્ય હતું.

ત્યાં વિશેષ વખત ખોટી ન થતાં, આ પૂજ્યમંડળને મોટા મહોત્સવપૂર્વક **મ**હાબળે શેહેરમાં પ્રવેશ કરાવ્યો. પરિવારસહિત બન્ને રાજાઓ મેહેલમાં દાખલ થયા.

**મ**લયાસુંદરી, પિતા તથા સસરાને નમી પડી તેમને જોતાંજ આંતર્‌દુઃખ યાદ આવ્યું. તેની આંખોમાંથી અશ્રુનો અખંડ પ્રવાહ વહેવા લાગ્યો, તેનું હૃદય તેને સ્વાધીન ન રહ્યું. અંતે ધ્રુસકે ધ્રુસકે રૂદન કરવા લાગી. પોતે રૂદન કર્યું, અને સ્નેહીઓને પણ રડાવ્યા. છેવટે પિતા તથા સસરા પ્રમુખે દિલાસો અર્પવા પૂર્વક ઘણી રીતે બોલાવી તેને શાંત કરી.

ભોજન કર્યા પછી, ખાનગી મેહેલમાં રાજકુટુંબ એકઠું થયું. **સુ**રપાળ તથા **વી**રધવળ રાજાએ **મ**હાબળ અને **મ**લયાસુંદરીને આજપર્યંત પોતે અનુભવેલું સર્વ વૃત્તાંત કહી સંભળાવવા માટે જણાવ્યું. **મ**હાબળ તથા **મ**લયાસુંદરીએ પોતાને માથે વીતેલી સર્વ બીના મૂળથી કહી સંભળાવી.

**મ**લયાસુંદરીનું કહેલું વૃત્તાંત સાંભળી, **વી**રધવળપ્રમુખ સર્વના નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેઓને ઘણો શોક થયો. પુત્રીના મસ્તકપર હાથ ફેરવતો, **વી**રધવળરાજા બોલ્યો. મારી વહાલીપુત્રી! મોટા સંકટમાં આવી પડી હતી. અહા! રાજકુળમાં જન્મ પામી, છતાં રૈરવની માફકનું દુઃખમાં રોળાઇ. તું પુત્રી! કુસુમથી પણ કોમળ છતાં આવાં તીવ્ર દુઃખ તેં કેવી રીતે સહન કર્યા! ઇત્યાદિ વિવિધ પ્રકારે શોક કરતા રાજાએ, પુત્રીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વારંવાર હાથથી સ્પર્શ કરતાં, નેત્ર માર્ગે આંશુ બહાર કાઢી, પોતાનો શોક ખાલી કર્યો.

સુરપાળ રાજાને તેથી પણ વિશેષ દુઃખ લાગી આવ્યું. ઘણા ખેદ કરવા પૂર્વક તેણે જણાવ્યું. પુત્રિ! આવા મહાન્ દુઃખાર્ણવમાં તને નાખનાર અવિચારી અને પાપી, આ—સુરપાળજ છે. કુળવધુ! મારો સર્વ અપરાધ તારે ક્ષમા કરવા યોગ્ય છે. તું ક્ષમા કરજે. પ્રસન્ન થા. કોપનો ત્યાગ કર, તું તત્ત્વજ્ઞ છે, એટલે વિશેષપ્રકારે કહેવાની જરૂર નથી.

**મ**લયાસુંદરીએ નમ્રતાથી ઉત્તર આપ્યો. સસરાજી! આપ આટલો ખેદ શા માટે કરો છો? ભાવી કોઈ અસત્ય કરી શકતું નથી. પૂર્વકૃત કર્મો અવશ્ય ભોગવવાંજ પડે છે. બીજાં મનુષ્યો નિમિત્તમાત્ર છે. સુખ, દુઃખ આપનાર તો શુભાશુભ કર્મોજ છે. મારાં પૂર્વકર્મજ તેવાં હશે. તેમાં આપનો શું દોષ છે?

**મ**હાબળ તરફ દૃષ્ટિ કરી, **સુ**રપાળરાજા બોલ્યો. વત્સ! તારી કૃપા અપૂર્વ છે. અપરાધી કંદર્પ રાજાપર તેં ઘણો અનુગ્રહ કર્યો છે, છતાં તે નિર્ભાગ્ય તારા અનુગ્રહનો લાભ લઈ ન શક્યો. તારૂં સાહસ, તારી બુદ્ધિ, તારૂં શૌર્ય, તારૂં ધૈર્ય, તારૂં સુકૃત અને તારાપર મનુષ્યોનો (પ્રજાનો) અનુરાગ એ અનુકરણીયસાથે અનુમોદનીય પણ છે. ઈત્યાદિ અનેકપ્રકારે પુત્રના ગુણોનું અનુમોદન કરતા રાજાએ પુત્રને જણાવ્યું. વત્સ! **મ**લયાસુંદરીથી પેદા થયેલ તે પુત્ર હાલ કયાં છે? તે પાપી **બ**લસારે તેની શી વ્યવસ્થા કરી છે?

**મ**હાબળ—તે **બ**ળસારને અહીં બોલાવીને પૂછી જોઇએ. તરતજ **મ**હાબળે બંધીખાનામાંથી **બ**ળસારને **સુ**રપાળ રાજા પાસે બોલાવી મંગાવ્યો. અનેક સુભટોથી વિંટાયેલ, અને લોહની બેડીથી નિગડિત **બ**લસાર સભામાં આવ્યો.

તેને જોતાંજ ભયંકર ભ્રકુટી કરી **સુ**રપાળરાજાએ જણાવ્યું. અરે! દુર્બુદ્ધિ, તેં અમારો ઘણો અપરાધ કર્યો છે. તને જે શિક્ષા કરવાની છે તે તો કરશુંજ. પણ પ્રથમ તું સત્ય જણાવ કે, તેં અમારા પુત્રની શી વ્યવસ્થા કરી છે? તેને કયાં રાખ્યો છે.?

**સુ**રપાળ અને **વી**રધવળ બન્ને રાજાને ત્યાં બેઠેલા દેખી, તે સાર્થવાહ અત્યંત ગભરાઇ ગયો. તેને ઘણો ભય થયો. જેની મદદથી બંધીખાનાથી છુટવાની કાંઇ પણ આશા રાખતો હતો, તેનાંજ આ પુત્ર અને પુત્રી છે, અને મેં પણ તેનોજ મહાન્ અપરાધ કર્યો છે, તેનેજ મેં મહાન્ કષ્ટ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપ્યું છે, તે **વી**રધવળ રાજાની પુત્રીનેજ દુર્દશામાં લાવી મૂકી હતી. અને છેવટે કારૂને ઘેર દ્રવ્યથી વેચી દીધી હતી. તો શું તે રાજાઓ હવે મારો બચાવ કરશે ? ના નહિંજ. ત્યારે હવે મારે શું કરવું ? મારા સર્વ મનોરથો નિષ્ફળ ગયા. રાજગુન્હો અને સ્વામીદ્રોહ કરનાર મને મારા કુટુંબ સહિત, આ રાજા મારી નાખશે. પણ હવે એક ઉપાય છે તેનાથી મને જીવિતવ્ય મળવાની આશા છે. તે એજ કે, તેમનો પુત્ર મારી પાસે છે, માટે તે પાછો આપવા બદલ, જીવિતવ્યની માગણી કરવી. એમ વિચારી સાર્થવાહે જણાવ્યું.

મહારાજા ! હું આપ સર્વનો મહાન્ અપરાધી છું, છતાં આપ જો, મારા કુટુંબસહિત મને જીવિતદાન આપવાની દયા કરો તો હું આપનો પુત્ર ક્યાં છે તે બતાવી આપું.

પુત્ર જીવતો છે, તેમ સાંભળી સર્વને આનંદ થયો. રાજાએ દયા લાવી તેને માગણી કબુલ રાખી, એટલે સાર્થવાહે કોઇ એક ગુપ્ત સ્થળેથી, અન્ય મનુષ્યો પાસે, પુત્ર મંગાવી આપ્યો.

વરસાદના આગમનથી જેમ મયૂરકુટુંબ આનંદ પામી નૃત્ય કરે છે, તેમ પુત્રને દેખી આખું રાજકુટુંબ આનંદમાં નૃત્ય કરવા લાગ્યું.

**સુ**રપાળ રાજાએ **બ**ળસારને પૂછ્યું કે, આ પુત્રનું તેં શું નામ રાખ્યું છે ! **બ**ળસારે જણાવ્યું મહારાજા ! તેનું **નામ બળ** રાખવામાં આવ્યું છે. **સુ**રપાળ રાજાએ પુત્રને ખોળામાં લીધો. એ અવસરે તે રાજાની પાસે હાથમાં સો સોનામહોરની એક પોટલી હતી. તે બાળપુને તરતજ પોતાના હાથમાં ખેંચી લીધી. તે દેખી **સુ**રપાળરાજાએ તેનું નામ **શ**તબળ સ્થાપન કર્યું.

**સુ**રપાળ રાજાએ, તે **બ**ળસાર સાર્થવાહનું સર્વસ્વ લુંટાવી લીધું, પણ કુટુંબસહિત તેને જીવતો મૂકી, પોતાનું બોલેલું વચન પાળ્યું.

એક વર્ષ પછી **મ**લયાસુંદરીનો મેળાપ થશે, તે નિમિત્તજ્ઞનું વચન સત્ય થયું. કેમકે બરાબર એક વર્ષેજ,**મ**હાબળને પ્રથમ **મ**લયાસુંદરીનો મેળાપ કુવામાં થયો હતો. રાજકુટુંબમાં અને વિશેષે આખા રાજ્યમાં આજનો દિવસ આનંદોત્સવનો હતો. સર્વસ્થળે આનંદ વાર્તા રહ્યો હતો પુત્ર, પુત્રી વિયોગથી વિધુરિત થયેલા બન્ને રાજાઓ આજે શાંતિ અનુભવતા હતા. **સિ**દ્ધરાજ તે **મ**હા**બ**ળ કુમાર છે એમ જાણી પ્રજા સમુદાય પણ પોતાને વિશેષ પ્રકારે સનાથ માનતો હતો. પોતાની ભુજાબળથી પેદા કરેલું રાજ્ય **મ**હાબળે પોતાના પિતા **સુ**રપાળને સ્વાધીન કર્યું. અન્યોઅન્ય પરમ સ્નેહમાં નિમગ્ન થયેલ બન્ને રાજકુટુંબો આનંદમાં દિવસો પસાર કરવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫૦ મું.

## ચંદ્રયશા કેવલી.

નાના પ્રકારના પાર્થિવવૈભવનો અનુભવ કરતાં, બન્ને રાજકુટુંબો આનંદ સમુદ્રમાં નિમગ્ન થઇ રહ્યાં છે. સાનુકુળ ઇષ્ટ સંયોગના સંબંધથી, પૂર્વે અનુભવેલ અસહ્ય દુઃખ, અત્યારે વિસારે પડી ગયું હતું. પૂર્વોપાર્જીત પ્રબળ પુણ્યનો સૂર્યોદય, પરાકાષ્ટાએ પહોંચ્યો હોય તેમ પૂર્ણ તપી રહ્યો હતો. આ અવસરે બાહ્યશાંતિમાટે જેમ વર્ષાઋતુની જરૂર હોય છે તેમ તેથી પણ વિશેષ જરૂર આંતર શાંતિ માટે સદ્ગુરૂની હતી. તે પૂર્ણ કરવાને માટેજ, પુણ્યથી પ્રેરાયેલા **પાર્શ્વ**નાથ પ્રભુના શિષ્ય શ્રીમાન્ **ચં**દ્રયશા **કે**વલી, પૃથ્વી તળપર વિચરતા અનુક્રમે ત્યાં આવી સમવસર્યા.

કેવલી ભગવાનનું આગમન સાંભળી, બન્ને રાજાઓ પોતાના કુટુંબસહિત ગુરૂવર્યને વંદન અને ધર્મશ્રવણ કરવા માટે તેમની પાસે આવ્યા. ધર્માર્થી પ્રજા સમુદાય પણ ઇચ્છાનુસાર ધર્મ શ્રવણ નિમિત્તે આવી મળ્યો.

**ચં**દ્રયશા **કે**વલી પ્રભુએ પણ જીવોનાપર અનુકંપાથી, જન્મમરણને દૂર કરનારી ધર્મ દેશના આપવી શરૂ કરી.

મહાનુભાવો! આ દુનિયાના સર્વ જીવ, જન્મ, જરા, મરણ, આધી, વ્યાધી, અને ઉપાધી આદિ નાના પ્રકારના દુઃખનો અનુભવ કરતાં નજરે પડે છે. આ દુઃખ ક્ષણીક છે કે આત્યંતિક છે, તેનો નાશ થઇ શકે તેમ છે કે નિરંતર આમને આમ મુંગે મોઢે તેનો અનુભવ કર્યા કરવો જ પડે છે, તે સંબંધમાં મનુષ્યોએ અવશ્ય વિચાર કરવો જોઇએ. જનાવર કરતાં મનુષ્યો ઉત્તમ છે, કારણ કે, તેમના કરતાં મનુષ્યોમાં વિચારશક્તિ પ્રબળ છે. પશુઓ કરતાં મનુષ્યોનું મન વિશેષ સ્પષ્ટ છે, અને તેથી ગમે તે જાતનો તે વિચાર કે નિર્ણય કરી શકે છે અને પછી તેના પ્રતિકાર નિમિત્તે તે પ્રયત્ન પણ કરી શકે છે. આટલું છતાં, અરે! આવું અસીમ સામર્થ્ય છતાં પણ, તે દુઃખનાં મૂળ કારણો શોધવા કે દુઃખનો વિનાશ કરવા, મનુષ્યો વિચાર કે પ્રયત્ન ન કરે તો તે મનુષ્યપણું તેમનું શા ઉપયોગનું છે? પશુઓમાં અને મનુષ્યોમાં પછી શાનો તફાવત? તેના જેવું બીજું શોચનીયપણું શું હોઇ શકે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દરેક મનુષ્યે વિચાર કરવો જોઇએ કે, હું કોણ છું ? આ જગત શું છે ? આ વિચિત્રતાનું કારણ શું ? પરમશાંતિ શાથી મળે ?

પોતાના મંદ ક્ષયોપશમથી (વિચારની કે વિશુદ્ધિની મંદ પ્રબળતાથી) આ વાતનો નિર્ણય પોતે ન કરી શકે, તો અવશ્ય તે ખુલાસો સદ્‌ગુરૂપાસેથી મેળવવોજ જોઇએ. જે મનુષ્ય પોતાના ભલા માટે પણ પ્રયત્ન નથી કરતો તે મનુષ્ય, મનુષ્યપણાને લાયક કેમ ગણાય ?

## હું કોણ છું ?

તમે કોણ છો ? આવું પ્રશ્ન તમને પૂછવામાં આવે તો તમે શું ઉત્તર આપશો ? અથવા તમે તમારા મનથીજ પ્રશ્ન કરો કે હું કોણ છું ? આનો આંતર્‌માંથી શું ઉત્તર મળે છે ? 'હું રાજા છું, ક્ષત્રીય છું, પુરૂષ છું, મનુષ્ય છું, આર્ય છું.' આ ઉત્તર તમને વ્યાજબી લાગે છે ? જરા વિચાર કરો તો આનું વિશેષ સ્પષ્ટિકરણ થશે. આર્યદેશમાં જન્મ્યા માટે આર્ય. આર્ય સિવાયના દેશમાં જન્મ પામ્યા હોત તો, આર્ય તો નજ કહેવાતને. ત્યારે આર્ય એ તમારૂં નિત્ય સંબંધીત લક્ષણ કે સ્વરૂપ કહેવાય ? ના નહિંજ. " કેમકે તે વિનશ્વર યાને પલટણ સ્વભાવવાળું લક્ષણ છે. તમારૂં ખરૂં સ્વરૂપ તમારી સાથે નિત્ય સંબંધીત હોવું જોઇએ. "

'હું મનુષ્ય છું.' મનુષ્યના દેહમાં રહ્યા છો માટે મનુષ્ય. પણ જનાવરના શરીરમાં રહ્યા હોત તો ? 'તો જનાવર કહેવાત.' ત્યારે આ લક્ષણ પણ, તમારૂં નિશ્ચિત નજ ગણાય.

'હું પુરૂષ છું" પુરૂષ સંજ્ઞા સૂચક ચિન્હવાળા શરીરમાં રહ્યા છો માટે પુરૂષ. કદાચ સ્ત્રી સંજ્ઞા સૂચક ચિન્હવાળા શરીરમાં રહ્યા હોત તો ? 'સ્ત્રી કહેવાત' ત્યારે પુરૂષ, સ્ત્રી, એ શબ્દવાચક જે વસ્તુ છે, તે તમારૂં નિયમિત અને નિશ્ચિત સ્વરૂપ નજ કહેવાય. એ તો સર્વે એક જાતની ઉપાધીઓ છે.

'હું ક્ષત્રીય છુ" ક્ષત્રીયપણું તમે પોતે છો. અથવા તમે ક્ષત્રીય સ્વરૂપ છો. તે શા કારણને લઇને ? 'ક્ષત્રીયના કુળમાં જન્મ પામ્યા તે માટે. અથવા 'ક્ષતાત્ ભયાત્ ત્રાયતે' ઇતિ ક્ષત્રી. એટલે ભયથી બીજાનું રક્ષણ કરવાનો જેનામાં ગુણ છે તે ક્ષત્રીય.' ક્ષત્રીય સિવાય અન્ય કુળમાં જન્મ થયો હોત, અથવા ભયથી બીજાનું રક્ષણ કરવાનું સામર્થ્ય તમારામાં ન હોત તો ? 'ક્ષત્રીય નજ કહેવાત.' ત્યારે આ ઉપાધી એજ ક્ષત્રીયપણું, પણ તેથી 'તમારૂં સત્ય સ્વરૂપ ક્ષત્રીયપણું છે.' એ તો સિદ્ધ નજ થયું.

'હું રાજા છું" તમે રાજા છો તે કયા પ્રબળ કારણને લઇને ? 'અનેક

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

મનુષ્યોના ઉપર, અને ઘણી લાંબી પૃથ્વીઉપર, હકુમત ચલાવો છો. આજ્ઞા પાલન કરાવો છો. ઐશ્વર્યનો અનુભવ કરો છો. તે કારણને લઇને ?' અસ્તુ. આ હકુમત, આજ્ઞા, ઐશ્વર્ય, અને વૈભવ એ ચાલ્યું જાય તો રાજા કહેવાઓ ખરા કે ? ના. નહિજ, ત્યારે તમે રાજા છો તે કઇ અપેક્ષાને લઇને તે તમે સમજ્યાજ હશો. હા, 'આ રાજ્યવૈભવને લઇને.' જો એમજ છે તો આ રાજવૈભવ, સંયોગ, વિયોગ, ધર્મવાળો હોવાથી ચીરસ્થાયી નથી. માટે તે તમારૂં સત્ય, શાશ્વત સ્વરૂપ નજ ગણાય.

આ, શરીર પણ આપણે નથી. તે તો આપણું છે. હું અને મારૂં આ બન્ને વસ્તુમાં, બાહ્ય, આભ્યંતર અપેક્ષાને લઇને તપાસ કરતાં વિશેષ તફાવત છે. બાહ્ય વસ્તુની અપેક્ષાએ જેમકે ' મારૂં ઘર ' આ ઠેકાણે મારૂં કહેનાર મનુષ્ય, અને તેને રહેવાનું ઘર અથવા તેનું ઘર–આ બન્ને વસ્તુ પૃથક્–જુદી છે, તેમ જ અત્યંત ભિન્ન વિલક્ષણવાળી છે. તે તદ્રુપ નજ કહેવાય કે મનાય–યા અનુભવાય.

આભ્યંતર અપેક્ષા, જેમકે, ' મારો ક્રોધ ઝાલ્યો ન રહ્યો. ' આ ક્રોધની ઉત્પત્તિ અન્ય વસ્તુની અપેક્ષા રાખે છે. ઇષ્ટાનિષ્ટ વસ્તુના વિયોગ, સંયોગથી તે ઉત્પન્ન થાય છે. અને તેનો અભાવ થતાં, અથવા ઇષ્ટ વસ્તુ આવી મળતાં અને અનિષ્ટ વસ્તુ ચાલી જતાં તે ક્રોધ વિલય થઇ જાય છે. માટે તે પણ આપણું સત્ય સ્વરૂપ નજ બની શકે.

આહાર, પાણી, હવા, ચિંતા, પરિશ્રમ, નિશ્ચિંતતા વગેરે અનેક કારણોને લઇ આ શરીરની વૃદ્ધિ, હાની થાય છે. જેમ, ઇંટ, ચુનો, પથ્થર, માટી, લાકડાં, લોઢાં, જમીન વિગેરે અનેક કારણોની વૃદ્ધિ, હાનીથી ઘર નાનું મોટું થાય છે. માટે જેમ ઘરનો બનાવનાર કે, ઘરમાં રહેનાર તે ઘર નથી પણ ઘરથી જુદો છે. તેમ આ શરીર બનાવનાર કે શરીરમાં રહેનાર, આ શરીરથી જુદો છે.

ઘર કે મેહેલના ઝરૂખામાં ઉભો રહીને કોઇ માણસ બાહારના પદાર્થો જોઇ શકે છે, તેમ આ શરીરના નેત્રોરૂપી ઝરૂખામાં રહીને, અંદર રહેનાર આ દુનિયાના પદાર્થોને જોઇ શકે છે. ઝરૂખો અને ઝરૂખામાં ઉભો રહી જોનાર મનુષ્ય બન્ને જુદાં છે, તેમ શરીર અને શરીરમાં રહી બાહ્ય પદાર્થોને જોનાર બન્ને જુદા છે.

ઘર કે મેહેલ પડી જતાં, કે તે ભાડાનું હોય તો તેની મુદત પુરી થતાં, તેમાં રહેનાર તે ઘર કે મેહેલ ખાલી કરી બીજે રહેવા જાય છે. તેમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ શરીર પડી જતાં અથવા તેમાં રહેવાની મુદત ( આયુષ્ય ) પૂર્ણ થતાં આ દેહમંદિરમાં રહેનાર તેને ખાલી કરી અન્ય મંદિરમાં રહેવા જાય છે. એટલે ઘર ખાલી કરનાર જેમ ઘરથી જુદો છે તેમ આ દેહ ખાલી કરનાર દેહી પણ દેહથી જુદો છે.

અનાદિ કાળના અભ્યાસથી, દેહમાં આત્મભાવ મનાયો છે કે, દેહ તેજ હું છું. દેહને સુખે સુખી, દુઃખે દુઃખી, રાત્રદિવસ તેની સેવા કરવામાં, અને તેનું રક્ષણ કરવામાં અને તેનું પાલન પોષણ કરવામાં વ્યતીત કરાય છે. આવા પ્રબળ દેહાધ્યાસથી આત્મા દેહસમાન ભાસે છે: પણ ખરૂં જોતાં તેમ નથી. આત્માનાં લક્ષણો જુદાં છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, અરૂપી છે, જ્ઞાનમય છે, જ્ઞાતા છે, દ્રષ્ટા છે. ત્યારે આ દૃશ્ય દેહાદિ જડ સ્વરૂપ છે, રૂપી છે. અજ્ઞાન સ્વરૂપ છે. દ્રષ્ટાથી દૃશ્ય છે. જ્ઞાતાથી જ્ઞેયસ્વરૂપ છે. આ લક્ષણોથી વિચાર કરતાં આ દૃશ્યાદિથી ભિન્ન જે છે, તે પોતે હું છું, કે આત્મા છે. એવા ઉપનામથી બોલાવાતો આત્મા છે.

અસિથી જેમ મ્યાન જુદું છે તેમ તે દેહથી જુદો છે. કેટલાએક શંકા કરે છે કે, તે નેત્રોથી કેમ દેખાતો નથી. પણ વિચાર કરતાં જણાશે કે, નેત્રને પણ જોનાર આત્મા છે. તે, તે નેત્રોથી કેવી રીતે દેખાશે ?

દરેક ઇંદ્રિયને, પોત પોતાના પ્રત્યેક વિષયનું જ્ઞાન થાય છે. નેત્રથી જોવાય છે. કાનથી સંભળાય છે. નાસિકાથી ગંધ ગ્રહણ કરાય છે. જીવ્હાથી સ્વાદ અનુભવાય છે અને ત્વચાથી સ્પર્શનો અનુભવ થાય છે. પણ આ પાંચે ઇંદ્રિયના વિષયનું જ્ઞાન કોને થાય છે? એ જ્ઞાન જેને થાય છે, તેજ આત્મા છે, ત્યારે આ ઇંદ્રિયથી પણ તે; કેવી રીતે જાણી શકાય ?

ઇંદ્રિયથી જે વિષયનું જ્ઞાન થયું હતું તે ઇંદ્રિય નષ્ટ થતાં પણ તે વિષયનું જ્ઞાન સ્મરણમાં રહે છે. ધારો કે આ નેત્રથી તમે અનેક શેહર, પાહાડ, નદી, ખીણો વિગેરે જોયાં હતાં. તે નેત્રો કોઇ રોગાદિ કારણથી નાશ પામ્યાં, છતાં તેના વિષયનું (તે શેહેરાદિનું) સ્મરણ તે માણસને રહ્યા કરે છે કે અમુક વર્ષે, અમુક દિવસે, ( હું ) અમુક શહેરમાં ગયો હતો, વિગેરે, આ થી પણ સ્પષ્ટ થાય છે કે, આ સર્વ વિષયોનો જે જ્ઞાતા છે તે આ દેહાદિ ઇંદ્રિયોથી જૂદોજ છે.

તેમજ, મન પણ આત્માને જાણી શકતું નથી. પણ ઉલટું આત્મસત્તાથી તે જણાય છે. જેમકે, મારૂં મન અમુક ઠેકાણે ગયું હતું. મેં મનમાં આવા વિચારો કર્યા. વિગેરે આ સ્થળે મનને જાણનાર તેમજ મનઉપર

સત્તા ચલાવનાર તરિકે કોઇપણ અદૃશ્ય તત્ત્વ આ દેહમંદિરમાં રહેલું છે તેજ ભગવાન ( સમર્થ ) આત્મા છે.

નિદ્રા, સ્વપ્ન, અને જાગૃત દશા, આ ત્રણે દશાનો અનુભવ કરનાર અર્થાત્ દ્રષ્ટા, તે પણ આત્મા છે, ' મને સારી નિદ્રા આવી હતી, 'મને અમુક સ્વપ્ન આવ્યું હતું-" હું જાગુછું. " આ સર્વનો જ્ઞાતા પણ તેમનાથી વિલક્ષણ આત્મા છે. જેની સત્તાથી આ દુનિયાનાં પ્રત્યેક પદાર્થનો અનુભવ થાય છે તેજ આત્મા છે. ટુંકામાં કહીએતો 'હું કોણછુ' આવી શંકાનો કરનાર તેજ પોતે આત્મા છે.

આટલું જણાવ્યા પછીથી, હવે તમને નિર્ણય થયોજ હશે કે હું કોણ છું ? આત્મા છું અને દેહાદિ સર્વ પદાર્થોથી જુદો અને વિલક્ષણછું.'

પાયાસિવાયની ઇમારત નકામી છે. માટેજ આ સંબંધમાં કાંઇક લંબાણથી જાણવાની જરૂર છે, કારણકે આત્માજ ન હોય કે ન જાણ્યો હોય તો પછી તેને છોડાવવાને પ્રયત્ન કરવો તે કેવી રીતે ઉપયોગી નિવડે ? અસ્તુ.

## પ્રકરણ ૫૧ મું.

### પુનર્જન્મ.

દેહથી આત્મા ભિન્ન છે એમ જાણ્યાછતાં, આ આત્મા, દેહના નાશની સાથેજ નાશ પામતો હોય, તો પછી તેને દુઃખથી છોડવવા માટે પ્રયત્ન કરવો તે નિષ્ફળ છે. માટે આત્માની અસ્તિતા સાથે અમરતા ( નિત્યતા ) પણ અવસ્ય સમજવી જોઇએ. તે અમરતા પુનર્જન્મ થતો હોય તોજ સંભવી શકે.

આ માણસ મરી ગયો-કે પાછો થયો. આ શબ્દ સાંભળવાની સાથેજ આટલો તો નિર્ણય કરી શકાય છે કે, જેની મહાન્ સત્તાથી આ શરીરમાં હલન, ચલન, સ્મરણાદિ નાના પ્રકારની ક્રિયાઓ થતી હતી તે બંધ પડી ગઇ. અને તે ઇંદ્રિયાદિકનો પ્રેરક આત્મા આ સ્થળથી કોઇ પણ સ્થળે ચાલ્યો ગયો છે. તે કયાં ગયો ? તે ભલે આપણને ન દેખાય-કે ન સમજાય-પણ તેનુંજ નામ પુનર્જન્મ છે. કેમકે તે કોઇ પણ સ્થળે ગયો છે. તે સ્થળ, ભલે પછી ગમે તેવું હોય—પણ એક સ્થળ ( દેહ )થી સ્થળાંતરમાં જવું તે પુનર્જન્મ. ( ફરી ઉત્પન્ન થવું. )

આટલી વાત યાદ રાખવી જોઇએ કે, કોઈ પણ વસ્તુનો નિરન્વય નાશ ( મૂળથી–સર્વથા નાશ ) થતો નથી. પણ તેના પર્યાયો બદલાયા કરે છે. આ વાત અનુભવસિદ્ધ છે. ધારો કે એક વસ્ત્ર છે કે લાકડું છે. તેને અગ્નિથી બાળી નાખ્યું, તેથી તે વસ્ત્ર કે, લાકડાંનો નાશ તો થયો. પણ વિચાર કરશો તો તેનો સર્વથા નાશ થયો નથી એ વાત સ્પષ્ટ સમજાશે. કેમકે તેની રાખ તો કાયમજ છે. વસ્ત્રની આકૃતિ કે પર્યાય તેનો તો નાશ થયો પણ તેના પરમાણુઓ તો કાયમજ છે. તે વસ્ત્ર રાખપણે ઉત્પન્ન થયું તે તેનો પુનર્જન્મ. એવીજ રીતે આ દેહનો ત્યાગ કરી, અન્ય દેહમાં ઉત્પન્ન થવું તે આત્માનો પુનર્જન્મ. અર્થાત્ આત્માનો નાશ થતો નથી પણ પર્યાય બદલાય છે.

સુખ, દુઃખ એ પૂર્વક્રિયાને અનુસારે થાય છે. આ વાત પ્રત્યક્ષ જણાય કે સમજાય તેવી છે. ધારો કે, તાપ સખત લાગે છે અને બહાર જવું છે તો પગમાં જોડા પહેર્યા અને માથે છત્રી ઓઢી એટલે તાપ લાગતો ઓછો થયો. આ તાપ ઓછો લાગવાથી જે સુખ થયું તે, સુખ પહેલાની જોડા પહેરવા અને છત્રી ઓઢવારૂપ ક્રિયાથી થયું. અથવા શેહેરમાંથી ચાલી તમે ધર્મ શ્રવણ નિમિત્ત આ ઉદ્યાનમાં આવ્યા. અહીં આવવા રૂપ કાર્ય, તે, પેહેલાંની ક્રિયાને સૂચવે છે. આ દષ્ટાંતે, ગર્ભમાં આવ્યો તે કઈ ક્રિયાથી ? ઉત્તર મળવોજ જોઇએ કે, ગર્ભમાં આવ્યા પહેલાં કાંઇ પણ ક્રિયા કરવી જોઇએ. તે ક્રિયા કરવાનો કાળ ગર્ભમાં આવ્યા પહેલાંનો માનવોજ પડશે. અને તેથી એજ ફલીતાર્થ થયો કે, આત્મા ગર્ભમાં આવ્યા પહેલાં કોઇ પણ સ્થળે હતો અને ત્યાંથી અહીં આ જન્મમાં આવ્યો તેજ તેનો પુનર્જન્મ અને તેજ આત્માની અમરતા.

કાર્ય કારણનો વિચાર કરતાં, કારણ પહેલું અને કાર્ય પછી આ વાત સમજાય તેવી છે. તો આ માનવદેહરૂપ કાર્ય, તેનું કારણ આ દેહ ઉત્પત્તિ પહેલાં હોવુંજ જોઇએ.

આ જન્મ્યો, આ મરી ગયો. આ આવ્યો તે ક્યાંથી ? અને ગયો તે ક્યાં ? આ, ગતિ, આગતિ પુનર્જન્મને સૂચવે છે.

સર્વે સુખી, શા માટે થતાં નથી ? સર્વે દુઃખી, શા કારણને લઇને દેખાતાં નથી ? રાજા, રાંક શા માટે થાય છે ? રાંક, રાજા શા હેતુને લઇને ? જ્ઞાની શા કારણથી ? આ સર્વ બાબતનું કાંઈ કારણ સમજાય તેવું છે. એકજ જ્ઞાતિમાં, એકજ કુળમાં, અને એકજ માબાપથી ઉત્પન્ન થતાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાળકોમાં, નાના પ્રકારની વિષમ વિપરીતતા થવી-એજ આત્માની અમરતા, અને પુનર્જન્મની સિદ્ધતાનો અપૂર્વ પુરાવો છે.

આથી એટલું તો સ્પષ્ટ સમજાયું હશે કે, આત્મા દેહથી ભિન્ન છે. અને તે મૂળ દ્રવ્યની અપેક્ષાએ અમર છે, નિત્ય છે, તથા પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. આ કહેવાથી ' હું કોણ છું ' એ વિચાર પરિસ્ફુટ થયો.

## પ્રકરણ પર મું.

### આ જગત્ શું છે?

જડ અને ચૈતન્ય, યા જીવ અને અજીવ, આ બે વસ્તુ જગતમાં ભરેલી છે. અથવા આ બે વસ્તુ તેજ જગત્ છે. આ બેથી જગત્ કોઈપણ પ્રકારે જૂદું પડી શકે તેમ નથી. વિચારવાન્‌ને આ બે વસ્તુજ સર્વત્ર જુદા જુદા રૂપે, જુદી જુદી આકૃતિએ, કે જુદા જુદા પર્યાયે, વિસ્તાર પામેલી જોવામાં આવશે. અજીવ વસ્તુ રૂપી અને અરૂપી, એમ બે ભાગમાં વેંહેચાયેલી છે.

જેમાં રૂપ, રસ, ગંધ, અને સ્પર્શ હોય તે રૂપી. અને જેમાં તે માંહીલું કાંઈપણ ન હોય તે અરૂપી.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, અને કાળ એ ચાર અરૂપી છે. તેમાં રૂપ, રસ, ગંધ, કે સ્પર્શ, તે માંહીલું કાંઇપણ ન હોવાથી સામાન્ય મનુષ્યો ચર્મચક્ષુથી તેને જોઇ શકતા નથી. પૂર્ણ જ્ઞાની, યોગીઓ, આત્મચક્ષુથી તેને જોઈ શકે છે. સામાન્ય મનુષ્યો તેના કાર્યથી તેને જાણી શકે છે.

ચાલવામાં આપણ સર્વને ધર્માસ્તિકાયની મદદની જરૂર પડે છે. જેમ માછલાંઓમાં ચાલવાનું સામર્થ્ય છે તથાપિ પાણીની મદદ સિવાય તે નજ ચાલી શકે. તેવી રીતે ધર્માસ્તિકાયની મદદ હોય તોજ આપણે ચાલી શકીએ. આ ચાલવારૂપ કાર્યથી અનુભવાતો ધર્માસ્તિકાય, એક સામાન્ય મનુષ્યોને ચર્મચક્ષુથી ન જાણી શકાય તેવો અરૂપી અજીવ પદાર્થ છે. એમ સામાન્ય મનુષ્યો જાણી શકે છે.

અધર્માસ્તિકાયમાં રૂપ, રસ, ગંધ, કે સ્પર્શ નથી. તેને પણ દિવ્ય ચક્ષુવાળા પૂર્ણ જ્ઞાની સિવાય, ચર્મચક્ષુવાળા જોઇ શકતા નથી. જડ, ચૈતન્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પદાર્થને સ્થિર રહેવામાં તે મદદ કરે છે. અને તેથીજ સામાન્ય મનુષ્યો તેને જાણી શકે છે કે, અધર્માસ્તિકાય એક પદાર્થ છે. અથવા તો આ બન્ને પદાર્થોની હયાતીના નિર્ણય માટે, અલ્પજ્ઞને તેવા આપ્ત (પ્રમાણિક, સત્યવક્તા, પૂર્ણ જ્ઞાની) ના વચનોઉપર શ્રદ્ધા રાખવા સિવાય છુટકો નથી.

આ બે પદાર્થ છે તેમ ચર્મ નેત્રવાળા મનુષ્યો માને કે ન માને છતાં તે પદાર્થ પોતપોતાનું કાર્ય બજાવ્યે જાય છે. એટલે તેને સદ્દહવાથી કે ન સદ્દહવાથી તમને તેના તરફથી કાંઇ નુકશાન કે ફાયદો થવાનો નથી. છતાં વસ્તુ વિદ્યમાન હોય તેને વિદ્યમાન છે, તેમ જ્ઞાનીઓને કહેવુંજ જોઇએ. દુનિયાના જીવો માને કે ન માને, છતાં જ્ઞાનીઓએ સત્ય પ્રકાશવુંજ જોઇએ.

આકાશ અરૂપી છે. આકાશમાં રંગ, બેરંગી, આકાર દેખાય છે, તે આકાશ નથી. મેઘનાં વાદળ તે આકાશ નથી. ઇંદ્રિ ધનુષ્ય અને ચંદ્ર, સૂર્યાદિના પ્રકાશ કે આકાશમાં દેખાતી કાળીમા (કાળાશ) તે આકાશ નથી. તે તો આકાશમાં રહેલી રૂપી પુદ્ગળ દ્રવ્યની આકૃતિઓ છે. કેવળ પોલાણને આકાશ એવી સંજ્ઞા આપવામાં આવે છે. કેવળ પોલાણરૂપ આકાશમાં, રૂપ, રસ, ગંધ કે સ્પર્શ કાંઈ નથી. પોલાણમાં પણ સૂક્ષ્મ પરમાણુઓ (જેને મનુષ્યો જોઇ શકે છે તેવા સ્કંધો) જે દેખાય છે તે પણ પુદ્ગલ છે. પણ આકાશ શબ્દની વ્યાખ્યા તો તેને પણ મૂકીને કેવળ પોલાણ માટેનીજ છે. જડ, ચૈતન્યને જવા, આવવાનો અવકાશ (માર્ગ) આપવો તે આકાશનું કાર્ય છે. કેવળ આકાશ, આ તેના કાર્યથી સામાન્ય મનુષ્યો જાણી શકે છે. પૂર્ણ જ્ઞાનીઓ ગમે તે પ્રકારે જાણી દેખી શકે છે.

કાળ—કાળ અરૂપી વસ્તુ છે, સૂર્યના પરિભ્રમણથી નિર્ણય કરાતા, દિવસ, માસ, વર્ષ આદિને કાળ કહેવામાં આવે છે, પણ તે ઉપચારિક કાળ છે. તાત્વિક કાળમાં પદાર્થોને નવાં પુરાણાં કરવાનું સામર્થ્ય છે. અર્થાત્ જે અનન્ય કારણની મદદથી પદાર્થોમાં નવા, પુરાણાપણું થાય છે, તે કાળ છે. આ ચાર અરૂપી જડ, અથવા અજીવ પદાર્થો છે.

પુદ્ગલ, રૂપી જડ પદાર્થ છે. તેને અજીવ પણ કહેવામાં આવે છે. સુક્ષ્મમાં સુક્ષ્મ પરમાણું પુદ્ગલ છે, તેવાં અનેક પરમાણું એકઠાં થઇ નાના પ્રકારની દશ્ય આકૃતિઓ બને છે. આ આકૃતિઓ કેટલીક કુદરતથી સ્વાભાવિક પોતાની મેળે બને છે. અને કેટલીક આકૃતિઓ કોઇ મનુષ્યાદિની મદદથી કે, મેહેનતથી બને છે. છતાં સામાન્ય મનુષ્યનાં નેત્રથી જોઇ શકાય તેવી પરમાણુની નાની આકૃતિઓ પ્રાયે પોતાની મેળે બને છે. કેમકે પર-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

માણુઓમાં તેવો સંયોજન અને પલટણ સ્વભાવ રહેલો છે.

આવાં પુદ્‌ગલો કયાં છે? કેટલાં છે? તે વિષે પૂછવુંજ નહિં. જ્યાં દેખો ત્યાં તેજ છે. સંખ્યા માટે પૂછો તો તેની સંખ્યા થઈ શકે તેમજ નથી, એટલે તેને માટે અનંત શબ્દ વાપરવો તે જ યોગ્ય છે. અર્થાત્ તે અનંતાં છે.

આ પુદ્‌ગલો, જીવોની સાથે સંયોજીત થયેલાં પણ છે, અને તે સિવાય છુટાં પણ ઘણાં છે.

સંસારચક્રમાં રહેલો કોઇપણ જીવ, આ પુદ્‌ગલોથી સર્વથા વિયોજીત નથી. અને જેઓ આ પુદ્‌ગલથી સર્વથા વિયોજીત (જુદા) થયેલા છે તેઓ પરમપદ પામેલા સિદ્ધના જીવો કહેવાય છે. તેઓને ફરી પુદ્‌ગલો સાથે સંયોજીત થવાનો કોઈપણ દિવસ વખત આવવાનો નથી.

સંસારી દરેક જીવો, આ પુદ્‌ગલથી વીંટાયેલા છે. તેઓ પુદ્‌ગલની વૃદ્ધિ, હાની, અને આકૃતિના પ્રમાણમાં જુદી જુદી જાતિયોમાં વેહેંચાયેલા છે. તેઓનાં આહાર, શરીર, મન, ઇંદ્રિય, વચન, શ્વાસોશ્વાસ અને કર્મો તે સર્વે, આ પુદ્‌ગલોનાંજ બનેલાં છે.

સોનું, રૂપું, લોઢું, તાંબું, કથીર, હીરા, માણેક, મોતી, પ્રવાળ, પથ્થર, માટી, ખાર વિગેરે જેટલા ખનીજ વિગેરે પદાર્થો છે તે સર્વેને 'પૃથ્વી કાય' જાતીના એકેંદ્રિય જીવ કહે છે, તે જીવો આ પુદ્‌ગલોની સાથે મિશ્રિત થયેલા છે. અથવા આ પુદ્‌ગલો તે જીવોની સાથે સંયોજીત થયા છે.

સર્વ જાતનાં ખારાં, મીઠાં વિગેરે પાણી, સર્વ જાતની અગ્નિ સર્વ જાતનો વાયુ, અને સર્વ જાતની વનસ્પતિ, આ સર્વે એકેંદ્રિય જીવની જાતી છે. તે સર્વનાં શરીરો, આ પુદ્‌ગલ પીંડમાંથી બનેલાં છે. તે સર્વને થોડું જ્ઞાન હોય છે તેઓ ત્વચા (સ્પર્શ ઇંદ્રિય) થી સહજ અનુભવ મેળવે છે.

ત્વચા અને જીવ્હાવાળાં બેઇંદ્રિય જીવ, ત્વચા, જીવ્હા, અને ઘ્રાણ (નાસીકા) વાળાં ત્રણ ઇંદ્રિયધારક જીવ, ત્વચા, જીવ્હા, નાસિકા અને નેત્રને ધારક ચાર ઇંદ્રિયવાળા જીવ, અને ત્વચા, જીવ્હા નાસિકા, નેત્ર, તથા કાનને ધારણ કરવાવાળા પાંચ ઇંદ્રિયવાળા જીવ; આ સર્વે જીવોનાં શરીરાદિ પુદ્‌ગલનાંજ બનેલાં છે.

પાંચ ઇંદ્રિયવાળા જીવોમાં સર્વ જાતનાં જનાવર, પક્ષી, છાતીએ ચાલવાવાળાં, ભુજાએ ચાલવાવાળાં, અને પાણીમાં ઉત્પન્ન થનારાં, જીવોનો સમાવેશ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમજ સર્વ જાતિના મનુષ્ય, દેવ, અને નારકીના પાપી તથા દુઃખી જીવો તે સર્વનો સમાવેશ થાય છે.

આ સર્વ જાતિના જીવોના શરીરો, તેમજ તેના ઉપભોગમાં આવતા સર્વ પદાર્થો તે પણ જડ, પુદ્ગલોનાજ બનેલા કે બનાવેલા હોય છે.

ટુંકામાં પુદ્ગલની વ્યાખ્યા કરીએ તો જેમાં થોડું કે ઝાઝું, ગમે તે જાતનું રૂપ હોય, જેમાં થોડો કે ઝાઝો, ગમે તે જાતનો રસ હોય, જેમાં થોડો કે, ઝાઝો, ગમે તે જાતનો ગંધ હોય અને જેમાં ગમે તે જાતનો, થોડો કે ઝાઝો સ્પર્શ હોય તે પુદ્ગલ કહેવાય છે.

હવે તમે આખી દુનિયાની કોઇ પણ વસ્તુ તરફ નજર કરો કે, આ રૂપ, રસ, ગંધ, કે સ્પર્શ સિવાયની કોઇ પણ વસ્તુ તમને દેખાય છે ?

આખી દુનિયામાં ફરી વળો, તપાસો-છેવટે તેનો ઉત્તર નકારમાંજ આવશે.

આ કહેવાથી તમને હવે સ્પષ્ટ સમજાયું હશે કે, આ જગત્ શું છે?' જડ અને ચૈતન્ય બે વસ્તુજ. કેટલાંક એકલાં જડ પુદ્ગલો, (એકલા અજીવ) અને કેટલાંક અજીવ—યા—જડ મિશ્રિત જીવ એ બે સિવાય બીજું કાંઇ નહિં. આ સર્વ તેનોજ વિસ્તાર છે. આ સર્વ ચિત્ર, વિચિત્ર, જડ, ચૈતન્યનીજ માયા છે.

## પ્રકરણ ૫૩ મું.

### આ વિચિત્રતાનું કારણ શું ?

સુખી, દુઃખી, જ્ઞાની, અજ્ઞાની, રાજા, રાંક, રોગી, નિરોગી, શોક, આનંદ, રાગી, નિરાગી, પુરૂષ, સ્ત્રી, જનાવર, દેવ, નારક, વિગેરે નાના પ્રકારની વિચિત્રતા આ જગતમાં દેખાય છે તેનું કારણ શું ! આ વિચાર તમોને ઘણોજ ઉપયોગી છે. 'આ જગત શું છે !' તે પ્રકરણમાં તમને સમજાયું હશે કે, જડ અને ચૈતન્ય એ બે વસ્તુ છે. ચૈતન્ય, આત્મા પોતે છે. અને અજીવ, યાને જડ વસ્તુ તે આત્મા નથી પણ આત્માથી ભિન્ન છે. આ જડવસ્તુઉપર, જેટલો જેટલો મમત્વ થાય છે, મારાપણું થાય છે, મનાય છે, ઇષ્ટવસ્તુથી રાગ થાય છે, અથવા ઇષ્ટવસ્તુમાં આસક્તિ થાય છે. અનિષ્ટ

વસ્તુથી કે અનિષ્ટ વસ્તુમાં દ્વેષ થાય છે, ઇર્ષ્યા થાય છે, કલેશ થાય છે. તેથી આત્મા તે તે વસ્તુમાં તે તે આકારે પરિણમે છે, તન્મય થાય છે. તે તે પ્રકારે આત્મા નવીન કર્મનો બંધ કરે છે. જેવે જેવે કે જેટલે જેટલે રસે આત્મા પરિણમ્યો હોય, તદાકાર થયો હોય. તેવે તેવે પ્રકારે તેનો રસ પાડે છે. તેવે તેવે પ્રકારે તે તે કર્મનો સ્વભાવ બંધાય છે, અને તેવે તેવે પ્રકારે તે તે કર્મની સ્થિતિ સ્થાપિત થાય છે. ત્યારપછી જ્યારે જ્યારે તે કર્મ ઉદય આવે છે, ત્યારે ત્યારે તે તે કર્મ ભોગવવા માટે નાના પ્રકારના આકાર ધારણ કરવા પડે છે. આ આકાર ધારણ કર્યો, કર્મઉદય આવ્યાં, એટલે વિચિત્રતાની શરૂઆત થઇ ચૂકી.

આથી ફલીતાર્થ એ થયો કે, આ વિચિત્રતાનું મૂલ કારણ, ઇષ્ટાનિષ્ટ પદાર્થોપર પરિણામની વિષમતા થવી તે.

આ વિષમતા એકજ જાતની અને એકજ સરખી હોતી નથી. એક નાના સરખા કાર્યમાં પણ અનેક જાતના પરિણામની તારતમ્યતાવાળી, વિષમતા જોવામાં આવે છે. જેમકે, એક છ વટેમાર્ગુઓ જંગલ તરફ ચાલ્યા જતા હતા. તે જંગલમાં જાંબુનાં વૃક્ષો ઘણાં હતાં. વખત પણ લગભગ જેઠ અશાડ મહીનાનો હતો, તેથી જાંબુના ફળો પાકી ગયાં હતાં કેટલાક વૃક્ષનીચે તો તે ફળોના ઢગલા પડેલા જોવામાં આવતા હતા. તે છએ પુરૂષોને જાંબુ ખાવાની ઇચ્છા થઇ. એક પુરૂષ બોલ્યો કે, આપણી પાસે કુઠાર (કુહાડા) તૈયાર છે. એક જાંબુના વૃક્ષને થડમાંથી કાપી નાખીએ, તે નીચું પડયા પછી આપણને ઘણી શાંતિથી જાંબુ ખાવા મળશે.

બીજા પુરૂષે જણાવ્યું કે, એમ શા માટે કરવું પડે ? એક મોટી મજબૂત ડાળ કાપી નાખો. તે નીચે પડશે, એટલે આપણે જાંબુ વીણી ખાઈશું. ઝાડ કાયમ હશે તો ફરી નવાં જાંબુ પણ આવશે.

ત્રીજો પુરૂષ બોલ્યોઃ એવડી મોટી ડાળ પણ શા માટે કાપવી પડે ? નાની નાની ડાળીઓ કાપી નાખો, એટલે આપણને તેમાંથી જાંબુ મળશે. કાંઇ મોટી ડાળના લાકડાઉપર તો જાંબુ નથીને. ફોગટ એવડી મોટી ડાળ શામાટે કાપવી પડે ?

ચોથો પુરૂષ બોલ્યોઃ—ભાઇઓ ! તે નાની, નાની ડાળો પણ શા માટે કાપવી પડે ? જ્યાં, જ્યાં, જાંબુ લાગેલાં છે તેવા નાના નાના ગુચ્છાઓ કાપી નાખો, એટલે આપણું કામ સિદ્ધ થશે.

પાંચમો પુરૂષ બોલ્યોઃ તમારા બોલવામાં હજી પણ સુધારો કરવા જે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધું છે. નાના, નાના, ગુચ્છાઓ કાપી નાખવા તેમાં પણ કેટલાંએક પાંદડાં અને કાચાં જાંબુ નિરર્થક જવાનો સંભવ છે. માટે આપણામાંથી કોઈ ઉપર ચઢી જાઓ, અને જ્યાં જ્યાં પાકાં જાંબુ હોય તે વીણી લ્યો એટલે આપણને જાંબુ મળશે. અને ઝાડનાં ડાળાં, પાંખડા ને પણ નુકશાન નહિં પહોંચે.

છઠ્ઠો પુરૂષ બોલ્યોઃ આપણુ સર્વને જાંબુનીજ જરૂર છે ને ? તો આ વૃક્ષ નીચે પાકેલાં જોઈએ તેટલા જાંબુ પડ્યાં છે. જે જાંબુને માટે તમે આટલી મેહેનત કરવા ધારો છો તે જાંબુ, આપણને અનાયાસે જોઈએ તેવાં અને જોઈએ તેટલાં મળે છે. માટે આ નીચે પડેલાંજ વીણી ખાઓ.

આમ એકજ કાર્ય માટે, મનુષ્યોનાં, તારતમ્યવાળાં વિવિધ વિચારો જોવામાં આવે છે.

આ પરિણામ કે, માનસિક વિચાર કિલષ્ટ, કિલષ્ટતર, કિલષ્ટતમ, અથવા જઘન્ય, મધ્યમ, કે ઉત્કૃષ્ટ, જેટલા માપમાં પ્રબળ કે નિર્બળ હોય, તીવ્ર કે મંદ હોય, તેટલાજ પ્રમાણમાં તીવ્ર કે મંદ, કર્મબંધ થાય છે. અને તેનો ઉદય આવેલો કર્મવિપાક ( કર્મરૂપ ) પણ તેટલોજ તીવ્ર કે મંદ હોય છે.

દૃષ્ટાંત તરિકે લીંમડાનો રસ કડવો છે અને શેરડીનો રસ મીઠો છે. એક શેર રસ બન્ને જાતનો લીધો હોય, અને તેને જુદો જુદો ઉકાળીને એક રૂપિઆભાર બાકી રાખ્યો હોય. આ એક રૂપિઆભાર કડવાશ કે મીઠાશમાં તમે તપાસ કરશો, તો એક શેર રસની અપેક્ષાએ આ રૂપિઆભાર રસમાં ચાળીશ ગણી કડવાસ કે મીઠાશ જણાશે. હવે તે શેર રસમાં એક મણ પાણી નાખો. તો તમને એક શેર રસમાં જે કડવાશ કે મીઠાશ જણાતી હતી કે લાગતી હતી તેના કરતાં ચાળીશ ગણી કડવાશ કે મીઠાશ આ રસમાં ઓછી લાગશે.

આવીજ રીતે કર્મ કરતી વખત જેવાં જેવાં તીવ્ર કે મંદ પરિણામ ( આશય-વિચાર-અધ્યવસાય ) હોય તેના પ્રમાણમાં તે જીવ, તીવ્ર કે મંદ સુખ, દુઃખનો અનુભવ કરશે. માટેજ મહાત્મા પુરૂષો વારંવાર પોકારીને જગતવાસી જીવોને ચેતાવે છે કે તમે સાવધાન થાઓ. કિલષ્ટ કર્મો નહિ કરો. અત્યારે તમને આનંદ થાય છે પણ તે કર્મનાં ફળો ઉદય આવતાં તમને પશ્ચાત્તાપ થશે, ખેદ થશે, દુઃખ થશે. તમે રીબાસો. અત્યારે તમે હસતાં હસતાં કર્મ બાંધો છો પણ તે કર્મનાં ફળ રોવા છતાં પણ, પછી ભોગવ્યા સિવાય નહિંજ છૂટે.

આ તીવ્ર, મંદ, કે ક્લિષ્ટાદિ પરિણામે ( અધ્યવસાયે ) ગ્રહણ કરેલાં પુદ્‌ગલો આઠ ભાગમાં વેહેંચાઇ જાય છે, તીવ્ર, મંદ કે, ક્લિષ્ટ અધ્યવસાય થયો, તેવે ભાવે કાંઈ બોલાયું. અથવા તેવે ભાવે કાંઇ કાર્ય કે, ક્રિયા કરાઈ કે તરતજ આ જીવ, તેવાં શુભ. કે અશુભ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. અને પછી તેને કર્મપણે બાંધે છે, ગોઠવે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદની, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અને અંતરાય આ આઠ કર્મપણે તે પુદ્‌ગલો વેહેંચાઇ જાય છે.

કર્મો આત્માના સત્તા સામર્થ્યનો નાશ નથી કરી શકતાં, પણ તેને દબાવી નાખે છે. પણ તે એટલા બધા જોસથી આત્મગુણોને દબાવે છે કે, બીજા અજાણને એમજ ભાન થાય કે, આપણા આત્મામાં કાંઇ ગુણ નથી અથવા તો આત્મગુણનો નાશ થયો છે.

૧. જ્ઞાનાવરણીય કર્મમાં આત્માના વિશુદ્ધ જ્ઞાન ગુણને દબાવવાનું સામર્થ્ય છે. આ કર્મના પ્રબળ ઉદયથી જાણવાનું, પૂર્વાપર વિચાર કરવાનું સત્યાસત્ય નિર્ણય કરવાનું, અને ટુંકામાં કહીએ તો હસ્તામલકની ( હાથમાં રહેલા આમળાંની ) માફક પૂર્ણ સ્વરૂપને ( સર્વવસ્તુને ) જાણવાનું સામર્થ્ય દબાઇ જાય છે. આ કર્મ કાંઇ સર્વથા આત્મગુણને દાબી શકતું નથી. જો તેમ બને તો આત્મા જડ સ્વરૂપ યા જડવત્ થઈ જાય પણ જેટલા પ્રમાણમાં તેનું વધતું, ઓછું દબાણ હોય, તેટલા પ્રમાણમાં જ્ઞાનના દબાણ ગુણની વૃદ્ધિ, હાની થાય છે.

૨. દર્શનાવરણીય કર્મ, આત્માના દર્શન ગુણને દબાવે છે. આ કર્મના ઉદયથી આંખે આંધળા થવું, કાને બહેરા થવું, નાશીકાથી બીલકુલ ગંધ માલમ ન પડે, જીવ્હાથી સ્વાદ માલમ ન પડે, અને ત્વચાથી ઠંડા, ગરમ વિગેરેનો નિર્ણય ન થાય. નિદ્રા આવવી, ઇંદ્રિયોની અપેક્ષા સિવાય આત્મવિશુદ્ધિથી થતું મર્યાદાવાળું, કે પૂર્ણ, સામાન્ય રીતે વસ્તુનું જ્ઞાન તે, ન થાય. આ સર્વ દર્શનાવરણીય કર્મનું પરિણામ છે. આ કર્મ ઉદયપણે, જેટલો પ્રબળ કે મંદ હોય તેના પ્રમાણમાંજ તે આત્માના દર્શન ગુણને દબાવે છે.

૩. વેદનીયકર્મ, આત્માના અનંતસુખને દબાવે છે. વેદયનીયકર્મના ઉદયથી જીવ નાના પ્રકારનાં પુદ્‌ગલીક સુખ, દુઃખોનો અનુભવ કરે છે. દૈવિકવૈભવ અને માનુષી ઐશ્વર્ય એ શુભ વેદનીયનો ઉદય છે, અને નાના પ્રકારનાં કાયિક, માનસિક દુઃખ તે અશુભવેદનીયનો ઉદય છે. તીવ્ર કે મંદ

જેવો વેદનીય કર્મનો ઉદય હોય તેવો તીવ્ર કે મંદ સુખ, દુઃખનો અનુભવ થાય છે.

૪. મોહનીય કર્મ, આત્માના અનંત આનંદને દબાવે છે. આ કર્મના ઉદયથી જીવોમાં ક્રોધ, માન, માયા. (કપટ) લોભ, હાંસી, હર્ષ, ખેદ, ભય, શોક, દુગંછનીયતા, વિષયવાસના, અને સત્યનું અશ્રદ્ધાન વિગેરે દુર્ગુણો પ્રગટ થાય છે, અને આત્મસંયમની ઇચ્છા પણ થતી નથી. કદાચ ઇચ્છા થાય છે તો તે પ્રવૃત્તિ કરી શકતો નથી. આ કર્મનો મંદ કે તીવ્ર જેવો ઉદય હોય તેના પ્રમાણમાં તે તે દુર્ગુણોની હાની, વૃદ્ધિ થાય છે.

૫. આયુષ્ય કર્મ, આત્માના સાદિ અનંત સ્થિતિ ગુણનો નાશ કરે છે ( દબાવે છે ). આયુષ્ય કર્મના ઉદયથી જીવ દેવ, મનુષ્ય, તિર્યંચ, અને નારકીના ભવોને વિષે આવી વસે છે. પોતાની ઇચ્છા તે તે ભવમાં રહેવાની હોય કે ન હોય તથાપિ તે તે ભવમાં તે તે કર્મ ઉદયાનુસાર ત્યાં રહેવુંજ પડે છે.

૬. નામ કર્મ. નામ કર્મ, આત્માના અગુરૂ લઘુ ગુણને દબાવે છે. નામ કર્મના ઉદયથી જીવ માન, અપમાન, કીર્ત્તિ, અપકીર્તિ પામે છે. ત્રસ, સ્થાવર વિગેરે અનેક ઉચ્ચ, નીચ નામથી બોલાવાય છે. પોતે આત્મા છતાં, એકેંદ્રિય, બેઇંદ્રિય, પંચેંદ્રિયાદિ વ્યપદેશ પામે છે. આ નામ કર્મ, એકસોને ત્રણ પ્રકારે જુદા જુદા ભેદમાં વેહેંચાયેલું છે.

૭. ગોત્રકર્મ. ગોત્રકર્મ આત્માના અરૂપિ ગુણને દબાવે છે. ગોત્રકર્મના ઉદયથી જીવને ઉચ્ચ, નિચ ગોત્રમાં ઉત્પન્ન થવું પડે છે. અને ઉચ્ચ, નીચ ગોત્રથી બોલાવતાં તેને ઘણી વખત અસહ્ય માન, અપમાન, કે સુખ દુઃખ અનુભવવાં પડે છે.

૮. અંતરાય કર્મ. અંતરાય કર્મ આત્માના અનંત વીર્ય ગુણને દબાવે છે. અંતરાય કર્મના ઉદયથી જીવને ઇચ્છિત વસ્તુ મળતી નથી. પોતાની પાસે વસ્તુ છતાં તે બીજાને દયાની લાગણીથી આપી શકતો નથી. પોતે તે વસ્તુ, પોતાના ભોગમાં એકવાર કે અનેકવાર લઈ તેનો ઉપભોગ કરી શકતો નથી, અને પોતાનું સામર્થ્ય છતાં તે યોગ્ય સ્થળે ફેરવી શકતો નથી.

આ પ્રમાણે આ આઠ કર્મ, આત્માના તાત્વિક આઠ ગુણને દબાવે છે. સત્ય કે તાત્વિક તત્ત્વથી વિમુખ થયેલા જીવો આત્મગુણને ભૂલી વિશેષ નવીન કર્મ બંધ કરી ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ આઠ પ્રકારના કર્મનો બંધ, ચાર પ્રકારે પડે છે. પ્રકૃતિ, સ્થીતિ, રસ, અને પ્રદેશ.

દરેક કર્મનો સ્વભાવ, તેની સ્થીતિ, તેનો રસ, અને તેના પ્રદેશ; એમ ચાર પ્રકારે કર્મ બંધ થાય છે, એક લાડુનું દૃષ્ટાંત, આ સંબંધમાં ઉપયોગી થઇ પડે છે. જેમ કે લાડુમાં લોટ, અને ઘી, ગોળ આદિ રસની જરૂર પડે છે. તેમ તેમાં શુંઠ વિગેરે પદાર્થ નાખવાથી વાયુ હરણ, કે પિત્ત હરણ આદિ ગુણ કે સ્વભાવ પણ હોય છે. વળી તે લાડુનું કાળમાન પણ હોય છે કે આ લાડુ મહીનો કે પન્નર દિવસ પોહોંચી શકે ત્યાર પછી બગડી જાય કે નાશ પામે.

તેમ કર્મબંધમાં કોઈ કર્મનો સ્વભાવ, જ્ઞાન ગુણને દબાવવાનો હોય છે તો કોઇ કર્મનો સ્વભાવ વીર્ય ગુણને દબાવવાનો હોય છે, જે હમણાંજ પૂર્વે કહેવામાં આવ્યું છે. જેમ લાડુની સ્થીતિ પન્નર દિવસ કે મહીનાની હોય છે તેમ કોઇ કર્મની સ્થીતિ બે ઘડીની હોય છે. કોઇ આ પુષ્પાદિકની પચીશ, પચાશ, કે સો વર્ષની હોય છે. અને કોઇ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ, ત્રીશ કે સીત્તેર કોડા કોડી સાગરોપમ ( માપ વિશેષ ) સુધી લંબાયેલી હોય છે.

રસ, ( મીઠાશ કે કડવાશ ) કોઇ લાડુમાં તેના દળથી ( લોટથી ) બમણી કે ચારગણી હોય છે, તેમ પૂર્વે કહી ગયા તેમ કોઇ કર્મનો કડવો ( દુઃખરૂપ ) કે મીઠો ( સુખરૂપ ) રસ, કર્મ દળના પ્રમાણથી બમણો, ચાર ગણો, દશગણો કે હજાર અથવા લાખગણો પણ વધારે હોય છે. આવાં ઘણા મનુષ્યો નજરે પડે છે કે જેઓ ઘણા થોડા વખતમાં ઘણું અસહ્ય દુઃખ ભોગવે છે, અને ઘણા મનુષ્યોને, તે કર્મદળના પરમાણું ( પુદ્ગલો ) વિશેષ હોવાથી તેમજ રસ પણ વિશેષ હોવાથી તેઓ ઘણા લાંબા વખત સુધી રીબાય છે, ઝુરે છે અને નજરે દેખી ન શકાય તેવી અસહ્ય વેદના વેદે છે.

" આ સર્વ જગતની વિચિત્રતાતો છે. " આ સર્વ વિચિત્રતા કર્મની વિચિત્રતા ઉપર આધાર રાખે છે. ઠેકાણે ઠેકાણે નજર કરશો તો, આ કર્મ વિચિત્રતાને નહિં અનુભવતો હોય એવો, એક પણ દેહધારી જીવ તમારા જોવામાં નહિં આવે આ કર્મવિચિત્રતા પણ ઇષ્ટાનિષ્ટ વસ્તુઉપર જે રાગદ્વેષ રૂપ વિષમ પરિણામ ઉત્પન્ન થાય છે તેના ઉપર આધાર રાખે છે. આ સર્વ કહેવાથી 'જગતની વિચિત્રતાનું કારણ શું ?' આ મહા વાકયનો ફલિતાર્થ એટલો થયો કે, રાગદ્વેષરૂપ વિષમ પરિણામ ( અધ્યવસાય ) તે આ વિચિત્રતાનું કારણ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫૪ મું.

## પરમશાંતિ શાથી મળે?

રાજન્! પરમશાંતિની પ્રાપ્તિના બે માર્ગ છે. એક જ્ઞાન માર્ગ, અને બીજો ક્રિયા માર્ગ. જ્ઞાન માર્ગ એ ઘણો નજીકનો માર્ગ છે, પણ તે એટલો બધો વિકટ માર્ગ છે કે, તે રસ્તે, કોઇ વીરલા જીવજ જઈ શકે છે. જ્ઞાન માર્ગમાં જુઓ કે જ્ઞાનની મુખ્યતા છે, છતાં આંતર ક્રિયા ત્યાં પણ રહેલી છે. તેમજ ક્રિયા માર્ગમાં ક્રિયાની મુખ્યતા હોય છે, છતાં જ્ઞાન ગૌણપણે ત્યાં પણ રહેલું છે. જ્ઞાન અને ક્રિયા એકલા કોઇપણ વખત રહી શકતાં નથી. કોઈ વખતે જ્ઞાનની મુખ્યતા તો ક્રિયાની ગૌણતા. અને ક્રિયાની મુખ્યતા તો જ્ઞાનની ગૌણતા. પણ એ જોડું કાયમ સાથેજ રહે છે. છતાં જ્ઞાનમાર્ગ અને ક્રિયામાર્ગ, એ કહેવાનો આશય, જ્ઞાનની મુખ્યતા તે જ્ઞાન માર્ગ, અને જેમાં ક્રિયાની મુખ્યતા તે ક્રિયામાર્ગ એજ છે.

### જ્ઞાનમાર્ગ.

अलिप्तो निश्चयेनात्मा लिप्तश्च व्यवहारतः<br>
शुध्यत्यलिप्तया ज्ञानी क्रियावान् लिप्तया दृशा. १

" નિશ્ચય નયવડે આત્મા લેપાયેલો નથી. વ્યવહારનયથી આત્મા લેપાયલો છે. ( હું લેપાયેલો નથી ) આવી નિર્લેપ દૃષ્ટિવડે જ્ઞાની શુદ્ધ થાય છે અને ' હું બંધાયેલો છું ' આવી દૃષ્ટિવડે ક્રિયા કરવાવળો શુદ્ધ થાય છે. "

જ્ઞાનમાર્ગ સિદ્ધ પરમાત્માનું જે સ્વરૂપ છે, તે શુદ્ધ સ્વરૂપ છે. તેમને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ, આ પાંચ શરીર માહીલું એકપણ શરીર નથી. તેઓ કેવળ આત્મસ્વરૂપ, પરમજ્યોતિમય છે. શરીરજ ન હોવાથી, જન્મ, મરણ, રોગ, શોક, આધી વ્યાધિ, ઉપાધિ, આહાર, નિદ્રાદિ કોઇ પણ શરીરના ધર્મો લાગુ પડતા નથી. તેઓમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આત્મિક જ્ઞાન, અનંત આત્મિક સુખ, આદિ અનંત સ્થીતિ, અગુરૂ લઘુ, અરૂપિ અને અનંત આત્મિક વીર્ય આ આઠ આત્મિક ગુણ રહેલા છે, આ જેવું સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ છે, તેવુંજ આ સર્વ જીવોનું સત્તા સ્વરૂપ છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

એ સત્તા સ્વરૂપ સાથે કે, સિદ્ધ પરમાત્માના સ્વરૂપ સાથે, વારંવાર પોતાના વર્તમાન કાળના સ્વરૂપની સરખામણી કરે, અને જ્યાં જ્યાં તે સત્તા સ્વરૂપથી, ન્યુનતા દેખાય, ત્યાં ત્યાં તે ન્યુનતા પુરણ કરવા માટે અહોનિશ પ્રયત્ન કરે. નિરંતર આત્મ ઉપયોગમાંજ રહ્યા કરે. થોડો પણ વખત વિશુદ્ધ સ્વરૂપને ભુલે નહિં. મનમાં ઉત્પન્ન થતી પરપરિણતી–આત્માના સ્વરૂપ સિવાયની વૃત્તિઓને જેમ બને તેમ દૂર કરી કેવળ શુદ્ધ સ્વરૂપ થઇ રહે.

અહોનિશ જ્ઞાન સ્વરૂપની, શુદ્ધ સ્વરૂપની જાગૃતિ, અને પરસ્વરૂપની વ્યાવૃત્તિ આવી રીતે મુખ્ય જ્ઞાન, અને ગૌણ આંતર ક્રિયારૂપ જ્ઞાન માર્ગમાં પ્રવૃત્તિ કરતાં, કર્મનો સર્વથા ક્ષય કરી શુદ્ધ સત્તારૂપ સ્વસ્વરૂપપ્રગટ કરે તે જ્ઞાન માર્ગ છે. આ જ્ઞાનમાર્ગ નિવૃત્તિનો, પરમશાંતિનો, સરલમાર્ગ છે. પણ તે બહુ વિકટ છે. તે સર્વ મનુષ્યને યોગ્ય નથી પણ કોઈ વીર પુરૂષનેજ યોગ્ય છે. અનેક પ્રકારના અધિકારીઓ સહેલાઇથી જે માર્ગે જઇ શકે છે તે ક્રિયામાર્ગ છે.

## ક્રિયામાર્ગ.

**ક્રિયામાર્ગ**—ક્રિયામાર્ગવાળાને પણ અંતે જ્ઞાનમાર્ગ ઉપરતો આવવુંજ પડે છે. છતાં જે માણસમાં દોડવાની શક્તિ ન હોય તેમણે ધીમે ધીમે નહિં તોપણ ઉતાવળું તો ચાલવુંજ જોઇએ. એ રીતે આ ક્રિયામાર્ગ છે. આમાં પૂર્વોક્ત જ્ઞાનમાર્ગ પણ રહેલો છે. છતાં ક્રિયાની મુખ્યતા હોવાથી ધીમે ધીમે તે માર્ગ ઘણે વખતે ઇચ્છિત સ્થળે જઈ મળે છે.

આ માર્ગમાં જે ક્રિયા કરવી પડે છે તે સર્વ ક્રિયા વિશુદ્ધ હોય છે. કે, અધિકારી પરત્વે શુભ હોય છે. આમાં પુણ્ય બંધ પણ થાય છે. છતાં લક્ષબિંદુ તો સિદ્ધસ્વરૂપ કે શુદ્ધ સ્વસત્તાજ હોય છે. તે સર્વ ક્રિયા આ સ્વરૂપ પ્રાપ્તિ નિમિત્તેજ કરવી જોઇએ. શેહેર ઘણું છેટું હોય અને મુસાફર ધીમો ચાલનાર હોય તેથી પોતાના લક્ષબીંદુવાળા શેહેરમાં એકજ દિવસે તે ન પહોંચી શકે તો રસ્તામાં ધર્મશાળા પ્રમુખ સ્થળે રાત્રે નિવાસ કરી, તેને વિશ્રામ લેવાની જરૂર છે. આ વિશ્રામથી તે પોતાના લક્ષબિંદુને ભૂલ્યો હોય તેમ નજ કહી શકાય. બીજે દિવસે તે પોતાનું પ્રયાણ શરૂ કરવાનો, અને તેથી અમુક મુદતે પણ ધારેલ સ્થળે પહોંચવાનોજ. એવી રીતે આ ક્રિયામાર્ગ ધીમે ધીમે ચાલનાર હોવાથી, ધર્મશાળામાં વિશ્રાંતિની માફક, પરમશાંતિ સ્થળમાં એકજ ભવે નહિ પોહોંચી શકવાથી રસ્તામાં એકાદ કે વધારે દેવ, માનવ ભવ કરવા પડે તો તેથી તે લક્ષબીંદુ ચૂક્યો હોય તેમ ન કહેવાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પોતાનો માર્ગ કાપતોજ રહે છે. ભવિષ્યમાં તેવાં ઉત્તમ નિમિત્તો મેળવી ફરી આગળ વધશે અને એક વખત એવો આવશે કે તે પોતાના લક્ષબીંદુરૂપ પરમશાંતિના મંદિરમાં પહોંચશે. એવી રીતે આ ક્રિયામાર્ગ મોડો યા લાંબો પણ ઉપકારી તો છેજ.

ક્રિયામાર્ગ કે જે પરમશાંતિના સ્થળનો એક માર્ગ છે તેમાં પ્રવેશ કરતાં પહેલાં, પોતાનો ધર્મ કે લક્ષબીંદુ, અને તે ધર્મ પ્રગટ કરવામાં કે તે લક્ષબીંદુસ્થળે પહોંચવામાં મદદ કરનાર, આ બે વાતનો ચોક્કસ નિર્ણય કરવો જોઇએ. તે સિવાય લક્ષવિનાના નાંખેલા તીરની માફક અને બીજાણુ રસ્તે જોખમ લઇ ચાલનારની માફક તેનો પ્રયાસ નિરર્થક કે કષ્ટદાયક નિવડે છે.

પોતાનો ધર્મ કે પોતાનું લક્ષબીંદુ 'હું કોણ છું' એ સંબંધી વિવેચનથી સમજાઇ ગયું છે, કે હું પરમસ્વરૂપ આત્મા છું. એજ મારો પરમધર્મ છે. અને એજ મારૂં લક્ષબીંદુ કે કર્તવ્ય છે. હવે તે રસ્તામાં મદદગાર, કેવા પ્રમાણિક યાને યોગ્ય છે, તે વિચારવાની જરૂર છે. કેટલીક વખત રસ્તામાં ચોકી કરવા માટે, યા રસ્તો બતાવવા માટે સાથે લીધેલ મનુષ્ય તે રસ્તાનો અજાણ હોય કે, અપ્રમાણિક ( ચોર પ્રમુખ ) હોય તો પથિકને હેરાન થવું પડે છે. અને ઇચ્છિત સ્થળે નહિ પહોંચતાં વચમાંજ રખડવું પડે છે. આવીજ રીતે પરમશાંતિના માર્ગમાં, સાથે રસ્તો બતાવવા અને રક્ષણ કરવા લીધેલ ભોમીયા તરીકે દેવ, અને ગુરૂ, તે પ્રમાણિક અને રસ્તાના જાણકાર હોવા જોઇએ.

ખરેખર વિચાર કરતાં તમને જણાશે કે, મનુષ્યને દેવ, ગુરૂની શામાટે અને કેટલી જરૂર છે? દેવ, વીતરાગ, અર્હન્ કે પરમેશ્વર ગમે તે નામથી બોલાવો તેમાં વાંધો નથી. પણ તેમણે પરમશાંતિનો માર્ગ જાણેલો અને અનુભવેલો હોવો જોઇએ. તોજ તે આપણને સત્ય રસ્તો બતાવી શકશે. અજાણ વટેમાર્ગુને રસ્તો બતાવનારની જેટલી અગત્ય છે, તેથી પરમશાંતિનો માર્ગ બતાવનાર, તેવા અર્હંતોની આપણને હજારોગણી જરૂર છે. પરમશાંતિનો રસ્તો નહિ જાણનારા દેવનામધારક, બીચારા આશ્રિતોને મધ્ય અટવીમાં રખડાવે છે. તેઓ પોતે પણ પરમશાંતિનો માર્ગ જાણતા ન હોવાથી તેના આશ્રિતોને તેવે રસ્તે કેવી રીતે ચડાવી શકે? માટે સત્યમાર્ગ જાણનારની મદદની મનુષ્યોને ઘણી અગત્ય છે.

આવા નિર્યામકોની કે સત્ય સાર્થવાહોની ઉપર, આશ્રિતને પૂર્ણ શ્રદ્ધા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન હોવું જોઇએ. પોતાના મન, વચન, અને શરીર તેને અર્પણ કરી દેવાં જોઇએ. અર્થાત્ આ ત્રણે મનાદિ યોગને તેમના કહ્યામુજબ ચલાવવાં જોઇએ.

જ્યારે દેવે પૂર્ણ પરમશાંતિમાં વિશ્રાંતિ લીધી હોય, અર્થાત્ આ દેહ ત્યાગ કરી, નિર્વાણ સ્થિતિમાં જઇ વસ્યા હોય એ અવસરે તેમના બતાવેલ માર્ગે ચાલનાર ગુરૂઓનો આશ્રય, ( પરમશાંતિ માર્ગના પથિકોએ ) લેવો જોઇએ. આ ગુરૂવર્ગ પણ પરમશાંતિના માર્ગમાં ચાલનાર, છે કે નહિં ? આગળ ચાલે છે કે નહિં ! ગુરૂ, નામધારક છે કે, સાર્થક નામ ધારક ગુણથી ગુરૂ છે. ! વિગેરે બાબતનો અવશ્ય નિર્ણય કરવો જોઇએ. તે સિવાય નામધારી ગુરૂઓનો આશ્રય કરવાથી, આશ્રિતોને તેઓ ઇચ્છિતમાર્ગે પહોંચાડી શકતા નથી. પણ ઉલટા અધઃપતન કે ઉન્માર્ગ ગમન કરાવે છે.

પરમશાંતિના માર્ગમાં ગુણવાન્ ગુરૂની અવશ્ય જરૂર છે. તેમની મદદથી થોડા વખતમાં ઘણું આગળ વધી શકાય છે. પરમશાંતિનો થોડો અનુભવ તો આંહીજ થાય છે. અને છેવટે તે નિર્વાણ પદ સુધી પણ પહોંચી શકે છે. માટે આવા ઉત્તમ ગુરૂઓનો આશ્રય કરવો અને તેમના ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી.

આ ગુરૂ, પરમ ત્યાગી, જ્ઞાનવાન્, સત્યાસત્યનો વિવેકી, શાંત રસમાં ઝીલનાર, દયાળુ અને બોલે તે મુજબ ચાલનાર હોવો જોઇએ. ક્રિયામાર્ગમાં, મદદ કરનારની આવશ્યકતા જણાવી હવે ક્રિયામાર્ગ બતાવવામાં આવે છે.

સંયમ અને તપ આ બે ક્રિયામાર્ગ છે. જ્ઞાન સાથે હોવું જોઇએ. જ્ઞાન પ્રકાશરૂપ છે. સંયમ આવતાં કર્મ રોકે છે. અને તપ આવેલ કર્મ કાઢી નાંખે છે. એક દૃષ્ટાંતથી તે વાત તમને સ્પષ્ટ સમજાશે.

રાજમાર્ગ ઉપર અનેક બારી બારણાવાળો એક મહેલ હતો. તે બારી બારણાંથી, રસ્તાઉપર ઉછળતાં ધુળ આદિનાં રજકણો, ઉડી ઉડી તે મહેલમાં ભરાતાં હતાં. મહેલ ઘણો સુશોભનીક હતો, છતાં આ ધુળ પ્રમુખથી ઘણો ખરાબ દેખાતો હતો. અંદર તો ગાડાં ભરાય તેટલી ધુળ ભરાઇ હતી. મહેલની આવી દુર્દશા થયાં છતાં, તેનો માલીક તો ઘોરનિદ્રામાં ઘોરતો હોય તેમ સુતો પડ્યો હતો. અર્થાત્ તેની બીલકુલ સાર સંભાળ કરતો નહોતો. તેને ભાન પણ ન હતું, કે મારો સુંદર મહેલ આવી દુર્દશામાં આવી પડ્યો છે. તે ઓરડાના એક ભાગમાં પડ્યો રહેતો હતો. એક દિવસે તેણે એક દીપક કર્યો, તેનો પ્રકાશ મહેલના મધ્યપ્રદેશમાં પડ્યો. તે પ્રકાશમાં તેણે મહેલમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભરાયેલી ધુળ, કચરો વિગેરે દીઠાં. તે જોતાંજ તેને ઘણો ખેદ થયો. પોતાના સુંદર મેહેલની આવી દુર્દશા! તરતજ તેણે તે મેહેલ સાફ કરવા કે સુધારવા પ્રયત્ન કર્યો.

દીપક મેહેલના મધ્યપ્રદેશમાં લાવી મૂક્યો. તેથી મેહેલમાં રહેલી સર્વ વસ્તુ તેના દેખવામાં આવી. પછી તરતજ મેહેલમાં ધુળ ભરાવાના મૂળ કારણરૂપ બધા બારી, બારણાં બંધ કર્યા. અને એક પાવડો લઈ ખાંપી ખાંપી તે ધુળ બાહાર કાઢી નાખવા માંડી–જ્યારે પાવડાથી લેવાય તેવી ધુળ ન રહી, ત્યારે તેણે ઝીણી સાવરણીથી ધુળ એકઠી કરી, સર્વ બાહાર કાઢી નાખી. મેહેલ તદ્દન સાફ કર્યો.

આ દષ્ટાંત ઘણું સહેલું અને સમજાય તેવું છે. પણ તેનો ઉપનય સમજવાજેવો છે. મેહેલ પરમ સ્વરૂપ શુદ્ધાત્મા. બારી, બારણાંઓ આશ્રવને ( પુણ્ય, પાપને ) આવવાના રસ્તા માલીક જીવ. અજ્ઞાન નિદ્રા, તેમાં તે ઘોરાય છે. જાગૃત થયો તે અંતરાત્મામાં આવ્યો. પ્રકાશ તે જ્ઞાનદીપક પ્રગટ કર્યો. જ્ઞાન પ્રકાશના તેજની મદદથી, શુદ્ધાત્માની દુર્દશા તેના સમજવામાં આવી. અર્થાત્ કર્મરૂપ ધુળ આત્માઉપર લાગેલી છે. તેથી તેની અપૂર્વ શોભા ( શક્તિ ) નાશ પામી છે, એમ તેણે જાણ્યું. તરતજ તેણે બારી બારણાંરૂપ આશ્રવને પુણ્ય, પાપરૂપ ધુળને આવવાનાં રસ્તા, સંયમરૂપ બારણાએ કરી બંધ કર્યા. અને બાહ્ય અભ્યંતર તપશ્ચર્યારૂપ પાવડા અને સાવરણીએ કરી, કર્મરૂપ સર્વ ધુળ કાઢી નાંખી, મેહેલરૂપ આત્માનું તાત્વિક સ્વરૂપ શુદ્ધ કર્યું.

આ દષ્ટાંતે પરમશાંતિનો માર્ગ સંયમ અને તપ છે.

## પ્રકરણ ૫૫ મું.

### સંયમ.

પાંચ આશ્રવનું વિરમણ–પાંચ ઇંદ્રિયનો નિગ્રહ. ચાર કષાયનો વિજય, અને ત્રણ દંડની વિરતિ એમ સંયમના સત્તર ભેદ થાય છે.

પાંચ આશ્રવ વિરમણ–અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ; આને પાંચ આશ્રવ વિરમણ કહેવાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંયમનો ટુંક અર્થ એટલોજ થાય છે કે, આશ્રવનાં દ્વારને બંધ કરવાં. અર્થાત્ કર્મ આવવા ન દેવાં કે આવતાં કર્મને રોકવાં.

જીવની હિંસા કરવાથી અસત્ય બોલવાથી, ચોરી કરવાથી, મૈથુન, સેવનથી અને પરિગ્રહના સંચયથી, અનેક કર્મનું આગમન થાય છે. કેમકે રાગ, દ્વેષ સિવાય આ માર્ગમાં પ્રવૃત્તિ થતી નથી. અને રાગદ્વેષ તે, કર્મ આગમનનું પરમ કારણ છે. આ રાગદ્વેષની ઉત્પત્તિ આ સંયમના કારણથી થાય છે.

અહિંસા. મન, વચન, અને શરીરથી કોઈ પણ જીવની હિંસા કરવી, કરાવવી, અને તેને અનુમોદન આપવું તેને હિંસા કહેવામાં આવે છે; તે હિંસાનો આ નવ પ્રકારે ત્યાગ કરવો તે અહિંસા છે.

આત્મા અમર છે એમ પૂર્વે કહેવામાં આવ્યું છે. છતાં તેની હિંસા કેમ થાય ? એ પ્રશ્ન આંહી ઉત્પન્ન થવા યોગ્ય છે. તેનો પરિહાર એજ છે કે, આત્માધિષ્ઠિત આ દેહ, જેના ઉપર જીવોને મારાપણાનો મમત્વ ભાવ છે. જેની સાથે આત્મા લોલી ભૂત (એકમેક ) થઈ રહ્યો છે, અને જેનો નાશ કરવાથી આ દેહમાંથી અન્ય સ્થળે આત્માને ચાલ્યા જવું પડે છે તે દશ પ્રાણ, ( પાંચ ઇંદ્રિય, મન, વચન અને શરીરબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય ) નો નાશ કરવો કે તેને કીલામણા ( દુઃખ ) ઉત્પન્ન કરવી તે જીવ હિંસા આંહી કહેવામાં આવી છે. તે દશ પ્રાણને નહિં હણવા તે અહિંસા-સંયમ કહેવાય છે.

૨. સત્ય. ક્રોધ, લોભ, ભય. કે હાસ્યથી કોઇ પણ પ્રકારે મન, વચન, શરીરથી અસત્ય બોલવું નહિં, બોલાવવું નહિં અને અસત્ય બોલનારને અનુમોદન ન આપવું તે સત્ય સંયમ કહેવાય છે.

૩) અચૌર્ય. માલીકની રજાસિવાય કોઇપણ વસ્તુ મન, વચન, શરીરથી લેવી નહિં, લેવરાવવી નહિં, અને લેનારની અનુમોદના ન કરવી તે, અચૌર્ય સંયમ કહેવાય છે.

૪) બ્રહ્મચર્ય. દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી મૈથુન, મન, વચન, શરીરથી સેવવું નહિં, સેવરાવવું નહિં, અને સેવનારને અનુમોદન ન આપવું તે બ્રહ્મચર્ય સંયમ કહેવાય છે.

૫) અપરિગ્રહ. સર્વ પદાર્થ ઉપર મૂર્ચ્છાનો ત્યાગ. દેશ કાળનો વિચાર કરી, ધર્મ ઉપગરણ સિવાય કોઈપણ પ્રકારનો ધન, ધાન્યાદિ પરિગ્રહ મન, વચન, શરીરથી રાખવો નહિં. રખાવવો નહિં. અને રાખનારને અનુમોદન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન આપવું તે અપરિગ્રહ સંયમ કહેવાય છે.

૬) સ્પર્શઇન્દ્રિયનિગ્રહઃ શીત, ઉષ્ણ, સુવાળા, ખરસટ વિગેરે ઇષ્ટા નિષ્ટ સ્પર્શને પામી રાગ, દ્વેષ ન કરવો તે સ્પર્શઇંદ્રિય સંયમ.

૭) રસઇંદ્રિયનિગ્રહઃ ઇષ્ટાનિષ્ટ સ્વાદવાળા રસને પામી રાગ, દ્વેષ ન કરવો તે રસઇંદ્રિયસંયમ.

૮) ઘ્રાણ ઇંદ્રિય નિગ્રહઃ ઇષ્ટા નિષ્ટ ગંધમાં રાગ, દ્વેષ ન કરવો તે ઘ્રાણેંદ્રિયસંયમ.

૯) ચક્ષુઇંદ્રિયનિગ્રહઃ ઇષ્ટાનિષ્ટ રૂપ દેખી તેમાં રાગ દ્વેષ ન કરવો તે ચક્ષુ ઈંદ્રિય સંયમ.

૧૦) શ્રોત્રેંદ્રિયનિગ્રહ. ઇષ્ટાનિષ્ટ શબ્દ સાંભળીને તેમાં રાગ, દ્વેષ ન કરવો તે શ્રોત્રેંદ્રિયસંયમ.

૧૧) ક્રોધકષાયવિજય. ઉદય આવેલા ક્રોધને ક્ષમાથી નિષ્ફળ કરવો. તેનું પરિણામ વિચારી શાંત થવું, તે ક્રોધસંયમ.

૧૨) માનકષાયવિજય. માન, અહંકાર, ગર્વ નહિં કરવા. તેવા પ્રસંગને નમ્રતાથી નિષ્ફળ કરવો તે માનસંયમ.

૧૩) માયાકષાય વિજયઃ કપટ, માયા નહિં કરવી. સરલતાથી (સરલ સ્વભાવે) દરેક પ્રસંગમાં પ્રવૃત્તિ કરી માયાનો વિજય કરવો તે માયાસંયમ.

૧૪) લોભકષાયવિજય. સર્વ સ્થળે સંતોષવૃત્તિ રાખી, લોભનો વિજય કરવો તે લોભસંયમ.

૧૫) મનદંડવિરતી. આર્ત્ત, રૌદ્ર પરિણામ ઉત્પન્ન થાય તેવો કાંઇ પણ વિચાર ન કરવો. પણ ધર્મ, સુકલ ધ્યાનનમાં પ્રવેશ થાય તેવા વિચાર કરવા તે મનદંડ વિરતિસંયમ.

૧૬) વચનદંડવિરતિ. પોતાને કે પરને. જેનું પરિણામ દુઃખરૂપ આવે તેવું વચન ન બોલવું. પણ પરિણામે સુખરૂપ થાય તેવું હિતાવહ બોલવું તે, વચનદંડવિરતિ સંયમ.

૧૭) કાયદંડ વિરતિ. શરીરથી કોઇ પણ જાતની ખરાબ પ્રવૃત્તિ ન કરવી, પણ જેનાથી આત્મવિશુદ્ધિમાં મદદ મળે તેવી પ્રવૃત્તિ કરવી તે કાયદંડવિરતિ સંયમ.

આ સત્તર પ્રકારનો સંયમ માર્ગ છે. આ, એક એક ભેદ આશ્રવના પ્રવાહને રોકવાને માટે મજબુત દરવાજાની ગરજ સારે છે. પરમશાંતિના

માર્ગમાં પ્રવેશ કરનારાઓએ વારંવાર આ સંયમનું સમાલોચન કરવું જોઇએ તેનાથી વિપરીત પ્રવૃત્તિ ન થાય તે માટે વારંવાર જાગૃત રહેવું જોઇએ.

આ સંયમના દ્વારોએ, આવતા આશ્રવને રોકયાપછી પૂર્વે જે કર્મનો જમાવ એકઠો થયો છે તેને દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

## પ્રકરણ પ૬ મું.

### તપ.

પ્રબળ કલીષ્ટકર્મોને ભેદવાનું મુખ્ય શસ્ત્ર તપ છે. નિકાચીત કર્મો પણ તપથી બળીને ભસ્મીભૂત થઇ જાય છે. ટુંકામાં કહીએ તો પૂર્વસંચિતકર્મ તપથીજ દૂર થઇ શકે છે.

બાહ્યતપ–અને અભ્યંતર તપ–એમ તપ બે પ્રકારના છે. ઉપવાસ કરવો, સ્વલ્પ આહાર લેવો, નિયમિત વસ્તુજ લેવી, રસકસ જેનાથી વિકૃતિ પેદા થાય છે તેનો ત્યાગ કરવો, મજબુત આસને લાંબા વખત સુધી બેસી શકાય તેવી ટેવ પાડવી, અને અંગોપાંગને સંકોચીને નિર્વાત સ્થાનમાં રહેલા પ્રદીપની માફક સ્થીર બેસી રહેવું; ઇત્યાદિ સર્વ બાહ્ય તપ છે. તે અભ્યંતર તપમાં ઘણોજ ઉપયોગી છે. ઉપવાસાદિકથી શરીર પરથી મમત્વભાવ ઓછો થાય છે. ઇંદ્રિયો સ્વાધીન રહે છે. નિસ્પૃહ થવાય છે, અને ધ્યાનમાં ઘણા લાંબા વખતપર્યંત સુખે બેસી શકાય છે ઇત્યાદિ અનેક પ્રકારે બાહ્ય તપ ઉપયોગી છે.

### અભ્યંતર તપ.

આત્મ નિરીક્ષણ કરી, જ્યાં જ્યાં સંયમગાર્મમાં વિપરિત પ્રવૃત્તિ પોતાથી થઇ હોય, ત્યાં ત્યાં ગુર્વાદિ સમક્ષ પ્રાયશ્ચિત લઇ શુદ્ધ થવું.

ગુર્વાદિકનો વિનય કરવો, તેમની વૈયાવચ્ચ કરવી. આત્મજાગૃતિ થાય તેવાં અધ્યાત્મિક પુસ્તકોનું પઠન કરવું, યા તેની જાગૃતિ માટે તે ગ્રંથોનું વારંવાર સ્મરણ કરવું, ધ્યાન કરવું, અને મલીન વાસનારૂપ રાગ, દ્વેષનો ત્યાગ કરવો. આ અભ્યંતર તપ છે.

આ તપના બાર ભેદમાં ધ્યાન તપ એ સર્વમાં મુખ્ય છે. ધ્યાનના અનેક પ્રકાર છે, જેવું આલંબન તેવેરૂપે આત્મા પરિણમે છે. માટે પો·

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાને જેવું થવું હોય તેવા લક્ષબીંદુને સન્મુખ રાખી તેવા થવાને માટે અહોનિશ પ્રયત્ન કરવો. પરમ શાંતિ પામવી હોય તેઓએ પરમ શાંતિને પામેલા મહાત્માનું જીવનચરિત્ર પોતાના હૃદયપટપર આળેખી, તેની માફક દરેક પ્રસંગમાં વર્તન કરવાનો પ્રયત્ન કરવો, તેથી પોતાની માનસીક પ્રબળતાના પ્રમાણમાં તે તદ્રુપ થઈ શકશે. આમ છે, તથાપિ ક્રમસિવાય એકજ કુદકે કોઇ શાંતિ સ્થળમાં પ્રવેશ કરી શકાતો નથી. માટે ક્રમની ઘણી જરૂર છે. તે સાથે તેવા પવિત્ર આલંબનની પણ જરૂર છે.

પરમશાંતિપદ પામવા માટેનાં અનેક આલંબનો મહાત્મા જ્ઞાની પુરૂષોએ બતાવ્યાં છે તેમાં **નવપદ** આલંબન મુખ્ય છે અને તેમાં ક્રમ અને આલંબન સાથેજ છે.

## પ્રકરણ ૫૭ મું.

### સાધુ પદ.

પરમ શાંતિપદના અભિલાષીઓએ પ્રથમ મુનિપદનું અવલંબન લઈ તેનું ધ્યાન કરવું. સાધુઓનું ઉત્તમમાં ઉત્તમ ચરિત્ર પોતાના સન્મુખ સ્થાપન કરવું. તેના ઉત્તમ ગુણો એક બાજુ સન્મુખ લખી લેવા પછી તે માફક પ્રવૃત્તિ કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરવી. દરેક પ્રસંગમાં, અપ્રમત્ત મુનિઓ આ ઠેકાણે કેવી પ્રવૃત્તિ કરે ! તે પોતાના મનને પૂછવું અથવા તેમના ઉત્તમ જીવનમાંથી તપાસી લેવું. તેમાંથી જે જવાબ મળે તે માફક વર્તન કરવું.

ખાતાં, પીતાં, સુતાં, બેસતાં, ઉઠતાં કે કોઇ પણ કાર્ય કરતાં, તેઓનું ચિત્રપટ પોતાના હૃદયમાં કે, સન્મુખજ રાખવું. અને આવા પ્રસંગોમાં તેમની કેવી પ્રવૃત્તિ હોય કેવી લાગણી હોય, હૃદય કેટલું આર્દ્ર હોય, અથવા કેવી વૈરાગ્ય પ્રવૃત્તિ હોય કે, કેવી ઉપયોગની જાગૃતિ હોય તે વિચારી, તેવા તેવા પ્રસંગમાં તદાકાર થવું. આજ મુનિપદનું આરાધન અને આજ મુનિપદનું ધ્યાન.

આપ્રમાણે પ્રવૃત્તિ કરતાં જ્યારે મુનિપદ લાયકના સર્વ ગુણો પોતામાં દાખલ થયા છે, એમ પોતાનું હૃદય કબુલ કરે, ત્યારે તે પદથી ઉચ્ચ પદ ઉપાધ્યાય પદનું આલંબન લઇ તેનું ધ્યાન કરવું. આ ધ્યાનમાં પણ મુનિ-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

પદની માફકજ ઉપાધ્યાયના ગુણોનું અનુકરણ કરવું. ઉપાધ્યાયના ગુણો પોતામાં દાખલ થયા તેનો નિર્ણય થતાં, આચાર્યપદનું ધ્યાન કરવું. તેમના છત્રીશ ગુણો સન્મુખ રાખી તે માફક વર્તન કરતાં આચાર્ય હું પોતે છું. દ્રવ્યથી નહિં પણ ભાવથી તેમના ગુણો સરખા ગુણો ધારણ કરવાથી, આ નિર્ણય પોતાને થતાં અર્હંતપદનું આરાધન કરવું. અર્હંત્ જેવું વીર્ય, અર્હંત્ જેવું નિશ્ચળ ધ્યાન, અર્હંત્ જેવું વર્તન ટુંકામાં કહીએ તો અર્હંતની માફક સર્વ ક્રિયા કરવી. આ પ્રમાણે કરતાં અર્હંત સ્વરૂપ થઇ શકાય છે. અર્હંત સ્વરૂપ થતાં છેવટે સિદ્ધ સ્વરૂપનું ધ્યાન-તન્મય—તદ્રુપ. એટલે પરમશાંતિ મળી ચૂકી. પરમશાંતિ સ્વરૂપજ પોતે થઇ જવાશે. પરમશાંતિ મેળવવાનો આ માર્ગ છે. આ માર્ગે પૂર્વે અનેક મનુષ્યોએ પરમપદ પ્રાપ્ત કર્યું છે. માટે પરમપદ યા પરમશાંતિપદાભિલાષીઓએ આ રસ્તે પોતનું વીર્ય ફોરવવું જોઇએ. તે રસ્તે ચાલવા પ્રયત્ન કરવો જોઇએ. આ રસ્તે ચાલવામાં પોતાનું અસમર્થપણું જણાય, વિષય વાસનાની શાંતિ ન થઈ હોય, અથવા કુટુંબ સ્નેહ વિગેરે બંધનતાં કારણો ન છુટી શકતાં હોય તેઓએ દ્વાદશ વ્રતરૂપ ગૃહસ્થ માર્ગ સ્વીકારવો જોઇએ.

આ માર્ગ પણ નિવૃત્તિનો માર્ગ છે, છતાં તે ઘણો સહેલો પણ વિશેષ લંબાણવાળો છે. આ માર્ગમાં આશ્રવના દ્વારો થોડાં થોડાં બંધ થાય છે. પણ આ માર્ગમાં રહી, આગળ ઉપર નિવૃત્તિનો ટુંકો માર્ગ અંગીકાર કરવાનાં સાહિત્યો એકઠાં કરવા ધારે તો તે કરી શકે તેમ છે.

ઉત્તમ ભોજન કરવું તે શ્રેષ્ટ છે પણ તેના અભાવે તદ્દન ભૂખે મરવું તેના કરતાં સામાન્ય ભોજનથી પણ પેટ ભરવું તે યોગ્ય છે. આ ન્યાયે. જ્યાં સુધી નિર્વૃત્તિના કે પરમ શાંતિના ઉત્તમ માર્ગમાં ચાલવાની પોતાની યોગ્યતા ન થાય ત્યાંસુધી ગૃહસ્થ ધર્મ અંગીકાર કરવો તે પણ શ્રેષ્ટ છે, યોગ્યતા વધારવાનું તે પરમકારણ છે. યોગ્યતા સિવાય ઉચ્ચપદારોહણ કર્યાં પછી ગુણોની વૃદ્ધિ કરવી એ મુશ્કેલી ભર્યું કામ છે. તેવાઓને તે પદથી પાછું પડવું પડે છે. માટે યોગ્યતા ન હોય તો તે પદ સંપાદન કરવાની યોગ્યતા જ્યાંસુધી ન મેળવી શકાય ત્યાંસુધી થોડી યોગ્યતાવાળો કે પોતાની લાયક યોગ્યતાવાળો ગૃહસ્થધર્મ સ્વીકાર કરવો.

# પ્રકરણ ૫૮ મું.

## ગૃહસ્થધર્મ.

આત્મસ્વરૂપ ( હું કોણ છું તે ) જાણ્યા પછી અને વિચિત્ર સંસાર-સ્વરૂપ જોયા પછી, ગૃહસ્થોએ એક ડગલું પણ આગળ વધવું જોઇએ, અને તે એજ કે તેમણે ગૃહસ્થધર્મનાં વ્રતો લેવાં જોઇએ. થોડાં પણ આશ્રવ દ્વાર રોકવાથી, કર્મ પ્રવાહ આવતો ઓછો થાય છે. જેટલા પ્રમાણમાં આ-શ્રવદ્વાર રોકાશે તેટલા પ્રમાણમાં કર્મ પ્રવાહ આવતો અટકશે. આમજ હોવાથી 'કેટલા પ્રમાણમાં તે દ્વાર બંધ કરવાં'? આ પ્રશ્નનો અવકાશ રહેતોજ નથી. એનો ઉત્તર એટલોજ કે, જેટલા પ્રમાણમાં તે દ્વારો રોકાય તેટલાં રોકો.

સ્થુળ પ્રાણાનિપાત વિરમણ ૧. સ્થુળ મૃષાવાદ વિરમણ ૨. સ્થુળ અ-દત્તાદાન વિરમણ. ૩. સ્થુળ મૈથુન વિરમણ ૪. સ્થુળ પરિગ્રહ વિરમણ ૫. દિગ્‌વિરતિ ૬. ભોગોપભોગ ૭. અનર્થદંડ વિરમણ ૮. સામાયિક ૯. દેશા-વગાસીક ૧૦. પૌષધ ૧૧. અતિથિ સંવિભાગ. ૧૨. આ ગૃહસ્થ ધર્મનાં બાર વ્રતો છે.

સર્વથા કોઇ પણ જીવને મારવો નહિં તે, સાર્વભૌમ ( પૂર્ણ ) અ-હિંસાવ્રત છે. તે અપેક્ષાએ આ સ્થુળ અહિંસાવ્રત છે.

૧. ત્રસ અને સ્થાવર એમ જીવના બે ભેદ કહેવાય છે. હાલે, ચાલે તે ત્રસ જીવ કહેવાય છે. અને સ્થાવર નામ કર્મોદયવાળા જીવો સ્થાવર ક-હેવાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, અને વનસ્પતિ આ પાંચ જાતના જીવોને સ્થાવર કહે છે.

આ પાંચ જાતના સ્થાવર જીવોનું નિરંતર રક્ષણ કરવું તે ગૃહસ્થો માટે અશકય છે. માટે ત્રસ જીવોનો તેમણે ખાસ બચાવ કરવો જોઇએ. ત્રસ જીવોમાં પણ અપરાધી જીવોનો બચાવ કરવો તે ગૃહસ્થ ધર્મ ચલાવ-નાર માટે સલામતી ભર્યું નથી. તેમજ આરંભમાં પણ ત્રસ જીવોનો વિનાશ થવો તે સંભવનીય છે. માટે નિરપરાધી, આરંભ સિવાય, અને સંક-લ્પીને ( મારવાની બુદ્ધિથી જાણી જોઇને ) ત્રસ જીવોને ન મારવા. આટલો બચાવ ગૃહસ્થોએ પેહેલા અહિંસાવ્રતમાં કરવો જોઇએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨. સ્થૂળ મૃષાવાદ વિરમણ. હું આજે દશ વાગે આવીશ. એમ કહી દશ ને એક મીનીટે જો જાય તો મૃષાવાદ (અસત્ય) નો દોષ લાગે છે. આ આંબાનું વન છે એમ કહેતાં તેમાં જો કોઈ બીજાં વૃક્ષ હોય તોપણ અસત્ય દોષ લાગે છે આ જાતીનાં સર્વ સૂક્ષ્મ અસત્ય ગણાય છે. તેવી તીવ્ર જાગૃતિ ન હોવાથી આ સૂક્ષ્મ અસત્યનો ત્યાગ ગૃહસ્થો કરી શકતા નથી. માટે તેઓએ, જેને વ્યવહારમાં લોકો અસત્ય ગણે છે, તેવાં સ્થૂળ (મોટાં) અસત્ય બોલવાનો ત્યાગ કરવો તે ગૃહસ્થનું બીજું વ્રત છે.

૩. સ્થૂળ અદત્તાદાન વિરમણ. ચોરી કરવી નહિ. માલીકની રજા સિવાય એક તૃણ માત્ર લેવું તે ચોરી ગણાય છે. પણ ગૃહસ્થોએ મોટી ચોરીનો ત્યાગ કરવો તે ગૃહસ્થાશ્રમમાં બની શકવું યોગ્ય છે. ખાતર પાડવું, તાળું તોડવું, વાટ લુંટવી, ગાંઠ કાપવી, દાણ ચોરી કરવી, ઓછું દેવું વધારે લેવું, વિગેરે, રાજા દંડે તેવી ચોરીનો ત્યાગ કરવો તે ગૃહસ્થોનું ત્રીજું વ્રત છે.

૪. સ્થૂળ મૈથુન વિરમણ. પરસ્ત્રી ગમનનો ત્યાગ કરવો. વિધવા, વેશ્યા, બાળકુમારી વિગેરેનો ત્યાગ આ વ્રતમાં આવી જાય છે. સ્વદારા ( પોતાની પરણીત સ્ત્રી ) માંજ સંતોષ કરવો તે ગૃહસ્થનું ચોથું વ્રત છે.

૫. સ્થૂળ પરિગ્રહ વિરમણ, ઇચ્છા અપરિમિત છે. તેને નિયમમાં રાખવી. એટલે ધન, ધાન્ય, ક્ષેત્ર, ઘર, રૂપું, સોનું, હીરા માણેક, મોતી વિગેરે, દાસ, દાસી, પશુ, અને રાજ્યાદિવૈભવ ઇત્યાદિ જે મીલકતમાં ગણવામાં આવે છે, તે સર્વનો ઇચ્છાનુસાર નિયમ રાખવો. તેથી વધારે થાય તો સન્માર્ગે, પરોપકારાદિમાં તેનો વ્યય કરવો, તે ગૃહસ્થોનું પાંચમું વ્રત છે.

૬. દિગ્‌વિરમણ. ચાર કે ૭ દિશાઓ તરફ જવા, આવવાનો નિયમ રાખવો, આ નિયમ પોતે જે શેહેર કે ગામમાં રહેતો હોય ત્યાંથી ગણવો. અને નિયમિત ઇચ્છાનુસાર રાખવો. પરમશાંતિમાર્ગના પથિક બન્યા પછી, ગૃહસ્થે પોતાની પાપ પ્રવૃત્તિને કે આરંભ પરિગ્રહાદિને કાબુમાં રાખવા, અને ધર્મક્રિયામાં, સત્સંગાદિના અભાવે શિથિલતા પ્રાપ્ત ન થાય, તે માટે આ વ્રત લેવાની જરૂર છે.

૭. ભોગોપભોગ વ્રત. એકવાર ઉપયોગમાં આવે તે ભોગ, અનાજ પાણીઆદિ ખોરાક. અને એકની એક વસ્તુ વારંવાર ઉપયોગમાં આવે તે ઉપભોગ. વસ્ત્ર, સ્ત્રી પ્રમુખ; તેનો ઇચ્છાનુસાર નિરંતર નિયમ કરવો. ભોજનમાં સાત્વિક ખોરાક લેવો. મદ્ય, માંસ, રાત્રીભોજન અને કંદાદિ અનેક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સત્વના સંહારવાળી અને વિકૃતિ કરનાર વસ્તુઓનો ત્યાગ કરવો. કેમકે, મદ્ય, માંસાદિ, તામસી, અને રાજસી પ્રકૃતિવાળાં હોવાથી, વિચારમાં વિકૃતિ બનાવી શાંતિમાર્ગમાં વિઘ્ન કરનાર છે.

ડગલે અને પગલે શાંતિમાર્ગમાં આગળ વધવાનું હોવાથી, તેવા પથિકોએ અનેક જીવોનો જેમાં સંહાર થવા સંભવ છે, તેવા વિશેષ પાપના વ્યાપારોનો પણ ત્યાગ કરવો જોઇએ.

૮. અનર્થ દંડ વિરમણ. વગર પ્રયોજને દંડાવું, કર્મથી બંધિત થવું તે અનર્થ દંડ. આર્ત્ત રાદ્રધ્યાન. ૧. પાપોપદેશ. ૨. હિંસકઉપગરણ માંગ્યાં આપવાં. ૩. અને પ્રમાદાચરણ-એમ અનર્થ દંડ ચાર પ્રકારે છે.

૧, આર્ત્ત, રૌદ્રધ્યાન, વગર પ્રયોજને બીજા જીવોને દુઃખ આપવાના કે મારવાના વિચાર કર્યા કરવા. જેમકે વૈરીનો ઘાત કરૂં ! રાજા થાઉં તો ઠીક. શેહેરનો નાશ કરૂં ! અગ્નિ સળગાવી મુકું ! અમુક સ્ત્રી મળે તો ઠીક. વિદ્યાધર થાઉં તો આકાશમાં ઉડવાની મજા પડે વિગેરે.

૨, પાપોપદેશ—જ્યાં પોતાની દાક્ષિણતા ન પહોચે તેવા મનુષ્યોને પાપ કરવાનો ઉપદેશ આપવો. જેમકે ક્ષેત્ર ખેડો, બળદને દમન કરો, ઘોડાને ષંઢ કરો. ગૃહ બનાવો. બાપનું વેર લ્યો. વિગેરે પરમશાંતિમાર્ગનો પથિક છતાં, ગૃહસ્થાશ્રમમાં રહેલો હોવાથી કુટુંબ વિષયિક ઉપદેશ આપવો પડે છે તે પણ જેમ બને તેમ ઓછો કરે, તો પછી પરને પાપપ્રવૃત્તિમાં પ્રેરવાને તેનો અધિકાર નથી.

૩, હિંસક ઉપગરણ. જેનાથી જીવની હિંસા થાય તેવાં હથીયાર વિગેરે પૂર્વની માફક જ્યાં દાક્ષિણતા ન પહોંચે ત્યાં માગ્યાં ન આપવાં.

૪, પ્રમાદાચરણ, પરમશાંતિમાર્ગના પથિકે, વિકાર ઉત્પન્ન થાય તેવાં ગાયન, નાચ, નાટક ન જોવાં. કામશાસ્ત્રમાં આસક્તિ ન રાખવી. જુગાર ન ખેલવો, જળક્રીડા, હીંચોળાદિવિનોદ, ભેંસા, સાંઢ, હાથી વિગેરેનાં યુદ્ધાદિ કરવાં નહિં, તેમ જોવાં પણ નહિં. શત્રુપુત્રઉપર વેરવાલન, અને સ્ત્રી, દેશ, રાજ્ય, તથા ભોજન કથાદિ પ્રમાદાચરણનો ત્યાગ કરવો.

૯, સામાયિકવ્રત—રાગદ્વેષવિનાની શાંત સ્થીતિમાં, બે ઘડી ઓછામાં ઓછી અડતાળીશ મીનીટ સુધી રહેવું. તેટલા વખતમાં આત્મધ્યાન, પરમાત્મધ્યાન, આત્મનિરીક્ષણ, પરમેષ્ટિ મહામંત્રનો જાપ, મહાત્મા પુરૂષોના ઉત્તમ ચરિત્ર યાદ કરવાં, કે અનિત્યાદિ બાર ભાવનાનો વિચાર કરવો, તે સામાયિક વ્રત.

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

૧૦, દેશાવકાશિક. છઠ્ઠા વ્રતમાં લીધેલ દિશાના લાંબા નિયમને એક દિવસ કે અમુક કલાકો માટે ટુંક સંક્ષેપ કરવો–એવીજ રીતે બીજાં વ્રતોનો પણ સંક્ષેપ કરવો ચૌદ નિયમ ધારવાં.

૧૧, પૌષધવ્રત.—આત્માને, યા આત્મગુણોને જેનાથી પુષ્ટિ મળે તે પૌષધ, ઉપવાસાદિ તપ કરવો. પાપવાળા સદોષ વ્યાપારનો સર્વથા ત્યાગ કરવો ૨ બ્રહ્મચર્ય પાળવું ૩ અને શરીરની અભ્યંગનાદિ શુશ્રૂષાનો ત્યાગ કરવો. ૪ આ ચાર પ્રકારની ક્રિયાપૂર્વક, ચાર કે આઠ પહોર પર્યંત ધર્મ ધ્યાનમાં પ્રયત્નવાન રહેવું, તે પૌષધવ્રત છે. નિરંતર ન બની શકે તો પર્વ-તિથીએ તો અવશ્ય આ પૌષધ કરવો.

૧૨. અતિથિસંવિભાગ.—પરમશાંતિના માર્ગમાં પ્રયાણ કરવા માટે જેઓએ સર્વથા ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો છે તેવા અતિથિ, ત્યાગી, મુનિ, વિગેરે ઉપનામથી ઓળખાતા મહાત્માઓને અન્ન, પાણી, પાત્ર, વસ્ત્ર, અને મુકામાદિ, તે માર્ગમાં ઉપયોગી, અને માર્ગના આધારભુત વસ્તુઓનું દાન આપવું તેને અતિથિસંવિભાગવ્રત કહે છે.

આ ગૃહસ્થ ધર્મને યોગ્ય ગૃહસ્થનાં વ્રતો છે. આ સિવાય પણ તેઓ-એ નિરંતર દેવાધિદેવની પ્રતિમાનું પૂજન વંદન કરવું. તીર્થ યાત્રાઓ કરવી. અનુકંપાબુદ્ધિથી દુઃખીયાજીવોનો ઉદ્ધાર કરવો. ધર્મવ્યાખ્યાનો સાંભળ-વાં. ધર્માચાર્યની આજ્ઞા શીરપર ઉઠાવી. સ્વધર્મીબંધુઓનો અને બેહેનોનો ઉદ્ધાર કરવો. તેઓને જોઇતી મદદ આપી, ધર્મમાર્ગમાં સ્થીર કરવાં. જ્ઞાનના ઉત્તમ ભંડારો બનાવી તેનું રક્ષણ કરવું. જ્ઞાનશાળાઓ સ્થાપન કરવી.

હે રાજન્! રાજઓએ અને ધનાઢ્યોએ બીજા પણ અનેક લોકોપ-યોગી, પ્રજાઉપયોગી કાર્ય કરી, ગૃહસ્થ ધર્મમાં પોતે આગળ વધવું અને બીજાઓને આગળ વધારવા. દુઃખીયા જીવો માટે અનાથશાળાઓ, દર્દીઓને માટે દવાશાળાઓ, પથિકો માટે ધર્મશાળાઓ અને ભુખ્યાઓ માટે ભોજન-શાળાઓ કરી તેમના દુઃખમાં ઓછાશ કરવી. જે મનુષ્ય, જે આશ્રમમાં રહ્યો હોય તેણે તે તે આશ્રમને લાયક પોતાનો ધર્મ બજાવતાં પશ્ચાત્ પડવું ન જોઇએ. આ પ્રમાણે સરલ પણ વિશેષ લાંબો પરમશાંતિમાટેનો ગૃહસ્થ ધર્મ એ પણ એક માર્ગ છે.

આયુષ્ય અસ્થિર છે. સંપદા તે વિપદાથી ભરપુર છે, સંયોગ તે વિયોગવાળો છે. લક્ષ્મી વીજળીની માફક ચપળ છે, સંસારનું સુખ સ્વપ્ન સરખું છે. ચારે બાજુથી વિપદાઓ આવી પડે છે. મરણચક્ર માથે ફરી રહ્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. પાણીના પરપોટાની માફક પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને વિલય પામે છે શરીર જરાએ જર્જરીત થાય છે. ધર્મ સિવાય કોઈ રક્ષણ કરનાર નથી. ઇંદ્ર, ચંદ્રાદિ દેવો પણ મરણને શરણ થાય છે. તો હે માનવો ! તમે આમ ક્યાંસુધી ઘોરનિદ્રામાં ઘેરાશો ? આટલા બધા નિશ્ચિંત શા કારણથી થઈ બેઠા છો ? જાગો ઉઠો. પરમશાંતિના માર્ગમાં પ્રયત્ન કરો. ગમે તે વખને તેનું શરણુ લીધા સિવાય તમારો છુટકો નથી જ. અમૂલ્ય આયુષ્યનો એક સમય પણ નિરર્થક ન કાઢો. આ માનવદેહ અને આ સંપૂર્ણ સામગ્રી ફરી ફરી મળવી મુસ્કેલ છે. ઇત્યાદિ ગુરૂમહારાજની ધર્મદેશના સાંભળી અનેક મનુષ્યો પ્રતિબોધ પામ્યા.

સુરપાળ રાજાદિ રાજકુટુંબને ઘણો હર્ષ થયો. તેમના આનંદનો પાર ન રહ્યો. અહા ! ગુરૂસિવાય અજ્ઞાન અંધકાર કોણ દૂર કરે ? ગુરૂ સિવાય જ્ઞાનનેત્ર કોણ આપે ? ગુરૂસિવાય પરમશાંતિનું કારણ કોણ બતાવે ? ધન્ય છે ગુરૂવર્યના તાત્વિક જ્ઞાનને !

## પ્રકરણ ૫૯ મું.

### તે મચ્છ કોણ હતો ?

આ, જ્ઞાની ગુરૂજ મારો સંસય દૂર કરશે. ખરેખર સૂર્યસિવાય અંધકારને દૂર કરવાનું કોનામાં સામર્થ્ય છે ? ઇત્યાદિ વિચાર કરતા રાજાએ ગુરૂમહારાજને પ્રશ્ન કર્યો.

**સુરપાળ**—જ્ઞાનદિવાકર ! પ્રભુ અમને મોટું આશ્ચર્ય થાય છે કે, સમુદ્રમાં પડેલી મલયાસુંદરીને, તે મચ્છે પાર કેમ ઉતારી ? એનામાં એવું તે શું જ્ઞાન હતું કે, તે વારંવાર પાછું વાળીવાળી, સ્નેહની દૃષ્ટિથી તેના સન્મુખ જોતો જોતો, સમુદ્રમાં ચાલ્યો ગયો ?

**ચંદ્રયશાકેવલીઃ**—રાજન્ ! મલયાસુંદરીની વેગવતી નામની ધાવમાતા, અંત અવસરે આર્ત્તધ્યાને મરીને આ સમુદ્રની અંદર તે હાથી આકારના મચ્છપણે ઉત્પન્ન થઇ છે. ભારંડ પક્ષીના મુખમાંથી જ્યારે મલયાસુંદરી નીચે સમુદ્રમાં પડી એ અવસરે, દૈવયોગે તેજ મચ્છ પાણીઉપર તરતો હતો, તેનીજ પીઠપર તે આવી પડી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મલયાસુંદરી ઉચ્ચસ્વરે નવકાર મંત્રનું સ્મરણ કરતી હતી, તે મચ્છના સાંભળવામાં આવ્યો. સાંભળી ઇહાપોહ કરતાં, તે મચ્છને સદ્‌ભાવયોગે પૂર્વજન્મનું જાતિસ્મરણ જ્ઞાન થઇ આવ્યું. પોતાની પીઠપર કોણ આવી પડ્યું છે, તે જોવામાટે પોતાની ડોક પાછીવાળી જોતાં, તેણે મલયાસુંદરીને દીઠી. તેને જોતાંજ પૂર્વના પરિચયવાળી પોતાની ધાવપુત્રીને તેણે ઓળખી લીધી.

મચ્છ વિચારમાં પડયો કે, અહા ! આ મારી અન્ય જન્મની પુત્રી, આવી વિષમ આપત્તિમાં કેમ આવી પડી હશે ? આવી અધમ તિર્યંચની સ્થીતિમાં હું તેને કેવી રીતે સહાય આપું ? હું તેને બીજી મદદ કરવા અશક્ત છું છતાં, મારાથી એટલું તો બની શકે તેમ છે કે, આવીજ સ્થીતિમાં ( પીઠપર રહેલી સ્થીતિમાં ) તેને કોઈ મનુષ્યની વસ્તીવાળી જમીનપર લઇ જઈ મૂકું. ત્યાર પછી તે કોઇપણ પ્રયોગથી પોતાના બંધુવર્ગને જઇ મળશે.

આ પ્રમાણે વિચાર કરી તે મચ્છે તેને સમુદ્રમાંથી સુખે સુખે લાવી, સમુદ્રના કિનારાપર બાહાર મૂકી દીધી, કેમકે આગળ ચાલવાની તેની ગતિ બીલકુલ નહતી.

પુત્રીપણાના સ્નેહથી વારંવાર ગ્રીવા પાછી વાળી જોતો, અને ખેદ પામતો તે મચ્છ પાછો સમુદ્રમાં ચાલ્યો ગયો.

**સુરપાળ**—ભગવન્! તે મચ્છ, હવે પછી કઇ ગતિમાં જશે ?

**ચંદ્રયશાકેવળી**—જાતિસ્મરણ થયા પછી તે ધાવ માતાનો જીવ, નિરંતર નિર્દોષ ( જીવોનો સંહાર ન થાય તેવો ) આહાર કરે છે, અને નમસ્કાર મહામંત્રનું ધ્યાન, સ્મરણ કર્યા કરે છે. આ મચ્છભવના આયુષ્યને પૂર્ણ કરી, પૂર્વકર્મનો પશ્ચાત્તાપ, નવકાર મંત્રનું સ્મરણ અને શુભ ભાવની મદદથી તે દેવલોકમાં જશે.

**ચંદ્રયશાકેવલીના** મુખથી વેગવતી (મલયાસુંદરીની ધાવમાતા) નો ભવાંતર સાંભળી, રાજાપ્રમુખ સર્વજનો આપસમાં કહેવા લાગ્યા કે, ખરેખર તેણે આ જન્મમાં પણ માતાના સરખોજ સ્નેહ બતાવ્યો છે. આવા તિર્યંચના ભવમાં પણ તે પોતાની ફરજ ભૂલી નથી.

**સુરપાળ**—ભગવન્ ! આ મારા પુત્ર મહાબળે અને મલયાસુંદરીએ પૂર્વજન્મમાં એવાં શું કર્ત્તવ્ય કર્યાં છે કે, તેઓને આવી યૌવનાવસ્થામાં, આવાં અસહ્ય દુઃખનો અનુભવ કરવો પડ્યો.

**ચંદ્રયશા**—રાજન્! તમે સાવધાન થઇ તેઓનો પૂર્વજન્મ સાંભળો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૬૦ મું.

## પૂર્વભવ.

પૃથ્વીસ્થાનપુરમાં પહેલાં પ્રિયમિત્ર નામનો ગૃહપતિ રહેતો હતો. તે ઘણો સમૃદ્ધિમાન્ હતો, પણ તેને પુત્રાદિ સંતતિ કાંઈ ન હતી.

પ્રિયમિત્રને રૂદ્રા, ભદ્રા, અને પ્રિયસુંદરી નામે ત્રણ સ્ત્રીઓ હતી. રૂદ્રા અને ભદ્રા, એ બેહેનો હતી. તેઓને આપસમાં સારી પ્રીતિ હતી. છતાં પ્રિયમિત્રને આ બન્ને સ્ત્રીઓઉપર લેશ માત્ર પણ પ્રીતિ ન હતી. પણ પ્રિયસુંદરીઉપર તે પૂર્ણ સ્નેહ હતો. આ કારણથી પ્રિયમિત્ર અને સુંદરી સાથે રૂદ્રા, અને ભદ્રાનો કલેશ કોઇપણ દિવસ શાંત થતો ન હતો. અર્થાત્ આપસમાં તેઓને નિરંતર કલેશ થયા કરતો હતો.

પ્રિયમિત્રને, મદનપ્રિય નામનો મિત્ર હતો. તે સુંદરીઉપર વિશેષ સ્નેહ રાખતો હતો. તેમજ તેના ઉપર તે આસક્ત થયેલો હતો. ઘણી વખત તે સુંદરી સાથે નર્મ (સ્નેહનાં) વાક્યો પણ બોલતો. એક દિવસ એકાંતમાં રહેલી તે રૂપવાન્ સુંદરીની પાસે, મદનપ્રિય કામ સંબંધી પ્રાર્થના કરતો હતો. સુંદરીનું હૃદય પવિત્ર અને નિર્મળ હતું. તે પોતાના પતિઉપર પૂર્ણ સ્નેહ અને ભક્તિ રાખતી હતી, તેમજ તેના પતિનો પણ તેના ઉપર અનન્ય પ્રેમ હતો.

સુંદરી, મદનપ્રિયની પ્રાર્થનાને ધિક્કારી કાઢતી હતી, અને આજ પછી તે સંબંધમાં કાંઇ પણ ન બોલવા માટે સમજાવતી હતી.

મદનપ્રિય, તે મદનપ્રિય થઇને વિષયને માટે પ્રાર્થના કર્યા કરતો હતો, એ અવસરે પ્રિયમિત્ર, અકસ્માત્ ત્યાં આવી ચડયો. તેણે ગુપ્તપણે ઉભા રહી આ સર્વ વૃતાંત જાણી લીધું. પ્રિયમિત્રે ક્રોધાતુર થઇ, આ સર્વ બીના તેના બાંધવ પ્રમુખ સ્વજનની આગળ જાહેર કરી. તેઓએ અત્યંત નિર્ભ-ર્ત્સના કરી, તેને શેહેર મૂકી ચાલ્યા જવાની ફરજ પાડી.

ગુરૂમહારાજ ચંદ્રયશાના મુખથી આ વાત સાંભળી, સભામાં બેઠેલા કેટલાક વૃદ્ધ માણસો બોલી ઉઠયા. ગુરૂશ્રી! આપનું કહેવું બરોબર છે. અમે પૃથ્વી સ્થાનપુરના છીએ. આ સર્વવાત અમારી સ્મૃતિમાં છે. ખરેખર જ્ઞા-નના વિષયમાં કાંઇ પણ ન હોય તેમ નથી. અર્થાત જ્ઞાનીઓ, જ્ઞાનબળથી

પૂર્વે બનેલી સર્વ હકીકત જાણી શકે છે. પ્રિયમિત્રનું ઘર હજી પણ ત્યાં તેના નામથીજ ઓળખાય છે. અને હમણાં તે બીજા મનુષ્યના કબજામાં છે.

**સુ**રપાળ—શેહેર છોડી ગયા પછી, **મ**દનપ્રિયની શું સ્થીતિ થઈ ?

**ચં**દ્રયશા—**મ**દનપ્રિય, એક દિશાને ઉદ્દેશીને આગળ ચાલવા લાગ્યો. આગળ ચાલતાં નિરાહારપણે તેને બે દિવસ થઇ ગયા. ત્રીજે દિવસે આગળ ચાલતાં અટવીમાં એક ગોકુળ ( ગાયોનું ટોળું ) તેના જોવામાં આવ્યું. ક્ષુધાતુર **મ**દને એક ગોવાળીયાપાસે દૂધની પ્રાર્થના કરી. તે દયાળુ ગોવાળીયાએ તેના સમુદાયમાં એક મહીષી ( ભેંસ ) દોયાવિનાંની હતી, તે એક ઘડામાં દોહી આપી. અને તે દુધનો ભરેલો ઘડો તેને પીવા માટે આપ્યો. આ નજીકમાં તળાવ જણાય છે, તેના કિનારાપર જઇ, ત્યાં બેસી હું આ દુધનો ઘડો પીઇશ. માટે આ ઘડો હું ત્યાં લઇ જાઉં ? ગોવાળીયાએ તેમ કરવા હા કહી. એટલે તે દુધનો ઘડો લઇ તળાવના કિનારાપર આવ્યો.

શુભ ભાવથી તે વિચારવા લાગ્યો કે, હું બે દિવસનો ભુખ્યો છું, આ અવસરે કોઇ અતિથિ, તપસ્વી વિગેરે ઉત્તમ પુરૂષ મળી આવે તો તેને થોડું દુધ આપી, પછી હું પીઉં તો મારો જન્મ સફળ થાય. કારણ કે આ જીંદગીમાં એવું કાંઈ પણ સુકૃત મેં કર્યું નથી. મારી આવી દુર્દશા થઇ છે. મારી પાસે ખાવા પીવાનું કાંઇ પણ સાધન નથી. આવી સ્થીતિમાં પણ આ પરદ્રવ્યથી, કોઇ તેવા મહાત્માના શરીરને ઉપકાર થાય તો, મારી દુઃખદ જીંદગીમાં આટલું સુકૃત સુખરૂપ થાય.

આ પ્રમાણે મનોરથ કરતા, **મ**દને સદ્દભાગ્યથી માસોપવાસી એક તપસ્વી દીઠા. આ તપસ્વી માસોપવાસને પારણે પારણાર્થે નજીકના ગામડા તરફ જતા હતા. તેને દેખી તેના શુભ પરિણામમાં વધારો થયો. તે વિચારવા લાગ્યો. અહો ! મારો ભાગ્યોદય ! મનોરથની સાથેજ આ તપસ્વીનાં દર્શન થયાં. આ દુધમાંથી હું તેને આપું. એમ નિશ્ચય કરી, તે મુનિના રસ્તા તરફ જઇ, ભક્તિપૂર્વક તેણે જણાવ્યું. હે અનાથબંધો ! કૃપાળુમુનિ ! આ પયસ ગ્રહણ કરી, મારો નિસ્તાર કરો. અનેક દુષ્કર્મમાં જીવન ગાળનારા, મારા જેવા પાપી જીવને, આટલું પણ અન્ય જન્મમાં પાથેય ( ભાતા ) તુલ્ય થાઓ.

**મ**દનનાં આવાં શુભપરિણામ દેખી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી તે દ્રવ્ય, વિશુદ્ધ જાણી, ઇચ્છાનુસાર તેમાંથી તે તપસ્વીએ કેટલુંક ગ્રહણ કર્યું.

**મદને** પણ આ શુભપરિણામથી વિશેષ પુણ્ય ઉપાર્જન કર્યું. ખરેખર આવી ગરીબ સ્થીતિમાં અને બે દિવસની ભુખમાં પણ દાન આપવાના પરિણામ થવા, એજ શુભદિવસની શરૂઆત છે. અને વિશેષ ફળ આપનાર પણ તેજ છે. ભર્યામાં કોણ ભરતું નથી ? સુખીયા અને ધનાઢયને કોણ જમાડતું નથી ? પણ આવા જરૂરીયાતવાળા અર્થીઓને આપવામાં વિશેષ ફાયદો છે.

મુનિરાજ અન્ય સ્થળે ચાલ્યા ગયા. **મદન** પણ મુનિને નમસ્કાર કરી પાછો તે તળાવની પાળપર આવ્યો અને પોતાને કૃતાર્થ માનતાં, પાછળ વધેલું દુધ પોતે પીધું.

મનુષ્યના વિશેષ ઉપયોગમાં નહિ આવતું હોવાથી, આ જંગલના તળાવના આરાપ્રમુખ પથ્થરથી બાંધેલા ન હતા. તેમ તે પણ અજાણ્યો હોવાથી તળાવની ઉંડાઇ કે, અંદર ઉતરવાનો સરલ માર્ગ જાણતો ન હતો. એક માટીની ભેખડઉપર બેસી, વાંકો વળી, તે તળાવમાંથી પાણી પીવા લાગ્યો. તેવામાં માટીની ચીકાશથી તેનો પગ ખસી ગયો. પગ ખસવાની સાથેજ તે તળાવમાં જઈ પડયો. અને તેના અગાધજળમાં, પડયા પછી તરતજ ડુબી મુવો. કેમકે આ જંગલમાં તેની ચીશ કોઇ સાંભળે કે મદદે આવે તેવું નજીકમાં કોઇ ન હતું.

મુનિ દાન અને શુભભાવના કારણથી કે પ્રભાવથી, તે **મદન,** આજ **સાગરતિલક** શેહેરના વિજય રાજાને ઘેર પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું **કંદર્પ** નામ આપવામાં આવ્યું. અને વિજય રાજાના મરણ પછી તે આ શેહેરનો રાજા થયો.

**પ્રિયમિત્ર** પણ **સુંદરી**ની સાથે વિલાસ કરતો, આનંદમાં દિવસો પસાર કરતો હતો, પણ આ વિષયાનંદમાં તેણે પોતાની બીજી બે પત્નીઓ **રૂદ્રા,** અને **ભદ્રા**સાથે અનેક પ્રકારનું વૈર ઉત્પન્ન કર્યું. ખરેખર વિષમસ્વભાવવાળી અનેક પત્નીઓ વેરનું પરમ કારણ બને છે.

એક દિવસ **પ્રિયમિત્ર, સુંદરી**ને સાથે લઈ **ધનંજય**યક્ષના દર્શનાર્થે જતો હતો. રસ્તામાં ચાલતાં તેઓ, એક વડવૃક્ષના વિસ્તારથી અલંકૃત ભૂમી પાસે આવ્યા. તેટલામાં સામેથી પોતાથી સન્મુખ આવતા એક મુનિને તે બન્નેએ દીઠા.

મુનિને દેખી, ' આપણને આ અશુભ શુકન થયાં. ઉઘાડા માથાવાળો આ મુંડ, આપણને પ્રથમજ સામો મળ્યો છે. આપણી યાત્રા નિષ્ફળ જશે. અને બીજું પણ કાંઇક અમંગળ થશે ' ઈત્યાદિ બોલતી **સુંદરી**એ,

પોતાનાં વાહન અને પરિવારને ત્યાંથી આગળ વધતાં અટકાવી ત્યાંજ ઉભાં રાખ્યાં.

અહા ! મનુષ્યોની અજ્ઞાનતાની પણ કાંઈ હદ છે ? જે મહાત્માઓ વિષય, કષાયાદિ મહાન્ અપમંગળોથી વિરમ્યા છે, દુનિયાંની મલીન વાસનાઓ જેમનાં હૃદયમાંથી નીકળી ગઇ છે, જ્ઞાન, ધ્યાન અને આત્મિક વિચારણામાંજ જેઓ લીન થઈ રહ્યા છે, વિષયલંપટ પામર જીવોનું, હિતોપદેશ આપી જે રક્ષણ કરી રહ્યા છે, જેઓ નિરંતર સ્વ—પર ઉદ્ધાર કરી રહ્યા છે, અને જે મહાત્માઓ દુનિયાની દશાનું ભાન પણ ભૂલી ગયા છે. આવી મંગળમૂર્ત્તિને પણ અમંગળ કે અપશુકન કહેવું કે કલ્પવું, તેના જેવું બીજું એક પણ દુઃખદાઇ અજ્ઞાન કે, મૂર્ખતા નથી. અર્થાત્ તે અજ્ઞાન છે મૂર્ખતા છે.

આત્માનંદમાં નિમગ્ન સાધુ, જો સન્મુખ મળ્યા હોય તો તેના જેવું બીજું કોઈપણ શુભ શુકન કે, મંગલીક નથી. અર્થાત્ તે ઘણાં સારાં શુકન ગણાય. પણ આટલી વાત યાદ રાખવી જોઇએ, કે, શુકનને દેખી જેવી મનુષ્યોની ભાવના હોય છે, તેવું તેને ફળ મળે છે.

સુંદરીએ અપશુકનબુદ્ધિથી પોતાનો રથ અને પરિવાર ઉભો રાખ્યો, એટલાથીજ તેની સમાપ્તિ ન થઇ, પણ તે મુનિને અનેક પ્રકારના ઉપસર્ગ કરવા લાગી. ખરેખર નિરંકુશ, અને ક્રોધાધીન સ્ત્રી જેટલું કરે તેટલું ઓછું છે.

મુનિએ વિચાર કર્યો કે, આ વખતે મારાપર ઉપસર્ગ આવ્યો છે. સુવર્ણની ખરી પરિક્ષા તો કસોટી આગળજ થઈ શકે છે. મારે મારા સ્વસ્વભાવને કે, આત્મિકવિચારને ભૂલી જઇ, આ અજ્ઞાની જીવોની માફક ચેષ્ટા ન કરવી જોઇએ. અને જો તેમ કરવામાં આવે તો જ્ઞાની અને અજ્ઞાનીઓમાં તફાવત શો ? જ્ઞાનીના જ્ઞાનની પરિક્ષા આવે અવસરેજ થાય છે. મારે મારા મન કે, આત્માઉપર કાબુ ગખવો જોઇએ. ઉદય આવેલ કર્મો સમભાવે વેદી, આત્મોપયોગમાં જાગૃત રહી, તેને નિર્જરી નાંખવાં જોઇએ. અને નવીન કર્મબંધ થતો અટકાવવો જોઇએ. એમ નિશ્ચય કરી, માનસિક વૃત્તિઓને નિર્મલ કરી, તે મુનિ તેજ ઠેકાણે કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાનસ્થપણે ઉભા રહ્યા.

મુનિને સન્મુખ ઉભો રહેલો દેખી, "અરે ! આ વેશ ધારી, મારા સન્મુખ અહંકાર કરીને ઉભો રહ્યો છે. મેં વાહન ઉભાં રાખ્યાં એટલે તે પણ ઉભો રહ્યો વિગેરે " નિષ્ઠુર શબ્દો સુંદરી, ક્રોધથી બોલવા લાગી.

તેનાં ક્રોધમાં આથી વિશેષ વધારો થયો.

ખરી વાત છે " ઘી " પણ, સન્નિપાતના રોગવાળાને તેના રોગમાં વધારો કરનારૂં થાય છે તેમ મુનિનો શુભ આશય, અથવા ક્રિયા પણ સુન્દરીને વિશેષ, ક્રોધનું કારણ થયુ.

સુંદરીએ સુંદર નામના પોતાના ચાકરને જણાવ્યું કે, સુંદર ! આ નજીકમાં બળતા ઇંટના નિભાડામાંથી અગ્નિ લઈ આવ કે, તેનાથી આ પાખંડીને ડામ દઈએ. એથી આપણું અપશુકન દૂર થશે અને તેનો ગર્વ પણ ઉતરી જશે.

સુંદર—સ્વામિની ! મારા પગમાં ઉપાનહ ( જોડા ) નથી. રસ્તામાં કાંટા ઘણા છે, તો ફોગટ કાંટામાં કોણ જાય ? એને ડામ દેવાથી તમને શો ફાયદો થવાનો છે. ? તમારા આ વિચારને તમે મૂકી દો. અને આગળ ચાલો, હજી આપણે ઘણું દૂર જવાનું છે.

પોતાની સ્ત્રીના હુકમનો અનાદર કર્યો જાણી, સ્ત્રીના આ હુકમને સંમતિ આપનાર પ્રિયમિત્ર, ક્રોધથી બીજા નોકરો તરફ નજર કરી બોલ્યો. અરે ! આ સુંદરના બન્ને પગ, આ વડની શાખામાં ઉંચે બાંધો કે. તેના પગ જમીનપર બીલકુલ અડે નહિં. તેમ થવાથી તેને કાંટા પણ વાગશે નહિં.

પોતાના પતિએ પોતાનું ઉપરાણું લીધેલું જાણી ( તેના મતને અનુમોદન આપ્યું જાણી ) સુંદરીને પણ વિશેષ જોર આવ્યું. તે રથથી એકદમ નીચે ઉતરી બોલવા લાગી. અરે પાખંડી ! તારા આ અપશુકનથી અમારા આ સ્ત્રી, ભરથારનો કદાપી પણ વિયોગ ન થાઓ. પણ તે અપશુકન તનેજ નડો. અને તેથી તને તારા બંધુવર્ગનીસાથે સદાને માટે તને વિયોગ થાઓ. તું ખરેખર રાક્ષસ છે, અને તેથીજ અમારા જેવો જીવોને ભયંકર જણાય છે.

આપ્રમાણે અનેક પ્રકારનાં આક્રોશવાળાં વાક્યો બોલતી, નિષ્ઠુર હૃદયવાળી તે સુંદરીએ, પોતાના સુખઉપરજ જાણે પ્રહાર કરતી હોય નહિં તેમ, તે મુનિને ત્રણવાર પથ્થરનો પ્રહાર કર્યો. ( માર માર્યો, આટલું કરવા છતાં તે પોતાના દુષ્કર્મથી વિરામ ન પામી. તે સાધુની નજીક આવી. અને તે મુનિના હાથમાં રહેલ રજોહરણ ( જૈન મુનિપણાને સૂચક ચિન્હ ) તેણે ખેંચી લીધું. તે લઇ પોતાના વાહનમાં ( રથમાં ) નાંખ્યું. અને પોતાના નોકરોને આજ્ઞા કરી કે, આપણું અપશુકન દૂર થયું. નિર્ભય થઈ હવે આગળ ચાલો, ધનંજય યક્ષની પૂજા કરીએ. સુંદરીના આ દેશથી સર્વ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિવાર આગળ ચાલ્યો. અને ક્રમે યક્ષના મંદિરે આવી પહોંચ્યો.

યક્ષની પૂજા કરી, સર્વ પરિવાર સહિત, **પ્રિયમિત્ર અને પ્રિય સુંદરી** એક શાંત સ્થળે ભોજન કરવા માટે બેઠાં. એ અવસરે સુંદરીનો ક્રોધ શાંત થયેલો જાણી, જીનધર્મમાં વિશેષ પ્રેમવાળી એક દાસીએ નમ્રતાપૂર્વક, પોતાના શેઠ અને શેઠાણીને જણાવ્યું કે, તે, મહાવ્રતધારક, ક્ષમાશીળ મુનિને ઉપસર્ગ, આક્રોશ અને કદર્થના કરવાથી તમે મહાન્ પાપ ઉપાર્જન કર્યું છે. સંસાર આવાસથી વિરક્ત મહાત્માની હાંસી કરનાર પણ આ જન્મમાં અને અન્ય જન્મમાં અનેક દુઃખનો અનુભવ કરે છે, તો તમે તો તેનું રજોહરણ લઇ લીધું છે, આક્રોશ કર્યા છે, અને પથ્થરવતી મારમારી કદર્થના પણ કરી છે. તો તેથી કેટલું બધું દુઃખ તમે પામશો, તેનો તમે પોતે વિચાર કરો. આવા મહાત્માપુરૂષો, અનેક જીવોનો ઉદ્ધાર કરનાર હોવાથી, દુનિયાના જીવોને આધારભૂત છે, અને સુખના મૂળકારણરૂપ છે. તેવા ઉત્તમ પુરૂષોને દુઃખ આપવું, તે પોતાના સુખનો નાશ કરવા બરોબર છે.

ઇત્યાદિ અનેક વચનો કહેવા કરી, દાસીએ તે દંપતી (સ્ત્રી ભરથાર,) ને તેવી રીતે બોધ આપ્યો કે, દુર્ગતિપાત થવાના ભયથી તેઓ કંપવા લાગ્યાં. દીન મન કરી અત્યંત પશ્ચાત્તાપ કરવા લાગ્યાં અને વારંવાર આત્મનિંદા કરતાં તેઓ જીનધર્મના અભિલાષી થયાં.

તે દંપતીએ તે દાસીની ઘણી પ્રશંસા કરી. પોતાને દુર્ગતિપાતથી બચાવનાર દાસીની બુદ્ધિને ધન્યવાદ આપ્યો.

યક્ષ મંદિરથી તત્કાળ પાછાં ફરી, પોતાના અપરાધની માફી માંગવા અને તે મુનિનો ધર્મધ્વજ ( રજોહરણ ) પાછો આપવામાટે તે દંપતી મુનિની પાસે આવ્યાં.

આ મુનિ પણ હજી તેજ સ્થળે ઉભા રહેલા હતા. તેમણે પોતે ચોકસ નિર્ણય કર્યો હતો કે જ્યાંસુધી મને ધર્મધ્વજ પાછો નહિં મળે, ત્યાં સુધી કાર્યોત્સર્ગ ( ધ્યાનમાં સ્થીર રહેવામાટે આસન વિશેષ ) પારી (મુક્ત થઇ) અન્યસ્થળે હું જઇશ નહિં.

તે દંપતી મુનિપાસે આવ્યાં, પોતાના અપરાધનો પશ્ચાત્તાપ કરતાં તેમનાં નેત્રોમાં અશ્રુ ભરાઇ આવ્યાં. મુનિના ચરણકમળમાં લોટી પડ્યાં. ધર્મધ્વજ પાછો આપ્યો અને ઘણી આજીજી કરતાં તેઓએ જણાવ્યું: કૃપાસમુદ્ર ! પ્રભો, અજ્ઞાનને પરતંત્ર થઇ અમોએ જગત્પૂજ્ય મહાત્માની

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

મોટી આશાતના યાને વિરાધના કરી છે. આ વિરાધનાથી કુંભારના ચાકપર રહેલા માટીના પિંડની માફક, અનંત સંસારના ચક્રમાં અમે પર્યટન કરીશું, તો પણ અમારો અંત નહિં આવે. દયાનિધિ ! અમારાપર પ્રસન્ન થાઓ. ક્ષમાસાગર ! કરૂણાર્દ્રચિત્તે આ અવિનીતોનો કરેલો અપરાધ માફ કરો. અને અમને કોઇ ઉપાય બતાવો કે, જેથી અમે આ પાપથી તદ્દન વિમુક્ત થઈ શકીએ.

કરૂણારવથી ભરપુર અને પુરણ પશ્ચાતાપસૂચક, દંપતીના આ શબ્દો સાંભળી, મુનિએ કાયોત્સર્ગ પૂર્ણ કરી જણાવ્યું કે, મહાનુભાવો ! મારા હૃદયમાં ક્રોધ નથી. કર્મપરાધીન, આજ ભવને જોનારા, પરમાર્થથી પરાઙ્મુખ અને પોતાના કર્મેથીજ હણાયેલા આ દુનિયાના પામર જીવોપર, તત્ત્વજ્ઞ મુનિઓ કદી પણ ક્રોધ ન કરે, અને કદાચ તેવા લબ્ધિધર મુનિ, અનન્ય કારણે ક્રોધ કરે તો સમજવું કે, આ દુનિયા, તેમના ક્રોધઆગળ બચી પણ ન શકે.

મારૂં હૃદય સર્વ જીવોઉપર કરૂણારસથી ભરપુર છે, અને તેથી કોઇની પ્રેરણાસિવાય પણ હું સર્વજીવોપર ક્ષમાજ રાખું છું. છતાં મહાનુભાવો ! મારે તમને જણાવવું પડે છે કે, તમારે આ મૂઢતા કે અજ્ઞાનતાનો ત્યાગ કરી વિવેકી થવું જોઇએ. તેમજ અજ્ઞાનને દૂર કરનાર, જીનધર્મનો સ્વીકાર કરવો જોઇએ. આત્માની નિત્યતા અને કર્મોની વિષમતા સમજવી જોઇએ. સર્વ જીવો સુખની ઇચ્છા રાખે છે. સુખ તમને પોતાને વાહાલું છે. દુઃખ ઇષ્ટ નથી તો તે બીજાને શા માટે તમારે આપવું જોઇએ ? શુભાશુભ કર્મનાં ફળો અવશ્ય ભોગવવાં પડે છે તો તે કર્મ બાંધતાં સાવધાન રહેવું જોઇએ, જેથી દુષ્ટ વિપાકો અનુભવવાં ન પડે. અજ્ઞાનતામાં પણ જે મનુષ્યો હસતાં હસતાં કર્મ બાંધે છે, તેનાં વિષમવિપાકો રોતાં પણ છુટી શકતા નથી. પાપને આવવાના માર્ગો રોકવા જોઇએ. સર્વથા રોકી ન શકાય તો થોડે થોડે પણ તે રોકવાનો અભ્યાસ રાખવો જોઇએ.

કરૂણારસથી પ્રેરાઇ, અપકારઉપર પણ ઉપકારના બદલાતરિકે મુનિએ તેમને અનેક પ્રકારે હિતશિખા આપી, ટુંકામાં દ્વાદશવ્રતરૂપ ગૃહસ્થધર્મ સમજાવ્યો.

આ દંપતીએ પણ તે મુનિનાં વચનો ઘણા ઉપગારસાથે સાંભળ્યાં, અને પાપથી મુક્ત થવા, તેમજ આગામીકાળે સુખી થવા સમ્યક્ત્વપૂર્વક, ગૃહસ્થધર્મ રૂપ દ્વાદશવ્રત તે મુનિપાસે અંગીકાર કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈનધર્મ સ્વીકારી, વૈરાગ્ય રંગથી રંગીત થયેલાં દંપતી, આહારાદિ નિમિત્તે મુનિને પ્રાર્થના કરી પોતાને ઘેર આવ્યાં.

મુનિપણ કેટલાક વખત પછી ભિક્ષાર્થે તે નગરીમાં ગયા. અને ફરતાં ફરતાં તે **પ્રિયમિત્રને**જ ઘેર અકસ્માત્ જઇ ચડયા. પોતાના જન્મ તથા વિત્તને (ધનને) કૃતાર્થ માનતાં તે દંપતીએ, ઘણા હર્ષપૂર્વક વિશુદ્ધ (નિર્દોષ) આહારપાણી તે મુનિને આપ્યો, તે લઇ મુનિ અન્ય સ્થળે ચાલ્યા ગયા.

પરસ્પર પ્રીતિ ધારણકરતાં આ દંપતી, મનુષ્યજન્મના સારભૂત સમ્યક્ શ્રદ્ધાનપૂર્વક શ્રાવકધર્મ પાળવા લાગ્યા.

આપસમાં સ્નેહ રાખતી રૂદ્રા અને ભદ્રા પણ, કોઈ જુદા ઘરમાં રહી યથાશક્તિ પુણ્ય, દાન કરવા લાગી. તે બન્નેને પરસ્પર પ્રેમ હતો, છતાં કોઇ કારણસર તેઓને એક દિવસ આપસમાં મહાન્ ક્લેશ થયો. થોડીવારે શાંત થયા પછી, બન્નેને પશ્ચાતાપ થયો. તે પાછી એકઠી મળી વિચાર કરવા લાગી કે, ધિક્કાર થાઓ આપણને! આપણો જન્મ અને જીવિતવ્ય નિરર્થક ગયું. આપણા ઘરમાં કલેશ શાંત થતોજ નથી. પતિ તરફની તો બીલકુલ શાંતિ નથી, કેમકે તેને તો **સુંદરીએ** સ્વાધિન કરી લીધો છે. તેબન્ને તો આપણા સામું પણ જોતાં નથી. આપસમાં આપણને સ્નેહ હતો તેમાં પણ આમ કલેશ થઈ આવેછે. આમ ક્લેશીતજીવન ગુજારવું તેના કરતાં આપણને મરવું શ્રેષ્ઠ છે. આપણે યથાશક્તિ દાન, પુણ્ય કરી લીધું છે. તો હવે આ દેહનો ત્યાગ કરવો તે શ્રેષ્ઠ છે. એમ વિચાર કરી એક ચિત્તવાળી તે બન્ને સ્ત્રીઓ કોઇને કહ્યાસિવાય એક કુવામાં પડી, આપઘાત કરી મરણ પામી.

મરણ પામ્યા પછી, રૂદ્રા નામની સ્ત્રી, જયપુરના રાજા **ચંદ્રપાળને** ઘેર પુત્રીપણે ઉત્પન્ન થઇ. તેનું **કનકવતી** નામ આપવામાં આવ્યું. જેનું લગ્ન આ નજીકમાં બેઠેલા ચંદ્રાવતીના રાજા **વીરધવળની** સાથે થયું છે.

ભદ્રાનામની બીજી સ્ત્રી મરણ પામી, પરિણામની વિચિત્રતાથી વ્યંતરી જાતિના દેવમાં વ્યંતરીપણે ઉત્પન્ન થઈ.

એક દિવસે તે વ્યંતરી, પૃથ્વીઉપર ફરતી ફરતી પૃથ્વીસ્થાનપુર ઉપર થઇ આકાશમાર્ગે જતી હતી. તેણે **પ્રિયમિત્રને** અને **સુંદરીને** દીઠાં. તેને જોતાંજ 'પોતાનીસાથે વિવાહ કર્યા છતાં પોતાનો ત્યાગ કર્યો અને સુંદરીઉપર સ્નેહ રાખ્યો વિગેરે' પાછલું વેર યાદ આવ્યું. સપત્ની (શોક) ના વેરથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનું હૃદય ઉકળી આવ્યું. ઘરની અંદર શાંતપણે સુતેલાં તે દંપતીઉપર દૈવિકશક્તિથી તે ઘરની એક મોટી દીવાલ (ભીંત) તેમનાઉપર પાડીને વ્યંતરી ત્યાંથી ચાલી ગઇ.

તે સ્ત્રી, ભરથાર, શુભભાવમાં મરણ પામી, પ્રિયમિત્રનો જીવ, હે સુરપાળ રાજા! તમારે ઘેર મહાબળ પુત્રપણે ઉત્પન્ન થયો છે. અને પ્રિય સુંદરીનો જીવ ત્યાંથી મરણ પામી, વીરધવળ રાજાની પુત્રી મલયાસુંદરીપણે ઉત્પન્ન થયો છે. પૂર્વજન્મના પ્રબળપ્રેમથી આ જન્મમાં પણ, તે સ્ત્રી ભરથારપણે સંબંધીત થયાં છે.

રાજન્! મહાબળ અને મલયાસુંદરીએ, પૂર્વ જન્મમાં રૂદ્રા અને ભદ્રા સાથે તીવ્ર વૈર ઉત્પન્ન કર્યું હતું. તે વૈરને યાદ કરતી વ્યંતરીદેવીએ, ફરી આ જન્મમાં પણ મહાબળકુમારને મારવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તેના પુણ્યની પ્રબળતાથી તે તેને મારવાને જ્યારે સમર્થ ન થઇ, ત્યારે રાત્રે રાજમંદિરમાં સુતેલા મહાબળને રોષથી ઉપદ્રવ કરવા લાગી. કુમારનાં વસ્ત્રો વિગેરે તેણેજ હરણ કર્યાં હતાં. કે, જે વસ્ત્રો વડના કોટરમાંથી મહાબળને મળી આવ્યાં હતાં.

કુમારી મલયાસુંદરીએ, મહાબળના પ્રથમ સમાગમવખતે, પોતાના હૃદયસરખો વલ્લભ જે લક્ષ્મીપુંજહાર આપ્યો હતો, તે હાર પણ કુમારના સુઇ જવા પછી, તેની પાસેથી હરણ કરી સ્નેહાધિકયતાથી પૂર્વજન્મની બ્હેન કનકવતીના કંઠમાં લાવી નાંખ્યો હતો.

એ અવસરે વિસ્મય પામેલો વીરધવળ રાજા નમ્રતાથી બોલી ઉઠયો. ભગવન્! મહાબળ પ્રથમ મલયાસુંદરીને મળ્યો હતો તે વાત અસંભવિત જેવી લાગે છે, કેમકે મારા ધારવા પ્રમાણે સ્વયંવર મંડપ સિવાય તે, મલયાસુંદરીને કોઇ વખત મળ્યો નથી.

આ વચનો સાંભળી મહાબળ, તથા મલયાસુંદરી મુખ આગળ વસ્ત્ર રાખી ગુપ્ત રીતે હસવા લાગ્યાં. કેમકે તેમના પ્રથમ મેળાપની વાત તેમના સિવાય બીજાઓના જાણવામાં નહતી.

રાજાની આશંકા દૂર કરવા માટે, જ્ઞાન દિવાકરજ્ઞાનીએ તે સર્વ વાત વિસ્તારથી કહી બતાવી કે, રાજકાર્ય માટે આવેલા સુરપાળ રાજાના પ્રધાન સાથે મહાબળ કુમાર ગુપ્તપણે આવ્યો હતો. તે કનકવતીના મેહેલમાં પ્રથમ દાખલ થયો હતો, ત્યાંથી મલયાસુંદરી પાસે જઇ મળ્યો. એ પ્રથમ સ્નેહ સૂત્ર દઢ કરવા નિમિત્તે લક્ષ્મી પૂંજહાર મલયાસુંદરીએ મહાબળને આપ્યો હતો.

પૂર્વજન્મના વૈરથી આ વાતને બીજા રૂપમાં ઉલટાવી, કનકવતીએ તમને કપટથી જુદું સમજાવી, મલયાસુંદરીઉપર વિશેષ કોપ ઉત્પન્ન કરાવ્યો. ઈત્યાદિ કનકવતીનો સર્વ વૃત્તાંત ગુરૂશ્રીએ રાજાને જણાવ્યો.

એ સાંભળી સર્વ લોકો બોલવા લાગ્યાઃ અહો! તેના આવાં નિર્દય અને કપટતાવાળા ચિત્તને ધિક્કાર થાઓ. ધિક્કાર થાઓ.

એ અવસરે મહાબળ અને મલયાસુંદરીએ ગુરૂશ્રીએ પ્રથમ મેળાપની કહેલી વાત કબુલ કરી કે, ગુરૂશ્રી જેમ કહે છે તેમજ બનેલું છે. તેમાં કાંઇ સંદેહ કરવાજેવું નથી.

ગુરૂશ્રીએ મહાબળના પૂર્વભવ સંબંધી બીના આગળ ચલાવી. જ્યારે તે વ્યંતરીદેવીએ કુમારનું હરણ કર્યું, અર્થાત્ તે વ્યંતરી દેવીના હાથઉપર બેસી કુમાર આકાશમાર્ગે ગયો, ત્યાં કુમારે વ્યંતરીઉપર જોરથી જે પ્રહાર કર્યો હતો તેથી દુઃખીત થયેલી વ્યંતરી, પાછી કુમારપાસે કોઇ વખત આવી નથી.

પૂર્વ જન્મમાં જે સુંદર નામનો ચાકર હતો. જેને, મુનિને ડામ આપવામાટે નિભાડામાંથી અગ્નિ લાવવામાટે સુંદરીએ કહ્યું હતું. તે સુંદર મરણ પામી, પૃથ્વીસ્થાનપુરની બહાર વડવૃક્ષઉપર ભૂતપણે થઇ રહ્યો હતો.

જ્યારે મહાબળ, યોગીની પ્રેરણાથી લોભસાર ચોરનું મૃતક લેવા માટે તે વડપાસે આવ્યો, ત્યારે તે ભૂતે જ્ઞાનના બળથી મહાબળને ઓળખી કાઢ્યો. અને 'આના પગ વડની સાથે બાંધો કે, જેમ ભૂમિપર ન અડે. તેને કાંટા વાગે છે' વિગેરે તે પ્રિયમિત્રનાં કહેલાં વચનો યાદ આવ્યાં. તેણે વિચાર કર્યો કે, સ્વામીપણાના ગર્વથી તેણે મને આ પ્રમાણે કહ્યું હતું. તો તેના વચનને અનુસારે મારે પણ તેને મારા બળનો ચમત્કાર અને તેના વચનનું ફળ આપવું જોઇએ. ઇત્યાદિ વિચાર કરી, તેણે તે મૃતકના શરીરમાં પ્રવેશ કર્યો અને તે મૃતકના મુખદ્વારા મહાબળને જણાવ્યું કે 'મૂઢ મને આ પ્રમાણે ઉંચે બાંધેલો અને લટકતો દેખી તું શા માટે હસે છે! તું પણ આવતી રાત્રીએ આ વડની ડાળે મારીસાથે બંધાવાનો છે, અને અધોમુખ તથા ઉર્ધ્વપાદપણે રહી ઘણું દુઃખ સહન કરવાનો છે."

આ ભૂતના કહેવા મુજબ બીજેજ દિવસે મહાબળ, તે વડની ડાળી સાથે બંધાયો હતો. પૂર્વ જન્મમાં નોકરને તીવ્ર આવેશ અને કઠોર વચનથી જે શબ્દો કહ્યા હતા, તે તીવ્ર આવેશનું પરિણામ આ વડસાથે ઉંધે મસ્તકે બંધાવાના રૂપમાં આવ્યું હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક દિવસે રૂદ્રાએ તેના પતિનું મુદ્રારત્ન (વીંટિ) લોભથી ચોરી લીધું હતું. તે લેતાં સુંદર નામના ચાકરે તેને દીઠી હતી. **પ્રિયમિત્રે** ઘણી તપાસ કરી પણ મુદ્રારત્ન જોવામાં ન આવ્યું, ત્યારે પોતાના શેઠને વ્યાકુળ થતાં દેખી, રૂદ્રાની હૈયાતિમાંજ, સુંદરે જણાવ્યું કે, સ્વામી! આમ વ્યાકુળ શા માટે થાઓ છો! તમારૂં મુદ્રારત્ન રૂદ્રાપાસે છે તેની પાસે કેમ માગતા નથી?

આ વચનો સાંભળી રૂદ્રા રોષથી બોલી ઉઠી. અરે દુષ્ટ સુંદર! કપટી, છિન્નનાસિકાવાળા, મારા વૈરી! તું જુઠું શા માટે બોલે છે! મેં ક્યારે તારા શેઠનું મુદ્રારત્ન લીધું છે!

રૂદ્રાના રૌદ્ર જેવા ભયંકર શબ્દો, બિચારો તે પરાધીન નોકર સાંભળી રહ્યો, તે મૌન કરી ઉભો રહ્યો. અસત્ય ઉત્તર આપનાર શેઠાણીને શું કહેવું તે તેને ન સુઝ્યું. એનાં કર્યા એ ભોગવશે એમ ઉપેક્ષા કરી શાંતચિત્ત કરી રહ્યો.

**પ્રિયમિત્રે**, શામ, દામ, દંડ, ભેદાદિ ઉપાયોએ કરી રૂદ્રાપાસે તે મુદ્રારત્ન કઢાવ્યું, અને પછી આપસમાં તેની વિશેષ હલકાઇ કરી.

ચાકરને આવું દુર્વચન કહેતાં, તેના પરિણામના પ્રમાણમાં રૂદ્રાએ રૌદ્ર કર્મ ઉપાર્જન કર્યું.

પોતાની શેઠાણી રૂદ્રા, તેજ આ કનકવતી થઇ છે. એમ ધારી, પોતાને કહેલ તે રૌદ્રવચનને યાદ કરી, ભૂતપણે ઉત્પન્ન થયેલા તે નોકરના જીવે ચોરના મૃતકમાં પ્રવેશ કરી, કનકવતીની નાસિકા કાપી નાખી.

પૂર્વ જન્મમાં **મદનને**, સુન્દરી ઉપર સ્નેહ હતો. તે સ્નેહની પ્રબળ વાસનાથી આ જન્મમાં પણ કંદર્પ રાજા, **મલયાસુંદરીઉપર** આસક્ત થયો હતો. પ્રબળવાસનાઓ ભોગવ્યાસિવાય કે, પ્રબળજ્ઞાનની મદદસિવાય શાંત થતી નથી.

પૂર્વ જન્મમાં **મહાબળ**, અને **મલયાસુંદરીએ**, દ્વાદશ વ્રતધર્મરૂપ **ગૃહસ્થ** પાળ્યો હતો અને મુનિને દાન આપ્યું હતું, તે શુભકર્મથી આ જન્મમાં **ઉત્તમ** કુળાદિ સર્વ સામગ્રી તેમને મળી આવી છે.

**મલયાસુંદરીએ** મુનિને આક્રોશ કરતાં કહ્યું હતું કે, રે મુનિ " તને તારાં સ્વજન વર્ગાદિ સાથે નિત્યનો વિયોગ થજો. તું રાક્ષસની માફક ભયકારી દેખાય છે." તેમજ રોષ કરી, પથ્થર વતી ત્રણવાર મુનિઉપર પ્રવાહ કર્યો હતો. **મહાબળના** જીવે પણ મૌનપણે ઉભા રહી, પોતની સ્ત્રી કાંઇ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતી હતી તેને અનુમોદ આપ્યું હતું. આ કારણથી તે બન્ને જણાએ મહાન્ પાતિક ઉપાર્જન કર્યું હતું. પાછળથી પશ્ચાત્તાપ થતાં અને મુનિ પાસે જઇ અપરાધ ખમાવતાં તેઓએ ઘણું પાપ નિર્જરી નાંખ્યું હતું. પણ જે કાંઇ પાપ બાકી રહ્યું હતું, તેના અનુભાવથી, પ્રભાવથી કે, હેતુથી આ બન્નેને પોતાના સંબંધી લોકોથી ત્રણવાર વિયોગ થયો છે. વળી પૂર્વ જન્મમાં, વૈરથી સંબંધિત થયેલી કનકવતીએ નિર્દોષ મલયાસુંદરીને રાક્ષસીનું કલંક આપ્યું. આપ્રમાણે આ બન્નેજણાંએ પોતપોતાના કર્માનુસાર મહાન્ દુઃખ સહન કર્યું છે. ખરી વાત છે કે બાંધેલ કર્મ ભોગવવાથી ઓછાં થાય છે.

પૂર્વજન્મમાં મલયાસુંદરીના જીવે મુનિના હાથમાંથી રજોહરણ લઇ લીધું હતું. આ રજોહરણ લેતી વખતના તેના ક્લીષ્ટ અધ્યવસાયના પ્રમાણમાં, તેના તેવાજ વિપાકફળરૂપે તેના પુત્રસાથે તેનો વિયોગ થયો હતો.

આ બન્ને સ્ત્રી, પુરૂષે, પ્રથમ મુનિને ઉપસર્ગ કરી, પાછળથી તેનું આરાધન કર્યું હતું, તે મુનિને હમણાં કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું છે અને **તે હું પોતે જ છું.**

મહાબળ અને મલયાસુંદરીજીનો આ બીજો ભવ છે પણ મારો તો હજી તેજ ભવ છે.

સુરપાળ--ભગવન્! કનકવતી અને તે વ્યંતરીદેવી, આ મારા પુત્રને તથા પુત્રવધુને આ જન્મમાં હવે ઉપસર્ગ કરશે કે, દુઃખ આપશે ?

કેવળજ્ઞાની--રાજન્! કુમારે જ્યારે તે વ્યંતરી દેવીને પ્રહાર કર્યો ત્યારેજ તે પોતાનું વેર શાંત કરી, પોતાને ઠેકાણે ચાલી ગઇ છે. એટલે તેના તરફથી તેઓને બીલકુલ ઉપદ્રવનું કારણ મળશે નહિં. પણ કનકવતી તરફથી હજી મહાબળને ભય રાખવાનું કારણ છે. તે ફરતી ફરતી આહીં આવશે. અને આ નગરની પાસેજ એકવાર મહાબળને ઉપદ્રવ કરવાથી કનકવતી મહાન્ પાપ ઉપાર્જન કરી સંસારચક્રમાં પરિભ્રમણ કરશે,

હે રાજન્! આપ્રમાણે મહાબળ અને મલયાસુંદરીના પૂર્વભવની સમાપ્તિ થાય છે.

પોતાના—પૂર્વભવનું ચરિત્ર સાંભળી, અસહ્ય યાતનાઓ માંથી છૂટવામાટે, યોગ્યતાનુસાર તે દંપતીએ દ્વાદશવ્રતરૂપ ગૃહસ્થધર્મ અંગીકાર કર્યો, અને આ જન્મના દુઃખના કારણભૂત, પૂર્વજન્મમાં વિરાધિત મુનિવર્ગની, આરાધના ( ભક્તિ ) કરવાનો વિશેષ પ્રકારે અભિગ્રહ કર્યો.

આ વૈરાગ્ય ગર્ભિત ચરિત્ર, અને ધર્મદેશના સાંભળી, કેટલાએક લઘુ કર્મીજીવો, સંયમ લેવાને ઉત્સુક થયાં. કેટલાએક ગૃહસ્થ ધર્મ લેવા માટે તૈયાર થયા. અને કેટવા એક જીવો ભદ્રિક ભાવને તથા માર્ગાનુસારી ભાવને પામ્યા.

પોતાના પુત્ર, પુત્રીનું આવું બોધકચરિત્ર સાંભળી, **વી**રધવળ અને **સુ**રપાળ રાજા સંસાર દુઃખથી ભય પામી ચારિત્ર લેવાને તૈયાર થયા. તેઓ એ ગુરૂશ્રીને જણાવ્યું. પ્રભો ! આ રાજ્યની વ્યવસ્થા કરી અમે આપની પાસે ચારિત્ર સ્વીકારીશું.

ગુરૂશ્રી—ભલા રાજાઓ ! આ કાર્યમાં જરાપણ વિલંબ ન કરશો, કેમકે ઉત્તમ કાર્યમાં વિઘ્ન આવવાનો મોટો ભય છે.

ગુરૂશ્રીનું વચન મસ્તક પર ચડાવી, તેમને નમસ્કાર કરી બન્ને રાજાઓ શહેરમાં આવ્યાં. અને પોતાના રાજ્યની વ્યવસ્થા કરવા લાગ્યા. **મ**હાબળતો આંહીજ હતો તેથી **સુ**રપાળ રાજાને પૃથ્વીસ્થાનપુર જવાની કાંઈ જરૂર ન પડી. તેણે **મ**હાબળકુમારને આંહી રહીનેજ પૃથ્વીસ્થાન પુરનું રાજ્ય સોંપી દીધું. અને તરતજ સંયમ લેવાને તૈયાર થયો. ખરી વાત છે કે, વસ્તુને સત્ય જાણ્યા પછી તેને ગ્રહણ કરવામાં જેટલો વિલંબ કરવો, અને અસત્ય જાણ્યા પછી તેનો ત્યાગ કરવામાં જેટલી ઢીલ કરવી, તેટલોજ તેના બોધમાં કે, તે તરફથી લાગણીમાં કચાશ સમજવી.

સંયમમાટે **સૂ**રપાળ રાજાને ત્વરા ( ઉતાવળ ) કરતો દેખી, **વી**રધવળ રાજા પણ **ચ**ંદ્રાવતીમાં ન જતાં, **મ**લયકેતુ કુમારને ત્યાં બોલાવી, આંહી રહ્યાં છતાંજ રાજ્યતંત્ર સ્વાધીન કરી આપ્યું. અને તરતજ બન્ને રાજાએ પોતાની રાણીઓસાથે, તે ગુરૂવર્યની પાસે ચારિત્ર અંગિકાર કર્યું.

ગુરૂવર્ય પણ કેટલાક દિવસ ત્યાં રહી, તે બન્ને રાજરૂષિઓને સાથે લઈ, પૃથ્વી તળપર અન્ય સ્થળે વિહાર કરી ગયા.

તે બન્ને રાજરૂષિઓ કેટલોક વખત દુષ્કર તપ કરી, આરાધના પૂર્વક, મરણ પામી, દેવલોકમાં ગયા. અને ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ પામી, કર્મ ક્ષય કરી મોક્ષે જશે.

**મ**લયકેતુ રાજાપણ પોતાના બેન, બનેવીને પૂછી, પોતાના શેહેરમાં આવ્યો. અને ન્યાયપૂર્વક રાજ્યનું પાલન કરવા લાગ્યો.

**મ**હાબળ રાજાએ સાગરતિલકપુરમાં, બાળપણ અબાળપરાક્રમી **શ**તબળ કુમારને રાજ્યાસન પર બેસાર્યો. અને ત્યાં પોતાના સેનાપતિ તથા પ્રધાનને મૂકી, **શ**તબળ કુમારને સાથે લઇ, મૂળરાજધાની પૃથ્વીસ્થાન પુરમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી રહ્યો. દુર્જય શત્રુઓને સ્વાધિન કરી, નિષ્કંટકપણે રાજ્યનું પાલન કરવા લાગ્યો; વિશેષ પ્રકારે ધર્મમાં સાવધાન થઇ રહ્યો. વ્યંતરદેવની મદદથી પ્રજાઉન્નતિનાં અને ધર્મોન્નતિનાં તેણે ઘણાં સારાં કાર્ય કર્યાં. ઘણા શેહેરોમાં જીનેશ્વરનાં ભવ્ય દેવાલયો બંધાવ્યાં. અને પૂર્વ જન્મને વારંવાર યાદ કરતાં, વિશેષ પ્રકારે મુનિઓની ભક્તિ કરી. ગૃહી ધર્મનું પાલન કરતાં મલયાસુંદરીએ, વંશની ધુરાને ધારણ કરનાર **સહસ્રબળ નામના** બીજા કુમારને જન્મ આપ્યો.

## પ્રકરણ ૬૧ મું.

### મહાબળનો વૈરાગ્ય.

સંસારના પ્રપંચમાં અને પાંચ ઇંદ્રિયોના વિષયમાં દિવસોના દિવસો, મહીનાના મહીનાઓ, અને વર્ષના વર્ષો ચાલ્યાં જાય તો પણ મનુષ્યોને તે સ્વલ્પજ જણાય છે. અનાદિ કાળના લાંબા અભ્યાસથી, લાંબું આયુષ્ય અને ઇષ્ટ વિષયોની પ્રાપ્તિ મનુષ્યોને વિશેષ ગમે છે. કોઇની પ્રેરણા હો યા, ન હો, તથાપિ તે તરફ સ્વાભાવિકજ મનુષ્યોનું વલણ વળે છે. પણ અનાદિ કાળથી ભુલાયેલું આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવામાટે પોતાની ઇચ્છાથી પ્રયત્ન કરનાર કોઇક જ અપવાદરૂપ વીરપુરૂષ મળી આવશે. ઘણો મોટો ભાગ તો પરની પ્રેરણાની રાહ જોઇ રહે છે. અને તેનાથી પણ મોટો ભાગ મહાત્માઓની પ્રેરણા થતાં પણ તે માર્ગમાં ચાલવા માટે આનાકાની કરે છે.

અહા ! કેટલું મોહનું જોર ! કેટલી અજ્ઞાનતા ! પોતાનું પેટ ભરવામાટે પણ પરની નિમંત્રણાની રાહ જોવી ! નિમંત્રણા કર્યા છતાં પણ મોઢામાં મુકવા માટે સામાના મોઢા સામું જોઈ રહેવું, અને દયાથી મોઢામાં કોઈ એ મૂકયે છતે પણ ચાવ્યાવિના બેસી રહેવું એ કેટલું બધું શોચનીય ગણાય?

પોતાના ભલા માટે મનુષ્યોએ જાતેજ ધર્મ શોધવા નીકળવું જોઇએ. તેમ ન કરી શકે તેવાઓના સન્મુખ આવી, મહાત્માપુરૂષો ધર્મબોધ આપે છે તેતો લેવોજ જોઇએ: તે લઇને પણ પ્રબળપ્રયત્ને તેનું પાલન કરવા પ્રવૃત્ત ન થાય તો તેવાઓ માટે આ વિશાળ સંસૃતિના (સંસારના) રસ્તાઓ ખુલ્લાજ છે.

ગુરૂમહારાજે સન્મુખ આવી આપેલો બોધ મહાબળે લીધો. વ્રતો અંગિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાર કર્યાં. પૂર્વ જન્મના દુઃખરૂપ કર્ત્તવ્યથી આ જન્મનો અમુક ભાગ દુઃખ રૂપ અનુભવાયો. પણ સુખની શરૂઆત થતાં હળવે હળવે ધર્મમાં શીથીળ આદર થયો. સુશીલ સ્ત્રી, ગુણવાન્ પુત્રો, અને વિશાળ રાજ્ય; આ વૈભવમાં પોતાનું કર્ત્તવ્ય ભૂલાયું.

એક વિદ્વાન્ કહે છે કે, મને કોઇ નમસ્કાર કરે તો હું તેને એટલોજ આશીર્વાદ આપી શકું કે, તારે માથે અસહ્ય દુઃખ કે મોટી આફત આવી પડજો. આ કહેવાનો આશય એટલોજ છે કે, દુઃખી અવસ્થા, વિચાર કરતાં શીખવે છે, સહનશીળતામાં વધારો કરાવે છે, ટાઢ, તાપાદિ સહન કરવાને લાયક શરીર બનાવે છે, દેશાટન કરાવે છે, અનેક મનુષ્યોનો સમાગમ કરાવે છે, ટુંકામાં કહીએ તો ગુપ્ત રહેલી મનુષ્યોની અમાનુષી શક્તિ ( દૈવિક શક્તિ ) પણ દુઃખી અવસ્થાજ બાહાર લાવી આપે છે.

મહાબળ કાંઇ એટલો બધો ધર્મથી પતિત થયો ન હતો. તથાપિ તેને આત્મોદ્ધારનું જે પરમ કર્ત્તવ્ય કરવાનું હતું તે વિસ્મરણ થયું હતું. રાજ્ય પ્રપંચ, અને વ્યવહાર માર્ગમાંપ્રવેશ કર્યા ને તેને ઘણો વખત થઇ ગયો હતો. એક દિવસ, તે પાછલી રાત્રીએ તે જાગૃત થયો. રાત્રી શાંત હતી. મનુષ્યોનો સંચારવ કે, શબ્દ સંભળાતો નહતો. હું કોણ અને મારૂં કર્ત્તવ્ય શું ? આ મનોરથો યાદ આવ્યા. વિચાર સૂર્યોદયનું એક કિરણ બહાર આવ્યું. કાંઇક પ્રકાશ થયો. શાંતિ વળી, તેની સાથે બીજું કિરણ દેખાયું. **निशा विरामे परिचिंतयामि गेहेज्वलिते किमहं सुवामि.** એ શ્લોક યાદ આવ્યો ઘર બળી રહ્યું છે. હું શામાટે સુતો છું ? શા માટે બાહાર નીકળી નથી જતો ? ચારે બાજુ નજર કરી, એક પણ ઘર બળતું ન દીઠું. ત્યારે આ હું શું બોલું છું ? હું જાગુંછું કે સ્વપ્નમાં છું ? ચોકશ નિર્ણય કર્યો કે હું જાગું જ છું. ત્યારે કયું ઘર બળે છે ? આનો ભાવાર્થ શો ? વિચારમાં ઉંડા ઉતરતાં વધારે પ્રકાશ થયો. જ્યોતિ થઇ–તેમાં પિતાશ્રીની સંવેગ રસમાં ઝીલતી શાંત મૂર્ત્તિ દેખાઇ. મૂર્તિ જરાવારમાં લોપ થઇ ગઇ. પણ તે વિચારશ્રેણિનો પ્રવાહ આગળ વધ્યો. પિતાશ્રીએ આદર કરેલ સંયમમાર્ગ યાદ આવ્યો. અહા ! ધન્ય છે મારાપૂજ્ય પિતા સૂરપાળને ! અને ધન્ય છે મારા સસરા વીરધવળને ! જેઓએ બળતા અરણ્યની માફક, રાજ્યતંત્રનો ત્યાગ કરી, સંયમમાર્ગ સ્વીકારી, આત્મોન્નતિનો નિકટનો રસ્તો લીધો છે.

અહા ! હું કેટલો બધો પ્રમાદી ! અન્ય જન્મમાં કરેલ સુકૃત તથા દુષ્કૃત અનુભવવા છતાં પણ, તે સુખમય માર્ગને, અંગીકાર ન કરતાં વિષય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુખમાં લુબ્ધ થઇ રહ્યો છું ? આ મારી છેવટની સ્થીતિમાં કોઇ પણ રીતે આત્મોન્નતિ કરવી, જન્મ, મરણનાં ચક્રોથી વિમુક્ત થવું, અને શાશ્વતસુખ મેળવવું તેજ યોગ્ય છે. આ વખતે પ્રમાદ કરી, ક્ષણભંગુર અને વિરસવિપાકવાળા વિષયોમાં વિશેષ વખત વહન થવા દઇશ તો આયુષ્ય પૂર્ણ થતાં મને મોટો પશ્ચાત્તાપ થશે. મનના મનોરથો મનમાં રહેશે. આ એક વખતની ભૂલ અનેક ભૂલો ઉત્પન્ન કરશે. પાપવૃત્તિ, પાપવૃત્તિઓને વધારશે. અને છેવટે આ વિષમ સંસારચક્ર અતિ વિષમ થઇ પડશે. જ્ઞાનીઓએ કયાં આવતા દિવસની રાહ દેખી છે. જાણ્યું અને તરતજ પ્રવૃત્તિ કરી છે. એક ક્ષણ પણ અનેક વિઘ્નોથી ભરેલી છે. હવે તો મારે હમણાંજ આત્મોન્નતિ માટે પ્રયત્ન કરવા તૈયાર થવું, ઇત્યાદિ મનોરથો અને નિશ્ચય કરતાં પ્રભાત થવા આવ્યો. શય્યાથી ઉઠી, આવશ્યકાદિ ષટ્કર્મ કરી, વિરક્તરાજા રાજસભામાં આવી બેઠો.

જ્યાં ઇચ્છા છે ત્યાં માર્ગ છે. જેટલી પ્રબળ ઇચ્છા, તેટલોજ તે નજીક છે. આ અવસરે વનપાળકે આવી વધામણી આપી કે, મહારાજા ! જ્ઞાનદિવાકર ગુરૂમહારાજ આપણા ઉદ્યાનમાં આવી ઉતરેલા છે. આપની નિત્યની આજ્ઞા મુજબ તેઓશ્રીને જોઇતી સગવડ અમે કરી આપી છે.

પોતાના મનોરથોને મદદ કરનાર કે, સિદ્ધ કરનાર સમાચાર સાંભળી રાજાના આનંદનો પાર ન રહ્યો. ખરેખર હું ધન્યભાગ્ય છું. મારા મનોરથોની સાથેજ જ્ઞાનીગુરૂનું આગમન થયું છે. મારા ઉત્તમ ભવિષ્યની સિદ્ધિની આજ નિશાની છે કે, ઇચ્છિાથતાંજ મદદગાર તૈયાર, દરેક સાધનો અનુકૂળ. રાજા તત્કાળ સિંહાસનથી નીચે ઉતરી પડયો. પાદુકા કાઢી નાંખી, ઉત્તરાસન કરી, જે દિશામાં ગુરૂમહારાજ આવી ઉતરેલા હતા, તે દિશા સન્મુખ સાત, આઠ પગલાં જઇ, પંચાંગ પ્રણામ કર્યો. અને વધામણી લાવનારને પારિતોષિક દાન આપ્યું. અને તરતજ સભા બરખાસ કરી, ગુરૂમહારાજને વંદન કરવા જવાની સર્વ તૈયારીઓ કરી. થોડાજ વખતમાં તૈયારી થતાં મહારાજા મહાબળ, પોતાની રાજસભા, નગરના લોકો અને મલયાસુંદરી પ્રમુખ સ્ત્રીસમાજનેસાથે લઇ ગુરૂશ્રીને વંદના કરવા ગયો. ભક્તિભાવથી વંદન કરી, પોતાને ઉચિતસ્થાને ગુરૂમહારાજની સન્મુખ રાજા પ્રમુખ બેઠા.

જ્ઞાનદિવાકર ગુરૂશ્રીએ તેઓની યોગ્યતાનુસાર, સમયને અનુકુળ ધર્મદેશના આપવી શરૂ કરી.

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૬૨ મું.

## ધર્મદેશના.

મહાનુભાવો ! આ દુનિયામાં રહેલા જીવો, આ ભવચક્રમાં અનાદિકાળથી પરિભ્રમણ કરતાં અનેક પ્રકારનાં અસહ્ય દુઃખોનો અનુભવ કરે છે. અનેક યોનિઓમાં ( જાતિ–અથવા ઉત્પત્તિસ્થાનમાં ) ઉત્પન્ન થાય છે અને વિલય થાય છે. ફરી ઉત્પન્ન થાય છે અને વિલય થાય છે એમ અરહટ્ટ ચક્રની માફક આ જન્મ, મરણનો અંત આવતો નથી. અંત નહિં આવવાનું કારણ, જીવો પોતે, પોતાને ઓળખી કે જાણી શકતા નથી. અને તેથી આ દુનિયાનાં ક્ષણીક, તુચ્છ, સ્વલ્પ, અને વિરસ પરિણામવાળાં સુખ મેળવવામાટે અનેક પ્રકારનાં પાપો કર્યાં કરે છે. પણ તેમને સુખ મળતું નથી. જે મળે છે તે થોડો વખત રહી વિલય થઈ જાય છે, ચાલ્યું જાય છે, નાશ પામે છે, અને છેવટે નિરાશાજ મળે છે.

જે સુખ આવીને ચાલ્યું જાય તે તાત્વિક નજ કહેવાય. તાત્વિક સુખ તો તેજ કહેવાય કે, જેનો કોઇપણ વખત નાશજ ન થાય અને કાયમ બન્યું રહે. આવું તાત્વિક સુખ આ દુનિયાના પાંચ ઇંદ્રિય સંબંધિ વિષયોમાંથી કોઇપણ વખત મળી શકવાનુંજ નથી, છતાં તેને માટે અહોનિશ તેમાંજ પ્રયત્ન કરવો તે ખરેખર અજ્ઞતા કે મૂર્ખતાજ છે.

ખરૂં સુખ પોતાના આત્મા સિવાય કોઈપણ સ્થળે છેજ નહિં. તે સુખ માટે બાહાર પ્રયત્ન નહિ કરતાં, પોતાના સ્વભાવમાં આવવું જોઇએ. અને અંતરમાં ઉછળતા વિષય, લોભ, તૃષ્ણા વિગેરેના કલ્લોલોને ને શાંત કરવાં જોઇએ. તે શાંત થયાસિવાય આત્મશોધનનો ( આત્મવિશુદ્ધિ કરવાનો ) પ્રયાસ નિરર્થક છે. ધારો કે, એક પાણીનો ભરેલો વિશાળ કુંડ છે, અને તેને તળીએ એક અમૂલ્ય રત્ન પડ્યું છે, છતાં પાણી ઘણું ડોળું છે અને પવનની લહરીઓનાં મોજાંઓ વારંવાર તે પાણીને હલાવી રહ્યાં છે. આવી પાણીની મલીન, અને હલન, ચલન, વાળી સ્થીતિમાં તે પાણીને તળીએ પડેલા રત્નને તમે શું જોઇ શકશો ? નહિં. બીલકુલ નહિં દેખાય.

આજ દૃષ્ટાંતે, શુદ્ધ આત્મરત્ન, મન રૂપ પાણીની નીચે ( મનથી પણ પર ) રહેલું છે. તે મનરૂપપાણી વિષય, કષાયની ડોળાશથી મલીન થયે લું

છે, અને અનેક પ્રકારના વિચાર તરંગોથી હાલી ચાલી રહ્યું છે, માટે વિષય કષાયનો અભાવ અને અનેક વિતર્કોની શાંતિ જ્યાંસુધી નહિં થાય ત્યાંસુધી શુદ્ધ આત્મરત્ન જોવાની કે પ્રાપ્ત કરવાની આશા રાખવી વ્યર્થ છે. આજ કારણથી આત્મવિશુદ્ધિ માટે, બાહ્ય અંતરંગ ઉપાધીઓનો ત્યાગ કરવો જોઇએ. તોજ નિત્ય, અવિનાશી. આત્મિકસુખ પ્રગટ થાય છે અને નિરંતર સુખી થવાય છે.

હે રાજન્! જો સત્ય સુખની અભિલાષા હોય તો, આ ક્ષણભંગુર દેહ અને વિયોગશીળ રાજ્યાદિમાં આસક્ત ન થતાં આત્મસાધનમાટે પ્રયત્ન કરવો, તે તમારાજેવા સમજુ મનુષ્યોને યોગ્ય છે.

દેહનો નાશ અવશ્ય છેજ. માનવજન્મ ફરી ફરી મળવો મુશ્કેલ છે. આ ક્ષણભંગુર દેહથી પણ ઉત્તમ આત્મધર્મ પ્રગટ થતો હોય તો કયો સમજુ મનુષ્ય પ્રમાદ કરે!

ઇત્યાદિ ગુરૂમહારાજ તરફથી ધર્મદેશના સાંભળી, **મ**હાબળ રાજા આત્મસાધન કરવામાટે સાવધાન થયો. આજ પ્રભાતથીજ પોતે સાવધાન થઇ રહ્યો હતો, તેમાં ગુરૂશ્રીના ઉપદેશે વિશેષ વધારો કર્યો.

## પ્રકરણ ૬૪ મું.

## મહાબળ અને મલયાસુંદરી સંયમ માર્ગમાં.

દેશના સાંભળી **મ**હાબળ પરિવાહસહિત શેહેરમાં આવ્યો. અને **શ**તબળ; **સ**હસ્ત્રબળ, તથા **મ**લયાસુંદરી પ્રમુખ કુટુંબવર્ગને બોલાવી, પોતાની સંયમમાર્ગ અંગીકાર કરવાની આતુરતા જણાવી.

**મ**લયાસુંદરી તો પૂર્વજન્મમાં કટુક વિપાકો સાંભળ્યાં તથા અનુભવ્યાં ત્યારથીજ વિરક્ત થયેલી હતી. કેવળ **મ**હાબળની ઇચ્છાને આધીન થઇનેજ આટલો વખત ગૃહાવાસમાં રહી હતી. **મ**હાબળનાં આ વચનો સાંભળી તેના ઉત્સાહમાં વધારો થયો. સ્નેહબંધનોને તોડી નાંખી **મ**હાબળની સાથે ચારિત્ર લેવા માટે તે તૈયાર થઇ રહી.

કુમાર **શ**તબળ, તથા **સ**હસ્ત્રબળે પિતૃભક્તિને લઇ રાજ્યમાં રહેવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે આગ્રહ કર્યો, પણ મહાબળની આત્મઉન્નતિ માટેની તીવ્ર લાગણી દેખી, કુમારોને તેની ઇચ્છાને આધીન થવું પડ્યું.

સાગરતિલકનું રાજ્ય પ્રથમથીજ તેણે સતબળને આપ્યું હતું એટલે પૃથ્વીસ્થાનપુરના રાજ્યઉપર રાજાતરિકે શહસ્ત્રબળને અભિષેક કર્યો. રાજા શતબળ, તથા રાજા સહસ્ત્રબળે અષ્ટાન્હિકા મહોત્સવપૂર્વક, મહાબળ અને મલયાસુંદરીનો મહાન્ દિક્ષા મહોત્સવ કર્યો.

મહાબળની સાથે અનેક રાજપુરૂષોએ ચારિત્ર અંગીકાર કર્યું. તેમજ રાણી મલયાસુંદરીની સાથે પણ અનેક રાજવર્ગની તેમજ અન્ય સ્ત્રીઓએ ચારિત્ર લીધું.

દિક્ષા લીધા પછી મહાબળાદિ મુનિઓને ગ્રહણ, આસેવનાદિ શિક્ષા અર્થે સ્થીવિર મુનિઓને સોંપવામાં આવ્યા. તથા સાધ્વી મલયાસુંદરી પ્રમુખને મહત્તરા સાધ્વીને સોંપવામાં આવી.

બન્ને પ્રકારની શિક્ષા પાલન કરતાં, પૃથ્વીસ્થાનપુરમાં કેટલોક વખત રહી, જ્ઞાનદિવાકર ગુરૂ સાથે મહાબળમુનિએ અન્ય સ્થળે વિહાર કર્યો. સાધ્વી મલયાસુંદરી પણ પોતાની મહત્તરા સાધ્વીસાથે અન્યસ્થળે વિહાર કરી ગયાં.

પૃથ્વી તળપર જુદા જુદા સ્થળે વિચરતાં, જ્ઞાન, ધ્યાનથી પોતાના આત્માને કૃતાર્થ કરતાં હતાં. વચમાં, આંતરેઆંતરે પૃથ્વીસ્થાનપુર અને સાગરતિલકપુરમાં આવી, તે બન્ને પુત્રોને ધર્મમાં ઉત્સાહ પમાડતા, અને વ્યસનસેવનથી નિવારણ કરતા હતા.

ગુરૂ શિક્ષાથી પોતાને કૃતાર્થ માનતા, તે બન્ને ભાઈઓ આપસમાં દૃઢ સ્નેહવાન્ થયા, અને ધર્મમાર્ગમાં પણ સાવધાન થયા.

કાળાંતરે તે બન્ને રાજાઓ એટલા બધા ધર્મમાં સાવધાન થયા કે, બીજાઓને પણ તે સત્યમાર્ગનો બોધ કરવા લાગ્યા.

મહાબળ—મહામુનિ ખડ્ગની ધારા સમાન તીવ્ર વ્રતને પાલન કરતાં ક્રમે સિદ્ધાંતના પારગામી થઇ ગીતાર્થ થયા.

આત્મોદ્ધારમાટે ભગીરથપ્રયત્ન કરનાર મહાબળ મુનિને, ગીતાર્થ હોવાથી એકાકી વિહાર કરવા માટે પણ ગુરૂશ્રીએ આજ્ઞા આપી. પોતાનાં કલીષ્ટ કર્મ ખપાવવા નિમિત્તે તેઓએ પણ સમુદાયથી પૃથક્ થવાનું ઉચીત ગણ્યું. સમુદાયથી પૃથક્ થઇ જીર્ણવનો, જંગલો, સ્મશાન, પાહાડ અને

ગિરિકંદરા પ્રમુખમાં નિવાસ કરી, નિરતિચાર વ્રત પાલન કરતાં, આત્મધ્યાનમાં લીનતા કરવા લાગ્યા.

આ મહાત્માની આત્મધર્મમાં નિશ્ચળતા મેરૂની માફક હતી. પૃથ્વીની માફક સર્વ પરિષહો સહન કરવાની સહનશીળતા હતી. તેમની મુખમુદ્રા ચંદ્રની માફક સૌમ્ય યાને શાંત હતી. આકાશની માફક તેને કોઇ તરફના આલંબનની જરૂર ન હતી. શંખની માફક રાગાદિકથી નહિ રંગાવા રૂપ નિરંજનતા હતી. પ્રથમ સંવેગરંગમાં અને પછી શાંત રસમાં રહી અંતરંગ શત્રુઓનો ( કામ ક્રોધાદિનો ) નાશ કરતા હતા. ક્રમે પૃથ્વીતળપર વિચરતાં, એક વખત સાગરતિલકપુરના બાહારના વનભાગમાં સંધ્યાવેળાએ, એકાકી મહાબળમુનિ આવી પહોચ્યા. કલીષ્ટકર્મ ખપાવવાં અને શુદ્ધ સ્વસ્વરૂપ પ્રકટ કરવું, એજ જેમનું લક્ષ બીંદુ હતું. તેથી તરતજ તે વનના એક ભાગમાં કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાનસ્થપણે ઉભા રહ્યા.

એ અવસરે ઉદ્યાનનો પાલક માળી, ફરતો ફરતો ત્યાં આવ્યો, તેણે કાયોત્સર્ગ મુદ્રામાં રહેલા તે મુનિને જોયા. જોતાંજ તેણે તેને ઓળખી લીધા. તરતજ ત્યાંથી નીકળી જ્યાં શતબળ રાજા હતો ત્યાં શેહેરમાં આવ્યો. આવીને રાજાને નમસ્કાર કરી વધામણી આપી કે, મહારાજા ! આપના પૂજ્ય પિતાશ્રી મહાબળમુનિ, એકાકીપણે આપના ઉદ્યાનના એક ભાગમાં આવીને ધ્યાનસ્થપણે રહ્યા છે.

આ વધામણી સાંભળતાંજ, હર્ષથી રોમાંચિત થયેલા રાજાએ, તે વનપાળને વધામણીમાં વાંછિતદાન આપ્યું. વનપાળ પાછો ગયો. રાજા વિચાર કરવા લાગ્યો. અત્યારે સંધ્યાસમય થઇ ગયો છે. રાત્રીની શરૂઆત થઇ ચૂકી છે તો પ્રાતઃકાળે સર્વ પરિવારને સાથે લઇ પૂજ્યપિતાશ્રી ગુરૂવર્યને વંદન કરવામાટે જઇશ. ખરેખર હું ધન્યભાગ્ય છું અને આ શેહેર પણ આજે પવિત્ર થયું કે, અમારા પુણ્યોદયથી આકર્ષાઇ, આજે ગુરૂમહારાજા આંહી પધાર્યા છે. આપ્રમાણે બોલતા રાજાએ પગમાંથી પાદુકા દૂર કરી, સાત, આઠ પગલાં સન્મુખ જઈ, ત્યાં રહ્યા છતાંજ, તે દિશાતરફ ઉભા રહી, મહાન્ ભક્તિથી પંચાંગ વંદના કરી અને પૂજ્યપિતાના મુખારવિંદ જોવાની ઉત્કંઠાથી રાજાદિ સર્વપરિવારે તે રાત્રી ઘણી કષ્ટે પસાર કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૬૪ મું.

## કનકવતીએ વેર લીધું.

મલયાસુંદરીને રાક્ષસીનું કલંક આપ્યાપછી, પેટીમાંથી બાહાર કાઢી, મહાબળે તાડના કરી કાઢી મૂકેલી, અને સ્ત્રીજાતિ હોવાથી વધ નહિ કરેલી કનકવતી, દેશપાર થઇને પૃથ્વીતળપર ફરવા લાગી. ફરતાં ફરતાં કર્મસંયોગે, દુર્દૈવ્યથી પ્રેરાયલી દુઃખણી થઇ આજે આજ નગરમાં આવીને રહી હતી.

કોઇ પણ કાર્યપ્રસંગે, શેહેરની બાહાર રહેલા વનમાં તે સંધ્યાસમયે આવી. એટલામાં ધ્યાનમાં રહેલ મહાબળમુનિ તેના જોવામાં આવ્યા. તેને જોતાંજ તેણીએ તેને ઓળખી લીધો. તે વિચારવા લાગી–હા ! સુરપાળ રાજાનો કુમાર, મહાબળ તે આજ દેખાય છે. અરે ! તે વ્રતધારી થયો દેખાય છે ? મારાં કરેલાં સર્વ અકાર્યો આ જાણે છે. કદાચ તે મારી સર્વ વાત આંહી પ્રગટ કરશે તો મારી શી ગતિ થશે ? મને રહેવાને મુકામ પણ નહિં મળે અને લોકો કદર્થના કરીને મારશે. ખરી વાત છે. '**पापा सर्वत्र शंकिताः** પાપીજીવો સર્વસ્થળે શંકાવાળાજ હોય છે,' હું કોઇ એવો ઉપાય શોધી કાઢું કે, જેથી મારા કરેલા અકાર્યની કોઇને ખબર ન પડે. આપ્રમાણે વિચાર કરતી અને આજુબાજુ નજર કરતી, કાંઇક આશ્ચર્ય પામતી તે અવસરે તો તે, ત્યાંથી ચાલી ગઇ. પણ રાત્રીના અવસરની રાહ જોતી તે પાપિષ્ઠા પોતાના મુકામમાં સાવધાન થઇ બેઠી. રાત્રિનો અંધકાર ચારે બાજુ ફેલાયો. રસ્તાઓ મનુષ્યના સંચારવિનાના થયા. એ અવસરે કોઇ નહિં જાણે તેવીરીતે તે ગુપ્તપણે પોતાના મુકામથી બહાર નીકળી આવી. ઘરથી નીકળતાં સાથે અગ્નિનું સાધન પણ સાથે લઇ લીધું હતું. ચાલતાં ચાલતાં જે સ્થળે મહાબળમુનિ કાર્યોત્સર્ગ ધ્યાનમાં ઉભા હતા ત્યાં આવી.

અહા ! સ્થીર આશયવાળો મૂર્તિમાન્ ધર્મજ ઉભો હોય નહિં તેમ તે સંયમી મહાત્મા અત્યારે ધ્યાનમાં લીન થઇ રહ્યો હતો. પણ આ મલીનવાસનાવાળી કનકવતીને મન તો સાક્ષાત્ તે કાળસ્વરૂપ દેખાતો હતો. ખરી વાત છે જે માણસ જે વિચારનો હોય, જે સ્થીતિનો હોય, તેને તેવોજ ભાસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થાય છે, તેવોજ અનુભવ થાય છે અને સામાના સંબંધમાં તેવુંજ ( પોતાની યોગ્યતા કે સ્થીતિના અનુસારનુંજ ) અનુમાન બાંધે છે.

આ અવસરે મુનિને મહાન્ કષ્ટ થવાનું છે. એ દુઃખ આપણાથી કેમ જોવાશે ? એમ ધારીનેજ જાણે શેહેરના દરવાજા બંધ થયા હોય તેમ તે વખતે શેહેરના દરવાજાઓ બંધ થઈ ગયા હતા. મુનિને થનાર કષ્ટ સહન નહિં કરી શકવાથીજ જાણે તે અવસરે નગરલોકોનાં નેત્રો નિદ્રાથી મુદ્રિત થઇ ગયાં હોય તેમ લોકો નિદ્રામાં પડયા હતા. કેવો વિચિત્ર સંયોગ ! કેવું નિકાચ્યકર્મ ! કે કેવો પ્રબળ વૈરભાવ ? ઉદ્યાનનો રખવાળ પણ આ વેળાએ કોઇ પ્રબળ કારણથી હાજર થઈ શકયો ન હતો. લોકોના સંચારના અભાવે ભૂમિભાગ શાંત થયેલો દેખી, કનકવતી પોતાના હૃદયમાં ઘણો હર્ષ પામી.

નજીકના ભાગમાં, કોલસા બનાવવાનિમિત્તે સ્વભાવિકજ કોઇ મનુષ્યે લાકડાં લાવી મૂકયાં હતાં, તેનો મોટો ઢગલો ત્યાં પડયો હતો, તે લાકડાંવડે કરી, કનકવતીએ કાર્યોત્સર્ગપણે રહેલા મુનિના શરીરને મસ્તકપર્યંત ચારે બાજુએ ઘેરી લીધું. અર્થાત્ તે મુનિની ચારે બાજુ તે લાકડાં ખડકી દીધાં કે, જેથી મુનિનું જરા માત્ર પણ શરીર દેખાઈ ન શકે.

મુનિને આપ્રમાણે કાષ્ટથી વિંટતાં તેણીએ ચતુરગતિનાં નાના પ્રકારનાં દુઃખોથી પોતાના આત્માને ઘેરી લીધો. જન્માંતરના વૈરાનુબંધથી, નિર્દય થઇ કનકવતીએ ત્યારપછી તે લાકડાની ચારે બાજુએ અગ્નિ લગાવી દીધો.

પોતાનાઉપર મરણાંત ઉપસર્ગ આવેલો જાણી તે મહાત્માએ પણ ત્યાં તેવી અવસ્થામાં ઉભાં ઉભાંજ મનસાથે આરાધના કરી લીધી.

અગ્નિપણ જાણે કનકવતીના પુણ્યસંચયને મૂળથી બાળી નાંખતો હોય તેમ મુનિના શરીરને બાળવાને પ્રવૃત્ત થયો. એ અવસરે મહાબળ મુનિપણ દુઃસહઉપસર્ગને સહનકરતાં પોતે પોતાને બોધ આપવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૬૫ મું.

## આત્મા ઉપદેશ અને મોક્ષ.

દેહ, આત્માની ભિન્નતાનું જ્ઞાન, આવે વખતેજ સ્પષ્ટ નિર્ણિત થાય છે. આજ પરમ કસોટીનો વખત છે. ક્લીષ્ટકર્મ ખપાવવાનો વખત આવોજ હોય છે. ઘણા વખતથી સુદઢ કરેલ જ્ઞાનને અજમાવવાનું પરમકારણ કોઇક વખતજ મળે છે. ગોખેલા ક્ષમા કરવાના પાઠો અત્યારેજ અમલમાં મૂકવા-યોગ્ય છે. લાંબા વખતથી દેહદમન કરવાનો અભ્યાસ આવે અવસરે જ ઉપ-યોગમાં આવે છે.

પોતાની ચારેબાજુ લાકડાં ખડકાય છે. ખડકનાર કોણ છે? શા માટે ખડકે છે, ? તેનું પરિણામ શું આવશે ? અગ્નિપણ લગાડી, લાકડાં બળવા લાગ્યાં. અને શરીરપણ બળવાની તૈયારી છે. બળવા પણ લાગ્યું. આ સર્વ વાત મહાબળ મુનિથી અજાણી નથી. ગુરૂશ્રીએ આગળથી ચેતાવેલ પણ હતો કે, કનકવતી છેવટને ઉપસર્ગ કરશે. પોતાનું વેર લેશે. તેમ મહાબળ મુનિ પણ અત્યારે જ્ઞાનદષ્ટિથી કે ચર્મદષ્ટિથી તેને નજરે જુવે છે. આમાંથી નાશી છુટવું હોય તો છુટાય તેવું છે. કનકવતીને શિક્ષા આપવી હોય તો આપવાનું સામર્થ્ય પણ પોતામાં છે. આ શેહેરનો રાજા તે પણ તેમનો પુત્ર અને પરમભક્ત છે. આટલું છતાં આ મુનિએ આવો અસહ્ય ઉપસર્ગ શામાટે સહન કર્યો હશે ? એ સામાન્ય વાંચનારને અજાયબી ઉત્પન્ન કરનાર છે. અને છે પણ તેવુંજ. પણ આયુષ્ય થોડું અને ઋણાનુ-બંધ વધારે એટલો બીજો ઉપાય શું. દેહાધ્યાસ કે દેહઉપરનો મમત્વ સર્વથા છુટેલ હોવાથી તેનું ( દેહનું ) ગમે તેમ થાય. મારે તો બંધીખા-નામાંથી છુટવુંજ. આવી પ્રબળ ઇચ્છાવાન, દેહઉપર પ્રેમ શા માટે કરે ? ખરેખર દેહ બંધીખાનુંજ છે. આત્મા આવા મલીન પદાર્થોના કીચડથી આવૃત થયેલો છે. તેના મધ્યમાં પડયો છે. દેહાધ્યાસથી રીબાય છે, ઝુરે છે, અને વારંવાર તેમાં પ્રવેશ, તથા નિર્ગમન કર્યા કરે છે. આવા પરમ દુઃખ-ના કારણભૂત દેહ અને કર્મનો સર્વથા ક્ષય થતો હોય. ફરી પાછું આવા દેહમાં આવવાનું, સદાને માટે બંધ થતું હોય, તો આવા દેહ બંધીખાનામાં-થી છુટવાની કોણ આનાકાની કરે ? આત્મદશામાં દેહ દશાનું ભાન પણ ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય. ઉપેક્ષા પણ પ્રબળ, ભાવીનિર્માણ પણ તેવું. ઈત્યાદિ અનેક કારણો, આ ઉપસર્ગ સહન કરવામાં ગણી શકાય. વિશેષ કારણ તો તે મહાત્માજ જાણે.

આવા ઉપસર્ગ પ્રસંગે આત્મજાગૃતિની પુરણ જરૂર છે, તે જાગૃતિ આ મહાત્માને હતી. વિશેષ જાગૃતિમાટે પોતેજ પોતાને દૃઢતા કરતા ચાલ્યા. હે જીવ! શુભ ભાવ રૂપ વાહાણઉપર તું ઘણા કાળથી ચડેલ હોવાથી, હવે સંસારસમુદ્રનો કિનારો પામવાની તૈયારી છે. આ સામેજ દેખાય છે. સદ્‌ભાવના રૂપ વાહાણને શુદ્ધ ચિત્તરૂપ વાયુવડે પ્રેરણા કર કે, આ વાહાણ તને હમણાંજ કિનારાપર લાવી મૂકશે. સમુદ્ર તરી આવ્યો છે. હવે આ ખાડીમાં કે ખાબોચીયામાં તું ન બુડીશ. હે જીવ! નરક, તિર્યંચાદિ ગતિઓમાં તે અસહ્ય દુઃખો સહન કર્યાં છે. તે યાતનાઓનો વિચાર કરતાં આ યાતના, તેની આગળ શી ગણતીમાં છે? આ સ્ત્રી ઉપર તું બીલકુલ અશુભચિંતન નં કરીશ. કર્મ ઉન્મૂલન કરવાના કાર્યમાં આ સ્ત્રી તને ખરેખર મદદગાર થઇ છે અને તેથી તે, તારા એક પરમ મિત્રસમાન છે. હે ચેતન! તું જે દેહમંદિરમાં રહ્યો છે. તે તારાથી જુદું છે. આ બાહ્ય ઘર બળવાથી તું બળવાનો નથી. તારો નાશ થવાનો નથી. તું અમર અને અરૂપી છે. આ અગ્નિ પૂર્વસંચિત મલને વિશુદ્ધ કરેછે, બાળીને રાખ કરેછે એટલે તે પણ અહિતકર નથી. ઇત્યાદિ પ્રબળભાવનાના બળથી કનકવતીઉપરથી દ્વેષભાવ અને દેહઉપરથી મમત્વભાવ શાંત કરી, સમભાવની સરલ શ્રેણિએ તે મહાત્મા મહાબળ મુનિ આગળ વધ્યા. શુભાશુભ કર્મોપરથી મમત્વ ભાવ તદન છુટી ગયો. દેહથી આત્મા તદન જુદોજ અનુભવાયો. આ આત્મસ્થિતિમાં ઘાતિકર્મનો ક્ષય થતાંજ જ્ઞાન ઉત્પન્ન થયું. બાહારથી લાકડાનો અગ્નિ પ્રજ્વલીત થઇ રહ્યો છે અને આંતરમાં શુકલધ્યાનાગ્નિ જાજ્વલ્યમાન થઇ રહ્યો હતો. આ આંતર્ અગ્નિની મદદથી ભવોપગ્રાહી (બાકીનાં ચાર કર્મો) કર્મો પણ બળીને ભસ્મીભૂત કરી નાખ્યાં.

થોડાજ વખતમાં તે મહાત્મા મહાબળમુનિ, અંતકૃત્ કેવલી થઈ, કર્મથી સર્વથા નિવૃત્તિ પામી મોક્ષે ગયા. અને નિરંતરને માટે તે પવિત્ર આત્માએ જન્મ, જરા, મરણાદિ કલેશોને જલાંજલી આપી.

# પ્રકરણ ૬૬ મું.

## શતબળનો વિલાપ.

આતો મહાત્મા પુરૂષોનો સીંહનાદ છે કે, જેકાલે કરવાનું હોય તે આજે કરો અને આજે કરવાનું હોય તે હમણાં કરો. એક મૂહુર્ત્ત જેટલા ટુંકા વખતમાં પણ અનેક વિઘ્નો આવે છે. માટે આવતા વખતની રાહ ન જુઓ. મુલતી રાખ્યાનાં માઠાં ફળો ઘણી વખત મનુષ્યોને અનુભવવાં પડે છે. એક વખત સખત ઠક્કડ લાગ્યાસિવાય આવાતનો ખરો અનુભવ સમજવામાં નથી આવતો. પાછળથીજ મનુષ્યોને ડાહાપણ આવે છે કે, અમે આ કામ તરત કર્યું હતતો ઘણું સારૂં થાત;

પ્રાતઃકાળ થતાંજ પિતૃદર્શનાર્થે ( ગુરૂદર્શનાર્થે ) અતિ ઉત્કંઠિત શતબળરાજા પરિવારસહિત ઉદ્યાનમાં આવ્યો. આજુબાજુ તપાસ કરતાં મુનિ તેમના દેખવામાં ન આવ્યા, પણ જે ઠેકાણે તે મુનિ ઉભા હતા, તે સ્થળે એક રાખનો ઢગલો તેમના દેખવામાં આવ્યો, અને તે ઢગલામાં કોઇ મનુષ્ય ભસ્મીભૂત થયું હોય તેવી નિશાની દેખાઇ. ઘણી બારિક તપાસ કરતાં જણાઇ આવ્યું કે, તે મુનિનું શરીરજ બળીને રાખ થયું હતું. આ દુઃખદાઇ વર્તમાન ( સમાચાર ) જાણતાંજ રાજા મૂર્ચ્છા ખાઇ જમીનપર પડી ગયો. કેટલીકવારે મૂર્ચ્છા શાંત થતાં, કોપ કરી રાજા બોલવા લાગ્યો કે, અરે! ભવભ્રમણથી નિર્ભય થયેલા અને નિષ્કારણ વૈરી સરખા કોણે આ મુનિને આવો દુઃખદાઇ ઉપસર્ગ કર્યો ?

આમ બોલવાની સાથે તે રાખના ઢગલા તરફ નજર કરતાં પિતૃવત્સલ રાજા ફરી પાછો મૂર્ચ્છાવશ થઇ પડયો. મનોવૃત્તિને ઘણી શાંત કરવા માંડી પણ તે શાંત ન થઇ. ત્યારે રાજા મુક્તકંઠે વિલાપ કરવાસાથે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. હા ! હા ! હતાશ શતબળ, તું કેટલો બધો નિર્ભાગ્ય? દુર્લભ પિતૃ ચરણ કમળને પામ્યા છતાં પણ પ્રમાદના કારણથી, તત્કાળ આવી વંદન ન કરી શકયો. હે પૂજ્યપિતા ! આપની કરૂણાર્દ્ર પવિત્ર દૃષ્ટિ મારાઉપર ન પડી. મેં મારા કર્ણપુટદ્વારા આપના મુખથી દેશના અમૃતનું પાન ન કર્યું. એક રૈર ( દરિદ્ર ) મનુષ્યના મનોરથોની માફક મારા હૃદયના મનોરથો વિલીન થયા. હે પૂજ્યગુરૂ ! હું આજેજ નિરાધાર થયો, આજેજ નિર્નાથ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો. મારા સર્વ મનોરથો મનમાંજ રહી ગયા. હા ! હા ! પૂજ્યપિતા, મારા રાજ્યમાંજ અને મારી હૈયાતીમાંજ, નજરે પણ ન જોઇ શકાય તેવી આપની અવસ્થા થઈ. ખરેખર હું નિર્ભાગ્યજ કે, આપનો સમાગમ બીલકુલ ન થયો. ધિક્કાર થાઓ, મારાજેવા પ્રમાદિઓને કે, તત્કાળ કરવાલાયક કાર્યો આગામી કાળઉપર મુલત્વી રાખે છે. જો હું કાલે સંધ્યાસમયેજ આંહી આવ્યો હત તો, પૂજ્યપિતાશ્રીનો મેળાપ, તેમનાં દર્શન, અને ઉપદેશશ્રવણ આદિ સર્વ લાભની પ્રાપ્તિ થાત.

આ પ્રમાણે વિલાપ કરતા રાજાએ ભ્રકુટીના વિક્ષેપથી સુભટોને જણાવ્યું કે, અરે, મારા સુરવીર સુભટો ! તમે તે પાપીના પગલે પગલે જાઓ અને આ અનર્થ કરનારને આંહી જીવતો પકડી લાવો.

રાજાનો હુકમ થતાં જ સંખ્યાબંધ સુભટો ચારે બાજુ નીકળી પડ્યા. પગલાના જાણકાર સુભટો પગલે પગલે આગળ વધ્યા. અને અનુક્રમે તે પગલું એક ખીણના ભાગમાં જઇ અટક્યું. સુભટો તે ખીણમાં ઉતરી પડ્યા. ત્યાં તપાસ કરતાં એક ભાગમાં છુપાઇ રહેલી કનકવતી તેમના દેખવામાં આવી. તેને પકડીને સુભટો રાજાપાસે લઇ આવ્યા. રાજાએ તાડના કરી તે સ્ત્રીને પૂછ્યું કે, તેં આ મુનિને શા કારણથી જીવતાં બાળી દીધા ? ઘણો માર પડવાપછી તેણે પોતાનું કરેલું સર્વ અકાર્ય સત્ય જણાવી આપ્યું. તત્કાળ રાજાએ નાના પ્રકારના મારથી તે કનકવતીને મારી નંખાવી. તેણીએ પણ પોતાના દુષ્ટ કર્મનું ફળ કર્માનુસાર મેળવ્યું, મરણ પામીને છઠ્ઠી નરકે નારકીપણે તે ઉત્પન્ન થઇ, અને ત્યાં નાના પ્રકારના દુઃખના ભાજન ભૂત થઈ.

કનકવતીને મારવાથી કાંઇ રાજાનો શોક ઓછો ન થયો. તેનો કારી ઘા ન રૂઝાયો. પિતની અને ગુરૂની ખોટ ન પુરાઇ. પ્રધાનપુરૂષોએ તેને ઘણો સમજાવ્યો, પણ તેણે એક ક્ષણ માત્ર પણ પિતૃશોક મૂક્યો નહિં.

પૂજ્ય પિતાનું મરણ આવી વિષમ રીતે થયું જાણી, સહસ્રબળ રાજાપણ શોક સમુદ્રમાં ડુબી ગયો. આ બન્ને રાજાઓને પિતાનો શોક, રામલક્ષ્મણના શોકની માફક કે, કૃષ્ણ બળભદ્રના શોકની માફક સાલવા લાગ્યો. તેઓએ રાજ્યના તમામ સુખને જલાંજલી આપી. સારૂં ખાવું, સારૂં પીવું, સારાં વસ્રો પહેરવાં, હસવું કે આનંદથી બોલવું તે સર્વ તેમ મૂકી દીધું. સર્વ દિશાઓ તેમને શૂન્ય લાગવા માંડી, તેમજ કોઇ પણ સ્થળે તેઓને રતિ ન મળી, કેવળ શોકની ગમગીનીમાં બન્ને ભાઇઓ અહોનિશ રહેવા

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

લાગ્યા, અને રાત્રદિવસ પિતાનું મરણ અને તેના ગુણો સંભારવા લાગ્યા.

આ પ્રમાણે આ બન્ને રાજાની સ્થીતિ દેખી, પ્રધાનમંડળ પણ વિચારમાં પડયું કે, હવે આ રાજાઓને શોકથી કેવી રીતે મુક્ત કરવા ?

## પ્રકરણ ૬૭ મું.

### મહત્તરા સાધ્વી મલયાસુંદરી.

" કેળવણીની કે, યથાસ્થાન નિયોજનની તો બલીહારી છે. જે કાર્ય ઘણા લાંબે કાળે અને દુઃશકયતાથી મનુષ્યો કરી શકે છે, તે કાર્ય દાહક સ્વભાવવાળો અને અસ્પષ્ટ ચૈતન્યવાળો અગ્નિ ઘણા થોડા વખતમાં અને સુશક્યતાથી કરી શકે છે. વીજળીની અને અગ્નિની મદદથી ચાલતા તાર, ટેલીફોન, રેલવે, સ્ટીમર, મીલો, અને અનેક પ્રકારના સંચાઓ, આ સર્વ દષ્ટાંતો પ્રત્યક્ષ અત્યારે આપણા સર્વના દેખવામાં આવે છે. તેમજ પાણી અને વાયુની મદદથી પણ તેવાં અશકય કાર્યો બની શકે છે. હિંસક સ્વભાવવાળાં સિંહ, વ્યાઘ્રાદિ પશુઓ પણ કેળવણીના પ્રતાપથી પોતાના સ્વભાવને એક બાજુ મૂકી મનુષ્યોની સાથે હળી મળીને રહેતા દેખવામાં આવે છે. સ્વાતિ નક્ષત્રનું પાણી યથાસ્થાન ( છીપમાં ) સ્થીતિ પામવાથી મોતી જેવી સુંદર અને બહુ મુલ્યની વસ્તુ પેદા કરે છે. આ વિચાર કરનારને સ્પષ્ટ સમજાશે કે, આ સર્વ કાર્યની સિદ્ધિ તે, તે, વસ્તુને યથોયોગ્ય કેળવી જાણવાથી અને યથાસ્થાન નિયોજીત કરવાથીજ થઇ શકે તેમ છે. જ્યારે અસ્પષ્ટ ચૈતન્યવાળાં પાણી, અગ્નિ, વાયુ અને પશુઓને પણ તેમના સ્વભાવમાં ફેરફાર કરાવી શકાય છે, તેમની શક્તિમાં વધારો કરી શકાય છે અને અનેક મનુષ્યોને ઉપયોગી બનાવી શકાય છે, તો પછી સ્ત્રીઓને કેળવી જાણવાથી કે યથાસ્થાન ઉત્તમ સહવાસમાં નિયોજીત કરવાથી તેમની શક્તિમાં વધારો, સ્વભાવમાં ફેરફાર અને અનેક મનુષ્યોને ઉપગાર કર્તા તરીકે કેમ ન બનાવી શકાય ? અવશ્ય બનાવી શકાયજ. "

સાધ્વી મલયાસુંદરી, નિર્મળ ચારિત્રનું પાલન કરતાં, અને સાથે જ્ઞાનાભ્યાસ કરતાં, અનુક્રમે અગીયાર અંગ પર્યંતનું જ્ઞાન મેળવી શકી. તેણે તત્ત્વજ્ઞાનમાં ઘણો ઉંડો પ્રવેશ કર્યો હતો અને તેથીજ અનેક ભવ્ય જીવોને ઉત્તમ બોધ આપતી તે પૃથ્વીતળપર વિચરતી હતી. જ્ઞાનની સાથે તે મહા-

શયા તીવ્ર તાપશ્ચર્યા પણ કરતી હતી. કર્મક્લેશને દૂર કરવા માટે તે અહો-નિશ પ્રયત્ન કર્યા કરતી હતી. નવીન કર્મબંધ થતો અટકાવવા માટે પણ તેટલોજ પ્રયત્ન કરતી હતી. કેમકે કર્મનાં ભયંકર ફળો આ ભવમાંજ અનુભવવાં પડયાં હતાં, તે વખત અને દુઃખને તે ભુલી ગઈ ન હતી.

જ્ઞાન, ક્રિયામાં નિરંતર પ્રયત્ન કરતાં આ મહાશયાને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. ગુરૂમહારાજે તેમને વિધિપૂર્વક મહત્તરાની (સર્વ સાધ્વીઓમાં મુખ્ય, આગેવાન, વીતરાગની આજ્ઞા મુજબ સર્વ સાધ્વીઓને પ્રવર્તાવનારની) પદવી આપી.

અવધિજ્ઞાનના પ્રકાશની મદદથી મનુષ્યોના સંદેહરૂપ અંધકારને દૂર કરતી, અને ભવ્ય જીવરૂપ કમળને વિકસિત કરતી, તે મહાનુભાવા મહત્તરા પૃથ્વીતળપર ઉગ્ર વિહારે વિચારવા લાગી.

જ્ઞાનાલોકથી (જ્ઞાનપ્રકાશથી) **મહાબળ** મુનિનું નિર્વાણ થયેલું જાણી, અને તે દુઃખથી શોકસાગરમાં ડુબેલા **શતબળ** રાજાને દેખી, તેમનો ઉદ્ધાર કરવા નિમિત્તે સાધ્વી **મલયાસુંદરી**, અનેક સાધ્વીના પરિવારસહિત વિહાર કરતાં, ક્રમે સાગરતિલક શેહેરમાં આવી, અને પોતાને લાયક વસ્તીમાં (મુકામમાં) નિવાસ કર્યો.

પોતાની માતા મહત્તરા **મલયાસુંદરીનું** આગમન સાંભળી **શતબળને** ઘણો હર્ષ થયો. રાજા **શતબળ** પોતાના પરિવારસહિત, તત્કાળ તે મહત્તરાને વંદન કરવા આવ્યો. વંદના કરી પોતાને ઉચિતસ્થાને પરિવારસહિત ધર્મ-શિક્ષા સાંભળવા બેઠો.

## પ્રકરણ ૬૮ મું.

### સાધ્વી મલયાસુંદરીનો ઉપદેશ.

અમૃતસરીખાં મધુર વચનોએ, અને પ્રસન્ન મુખે સાધ્વી **મલયાસુંદ**-એ ઉપદેશ આપતાં જણાવ્યું કે, **વત્સ, શતબળ** ! મનુષ્યદેહની ક્ષણભંગુરતા, આયુષ્યની અલ્પતા, અને સંયોગની વિયોગશીલતા શું તું ભુલી ગયો ? જગતમાં આ દેહથી કોણ અમર રહ્યો છે ? અનંતબળ ધારી તીર્થંકરો પણ આ દેહથી, શું વિયોજીત થયા નથી ?

મહા સત્વવાન્ જીવોમાં શિરોમણિતુલ્ય તારા પિતા **મહાબળમુનિ**, તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રીના ઉપસર્ગ કરવા પછી, કેવળજ્ઞાન પામી ત્યાં તેજ અવસરે નિર્વાણપદ પામ્યા છે.

જેને માટે ધન, સ્વજન, કલત્ર, પુત્રાદિ સર્વ વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે, જેને માટે તપશ્ચર્યાદિ દુષ્કર ક્રિયાઓ કરી મહાન્ દુઃખો સહન કરવામાં આવે છે, તેવું દુર્લભ, ઉત્તમ અને શાશ્વતસ્થાન તેમણે પ્રાપ્ત કર્યું છે. આ સર્વ ભવપ્રપંચને સદાને માટે તેમણે જલાંજલી આપી છે. તેવા પવિત્ર પિતાને માટે તું હજુસુધી શોક શામાટે કર્યા કરે છે!

પોતાના કોઈપણ વહાલા માણસને મહાન્ નિધાનની પ્રાપ્તિ થઈ હોય તો, શું વહાલાપણાનો દાવો કરનાર માણસને તેમાંથી આનંદ થાય કે શોક થાય! જો શોક થાય તો તે તેનો વાલેસરી કેહી શકાય? નજ કહી શકાય. તેવીજ રીતે તારા પિતાને કેવળજ્ઞાનરૂપ આત્મનિધાનની પ્રાપ્તિ થઈ છે, તો તેથી તને આનંદ થવો જોઈએ કે શોક? આનંદજ થવો જોઈએ.

પોતાનો કોઈ ઇષ્ટ–સંબંધી ઘણા કાળથી બંધીખાનામાં પડ્યા હોય અને અકસ્માત તે બંધીખાનામાંથી છુટવાની વધામણી મલે, તો તેથી તેને આનંદ થશે કે શોક? તેવીજ રીતે તારા પૂજ્ય પિતાનો આ સંસારબંધીખાનામાંથી સદાને માટે છુટકારો થયો છે, તો તેથી તને આનંદિત થવું જોઈએ કે, આમ શોક કરવો જોઈએ?

રાજન્! પોતાનો કોઈ ગાઢ સંબંધી મહાન્ વિપત્તિમાંથી મુક્ત થયો હોય તો તેથી આનંદ થાય કે શોક થાય? આનંદજ થવો જોઈએ. તેવીજ રીતે તારો પિતા સંસારચક્રમાં અનંતવાર સહન કરવી પડતી, જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ વિપત્તિથી સદાને માટે વિમુક્ત થયો છે તો શું આ વેળાએ તને આનંદ ન થવો જોઈએ!

રાજન્! પોતાનો કોઈ ઇષ્ટ સંબંધી ઘણા વખતથી રોગે પીડાતો હોય, અને દૈવસંયોગે તે એક વખત સદાને માટે સર્વથા નિરોગી થાય તો શું તેના સંબંધીને તેથી હર્ષ ન થાય? થવોજ જોઈએ. તેમ તમારો ઇષ્ટ સંબંધી પિતા મહાબળ, અનાદિ કાળથી કર્મરોગથી પીડાતો હતો, તે હમણાં સર્વથા સદાને માટે કર્મરોગથી મુક્ત થઈ, અજરામરરૂપ નિરોગ અવસ્થા પામ્યો છે, તો આવા આનંદી વર્તમાનથી તમને આનંદ થવો જોઈએ. અત્યારે તમોને મહોત્સવનો વખત છે તેને ઠેકાણે આમ શોકમાં ગમગીન થઈ રહેવું, તે કોઈપણ રીતે તમારા જેવા સમજુને લાયક નથી. હે રાજન્! હું જાણું છું કે, તમારા પિતાને અગ્નિથી દુઃસહ પીડા થઈ હશે, તે કારણથી તમને

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

વધારે દુઃખ લાગી આવે છે, પણ તે અગ્નિની પીડા તમારે ચિંતવવા જેવી નથી. કેમકે, સંગ્રામપર ચડેલા અને જયશ્રીની ઇચ્છાવાળા સુભટો, શું શત્રુઓ તરફના પ્રહારને નથી સહન કરતા! અર્થાત્ કરેજ છે. તેવીજ રીતે કર્મશત્રુ સામે સંગ્રામ કરતાં અને શુદ્ધ આત્મસ્વરૂપરૂપ **જયલક્ષ્મીની** ઇચ્છાવાળા તમારા પિતાને પરિષહ કે ઉપસર્ગરૂપ શત્રુના પ્રહારો લાગ્યા છે, તથાપિ આત્મગુણરૂપ **જયલક્ષ્મીની** પ્રાપ્તિ થયેલી હોવાથી તેવા અમૂલ્ય લાભની આગળ, આ પરિષહો કે ઉપસર્ગો તેમને તે વખતે કાંઇ પણ ગણતીમાં હોયજ નહિ.

અથવા વિદ્યા સિદ્ધ કરનાર પુરૂષો, વિદ્યા સિદ્ધ કરતાં અત્યંત દુઃસહ દુઃખ કે, ઉપસર્ગો સહન કરે છે. કેમકે, તેઓ સહન કર્યા સિવાય અદ્‌ભુત વિદ્યાસિદ્ધિ મેળવી શકતા નથી. તેવીજ રીતે આત્મવિદ્યા સિદ્ધ કરતાં તમારા પિતાને દુઃસહ દુઃખો સહન કરવાં પડ્યાં છે તથાપિ તેમને આત્મવિદ્યા પૂર્ણ સિદ્ધ થઇ છે, એટલે તે દુઃખ તેમને દુઃખરૂપ લાગ્યાં નથી.

હે રાજન્! 'હું પિતાના ચરણારવિંદને નમસ્કાર ન કરી શક્યો' આ કારણથી તમને અધૃતિ થાય છે, પણ આ અધીરજ કરવા યોગ્ય નથી. કેમકે તું સદાને માટે પિતૃભક્ત છે. પિતાની આરાધના કરવામાં તું નિરંતર આસક્ત છે. માટે સાક્ષાત્ પિતાની આરાધના કરવાથી જે લાભ મેળવી શકવો યોગ્ય હતો, તે લાભ તેં તારા પરિણામની વિશુદ્ધિવાળા ભાવથી મેળવી લીધો છે, અને હજી પણ મેળવીશ. માટે પિતાસંબંધી શોકનો ત્યાગ કર. સંસારની વિચિત્ર સ્થીતિનો વિચાર કર. શોક કરવાથી મનુષ્યો પોતાનું રક્ષણ કરી શકતા નથી. આ ભવવાસને દુઃખના ઘરરૂપ જાણ. આ સંબંધોને સ્વપ્નસદૃશ સમજ. લક્ષ્મીને વિદ્યુતની માફક ચપળ જાણ અને જીવિતવ્ય પાણીના પરપોટાની માફક ક્ષણભંગુર સમજ. રાજન્! ગુરૂશિક્ષા ગ્રહણ કરવામાં વિચક્ષણ તમારાજેવા વિવેકી પુરૂષો પણ, જ્યારે આવી રીતે શોક કરશે ત્યારે ધૈર્ય અને વિવેક ક્યાં જઇને રહેશે! તેઓને કોનો આશ્રય!

**આ** પ્રમાણે મહત્તરા **મ**લયાસુંદરીએ રાજા **શ**તબળને પ્રતિબોધ આપ્યો તેનાં અતિશાયિક વચનોની એટલી બધી પ્રબળ અસર થઇ કે, રાજા **શ**તબળ શોકરહિત થઇ ધર્મ ધ્યાનમાં સાવધાન થયો.

મહત્તરા પોતાના કલ્પની મર્યાદાપ્રમાણે જેટલા દિવસ પર્યંત સાગરતિલકપુરમાં રહ્યાં તેટલા દિવસ પર્યંત રાજા સતબળ નિરંતર વંદન અને ધર્મશ્રવણ નિમિત્તે તેમની પાસે આવતોજ રહ્યો. જે સ્થળે **મ**હાબળ મુનિ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

मोक्ष गया ते स्थळे शांतमणि एक मंदिर बंधाव्युं अने तेमां महाबळ मुनिनी मूर्ति स्थापन करी विविध प्रकारना महोत्सवो कर्या.

महत्तरा मलयासुंदरीए, ते शेहेरना लोकोने अनेक प्रकारे उपकार करी अने राजाने धर्ममां सावधान तथा स्थीर करी, अन्य स्थळे विहार कर्यो.

---

## प्रकरण ६९ मुं.

## मलयासुंदरीनुं पृथ्वीस्थानपुरमां आगमन.

અવધિ જ્ઞાનના પ્રકાશથી સહસ્રબળરાજાને પણ શોકમાં ગરકાવ થયેલો દીઠો, તેને પણ શોકથી મુક્ત કરવા અને ધર્મકાર્યમાં સાવધાન કરવા નિમિત્તે સાધ્વી મલયાસુંદરીએ, પૃથ્વીસ્થાનપુરમાં જવું ઉચિત ધાર્યું. પરોપકાર અને આત્મઉદ્ધાર એજ મહાન્ પદને પામેલા જીવોનું કર્ત્તવ્ય છે. એમ સમજી અનુક્રમે ગ્રામાનુગ્રામ વિચરતાં, મહત્તરા પૃથ્વીસ્થાનપુરમાં આવી પહોચ્યાં.

પરોપકાર પ્રવીણ ધર્માત્માએ ધર્મોપદેશની આપી, સહસ્રબળરાજાને પરિવાર સહિત, પ્રતિબોધ પમાડ્યો, અને ધર્મમાર્ગમાં સ્થીર કર્યો.

મહત્તરાને વંદન કરવાને ઉત્સુક થયેલો શતબળરાજા પણ ભાઇના સ્નેહથી પૃથ્વીસ્થાનપુરમાં આવી પહોંચ્યો. ત્યાં આવ્યા પછી બન્ને ભાઇઓ નિરંતર મહત્તરાને વંદન, ધર્મશ્રવણ, અને એકાગ્રતાથી ધર્મ સેવન કરવા લાગ્યા.

તેઓનું ધર્મશ્રદ્ધાન ઘણું ઉત્કૃષ્ટ હતું. ત્રિકાલ જીન પૂજન કરતા. સુપાત્રમાં દાન આપતા. યથાશક્તિ તપશ્ચરણ કરતા. વિવિધ પ્રકારે સંઘની ભક્તિ અને વાત્સલ્ય કરતા હતા. ગરિબ, અનાથોને માટે ઠેકાણે ઠેકાણે અન્નક્ષેત્ર ખુલ્યાં હતાં. જીવહિંસા અને અધર્મ માર્ગે પ્રવર્તન થતા લોકોને તેઓ મના કરતા હતા.

તે બન્ને રાજાઓએ પોતાના દેશના દરેક શહેરમાં અને દરેક ગામમાં જીનભુવનો બંધાવી, આખા રાજ્યની પૃથ્વીને, જીનેશ્વર ભગવાનના પવિત્ર, સ્મરણીય નામથી મંડિત કરી દીધી. તે ચૈત્યોમાં સ્નાત્ર, પૂજા મહોત્સવ, તિર્થોમાં રથયાત્રા અને અષ્ટાન્હિકા મહોત્સવ વિગેરે ધર્મકર્તવ્યો સદાને માટે શરૂ કરી દીધાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરસ્પર દૃઢ સ્નેહવાળા અને ધર્મધુરાના ભારને વહન કરવામાં ધોરેય તુલ્ય, બન્ને ભાઇઓ ધર્મ ઉન્નતિ કરતા, આનંદમાં મગ્ન રહી સખ દિવસો પસાર કરવા લાગ્યા.

રાજાને પગલે ચાલવાવાળા અન્ય લોકો પણ ધર્મનું સેવન કરવા લ.ગ્યા. ખરી વાત છે 'યથા રાજા તથા પ્રજા'. એ અવસરે, સૂર્યોદય વેળાએ જેમ તારાઓ સ્ફુરાયમાન્ થતા નથી તેમ અન્ય ધર્મો સ્ફુરાયમાન થતા જણાતા ન હતા.

મહત્તરા મલયાસુંદરી પણ આવી રીતે અનેક જીવોને ધર્મમાં સ્થીર કરી, અન્ય જીવોને ઉપકાર કરવા અર્થે, અન્ય સ્થળે વિહાર કરી ગયાં.

## પ્રકરણ ૭૦ મું.

### મહત્તરાનું દેવલોકગમન—અને ઉપસંહાર.

પૃથ્વીતળપર અનેક વર્ષપર્યંત ઉગ્રવિહારે મલયાસુંદરીએ વિહાર કર્યો. તેટલા અવસરમાં તેણે અનેક જીવોને ધર્મમાર્ગમાં જોડ્યા. તેના ઉગ્ર તપઃતેજ અને નિર્મળ બ્રહ્મચર્ય આગળ સર્વ કોઇને નમવું પડતું હતું. તેનું ચારિત્ર નિર્દોષ હતું. તેની વિશુદ્ધિ અપૂર્વ હતી. તેની વાણી અમોઘ હતી. તેની વાણી અમૃત વર્ષાવતી હોય તેવી મીઠી અને શાંતિદાયક હતી. તેની મુખમુદ્રા શાંત અને આનંદી હતી. રાજતેજ અને તપઃતેજ બન્ને ભેગાં હોવાથી, તેની ધર્મદેશનાની અસર લોકોઉપર ચમત્કારીક રીતે થતી હતી. તે મહત્તરાને દેખતાંજ કઠોર હૃદયવાળા મનુષ્યોને પણ, પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થતી હતી.

શ્રમણ ધર્મનું પાલન કરતાં, તપ, યોગ, જ્ઞાન, અને ધ્યાનવડે ઘણાં કર્મ ખપાવી દીધાં હતાં, નિર્મળ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હતું. હજી શેષ કર્મ બાકી હતાં. તેવામાં અવધિજ્ઞાનથી તપાસતાં આ દેહમાં રહેવારૂપ આયુષ્ય ઘણુંજ સ્વલ્પ રહેલું પોતાના જાણવામાં આવ્યું. એજ અવસરે તત્ત્વજ્ઞ મહત્તરાએ અંત્ય વખતની આરાધના કરી લીધી. અને ધર્મ ધ્યાનમાં સાવધાન રહી, આત્માનંદમાં ઝીલવા લાગી. આ શુભ ભાવમાં માનવદેહ સંબંધી આયુષ્ય પૂર્ણ થતાં, મહત્તરા મલયાસુંદરી, આ દેહનો ત્યાગ કરી, અચ્યુત નામના બારમા દેવલોકે દેવપણે ઉત્પન્ન થઇ, દેવ આયુષ્ય પૂર્ણ કરી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહાવિદેહ ક્ષેત્રમાં, ઉત્તમ કુળમાં, માનવદેહ પામી, ચારિત્ર લઇ, કેવળજ્ઞાન મેળવી, નિર્વાણ પામશે.

આ પ્રમાણે આ મહાસતી મહત્તરા મલયાસુંદરીનું જીવન ચરિત્ર આંહી ...ાય છે. આ ચરિત્રમાંથી વાચકોને ઘણું સમજવાનું મળે તેમ છે. કે... ...તો ત્યાગ કરવા જેવી છે. અને કેટલાક સદ્‌ગુણો અનુકરણ કરવા ...છે. સારાં, ખોટાં પાત્રોની ભલાઇ બુરાઇ તરફ ટીકા કરવા ન બેસતાં કે, ...ના પ્રાપંચીક વ્યવહારો તરફ ન આકર્ષાતાં, દોષત્યાગ અને ગુણાનુરાગ-વાળી દૃષ્ટિ રાખી, હંસની માફક સારગ્રાહી લક્ષથી આ ચરિત્ર વાંચનારને સારો લાભ થવા સંભવ છે. વસ્તુ એકની એકજ, પણ યોગ્યતા વિશે ષે ગુણ, દોષની પ્રાપ્તિ થાય છે. પાણી એકનું એકજ. પણ ગાયના પેટમાં જતાં તેનું દુધ થશે અને સર્પાદિ ઝેરી જાનવરના પેટમાં જતાં તે વિષપણે પરિણમશે. આ ચરિત્રમાંથી સમજવા જેવું, ત્યાગ કરવા જેવું અને અનુકરણ કરવા જેવું શું છે, તે વિચાર વાચકોની બુદ્ધિઉપર મૂકવામાં આવે છે. બુદ્ધિમાનો અવશ્ય તે વાતનો ફડચો કરશે. રસોઇની સર્વ સામગ્રી તૈયાર કરી આપીને તે ચાવવાનું કામ તો અવશ્ય ભોજન કરનારને સોંપવું જોઇએ. તેમ આ ચરિત્ર લખી આપી, તેમાંથી હેય, જ્ઞેય, ઉપાદેય (ત્યાગ કરવા લાયક, જાણવા લાયક, અને ગ્રહણ કરવા લાયક) શોધી કાઢવા જેટલી મહેનત વાંચનારની બુદ્ધિને આપવીજ. અને તેમ કરવાથી વાંચનારની બુદ્ધિમાં વધારો થશે. તેમજ આત્માની છુપી રહેલી શક્તિ બહાર આવશે. એમ ધારી તે વિષે સહજ ઇસારો કરી આંહી વિરમવું ઉચિત ગણ્યું છે. શ્રીમાન્ પાર્શ્વનાથ તીર્થંકરના મોક્ષ દિવસથી સો વર્ષ જવા પછી આ ચરિત્રના નાયક, નાયિકા, મહાબળ અને મલયાસુંદરીની હૈયાતી આ પૃથ્વીતળપર હતી. આ મલયાસુંદરીનું ચરિત્ર, શ્રીમાન કેશીગણધરે જેમ શંખ રાજાની પાસે કહ્યું હતું તેમ, મેં પણ તમારી આગળ તે અનુસાર જણાવ્યું છે.

इत्यागामिक श्री जयतिलक सूरिभि, गीर्वाण भाषा ग्रथित ज्ञानरत्नोपाख्यान मलयसुंदरी चरितानुसारेण, पं. कमलविजय गणि विनेयेन, पं. मुनि केशरविजय गणिना, गुर्जरभाषासंस्कृतं मलयसुंदरी चरितं, दक्षिण देशालंकारभूत पूर्णाख्य ( पुना ) पत्तने, एकोनविंशतिशतचतुष्षष्टि विक्रमसंवत्सरे, श्रावणशुक्लचतुर्थ्यां शनिवासरे, समाप्ति रगमत्.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust